॥ પૂર્ણ પરમાત્માને નમઃ ॥

**શ્રીમદ્ ભગવદ્ ગીતા**

# ગીતા તારું જ્ઞાન અમૃત

*જીવ અમારી જાતિ હૈ, માનવ (Mankind) ધર્મ હમારા ।*
*હિન્દુ, મુસ્લિમ, શીખ, ઇસાઇ, ધર્મ નહીં કોઇ ન્યારા ॥*

**અવશ્ય જુઓ**

**સંત રામપાલજી મહારાજના મંગલ પ્રવચન**

ઉપર રાત્રે 07-40 થી 08-40

ઉપર બપોરે 02-00 થી 03-00

ઉપર સવારે 06-00 થી 07-00

ઉપર રાત્રે 08-30 થી 09-30

કુલ કિંમત : રૂ. ૯૮
ધર્માર્થા મૂલ્ય : રૂ. ૩૦

લેખક : સંત રામપાલજી મહારાજ

પ્રકાશક :
પ્રચાર પ્રસાર સમિતિ તથા સર્વ ભક્તજનો
સતલોક આશ્રમ, હિસાર-ટોહાના રોડ, બરવાલા
જિલ્લો : હિસાર (હરિયાણા) ભારત ।

Printing Press :-
**Kabir Printers**
C-117, Sector-3,
Bawana Industrial Area,
New Delhi.

---

સંપર્ક સૂત્ર : 08222880541, 08222880542,
08222880543, 08222880544, 08222880545

Visit us at : jagatgururampalji.org
e-mail : jagatgururampalji@yahoo.com

# વિષય સૂચિ


| ક્રમ | વિવરણ | પૃષ્ઠાંક |
|---|---|---|
| 01 | ભૂમિકા | 01 |
| 02 | બે શબ્દો | 04 |
| | ❁ મક્કા મહાદેવનું મંદિર છે | 12 |
| 03 | ગીતાનો સત્ય સાર : | 14 |
| | ❁ શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજીના માતા-પિતા કોણ છે ? | 19 |
| 04 | શંકા સમાધાન | 21 |
| | ❁ ગીતામાં બે પ્રકારનું જ્ઞાન છે | 49 |
| | ❁ પાંડવો દ્વારા કરવામાં આવેલ યજ્ઞ | 49 |
| | ❁ કોને કોને મળ્યા પરમાત્મા ? | 61 |
| | ❁ વ્રત કરવા - ગીતાનુસાર કેવું છે ? | 61 |
| | ❁ શ્રાદ્ધ-પિંડદાન - ગીતાનુસાર કેવું છે ? | 61 |
| | ❁ શ્રાદ્ધ-પિંડદાન બાબતે ઋચી ઋષિનો મત | 61 |
| | ❁ જિંદા બાબાનું બીજીવાર અંતર્ધ્યાન થવું | 73 |
| | ❁ ધર્મદાસજીની અન્ય સંતો સાથે જ્ઞાનચર્ચા | 75 |
| | ❁ હરણ્યકશિપુની કથા | 85 |
| | ❁ રાવણ તથા ભસ્માસુરની કથા | 85 |
| | ❁ હરિદ્વારમાં સાધુઓની કત્લેઆમ | 86 |
| | ❁ ચુણક ઋષિ તથા માનધાતાની કથા | 88 |
| | ❁ ચૌર્યાસી લાખ પ્રકારના જીવોથી માનવદેહ ઉત્તમ છે | 96 |
| | ❁ કથની અને કરનીમાં અંતર | 101 |
| | ❁ ધર્મદાસજીને સતલોકમાં લઇ જવા | 105 |
| | ❁ શું ગુરૂ બદલી શકાય છે ? | 108 |
| 05 | વેદ મંત્રોની ઝેરોક્ષ નકલો (પ્રમાણ સહિત) | 110 |
| 06 | સંક્ષિપ્ત સૃષ્ટિ રચના | 126 |
| | ❁ આપણે કાળની જાળમાં કેવી રીતે આવ્યા ? | 128 |
| | ❁ શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુ તથા શ્રી શંકરજીની ઉત્પત્તિ | 132 |
| 07 | સંપૂર્ણ સૃષ્ટિ રચના | 136 |
| | ❁ આત્માઓ કાળની જાળમાં કેવી રીતે ફસાઇ ? | 139 |
| | ❁ શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુ તથા શ્રી શંકરજીની ઉત્પત્તિ | 143 |
| | ❁ ત્રણે ગુણ શું છે ? પ્રમાણ સહિત | 145 |

| ક્રમ | વિવરણ | પૃષ્ઠાંક |
|---|---|---|
| | ❁ કાળ (બ્રહ્મ)ની અવ્યક્ત રહેવાની પ્રતિજ્ઞા | 146 |
| | ❁ બ્રહ્માનો પોતાના પિતાની પ્રાપ્તિ માટેનો પ્રયત્ન | 149 |
| | ❁ માતા (દુર્ગા) દ્વારા બ્રહ્માને શાપ આપવો | 150 |
| | ❁ વિષ્ણુનું પોતાના પિતાની પ્રાપ્તિ માટે પ્રસ્થાન અને માતાના આશીર્વાદ મેળવવા | 151 |
| | ❁ પરબ્રહ્મના સાત શંખ બ્રહ્માંડોની સ્થાપના | 158 |
| | ❁ પવિત્ર અથર્વવેદમાં સૃષ્ટિ રચનાનું પ્રમાણ | 160 |
| | ❁ પવિત્ર ઋગ્વેદમાં સૃષ્ટિ રચનાનું પ્રમાણ | 166 |
| | ❁ પવિત્ર શ્રીમદ્ દેવી મહાપુરાણમાં સૃષ્ટિ રચનાનું પ્રમાણ | 171 |
| | ❁ પવિત્ર શિવ મહાપુરાણમાં સૃષ્ટિ રચનાનું પ્રમાણ | 173 |
| | ❁ શ્રીમદ્ ભગવદ્ ગીતાજીમાં સૃષ્ટિ રચનાનું પ્રમાણ | 173 |
| | ❁ પવિત્ર બાઇબલ તથા કુરાન શરીફમાં સૃષ્ટિ રચનાનું પ્રમાણ | 176 |
| | ❁ પૂજ્ય કબીર પરમેશ્વર (કવિર્દેવ)જીની અમૃતવાણીમાં સૃષ્ટિ રચનાનું પ્રમાણ | 178 |
| | ❁ આદરણીય ગરીબદાસ સાહેબજીની અમૃતવાણીમાં સૃષ્ટિ રચનાનું પ્રમાણ | 181 |
| | ❁ આદરણીય નાનક સાહેબજીની અમૃતવાણીમાં સૃષ્ટિ રચનાનું પ્રમાણ | 188 |
| | ❁ અન્ય સંતો દ્વારા સૃષ્ટિ રચનાનું પ્રમાણ | 192 |
| 08 | શાસ્ત્રોમાં પરમાત્મા | 194 |
| | ❁ માંસ ખાવાનો બાઇબલમાં નિષેધ | 195 |
| | ❁ હજરત મોહમ્મદજી માંસ નહોતા ખાતા | 200 |
| | ❁ સંત જમ્ભેશ્વર મહારાજજીના વિચાર | 201 |
| | ❁ 'પરમાત્મા સાકાર છે' આ નિષ્કર્ષ છે સર્વ સદ્ગ્રંથો તથા પરમાત્મા પ્રાપ્ત સંતોનો | 207 |
| | ❁ બિશ્નોઇ ધર્મની ભક્તિ | 207 |
| | ❁ સતગુરૂથી દીક્ષા લઇને ભક્તિ કરે | 208 |
| | ❁ હરિયાણામાં હરિ આવશે | 209 |
| 09 | આ પુસ્તક 'ગીતા તારું જ્ઞાન અમૃત' સાથે સંબંધિત શ્રીમદ્ ભગવદ્ ગીતાના શ્લોકોની ફોટોકોપી | 210-359 |


☆

# ભૂમિકા

''ગીતા'' એક પવિત્ર સત્ય ગ્રંથ છે. જે આધ્યાત્મ જ્ઞાનનો કોષ છે. આને વર્તમાનમાં હિણ્દુઓના ગ્રંથના નામથી ઓળખવામાં આવે છે. હકીકતમાં આ પવિત્ર ગીતા વિશ્વનો ગ્રંથ છે. આની ઉત્પત્તિ આશરે 5550 (પાંચ હજાર પાંચસો પચાચ વર્ષ) પૂર્વે મહાભારતના યુદ્ધના સમયે થઇ હતી. તે સમયે કોઇ ધર્મ નહતો. એક સનાતન પંથ હતો. એટલે કે માનવ ધર્મ હતો. શબ્દ ખંડ (નાશ) નથી થતો. આ તે પુણ્ય આત્માઓના મસ્તક (મગજ)રૂપી વોટ્સ એપ (Whats App) માં પહોંચી જાય છે કે જેમનું નેટવર્ક બરાબર હોય છે. આ મહર્ષિ વ્યાસજી (શ્રી કૃષ્ણદ્વૈપાયન) ના મસ્તકરૂપી Whats App માં લોડ (ફીટ) થઇ ગયું હતું. તેનાથી શ્રી વેદવ્યાસજીએ પવિત્ર ''શ્રીમદ્ ભગવત ગીતા''ને કાગળ પર લખી અથવા તાડવૃક્ષના પત્તાં પર (અક્ષર કોતરીને) લખી જે આજે આપણી પાસે પવિત્ર ગીતા ઉપલબ્ધ છે. ગીતા શાસ્ત્રમાં કુલ 18 (અઢાર) અધ્યાય તથા 700 (સાતસો) શ્લોક છે. મેં આ પવિત્ર પુસ્તકમાંથી જરૂરિયાત અનુસાર વિવરણ લઇને ગ્રંથ ''ગીતા તારું જ્ઞાન અમૃત''ની રચના કરી છે. જેમ કે વન (Forest) માં જડીબુટ્ટીઓ હોય છે. વૈધ તે વનમાંથી જરૂર પૂરતી જડીબુટ્ટી લઈ લે છે. તેનાથી જીવનદાયક ઔષધિ (દવા) તૈયાર કરે છે. વન (Forest) છતાં પણ વિધમાન (જળવાયેલું) રહે છે.

આ જ પ્રમાણે પુસ્તક 'ગીતા તારું જ્ઞાન અમૃત' એક ઔષધિ (દવા) જાણો અને આને વાંચીને જ્ઞાનરૂપી ઘૂંટડો પીને જરા-મરણના રોગનો નાશ કરાવો.

આધ્યાત્મ જ્ઞાન વગરનું મનુષ્ય જીવન અધૂરું છે. જો કોઈની પાસે અરબો-ખરબોની સંપત્તિ પણ છે, છતાં પણ તે પોતાના જીવનમાં કોઇ ઉણપ મહેસૂસ કરે છે. તેની પૂર્તિ માટે તે મનુષ્ય પર્યટન સ્થળો પર જાય છે. તે સમયે તેને થોડુંક સારું લાગે છે, પરંતુ તેનાથી પૂરું જીવન સારું થઇ શકતું નથી. એનાથી આત્મકલ્યાણ થઇ શકતું નથી. બે-ત્રણ દિવસ પછી ફરી તે જ દિનચર્યા (રોજનું કામકાજ) શરૂ થઇ જાય છે. છતાં પણ અધૂરાપણું લાગે છે. તે ખોટ (કમી) પરમાત્માની ભક્તિની છે. તેની પૂર્તિ માટે વિશ્વનો ધાર્મિક માનવ પોતાની પરંપરાવાળી સાધના કરે છે. અગર તે સાધકની સાધના શાસ્ત્રો અનુકૂળ છે તો લાભદાયી છે. જો શાસ્ત્ર વિધિને ત્યાગીને મનમરજીનું આચરણ એટલે કે મનમરજીવાળી સાધના કરે છે તો તે ગીતા અધ્યાય 16 શ્લોક 23-24 અનુસાર વ્યર્થ છે. સાધકને ન તો સુખ પ્રાપ્ત થાય છે, ન સિદ્ધિ પ્રાપ્ત થાય છે, ન પરમગતિ પ્રાપ્ત થાય છે એટલે કે વ્યર્થ સાધના છે. કેટલાક શ્રધાળુ કોઇ ગુરૂથી દિક્ષા લઇને ભક્તિ કરે છે. જો ગુરૂ પૂર્ણ છે તો લાભ થશે નહિ તો તે સાધના પણ વ્યર્થ છે.

આપજીને આ પુસ્તક 'ગીતા તારું જ્ઞાન અમૃત'માં જાણવા મળશે કે પ્રમાણિત શાસ્ત્ર કયા છે ? જેમના અનુસાર સાધના કરો. શાસ્ત્ર વિધિ અનુસાર સાધના કઈ છે ? તે સાધનાને કરવાની વિધિ કેવી છે ? કયા મહાત્માથી પ્રાપ્ત થશે. પૂર્ણ ગુરૂની ઓળખ શું છે ? તે પણ આ જ પુસ્તકમાં આપ વાંચશો.

આ પુસ્તક વિશ્વના માનવને એક કરશે. જે ધર્મોમાં વહેંચાઈને એકબીજા સાથે લડી-લડીને મરી રહ્યા છે. ગીતા શાસ્ત્ર કોઈ વિશેષ ધર્મનું નથી. આ તો માનવ કલ્યાણના માટે તે સમયે પ્રદાન કરવામાં આવ્યું હતું જ્યારે કોઈ ધર્મ નહતો, ફક્ત 'માનવ' ધર્મ હતો. મારો નારો છે :-

*જીવ અમારી જાતિ છે. માનવ ધર્મ અમારો ।*
*હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ ધર્મ નથી કોઈ ન્યારો (જુદો) ॥*

જેવી રીતે બાબા નાનકજીનો જન્મ પવિત્ર હિન્દુ ધર્મમાં શ્રી કાલુરામ મહેતાના ઘરે ખત્રી (અરોડા) કુળમાં થયો હતો. શ્રી વ્રજલાલ પાંડા (પંડિત) પાસેથી શ્રી નાનકદેવજીએ ગીતાનું જ્ઞાન મેળવ્યું અને તેમના દ્વારા બતાવેલી ભક્તિ કરી રહ્યા હતા. શ્રી વિષ્ણુજી તથા શંકરજીની પૂજા કરતા હતા. બીજા દેવોની ભક્તિ પણ કરતા હતા. જે હિન્દુ ધર્મમાં વર્તમાનમાં ચાલી રહી છે. શ્રી નાનકજી સુલ્તાનપુર શહેરમાં ત્યાંના નવાબને ત્યાં મોદીખાનામાં નોકરી કરતા હતા. શહેરથી લગભગ અડધા-એક કિલોમીટર દૂર બેઈ નદી વહે છે. દરરોજ નાનકદેવ સાહેબજી તે નદીમાં સ્નાન કરવા જતા હતા. પરમાત્મા સારી આત્માઓને કે જે દ્દઢ ભક્ત હોય છે. તેમને મળે છે. વધારે પ્રમાણ આપણે આગળ આ પુસ્તકમાં જોઈશું. તે વિધાન અનુસાર પરમાત્મા શ્રી નાનકદેવ સાહેબજીને મળ્યા. તેમને તત્ત્વજ્ઞાન સમજાવ્યું. સત્ય સાધના જે શાસ્ત્ર અનુકૂળ છે તેનું જ્ઞાન કરાવ્યું. શ્રી નાનક દેવજીની સંતુષ્ટિને માટે તેમને પોતાની સાથે ઉપર શાશ્વત સ્થાન એટલે કે સચખંડ (સતલોક)માં લઈને ગયા. બધા બ્રહ્માંડોનું ભ્રમણ કરાવીને યોગ્ય ભક્તિ વિધિ બતાવીને ''સનાતન ભક્તિ''ને પુન: (ફરી) સ્થાપિત કરવાનો આદેશ આપ્યો. ત્રણ દિવસ પછી શ્રી નાનકજીને પાછા જમીન ઉપર છોડ્યા. ત્યારબાદ શ્રી નાનકજીએ હિન્દુ ધર્મમાં ચાલી આવેલું મનમાન્યું (મનમરજીવાળું) આચરણ બંધ કરીને ગીતા (સપ્તલોકી ગીતા) શાસ્ત્ર અનુસાર સાધનાનો પ્રચાર કરીને યથાર્થ (યોગ્ય) ભક્તિનો પ્રચાર કર્યો.

પરમાત્માની સત્ય સાધના કરવાને માટે સર્વ પ્રથમ 'ગુરૂ'નું હોવું અત્યંત જરૂરી છે. આનું પાલન કરતા રહીને શ્રી નાનકજીએ 'શિષ્ય' બનાવવાના શરૂ કર્યા. સ્વયમ્ તે ગુરૂપદ પર બિરાજમાન હતા. શ્રી નાનકજીના શિષ્યોને (પંજાબી ભાષામાં) શિખ કહે છે. જેના કારણે તેમની અલગ ઓળખ બની ગઈ અને વર્તમાનમાં તે અનુયાયીઓના સમૂહે ધર્મનું

સ્વરૂપ લઈ લીધું. હિન્દુ તથા શીખ અંદરો-અંદર ધર્મના નામ પર લડી મરે છે, આમાં વિવકનો અભાવ છે.

**વિવેચનઃ-** ભક્તિ કોઈપણ કરો. તેણે ગુરૂ બનાવવા જરૂરી છે. ગુરૂ પણ વક્ત ગુરૂ (નિર્ધારિત સમયે આવેલા તત્ત્વદર્શી સંત - ગુરૂ) હોય જે પોતાના મુખ કમળથી તત્ત્વજ્ઞાન તથા સાધના વિધિ બતાવે. ગુરૂ શરીરનું જ નામ નથી. તે શરીરમાં જે આત્મા છે, તે ગુરૂ છે. શરીર પાંચ તત્ત્વનું હોય અથવા ઈલેક્ટ્રોનિક (Video) નું હોય, તે વક્ત (સમયના) ગુરૂ કહેવાય છે. હિન્દુઓમાં વધારે પ્રમાણમાં ગુરૂ વગર જ લોકો પોતાની પરંપરાવાળી સાધના કરતા હોય છે. તે બગડેલા રૂપને શ્રી નાનકજીએ પરમાત્માથી પ્રાપ્ત થયેલ જ્ઞાનથી વ્યવસ્થિત કર્યું હતું. વર્તમાનમાં શીખોમાં પણ વક્ત ગુરૂનો અભાવ છે. જેમ કે સૂક્ષ્મ વેદમાં કહ્યું છે (સૂક્ષ્મ વેદ શું છે ? એ આપ આ પુસ્તકથી જાણો ) કે:-

*રામ-કૃષ્ણ સે કૌન બડા, ઉન્હાંને ભી ગુરૂ કીન્હ ।*
*તીન લોક કે વે ધની, ગુરૂ આગે આધીન ।।*

**ભાવાર્થઃ-** જે શ્રદ્ધાળુ હિન્દુ વગર ગુરૂએ મનમાન્યું આચરણ કરે છે, તેમને કહ્યું છે કે આપશ્રી રામ તથા કૃષ્ણજીથી તો મોટા કોઈને નથી માનતાને ? તેઓ ત્રણ લોકના ધણી એટલે કે માલિક હોવા છતાં પણ ગુરૂ ધારણ કરીને ભક્તિ કર્યા કરતા હતા. તથા પોતપોતાના ગુરૂદેવના ચરણોમાં દંડવત્ પ્રણામ કર્યા કરતા હતા. શ્રી રામચંદ્રજીના ગુરૂ ઋષિ વસિષ્ઠજી હતા તથા શ્રી કૃષ્ણચંદ્રજીના ગુરૂ ઋષિ દુર્વાસાજી હતા. સંદીપની ઋષિ તો અક્ષર જ્ઞાન કરાવવાવાળા શિક્ષક હતા. ઋષિ દુર્વાસાજી આધ્યાત્મિક ગુરૂ શ્રી કૃષ્ણજીના હતા. તો પછી આપની તો શું વિસાત છે ? આપ વગર ગુરૂએ ભક્તિ કરીને કલ્યાણ ઈચ્છો છો. સૂક્ષ્મવેદમાં ફરી કહ્યું છે :-

*કબીર, ગુરૂ બિન માલા ફેરતે, ગુરૂ બિન દેતે દાન ।*
*ગુરૂ બિન દોનોં નિષ્ફલ હૈં, ભાવે પૂછો વેદ પુરાણ ।।*

આ પુસ્તકમાં આગળ આપશ્રીને બીજા પણ અનેક ભક્તિના પ્રકાર મળશે તથા યોગ્ય આધ્યાત્મ જ્ઞાન તથા સાધનાની જાણકારી થશે. હું આશા કરું છું કે આ પુસ્તક માનવનું કલ્યાણ કરશે. મારી પરમેશ્વરને સવિનય (પ્રાર્થના છે કે હે પરમાત્મા ! આ દાસ (રામપાલદાસજી)ના પ્રયત્નને સફળ કરજો. બધા પ્રાણી આપજીના બાળકો છે, આપજીની જ આત્માઓ છે. એમને યોગ્ય ભક્તિ માર્ગ સમજમાં આવે અને સર્વ (બધા જ) માનવો પોતાનું જીવન ધન્ય બનાવે. વિશ્વમાં શાંતિ થાય.

*''સત સાહેબ''*

*તા. 09-06-2017* — *લેખક*

*(પ્રથમ ગુજરાતી સંસ્કરણ)* — *સંત રામપાલદાસ મહારાજ*

*સતલોક આશ્રમ બરવાલા, હરિયાણા (ભારત)*

## બે શબ્દ

***જીવ અમારી જાતિ છે. માનવ ધર્મ અમારો ।***
***હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ ધર્મ નથી કોઈ ન્યારો (જુદો) ॥***

શ્રીમદ્ ભગવત્ ગીતાનું જ્ઞાન જે સમયે (સન્ 2012 થી લગભગ 5550 વર્ષ પૂર્વે) કહેવામાં આવ્યું, તે સમયે કોઈ ધર્મ નહતો. હિન્દુ ધર્મ એટલે આદિ શંકરાચાર્ય દ્વારા ચલાવવામાં આવેલી પાંચ દેવની ઉપાસનાવાળી પરંપરાને અપનાવાવાળા હિન્દુ કહેવાવા લાગ્યા. (વાસ્તવમાં આ સનાતન પંથ છે જે લાખ્ખો વર્ષોથી ચાલ્યો આવી રહ્યો છે) તે (હિન્દુ ધર્મ)ની સ્થાપના આદિ (પ્રથમ) શંકરાચાર્યજીના સન્ 2012 થી 2500 વર્ષ પૂર્વે (પહેલાં)ની હતી. આદિ શંકરાચાર્યજીનો જન્મ ઈશા મસીહથી 508 વર્ષ પહેલાં થયો હતો. આઠ વર્ષની ઉંમરમાં તેમને ઉપનિષદોનું જ્ઞાન થઈ ગયું. સોળ વર્ષની ઉંમરમાં આદિ શંકરાચાર્યજીએ એક વિરક્ત સાધુથી દીક્ષા લીધી, જે ગુફામાં રહેતા હતા. ઘણા બધા દિવસ સુધી ગુફાની બહાર નીકળતા નહોતા. તે મહાત્માએ આદિ શંકરાચાર્યજીને જણાવ્યું કે ''જીવ જ બ્રહ્મ છે' (અયમ આત્મા બ્રહ્મ)નો પાઠ ભણાવ્યો તથા ચારેય વેદોમાં આ જ પ્રમાણ છે એમ જણાવ્યું. લોકોએ આદિ શંકરાચાર્યજીને પૂછ્યું કે જો જીવ જ બ્રહ્મ છે તો પૂજાની આવશ્યક્તા શું છે ? આપ પણ બ્રહ્મ, અમો પણ બ્રહ્મ (બ્રહ્મનો અર્થ પરમાત્મા) આ પ્રશ્નથી આદિ શંકરાચાર્યજી દ્વિધામાં પડી ગયા (વિચારશૂન્ય થઈ ગયા) પછી આદિ શંકરાચાર્યજીએ પોતાના વિવેકથી કહ્યું કે શ્રી વિષ્ણુ, શ્રી શંકરની ભક્તિ કરો.

પછી પાંચ દેવતાઓની ઉપાસનાનું વિધાન દ્દઢ કર્યું : (1) શ્રી બ્રહ્માજી (2) શ્રી વિષ્ણુજી (3) શ્રી શિવજી (4) શ્રી દેવીજી (5) શ્રી ગણેશજી. પરંતુ મૂળ રૂપમાં ઈષ્ટરૂપમાં તમોગુણ શંકરજીને જ માન્યા છે. આ વિધાન આદિ શંકરાર્યજીએ 20 વર્ષની ઉંમરે બનાવ્યું હતું એટલે કે 488 ઈશા પૂર્વ હિન્દુ ધર્મની સ્થાપના કરી હતી. તેના પ્રચાર માટે ભારત વર્ષમાં ચારેય દિશાઓમાં એક-એક શંકર મઠની સ્થાપના કરી. આદિ શંકરાચાર્યજીએ (1) ગિરી સાધુ તૈયાર કર્યા જે પર્વતોમાં રહેવાવાળી પ્રજામાં પોતાના ધર્મને દ્દઢ કરતા હતા. (2) પુરી સાધુ તૈયાર કર્યા જે ગામેગામ જઈને પોતાના ધર્મને બતાવીને ક્રિયા કરાવતા હતા. (3) સંન્યાસી સાધુ તૈયાર કર્યા જે વિરક્ત રહીને પ્રજાને પ્રભાવિત કરીને પોતાની સાથે જોડતા હતા. (4) વાનપ્રસ્થી સાધુ તૈયાર કર્યા જે વનમાં રહેવાવાળી પ્રજાને પોતાનો મત સંભળાવીને પોતાની સાથે જોડતા હતા. વેદો (ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ) તથા ગીતા તેમજ પુરાણો, ઉપનિષદોને સત્ય જ્ઞાન યુક્ત પુસ્તક માનતા હતા. જે આજ સુધી હિન્દુ ધર્મના શ્રદ્ધાળુ આજ

ધાર્મિક ગ્રંથોને સત્ય માને છે. આ રીતે હિન્દુ ધર્મની સ્થાપના ઇસા (ઈસા મહીસ)થી 488 વર્ષ પૂર્વે (સન્ 2012 થી 2500 વર્ષ પૂર્વે) થઇ હતી. આદિ શંકરાચાર્યજી 30 વર્ષની ઉંમરમાં અસાધ્ય રોગના કારણે શરીર ત્યાગીને ભગવાન શંકરના લોકમાં ચાલ્યા ગયા કારણ કે તે શંકરજીના ઉપાસક હતા. તેમના જ લોકમાંથી આજ ધર્મની સ્થાપનાને માટે આવેલા માનવામાં આવ્યા છે. તે સમયે બૌદ્ધ ધર્મ ખૂબ ઝડપથી ફેલાઇ રહ્યો હતો. તેને તેમણે ભારતમાં ફેલાતો રોક્યો હતો. જો બૌદ્ધ ધર્મ ફેલાઇ જાત તો ચીન દેશની જેમ ભારતવાસીઓ પણ નાસ્તિક થઇ જતા.

**2. ઇસાઇ ધર્મની સ્થાપનાઃ-** શ્રી ઈસા મસીજીથી ઈસાઈ ધર્મની સ્થાપના થઈ. ઈસાજીની ઉંમર જયારે 32 વર્ષની હતી, તેમને ક્રોસ પર ખીલા મારીને વિરોધી ધર્મગુરૂઓએ ગવર્નર પર દબાણ કરીને મરાવી નાખ્યા હતા.

ઈસાજીને તેજ પ્રભુએ ''ઈંજિલ'' નામનો ગ્રંથ આપીને ઉતાર્યા હતા. જેણે ગીતા તથા વેદોનું જ્ઞાન આપ્યું હતું. ''ઈંજિલ'' પુસ્તકમાં અલગ જ્ઞાન નથી કારણકે આધ્યાત્મિક જ્ઞાન તો પહેલાં ગીતા, વેદોમાં બતાવી દીધું હતું. તે કોઈ ધર્મ વિશેષને માટે નથી. તે ગીતા તથા વેદોવાળું જ્ઞાન માનવ માત્રને માટે છે. ઈસાજીના લગભગ છસ્સો (600) વર્ષ પછી હજરત મુહમ્મદજીએ ઇસ્લામ ધર્મની સ્થાપના કરી. મુહમ્મદજીને પવિત્ર ''કુરાન શરીફ'' ગ્રંથ તેજ બ્રહ્મે આપ્યો હતો. એમાં પણ ભક્તિ વિધિ સંપૂર્ણ નથી, સાંકેતિક છે. કારણ કે ભક્તિનું જ્ઞાન વેદો, ગીતામાં બતાવી દીધું હતું. એટલા માટે કુરાન શરીફ ગ્રંથમાં ફરીથી બતાવવું જરૂરી નહતું. જેમકે ગીતા અધ્યાય 4ના શ્લોક 34માં, યજુર્વેદ અધ્યાય 40 મંત્ર 10માં કહ્યું છે કે પૂર્ણ પરમાત્મા જેમણે સર્વ સૃષ્ટિની રચના કરી છે, તેના વિશે કોઈ તત્ત્વદર્શી સંતને પૂછો. તે જ આપને બરાબર - સારી રીતે યોગ્ય (યથાર્થ) જ્ઞાન તથા ભક્તિની વિધિ બતાડશે. જે સંત તે પૂર્ણ પરમાત્માનું જ્ઞાન જાણે છે તો તે સત્ય (સાચી) સાધના પણ જાણે છે.

બાઇબલ ગ્રંથનું જ્ઞાન પણ ગીતા જ્ઞાનદાતાએ જ આપ્યું છે (બાઈબલ ગ્રંથ ત્રાણ પુસ્તકોનો સંગ્રહ છે – (1) જબૂર (2) તૌરત અને (3) ઈંજિલ) બાઇબલ ગ્રંથના ઉત્પત્તિ ગ્રંથમાં શરૂઆતમાં જ લખ્યું છે કે પરમેશ્વરે મનુષ્યોને પોતાની સૂરત એટલે કે સ્વરૂપ અનુસાર ઉત્પન્ન કર્યા છે. નર-નારી કરીને ઉત્પત્તિ કરી છે. છ (6) દિવસમાં સૃષ્ટિની રચના કરીને પરમેશ્વરે સાતમા (7) દિવસે વિશ્રામ કર્યો.

**કુરાન શરીફઃ-** પુસ્તક કુરાન શરીફમાં સૂરતિ ફૂર્કાનિ નં. 25 આયત નં 52 થી 59માં કહ્યું છે કે અલ્લાહ કબીરે છ દિવસમાં સૃષ્ટિ રચી, પછી ઉપર આકાશમાં તખ્ત (સિંહાસન) પર જઈને બિરાજ્યા. તે પરમેશ્વરની ખબર કોઈ બાખબર (તત્ત્વદર્શી સંતને પૂછો) કુરાનના લેખથી સ્પષ્ટ થાય

છે કે કુરાન શરીફના જ્ઞાનદાતા તે પૂર્ણ પરમાત્મા એટલે કે અલ્લાહું અકબર (અલ્લાહ કબીર) ના વિષયમાં પૂર્ણ જ્ઞાન નથી રાખતા.

કુરાન શરીફની સૂરતિ 42ની પ્રથમ આયતમાં એ જ ત્રાણ મંત્રોનું સાંકેતિક જ્ઞાન છે જે ગીતા અધ્યાય 17ના શ્લોક 23માં છે. કહ્યું છે કે બ્રહ્મણ: એટલે કે સચ્ચિદાનંદ ધન બ્રહ્મની ભક્તિના ''ૐ-તત્-સત્'' ત્રાણ નામના સ્મરણ કરો.

કુરાન શરીફમાં સૂરતિ 42ની પ્રથમ આયતમાં એનો જ સંકેત આ પ્રમાણે લખ્યો છે :- **''ઐન્ - સીન્ - કાઁફ''**

''ઐન્'' હિન્દીનો ''અ'' અક્ષર છે જેનો સંકેત ઓમ્‌ની તરફ છે. ઐન્‌નો ભાવાર્થ ઓમ્‌થી છે, સીન્ = સ એટલે કે જે ગીતા અધ્યાય 17ના શ્લોક 23માં બીજો તત્ મંત્ર છે, તેનો વાસ્તવિક જે મંત્ર છે. તેનો પહેલો અક્ષર ''સ'' છે. આજ ઓમ + સીન્ અથવા તત્ મળીને સતનામ બે મંત્રોનો બને છે અને કુરાન શરીફમાં જે ત્રીજો મંત્ર ''કાફ'' = ''ક'' છે જે ગીતા અધ્યાય 13ના શ્લોક 23માં લખેલા ત્રાણ નામોમાં છેલ્લો ''સત્'' મંત્ર છે *(જેમ કે ગુરૂમુખીમાં 'ક'ને 'કકા', 'ખ' ને 'ખકા' તથા 'ગ' ને 'ગગા', 'ઉ' ને 'ઉડા', ઈ ને ઈડા કહેશે તથા લખે છે. આ જ પ્રમાણે કુરાનમાં અ, સ, ક ને લખ્યા છે)*

''સત્'' મંત્ર સાંકેતિક છે. પરંતુ વાસ્તવમાં જે નામ છે, તેનો પહેલો અક્ષર ''ક'' છે (તે ''કરીમ'' છે) જેને સારનામ પણ કહે છે. જે ભક્તોને મારા (સંત રામપાલદાસ) થી ત્રાણ મંત્રોનો ઉપદેશ પ્રાપ્ત છે, તે એ બન્ને સાંકેતિક મંત્રોના વાસ્તવિક (ખરા) નામોને જાણે છે.

**''બધા ગ્રંથોમાં કેટલીક સમાનતા''**

બાઈબલના ઉત્પત્તિ ગ્રંથમાં આ પણ કહ્યું છે કે ''જયારે આદમજી તથા તેમની પત્ની 'હવ્વા'એ વાટિકાના વચ્ચેવાળા વૃક્ષોના ફળ ખાઈ લીધા તો તેમને સારા-ખોટાનું ભાન થઈ ગયું. સાંજના સમયે પ્રભુ વાટિકા (બગીચા)માં ફરવા માટે આવ્યા તો ખબર પડી કે આદમ તથા હવ્વાએ સારા-ખોટાનું જ્ઞાન કરાવવાવાળા વૃક્ષના ફળ ખાઈ લીધા છે તો તે પ્રભુએ કહ્યું કે ''સારા-ખોટા''નું જ્ઞાન થવાથી આદમ તથા તેની પત્ની અમારામાંથી એકના સમાન (જેવા) થઈ ગયા છે. કયાંક એવું ન થઈ જાય કે એ બન્ને એ વૃક્ષોના ફળ ખાઈ લે કે જે અમર કરી દે છે અને અમર થઈ જાય. એટલા માટે આદમજી તથા તેમની પત્નીને સ્વર્ગની વાટિકામાંથી બહાર કાઢીને પૃથ્વી ઉપર છોડી દીધા.'' (લેખ સમાપ્ત).

**વિવેચનઃ-** આનાથી સિદ્ધ થયું કે ''પ્રભુ એકથી વધારે છે'' કારણકે પ્રભુએ કહ્યું કેઆમને સારા-ખરાબનું જ્ઞાન થવાથી અમારામાંથી એકના જેવા થઈ ગયા છે. ફરી બાઈબલ ગ્રંથમાં કહ્યું છે કે, ''અબ્રાહિમ'' મામરના વૃક્ષોની નીચે બેઠા હતા. તેને ત્રાણ પ્રભુ જોવામાં આવ્યા, તેમને ખાવાનું

ખવડાવ્યું, દંડવત પ્રણામ કરીને આશીર્વાદ લીધા. આનાથી સિદ્ધ થયું કે બાઈબલમાં ત્રણ પ્રભુ માન્યા છે.

મુસ્લિમ ધર્મમાં ‘‘ચાર યારી’’ માનવામાં આવ્યા છે જે બાળક રૂપમાં રહે છે, સૂક્ષ્મવેદમાં એટલે કે તત્ત્વજ્ઞાનમાં કહ્યું છે કે :-

*વહી સનક સનન્દના વહી ચાર યારી ।*
*તત્ત્વ જ્ઞાન જાને બીના, બિગડી બાત સારી ॥*

**ભાવાર્થ**:- હિન્દુ ધર્મમાં જે સનક, સનન્દન, સનાતન તથા સન્તકુમાર બાળકરૂપમાં રહે છે, તે બ્રહ્માજીના માનસ પુત્ર છે. મુસ્લિમ ધર્મમાં તેમને જ ‘‘ચાર યારી’’ ચાર બાળક મિત્ર કહે છે.

ફરી સૂક્ષ્મવેદમાં કહ્યું છે કે:-

*વહી મોહમ્મદ વહી મહાદેવ, વહી આદમ વહી બ્રહ્મા ।*
*દાસ ગરીબ દૂસરા કોઈ નહીં, દેખ આપને ઘરમા ॥*

**ભાવાર્થ**:- મુસ્લિમ ધર્મના પ્રવર્તક હજરત મુહમ્મદજી ભગવાન શિવના લોકથી આવ્યા, પુણ્યકર્મી આત્મા હતા જે પરંપરાવાળી સાધના જ એક ગુફામાં બેસીને કર્યા કરતા હતા. શિવજીનો એક ગણ જે અગિયાર રૂદ્રોમાંથી એક છે, તે મુહમ્મદજીને તે ગુફામાં મળ્યા. તેમની જ ભાષા (અરબી ભાષા)માં કાળ પ્રભુ એટલે કે બ્રહ્મનો સંદેશ સંભળાવ્યો. તે જ રૂદ્રને મુસ્લિમ સમાજ જબરિલ ફરિશ્તો કહે છે, જેને નેક (સારા) ફરિશ્તા તરીકે માનવામાં આવે છે. ભાવાર્થ છે કે હજરત મુહમ્મદ પણ શિવના બાળક છે. જે મુસ્લિમ ધર્મનું પવિત્ર તીર્થ સ્થળ ‘‘કાબા’’ છે તેમાં ભગવાન શંકરના લિંગ આકારનો પથ્થર લાગેલો છે, તેને મુસલમાન શ્રદ્ધાળુ સિજદા એટલે કે પ્રણામ કરે છે.

(2) આદમબાબા:- પુરાણોમાં તથા જૈન ધર્મના ગ્રંથોમાં પ્રસંગ આવે છે જે આ પ્રમાણે છે :- ઋષભદેવજી રાજા નાભિરાજના પુત્ર હતા. નાભિરાજજી અયોધ્યાના રાજા હતા. ઋષભદેવજીના એકસો (100) પુત્ર તથા એક પુત્રી હતી. એક દિવસ પરમેશ્વર સંત રૂપમાં ઋષભદેવજીને મળ્યા, તેમને ભક્તિ કરવાની પ્રેરણા કરી, જ્ઞાન સંભળાવ્યું કે માનવ જીવનમાં જો શાસ્ત્રવિધિ અનુસાર સાધના નથી કરી તો માનવ જીવન વ્યર્થ જાય છે. વર્તમાનમાં જે માનવને જે કંઈપણ પ્રાપ્ત છે તેપૂર્વ (આગળ) ના જન્મ-જન્મોમાં કરેલ પુણ્ય તથા પાપોનું ફળ છે. આપ રાજા બન્યા છો, આ આપનું પૂર્વનું શુભ કર્મફળ છે. જો વર્તમાનમાં ભક્તિ નહિ કરો તો આપ ભક્તિ શક્તિહીન તથા પુણ્યહીન થઈને નરકમાં પડશો અને પછી બીજા પ્રાણીઓના શરીરોમાં કષ્ઠ ઊઠાવશો (જેમ કે વર્તમાનમાં ઈન્વર્ટરની બેટરી ચાર્જ કરી રાખી છે અને ચાર્જર કાઢી નાખ્યું છે છતાં પણ તે બેટરી કાર્ય કરી રહી છે, ઈન્વર્ટરથી પંખો પણ ચાલી રહ્યો છે, બલ્બ-ટ્યુબ પણ ચાલી રહ્યાં

છે. જો ચાર્જરને ફરીથી લગાવીને ચાર્જ ન કર્યું તો થોડા સમય પછી ઇન્વર્ટર બધા જ કાર્યો છોડી દે છે, ન તો પંખો ચાલશે, ન ગોળો કે ન તો ટ્યુબ લાઇટ ઝગમગશે. આ જ પ્રમાણે માનવ શરીર એક ઇન્વર્ટર છે. શાસ્ત્ર અનુકૂળ ભક્તિ ચાર્જર (charger) છે, પરમાત્માની શક્તિથી માનવ ફરીથી ચાર્જ થઇ જાય છે એટલે કે ભક્તિની શક્તિનો ધણી તથા પુણ્યવાન થઇ જાય છે.

આ જ્ઞાન તે ઋષિ રૂપમાં પ્રગટ પરમાત્માના શ્રી મુખકમળથી સાંભળીને ઋષભદેવજીએ ભક્તિ કરવાનો મનમાં દૃઢ વિચાર કરી લીધો. ઋષભદેવજીએ ઋષિને નામ જણાવવા કહ્યું તો ઋષિજીએ પોતાનું નામ ''કવિ દેવ'' એટલે કે કવિર્દેવ કહ્યું . તથા એમ પણ કહ્યું કે હું સ્વયં પૂર્ણ પરમાત્મા છું. મારું નામ ચારેય વેદોમાં ''કવિર્દેવ'' લખ્યું છે, હું એ જ પરમ અક્ષર બ્રહ્મ છું.

સૂક્ષ્મ વેદમાં લખ્યું છે :-

***ઋષભદેવ કે આઇયા, કબી નામે કરતાર ।***

***નૌ યોગેશ્વર કો સમજાઇયા, જનક વિદેહ ઉધ્ધાર ।।***

**ભાવાર્થઃ-** ઋષભદેવજીને ''કબી'' નામથી પરમાત્મા મળ્યા, તેમને ભક્તિની પ્રેરણા કરી, તે જ પરમાત્માએ નૌ યોગેશ્વરોને તથા રાજા જનકને સમજાવીને તેમના ઉધ્ધાર માટે ભક્તિ કરવાની પ્રેરણા કરી. ઋષભદેવજીને આ વાત ગમી નહિ કે આ કવિર્દેવ ઋષિ જ પ્રભુ છે પરંતુ ભક્તિ માટે મન દૃઢ બનાવી લીધું. એક તપસ્વી ઋષિથી દિક્ષા લઇને ઓમ્ (ॐ) નામનો જાપ તથા હઠયોગ કર્યો. ઋષભદેવજીનો મોટો પુત્ર ''ભરત'' હતો, ભરતનો પુત્ર મારીચિ હતો. ઋષભ દેવજીએ પહેલા એક વર્ષ સુધી નિરાહાર (ભૂખ્યા) રહીને તપ કર્યું. પછી એક હજાર વર્ષ સુધી ઘોર તપ કર્યું. તપસ્યા સમાપ્ત કરીને પોતાના પૌત્ર એટલે કે ભરતના પુત્ર મારીચિને પ્રથમ ધર્મદેશના (દિક્ષા) આપી. આ મારીચિવાળી આત્મા 24મા તીર્થંકર મહાવીર જૈનજી થયા હતા. ઋષભદેવજીએ જૈન ધર્મ નથી ચલાવ્યો, આ તો શ્રી મહાવીર જૈનજીથી ચાલ્યો છે. એમ જોઇએ તો શ્રી મહાવીરજીએ પણ કોઇ ધર્મની સ્થાપના કરી ન હતી. ફક્ત પોતાના અનુભવોને પોતાના અનુયાયીઓને બતાવ્યા હતા. તે એક ભક્તિ કરવાવાળાઓનો ભક્ત સમુદાય છે. ઋષભદેવજી ''ઓમ્'' નામનો જાપ ઓંકાર બોલીને કરતા હતા, તેને જ વર્તમાનમાં અભ્રંસ કરીને ''ણોંકાર' મંત્ર જૈની કહે છે, આનો જ જાપ કરે છ, આને ઓંકાર તથા ॐ પણ કહે છે.

આપણે આપણા પ્રસંગ પરઆવી જઇએ. જૈન ધર્મ ગ્રંથમાં તથા જૈન ધર્મના અનુયાયીઓ દ્વારા લખેલ પુસ્તક ''આઓ જૈન ધર્મને

જાણીએ'' માં લખ્યું છે કે ઋષભદેવજી (જૈનો તેમને જ આદિનાથ કહે છે) વાળો જીવ જ બાબા આદમ રૂપમાં જન્મ્યો હતો. હવે તે જ સૂક્ષ્મ વેદની વાણીનો સરળ અર્થ કરું છું :-

*વહી મુહમ્મદ વહી મહાદેવ, વહી આદમ વહી બ્રહ્મા ।*
*દાસ ગરીબ દૂસરા કોઈ નહીં, દેખ આપને ઘરમાં ।।*

બાબા આદમજી ભગવાન બ્રહ્માજીના લોકથી આવ્યા હતા કારણ કે માનવ જન્મમાં કરવામાં આવેલી સાધના અનુસાર પ્રાણી ભક્તિ અનુસાર ઉપર ત્રણે દેવતાઓના લોકમાં વારાફરથી જાય છે. પોતાના પુણ્ય ક્ષીણ થઈ ગયા પછી ફરી પૃથ્વી પર સંસ્કારવશ જન્મ લે છે.

સંત ગરીબદાસજી (ગામ - છુડાની, જિલ્લો - ઝજ્જર, હરિયાણા પ્રાંતવાળા)ને સ્વયમ્ જ તે જ પરમાત્મા મળ્યા હતા જે ઋષભદેવજીને મળ્યા હતા. સંત ગરીબદાસજીએ પરમેશ્વરની સાથે ઉપર જઈને પોતાની આંખોથી સર્વ વ્યવસ્થાને જોઈ હતી. પછી બતાવ્યું છે કે આદમજી બ્રહ્માજીના લોકથી આવ્યા હતા. બ્રહ્માના અવતાર હતા. મુહમ્મદજી તમોગુણ શિવજીના અવતાર હતા. પ્રિય વાંચકો અવતાર બે પ્રકારના હોય છે. (1) સ્વયં તે પ્રભુ અવતાર લે છે જેમ કે શ્રીરામ, શ્રીકૃષ્ણ વગેરેના રૂપમાં સ્વયં શ્રી વિષ્ણુજી અવતાર ધરીને આવ્યા હતા. પરંતુ કપિલ ઋષિજી, પરશુરામજીને પણ વિષ્ણુજીના અવતારમાં ગણાવામાં આવે છે. એ સ્વયં વિષ્ણુજી ન હતા,વિષ્ણુ લોકથી આવેલ દેવ આત્મા હતા. તેમની પાસે કેટલીક શક્તિ વિષ્ણુજીની હતી કારણ કે તેમને તેમના જ દ્વારા મોકલવામાં આવ્યા હતા. આ જ પ્રમાણે હજરત મુહમ્મદજી શ્રી શિવજીના (લોકથી આવેલ દેવ આત્મા) અવતાર હતા તથા બાબા આદમજી શ્રી બ્રહ્માજીના (લોકથી આવેલ દેવ આત્મા) અવતાર હતા. આ જ પ્રમાણે ઈશા મસીહજી શ્રી વિષ્ણુજીના (લોકથી આવેલ દેવ આત્મા) અવતાર હતા. ઈસાઈ શ્રદ્ધાળુ પણ ઈશાજીને પ્રભુના પુત્ર માને છે, પ્રભુ નહિ.

સંત ગરીબદાસજીએ કહ્યું છે કે જો આપજીને મારી વાત પર વિશ્વાસ નથી થતો તો મારા દ્વારા બતાવેલી શાસ્ત્રવિધિ અનુસાર ભક્તિ-સાધના કરીને પોતાના ઘરમાં એટલે કે પોતાના માનવ શરીરમાં પોતાની આંખોથી જ જોઈ લો.

**ભાવાર્થઃ-** શરીરની રચના બધા ધર્મોના મનુષ્યોની એક જેવી જ છે. તત્ત્વજ્ઞાન ન હોવાના કારણે આપણે ધર્મોમાં વહેંચાઈ ગયા. સંત ગરીબદાસજીએ બતાવ્યું છે કે માનવ શરીરમાં પરમેશ્વરે અલગ અલગ અંગ બનાવ્યા છે. કરોડરજ્જુનું હાડકું એટલે કે Back Bone (Spine) ની અંદરની બાજુમાં (કંઠ સુધી) પાંચ કમળ ચક્ર બન્યા છે. કૃપા કરીને જુઓ આ ચિત્ર :-




**1. મૂળ ચક્રઃ-** આ ચક્ર કરોડરજ્જુના હાડકાના છેલ્લા છેડાથી એક ઈંચ ઉપર ગુદાની પાસે છે. આના દેવતા શ્રી ગણેશ છે. આ કમળની ચાર પાંખડીઓ છે.

**2. સ્વાદ ચક્રઃ-** આ મૂળ કમળથી બે ઈંચ ઉપર કરોડ રજ્જુના હાડકાની અંદરની બાજુ ચોંટેલું છે. એના દેવતા શ્રી બ્રહ્માજી તથા તેમના ધર્મપત્ની સાવિત્રીજી છે. આ કમળની છઃ (6) પાંખડીઓ છે.

**3. નાભિ કમળ ચક્રઃ-** આ નાભિની સામે તેજ કરોડરજ્જુના સાથે ચોંટેલ છે. આના દેવતા શ્રી વિષ્ણુજી તથા તેમની ધર્મપત્ની લક્ષ્મીજી છે. આ કમળની આઠ (8) પાંખડીઓ છે.

**4. હૃદય કમળ ચક્રઃ-** આ કમળ છાતીમાં બનેલા બન્ને સ્તનોના મધ્યમાં કરોડરજ્જુના હાડકાની સાથે ચોંટેલું છે. એના દેવતા શ્રી શિવજી તથા તેમના ધર્મપત્ની પાર્વતીજી છે. આ કમળની બાર (12) પાંખડીઓ છે.

**5. કંઠકમળઃ-** આ કમળ છાતીના હાડકાઓની ઉપર જ્યાંથી ગળાનો ભાગ શરૂ થાય છે, તેની પાછળ કરોડરજ્જુની સાથે અંતમાં (છેલ્લે) છે. આની મુખ્યા (પ્રધાન) શ્રી દેવી એટલે કે દુર્ગાજી છે. આ કમળની સોળ (16) પાંખડીઓ છે. બાકીના કમળ ચક્ર ઉપર છે.

**6. સંગમ કમળ અથવા છઠ્ઠું કમળઃ-** આ કમળ સુષ્મણાના ઉપરવાળા દ્વાર પર છે. આની ત્રણ (3) પાંખડીઓ છે. આમાં સરસ્વતી રૂપમાં દેવી દુર્ગાજી નિવાસ કરે છે. એક પાંખડીમાં દેવી દુર્ગા સરસ્વતી રૂપમાં રહે છે. એક પાંખડીમાં 72 કરોડ ઉર્વશી (સુંદર પરીઓ) રહે છે. જે ઉપર જવાવાળા ભક્તોને પોતાની જાળમાં ફસાવે છે. બીજી પાંખડીમાં સુંદર યુવાન નર (પુરૂષ) રહે છે. જે ભક્તમતીઓને આકર્ષિત કરીને કાળની જાળમાં રાખે છે. કાળ પણ બીજા રૂપમાં આ યુવાનોના સંચાલક પ્રમુખ બનીને રહે છે. ત્રીજી પાંખડીમાં સ્વયં પરમાત્મા બીજા રૂપમાં રહે છે. પોતાના

ભક્તોને તેમની જાળથી મુક્ત કરાવે છે. જ્ઞાન સંભળાવીને સતર્ક (સજાગ) કરે છે.

**7. ત્રિકુટી કમળચક્ર:-** આ બંને આંખોની ભમ્મરોની મધ્યમાં માથાના પાછલા ભાગમાં બીજા કમળોની લાઇનમાં ઉપર છે. આના દેવ સતગુરૂ રૂપમાં પરમેશ્વર જ છે. આ કમળની બે પાંખડીઓ છે. એક સફેદ રંગની અને બીજી કાળા (ભમરાના) રંગની પાંખડીઓ છે. સફેદ પાંખડીમાં સતગુરૂ રૂપમાં સત્ય પુરૂષનો નિવાસ છે. કાળી પાંખડીમાં નકલી સતગુરૂ રૂપમાં કાળ નિરંજનનો વાસ છે.

**8. સહંસ્ત્ર કમળ ચક્ર:-** આ કમળ માથાના મધ્ય ભાગથી બે આંગળ નીચે બીજા કમળોની પંક્તિ (લાઇન)માં છે. હિન્દુ ધર્મના વ્યક્તિઓ માથા પર વાળની ચોટલી રાખતા હતા. કેટલાક અત્યારે પણ રાખે છે. એની નીચે તે સહંસ્ત્ર કમળ દળ છે. આના દેવતા બ્રહ્મ છે. આને ક્ષર પુરૂષ પણ કહે છે. જેણે ગીતા તથા વેદોનું જ્ઞાન કહ્યું છે. આ કમળની એક હજાર (1000) પાંખડીઓ છે. એમને કાળ બ્રહ્મે પ્રકાશથી ભરી રાખી છે, સ્વયં આ કમળ ચક્રમાં દૂર રહે છે. તે સ્વયં દેખાતો નથી. ફક્ત પાંખડીઓ ચમકતી દેખાય છે.

*[**અષ્ઠ કમળ દળ:-** આ કમળના દેવતા અક્ષર પુરૂષ છે. આને પર બ્રહ્મ પણ કહે છે. આની પાંખડીઓ પણ આઠ (8) છે. આની સ્થિતિ નહિ બતાડું કારણ કે નકલી ગુરૂ પણ આને જાણીને જનતાને ભ્રમિત કરી નાંખશે.]*

**9. અસંખ્ય કમળ દળ:-** આ કમળમાં પૂર્ણ બ્રહ્મ એટલે કે પરમ અક્ષર બ્રહ્મનો નિવાસ છે. આની અસંખ્ય પાંખડીઓ છે. આની સ્થિતિ પણ નહિ બતાડું કારણ ઉપર લખી દીધું છે.

*[જે ચિત્રમાં દેખાડ્યું છે. એમાં છઠ્ઠું કમળ તથા નવમું કમળ નથી દેખાડ્યું તેનું કારણ એ છે કે વિદ્યાર્થીઓની ધીરે-ધીરે જ્ઞાન વૃદ્ધિ કરવામાં આવે છે. કમળોનું ઊંડું રહસ્ય છે. આ કબીર સાગરના સારાંશમાં લખ્યું છે.]*

શરીરમાં એ કમળો એવું કાર્ય કરે છે, જેમ ટેલિવિઝનમાં ચેનલ લાગેલી છે. તે ચેનલોમાંથીજે પણ ચેનલને ચાલુ કરશો, તેના પર કાર્યક્રમ દેખાશે. તે કાર્યક્રમ ચાલી તો રહ્યો હશે સ્ટુડિયોમાં, દેખાઇ રહ્યો હશે ટી.વી.માં. આ જ પ્રમાણે પ્રત્યેક કમળનું ફંકશન (Function) છે. એ કમળોને ચાલુ કરવાના મંત્રો છે. જે આ દાસ (સંત રામપાલદાસ) જાપ કરવા માટે આપે છે. પ્રથમ વખત દીક્ષા આ જ ચેનલોનેખોલવાની આપવામાં આવે છે. મંત્રોની શક્તિથી બધા કમળ ON (ચાલુ) થઇ જાય છે. પછી સાધક પોતાના શરીરમાં લાગેલ ચેનલમાં તે દેવના ધામને જોઇ શકે છે, ત્યાંના બધા દેશ્યો જોઇ શકે છે. એટલા માટે સંત ગરીબદાસજીએ કહ્યું છે કે આપ

પોતાના શરીરના ચેનલ ON (ચાલુ) કરીને સ્વયં (જાતે) જોઈ લો કે આદમજી આપને બ્રહ્માના લોકથી આવેલા દેખાશે કારણ કે ત્યાં આગળ બધો રેકોર્ડ ઉપલબ્ધ હોય છે. જેમ વર્તમાનમાં youtube છે. આ જ પ્રમાણે દરેક દેવના લોકમાં આપ જે પૂર્વમાં થયેલી ઘટના જોવા ઈચ્છો તે આપ જોઈ શકો છો.

આ જ પ્રમાણે હજરત મુહમ્મદજી આપને શિવજીના લોકથી આવેલા દેખાશે. આ જ પ્રમાણે ઈશાજી પણ શ્રી વિષ્ણુજીના લોકથી આવેલા દેખાશે.

## ''મક્કા મહાદેવનું મંદિર છે''

ભાઈ બાલેવાળી જન્મ સાખીમાં પ્રમાણ છે :-

''સાખી મદીને કી ચાલી'' હિન્દીવાળીના પૃષ્ઠાંક 262 પર શ્રી નાનકજીએ ચાર ઈમામોના પ્રશ્નોના જવાબ આપતાં કહ્યું છે :-

*આખે નાનક શાહ સચ્ચ, સુણ હો ચાર ઈમામ ।*
*મક્કા હૈ મહાદેવ કા, બ્રાહ્મણ સન સુલતાન ॥*

હવે આપજીને પોતાના ઉદ્દેશની તરફ લઈ ચાલું છું. આપજીને સ્પષ્ટ કરવા માંગું છું કે જે યોગ્ય આધ્યાત્મિક જ્ઞાન સૂક્ષ્મ વેદ, ગીતા તથા ચારેય વેદોમાં છે, તે ન તો પુરાણોમાં છે, ન કુરાન શરીફમાં, ન બાઈબલમાં, ન છ: શાસ્ત્રો તથા ન અગિયાર ઉપનિષદોમાં છે. ઉદાહરણ:- જેમ દસમા ધોરણનો પાઠ્યક્રમ ખોટો નથી, પરંતુ તેમાં B.A. તથા M.A. વાળું જ્ઞાન નથી. તે પાઠ્યક્રમ ખોટો નથી, પરંતુ પૂરતો પણ નથી, જે સમજવા માટે આટલું જ પૂરતું છે.

બીજું ઉદાહરણ:- ગીતા અધ્યાય-2નો શ્લોક 46માં કહ્યું છે કે અર્જુન ! મોટું જળાશય (સરોવર) મળી ગયા પછી નાના જળાશય (સરોવર)માં જેટલી શ્રદ્ધા રહી જાય છે, તે જ પ્રમાણે પૂર્ણ પરમાત્માનું સંપૂર્ણ જ્ઞાન થયા પછી બીજા જ્ઞાનમાં તથા ભગવાનોમાં તેવી જ શ્રદ્ધા રહી જાય છે.

જે સમયે ગીતા જ્ઞાન કહેવામાં આવ્યું હતું, તે સમયે સર્વ માનવજાતિ જળાશયોની આજુબાજુ વસવાટ કરતા હતા, વરસાદ થતો હતો, તળાવ ભરાઈ જતા હતા. આખું વર્ષ તેજ જળાશયમાંથી માનવી સ્વયમ્ પાણી પીતા હતા. પશુઓ (જાનવરો)ઓને તેમાંથી જ પાણી પીવડાવતા હતા. તેના બે ભાગ કરી લેવામાં આવતા હતા. અગર એક વર્ષ વરસાદ ન થાય તો નાના જળાશય પર આશ્રિત વ્યક્તિઓને સંકટ થઈ જતું હતું, ત્રાસ-ત્રાસ થઈ જતો હતો.

ઝીલ (સરોવર) ખૂબ મોટું ઊંડું હોય છે. જેનું પાણી 10 વર્ષ વરસાદ ન થાય તો પણ ખલાસ થતું નથી. જો કોઈ વ્યક્તિને તે ઝીલ (સરોવર) વાળું જળાશય મળી જાય તો તે તરત જ નાના જળાશયને છોડીને તે ઝીલના કિનારે વસવાટ કરી લેતો હતો. આ જ પ્રમાણે આપજીને આ વાળા પવિત્ર પુસ્તક ''ગીતા તારું જ્ઞાન અમૃત''માં તે ઝીલવાળું જળાશય પ્રાપ્ત છે. માટે એકદમ જલ્દી આના કિનારે આવીને રહેઠાણ કરો અને આપનું માનવજીવન સુખી કરો. કૃપા કરીને આ જ્ઞાન અમૃતને પીલ્યો અને અમર થઈ જાઓ.

હિન્દુ કહે છે કે મુસલમાન બધી ઊંધી સાધના કરે છે. અમે ઉદય થતા સૂર્યને પ્રણામ કરીએ છીએ, મુસલમાન અસ્ત થતાં (આથમતા) સૂર્યને સલામ કરે છે.

**વિવેચનઃ-** બન્નેનો આશય બરાબર છે, પરંતુ વિવેકનો અભાવ છે. હિન્દુ ઉદય થતા (ઉગતા) સૂર્યને ધન્યવાદ કરે છે કે - હે પ્રકાશના દેવતા, આપનો ધન્યવાદ કરીએ છીએ. આપે કાળી રાત પછી અજવાળું આપ્યું. જેથી અમો અમારા નિર્વાહનું કાર્ય કરી શકીશું. આપ આમ જ અમારા પર કૃપા બનાવી રાખજો.

મુસલમાન જાણે છે કે સવારે તો સૂર્યદેવને ધન્યવાદ અમારા મોટાભાઈ હિન્દુઓએ અમારા બધાની મંગલ કામના કરતા રહીને કરી દીધા. અસ્ત થતા સૂર્યને અમે ધન્યવાદ કરીને કહીએ છીએ કે - હે પ્રકાશ કરવાવાળા સૂર્ય ! આપે અમને બધા જીવોને પ્રકાશ આપીને અમારા ઉપર મોટો ઉપકાર કર્યો. અમે આપનો ધન્યવાદ કરીએ છીએ. આવી જ રીતે કાલે ફરી આમજ કૃપા કરજો. આપ પણ અલ્લાહ કબીરની રચના છો અને અમે પણ તેમના જ સંતાનો છીએ.

હકીકતમાં ન તો મુસલમાન સૂર્યની પૂજા કરે છે, ન હિન્દુ. બંને પક્ષ પૂર્વ-પશ્ચિમની તરફ મુખ કરીને સવારે હિન્દુ તથા સાંજે મુસલમાન પરમાત્માની પણ પૂજા કરે છે.

પૂજા ફક્ત પૂર્ણ પરમાત્માની કરવી જોઈએ. બીજા દેવો, ફરિશ્તાઓનો આદર કરવો જોઈએ. વધારે જ્ઞાન માટે વાંચો ''ગીતાનો સત્ય સાર'' આજ પુસ્તકમાં.

**નિવેદનઃ-** આ જ પુસ્તકના પાછળના વિભાગમાં પાના નં. 210 પર ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત શ્રી જયદયાલ ગોયેન્દકાજી દ્વારા અનુવાદિત ગીતાના સંબંધમાં અધ્યાયોના શ્લોકોની ફોટો કોપી (ઝેરોક્ષ) મૂકી છે, જેથી આપજી સત્યને તુરંત જ જાણી શકો અને આપજીને પ્રમાણ જોવા માટે બીજી ગીતા ખરીદવાની જરૂરિયાત ન પડે.

**લેખક**

**સંત રામપાલદાસ**

# ‘‘ગીતાનો સત્ય સાર’’

## * ગીતા = શ્રીમદ્ ભગત ગીતા

**પ્રશ્ન 1 : ગીતાનું જ્ઞાન ક્યારે તથા કોણે, કોને સંભળાવ્યું ? કોણે લખ્યું ? કૃપા કરીને વિસ્તારથી સમજાવો.**

**ઉત્તર:-** શ્રીમદ્ ભગવત ગીતાનું જ્ઞાન શ્રી કૃષ્ણજીના શરીરમાં પ્રવેશ કરીને કાળ ભગવાને (જેને વેદો તથા ગીતામાં ‘‘બ્રહ્મ’’ નામથી ઓળખવામાં આવે છે) અર્જુનને સંભળાવ્યું. જે સમયે કૌરવો તથા પાંડવો પોતાની સંપત્તિ એટલે કે દિલ્હીના રાજ્ય પર પોત-પોતાના હકકનો દાવો કરીને યુદ્ધ કરવાને માટે તૈયાર થઇ ગયા હતા. બન્નેની સેનાઓ સામ-સામે કુરુક્ષેત્રના મેદાનમાં ઊભી હતી. અર્જુને જોયું કે સામેવાળી સેનામાં ભીષ્મ પિતામહ, ગુરૂ દ્રોણાચાર્ય, સગા-સંબંધી, કૌરવોના બાળકો, જમાઇ, બનેવી, સસરા વગેરે વગેરે લડવા-મરવાને માટે ઊભા છે. કૌરવો અને પાંડવો સંબંધમાં કાકા-બાપાના ભાઇ હતા. અર્જુનમાં સાધુભાવ જાગી ગયો તથા વિચાર કર્યો કે જે રાજ્યને પ્રાપ્ત કરવા માટે અમે અમારા પિતરાઇ ભાઇઓ, ભત્રીજાઓ, જમાઇઓ, બનેવીઓ, ભીષ્મ પિતામહજી તથા ગુરૂજનોને મારીશું. આ પણ ખબર નથી કે અમે કેટલા દિવસ સંસારમાં રહીશું ? એટલા માટે આવી રીતથી પ્રાપ્ત રાજ્યના સુખથી સારું તો એ છે કે અમે ભિક્ષા માંગીને અમારો ગુજારો કરી લઇશું. પરંતુ યુદ્ધ નહિ કરીએ. આ વિચાર કરીને અર્જુને ધનુષ્ય-બાણ હાથમાંથી મૂકી દીધા તથા રથના પાછલા ભાગમાં જઇને બેસી ગયો. અર્જુનની આવી દશા જોઇને શ્રીકૃષ્ણ બોલ્યા :- જોઇ લે સામે કયા યોદ્ધાઓથી આપે લડવાનું છે. અર્જુને જવાબ આપ્યો કે હે કૃષ્ણ ! હું કોઇ કિંમતે યુદ્ધ નહિ કરું. પોતાનો ઉદ્દેશ તથા જે વિચાર મનમાં ઊઠી રહ્યા હતા, તેનાથી પણ જાગૃત કર્યા. તે જ સમયે શ્રીકૃષ્ણજીમાં કાળ ભગવાને પ્રવેશ કરી લીધો. જેમ પ્રેત (ભૂત) કોઇ બીજી વ્યક્તિના શરીરમાં પ્રવેશ કરીને બોલે છે એવી જ રીતે કાળે શ્રીકૃષ્ણના શરીરમાં પ્રવેશ કરીને શ્રીમદ્ ભગવત ગીતાનું જ્ઞાન યુદ્ધ કરવાની પ્રેરણા કરવાને માટે તથા કળિયુગમાં વેદોને જાણવાવાળા વ્યક્તિઓ નહિ રહે, એટલા માટે ચારેય વેદોનું સંક્ષિપ્ત (ટૂંકમાં) વર્ણન તથા સારાંશ ‘‘ગીતા જ્ઞાન’’ રૂપે 18 અધ્યાયના 700 શ્લોકોમાં સંભળાવ્યું. શ્રીકૃષ્ણજીને તો ખબર ન હતી કે હું શું બોલ્યો હતો ગીતા જ્ઞાનમાં ?

*[બ્રહ્માકુમારી પંથવાળા આ જ કાળ બ્રહ્મને નિરાકાર શિવ બાબા કહે છે. તેમનું પણ કહેવું એ છે કે ગીતાનું જ્ઞાન શિવ બાબાએ કોઇ વૃદ્ધ (ઘરડા)ના શરીરમાં પ્રવેશ કરીને આપ્યું હતું. આ શિવ બાબા બ્રહ્માકુમારી વાળાઓનો પૂજ્ય પ્રભુ છે.]*

* કેટલાક વર્ષો પછી વેદ વ્યાસ ઋષિએ આ અમૃત જ્ઞાનને સંસ્કૃત ભાષામાં દેવનાગરી લિપિમાં લખ્યું. બાદમાં અનુવાદકોએ પોતાની બુદ્ધિ અનુસાર આ પવિત્ર ગ્રંથનો હિન્દીમાં તથા બીજી ભાષાઓમાં અનુવાદ કર્યો. જે વર્તમાનમાં ગીતા પ્રેસ

ગોરખપુર (ઉત્તરપ્રદેશ)થી પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે. તેની ફોટોકોપીઓ (ઝેરોક્ષો) આ જ પુસ્તકમાં પૃષ્ઠાંક 210 થી 359 સુધી સ્કેન કરીને ગોઠવેલી છે.

**પ્રશ્ન : આજ (ઇ.સ. 2012) સુધી તો આમ જ સાંભળવામાં આવ્યું છે કે ગીતાજીનું જ્ઞાન શ્રીકૃષ્ણએ બોલ્યું. આપે તો બતાવ્યું કે શ્રી કૃષ્ણના શરીરમાં પ્રવેશ કરીને કાળે ગીતા જ્ઞાન કહ્યું અને શ્રીકૃષ્ણને તો ખબર જ નહતી કે તેમણે શું જ્ઞાન કહ્યું હતું ? આ તો ખોટું (અસત્ય) લાગે છે. કોઇ પ્રમાણ દેખાડશો ?**

**ઉત્તરઃ-** તમને બહુ બધા પ્રમાણો આપું છું, જેનાથી જાતે જ સિદ્ધ થઇ જાય છે કે ગીતા શાસ્ત્રનું જ્ઞાન ‘‘કાળ’’ એ કહ્યું.

સૌ પ્રથમ ગીતાથી જ પ્રમાણિત (સાબિત) કરું છું.

*** પ્રમાણ (સાબિતી) નં.1:-** ગીતા અધ્યાય-10માં જ્યારે ગીતા જ્ઞાનદાતાએ પોતાનું વિરાટ રૂપ દેખાડી દીધું તો તેને જોઇને અર્જુન ધ્રુજવા લાગ્યો, ડરી ગયો. અહીં આગળ આ બતાડવું પણ જરૂરી છે કે શ્રીકૃષ્ણ જી અર્જુનના સાળા હતા કારણ કે શ્રીકૃષ્ણજીની બહેન સુભદ્રાના લગ્ન અર્જુન સાથે થયા હતા.

ગીતા જ્ઞાનદાતાએ જે સમયે પોતાનું ભયંકર વિરાટ રૂપ દેખાડ્યું જે હજાર હાથવાળું હતું. ત્યારે અર્જુને પૂછ્યું કે હે દેવ ! તમે કોણ છો ? (ગીતા અધ્યાય-11 શ્લોક 31)

***** હે સહસ્રાબાહુ (હજાર હાથવાળા) તમે તમારા ચતુર્ભુજ રૂપ (ચાર હાથવાળા રૂપ)માં દર્શન આપો (કારણ કે અર્જુન તેમને એટલે કે કૃષ્ણને વિષ્ણુ અવતાર માનતો હતો જ, પરંતુ તે સમયે કૃષ્ણના શરીરમાંથી બહાર નીકળીને કાળે પોતાનું વિરાટ રૂપ દેખાડ્યું હતું) હું ડરી ગયો છું. તમારા આ રૂપને હું સહન કરી શકતો નથી. (ગીતા અધ્યાય-11 શ્લોક-46)

*** વાંચકો વિચાર કરોઃ-** શું તમે તમારા સાળાને એમ પૂછશો કે હે મહાનુભાવ ! કહો તમે કોણ છો ? બિલકુલ નહિ. એક સમયે એક વ્યક્તિમાં ભૂત બોલવા લાગ્યું. સાથે બેઠેલા વ્યક્તિએ પૂછ્યું તમે કોણ બોલી રહ્યા છો ? જવાબ મળ્યો કે તારો મામો બોલી રહ્યો છું. હું અકસ્માતથી મરણ પામ્યો હતો. શું અમે પોતાના ભાઇને નથી જાણતા ? બરાબર આ જ પ્રમાણે શ્રીકૃષ્ણમાંથી કાળ બોલી રહ્યો હતો.

*** પ્રમાણ (સાબિતી) નં. 2:-** ગીતા અધ્યાય-11ના શ્લોક-21 માં અર્જુને કહ્યું કે તમે તો દેવતાઓના ટોળે-ટોળાંને ખાઇ રહ્યા છો - જે તમારી સ્તુતિ હાથ જોડીને ભયભીત થઇને કરી રહ્યા છે. મહર્ષિઓ તથા સિધ્ધોના સમૂહો તમારી પાસે પોતાના જીવનની રક્ષા માટે મંગળ કામના (યાચના) કરી રહ્યા છે. ગીતા અધ્યાય-11ના શ્લોક-32માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે હે અર્જુન ! હું અહીં આગળ આવેલો (હાલ ઉપસ્થિત થયેલો) કાળ છું. હાલ પ્રવર્ત (બીજાના શરીરમાં પ્રવેશ) થયો છું એટલે કે શ્રીકૃષ્ણના શરીરમાં હાલ પ્રવેશ થયો છું. બધા વ્યક્તિઓનો નાશ કરીશ. વિરોધીઓની સમગ્ર સેના તું યુદ્ધ નહિ કરે તો પણ નષ્ટ થઇ જશે.

આનાથી સાબિત થયું કે ગીતાનું જ્ઞાન શ્રીકૃષ્ણના શરીરમાં પ્રવિષ્ટ (પ્રવેશ) કરીને કાળે કહ્યું છે. શ્રીકૃષ્ણજીએ પહેલાં ક્યારેય નથી કહ્યું કે હું કાળ છું. શ્રીકૃષ્ણજીને જોઇને કોઇ ભયભીત થતા નહોતા. ગોપ-ગોપીઓ, ગોવાળ, બાળક, પશુ-પક્ષી બધા તેમના દર્શન કરીને આનંદિત થતા હતા. તો ''શું શ્રી કૃષ્ણજી કાળ હતા ?'' ના. બિલકુલ નહિ.

એટલા માટે ગીતા જ્ઞાનદાતા ''કાળ'' છે જેણે શ્રીકૃષ્ણજીના શરીરમાં પ્રવેશ કરીને ગીતા શાસ્ત્રનું જ્ઞાન આપ્યું.

**✻ પ્રમાણ (સાબિતી) નં. 3:-** ગીતા અધ્યાય 11ના શ્લોક-47 માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું કે હે અર્જુન ! મેં પ્રસન્ન થઇને મારી શક્તિથી તારી દિવ્ય દૃષ્ટિ ખોલીને આ વિરાટ રૂપ દેખાડ્યું છે. આ વિરાટ રૂપ તારા સિવાય પહેલાં કોઇએ જોયું નથી.

**✻ વિચારવા યોગ્ય વિષયઃ-** પ્રિય અભ્યાસુ ! મહાભારત ગ્રંથમાં પ્રકરણ આવે છે કે જે સમયે શ્રીકૃષ્ણજી કૌરવોની સભામાં ઉપસ્થિત હતા અને તેમને કહી રહ્યા હતા કે તમે બન્ને (કૌરવ અને પાંડવ) અંદરો-અંદર વાતચીત કરીને પોતાની સંપત્તિ (રાજ્ય)ના ભાગ કરી લો. યુદ્ધ કરવું એ ઉચિત નથી. પાંડવોએ કહ્યું કે અમને પાંચ (5) ગામ આપો. અમે એનાથી અમારો ગુજારો કરી લઇશું. દુર્યોધને આવી માંગણી પણ ના માની અને કહ્યું કે પાંડવો માટે સોયના નાકા બરાબર પણ રાજ્ય નથી, યુદ્ધ કરીને લઇ શકે છે. આ વાતથી શ્રીકૃષ્ણ ભગવાન વધારે નારાજ થઇ ગયા તથા દુર્યોધનને કહ્યું કે તું પૃથ્વીના નાશને માટે જન્મ્યો છે. કુળનો નાશ કરીને જંપીશ. ભલા માણસ ! ક્યાં અડધું રાજ્ય અને ક્યાં પાંચ ગામ. થોડીક તો શરમ કર.

આટલી વાત શ્રીકૃષ્ણજીના મુખેથી સાંભળીને દુર્યોધન રાજા ક્રોધાયમાન (રાતો-પીળો) થઇ ગયો અને સભામાં ઉપસ્થિત (હાજર) પોતાના ભાઇઓ તથા મંત્રીઓને બોલ્યો કે આ કૃષ્ણ યાદવને પકડી લો. તે જ સમયે શ્રીકૃષ્ણજીએ વિરાટ સ્વરૂપ દેખાડ્યું. સભામાં હાજર બધા સભાસદો તે વિરાટ રૂપને જોઇને ભયભીત થઇને ખુરશીઓની નીચે સંતાઇ ગયા. કેટલાક આંખો પર હાથ રાખીને જમીન પર પડી ગયા ત્યારબાદ શ્રીકૃષ્ણજી સભા છોડીને નીકળી ગયા અને પોતાનું વિરાટ સ્વરૂપ સમાપ્ત કરી દીધું.

હવે આપણે એ વાત પર વિચાર કરી લઇએ - જે ગીતા અધ્યાય 11 ના શ્લોક-47 માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું હતું કે આ મારું વિરાટ સ્વરૂપ તારા સિવાય અર્જુન ! પહેલાં કોઇએ જોયું નહતું. જો શ્રીકૃષ્ણ ગીતા જ્ઞાન બોલી રહ્યા હોત તો આમ ક્યારેય ન કહેત કે મારું વિરાટ રૂપ તારા સિવાય પહેલાં કોઇએ જોયું નહતું. કારણ કે શ્રીકૃષ્ણજીના વિરાટ રૂપને કૌરવ તથા બીજા સભામાં હાજર રહેલા સભ્યો પહેલાં જોઇ ચુક્યા હતા.

આનાથી એ સિદ્ધ થાય છે કે શ્રીમદ્ ભગવત ગીતાનું જ્ઞાન શ્રીકૃષ્ણએ નથી કહ્યું પણ તેમના શરીરમાં ભૂતની જેમ પ્રવેશીને કાળે (ક્ષર પુરૂષે) કહ્યું હતું. આ પ્રમાણ ત્રીજું થયું.

**✻ પ્રમાણ (સાબિતી) નં. 4:-** શ્રી વિષ્ણુ પુરાણ (ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત)ના પૃષ્ઠ નં. 233 પર પ્રમાણ છે કે એક સમયે દેવતાઓ અને રાક્ષસોનું યુદ્ધ થયું. દેવતાઓ પરાજિત થઇને સમુદ્રના કિનારે જઇને સંતાઇ ગયા. પછી ભગવાનની તપસ્યા સ્તુતિ કરવા લાગ્યા. કાળનું વિધાન છે એટલે કાળે પ્રતિજ્ઞા કરી રાખી છે કે હું પોતાના વાસ્તવિક કાળ રૂપમાં (અસ્સલ - ઓરિજીનલ કાળ રૂપમાં) ક્યારેય કોઇને દર્શન નહિ આપું. મારી યોગમાયાથી છુપાયેલો રહીશ. (પ્રમાણ ગીતા અધ્યાય-7 શ્લોક 24-25માં) એટલા માટે આ કાળ (ક્ષર પુરૂષ) કોઇકને વિષ્ણુના રૂપમાં, તો કોઇને શંકરજીના રૂપમાં, કોઇને બ્રહ્માજીના રૂપમાં દર્શન આપે છે.

દેવતાઓને શ્રી વિષ્ણુજીના રૂપમાં દર્શન આપીને કહ્યું કે મેં જે તમારી સમસ્યા (તકલીફ) છે તે જાણી લીધી છે. તમે પુરંજય રાજાને યુદ્ધ માટે તૈયાર કરી લો. હું તે રાજા શ્રેષ્ઠના શરીરમાં પ્રવેશ કરીને રાક્ષસોનો નાશ કરી દઇશ. એવું જ કરવામાં આવ્યું. *(વધારે જાણવા આપ વિષ્ણુ પુરાણ વાંચી શકો છો)*

**✻ પ્રમાણ (સાબિતી) નં. 5:-** શ્રી વિષ્ણુ પુરાણના પૃષ્ઠાંક 243 ઉપર પ્રમાણ છે કે એક સમયે નાગવંશીઓ તથા ગંધર્વોનું યુદ્ધ થયું. ગંધર્વોએ નાગોના બધા મૂલ્યવાન હીરા, લાલ તથા ખજાના લૂંટી લીધા. તેમના રાજ્ય ઉપર કબજો કરી લીધો. નાગોએ ભગવાનની સ્તુતિ કરી. તે જ ''કાળ'' ભગવાન વિષ્ણુ રૂપ ધારણ કરીને પ્રગટ થયો અને કહ્યું કે તમે પુરૂકુત્સ રાજાને ગંધર્વોની સાથે યુદ્ધ માટે તૈયાર કરો. હું રાજા પુરૂકુત્સના શરીરમાં પ્રવેશ કરીને દુષ્ટ ગંધર્વોનો નાશ કરી દઇશ, એવું જ થયું.

ઉપરોક્ત વિષ્ણુ પુરાણની બન્ને કથાઓથી સ્પષ્ટ થયું (સાબિત થયું) કે આ કાળ ભગવાન (ક્ષર પુરૂષ) આવી રીતે અવ્યક્ત (ગુપ્ત) રહીને કાર્ય કરે છે. આ જ પ્રમાણે એણે શ્રીકૃષ્ણજીમાં પ્રવેશ કરીને ગીતાનું જ્ઞાન કહ્યું છે.

**✻ પ્રમાણ (સાબિતી) નં. 6 :-** મહાભારત ગ્રંથમાં [ગીતા પ્રેસ ગોરખપુર (ઉત્તરપ્રદેશ)થી પ્રકાશિત] ભાગ-2માં પૃષ્ઠાંક 667 ઉપર લખ્યું છે કે મહાભારતના યુદ્ધ પછી રાજા યુધિષ્ઠિરને રાજગાદી પર બેસાડીને શ્રીકૃષ્ણજીએ દ્વારિકા જવાની તૈયારી કરી. ત્યારે અર્જુને શ્રીકૃષ્ણજીન કહ્યું કે તમે તે ગીતાવાળું જ્ઞાન ફરીથી સંભળાવો, હું તે જ્ઞાનને ભૂલી ગયો છું. શ્રીકૃષ્ણજીએ કહ્યું કે હે અર્જુન ! તમે વધારે બુદ્ધિહીન છો, વધારે શ્રદ્ધાહીન છો. તમે તે અણમોલ જ્ઞાનને કેમ ભૂલાવી દીધું. હવે તે જ્ઞાનને સંભળાવી શકીશ નહિ કારણ કે મેં એ વખતે યોગયુક્ત થઇને ગીતાનું જ્ઞાન સંભળાવ્યું હતું.

**✻ વિચાર કરો:-** યુદ્ધના સમયે યોગયુક્ત થઇ શકાય છે તો શાંત વાતાવરણમાં યોગયુક્ત થવામાં શું સમસ્યા હોઇ શકે છે ? વાસ્તવમાં આ જ્ઞાન કાળે શ્રી કૃષ્ણમાં પ્રવેશ કરીને કહ્યું હતું.

✻ શ્રીકૃષ્ણજીને સ્વયં તો તે ગીતા જ્ઞાન યાદ નથી. જો તે બોલવાવાળા હતા તો વક્તાને તો તે સર્વ (બધું) જ્ઞાન યાદ હોવું જોઇએ. શ્રોતા (સાંભળનાર)ને તો પહેલીવારમાં 40% જ્ઞાન યાદ રહે છે. આનાથી સિદ્ધ થાય છે કે ગીતાનું જ્ઞાન શ્રીકૃષ્ણજીમાં પ્રવેશ કરીને કાળે (ક્ષર પુરૂષે) બોલ્યું હતું. ઉપરના પ્રમાણોથી સ્પષ્ટ થાય છે કે શ્રીમદ્ ભગવત ગીતાનું જ્ઞાન શ્રીકૃષ્ણજીએ નથી કહ્યું. તેમને તો ખબર જ નથી કે શું કહ્યું હતું ? શ્રીકૃષ્ણજીના શરીરમાં પ્રવેશ કરીને કાળ પુરૂષે (ક્ષર પુરૂષે) બોલ્યું હતું.

**પ્રશ્ન-2 કાળ પુરૂષ કોણ છે ?**

**જવાબ-2** : આના માટે વાંચો સૃષ્ટિ રચના જે પૃષ્ઠાંક 126 પર છાપેલ છે.

**પ્રશ્ન-3 કાળ ભગવાન એટલે કે બ્રહ્મ અવિનાશી છે અથવા જન્મે - મરે છે ?**

**જવાબ-3 :** કાળ ભગવાન પણ જન્મે છે અને મરે છે.

**પ્રશ્ન-4 : તેના પ્રમાણ કયા છે ?**

**જવાબ-4 :** શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય-2 શ્લોક-12, ગીતા અધ્યાય-4 ના શ્લોક 5, ગીતા અધ્યાય-10ના શ્લોક-2માં ગીતા જ્ઞાનદાતા સ્વયં જ સ્વીકાર કરે છે કે મારા પણ જન્મ તથા મૃત્યુ થાય છે. હું અવિનાશી નથી જ. કહ્યું છે કે હે અર્જુન ! તારા અને મારા ખૂબ જન્મ થઇ ચુક્યા છે, તું નથી જાણતો, હું જાણું છું. તું, હું અને આ રાજા લોકો તથા સૈનિકો પહેલાં પણ હતા. આગળ પણ થશે. આવું ન જાણ (વિચાર) કે અમે ફક્ત વર્તમાનમાં જ છીએ. મારી ઉત્પત્તિને ન તો દેવતાઓ જાણે છે અને ન તો ઋષિઓ જાણે છે. કારણ કે આ બધા મારાથી જ ઉત્પન્ન થયા છે.

આનાથી સિદ્ધ થાય છે કે ગીતા જ્ઞાનદાતા કાળ પુરૂષ અવિનાશી નથી જ. એટલા માટે આને ક્ષર (નાશવાન) પુરૂષ કહેવામાં આવે છે.

**પ્રશ્ન-5 : શું બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ અવિનાશી છે ?**

**જવાબઃ-** નથી. તેઓ પણ નાશવાન છે. એમના પણ જન્મ-મૃત્યુ થાય છે. બ્રહ્મા, વિષ્ણુ તથા શિવજીના માતા-પિતા પણ છે.

**પ્રશ્ન-6 : કોઇ પ્રમાણ બતાવો કે બ્રહ્મા, વિષ્ણુ તથા શિવજીના માતા-પિતા છે, જો હોય તો તેમનું નામ શું છે તે બતાડો.**

**જવાબ-6 :** શ્રી દેવી મહાપુરાણ (ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત)નો ત્રીજો સ્કંદ પૃષ્ઠાંક-123 ઉપર શ્રી વિષ્ણુજીએ પોતાની માતા દુર્ગાની સ્તુતિ કરતાં કહ્યું છે કે હે માતા ! તમે શુદ્ધ સ્વરૂપા છો, પૂરો સંસાર તમારાથી જ ઉદ્ભાષિત થઇ રહ્યો છે, અમે તમારી કૃપાથી વિદ્યમાન છીએ. હું, બ્રહ્મા અને શંકર તો જન્મીએ છીએ - મરીએ છીએ. અમારો તો આવિર્ભાવ (જન્મ) તથા તિરોભાવ (મૃત્યુ) થયા કરે છે. અમે અવિનાશી નથી. તમે જ જગત જનની અને સનાતની દેવી છો અને પ્રકૃતિ દેવી છો. શંકર ભગવાન બોલ્યા, હે માતા ! વિષ્ણુ પછી ઉત્પન્ન થવાવાળા બ્રહ્મા જ્યારે તમારા પુત્ર છે તો શું હું તમોગુણી લીલા કરવાવાળો શંકર તમારું સંતાન ન થયો ? એટલે કે મને પણ ઉત્પન્ન કરવાવાળા તમે જ છો. આ દેવી

મહાપુરાણના ઉલ્લેખથી સિદ્ધ થયું કે શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શંકરજીને જન્મ આપવાવાળી માતા શ્રી દુર્ગા દેવી (અષ્ટાંગી દેવી) છે અને ત્રણેય નાશવાન છે.

## શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજીના પિતા કોણ છે ?

**પ્રમાણઃ-** શ્રી શિવ મહાપુરાણ (ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત) માં એમના પિતાનું જ્ઞાન છે. શ્રી શિવ મહાપુરાણના રૂદ્રસંહિતા ખંડમાં પૃષ્ઠ નં. 100 થી 110 સુધી આ પ્રમાણેનું પ્રકરણ આવે છે :-

પોતાના પુત્ર નારદજીના પ્રશ્નનો જવાબ આપતાં શ્રી બ્રહ્માજીએ કહ્યું કે હે પુત્ર ! તમે સૃષ્ટિના ઉત્પત્તિ કર્તાના વિષયમાં જે પ્રશ્ન કર્યો છે, તેનો જવાબ સાંભળ !

પ્રારંભમાં ફક્ત એક 'સદ્બ્રહ્મ' જ શેષ હતા. બધા સ્થાનો પર પ્રલય હતો. તે નિરાકાર પરમાત્માએ પોતાનું સ્વરૂપ શિવ જેવું બનાવ્યું. તેને ''સદાશિવ'' કહેવામાં આવે છે, તેને પોતાના શરીરથી એક સ્રી કાઢી, તે સ્રી દુર્ગા, જગદમ્બિકા, પ્રકૃતિ દેવી તથા ત્રિદેવ (બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ)ની જનની કહેવાઇ. જેની આઠ ભુજાઓ છે, આને જ શિવા પણ કહી છે.

* ''શ્રી વિષ્ણુજીની ઉત્પત્તિ'':- સદાશિવ અને શિવા (દુર્ગા)એ પતિ-પત્ની રૂપમાં રહીને એક પુત્રની ઉત્પત્તિ કરી, તેનું નામ વિષ્ણુ રાખ્યું.

* ''શ્રી બ્રહ્માજીની ઉત્પત્તિ'':- શ્રી બ્રહ્માજીએ બતાવ્યું કે જે પ્રમાણે વિષ્ણુજીની ઉત્પત્તિ શિવ તથા શિવાના સંયોગ (ભોગ-વિલાસ) થી થઇ છે, તેવી જ રીતે (તે જ પ્રમાણે) શિવ અને શિવાએ મારી પણ ઉત્પત્તિકરી.

***નોંધઃ-*** *અહીં આગળ શિવને કાળ બ્રહ્મ જાણો, શિવાને દુર્ગા જાણો. પ્રિય વાંચકો આ રૂદ્રસંહિતા ખંડમાં શંકરજીની ઉત્પત્તિનું પ્રકરણ નથી, આ અનુવાદ કર્તાની ભૂલ છે. એમ તો દેવી પુરાણમાં શંકરજીએ જાતે જ સ્વીકાર્યું છે કે મારો જન્મ દુર્ગા (પ્રકૃતિ)થી થયો છે.*

* શ્રી શંકરજી પણ શિવ તથા શિવાના પુત્ર છે:- શ્રી શિવ મહાપુરાણના વિધ્વેશ્વર સંહિતા ખંડના પૃષ્ઠાંક 24 થી 30 ઉપર પ્રમાણ છે:- એક સમયે શ્રી બ્રહ્માજી તથા શ્રી વિષ્ણુજીનું આ વાત પર યુદ્ધ થઇ ગયું કે - બ્રહ્માજીએ કહ્યું કે હું તારો પિતા છું કારણ કે આ સંસાર મારાથી ઉત્પન્ન થયો છે. હું પ્રજાપિતા છું. વિષ્ણુજીએ કહ્યું કે હું તારો પિતા છું, તું મારા નાભિ કમળ (દૂંટી કમળ)થી ઉત્પન્ન થયો છે. બન્ને એકબીજાને મારવા માટે તત્પર (તૈયાર) થઇ ગયા. તે જ સમયે સદાશિવ એટલે કે કાળ બ્રહ્મે તે બન્નેની વચ્ચોવચ્ચ એક સફેદ રંગનો પ્રકાશમય થાંભલો ઊભો કરી દીધો, પછી જાતે શંકરના રૂપમાં પ્રગટ થઇને તેમને કહ્યું કે તમે કોઇપણ કર્તા (રચનાર) નથી.

હે પુત્રો ! મેં તમને જગતની ઉત્પત્તિ અને સ્થિતિરૂપી બે કાર્ય આપ્યા છે, આ જ પ્રમાણે મેં શંકર અન રૂદ્રને બે કાર્યો સંહાર તથા તિરોગતિ આપ્યા છે. મને વેદોમાં બ્રહ્મ કહ્યો છે. મારા પાંચ મુખ છે : એક મુખથી અકાર (અ) બીજા મુખથી ઉકાર (ઉ) તથા ત્રીજા મુખથી મકાર (મ), ચોથા મુખથી બિન્દુ (.) તથા પાંચમા

મુખથી નાદ (શબ્દ) પ્રગટ થયો છે, આ જ પાંચ અવયવોથી એકીભૂત (એકરૂપ) થઇને એક અક્ષર ઓમ્ (ૐ) બન્યો છે. આ મારો મૂળ મંત્ર છે.

ઉપરોક્ત શિવ મહાપુરાણના પ્રકરણથી સિદ્ધ થાય છે કે શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શંકરજીની માતા શ્રી દુર્ગા દેવી (અષ્ટાંગી દેવી) છે તથા પિતા સદાશિવ એટલે કે ''કાળ બ્રહ્મ'' છે જેણે શ્રીમદ્ ભગવત ગીતાનું જ્ઞાન શ્રી કૃષ્ણજીમાં પ્રવેશ કરીને કહ્યું હતું. આને જ ક્ષર પુરૂષ, ક્ષર બ્રહ્મ પણ કહેવામાં આવ્યો છે. આ જ પ્રમાણ શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય 14 શ્લોક 3 થી 5 માં પણ છે કે - રજ્ (રજગુણ બ્રહ્મા), સત્ (સતગુણ વિષ્ણુ), તમ્ (તમગુણ શંકર) ત્રણેય ગુણ પ્રકૃતિ એટલે દુર્ગા દેવીથી ઉત્પન્ન થયા છે. પ્રકૃતિ તો બધા જીવોને ઉત્પત્તિ કરવાવાળી માતા છે. હું (ગીતા જ્ઞાનદાતા) બધા જીવોનો પિતા છું. હું દુર્ગા (પ્રકૃતિ)ના ગર્ભમાં બીજ સ્થાપિત કરું છું જેનાથી બધાની ઉત્પત્તિ થાય છે.

**પ્રશ્ન-7 : રજગુણ બ્રહ્મા, સતગુણ વિષ્ણુ તથા તમગુણ શંકર છે - એવું પ્રમાણ ક્યાં છે ?**

**જવાબ-7 : 1** શ્રી માર્કંડેય પુરાણ (સચિત્ર મોટા ટાઇપ ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત) ના 123 પાના પર - કહ્યું છે કે રજગુણ બ્રહ્માજી, સતગુણ વિષ્ણુ તથા તમગુણ શંકર, ત્રણેય બ્રહ્મની પ્રધાન શક્તિયો છે. એ જ ત્રણ દેવતા છે. એ જ ત્રણ ગુણ છે.

2. શ્રી દેવી મહાપુરાણ સંસ્કૃત તથા હિન્દી અનુવાદ (શ્રી વેંકટેશ્વર પ્રેસ મુંબઇથી પ્રકાશિત) માં ત્રીજો સ્કંદ અધ્યાય-5 શ્લોક 8માં લખ્યું છે કે - શંકર ભગવાન બોલ્યા, હે માતા ! જો તમે અમારા ઉપર દયાળુ છો તો મને તમોગુણ, બ્રહ્મા રજોગુણ તથા વિષ્ણુ સતોગુણ યુક્ત કેમ કર્યા ?

ઉપરોક્ત પ્રમાણોથી સિદ્ધ થયું કે રજગુણ બ્રહ્માજી, સતગુણ વિષ્ણુજી તથા તમગુણ શંકરજી છે.

**પ્રશ્ન-8 : પરમાત્માને અજન્મા અજર-અમર કહે છે. ઉપરોક્ત પ્રકરણ તથા પ્રમાણોથી સિદ્ધ થાય છે કે શ્રી બ્રહ્મા, શ્રી વિષ્ણુ તથા શ્રી શંકર ત્રણેય નાશવાન છે, તો પછી અવિનાશી પરમાત્મા કોણ છે ? શું બ્રહ્મા, વિષ્ણુ તથા શંકર અને કાળ બ્રહ્મ પરમાત્મા નથી ? પ્રમાણ સાથે બતાડો.**

**જવાબ-8 :** પ્રથમ આપણે સ્પષ્ટ કરીએ છીએ કે શ્રી બ્રહ્મા, શ્રી વિષ્ણુ, શ્રી શંકર તથા બ્રહ્મ પરમાત્મા છે અથવા નથી. આ તો તમે તમારા પ્રશ્નમાં જ સિદ્ધ કરી દીધું કે પરમાત્મા તો અજન્મા એટલે કે જેનો ક્યારેય જન્મ ન થયો હોય, તે હોય છે. આગળના વિવરણમાં તથા પ્રમાણોથી સિદ્ધ થઇ ચુક્યું છે કે બ્રહ્મા, વિષ્ણુ અને શંકરના માતા-પિતા છે. બ્રહ્મ પણ નાશવાન છે, એનો પણ જન્મ થયો છે. આનાથી સ્વયં સિદ્ધ થયું કે એ પરમાત્મા નથી. હવે પ્રશ્ન એ રહ્યો કે તો પછી અવિનાશી કોણ છે ? આના જવાબમાં શ્રીમદ ભગવત ગીતાથી જ પ્રમાણિત કરીએ છીએ કે અવિનાશી પરમાત્મા ગીતા જ્ઞાન આપવાવાળા (બ્રહ્મ)થી બીજો જ છે. શ્રીમદ ભગવત

ગીતા અધ્યાય-2નો શ્લોક-12, ગીતા અધ્યાય-4 શ્લોક-5, ગીતા અધ્યાય-10 શ્લોક 2માં ગીતા જ્ઞાનદાતાએ પોતાની સ્થિતિને સ્પષ્ટ કરી દીધી કે મારી ઉત્પત્તિ થઇ છે, હું જન્મું છું - મરું છું. અર્જુન મારા અને તારા ખૂબ જન્મ થઇ ચુકયા છે. હું પણ નાશવાન છું. ગીતા અધ્યાય-2 શ્લોક 17માં પણ કહ્યું છે કે અવિનાશી તો તેને જાણ જેને મારવામાં કોઇપણ સક્ષમ નથી અને જે પરમાત્માએ સર્વની રચના કરી છે, અવિનાશી પરમાત્માનું આ પહેલું પ્રમાણ થયું.

**પ્રમાણ નંબર-2 :** શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય 15 શ્લોક 16-17માં ત્રણ પુરૂષ (પ્રભુ) કહ્યા છે. ગીતા અધ્યાય 15 શ્લોક 16માં કહ્યું છે કે આ લોકમાં બે પુરૂષ પ્રસિદ્ધ છે :- (1) ક્ષર પુરૂષ અને (2) અક્ષર પુરૂષ. એ બન્ને પ્રભુ તથા તેમના અંતર્ગત એટલે કે એમના લોકમાં બધા જ પ્રાણી નાશવાન છે. આત્મા તો બધાનો અમર છે. ગીતા અધ્યાય-15 શ્લોક 17માં કહ્યું છે કે ઉત્તમ પુરૂષ એટલે કે પુરૂષોત્તમ તો કોઇ બીજા જ છે. જેને પરમાત્મા કહેવામાં આવ્યા છે, જે ત્રણે લોકોમાં પ્રવેશ કરીને બધાનું ધારણ-પોષણ કરે છે, તે વાસ્તવમાં (હકીકતમાં) અવિનાશી છે.

ગીતા અધ્યાય-7 શ્લોક 29માં કહ્યું છે કે જે સાધક ફક્ત જરા (વૃદ્ધાવસ્થા), મરણ (મૃત્યુ), દુ:ખથી છુટવાનો પ્રયત્ન કરે છે તે તત્ બ્રહ્મને જાણે છે, બધા કર્મો તથા સંપૂર્ણ અધ્યાત્મથી પરિચિત છે. ગીતા અધ્યાય 8ના શ્લોક 1માં અર્જુને પૂછ્યું કે ‘‘તત્ બ્રહ્મ’’ શું છે ? ગીતા જ્ઞાનદાતાએ અધ્યાય-8ના શ્લોક 3માં જવાબ આપ્યો છે કે તે ‘‘પરમ અક્ષર બ્રહ્મ’’ છે એટલે કે પરમ અક્ષર પુરૂષ છે. (પુરૂષ કહો કે ચાહે બ્રહ્મ કહો) ગીતા અધ્યાય 15 શ્લોક 17માં જે ‘‘ઉત્તમ પુરૂષ: તુ અન્ય: પરમાત્મા ઇતિ ઉદ્દાહ્રત’’ કહ્યા છે, તે ‘‘પરમ અક્ષર બ્રહ્મ’’ છે. આને જ પુરૂષોત્તમ કહ્યા છે.

## શંકા સમાધાન

ગીતા અધ્યાય 15 શ્લોક 18માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે હું તે બધા જ પ્રાણીઓથી ઉત્તમ એટલે કે શક્તિમાન છું. જે મારા 21 બ્રહ્માંડોમાં રહે છે, એટલા માટે લોકવેદ એટલે કે દંત કથાના આધારે હું પુરૂષોત્તમ તરીકે પ્રસિદ્ધ છું. વાસ્તવમાં (હકીકતમાં) પુરૂષોત્તમ તો ગીતા અધ્યાય-15 શ્લોક 17માં સ્પષ્ટ કરી દીધા છે. ઉત્તમ પુરૂષ એટલે કે પુરૂષોત્તમ તો ક્ષર પુરૂષ (ગીતા જ્ઞાનદાતા) તથા અક્ષર પુરૂષ (જે 7 શંખ બ્રહ્માંડના સ્વામી છે) થી બીજા જ છે. તેમને જ પરમાત્મા કહેવામાં આવે છે. તે બધાનું ધારણ-પોષણ કરે છે, વાસ્તવમાં તે અવિનાશી છે. તે ‘‘પરમ અક્ષર બ્રહ્મ’’ છે જે અસંખ્ય બ્રહ્માંડોના માલિક છે જે સર્વના સર્જનહાર છે, કુલના માલિક છે એટલે કે પરમાત્મા છે.

**પ્રશ્ન-9 : અક્ષરનો અર્થ અવિનાશી થાય છે. આપે તો ગીતા અધ્યાય-15 શ્લોક 16માં પણ અક્ષર પુરૂષને પણ નાશવાન બતાડ્યા છે. કૃપા કરીને આ સ્પષ્ટ કરો.**

**જવાબ-9 :** આ સાચું છે કે ‘‘અક્ષર’’ નો અર્થ અવિનાશી થાય છે, પરંતુ પ્રકરણ પ્રમાણે અર્થ બીજો પણ થાય છે. ગીતા અધ્યાય-15 શ્લોક 16માં કહ્યું છે

કે ક્ષર અને અક્ષર એ બે પુરૂષ (પ્રભુ) આ લોકમાં છે, એ બન્ને તથા એમના અંતર્ગત જેટલા જીવ છે, તે નાશવાન છે. આત્મા કોઇનો પણ મરતો નથી. પછી ગીતા અધ્યાય 15 ના શ્લોક 17માં સ્પષ્ટ કર્યું છે કે પુરૂષોત્તમ તો ઉપરોક્ત બન્ને પ્રભુઓથી બીજા જ છે, તે જ અવિનાશી છે, તે જ બધાનું ધારણ-પોષણ કરવાવાળા વાસ્તવમાં અવિનાશી છે. ગીતા અધ્યાય-8 ના શ્લોક 3 માં તત્ બ્રહ્મને પરમ અક્ષર બ્રહ્મ કહ્યા છે. અક્ષરનો અર્થ અવિનાશી છે, પરંતુ અહીંયા પરમ અક્ષર બ્રહ્મ કહ્યા છે. આનાથી પણ સિદ્ધ થયું કે અક્ષરથી આગળ પરમ અક્ષર બ્રહ્મ છે, તે વાસ્તવમાં અવિનાશી છે.

**પ્રમાણઃ-** જેમ બ્રહ્માજીની ઉંમર 100 વર્ષ બતાવવામાં આવી છે. દેવતાઓનું વર્ષ કેટલા સમયનું છે? સાંભળો ! ચાર યુગ (સત્ય યુગ, ત્રેતા યુગ, દ્વાપર યુગ અને કળિયુગ)નો એક ચતુર્યુગ થાય છે, જેમાં મનુષ્યોના (મનુષ્યોવાળા) 43,20,000 (તેંતાળીસ લાખ વીસ હજાર વર્ષ) થાય છે. 1008 ચતુર્યુગનો બ્રહ્માજીનો દિવસ અને એટલી જ રાત્રિ થાય છે. એવા 30 દિવસ-રાત્રિનો એક મહિનો તથા બાર (૧૨) મહિનાનું બ્રહ્માજીનું એક વર્ષ થયું. એવી 100 વર્ષની શ્રી બ્રહ્માજી ઉંમર છે.

શ્રી વિષ્ણુજીની ઉંમર - શ્રી બ્રહ્માજીથી 7 ગણી છે = 700 વર્ષ.

શ્રી શંકરજીની ઉંમર - શ્રી વિષ્ણુજીથી 7 ગણી છે = 4900 વર્ષ.

બ્રહ્મ (ક્ષર પુરૂષ) ની ઉંમર = 70 હજાર શંકરના મૃત્યુના ઉપરાંત એક બ્રહ્મનું મૃત્યુ થાય છે એટલે કે ક્ષર પુરૂષનું મૃત્યુ થાય છે. એટલા સમયનો અક્ષર પુરૂષનો એક યુગ થાય છે.

અક્ષર પુરૂષની ઉંમરઃ- ગીતા અધ્યાય-8 શ્લોક 17માં કહ્યું છે :-

***સહંસ્ર યુગ પર્યન્તમ્ અહ: યત્ બ્રહ્મણ: વિદુ: ।***

***રાત્રિમ્ યુગ સહંસ્ત્રાન્તમ્ તે અહોરાત્રા વિદ: જના: ॥ 17 ॥***

**અનુવાદઃ-** આજ સુધી બધા અનુવાદકર્તાઓએ યોગ્ય અનુવાદ નથી કર્યો. બધાએ બ્રહ્માના એક હજાર ચતુર્યુગ લખ્યા છે, આ ખોટું છે. (જુઓ આ જ પુસ્તકના પૃષ્ઠાંક 210 થી 359 સુધીમાં ગીતા અધ્યાય 8 શ્લોક 17ના અનુવાદની ઝેરોક્ષ કોપી જે ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત છે)

મૂળ પાઠમાં ''સંહસ્ર યુગ'' લખ્યા છે. ન કે 'સંહસ્ર ચતુર્યુગ'. એટલા માટે ગીતા અધ્યાય 8 શ્લોક 17નો અનુવાદ આ પ્રમાણે બને છે :- (બ્રહ્મણ:) અક્ષર પુરૂષનો (યત) જે (અહ:) દિવસ છે તે (સહંસ્ર યુગ પ્રર્યન્તમ્) એક હજાર યુગની અવધિવાળો અને (રાત્રિમ્) રાત્રિને પણ (યુગ સંહસ્રાન્તમ્) એક હજાર યુગની અવધિવાળી જે પુરૂષ (વિદુ:) જાણે છે (તે) તે (જના) વ્યક્તિ (અહો રાત્ર) દિવસ-રાતને (વિદ:) જાણવાવાળા છે.

**ભાવાર્થઃ-** આ શ્લોકમાં ''બ્રહ્મા'' શબ્દ મૂળ પાઠમાં નથી જ અને ન જ ''ચતુર યુગ'' શબ્દ મૂળ પાઠમાં છે. આમાં ''બ્રહ્મણ:'' શબ્દ છે જેનો અર્થ સચ્ચિદાનંદ બ્રહ્મ એટલે કે પરમ અક્ષર બ્રહ્મ થાય છે.

**પ્રમાણઃ-** ગીતા અધ્યાય-17 ના શ્લોક 23 માં બ્રહ્મણ:નો અર્થ સચ્ચિદાનંદ ધન બ્રહ્મ કર્યો છે, તે અનુવાદકર્તાઓએ બરાબર કર્યો છે. આ ગીતા અધ્યાય-8ના શ્લોક 17માં આયુ (ઉંમર)નું પ્રકરણ છે. એટલા માટે અહીં આગળ ''બ્રહ્મણ''નો અર્થ ''અક્ષર બ્રહ્મ'' બને છે. અહીંયા અક્ષર પુરૂષની ઉંમરની જાણકારી આપી છે. અક્ષર પુરૂષનો એક દિવસ એક હજાર યુગનો હોય છે. {70 હજાર શંકરના મૃત્યુ પછી એક ક્ષર પુરૂષનું મૃત્યુ થાય છે, તે સમય એક યુગ અક્ષર પુરૂષનો થાય છે} આ પ્રમાણે બનેલા એક હજાર યુગનો અક્ષર પુરૂષનો દિવસતથા એટલી જ રાત્રિ હોય છે. એવા 30 દિવસ-રાત્રિનો એક મહિનો તથા 12 મહિનાનું અક્ષર પુરૂષનું એક વર્ષ તથા એવા 100 વર્ષની અક્ષર પુરૂષની ઉંમર છે. તેના પછી તેનું મૃત્યુ થાય છે. એટલા માટે ગીતા અધ્યાય-15 ના શ્લોક 16માં ક્ષર પુરૂષ તથા અક્ષર પુરૂષ બન્નેને નાશવાન કહ્યા છે. ગીતા અધ્યાય-15 ના શ્લોક 17માં જે વાસ્તવમાં (હકીકતમાં) અવિનાશી પરમાત્મા કહ્યા છે. આ પરમાત્મા સર્વ પ્રાણીઓના નષ્ટ થવા પર પણ નાશમાં નથી આવતા (નાશ પામતા નથી).

**પ્રમાણઃ-** ગીતા અધ્યાય-8ના શ્લોક 20 થી 22માં સ્પષ્ટ છે કે તે પરમ અક્ષર બ્રહ્મ બધા પ્રાણીઓના નષ્ટ થઇ જવા છતાં પણ ક્યારેય નષ્ટ નથી થતા.

**ઉદાહરણ-1 :** જેમ સફેદ માટીના બનેલ કપ-રકાબી હોય છે. તેનું જ્ઞાન બધાને છે કે તે હાથમાંથી છૂટી જાય અને પાકી જમીન ઉપર પડે અને તૂટે એટલે નાશવાન ''ક્ષર'' છે. આ સ્થિતિ તો ક્ષર પુરૂષની જાણો.

**ઉદાહરણ-2 :** બીજા કપ-રકાબી સ્ટીલ (લોખંડ)ના બનેલા હોય - તો તે વધારે સમય ઉપરાંત કાટ લાગવાથી નષ્ટ થાય છે. જલ્દીથી તૂટતા નથી. જલ્દી નષ્ટ થતા નથી. માટીના બનેલા કપ-રકાબીની તુલનામાં સ્ટીલના કપ-રકાબી વધુ સમય ચાલે છે. અવિનાશી પ્રતીત થાય છે, પરંતુ છે નાશવાન. આ જ પ્રમાણેની સ્થિતિ ''અક્ષર પુરૂષ''ની જાણો.

**ઉદાહરણ-3 :** ત્રીજા કપ-કરાબી જે સોનાના બનેલા હોય. તે ક્યારેય નષ્ટ નથી થતા. તેને કાટ પણ લાગતો નથી. આ સ્થિતિ ''પરમ અક્ષર બ્રહ્મ''ની જાણો. આ વાસતવમાં અવિનાશી છે, એટલા માટે પ્રકરણ પ્રમાણે ''અક્ષર''નો અર્થ નાશવાન પણ થાય છે. વાસ્તવમાં અક્ષરનો અર્થ અવિનાશી થાય છે.

**ઉદાહરણ માટેઃ-** ગીતા અધ્યાય-8ના શ્લોક 11 માં મૂળપાઠ :-

***યત્ અક્ષરમ વેદ વિદ: વદન્તિ વિશન્તિ યત્ યતય: બીતરાગા: ।***
***યત્ ઇચ્છન્ત: બ્રહ્મચર્યમ ચરન્તિ તત્ તે પદમ્ સંગ્રહેણ પ્રવક્ષ્યે ॥ 11 ॥***

**અનુવાદઃ–** આ શ્લોકમાં ''અક્ષર''નો અર્થ અવિનાશી પરમાત્મા માટે છે :- (વેદ વિત) તત્ત્વદર્શી સંત એટલે કે વેદના તાત્પર્યને / ગૂઢ રહસ્યોને / ગૂઢ અર્થોને જાણવાવાળા મહાત્મા (યત્) જેણે (અક્ષરમ્) અવિનાશી (વદન્તિ) કહે છે. (યતય:) સાધના રત (બીતરાગા) આસક્તિ રહિત સાધક (યત્) જે લોકમાં (વિશન્તિ)

પ્રવેશ કરે છે અને (યત્) જે પરમાત્માને (ઇછન્ત:) ચાહવાવાળા સાધક (બ્રહ્મ ચર્યમ્) બ્રહ્મચર્ય એટલે કે શિષ્ય પરંપરાનું (ચરન્તિ) આચરણ કરે છે, (તત્) તે (પદમ્) પદને (તે) તારા માટે હું (સંગ્રહેણ) ટૂંકમાં (પ્રવક્ષ્યે) કહીશ. આ શ્લોકમાં ''અક્ષર''નો અર્થ અવિનાશી પરમાત્મા બરાબર છે.

કબીરજીએ સૂક્ષ્મવેદમાં કહ્યું છે કે:-

*ગુરૂ બિન કાહૂ ન પાયા જ્ઞાના, જ્યાં થોથા ભૂષ છિડે મૂઢ કિસાના ।*
*ગુરૂ બિન વેદ પઢે જો પ્રાણી, સમજે ના સાર રહે અજ્ઞાની ॥*

**પ્રશ્ન-10 : તમે પૂર્ણ મોક્ષ કોને માનો છો ?**

**જવાબ-10 :** ગીતા અધ્યાય-15 ના શ્લોક 4માં વર્ણન છે કે તત્ત્વદર્શી સંતની પ્રાપ્તિ પછી તત્ત્વજ્ઞાન રૂપી શસ્ત્રથી અજ્ઞાનને કાપીને એટલે કે સારી રીતે જ્ઞાન સમજીને તેના પછી પરમેશ્વરના તે પરમ પદની (સત્ય લોકની) શોધ કરવી જોઇએ. જ્યાં ગયા પછી સાધક ફરી પાછા વળીને સંસારમાં ક્યારેય નથી આવતા એટલે કે તેમનો ફરી ક્યારેય જન્મ થતો નથી. જે પરમાત્માએ સર્વ રચના કરી છે, ફક્ત (કેવળ) તેની જ ભક્તિ પૂજા કરો. પૂર્ણ મોક્ષ તેને જ કહેશે જેની પ્રાપ્તિ પછી પુન: (ફરી) જન્મ ન થાય. જન્મ-મરણનું ચક્ર કાયમને માટે સમાપ્ત થઇ જાય.

**પ્રશ્ન-11 : શું ગીતા જ્ઞાનદાતા બ્રહ્મની ભક્તિથી પૂર્ણમોક્ષ સંભવ છે ?**

**જવાબ-11 :** સંભવ નથી.

**પ્રશ્ન-12 : ગીતા અધ્યાય-8 શ્લોક 16 માં પ્રમાણ છે કે ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે હે અર્જુન ! મને પ્રાપ્ત થઇને પુનર્જન્મ નથી થતો. આપ કેવી રીતે કહો છો કે બ્રહ્મ ભક્તિથી પૂર્ણ મોક્ષ સંભવ નથી ?**

**જવાબ-12 :** શ્રીદેવી મહાપુરાણ (સચિત્ર મોટા ટાઇપ ફક્ત હિન્દી - ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત)ના સાતમા સ્કંધના પૃષ્ઠાંક 562-563 ઉપર પ્રમાણ છે કે - શ્રીદેવીજીએ રાજા હિમાલયને ઉપદેશ આપતાં કહ્યું છે કે હે રાજન્ ! બીજી બધી વાતોને છોડીને - મારી ભક્તિ પણ છોડીને કેવળ એક ૐ નામનો જાપ કર, ''બ્રહ્મ'' પ્રાપ્તિનો આ જ એક મંત્ર છે, આનાથી સંસારની પેલે પાર જે બ્રહ્મ છે, તેને પામી જશો, તમારું કલ્યાણ થાઓ. તે બ્રહ્મલોક રૂપી દિવ્યાકાશમાં રહે છે.

ભાવાર્થ છે કે બ્રહ્મ સાધનાનો કેવળ એક ઓમ (ૐ) નામનો જાપ છે. આનાથી બ્રહ્મની પ્રાપ્તિ થાય છે અને તે સાધક બ્રહ્મ લોકમાં ચાલ્યો જાય છે. આ જ ગીતા ધ્યાય-8ના શ્લોક 16માં કહ્યું છે કે બ્રહ્મલોક સહિત સર્વલોક પુનરાવર્તીમાં છે એટલે કે બ્રહ્મલોકમાં ગયેલા સાધકનો પણ પુનર્જન્મ થાય છે. બ્રહ્મની ભક્તિથી પૂર્ણ મોક્ષ નથી થતો. આ ગીતા અધ્યાય-8 શ્લોક 16નો અનુવાદ (ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત ગીતામાં તથા બીજા પ્રકાશનની ગીતામાં) ખોટો કર્યો છે.

**ગીતા અધ્યાય-8 શ્લોક 16:-**

*આ બ્રહ્મ ભુવનાત્ લોકા: પુનરાવર્તિન: અર્જુન ।*
*મામ્ ઉપેત્ય તુ કૌન્તેય પુનર્જન્મ ન વિધતે ॥ 16 ॥*

આનો અનુવાદ ખોટો કર્યો છે. સાચો અનુવાદ આ પ્રમાણે છે :-

હે અર્જુન ! બ્રહ્મલોક સુધી બધા લોક પુનરાવર્તીમાં છે. એટલે કે જ્યાં ગયા પછી પુન: સંસારમાં પાછા વળીને આવવું પડે. પરંતુ મને પ્રાપ્ત થઇને પુન:જન્મ નથી થતો. (આ અનુવાદ ખોટો છે) જુઓ આ જ પુસ્તકના પૃષ્ઠાંક 210 થી 359 પર અધ્યાય 8ના શ્લોક 16 નો અનુવાદ જે ગીતા પ્રેસ ગોરખપુર વાળાઓએ કર્યો છે, તેની જ ઝેરોક્ષ કોપી સ્કેન કરીને મૂકી છે.

આનો વાસ્તવિક (સચોટ/સાચો) અનુવાદ આ પ્રમાણે છે :- બ્રહ્મલોક સુધી બધા લોક પુનરાવર્તીમાં છે એટલે કે બ્રહ્મલોકમાં પણ ગયેલ વ્યક્તિઓનો પુનર્જન્મ થાય છે, જે આ નથી જાણતા. હે અર્જુન ! મને પ્રાપ્ત થઇને પણ તેમનો પુનર્જન્મ છે, આ શ્લોકમાં ''વિદ્યતે'' શબ્દનો અર્થ ''જાનના'' એટલે કે ''જાણવું'' બને છે. ગીતા અધ્યાય-6 ના શ્લોક 23માં ''વિદ્યાત'' શબ્દનો અર્થ જાણવું કર્યો છે. અહીંયા આ શ્લોકમાં પણ ''વિદ્યતે'' નો અર્થ ''જાણવું'' બને છે. જુઓ આ જ પુસ્તકમાં આ જ શ્લોકની ઝેરોક્ષ કોપીમાં. વધારે સ્પષ્ટ કરવા માટે ગીતા અધ્યાય-8 શ્લોક 15 જ કાફી છે.

મૂળ પાઠ :- ***મામ ઉપેત્ય પુનર્જન્મ દુ:ખાલયમ્ અશાશ્વતમ્ ।***
***ન આપ્નુવન્તિ મહાત્મન: સંસિદ્ધિમ્ પરમામ્ ગતા: ॥ 8/15 ॥***

**અનુવાદ:-** (મામ) મને પ્રાપ્ત થઇને (પુનર્જન્મ) પુનર્જન્મ થાય છે જે (અશાશ્વતમ્) નાશવાન જીવન (દુ:ખાલયમ્) દુ:ખોનું ઘર છે. (પરમામ) પરમ (સંસિદ્ધિમ્ ગતા) સિદ્ધિને પ્રાપ્ત (મહાત્મય:) મહાત્માજન (ન આપ્નુવન્તિ) પુનર્જન્મને પ્રાપ્ત થતા નથી. (ગીતા અધ્યાય-8 શ્લોક-15)

**ભાવાર્થ:-** ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે મને પ્રાપ્ત થઇને તો દુ:ખોનું ઘર આ ક્ષણભંગુર જીવન જન્મ-મરણ થાય છે. જે મહાત્મા પરમ ગતિને પ્રાપ્ત થઇ જાય છે, તેમનો પુનર્જન્મ થતો નથી.

**વિચાર કરો:-** જો ગીતા અધ્યાય-8 ના શ્લોક 1 થી 10 સુધીનો સારાંશ કાઢીએ જે આ પ્રમાણેછે :- અર્જુને પૂછ્યું (ગીતા અધ્યાય-8 શ્લોક 1) કે તત્ બ્રહ્મ શું છે ? ગીતા જ્ઞાનદાતાએ ગીતા અધ્યાય-8 ના શ્લોક-3માં જવાબ આપ્યો છે કે તે ''પરમ અક્ષર બ્રહ્મ'' છે.

પછી ગીતા જ્ઞાનદાતાએ અધ્યાય-8ના શ્લોક 5 અને 7માં પોતાની ભક્તિ કરવાનું કહ્યું છે તથા ગીતા અધ્યાય-8ના શ્લોક-8, 9, 10 માં ''પરમ અક્ષર બ્રહ્મ''ની ભક્તિ કરવાનું કહ્યું છે. પોતાની ભક્તિનો મંત્ર ગીતા અધ્યાય-8 શ્લોક 13માં બતાવ્યો છે કે મારો બ્રહ્મનો કેવળ (ફક્ત) એક ઓમ્ (ૐ) અક્ષર છે. ઉચ્ચારણ કરીને સ્મરણ કરતો રહીને જે શરીર ત્યાગ કરી જાય છે, તે પરમ ગતિને પ્રાપ્ત થાય છે. આગળ લેખમાં શ્રી દેવી પુરાણથી સિદ્ધ કરવામાં આવ્યું છે કે ૐ નો જાપ કરીને બ્રહ્મલોક પ્રાપ્ત થાય છે. ગીતા અધ્યાય-8 ના શ્લોક 16માં સ્પષ્ટ છે કે

બ્રહ્મલોકમાં ગયેલ સાધકનો પણ પુનર્જન્મ થાય છે. એટલા માટે ગીતા અધ્યાય-8ના શ્લોક 13માં ૐ નામના જાપથી થવાવાળી પરમગતિનું વર્ણન છે. પરંતુ ગીતા અધ્યાય-8 શ્લોક 8, 9, 10 માં જે સચ્ચિદાનંદ ઘન બ્રહ્મ એટલે કે પરમ દિવ્ય પુરૂષની ભક્તિ કરવાનું કહ્યું છે, તેનો મંત્ર ગીતા અધ્યાય-17ના શ્લોક 23માં લખ્યો છે :

*ૐ, તત્, સત્, ઇતિ, નિર્દેશ:, બ્રહ્મણ:, ત્રિવિધ:, સ્મૃત: ।*
*બ્રાહ્મણા: તેન, વેદા:, ચ, યજ્ઞા:, ચ, વિહિતા:, પુરા ॥*

**અનુવાદઃ–** સચ્ચિદાનંદ ઘન બ્રહ્મની ભક્તિનો મંત્ર ''ૐ તત્ સત્'' છે. ''ૐ'' મંત્ર બ્રહ્મ એટલે કે ક્ષર પુરૂષનો છે. ''તત્'' આ સાંકેતિક છે - જે અક્ષર પુરૂષનો છે. ''સત્'' મંત્ર પણ સાંકેતિક મંત્ર જ છે જે પરમ અક્ષર બ્રહ્મનો મંત્ર છે. ત્રણેય મંત્રોના જાપથી તે પરમ ગતિ પ્રાપ્ત થશે જે ગીતા અધ્યાય-15ના શ્લોક 4માં કહી છે કે - જ્યાં ગયા પછી સાધક ફરી પાછા વળીને સંસારમાં ક્યારેય આવતા નથી.

જો ગીતા અધ્યાય-8 ના શ્લોક 16નો અર્થ સાચો માનીએ કે મને પ્રાપ્ત થવાવાળાનો પુર્નજન્મ થતો નથી તો પછી ગીતા અધ્યાય-2નો શ્લોક-12, ગીતા અધ્યાય-4નો શ્લોક-5, ગીતા અધ્યાય-10 નો શ્લોક-2, ખોટા સાબિત થઇ જાય છે. જેમાં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે અર્જુન ! તારા અને મારા ખૂબ જન્મ થઇ ચુક્યા છે, તું નથી જાણતો, હું જાણું છું. મારી ઉત્પત્તિને ન દેવતા જાણે છે, ન મહિર્ષઓ તથા ન સિદ્ધ જાણે છે. વિચારવા યોગ્ય વિષય એ છે કે જ્યારે સાધ્ય ઇષ્ટનું જ જન્મ-મૃત્યુ થાય છે તો સાધકને તે મોક્ષ કેવી રીતે પ્રાપ્ત થઇ શકે છે કે જેનાથી પુર્નજન્મ ન થતો હોય.

એટલા માટે ગીતા અધ્યાય-8 ના શ્લોક 16નો અનુવાદ જે મેં ઉપર કર્યો છે, તે જ સાચો છે કે ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે બ્રહ્મલોક સુધી બધા જ લોક પુનરાવર્તીમાં છે એટલે કે બ્રહ્મલોકમાં ગયેલા પ્રાણી પણ પાછા વળીને સંસારમાં જન્મને પ્રાપ્ત થાય છે. જે આવું નથી જાણતા, તે મારી ભક્તિ કરીને પણ પુર્નજન્મને પ્રાપ્ત થાય છે. એટલા માટે તો ગીતા જ્ઞાનદાતાએ અધ્યાય-18ના શ્લોક 62માં કહ્યું છે કે : હે અર્જુન ! તું સર્વભાવથી તે પરમાત્માની શરણમાં જા. તે પરમેશ્વરની કૃપાથી જ તું પરમ શાંતિ તથા સનાતન પરમ ધામ એટલે કે સત્યલોકને પ્રાપ્ત થઇશ. આ જ પ્રમાણ ગીતા અધ્યાય-15 ના શ્લોક 4માં છે કે તત્ત્વદર્શી સંતથી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરીને તે તત્ત્વજ્ઞાન રૂપી શસ્ત્રથી અજ્ઞાનને કાપીને તેના પછી પરમેશ્વરના તે પરમપદની શોધ કરવી જોઇએ જ્યાં ગયા પછી સાધક ફરી પાછા વળીને સંસારમાં ક્યારેય નથી આવતા.

જે પરમેશ્વરથી સંસારરૂપી વૃક્ષની પ્રવૃત્તિ વિસ્તારને પ્રાપ્ત થઇ છે એટલે કે જે પરમેશ્વરે સંસારની રચના કરી છે. ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે ફક્ત (કેવળ) તેની જ ભક્તિ કર. સર્વનું તેનાથી જ કલ્યાણ સંભવ (શક્ય) છે.

આથી પ્રમાણિત (સાબિત) થયું કે બ્રહ્મની ભક્તિથી પૂર્ણ મોક્ષ સંભવ (શક્ય) નથી જ. કેવળ પૂર્ણ પરમાત્મા (પરમ અક્ષર બ્રહ્મ)ની ભક્તિથી જ પૂર્ણ મોક્ષ સંભવ (શક્ય) છે.

**પ્રશ્ન-13 : ઓમ્ (ૐ) આ મંત્ર તો બ્રહ્મનો જાપ થયો. પછી આમ શા માટે કહો છો કે બ્રહ્મની ભક્તિથી પૂર્ણ મોક્ષ નથી થતો. આપે તો બતાવ્યું (કહ્યું) કે ગીતા અધ્યાય-13ના શ્લોક-23માં ''ૐ તત્ સત્'' આ મંત્રના જાપથી પૂર્ણ મોક્ષ થાય છે. આ મંત્રમાં પણ ઓમ્ (ૐ) મંત્ર તો છે જ ?**

**જવાબ-13:-** જેમ કે ઍન્જિનીયર અથવા ડૉક્ટર બનવા માટે શિક્ષણની આવશ્યકતા હોય છે. પહેલાં પ્રથમ ધોરણમાં ભણવું પડે છે, પછી ધીરે-ધીરે પાંચમી-આઠમી. આ પ્રમાણે દસમું ધોરણ પાસ કરવું પડશે. ત્યારબાદ આગળ ભણતર કરવાનું હોય છે. પછી ટ્રેનિંગ લઇને ઍન્જિનીયર અથવા ડૉક્ટર બની શકાય છે. બસ આ જ પ્રમાણે શ્રી બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ગણેશ તથા દેવીની સાધના કરવી પડે છે. હું સ્વયં કરું છું તથા મારા પોતાના અનુયાયીઓને પણ કરાવું છું. આ તો પાંચમા ધોરણ સુધીનું ભણતર એટલે કે સાધના જાણો, બીજા શબ્દોમાં પાંચેય કમળોને ખોલવાની સાધના છે. અને બ્રહ્મની સાધના દસમી કક્ષા સુધીનું ભણતર જાણો એટલે કે બ્રહ્મલોક સુધીની સાધના છે જે ''ૐ'' (ઓમ્) નો જાપ કરવાનો છે અને અક્ષર પુરૂષની સાધનાને 14મી કક્ષાનું ભણતર એટલે કે સાધના જાણો જે ''તત્'' મંત્રનો જાપ છે. ''તત્'' મંત્ર તો સાંકેતિક છે, વાસ્તવમાં મંત્ર તો આનાથી અલગ જ છે જે ઉપદેશ લેવાવાળી વ્યક્તિને જ બતાવવામાં આવે છે.

પરમ અક્ષર પુરૂષની સાધના ઍન્જિનીયર અથવા ડૉક્ટરનો અભ્યાસ (ભણતર) એટલે કે સાધના જાણો જે ''સત્'' શબ્દથી કરવાની હોય છે. આ ''સત્'' મંત્ર પણ સાંકેતિક છે. વાસ્તવમાં (હકીકતમાં) મંત્ર અલગ છે જે ઉપદેશીને બતાવવામાં આવે છે. આને સારનામ પણ કહે છે.

એટલા માટે ''બ્રહ્મ''ના નામ ઓમ્ (ૐ) થી પૂર્ણ મોક્ષ નથી થઇ શકતો. ''ૐ'' નામનો જાપ બ્રહ્મનો છે. આની સાધનાથી બ્રહ્મલોક પ્રાપ્ત થાય છે, જેના વિષયમાં ગીતા અધ્યાય-8ના શ્લોક 16માં કહ્યું છે કે બ્રહ્મલોકમાં ગયેલ સાધક પણ પુર્નજન્મને પ્રાપ્ત થાય છે. પુર્નજન્મ છે તો પૂર્ણ મોક્ષ થયો ના કહેવાય. જે ગીતા અધ્યાય-15 ના શ્લોક 4માં કહ્યું છે કે પરમાત્માના તે પરમ પદની શોધ કરવી જોઇએ જ્યાં ગયા પછી સાધક ક્યારેય પાછા વળીને પુર્નજન્મમાં નથી આવતા. તે પૂર્ણ મોક્ષ પૂર્ણ ગુરૂ પાસેથી શાસ્ત્ર અનુકૂળ ભક્તિ પ્રાપ્ત કરીને જ સંભવ બને છે. વિશ્વમાં વર્તમાનમાં મારા (સંત રામપાલદાસ) સિવાય બીજા કોઇની પાસે નથી.

**પ્રશ્ન-14 : પરમાત્મા એક છે અથવા અનેક છે ?**

**જવાબ-14 :** કુલનો માલિક એક જ છે.

**પ્રશ્ન-15 : તે પરમાત્મા કોણ છે જે કુલનો માલિક છે. તેનું પ્રમાણ ક્યાં આગળ આપેલું છે ?**

**જવાબ-15 :** શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય-15ના શ્લોક 1 થી 4 માં તથા 16-17 માં છે. ગીતા અધ્યાય-15 શ્લોક 1 થી 4 નો સારાંશ તથા ભાવાર્થ છે કે ''ઊંધા લટકેલા વૃક્ષાની જેમ (સમાન) સંસારને જાણો. જેમ કે વૃક્ષના મૂળીયા તો ઉપર છે, નીચે ત્રણે ગુણો રૂપી શાખાઓ જાણો. ગીતા અધ્યાય-15 ના શ્લોક-1 માં આ પણ સ્પષ્ટ કર્યું છે કે તત્ત્વદર્શી સંતની શું ઓળખ હોય છે ? તત્ત્વદર્શી સંત તે છે જે સંસારરૂપી વૃક્ષના સર્વાંગ (બધા જ ભાગ) અલગ-અલગ બતાવે.

**વિશેષઃ-** વેદ મંત્રોની જે આગળ જતાં ઝેરોક્ષ કોપીઓ મુકી છે, એ આર્યસમાજના આચાર્યો તથા મહર્ષિ દયાનંદ દ્વારા અનુવાદિત છે. સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ મંડળ દિલ્હી દ્વારા પ્રકાશિત છે. જેમાં વર્ણન છે કે પરમેશ્વર સ્વયં પૃથ્વી પર સ:શરીર પ્રગટ થઇને કવિઓની જેમ આચરણ કરતા રહીને સત્ય અધ્યાત્મિક જ્ઞાન સંભળાવે છે. (પ્રમાણ ઋગ્વેદ મંડલ નં.9 સૂક્ત 86 મંત્ર 26-27, ઋગ્વેદ મંડલ-9 સૂક્ત 82 મંત્ર 1-2, ઋગ્વેદ મંડલ-9 સૂક્ત 96 ના મંત્ર 16 થી 20, ઋગ્વેદ મંડલ-9 સૂક્ત 94 ના મંત્ર 1, ઋગ્વેદ મંડલ-9 સૂક્ત 95 ના મંત્ર 2, ઋગ્વેદ મંડલ-9 સૂક્ત 20 મંત્ર 1, ઋગ્વેદ મંડલ-9 સૂક્ત મંત્ર-3માં) આ મંત્રોમાં કહ્યું છે કે પરમાત્મા સર્વ ભુવનો એટલે કે સર્વ લોકોના ઉપરના લોકમાં બિરાજમાન છે. જ્યારે જ્યારે પૃથ્વી પર અજ્ઞાનની વૃદ્ધિ થવાથી અધર્મ વધી જાય છે તો પરમાત્મા સ્વયં સ:શરીર ચાલીને પૃથ્વી ઉપર પ્રગટ થઇને યોગ્ય (સાચા) આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર લોકોક્તિઓ, શબ્દો, ચોપાઇઓ, સાખીઓ, કવિતાઓના માધ્યમથી કવિઓના જેવું આચરણ કરીને ગુમી ફરીને કરે છે. જેના કારણે તે એક પ્રસિદ્ધ કવિની ઉપાધિ પણ પ્રાપ્ત કરે છે. કૃપા કરીને જુઓ ઉપરોક્ત મંત્રોની ઝેરોક્ષ કોપી આ જ પુસ્તકના પૃષ્ઠાંક 110 થી 126 ઉપર.

પરમાત્માએ પોતાના મુખ કમળથી જ્ઞાન બોલીને સંભળાવ્યું હતું. તેને સૂક્ષ્મ વેદ કહે છે. તેને જ ''તત્ત્વ જ્ઞાન'' પણ કહે છે. તત્ત્વ જ્ઞાનનો પ્રચાર કરવાને કારણે પરમાત્મા ''તત્ત્વદર્શી સંત'' તરીકે ઓળખાવા લાગે છે. તે તત્ત્વદર્શી સંત રૂપમાં પ્રગટ પરમાત્માએ સંસારરૂપી વૃક્ષના સર્વાંગ (બધા જ ભાગો/અંગો) આ પ્રમાણે બતાવ્યા :-

*કબીર, અક્ષર પુરૂષ એક વૃક્ષ હૈ, ક્ષર પુરૂષ વાકિ ડાર ।*
*તીનોં દેવા શાખા હૈં, પાત રૂપ સંસાર ॥*

**ભાવાર્થઃ-** વૃક્ષનો જે ભાગ પૃથ્વીથી બહાર દેખાઇ દે છે, તેને થડ કહે છે. જેમ સંસારરૂપી વૃક્ષનું થડ તો અક્ષર પુરૂષ છે. થડમાંથી મોટી ડાળી નીકળે છે તે ક્ષર પુરૂષ જાણો. આ ડાળીને માનો ત્રણ શાખાઓ નીકળતી હોય, તેમને ત્રણેય દેવતા (રજગુણ બ્રહ્માજી, સતગુણ વિષ્ણુજી તથા તમગુણ શિવજી) જાણો તથા એ

શાખાઓ પર નાની નાની ડાળીઓ તથા પાંદડાઓને સંસાર જાણો. આ સંસારરૂપી વૃક્ષના ઉપરોક્ત (દર્શાવેલ) ભાગ જે પૃથ્વીથી બહાર દેખાઇ દે છે. મૂળ (મૂળિયાં) તો જમીનની અંદર છે.જેનાથી વૃક્ષના બધા જ અંગોનું (ભાગોનું) પોષણ થાય છે. ગીતા અધ્યાય-15 શ્લોક 16-17માં ત્રણ પુરૂષ કહ્યા છે. શ્લોક-16 માં બે પુરૂષ કહ્યા છે – ''ક્ષર પુરૂષ તથા અક્ષર પુરૂષ બંનેની સ્થિતિ ઉપર (પહેલાં) બતાવી દીધી છે. ગીતા અધ્યાય-15 શ્લોક 16માં આ પણ કહ્યું છે કે ક્ષર પુરૂષ તથા અક્ષર પુરૂષ બંને નાશવાન છે. એમના અંતર્ગત જેટલા પણ પ્રાણીઓ છે, તે પણ નાશવાન છે. પરંતુ આત્મા કોઇનો પણ મરતો નથી. ગીતા અધ્યાય-15ના શ્લોક-17માં કહ્યું છે કે ઉત્તમ પુરૂષ એટલે કે પુરૂષોત્તમ તો ક્ષર પુરૂષ અને અક્ષર પુરૂષથી અલગ (જુદા) જ છે. જેને પરમાત્મા કહેવામાં આવ્યા છે. આ જ પ્રભુની જાણકારી ગીતા અધ્યાય-8 શ્લોક-3માં છે જેને ''પરમ અક્ષર બ્રહ્મ'' કહ્યા છે. ગીતા અધ્યાય-15ના શ્લોક 17માં આનું જ વર્ણન છે. આ જ પ્રભુ ત્રણેય લોકમાં પ્રવેશ કરીને બધાનું ધારણ-પોષણ કરે છે. આ વાસ્તવમાં (હકીકતમાં) અવિનાશી પરમેશ્વર છે. મૂળથી જ વૃક્ષની પરવરિશ થાય છે, એટલા માટે બધાનું ધારણ-પોષણ કરવાવાળા પરમ અક્ષર બ્રહ્મ છે. જેમ કે શરૂઆતમાં ગીતા અધ્યાય-15 ના શ્લોક-1 થી 4 માં કહ્યું છે કે ઉપર તરફ મૂળવાળું અને નીચે તરફ શાખાવાળું સંસારરૂપી વૃક્ષ છે. મૂળથીજ વૃક્ષનું ધારણ-પોષણ થાય છે. એટલા માટે પરમ અક્ષર બ્રહ્મ જે સંસારરૂપી વૃક્ષનું મૂળ છે, આ જ સર્વ પુરૂષો (પ્રભુઓ)નો પાલનહાર - એમનો વિસ્તાર (રચના કરવાવાળા = સર્જનહાર) છે. આજ કુલના માલિક છે.

**પ્રશ્ન-16 : શું રજગુણ બ્રહ્મા, સતગુણ વિષ્ણુ તથા તમગુણ શંકર (શિવ)ની પૂજા (ભક્તિ) કરવી જોઇએ ?**

**જવાબ-16 :** નહિ / ના.

**પ્રશ્ન-17 : રજગુણ બ્રહ્મા, સતગુણ વિષ્ણુ તથા તમગુણ શંકર (શિવ)ની પૂજા (ભક્તિ) ન કરવી જોઇએ તેવું પ્રમાણ ક્યાં આગળ છે ?**

**જવાબ-17 :** શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય-7ના શ્લોક 12 થી 15, 20 થી 23 તથા ગીતા અધ્યાય-9 ના શ્લોક 23-24. ગીતા અધ્યાય-7 ના શ્લોક 12 થી 15 માં પ્રમાણ છે કે જે વ્યક્તિ રજગુણ બ્રહ્મા, સતગુણ વિષ્ણુ તથા તમગુણ શિવની ભક્તિ કરે છે, તે રાક્ષસ સ્વભાવને ધારણ કરેલા મનુષ્યોમાં નીચ, દૂષિત (ખરાબ) કર્મ કરવાવાળા મૂર્ખ મને પણ નથી ભજતા (આ પ્રમાણ ગીતા અધ્યાય-7 ના શ્લોક 12 થી 15માં છે. પછી ગીતા અધ્યાય-7ના શ્લોક 20 થી 23 તથા ગીતા અધ્યાય-9ના શ્લોક 23-24માં આમ જ કહ્યું છે અને ક્ષર પુરૂષ, અક્ષર પુરૂષ તથા પરમ અક્ષર પુરૂષ ગીતા અધ્યાય-15ના શ્લોક 16-17માં જેમનું વર્ણન છે) ને છોડીને શ્રી બ્રહ્મા, શ્રી વિષ્ણુ તથા શ્રી શિવજી અન્ય (બીજા) દેવતાઓમાં ગણવામાં આવે છે. આ બન્ને અધ્યાયો (ગીતા અધ્યાય-7 તથા અધ્યાય-9) માં ઉપર લખેલ

શ્લોકોમાં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે જે સાધક જે પણ ઉદ્દેશ્યને લઇને બીજા દેવતાઓને ભજે છે તે ભગવાન સમજીને ભજે છે તે દેવતાઓને મેં જ કેટલીક શક્તિ પ્રદાન કરી રાખેલી છે. દેવતાઓને ભજવાવાળાઓને મારા દ્વારા કરેલા વિધાનથી (કાયદા પ્રમાણે) કેટલોક લાભ મળે છે. પરંતુ તે અલ્પ બુદ્ધિવાળાઓનું તે ફળ નાશવાન હોય છે. દેવતાઓને પૂજવાવાળા દેવતાઓના લોકમાં જાય છે. મારા પૂજારી મને પ્રાપ્ત થાય છે.

ગીતા અધ્યાય-16ના શ્લોક 23-24માં કહ્યું છે કે શાસ્ત્રવિધિને ત્યાગીને જે સાધક મનમાન્યું આચરણ કરે છે એટલે કે જે દેવતાઓ પિતૃઓ, યક્ષો, ભૈરવ-ભૂતોની ભક્તિ કરે છે અને મનકલ્પિત મંત્રોના જાપ કરે છે, તેમને ન તો કોઇ સુખ થાય છે, ન કોઇ સિદ્ધિ પ્રાપ્ત થાય છે તથા ન તો તેમની ગતિ એટલે કે મોક્ષ થાય છે. આથી તારા માટે હે અર્જુન ! કર્તવ્ય (જે ભક્તિ કરવી જોઇએ) અને અકર્તવ્ય (જે ભક્તિ ન કરવી જોઇએ)ની વ્યવસ્થામાં શાસ્ત્ર જ પ્રમાણ છે. ગીતા અધ્યાય-17 શ્લોક 1 માં અર્જુને પૂછ્યું કે કૃષ્ણ ! [કારણ કે અર્જુન માની રહ્યો હતો કે શ્રીકૃષ્ણજ જ્ઞાન સંભળાવી રહ્યા છે, પરંતુ શ્રીકૃષ્ણના શરીરમાં પ્રેત (ભૂત)ની માફક પ્રવેશ કરીને કાળ (બ્રહ્મ) જ્ઞાન બોલી રહ્યા હતા. જે પહેલાં (આગળ) પ્રમાણિત કરી દીધું છે] જે વ્યક્તિ શાસ્ત્રવિધિનો ત્યાગ કરી બીજા દેવતાઓ વગેરેની પૂજા કરે છે, તે સ્વભાવે કેવા હોય છે ? ગીતા જ્ઞાનદાતા એ જવાબ આપ્યો કે સાત્ત્વિક વ્યક્તિ દેવતાઓનું પૂજન કરે છે. રાજસી વ્યક્તિ યક્ષો તથા રાક્ષસોની પૂજા તથા તામસી વ્યક્તિ પ્રેત (ભૂત) વગેરેની પૂજા કરે છે. આ બધા શાસ્ત્રવિધિ રહિત કર્મો છે. પછી ગીતા અધ્યાય-17ના શ્લોક 5-6માં કહ્યું છે કે જે મનુષ્ય શાસ્ત્રવિધિથી રહિત કેવળ મનકલ્પિત ઘોર તપને તપે છે, તે દંભી (ઢોંગી) છે અને શરીરના કમળોમાં બિરાજમાન શક્તિઓને તથા મને પણ પીડા કરવાવાળા રાક્ષસ સ્વભાવના અજ્ઞાની જાણ.

સૂક્ષ્મવેદમાં પણ પરમેશ્વરજીએ કહ્યું છે કે :-

***''કબીર, માઇ મસાની સેઢ શીતલા ભૈરવ ભૂત હનુમંત ।***
***પરમાત્મા સે ન્યારા રહૈ, જે ઇનકો પૂજંત ।।***
***રામ ભજૈ તો રામ મિલૈ, દેવ ભજૈ સો દેવ ।***
***ભૂત ભજૈ સો ભૂત ભવૈ, સુનો સકલ સુર ભેવ ।।***

સ્પષ્ટ થયું કે શ્રી બ્રહ્માજી (રજગુણ), શ્રી વિષ્ણુજી (સતગુણ) તથા શ્રી શિવજી (તમગુણ)ની પૂજા (ભક્તિ) ન કરવી જોઇએ તથા આની સાથે-સાથે ભૂતો, પિતૃઓની પૂજા (શ્રાદ્ધ કર્મ, બારમી, તેરમી, પિંડ ભરવાની ક્રિયા, બધી ભૂત પૂજા કહેવાય છે) ભૈરવ તથા હનુમાનજીની પૂજા પણ ન કરવી જોઇએ.

**પ્રશ્ન-18 : શું ક્ષર પુરૂષ (બ્રહ્મ)ની પૂજા (ભક્તિ) કરવી જોઇએ કે ના કરવી જોઇએ ?**

**જવાબ-18 :** જો પૂર્ણ મોક્ષની ઇચ્છા હોય તો જે ગીતા અધ્યાય-15 ના શ્લોક 4માં કહ્યું છે કે ''તત્ત્વ જ્ઞાન પ્રાપ્ત થયા પછી પરમેશ્વરના તે પરમ પદની શોધ

કરવી જોઇએ જ્યાં ગયા પછી સાધક પાછા વળીને ફરી ક્યારેય સંસારમાં જન્મ નથી લેતા.'' તો ક્ષર પુરૂષ (બ્રહ્મ) ''જે સંસારરૂપી વૃક્ષની ડાળી છે'' ની પૂજા (ભક્તિ) ન કરવી જોઇએ.

**પ્રશ્ન-19 : પહેલાં જેટલા ઋષિ-મહર્ષિ થયા છે, તે બધા બ્રહ્મની પૂજા કરતા હતા અને કરાવતા હતા. ''ઓમ્'' (ॐ) નામને સૌથી મોટો તથા ઉત્તમ મંત્ર જાપ કરવાનું બતાવતા હતા. શું તેઓ અજ્ઞાની હતા ? જો બ્રહ્મની ભક્તિ ઉત્તમ નથી તો ગીતામાં કોઇ પ્રમાણ બતાવો.**

**જવાબ-19 :** પૂર્વમાં બતાવવામાં આવ્યું છે કે યોગ્ય (સાચું/ખરું) આધ્યાત્મિક જ્ઞાન સ્વયં પરમેશ્વર (પરમ અક્ષર બ્રહ્મ) ધરતી પર સ:શરીર પ્રગટ થઇને યોગ્ય રીતે કહે (બોલે) છે. જુઓ પ્રમાણ વેદ મંત્રોમાં આ જ પુસ્તકના પૃષ્ઠાંક 110 પર. પરમેશ્વર દ્વારા બતાવેલ (કહેલા) જ્ઞાનને સૂક્ષ્મવેદ (તત્ત્વજ્ઞાન) કહેવામાં આવ્યું છે. તત્ત્વજ્ઞાનમાં પરમાત્માએ કહ્યું છે કે:-

*ગુરૂ બિન કાહૂ ન પાયા જ્ઞાના, જ્યોં થોથા ભુસ છડે મૂઢ કિસાના ।*
*ગુરૂ બિન વેદ પઢૈ જો પ્રાણી, સમજે ના સાર રહે અજ્ઞાની ।।*

જે ઋષિઓ તથા મહર્ષિઓને સતગુરૂ મળ્યા નહિ. તેમની આ દશા હતી કે વેદોને તો તેઓ વાંચતા હતા પરંતુ વેદોનો સાર સમજી શક્યા નહીં. ઉદાહરણ માટે લઇએ શ્રીદેવી મહાપુરાણ (સચિત્ર મોટાટાઇપ, ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિતના પૃષ્ઠાંક 414 પર (ચોથા સ્કંદમાં) લખ્યુ છે કે સતયુગના બ્રાહ્મણ (મહર્ષિ) વેદના પૂર્ણ વિદ્વાન કહેવાતા હતા અને શ્રીદેવી (દુર્ગા)ની પૂજા કરતા હતા.

**વિચાર કરો:-** શ્રીમદ્ ભગવત ગીતા ચારેય વેદોનો સારાંશ છે. આપજી ગીતાજીને તો જાણો જ છો, વાંચતા પણ હશો. શું ગીતામાં ક્યાંય લખ્યું છે કે દુર્ગા (શ્રીદેવી)ની પૂજા કરો ? નથી લખ્યું, તો શું સમજ્યા વેદોને તે મહર્ષિઓ ? શું ખાક વિદ્વાન હતા સતયુગના મહર્ષિ ? તેજ મહર્ષિઓનું મનમાન્યું વિધાન છે કે ॐ (ઓમ્) નામ સૌથી મોટું એટલે કે ઉત્તમ છે જે કહેતા હતા કે બ્રહ્મ પૂજા (ભક્તિ) સર્વશ્રેષ્ઠ છે. પ્રિય વાંચકો ! જે બ્રહ્મની પૂજા ઇષ્ટદેવ માનીને કરતા હતા, તે અજ્ઞાની હતા. તેમની બ્રહ્મ સાધના અનુત્તમ ગતિ આપવાવાળી છે.

**ગીતામાં પ્રમાણ:-** શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય-7 શ્લોક 12 થી 15માં તો કહ્યું છે કે જે ત્રણે ગુણો (રજગુણ બ્રહ્મા, સતગુણ વિષ્ણુ તથા તમગુણ શંકર)ની પૂજા કરવાવાળા રાક્ષસ સ્વભાવને ધારણ કરેલા મનુષ્યોમાં નીચ દૂષિત (ખરાબ) કર્મ કરવાવાળા મૂર્ખ મને પણ નથી ભજતા. આ ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે. પછી ગીતા અધ્યાય-7ના જ શ્લોક 16 થી 18 સુધીમાં ગીતા જ્ઞાનદાતા (બ્રહ્મ)એ કહ્યું છે કે મારી ભક્તિ ચાર પ્રકારથી કરે છે. અર્થાર્થી, આર્થ, જિજ્ઞાસુ તથા જ્ઞાની. પછી કહ્યું છે કે જ્ઞાની મને સારા લાગે છે, જ્ઞાનીને હું સારો લાગું છું. (ગીતા અધ્યાય-7 શ્લોક 18) આ શ્લોકમાં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે એ જ્ઞાની

આત્મા છે તો ઉદાર (સારી) પરંતુ એ બધા મારી અનુત્તમ ગતિ એટલે કે ખરાબ ગતિમાં આશ્રિત છે. આ શ્લોક (ગીતા અધ્યાય-7 શ્લોક-18)માં ગીતા જ્ઞાનદાતા બ્રહ્મ સ્વયં (જાતે) સ્વીકાર કરી રહ્યા છે કે મારી ભક્તિથી થવાવાળી ગતિ અનુત્તમ (અશ્રેષ્ઠ = ઘટિયા = ખરાબ) છે.

ગીતા અધ્યાય-7 શ્લોક 19માં કહ્યું છે કે:-

***બહુનામ્ જન્માનામ્, અન્તે, જ્ઞાનવાન્, મામ્, પ્રપદ્યતે,***
***વાસુદેવ:, સર્વમ્, ઇતિ, સ:, મહાત્મા, સુદુર્લભ: II***

**અનુવાદ:-** ગીતા જ્ઞાનદાતા બ્રહ્મે કહ્યું છે કે મારી ભક્તિ ખૂબ-ખૂબ જન્મોના અંતમાં કોઇ જ્ઞાની આત્મા કરે છે. બાકી તો અન્ય દેવી દેવતાઓ તથા ભૂત, પિતૃઓની ભક્તિમાં જીવન નાશ કરતા રહે છે. ગીતા જ્ઞાનદાતાએ પોતાની ભક્તિથી થવાવાળા લાભ એટલે કે ગતિને પણ ગીતા અધ્યાય-7ના શ્લોક 18માં અનુત્તમ (ઘટિયા, ખરાબ) કહી દીધી છે. એટલા માટે ગીતા અધ્યાય-7 શ્લોક 19માં કહી રહ્યા છે કે:-

આ બતાડવાવાળા મહાત્મા તો મુશ્કેલથી મળે છે કે 'વાસુદેવ' જ સર્વસ્વ છે. આ જ બધાના સર્જનહાર છે. આ જ પાપનાશક, પૂર્ણ મોક્ષદાયક, આ જ પૂજાના યોગ્ય છે. આ જ (વાસુદેવ જ) કુલના માલિક પરમ અક્ષર બ્રહ્મ છે. કેવળ એમની જ ભક્તિ કરો, બીજાની નહિ.

ગીતા જ્ઞાનદાતાએ પણ સ્વયં કહ્યું છે કે ''હે અર્જુન ! તું સર્વભાવથી તે પરમેશ્વરની શરણમાં જા. તે પરમેશ્વરની કૃપાથી જ તું પરમ શાંતિ ને તથા સનાતન પરમધામ (સત્ય લોક)ને પ્રાપ્ત થઇશ.'' (આ ગીતા અધ્યાય-18 ના શ્લોક 62માં પ્રમાણ છે) પછી ગીતા અધ્યાય-18ના શ્લોક 46 માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે ''જે પરમેશ્વરથી સંપૂર્ણ પ્રાણીઓની ઉત્પત્તિ થઇ છે, જેનાથી આ સમસ્ત જગત વ્યાપ્ત છે, તે પરમેશ્વરની પોતાના સ્વાભાવિક કર્મ કરતા કરતા પૂજા કરીને મનુષ્ય પરમ સિદ્ધિને પ્રાપ્ત થઇ જાય છે. પછી ગીતા અધ્યાય-15 ના શ્લોક 4માં કહ્યું છે કે તત્ત્વજ્ઞાનને સમજીને તેના પછી પરમેશ્વરના તે પરમ પદની શોધ કરવી જોઇએ, જ્યાં ગયા પછી સાધક પાછા વળીને ક્યારેય આ સંસારમાં નથી આવતા. જે પરમેશ્વરથી સંસાર રૂપી વૃક્ષની પ્રવૃત્તિ વિસ્તારને પ્રાપ્ત થઇ છે એટલે કે જે પરમેશ્વરે સર્વની રચના કરી છે, તેની જ પૂજા કરો. આનાથી સિદ્ધ થયું કે તે ઋષિઓને વેદોના ગૂઢ રહસ્યોની સમજણ પડી નહિ, તે બધા અજ્ઞાની જ રહ્યા.

**પ્રશ્ન-20 : ગીતા જ્ઞાનદાતાએ પોતાની ગતિને 'અનુત્તમ' કેમ કહી?**

**જવાબ-20 :** ગીતા જ્ઞાનદાતાએ અધ્યાય-2 શ્લોક 12 ગીતા અધ્યાય-4 શ્લોક 5, ગીતા અધ્યાય-10 શ્લોક-2માં કહ્યું છે કે હે અર્જુન ! તારા અને મારા ખૂબ જન્મ થઇ ચુક્યા છે. તું નથી જાણતો, હું જાણું છું. મારી ઉત્પત્તિને ઋષિ-મહર્ષિ તથા દેવતાઓ નથી જાણતા. તું અને હું તથા આ રાજા તેમજ સૈનિક અનેકવાર પહેલાં પણ જન્મ્યા છે. આગળ પણ જન્મશે. વાંચક ગણ વિચાર કરો ! જ્યારે બ્રહ્મ કહી રહ્યા છે કે મારા પણ જન્મ-મરણ થાય છે તો બ્રહ્મના પૂજારીને

ગીતા અધ્યાય-15 ના શ્લોક-4વાળી ગતિ (મોક્ષ) પ્રાપ્ત નહિ થઇ શકે. જેમાં જન્મ-મરણ સદાને માટે સમાપ્ત થઇ જાય છે. જ્યાં સુધી જન્મ-મરણ છે, ત્યાં સુધી પરમ શાંતિ નથી થઇ શકતી. તેના માટે ગીતા જ્ઞાનદાતાએ અસમર્થતા વ્યક્ત કરી છે. ગીતા અધ્યાય-18 શ્લોક 62માં કહ્યું છે કે પરમ શાંતિને માટે તે પરમેશ્વર (પરમ અક્ષર બ્રહ્મ) ની શરણમાં જા. તેની જ કૃપાથી તું પરમ શાંતિને તથા સનાતન પરમ ધામને પ્રાપ્ત થઇશ. ગીતા અધ્યાય-8ના શ્લોક 5 તથા 7માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે મારી ભક્તિ કરીશ તો યુદ્ધ પણ કરવું પડશે, જ્યાં યુદ્ધ છે ત્યાં શાંતિ નથી હોતી. પરમ શાંતિનું ઘર દૂર છે. એટલા માટે ગીતા જ્ઞાનદાતાએ પોતાની ગતિને (ૐ નામના જાપથી થવાવાળા લાભ) અનુત્તમ (ઘટિયા/ખરાબ) કહી છે.

**પ્રશ્ન-21 : આપે પ્રશ્ન નં. 13ના જવાબમાં કહ્યું છે કે પૂર્ણ મોક્ષની પ્રાપ્તિને માટે બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ગણેશ તથા દેવી અને ક્ષર બ્રહ્મ તથા અક્ષર બ્રહ્મની સાધના કરવી પડે છે. બીજી તરફ તમે કહી રહ્યા છો કે બ્રહ્મા, વિષ્ણુ, શિવ બીજા દેવતા છે. ક્ષર બ્રહ્મની પૂજા (ભક્તિ) યોગ્ય નથી. કેવળ (ફક્ત) પરમ અક્ષર બ્રહ્મની જ પૂજા (ભક્તિ) કરવી જોઇએ ?**

**જવાબ-21 :** હું નથી કહી રહ્યો. આપણા સદ્ગ્રંથ જ કહી રહ્યાં છે. પહેલાં તો આ સ્પષ્ટ કરી લઇએ કે પૂજા તથા સાધનામાં શું અંતર છે ?

✻ પ્રાપ્ય વસ્તુની ઇચ્છા પૂજા કહેવામાં આવે છે તથા તેને પ્રાપ્ત કરવા માટેના પ્રયત્નને સાધના કહે છે.

**ઉદાહરણઃ-** જેમ કે અમારે જળ પ્રાપ્ત કરવું છે. આ અમારું પ્રાપ્ય છે. અમને જળની ઇચ્છા છે. જળની પ્રાપ્તિ માટે હેન્ડ પંપ લગાવવો પડશે. હેન્ડપંપ લગાવવાને માટે જે-જે ઉપકરણ (સાધનો) જોઇએ તે લગાવવા પડશે. બોકી (બોગી) મારવી પડશે. આ પ્રયત્ન છે. આ પ્રમાણે પરમેશ્વરનું તે પરમપદ પ્રાપ્ત કરવું અમારી ઇચ્છા છે, જ્યાં ગયા પછી સાધક ફરી પાછો સંસારમાં નથી આવતો. અમારા પ્રાપ્ય પરમેશ્વર તથા તેમનું સનાતન પરમ ધામ છે. તેને પ્રાપ્ત કરવાને માટે કરવામાં આવેલ નામ જાપ, હવન-યજ્ઞ વગેરે વગેરે સાધના છે. તે સાધનાથી પૂજ્ય વસ્તુ પરમાત્મા પ્રાપ્ત થશે. જેમ કે પ્રશ્ન-13 ના જવાબમાં સ્પષ્ટતા કરી છે, તે જ ઉદાહરણ બરાબર (બંધબેસતું) છે. તે પૂર્ણ મોક્ષને માટે ત્રણ વારમાં દીક્ષાનો ક્રમ પૂરો કરવાનો હોય છે.

1. પ્રથમ (પહેલીવાર) નામદીક્ષા = બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ગણેશ, દેવીના મંત્રોની સાધના આપવામાં આવે છે.

2. બીજી વારમાં ક્ષર બ્રહ્મ તથા અક્ષર બ્રહ્મના બે અક્ષરનો મંત્ર જાપ આપવામાં આવે છે. જેને સંતોએ ''સત નામ'' કહ્યું છે. ગીતા અધ્યાય-17 ના શ્લોક 23માં ત્રણ નામ છે : ''ઓમ્-તત્-સત્'' આ સતનામમાં બે અક્ષર હોય છે, એક ''ઓમ્'' (ૐ) બીજો ''તત્'' છે (આ સાંકેતિક એટલે કે ગુપ્ત નામ છે જે ઉપદેશના સમયે ઉપદેશીને જ બતાવવામાં આવે છે.

3. ત્રીજી વારમાં 'સારનામ'ની દીક્ષા આપવામાં આવે છે, જે મંત્રને ગીતા અધ્યાય-17 ના શ્લોક-23માં ''સત્'' કહ્યો છે. આ પણ સાંકેતિક છે. ઉપદેશ લેવાવાળાને જ દીક્ષા સમયે બતાડવામાં આવે છે. આ પ્રમાણે પૂર્ણ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-22 : જે સાધના અમે પહેલાં કરી રહ્યા છીએ, શું તે છોડવી પડશે ?**

**જવાબ-22 :** જો શાસ્ત્રવિધિ રહિત છે તો છોડવી જ પડશે. જો અન અધિકારીથી દીક્ષા લઇ રાખી છે, તેનો કોઇ લાભ થવાનો નથી, પૂર્ણ ગુરૂથી સાધનાની દીક્ષા લેવી પડે છે.

**પ્રશ્ન-23 : ગીતા અધ્યાય-18ના શ્લોક 47માં તથા ગીતા અધ્યાય-3 શ્લોક 35માં કહ્યું છે :-**

*શ્રેયાન સ્વધર્મ: વિગુણ: પરધર્માત્ સ્વનુષ્ઠિતાત્ ।*

*સ્વધર્મે નિધનમ્ શ્રેય: પરધર્મ: ભયાવહ: ॥ (ગીતા અ.3 શ્લોક-35)*

સારી રીતે આચરણમાં લાવેલ બીજાના ધર્મથી ગુણરહિત પણ પોતાનો ધર્મ વધારે ઉત્તમ છે. પોતાના ધર્મમાં તો મરવું પણ કલ્યાણકારક છે અને બીજાનો ધર્મ ભયને પેદા કરવાવાળો એટલે કે ભયને આપવાવાળો છે.

**જવાબ:-** આ અનુવાદ ખોટો છે. જો આ વાત સાચી હોય કે પોતાનો ધર્મ ચાહે ગુણરહિત હોય તો પણ તેને નહિ ત્યાગવો જોઇએ તો પછી શ્રીમદ્ ભગવત ગીતાનું જ્ઞાન 18 અધ્યાયો અને 700 શ્લોકોમાં લખવાની શું જરૂરિયાત હતી ? આ એક જ શ્લોક પર્યાપ્ત હતો કે પોતાની સાધના ગમે તેવી પણ હોય તેને કરતા રહો, ચાહે તે ગુણરહિત (લાભ રહિત) પણ કેમ ન હોય. પછી ગીતા અધ્યાય-7ના શ્લોક 12 થી 15માં એવું કેમ કહ્યું કે રજગુણ બ્રહ્મા, સતગુણ વિષ્ણુ તથા તમગુણ શિવની પૂજા કરવાવાળા રાક્ષસ સ્વભાવને ધારણ કરેલા મનુષ્યોમાં નીચ, દૂષિત કર્મ કરવાવાળા મૂર્ખ લોકો મને નથી ભજતા. ગીતા જ્ઞાનદાતાએ તે સાધકોને તેમનો ધર્મ એટલે કે ધાર્મિક સાધનાને ત્યાગવાની કહી છે તથા ગીતા અધ્યાય-7ના જ શ્લોક 20 થી 23 માં કહ્યું છે કે જે મારી પૂજા ન કરીને બીજા (અન્ય) દેવતાઓની પૂજા કરે છે, તે અજ્ઞાની છે. તેમની સાધનાથી જલ્દી જ સમાપ્ત થવાવાળું સુખ (સ્વર્ગ સમય) પ્રાપ્ત થાય છે. પછી ગીતા જ્ઞાનદાતાએ પોતાની ધાર્મિક પૂજા એટલે કે ધર્મ પણ ત્યાગવાનો કહ્યો છે. પૂર્ણ લાભને માટે પરમ અક્ષર બ્રહ્મનો ધર્મ એટલે કે ધાર્મિક સાધના ગ્રહણ કરવાને માટે કહ્યું છે.

*ગીતા અધ્યાય-3ના શ્લોક 35નો અનુવાદ આ પ્રમાણે છે:-*

**✻ અનુવાદ:-** (વિગુણ: પરધર્માત્સ્વનુષ્ઠિતાત્) બીજાઓના ગુણરહિત એટલે કે લાભ રહિત સારી રીતે ચમકદમકવાળા ધર્મ એટલે કે ધાર્મિક કર્મથી (સ્વધર્મ:) પોતાના શાસ્ત્રવિધિ અનુસાર ધાર્મિક કર્મ (શ્રેયાન્) વધારે ઉત્તમ છે. (સ્વધર્મે) પોતાના શાસ્ત્રવિધિ અનુસાર ધર્મ-કર્મના સંઘર્ષમાં (નિધનમ્) મરવું પણ

(શ્રેય:) કલ્યાણકારક છે. (પરધર્મ) બીજાઓના ધાર્મિક કર્મ (ભયાવહ:) ભયને આપવાવાળા છે. ભાવાર્થ એ છે કે જેમ કે જાગરણ (દેવીનો ભજન પ્રોગ્રામ) વગેરે પ્રોગ્રામો થતા હોય છે તો તેમાં મોટા મોટા સુરીલા અવાજોમાં ગીત ગાવામાં આવે છે. તડક-ભડક પણ હોય છે. પોતાના શાસ્ત્રવિધિ અનુસાર ધર્મ-કર્મમાં કેવળ નામ-જાપ અથવા સામાન્ય રીતથી આરતી કરવામાં આવે છે. કોઇપણ વેદ અથવા ગીતામાં શ્રી દેવીજીની પૂજા તથા જાગરણ (ભજન-ગીતવાળો પ્રોગ્રામ) કરવાની આજ્ઞા નથી. જેના કારણે શાસ્ત્રવિધિ ત્યાગીને મનમાન્યું આચરણ થયું, એટલા માટે વ્યર્થ છે. બીજાઓનું શાસ્ત્રવિધિ રહિત ધાર્મિક કર્મ જોવામાં સારું લાગે છે. તેમાં લોક દેખાડો વધારે (ખૂબ) હોય છે. તો સત્ય સાધના કરવાવાળાને બીજાઓના ધાર્મિક કર્મોને જોઇને ડર બની જાય છે કે ક્યાંક અમારી ભક્તિ બરાબર નહિ હોય ! પરંતુ તત્ત્વજ્ઞાનને સમજી ગયા પછી આ ભય (ડર) સમાપ્ત થઇ જાય છે. તત્ત્વજ્ઞાનમાં કહ્યું છે કે :-

*દુર્ગા ધ્યાન પડે જિસ બગડમ, તા સંગતિ ડૂબૈ સબ નગરમ્ ।*
*દંભ કરૈં ડૂંગર ચઢૈ, અંતર ઝીની ઝૂલ ।*
*જગ જાને બંદગી કરૈં, બોવૈં સૂલ બબૂલ ॥*

એટલા માટે નિર્ગુણ એટલે કે લાભરહિત ધાર્મિક સાધનાને ત્યાગીને સત્ય સાધના શાસ્ત્રવિધિ અનુસાર કરવાથી જ કલ્યાણ થશે.

**પ્રશ્ન-24 : મેં પોતે પારખી સંત શ્રી અભિલાષ દાસનાં વિચાર સાંભળ્યા હતા. તેઓ કહી રહ્યા હતા કે સંસારનો કોઇ રચવાવાળો ભગવાન વગેરે નથી જ. આ નર-માદાના સંયોગથી બને છે. પછી સમાપ્ત થઇ જાયછે. કોઇ ભગવાન જ નથી. જીવ જ બ્રહ્મ છે. જીવ જ કર્તા છે. શું અભિલાષ દાસના આ વિચાર યોગ્ય છે કે અયોગ્ય ?**

**જવાબ-24 :** આ પ્રશ્નનો જવાબ શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય-16 ના શ્લોક-6 થી 10માં વિસ્તારથી આપવામાં આવ્યો છે. કહ્યું છે કે જે આસુરી (રાક્ષસી) પ્રકૃતિના લોકો હોય છે, તે કહ્યા કરે છે કે સંસાર ઇશ્વર વગરનો છે, સ્ત્રી-પુરૂષથી ઉત્પન્ન છે એટલે કે નર-માદાથી ઉત્પન્ન થાય છે. આનો કોઇ રચનાર (કર્તા) જ નથી. આવા વ્યક્તિ સંસારનો નાશ કરવા એટલે કે ખરાબ કરવાને માટે જ જન્મ લે છે. વાસ્તવિકતા એ છે કે પરમાત્મા સર્વ સંસારનો સર્જનહાર છે. જીવ બ્રહ્મ નથી. બ્રહ્મનો અર્થ પ્રભુ (સ્વામી) થાય છે. જેમ કે (1) બ્રહ્મ (જેને ક્ષર પુરૂષ પણ કહેવામાં આવ્યા છે) જે 21 બ્રહ્માંડનો સવામી છે. (2) અક્ષર બ્રહ્મ (જેને અક્ષર પુરૂષ પણ કહેવામાં આવ્યા છે. ગીતા અધ્યાય-15 શ્લોક-16) આ 7 (સાત) સંખ બ્રહ્માંડના સ્વામી છે. (3) પૂર્ણ બ્રહ્મ (જેને ગીતા અધ્યાય-8ના શ્લોક-3માં પરમ અક્ષર બ્રહ્મ કહ્યા છે) અસંખ્ય બ્રહ્માંડોના સ્વામી છે. આ કુલના માલિક છે. આ પ્રમાણે કહેવું કે કોઇ ભગવાન જ નથી, સંસાર કેવળ સ્ત્રી-પુરૂષ અથવા નર-માદાથી ઉત્પન્ન થાય છે, સમાપ્ત થઇ જાય છે. જીવ જ કર્તા છે એટલે કે જીવ જ બ્રહ્મ છે, આ કથન સર્વ રીતે અયોગ્ય છે.

**પ્રશ્ન-25 : શ્રીમદ્ ભગવત ગીતામાં જ્ઞાનદાતાએ અધ્યાય-8ના શ્લોક 5 થી 7 માં કહ્યું છે કે જે પુરૂષ અંતકાળમાં પણ મારું સ્મરણ કરતો કરતો શરીર ત્યાગીને જાય છે, તે મને જ પ્રાપ્ત થાય છે. એટલા માટે અર્જુન ! પૂરો સમય મારું સ્મરણ કર, યુદ્ધ પણ કર, મને જ પ્રાપ્ત થઇશ. એટલા માટે ગીતા અધ્યાય-18 શ્લોક-62માં કહ્યું છે કે તે પરમાત્માની શરણમાં જા. ગીતા જ્ઞાનદાતાએ ગોળમોળ-ફેરવીને કહ્યું છે કે મારી જ સાધના કર, આપ બીજા પરમાત્મા બતાવી રહ્યા છો, તે વિશ્વસનીય નથી. શું ગીતામાં ક્યાંય બીજે પણ લખ્યું છે કે ગીતા જ્ઞાનદાતાથી અલગ (બીજા) પરમાત્માની ભક્તિ સાધના કરવાને માટે ?**

**જવાબ-25:-** ગીતા અધ્યાય-7 શ્લોક 29માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે જે સાધક કેવળ જરા (વૃદ્ધાવસ્થા) તથા મરણ (મૃત્યુ)થી છૂટવાને માટે પ્રયત્નશીલ છે, તે ''તત્ બ્રહ્મ''થી પરિચિત છે. અર્જુને ગીતા અધ્યાય-8ના શ્લોક-1માં પૂછ્યું કે ''તત્ બ્રહ્મ'' શું છે ? ગીતા જ્ઞાનદાતાએ અધ્યાય-8ના શ્લોક-3માં ઉત્તર આપ્યો છે કે તે ''પરમ અક્ષર બ્રહ્મ'' છે. ગીતા અધ્યાય-8 ના શ્લોક 5 થી 7માં તો ગીતા જ્ઞાનદાતાએ પોતાની સાધના એટલે સ્મરણ કરવાનું કહ્યું છે. (ગીતા જ્ઞાનદાતાએ ગીતા અધ્યાય-2ના શ્લોક 12 તથા અધ્યાય-4 ના શ્લોક-5 તથા અધ્યાય-10ના શ્લોક-2માં પોતાના જન્મ-મરણ પણ કહ્યા છે. કહ્યું છે કે મારી ભક્તિથી પરમ શાંતિ નથી થઇ શકતી. યુદ્ધ પણ કરવું પડશે. ગીતા જ્ઞાનદાતાનું આ પણ કહેવું છે કે જન્મ-મરણમાં કાયમ રહીશ.) તરત જ ગીતા અધ્યાય-8ના શ્લોક-8, 9 તથા 10 એ ત્રણેય શ્લોકોમાં ગીતા જ્ઞાનદાતાએ પોતાનાથી અલગ (બીજા) ''પરમ અક્ષર બ્રહ્મ''ની ભક્તિ કરવાની કહી છે કે હે પાર્થ ! પરમેશ્વરની સાધનાના અભ્યાસયોગથી યુક્ત અન્ય (બીજા) કોઇ દેવ અથવા પ્રભુમાં પોતાની શ્રદ્ધા ન રાખીને એક પરમેશ્વરનું અનન્ય ચિત્તથી સ્મરણ કરતો રહીને મનુષ્ય (પરમમ્ દિવ્યમ્ પુરૂષમ્ યાતિ) તે પરમ અલૌકિક પરમેશ્વર એટલે કે પરમ અક્ષર બ્રહ્મને જ પ્રાપ્ત થાય છે. (ગીતા અધ્યાય-8 ના શ્લોક-8)

જે સાધક પરમ અક્ષર બ્રહ્મ, અનાદિ, બધાના સંચાલક, કંટ્રોલર, સૂક્ષ્મથી સૂક્ષ્મ બધાનું ધારણ-પોષણ કરવાવાળા અચિન્ત સ્વરૂપ સૂર્યના સમાન પ્રકાશમાન અવિદ્યાથી અતિ પર શુદ્ધ ચિદાનંદ પરમેશ્વરનું સ્મરણ કરે છે. (ગીતા અધ્યાય-8 ના શ્લોક-9)

તે ભક્તિ સાધનાયુક્ત સાધક અંતકાળમાં પણ ભક્તિની શક્તિથી ભ્રૂકુટિના મધ્યમાં પ્રાણો એટલે શ્વાસોંને સારી રીતે સ્થાપિત કરીને પછી નિશ્ચલ મનથી સ્મરણ કરતો રહીને તે (દિવ્ય પરમ પુરૂષ) અલૌકિક પરમ પુરૂષ એટલે કે પરમ અક્ષર બ્રહ્મ (જે ગીતા જ્ઞાનદાતાથી અન્ય જ છે)ને જ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણ ગીતાના આજ અધ્યાય-8ના શ્લોક 11 થી 22 માં પણ છે. ગીતા અધ્યાય-8ના શ્લોક-11માં કહ્યું છે કે તત્ત્વદર્શી એટલે કે વેદોને સારી રીતે જાણવાવાળા જેણે અવિનાશી કહે છે, તે

પરમપદને તારા માટે કહું છું. ગીતા અધ્યાય-8ના શ્લોક 12માં વર્ણન છે કે તેને પ્રાપ્ત કરવાની સાધના શ્વાસોંથી નામ-સ્મરણ કરવાથી થાય છે.

ગીતા અધ્યાય-8ના શ્લોક-13 માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે મારો બ્રહ્મનો ફક્ત એક ઓમ્ (ॐ) અક્ષર છે, આનું સ્મરણ જીવનના છેલ્લા શ્વાસ સુધી કરવાનું છે. તે આ મંત્રથી થવાવાળી પરમ ગતિ એટલે કે બ્રહ્મલોકને પ્રાપ્ત થાય છે.

ગીતા અધ્યાય-8ના શ્લોક 16માં કહ્યું છે કે બ્રહ્મલોકમાં ગયેલ સાધક પણ ફરી પાછો વળીને સંસારમાં જન્મ લે છે, પાછો મરે છે. આ પૂર્ણ મોક્ષ નથી. ગીતા અધ્યાય-8ના શ્લોક 14માં કહ્યું છે કે જે મારી સાધના સ્મરણ કરે છે, તેના માટે હું સરળ છું.

ગીતા અધ્યાય-8ના શ્લોક 15માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે મને પ્રાપ્ત થઇને કાયમ માટે પુર્નજન્મ થાય છે જે દુ:ખોનું ઘર, ક્ષણભંગુર જીવન છે અને જે સાધક પરમ અક્ષર બ્રહ્મની સાધના - ભક્તિ કરે છે તે પરમ સિદ્ધિને પ્રાપ્ત થઇને અમર થઇ જાય છે, તે ફરી ક્યારેય જન્મ-મરણને પ્રાપ્ત થતા નથી.

ગીતા અધ્યાય-8ના શ્લોક 16માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે બ્રહ્મલોક સુધી બધા લોક પુનરાવર્તીમાં છે એટલે કે બ્રહ્મલોક સુધી બધા લોકમાં ગયેલ સાધક કાયમ જન્મ-મરણના ચકકરમાં રહે છે. હે અર્જુન ! જે આ નથી જાણતા, તે મને પ્રાપ્ત થઇને પણ જન્મ-મૃત્યુના ચક્રમાં કાયમ રહે છે કારણ કે ગીતા જ્ઞાનદાતાએ ગીતા અધ્યાય-2ના શ્લોક 12, અધ્યાય-4ના શ્લોક-5, અધ્યાય-10ના શ્લોક-2માં સ્વયં કહ્યું છે કે હે અર્જુન ! તારા અને મારા ખૂબ જન્મો થઇ ચુક્યા છે. આગળ પણ થતા રહેશે, તું નથી જાણતો, હું જાણું છું. મારી ઉત્પત્તિ (જન્મ)ને ન તો દેવતાઓ જાણે છે, ન મહર્ષિજન અને ન સિધ્ધ જાણે છે.

ગીતા અધ્યાય-8ના શ્લોક 17માં અક્ષર પુરૂષ (પર બ્રહ્મ)ના દિવસ-રાતનું વર્ણન છે. બતાવ્યું છે કે (બ્રહ્મણ:) પરબ્રહ્મનો એક દિવસ એક હજાર યુગનો હોય છે. એટલી જ રાત્રિ હોય છે. પરબ્રહ્મ એટલે કે અક્ષર પુરૂષનું વર્ણન ગીતા અધ્યાય-15ના શ્લોક-16માં છે. તેનું જ પ્રકરણ ગીતા અધ્યાય-8ના શ્લોક 17-18-19 માં છે.

**નોંધઃ-** વધારે જાણકારી માટે કૃપ્યા વાંચો પ્રશ્ન નં. 9માં ગીતા અધ્યાય-8ના શ્લોક 17 થી 19માં અક્ષર પુરૂષની જાણકારી છે. આને પણ અવ્યક્ત કહેવામાં આવ્યા છે. આનો દિવસ સમાપ્ત થઇ ગયા પછી સર્વ પ્રાણી જે ક્ષર પુરૂષના 21 બ્રહ્માંડોમાં છે, પ્રલય એટલે કે નાશને પ્રાપ્ત થઇ જાય છે, રાત્રિ પુરી થઇ ગયા પછી ફરી દિવસમાં જીવ ઉત્પન્ન થાય છે.

ગીતા અધ્યાય-8ના શ્લોક 20માં કહ્યું છે કે આ અક્ષર પુરૂષ પણ અવ્યક્ત કહેવામાં આવે છે. પરંતુ આ અવ્યક્તથી બીજો જે વિલક્ષણ સનાતન અવ્યક્ત ભાવ છે, તે પરમ દિવ્ય પુરૂષ એટલે કે પરમ અક્ષર બ્રહ્મ તો બધા પ્રાણીઓના (ક્ષર પુરૂષ, અક્ષર પુરૂષ તથા એમના અંતર્ગત જેટલા પણ જીવ છે, એ બધાના) નષ્ટ થવા છતાં પણ નષ્ટ નથી થતા એટલે કે વાસ્તવમાં અવિનાશી છે.

ગીતા અધ્યાય-8ના શ્લોક 21માં કહ્યું છે કે જે અવ્યક્ત (અક્ષર) અવિનાશી આ નામથી કહેવામાં આવ્યા છે, તે પરમ પુરૂષની પ્રાપ્તિને પરમ ગતિ કહે છે. જે સનાતન અવ્યક્ત પરમ પુરૂષને પ્રાપ્ત થઇને પાછા જન્મ-મરણમાં નથી આવતા. તે મારા ધામ કરતાં શ્રેષ્ઠ ધામ છે. પહેલાં હું પણ ત્યાં જ રહેતો હતો. એટલા માટે કહ્યું છે કે તે મારું પણ પરમ ધામ છે. કારણ કે ગીતા જ્ઞાનદાતા પણ તે પરમ સનાતન ધામથી એટલે કે સત્યલોકથી તડીપાર (કાઢી મૂકવામાં આવ્યા) છે. *(આની પૂર્ણ જાણકારી માટે કૃપ્યા વાંચો સૃષ્ટિ રચના આ જ પુસ્તકના પૃષ્ઠાંક 126 થી 193 સુધી)*

ગીતા અધ્યાય-8ના શ્લોક 22માં સ્પષ્ટ છે. ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે હે અર્જુન ! જે પરમાત્માના અંતર્ગત સર્વભૂત એટલે કે પ્રાણી છે (ક્ષર પુરૂષ તથા એના 21 બ્રહ્માંડોના પ્રાણી તથા અક્ષર પુરૂષ તથા સાત શંખ બ્રહ્માંડોમાં એના અંતર્ગત જેટલા પ્રાણી આવે છે, તે તથા પરમ અક્ષર પુરૂષના અસંખ્ય બ્રહ્માંડોમાં જેટલા પ્રાણી છે, તે પરમ અક્ષર બ્રહ્મના અંતર્ગત છે) અને જે પરમ અક્ષર પુરૂષથી આ સર્વ જગત પરિપૂર્ણ એટલે કે જેણે સર્વને ઉત્પન્ન કર્યા છે. જેની સત્તા સર્વની ઉપર છે, તે સનાતન અવ્યક્ત પરમ પુરૂષ તો અનન્ય ભક્તિથી પ્રાપ્ત કરવા યોગ્ય છે. ભાવાર્થ એ છે કે પરમ અક્ષર બ્રહ્મને પ્રાપ્ત કરવાને માટે કેવળ એમની જ ભક્તિ (પૂજા) કરવી જોઇએ. અન્ય (બીજા) કોઇ પ્રભુમાં શ્રદ્ધા ના રાખવી જોઇએ. આને જ અનન્ય ભક્તિ એટલે કે પૂજા કહે છે.

કેવળ પરમ અક્ષર બ્રહ્મની પૂજા કરવી તે અનન્ય ભક્તિ કહેવાયા છે. જો ગીતા અધ્યાય-8ના શ્લોક 22નો યોગ્ય (સાચો) અનુવાદ કરીએ તો સ્પષ્ટ થશે કે :-

***પુરૂષ: સ:, પર:, પાર્થ, ભક્તયા, લભ્ય:, તુ અનન્યા, ।***
***યસ્ય, અન્ત:સ્થાનિ, ભૂતાનિ, યેન, સર્વમ્, ઇદમ્, તતમ્ ॥***

**અનુવાદ:-** (સ:) તે (પર:) બીજા (પુરૂષ:) પરમાત્મા તો અનન્ય ભક્તિથી પ્રાપ્ત થવા યોગ્ય છે, જેના અંતર્ગત સર્વ પ્રાણી છે અને જેણે સર્વ જગતની ઉત્પત્તિ કરી છે, જે સર્વના પાલનકર્તા છે. સરળ અર્થ સમાપ્ત (ગીતા અધ્યાય-8નો શ્લોક-22) આના મૂળ પાઠમાં એટલે કે સંસ્કૃતમાં લખ્યું છે સ: પર: પુરૂષ: = પરનો અર્થ ગીતા અધ્યાય-8ના શ્લોક-20માં પરે કર્યો છે. એટલે કે અન્ય (બીજો). અહીંયાં (ગીતા અધ્યાય-8ના શ્લોક-22માં) પણ અન્ય (બીજો) લેવામાં આવતું તો સ્પષ્ટ થઇ જાય છે કે ગીતા જ્ઞાનદાતાથી અન્ય કોઇ સમર્થ પ્રભુ છે. જેની શરણમાં જવાને માટે ગીતા અધ્યાય-18ના શ્લોક-62માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે.

ઉપરના વિવરણથી સિદ્ધ થયું કે ગીતા જ્ઞાનદાતાએ શ્રીમદ્ ભગવત ગીતામાં અનેક સ્થાનો પર પોતાનાથી અન્ય (બીજા) પરમેશ્વર (પરમ અક્ષર બ્રહ્મ)ની ભક્તિ કરવાની કહી છે. તેનાથી જ પૂર્ણમોક્ષ સંભવ છે. જન્મ-મરણનું ચક્ર કાયમને માટે સમાપ્ત થઇ જાય છે. પ્રમાણ:- ગીતા અધ્યાય-7 શ્લોક 19, 29, ગીતા અધ્યાય-18 ના શ્લોક 46, 61, 62, 66, ગીતા અધ્યાય-3 શ્લોક-9, ગીતા અધ્યાય-8 શ્લોક-3, 8, 9, 10, 20, થી 22, ગીતા અધ્યાય-4 શ્લોક 31-32, ગીતા

અધ્યાય-15 શ્લોક 1, 4, 17, ગીતા અધ્યાય-2 શ્લોક 17, 59, ગીતા અધ્યાય-3 શ્લોક 14, 15, 19 અને ગીતા અધ્યાય-5 શ્લોક 14, 15, 16, 19 20, 24, 25, 26 માં પણ આ જ પ્રમાણ છે.

**પ્રશ્ન-26 : અમેબધાએ સર્વ સંતો તથા અમારા હિન્દુ ધર્મના ધર્મગુરૂઓથી તો આ જ સાંભળ્યું છે કે ગીતાનું જ્ઞાન શ્રીકૃષ્ણજીએ અર્જુનને સંભળાવ્યું. અમને તો આજ બતાવવામાં આવ્યું છે કે શ્રીકૃષ્ણજી પૂર્ણ પરમાત્મા છે. શ્રી વિષ્ણુજી જ સ્વયં અવતાર ધારણ કરીને દેવકીજીના ગર્ભથી જન્મ્યા હતા. એમના સિવાય કોઇ પરમાત્મા નથી. આપજીના સત્સંગ સાંભળ્યા છે, તેમાં આપે તો ખૂબ અટપટી જેવી વાતો કહી છે કે ગીતા જ્ઞાનદાતાથી બીજા છે પૂર્ણ પરમાત્મા. તેનું પ્રમાણ દેખાડો. શાસ્ત્રમાં બતાવો તો વિશ્વાસ બેસે.**

**જવાબ-26 :** આપજીને આ પ્રશ્નના જવાબો ઉપરના જવાબોમાં પ્રમાણ બતાવ્યા છે. આપને હજી પણ શંકા છે. તેનું કારણ એ છે કે પહેલી વાત તો એ છે કે હિન્દુ ધર્મગુરૂઓને પોતાના શાસ્ત્રોનું જ જ્ઞાન નથી. જો જ્ઞાન હોત તો ઉપરોક્ત શાસ્ત્ર વિરુદ્ધ વ્યાખ્યા સંભળાવતાં જ નહિ. બીજી વાત એ છે કે ધાર્મિક ગુરૂ એક અધ્યાપક (શિક્ષક)ના જેવા (સમાન) હોય છે. જે અધ્યાપક (શિક્ષક)ને પોતાના પાઠ્યક્રમ (પુસ્તકના પાઠો)નું જ જ્ઞાન ના હોય તો શિક્ષકને અજ્ઞાની માનવામાં આવે છે તથા વિદ્યાર્થીઓના જીવનની સાથે રમત રમી રહ્યો છે. કારણ કે પાઠ્યક્રમ (સિલેબસ)થી વિપરીત જ્ઞાન વિદ્યાર્થીઓને ભણાવી રહ્યો છે. એવા શિક્ષકોથી બચવું જોઇએ. તેને છોડી દેવામાં જ વિદ્યાર્થીઓનું હિત છે.

આપને શ્રીમદ્ ભગવત ગીતામાંથી ઢગલાબંધ પ્રમાણ બતાવી છીએ કે પૂર્ણ પરમાત્મા ગીતા જ્ઞાનદાતાથી બીજા જ છે, તે જ ઉપાસના યોગ્ય છે. તેની જ ભક્તિથી પૂર્ણ મોક્ષ પ્રાપ્ત થાય છે. અહીં ગીતાના કેટલાક શ્લોક લખું છું. આપ એમને ગીતા શાસ્ત્રમાં સ્વયં જોઇ શકો છો. યોગ્ય રૂપમાં જાણવાને માટે મારા દ્વારા કરવામાં આવેલ શ્રીમદ્ ભગવત ગીતાનો અનુવાદ પ્રાપ્ત કરો. પુસ્તકનું નામ છે ''ગહરી નજર ગીતા મેં'' આને અમારી website ઉપરથી ડાઉનલોડ કરી શકો છો.

(Website નું નામ છે = www.jagatgururampalji.org.)

ગીતા અધ્યાય-18ના શ્લોક 46, 61, 62, 66, અધ્યાય-7ના શ્લોક 19,29, અધ્યાય-8 શ્લોક 3, 8, 9, 10, 20, 21, 22. અધ્યાય-4ના શ્લોક 31-32, અધ્યાય-15 શ્લોક 1, 4, 16, 17, અધ્યાય-2 શ્લોક 17, 59, અધ્યાય-3 શ્લોક-14, 15, 19, અધ્યાય-5 શ્લોક 14, 15, 16, 19, 20, 24, 25, 26. અધ્યાય-6 શ્લોક 7 અધ્યાય-11 શ્લોક 55. અધ્યાય-12 શ્લોક 1 થી 5.

ઉપરોક્ત ગીતા શ્લોકોમાં પ્રમાણ છે કે ગીતા જ્ઞાનદાતાથી અન્ય (બીજા) કોઇ પૂર્ણ પરમાત્મા છે. તેના વિષયમાં તથા તેની પ્રાપ્તિ માટે ભક્તિની સાધનાથી ગીતા જ્ઞાનદાતા પણ અજાણ છે. પ્રમાણ ગીતા અધ્યાય-4 ના શ્લોક 32 તથા

34માં છે. ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે (4/32), યજ્ઞો એટલે કે ધાર્મિક અનુષ્ઠાનોનું વિસ્તૃત જ્ઞાન (બ્રહ્મણઃ મુખે) સચ્ચિદાનંદ ઘન બ્રહ્મના મુખ કમળથી ઉચ્ચારેલ વાણીમાં છે, જે પરમાત્મા સ્વયં પૃથ્વી પર પ્રગટ થઇને પોતાના મુખકમળથી બોલે છે. તેને તત્ત્વજ્ઞાન કહે છે, તેનેજ સૂક્ષ્મવેદ પણ કહે છે. તે જ્ઞાનને ત્યારબાદ તત્ત્વદર્શી સંત જ જાણે છે. તે જ્ઞાનમાં પૂર્ણ પરમાત્માની પ્રાપ્તિ તથા સ્થિતિનું સંપૂર્ણ જ્ઞાન હોય છે.

***નોંધ:- ગીતા અનુવાદકોથી ગીતા અધ્યાય-4ના શ્લોક 32ના અનુવાદમાં કેટલીક ત્રૂટિઓ રહી ગઇ છે. જેમ કે ''બ્રહ્મણ:'' શબ્દનો અર્થ ''વેદ'' કર્યો છે જે યોગ્ય નથી. ''બ્રહ્મણ:'' શબ્દનો સાચો અર્થ ગીતા અધ્યાય-17ના શ્લોક-23માં કર્યો છે. (''બ્રહ્મણ:'' = સચ્ચિદાનંદ ઘન બ્રહ્મ એટલે કે પૂર્ણ પરમાત્મા)***

{**વાંચકોને ખાસ નિવેદનઃ-** આપજી ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત ગીતામાં પ્રમાણ સાથે સરખાવો. ખાસ કરીને ''પદસ્ચ્છેદ'' અન્વય સાધારણ ભાષા ટીકા સાથે'' અનુવાદક શ્રી જયદયાલ ગોયન્દકા તથા શ્રી રામસુખદાસજી દ્વારા અનુવાદિત ગીતામાં જુઓ. પુસ્તક ''ગીતા તેરા જ્ઞાન અમૃત''માં જેટલા શ્લોક પ્રમાણ માટે લીધા છે તે બધાની ઝેરોક્ષ કોપી આ જ પુસ્તકના પૃષ્ઠાંક 210 થી 359 સુધી પ્રિન્ટ કરેલી છે. જે હિન્દુ સંત વિદ્વાન શ્રી જયદયાલ ગોયન્દકા દ્વારા અનુવાદિત છે તથા ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત છે}

ગીતા અધ્યાય-4ના શ્લોક 34માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે જે જ્ઞાનને પરમાત્મા સ્વયં મુખ કમળથી બોલે છે, તે તત્ત્વજ્ઞાન છે. તેમાં વિસ્તારથી જાણકારી યજ્ઞોની એટલે કે ધાર્મિક અનુષ્ઠાનોની કહી છે, તે જ્ઞાન તું તત્ત્વદર્શી સંતોની પાસે જઇને સમજ. તેમને દંડવત્ પ્રણામ કરવાથી તથા વિનમ્રતાપૂર્વક પ્રશ્ન કરવાથી તે તત્ત્વજ્ઞાનને જાણવાવાળા મહાત્મા તમને તત્ત્વજ્ઞાન બતાડશે.

આનાથી સિદ્ધ થાય છે કે ગીતા જ્ઞાનદાતાને તત્ત્વજ્ઞાનની જાણકારી જ નથી. તત્ત્વજ્ઞાન શ્રીમદ્ ભગવત ગીતામાં નથી. જો તત્ત્વજ્ઞાન ગીતા જ્ઞાનદાતાને હોત તો એક અધ્યાય બીજો બોલી દેતા.

ઉપર લખેલ શ્રીમદ્ ભગવત ગીતાજીના શ્લોકોમાં સ્પષ્ટ છે કે ગીતા જ્ઞાનદાતાથી બીજા કોઇ સમર્થ અવિનાશી, પૂર્ણ મોક્ષદાતા, વાસ્તવમાં ''પરમાત્મા'' બધાનું ધારણ-પોષણ કરવાવાળા છે. જેની શરણમાં જવાથી સનાતન પરમધામ (શાશ્વતમ્ સ્થાનમ્) પ્રાપ્ત થાય છે તથા પરમ શાંતિ પ્રાપ્ત થાય છે. તે પરમ પદમાં ગયા પછી સાધક ક્યારેય પાછા વળીને સંસારમાં નથી આવતા એટલે કે જન્મ-મૃત્યુ કાયમને માટે સમાપ્ત થઇ જાય છે. હવે ઉપરોક્ત ગીતાના શ્લોકોમાંથી કેટલાક શ્લોકનો અનુવાદ સ્પષ્ટ કરું છું.

ગીતા અધ્યાય-18ના શ્લોક 62માં કહ્યું છે કે હે ભારત ! તું સર્વભાવથી તે પરમેશ્વરની શરણમાં જા, તેની કૃપાથી જ તું પરમ શાંતિ ને સનાતન પરમધામને પ્રાપ્ત થઇ જઇશ. હિન્દુ ધર્મના સંત, મંડલેશ્વર, ધર્મગુરૂ કહેશે કે શ્રીકૃષ્ણજી પોતાના

જ શરણમાં જવાનું કહી રહ્યા છે. એ ધર્મગુરૂઓનું આ કહેવું બિલકુલ અનુચિત છે કારણકે ગીતા અધ્યાય-2ના શ્લોક 7માં કહ્યું છે કે હે શ્રી કૃષ્ણ !, હું (અર્જુન) તમારી શરણમાં છું, આપનો શિષ્ય છું. જે અમારા હિતમાં હોય, તે જ સલાહ મને આપો. ગીતા અધ્યાય-4ના શ્લોક 3માં કહ્યું છે કે હે અર્જુન ! તું મારો ભક્ત છે. આ ગીતાના ઉલ્લેખથી સ્પષ્ટ થાય છે કે અર્જુન તો પહેલેથી જ શ્રી કૃષ્ણજીના શરણમાં હતો. એટલા માટે ગીતા અધ્યાય-18ના શ્લોક 62નો ભાવાર્થ એ છે કે ગીતા જ્ઞાન આપવાવાળા પોતાનાથી બીજા પરમેશ્વરની શરણમાં જવાનું કહી રહ્યા છે. આ ઉપરથી પણ સિદ્ધ થાય છે કે ગીતા જ્ઞાનદાતાથી કોઇ બીજા (અન્ય) ‘‘પરમેશ્વર’’ છે.

**બીજા પ્રમાણઃ-** ગીતા અધ્યાય-8ના શ્લોક-1ના પ્રશ્નનો જવાબ ગીતા જ્ઞાનદાતાએ શ્લોક-3માં આપ્યો છે કે તે ‘‘પરમ અક્ષર બ્રહ્મ’’ છે. પછી અધ્યાય-8ના જ શ્લોક 5 તથા શ્લોક 7માં તો પોતાની ભક્તિ કરવાને માટે કહ્યું છે. પછી શ્લોક 8, 9, 10 માં પરમ અક્ષર બ્રહ્મની ભક્તિ કરવાની સલાહ આપી છે. ગીતા અધ્યાય-4ના શ્લોક 5 માં, અધ્યાય-2ના શ્લોક-12માં, અધ્યાય-10ના શ્લોક 2 માં ગીતા જ્ઞાનદાતાએ પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી કે જો મારી ભક્તિ કરીશ તો જન્મ-મરણ તારા પણ કાયમ બની રહેશે અને મારા પણ. ગીતા અધ્યાય-15ના શ્લોક-1માં તત્ત્વદર્શી સંતની ઓળખાણ બતાવી છે કે જે વ્યક્તિ સંસારરૂપી વૃક્ષના સર્વ ભાગોને મૂળ સહિત તત્ત્વથી જાણે છે. (સઃ વેદવિત્) તે વેદના તાત્પર્યને જાણવાવાળા છે. એટલે કે તે તત્ત્વદર્શી સંત છે. પછી અધ્યાય-15ના શ્લોક 4માં કહ્યું છે કે તત્ત્વદર્શી સંત મળી ગયા બાદ પરમેશ્વરના તે પરમપદને શોધવું જોઇએ, જ્યાં ગયા પછી સાધક પાછા વળીને સંસારમાં ક્યારેય જન્મ-મૃત્યુના ચકકરમાં આવતા નથી. ગીતા અધ્યાય-18ના શ્લોક-62માં તેનું વર્ણન કર્યું છે કે અર્જુન તું સર્વભાવથી તે પરમેશ્વરની શરણમાં જા. તે પરમેશ્વરની કૃપાથી જ તું પરમ શાંતિ તથા સનાતન પરમધામને પ્રાપ્ત થઇ જઇશ. આ પરમ શાંતિ છે કારણ કે સાધકને પુનઃ (ફરી) જન્મ નથી લેવો પડતો. કાયમ માટે અમર લોક (સનાતન પરમ ધામ)માં નિવાસ કરે છે. ત્યાં આગળ નૈષ્કર્મય (ત્યાં ગયા પછી કર્મો નથી કરવા પડતા) મોક્ષ પ્રાપ્ત થાય છે. જેનો ભાવાર્થ એ છે કે સત્યલોક (સનાતન પરમધામ)માં વગર કર્મ કર્યા વગર દરેક પ્રકારની સુખ-સગવડો તથા પદાર્થોની પ્રાપ્તિ થાય છે અને પોતાના પુણ્ય ક્યારેય સમાપ્ત થતા નથી. આમ જોઇએ તો શ્રી બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ગણેશ, દુર્ગા, બ્રહ્મ તથા પરબ્રહ્મની ભક્તિથી પણ નૈષ્કર્મ્ય મોક્ષ પ્રાપ્ત થાય છે, તે થોડાક સમય સુધી જ રહે છે. જે પ્રત્યેક દેવતાના લોકમાં બનેલ સ્વર્ગ (હોટલ)માં પ્રાપ્ત થાય છે. પરંતુ ત્યાં આગળ પ્રાણીને પોતાના પુણ્યોનું પ્રતિફળ જ પ્રાપ્ત થાય છે. પુણ્યો સમાપ્ત થઇ ગયા પછી પુનર્જન્મ તથા મૃત્યુનું ચક્ર ફરીથી ચાલુ થઇ જાય છે. *(‘‘નૈષ્કર્મ્ય’’ મુક્તિનું વર્ણન ગીતા અધ્યાય-3ના શ્લોક-4 તથા અધ્યાય-18ના શ્લોક-49માં છે)*

જે સનાતન પરમધામ તથા શાંતિની પ્રાપ્તિને માટે તથા તે પરમેશ્વરની શરણમાં જવાને માટે ગીતા અધ્યાય-18 ના શ્લોક-62 તથા અધ્યાય-15 ના શ્લોક-4માં કહ્યું છે, તે ગીતા જ્ઞાનદાતાથી બીજા (અલગ) પૂર્ણ પરમાત્મા છે. ગીતા અધ્યાય-8ના શ્લોક 5 તથા 7માં તો ગીતા જ્ઞાનદાતાએ પોતાની ભક્તિ કરવાનું કહ્યું છે. તેનાથી તો જન્મ-મૃત્યુ બંનેનું બનેલું જ રહે છે. એટલા માટે પછી ગીતા અધ્યાય-8ના શ્લોક-8, 9, 10 માં તે પરમેશ્વરની ભક્તિ કરવાને માટે કહ્યું છે જેનું વર્ણન ગીતા અધ્યાય-18ના શ્લોક 62 તથા અધ્યાય-15 ના શ્લોક-4માં છે. પછી ગીતા અધ્યાય-8ના જ શ્લોક 18માં કહ્યું છે *(ગીતા અધ્યાય-15ના શ્લોક 16-17માં ત્રણ પુરૂષ બતાવ્યા છે):-*

**1. ક્ષર પુરૂષઃ-** આ સ્વયં ગીતા જ્ઞાનદાતા છે. આને ક્ષર બ્રહ્મ પણ કહે છે. આ ફક્ત 21 બ્રહ્માંડોના પ્રભુ છે.

**2. અક્ષર પુરૂષઃ-** આને પરબ્રહ્મ પણ કહે છે. આ ફક્ત 7 શંખ બ્રહ્માંડોના પ્રભુ છે.

**3. પરમ અક્ષર પુરૂષઃ-** જેને પરમ અક્ષર બ્રહ્મ, પરમેશ્વર, સત્ય પુરૂષ, અવિનાશી પરમાત્મા પણ કહે છે. જે અસંખ્ય બ્રહ્માંડોના સ્વામી છે. અહીં અગળ એટલે કે શ્રીમદ્ ભગવત ગીતાના અધ્યાય-8ના શ્લોક-8, 9, 10, 20 તથાા 22માં પરમ અક્ષર પુરૂષના વિષયમાં વર્ણન છે. અધ્યાય-8 ના શ્લોક 18માં અક્ષર પુરૂષના વિષયમાં વર્ણન છે.

જે સમય અક્ષર પુરૂષનો એક દિવસ સમાપ્ત થાય છે - જે એક હજાર યુગોનો હોય છે. ધ્યાનમાં રહે કે ગીતા અધ્યાય-8ના શ્લોક 17માં મૂળ પાઠમાં કેવળ સહંસ્ર યુગ લખ્યું છે નહીં કે સંહસ્ર ચતુર્યુગ. એટલા માટે અક્ષર પુરૂષનો એક દિવસ સમાપ્ત થાય ત્યારે સર્વ પ્રાણી ક્ષર પુરૂષ તથા અક્ષર પુરૂષના કેટલા ભાગનો નાશ થઇ જાય છે. ક્ષર પુરૂષ તથા એના સર્વ 21 બ્રહ્માંડના બધા જ પ્રાણી નષ્ટ થઇ જાય છે. જ્યારે દિવસ પ્રારંભ થાય છે ત્યારે ફરી બધા જીવ પોતાના કર્મો અનુસાર ઉત્પન્ન થાય છે તથા મરે છે. પછી ગીતા અધ્યાય-8ના જ શ્લોક-20માં કહ્યું છે કે પરંતુ આ અવ્યક્ત એટલે કે અક્ષર પુરૂષથી (પરઃ) પરે જે અન્ય સનાતન અવ્યક્ત ભાવ એટલે કે પરમ અક્ષર બ્રહ્મ છે, તે પરમેશ્વર તો બધા પ્રાણીઓના નષ્ટ થવા છતાં પણ નષ્ટ થતા નથી. પછી ગીતા અધ્યાય-8ના શ્લોક-21માં કહ્યું છે કે તેને અવિનાશી અવ્યક્ત કહેવામાં આવ્યા છે, તેને જ પરમેશ્વર કહેવામાં આવ્યા છે. તેમના જ ધામની પ્રાપ્તિથી પરમગતિ એટલે કે પરમ શાંતિ પ્રાપ્ત થાય છે, જેને પ્રાપ્ત થઇને સાધક પછી પાછા નથી આવતા, જેના વિષયમાં ગીતા અધ્યાય-18ના શ્લોક-62 તથા અધ્યાય-15 ના શ્લોક-4માં કહ્યું છે. ગીતા જ્ઞાનદાતાએ બતાવ્યું છે કે તે ધામ મારા ધામથી પરમ એટલે કે શ્રેષ્ઠ છે. એટલા માટે તેને સનાતન પરમધામ કહે છે. ***(નોંધ કરો: આ ગીતા અધ્યાય-8ના શ્લોક-21માં અનુવાદમાં ભૂલ***

***કરી છે કે ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે તે મારું પરમધામ છે. હકીકતમાં મૂળ પાઠમાં લખ્યું છે : 'तत् धाम परमम् मम' આમાં ''મમ'' શબ્દમાં હલન્ત (मम्) શબ્દ નથી. પ્રમાણને માટે એ જ ગીતા અનુવાદકોએ ગીતા અધ્યાય-3ના શ્લોક-23માં ''मम''નો અર્થ કરતા સમયે અથ કર્યો છે. मम = ''મારો જ'' ( मम = मेरा ही )*** આ જ પ્રમાણે આ અધ્યાય-8ના શ્લોક-21માં 'મમ'નો અર્થ મારાથી પરમધામ છે, સાચો છે. પછી ગીતા અધ્યાય-8ના શ્લોક-22માં સ્પષ્ટ કર્યું છે કે પુરૂષ: સ: પર: = (સ:) તે (પર:) બીજા (પુરૂષ:) પરમેશ્વર તો અનન્ય ભક્તિથી પ્રાપ્ત થવા યોગ્ય છે. જેના અંતર્ગત સર્વ પ્રાણી આવે છે. જેણે સર્વ સંસારની રચના (ઉત્પત્તિ) કરી છે. ગીતા અધ્યાય-8ના શ્લોક-20 થી 22માં ગીતા જ્ઞાનદાતાથી અન્ય (બીજા) પરમ પુરૂષનું વર્ણન છે. એટલા માટે ગીતા જ્ઞાનદાતા તે ધામને પોતાનું નથી કહી શકતા. તેને પોતાના ધામ એટલે લોકથી પરમ એટલે કે શ્રેષ્ઠ ધામ તે પરમેશ્વરનું ધામ બતાવ્યું છે, આ સાચો અર્થ છે.

**વિચાર કરોઃ-** ગીતા અધ્યાય-8ના શ્લોક-20માં ''પર:'' શબ્દનો અર્થ ''પરે'' કર્યો છે એટલે કે અવ્યકથી (પર:) = પરે એટલે કે બીજા સનાતન અવ્યક્ત ભાવવાળા પરમેશ્વર છે. આ જ પ્રમાણે ગીતાના આ અધ્યાય-8ના શ્લોક-22માં કહ્યું છે કે (સ:) તે (પર:) જે પરે એટલે કે બીજા (પુરૂષ:) પરમેશ્વરછે. તેની જ પ્રાપ્તિ અનન્ય ભક્તિથી જ સંભવ છે.

**આનું બીજું પ્રમાણઃ-** ગીતા અધ્યાય-7ના શ્લોક-12 થી 15માં ત્રણેય ગુણ (રજગુણ બ્રહ્માજી, સતગુણ વિષ્ણુજી તથા તમગુણ શંકરજી)ની ભક્તિ કરવાવાળાઓને રાક્ષસ સ્વભાવને ધારણ કરેલા મનુષ્યોમાં નીચ, દૂષિત (ખરાબ) કર્મ કરવાવાળા મૂર્ખ બતાવ્યા છે તથા ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે એ મને નથી ભજતા. પોતાની ભક્તિના વિષયમાં ગીતા અધ્યાય-7ના શ્લોક 16 થી 18માં કહ્યું છે કે મારી ભક્તિથી થવાવાળી ગતિ અનુત્તમ (ઘટિયા/ખરાબ) છે. ગીતા અધ્યાય-7ના શ્લોક-19માં કહ્યું છે કે ખૂબ ખૂબ જન્મોના અંતે કોઇ જન્મમાં મારી ભક્તિ કરે છે, નહીં તો અન્ય દેવતાઓ અને ભૈરવ-ભૂતોની પૂજા જ કરતા રહે છે. પરંતુ આ બતાડનાર સંત ખૂબ દુર્લભ (મળવા મુશ્કેલ) છે કે વાસુદેવ એટલે કે તે પૂર્ણ પરમાત્મા જેનો વાસ એટલે કે જેની સત્તા બધાની ઉપર છે. તે જ (સર્વમ્) બધું જ કંઇ છે એટલે કે તેજ પૂજાને યોગ્યછે, તેની જ ભક્તિથી પૂર્ણ મોક્ષ પ્રાપ્ત થાય છે. તે જ સર્વ સૃષ્ટિનો રચનહાર છે. બધાનું ધારણ-પોષણ કરવાવાળા છે. પછી ગીતા અધ્યાય-7ના શ્લોક-29માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે જે સાધક મારા જ્ઞાનને આધાર બનાવીને તત્ત્વદર્શી સંતોથી જ્ઞાન પ્રાપ્ત કરીને કેવળ (ફક્ત) જરા (વૃદ્ધ/ઘડપણ અવસ્થાના દુ:ખથી) તથા મરણ (મૃત્યુના દુ:ખ) થી છૂટવાને માટે ભક્તિ કરીને પ્રયત્ન કરે છે, તે સંસારની સર્વ વસ્તુઓને નાશવાન માનીને એની ઇચ્છા નથી કરતા, કેવળ મોક્ષના ઉદ્દેશ્યથી જ ભક્તિ કરે છે. તે (તત્ બ્રહ્મ)તે બ્રહ્મને (વિદુ) જાણે છે, બધા કર્મોથી પરિચિત છે, સર્વ આધ્યાત્મ જ્ઞાનથી પરિચિત છે. *(ગીતા અધ્યાય-7નો શ્લોક-29)*

ગીતા અધ્યાય-8ના શ્લોક-1માં અર્જુને પ્રશ્ન કર્યો કે હે ભગવાન ! (કિમ તત્ બ્રહ્મ) તે બ્રહ્મ શું છે ? જેને જાણીને સાધક કેવળ મોક્ષ જ ઇચ્છે છે. આનો જવાબ ગીતા અધ્યાય-8ના શ્લોક-3માં ગીતા જ્ઞાનદાતાએ આપ્યો છે. કહ્યું છે કે ''તે પરમ અક્ષર બ્રહ્મ છે'' ગીતા જ્ઞાનદાતાએ આ પરમ અક્ષર બ્રહ્મની જાણકારી ગીતા અધ્યાય-8માં જ શ્લોક નં. 8,9,10,20,21,22 માં પણ આપી છે જે ગીતા જ્ઞાનદાતાથી બીજા (અલગ) છે. ગીતા અધ્યાય-2ના શ્લોક-17માં કહ્યું છે કે જે પરમેશ્વરે સંપૂર્ણ જગતની રચના કરી છે, જેનાથી આ જગત વ્યાપ્ત છે (એટલે કે જેની શક્તિથી સર્વ બ્રહ્માંડ ટકેલા છે, રોકાયેલા છે) તે વાસ્તવમાં અવિનાશી પરમાત્મા છે. જેનો નાશ કરવામાં કોઇ જ સમર્થ નથી. ગીતા અધ્યાય-15ના શ્લોક 17માં પણ કહ્યું છે કે પુરૂષોત્તમ તો બીજા છે (ગીતા અધ્યાય-15ના શ્લોક 16માં બે પુરૂષ કહ્યા છે, ક્ષર પુરૂષ અને અક્ષર પુરૂષ. ઉત્તમ પુરૂષ તો એમનાથી બીજા (અલગ) છે, એટલે કે શ્રેષ્ઠ પરમેશ્વર) જે ત્રણેય લોકમાં પ્રવેશ કરીને બધાનું ધારણ-પોષણ કરે છે. તેમને પરમાત્મા કહેવામાં આવે છે. તે જ વાસ્તવમાં અવિનાશી પરમેશ્વર છે. (ગીતા અધ્યાય-15 શ્લોક-17), પછી ગીતા અધ્યાય-2ના જ શ્લોક-59માં પણ ગીતા જ્ઞાનદાતાએ પોતાનાથી અન્ય (બીજા) પરમાત્માના વિષયમાં કહ્યું છે. પ્રસંગ ગીતા અધ્યાય-2ના શ્લોક-53 થી ચાલ્યો છે. જેમાં કહ્યું છે કે, 'હે અર્જુન, જે સમયે જુદા જુદા પ્રકારના (ભાત-ભાતના) ભ્રમિત કરવાવાળા જ્ઞાનના વચનોથી વિચલિત થયેલી તારી બુદ્ધિ જ્યારે પરમાત્મામાં અટલ એટલે કે સ્થિર થઇ જશે ત્યારે તું યોગને પ્રાપ્ત થઇશ (ગીતા અધ્યાય-2 શ્લોક-53), પછી ગીતા અધ્યાય-2ના શ્લોક-59માં કહ્યું છે કે કેટલીક વ્યક્તિ નિરાહાર રહીને (ભોજન ત્યાગીને) કેવળ ફળાહાર અથવા દૂધાહાર જ કરશે. તેમના થોડાક સમયને માટે વિષય-વિકાર તો નિવૃત્ત થઇ જાય છે, પરંતુ સંસારના પદાર્થોથી આસક્તિ નિવૃત્ત થતી નથી. શાસ્ત્ર અનુસાર સાધના કરવાથી બીજા પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. જેનાથી વિષય-વિકાર તથા આસક્તિ પણ નિવૃત્ત થઇ જાય છે. ગીતા અધ્યાય-2ના શ્લોક-59ના મૂળપાઠમાં ''પરમ્'' શબ્દ જેનો અર્થ છે ''પર'' એટલે કે બીજા થાય છે. ઉદાહરણ માટે ગીતા અધ્યાય-7ના શ્લોક 13 માં મૂળ પાઠમાં આ જ ''પરમ્'' શબ્દ છે. આમાં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે ત્રણેય ગુણો (રજગુણ શ્રી બ્રહ્માજી, સતગુણ શ્રી વિષ્ણુજી તથા તમગુણ શ્રી શંકરજી) ના ભાવથી પૂરો સંસાર મોહિત થઇ રહ્યો છે, એમનાથી પરે મને નથી જાણતા. (ગીતા અધ્યાય-7 શ્લોક-13) આમાં પરમ્ = પર = પરે એટલે કે 'બીજો જ' એવો અર્થ થયો. આ જ પ્રમાણે ગીતા અધ્યાય-2 શ્લોક 59માં ''પરમ્'' નો અર્થ પર = પરે એટલે કે બીજા જ જાણો. કારણ કે ગીતા અધ્યાય-11 શ્લોક 55 તથા ગીતા અધ્યાય-12ના શ્લોક 1 થી 6માં પ્રમાણ છે. ગીતા અધ્યાય-11 ના શ્લોક-55માં સંકેત કર્યો છે કે (મત્ કર્મ કૃત્) શાસ્ત્રાનુકૂળ ભક્તિ કર્મ મારા માટે કરતો રહીને (મત્ પરમ્) મારાથી શ્રેષ્ઠ

પરમાત્માને માટે કરતો રહીને (મત્ ભક્ત) મારો ભક્ત મને જ પ્રાપ્ત થાય છે. કારણ કે જ્યાં સુધી તત્ત્વદર્શી સંત નથી મળતા, ત્યાં સુધી વેદો અનુસાર જ્ઞાનથી 'ૐ' નામનો જાપ પૂર્ણ પરમાત્માનો માનીને કરે છે. જેનાથી બ્રહ્મલોકમાં ચાલ્યા જાય છે. એટલા માટે કહ્યું છે કે મારા ભક્ત મારાથી અન્ય પૂર્ણ પરમાત્માથી ભક્તિ કરીને પણ મને જ પ્રાપ્ત થાય છે (ગીતા અધ્યાય-11, શ્લોક 55)

પછી ગીતા અધ્યાય-12ના શ્લોક 1માં સ્પષ્ટ છે કે અર્જુને પ્રશ્ન કર્યો છે જે ભક્ત પૂર્વોક્ત પ્રમાણે (ગીતા અધ્યાય-11 શ્લોક 55માં સંકેત છે) જે (ત્વમ્) તમને તથા જે (અવ્યક્તમ્ અક્ષરમ્) અવિનાશી અવ્યક્ત (જેનું વર્ણન ગીતા અધ્યાય-8ના શ્લોક-20 થી 22માં છે) તેને ભજે છે, તેમાંથી ઉત્તમ ભક્તિવાળો કયો ભક્ત છે ? (ગીતા અધ્યાય-12 શ્લોક-1)

પછી ગીતા અધ્યાય-12 શ્લોક-2માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે મારો ભક્ત કેવળ મારા ધ્યાનમાં લાગેલ છે, તે (યુક્તતમા: મતા:) મારા વિચારથી તે સાચો સાધક છે. (ગીતા અધ્યાય-12 શ્લોક-2)

ગીતા અધ્યાય-12 ના શ્લોક-3 થી 4માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે ''જે તે સર્વવ્યાપી છે જેના વિષયમાં હું પણ નથી જાણતો. જે સદા (કાયમ) એકરસ રહેવાવાળા સ્થાઇ, અચળ, અવ્યક્ત એટલે કે પરોક્ષ અવિનાશી પરમ અક્ષર બ્રહ્મની એકધારી ઉપાસના કરે છે, બધા પ્રાણીઓના હિતને માટે કામના કરવાવાળા સાધક બધામાં સમાન ભાવ રાખવાવાળા મને જ પ્રાપ્ત થાય છે. ભાવાર્થ છે કે જે સચ્ચિદાનંદ ધન એટલે કે પરમ અક્ષર બ્રહ્મનું જ્ઞાન ગીતા જ્ઞાનદાતાને પણ નથી, તેનું જ્ઞાન તત્ત્વદર્શી સંતોને હોય છે. તત્ત્વદર્શી સંત ન મળવાના કારણે બ્રહ્મના ૐ (ઓમ્) નામને પરમ અક્ષર બ્રહ્મનો નામ (મંત્ર) જાપ માનીને સાધના કરે છે. જેના કારણે કાળની જાળમાં રહી જાય છે. એટલા માટે કહ્યું છે કે તે સાધક મને જ પ્રાપ્ત થાય છે. પરમેશ્વર કબીરજીએ ''સોહં'' મંત્રનો આવિષ્કાર કરીને સાધકોને બતાવ્યો છે. પરંતુ સારનામ છતાં પણ ગુપ્ત જ રાખ્યું છે. સૂક્ષ્મવેદમાં લખ્યું છે :-

***સોહં શબ્દ હમ જગ મેં લાએ । સાર શબ્દ હમ ગુપ્ત છિપાએં ॥***
***સોહં ઉપર ઔર સતસુકૃત એક નામ ।***
***સબ હંસોં કા બાસ હૈ, નહીં બસ્તી નહીં ઠામ ॥***
***સતગુરૂ સોહં નામ દે, ગુજ બીરજ વિસ્તાર ।***
***બિન સોહં સીઝૈ નહીં, મૂલ મંત્ર નિજ સાર ॥***

''જે સાધક 'સોહં' નામનો જાપ કરે છે, આ પરબ્રહ્મ (અક્ષર પુરૂષ જે ગીતા અધ્યાય-15 શ્લોક-16માં પ્રમાણ છે) તેનો જાપ છે. સારનામ મળ્યા વગર ''સોહં'' તથા ''ૐ'' પૂર્ણ મોક્ષદાયક નથી. ''ૐ''નો જાપ બ્રહ્મ (ગીતા જ્ઞાનદાતા)નો છે. બ્રહ્મલોકમાં મહાઇન્દ્રનો લોક પ્રાપ્ત થાય છે જે બ્રહ્મલોકમાં જ બનેલ છે તથા ''સોહં'' નામના જાપની ભક્તિની કમાણીથી બ્રહ્મલોકમાં જ બનેલા નકલી સતલોકને પ્રાપ્ત થાય છે. સાધનાકાળમાં સાધક આમ પણ કહેતો રહે છે ''બધા પ્રાણીઓનું ભલું થાઓ.''

***સર્વે ભવન્તુ સુખિન:, સર્વે સન્તુ નિરામયા: ।***
***સર્વે ભદ્રાણી પશયન્તુ, મા કિશ્ચિત્ દુ:ખભાગ ભવેત્ ॥***

**ભાવાર્થ:-** બધા સુખી થાઓ, બધા અરોગ્ય એટલે કે સ્વસ્થ થાઓ. બધાનું ભલું થાઓ, કોઇને દુ:ખ ન થાઓ.'' આ મંગળ કામનાનો મંત્ર બનાવીને આશીર્વાદ આપે છે, દુઆ (પ્રાર્થના) કરતા રહે છે. જેનાથી આ સાધકની પુણ્યની કમાણી તથા ભક્તિનું ધન દુઆ અને આશીર્વાદના માધ્યમથી સમાપ્ત થઇ જાય છે. તત્ત્વદર્શી સંતના અનુયાયી આ ભૂલ ક્યારેય કરતા નથી. એટલા માટે કહ્યું છે કે તે પરમ અક્ષર બ્રહ્મનો સાધક પણ મને જ પ્રાપ્ત થાય છે કારણ કે ભક્તિ આશીર્વાદ તથા સર્વની મંગળ કામના કરીને સમાપ્ત કરી દીધી. કેટલીક મહાસ્વર્ગ (બ્રહ્મલોક)માં મોજમજામાં વાપરી-ખર્ચી પછી જન્મ-મરણ તથા 84 લાખ પ્રાણીઓના ચકકરમાં પડી જાય છે.

**✻ રાજા જનકના જીવનથી સિદ્ધ કરીએ છીએ:-**

ત્રેતા યુગમાં જનકજી એક ધાર્મિક રાજા હતા. તેમની પુત્રી સીતાજી હતી, જે દશરથ પુત્ર ત્રિલોકી નાથ શ્રી વિષ્ણુ ઉર્ફે રામચંદ્રજીની પત્ની હતી. સતયુગમાં રાજા જનકજીનો જીવ જ રાજા અંબરીષ હતા, જે શ્રી વિષ્ણુજીના પરમ ભક્ત હતા. સાથે સાથે વેદો અનુસાર ''ૐ'' નામનો જાપ કરતા હતા જે બ્રહ્મ સાધના છે. જેના પરિણામ સ્વરૂપ લાખ્ખો વર્ષ શ્રી વિષ્ણુજીના લોકમાં બનેલા સ્વર્ગમાં પોતાની ભક્તિના સુખને ભોગવ્યું. પછી લાખ્ખો વર્ષ બ્રહ્મલોકમાં બ્રહ્મ સાધનાના સુખને ભોગવ્યું. પછી ત્રેતાયુગમાં પુનર્જન્મ જનકનો થયો, જે એક ધાર્મિક રાજા હતા. પોતાના જીવનકાળમાં અનેક યજ્ઞો (ધાર્મિક અનુષ્ઠાનો) કર્યા. શ્રી વિષ્ણુજીની ભક્તિ કરી બ્રહ્મ સાધના પણ કરી. જ્યારે સંસાર છોડીને જવા લાગ્યા તો એક વિમાન સ્વર્ગથી આવ્યું. રાજા જનકજીને બેસાડીને ઊડી નીકળ્યું. ત્યારે રસ્તામાં એક નરક હતું જેમાં 12 કરોડ જીવ પોતાના કર્મોનો દંડ ભોગવી રહ્યા હતા. હા-હાકાર મચી રહ્યો હતો. જનકજીએ દેવદૂતોને પૂછ્યું કે આ કયા દુ:ખીયાઓની રો-કકકળછે ? વિમાન રોકો, વિમાન રોકાઇ ગયું. દેવદૂતાએ કહ્યું રાજન ! આ એક નરક છે. આમાં પ્રાણી પોતાના પાપકર્મોનો દંડ ભોગવી રહ્યા છે. જનકજીએ કહ્યું એમને આ નરકમાંથી બહાર કાઢો, મારાથી જોવાતું નથી. દેવદૂતોએ કહ્યું રાજા જનક અહીં આપનું રાજ્ય નથી. અહીંયા ધર્મરાજની આજ્ઞા ચાલે છે. જનકજીએ કહ્યું કે એમને છોડી દો અથવા તો મને પણ આ જ નરકમાં નાંખી દો. દેવદૂતોએ કહ્યું આનું સમાધાન તો ધર્મરાજા જ કરી શકે છે, ત્યારે રાજા જનકે કહ્યું ધર્મરાજ સાથે મારી વાત કરાવો. ધર્મરાજ ત્યાં હાજર થયા તથા સર્વ સ્થિતિ જાણ્યા પછી બોલ્યા કે હું આપને આ નરકમાં નથી નાંખી શકતો અને ન તો હું આ 12 કરોડ જીવોને નરકમાંથી કાઢી શકતો. એક ઉપાય બતાડું છું. આપ (જનકજી) પોતાનું કેટલુંક ભક્તિ ધન (પુણ્ય તથા મંત્ર જાપનું ભક્તિ ધન) આ 12 કરોડ જીવોને અર્પણ કરી દો. ત્યારે એ બધાને આપની

સાથે જ સ્વર્ગમાં મોકલી દઇશ. જનકજીએ દયાવશ થઇને પોતાની અડધી ભક્તિની કમાણી તે 12 કરોડ જીવોને આપી દીધી. તે 12 કરોડ આત્માઓ રાજા જનક દ્વારા આપેલા પુણ્યોના આધારે સ્વર્ગમાં જતી રહી અને રાજા જનકને પણ સ્વર્ગમાં (વિષ્ણુલોકવાળા સ્વર્ગમાં, પછી બ્રહ્મલોકવાળા મહાસ્વર્ગમાં) નિવાસ કરીને પોતાના પુણ્યોના ભોગ ભોગવ્યા. જેના કારણે ભક્તિ ધન સમાપ્ત થઇ ગયું.

**કથાનો સારઃ-** જે 12 કરોડ જીવોને રાજા જનકજીએ પોતાના અડધા પુણ્યો પ્રદાન કર્યા હતા, ધર્મરાજે તે પુણ્યો 12 કરોડ જીવોને બરાબર - એક સરખા વહેંચી દીધા. તે પુણ્યોના ફળના આધારે તે આત્માઓ સ્વર્ગમાં રહ્યા. પછી તે પુણ્યો સમાપ્ત થઇ ગયા બાદ ફરી તે જ નરકમાં નાંખી દેવામાં આવ્યા. જે પાપકર્મ શેષ બચેલા હતા, તે પાછા ભોગવવા પડ્યા. રાજા જનકની સાથે બહુ મોટો દગો થયો. તેના અડધા પુણ્યો તો દાન કરવાથી સમાપ્ત થયા અને અડધા ઉપર સ્વર્ગમાં ભોગવીને સમાપ્ત થયા, પુનઃ જન્મ-મરણના ચક્રમાં પડ્યા. તે જ જનકજીવાળો જીવ કળયુગમાં શીખ ગુરૂ શ્રી નાનકદેવ સાહેબજી થયા. શ્રી નાનકજીને સુલતાનપુર શહેરમાં બેઇ નદીના કિનારે પૂર્ણ પરમાત્મા એક જીન્દા સાધુના વેશમાં મળ્યા. તેમને તે સનાતન પરમધામ (સત્યલોક = સચ્ચખંડ)માં લઇ ગયા. પછી ત્રીજા દિવસે પાછા તે જ બેઇ નદીના ઘાટ પર છોડ્યા. સર્વ તત્ત્વજ્ઞાન કરાવ્યું. તેમના પૂર્વનાં અનેક સારા જન્મો બતાડ્યા, તેમને સત્યનામ (જે બે અક્ષરનો મંત્ર છે, જેમાં એક ઓમકાર (ૐ) છે તથા બીજો ગુપ્ત છે, જે ઉપદેશીને જ બતાવવામાં આવે છે) ની દીક્ષા આપી, ત્યારે શ્રી નાનકદેવ સાહેબજીનો પૂર્ણ મોક્ષ થયો. જો પરમાત્મા તત્ત્વદર્શી સંતરૂપમાં પ્રગટ થઇને તત્ત્વજ્ઞાન ન બતાવતા તો શ્રી નાનકદેવજીવાળા જીવનું જન્મ-મરણ ચક્ર ક્યારેય સમાપ્ત થતું નહિ. તે સત્ય સાધના મારી પાસે (સંત રામપાલજીની પાસે) છે. પ્રસંગ એ ચાલી રહ્યો છે કે ભાવનામાં વહી જઇને આશીર્વાદ દ્વારા પોતાનું ભક્તિ ધન ક્યારેય નષ્ટ કરવું જોઇએ નહિ. આપે ક્યારેય કોઇપણ બુદ્ધિમાન ધનવાન વ્યક્તિને પોતાની નોટોને ક્યારેય બીજા લોકોને વહેંચતો નહિ જોયો હોય. જો કોઇની સહાયતા કરવા ઇચ્છો તો તેને કમાવાની રીત બતાડો. જેનાથી તે પોતાના પગ ઉપર ઊભો થઇને ધનવાન બની શકે. આજ પ્રમાણે ભક્તજન જે કોઇની સહાયતા કરવા ચાહો તો તેને પૂર્ણ ગુરૂથી દીક્ષા અપાવીને ભક્તિધન કમાવવાની પ્રેરણા આપે.

ગીતા અધ્યાય-12 ના શ્લોક-5માં કહ્યું છે કે ''જેમની આસ્થા (શ્રદ્ધા) સચ્ચિદાનંદ ધન બ્રહ્મ એટલે કે પરમ અક્ષર બ્રહ્મમાં છે અને જે તેને જ (ચેતસા) જાણવાવાળા છે, તેમને વધારે પ્રમાણમાં (કલેશઃ) શંકાના કારણે જ્ઞાનનો ઝગડો બન્યો રહે છે. તે માનવ શરીરધારીઓને માટે આ કારણથી દુઃખપૂર્વક પ્રાપ્ત કરવામાં આવતી ગતિ છે. ભાવાર્થ એ છે કે તત્ત્વદર્શી સંત ન મળવાના કારણે કબીરપંથી (ધીસાદાસ પંથી, ગરીબદાસ પંથી, દાદૂ પંથી, નેકીરામ પંથી, તે બધા કબીરપંથી

કહેવાય છે) પણ કઠણ તપસ્યા કરે છે. વ્રત-મૌન વ્રત, બીજી કઠણ સાધના જ કરે છે. એટલા માટે કહ્યું છે કે તે પૂર્ણ પરમાત્માની સાધના કલેશયુક્ત તથા દુ:ખપૂર્વક પ્રાપ્ત થવા યોગ્ય છે. વાસ્તવમાં તો સર્વ સાધના જે શાસ્ત્રાનુકૂળ છે, તે વધારે સરળ છે.

**પ્રમાણઃ-** યજુર્વેદ અધ્યાય-40 મંત્ર-15માં બ્રહ્મ સાધનાને માટે કહ્યું છે કે:-

***વાયુ: અનિલમ્ અમૃતમ્ અથ ઇદમ્ ભસમાન્તમ્ શરીરમ્ ।***

***ઓમ્ કૃતમ સ્મર, કિલબે સ્મર કૃતુ: સ્મર ॥***

**ભાવાર્થઃ-** બ્રહ્મ સાધનાનું ૐ (ઓમ) નામ છે. આનાથી મળવાવાળું અમૃતમ્ એટલે કે મોક્ષ પ્રાપ્તિને માટે ''ૐ'' નામનો જાપ (વાયુ: અનિલમ્) શ્વાસ-ઉશ્વાસથી પૂરા લગનની સાથે શરીર નષ્ટ થાય ત્યાં સુધી (કૃતમ્) કાર્ય કરતાં-કરતાં (સ્મર) સ્મરણ કર, (કિલબે સ્મર) પૂરી કસક એટલે કે લગન એટલે કે વિલાપ જેવી સ્થિતિથી સ્મરણ કર, (કૃતુ: સ્મર) મનુષ્ય જીવનનું મૂળ કાર્ય જાણીને સ્મરણ કર. (યજુર્વેદ અધ્યાય-40 મંત્ર-15)

પછી યજુર્વેદ અધ્યાય-40 મંત્ર 17માં વેદજ્ઞાનદાતાએ (આજ ગીતા જ્ઞાનદાતા છે) કહ્યું છે કે તે પૂર્ણ પરમાત્મા તો ઉપરના લોકોમાં પરોક્ષ છે એટલે કે અવ્યક્ત છે (અહમ્ ખમ્ બ્રહ્મ ઓમ્) હું બ્રહ્મ છું, દિવ્ય આકાશરૂપી બ્રહ્મલોકમાં હું રહું છું, મારું ૐ નામ છે. યજુર્વેદ અધ્યાય-40 મંત્ર 10માં વેદ જ્ઞાનદાતાએ કહ્યું કે ''કેટલાક તો પરમાત્માને (સમ્ભવાત્) ઉત્પન્ન થવાવાળા અવતારરૂપમાં સાકાર માને છે, કેટલાક (અસમ્ભવાત્) ઉત્પન્ન ન થવાવાળા એટલે કે નિરાકાર માને છે. તે પરમાત્મા ઉત્પન્ન થાય છે અથવા નથી થતા અથવા જેવા છે, તેનું જ્ઞાન (ધીરાણામ્) તત્ત્વદર્શી સંતજન બતાવે છે, તેમનાથી (શ્રૃણુ:) સાંભળો. (યજુર્વેદ અધ્યાય-40 મંત્ર-10) આજ પ્રમાણ ગીતા અધ્યાય-4ના શ્લોક-34માં છે કે પરમાત્માના વિષયમાં સંપૂર્ણ જ્ઞાન તત્ત્વદર્શી સંત બતાવે છે. તેમની શોધ કર, તેમનાથી નિષ્કપટ (કપટ રહિત) ભાવથી તથા દંડવત પ્રણામ કરીને વિનમ્રતા (વિવેકપૂર્વક નમ્રતા)થી પ્રશ્ન કરવાથી તે તત્ત્વદર્શી સંત તને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કરશે. સૂક્ષ્મવેદમાં પણ કહ્યું છે કે:-

***નામ ઉઠત નામ બૈઠત, નામ સોવત જાગ રે ।***

***નામ ખાતે નામ પીતે, નામ સેતી લાગ રે ॥***

**ભાવાર્થઃ-** પરમાત્માની સાધના કેવળ (ફક્ત) નામના જાપથી થાય છે, તે નામનો જાપ કાર્ય કરતાં કરતાં કરો, ઊંઘતા પહેલાં, સવારે ઊઠતાં જ, ખાવાનું ખાતા સમયે, પ્રવાહી પદાર્થ પીતા સમયે એટલે કે સર્વ કાર્ય કરતાં- કરતાં નામનું સ્મરણ કરો. ભાવાર્થ એ છે કે હઠયોગ ન કરીને કર્મયોગમાં સાધના કરો.

●

## ''ગીતામાં બે પ્રકારનું જ્ઞાન છે''

ગીતાનું જે જ્ઞાન વેદો (ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અથર્વવેદ) તથા સૂક્ષ્મ વેદ જે સચ્ચિદાનંદ ધન બ્રહ્મ એટલે કે સત્ય પુરૂષે પોતાના મુખકમળથી તત્ત્વજ્ઞાન બોલ્યું છે, તેનાથી મેળ નથી ખાતું તો તે ખોટું જ્ઞાન છે. તે ગીતા જ્ઞાનદાતાનો પોતાનો મત છે, તે સ્વીકાર્ય નથી જ. ગીતા જ્ઞાનદાતાએ કેટલાય શ્લોકોમાં (ગીતા અધ્યાય-13 શ્લોક-2, અધ્યાય-7 શ્લોક-18, અધ્યાય-6 શ્લોક-36, અધ્યાય-3 શ્લોક 31 તથા અધ્યાય-18 શ્લોક-70માં) કહ્યું છે કે આવો મારો મત છે, મારો વિચાર છે. શ્રીમદ્ ભગવત ગીતામાં 95% વેદજ્ઞાન છે. 5% ગીતા જ્ઞાનદાતાનો પોતાનો મત છે. જો તે વેદોથી મેળ ખાય છે તો બરાબર છે, નહિતો વ્યર્થ છે. ઉદાહરણ માટે ગીતા અધ્યાય-2 ના શ્લોક-37-38 જ કાફી છે, એમાં વિરોધાભાસ છે. ગીતા અધ્યાય-2 શ્લોક-37માં તો લાભ-નુકસાન બતાડી રહ્યા છે. કહે છે કે જો તું યુદ્ધમાં મરણ પામીશ તો સ્વર્ગને પ્રાપ્ત થઇશ અથવા યુદ્ધ જીતીને પૃથ્વીનું રાજ્ય ભોગવીશ. એટલા માટે હે અર્જુન ! યુદ્ધને માટે ઊભો થઇ જા. (ગીતા અધ્યાય-2 શ્લોક-37) પછી ગીતા અધ્યાય-2 શ્લોક 38માં તરત જ એનાથી વિરુદ્ધ કહ્યું છે કે જય-પરાજય એટલે કે હાર-જીત, સુખ-દુ:ખને સમાન સમજીને યુદ્ધ માટે તૈયાર થઇ જા. આ પ્રમાણે યુદ્ધ કરવાથી તું પાપને પ્રાપ્ત થઇશ નહિ. (ગીતા અધ્યાય-2 શ્લોક-38)

ગીતા અધ્યાય-11 ના શ્લોક 33માં પણ સ્પષ્ટ કર્યું છે કે ''તુ ઊઠ, યશને પ્રાપ્ત કર. શત્રુઓને જીતીને ધન-ધાન્યથી સંપન્ન રાજ્યને ભોગવ. મેં તારા સામેવાળા યોદ્ધાઓને પહેલાથી જ મારી રાખ્યા છે, તું કેવળ (ફક્ત) નિમિત્ત માત્ર બની જા.

### ''પાંડવો દ્વારા કરવામાં આવેલો યજ્ઞ''

મહાભારત ગ્રંથમાં એક પ્રકરણ આવે છે કે કુરુક્ષેત્રના મેદાનમાં યુદ્ધ થયું, કરોડો સૈનિકો મરી ગયા, કરોડો બહેનો વિધવા થઇ ગઇ. કરોડો બાળક અનાથ થઇ ગયા. પાંડવો યુદ્ધ જીતી ગયા. કૌરવોનો સર્વનાશ થઇ ગયો. દિલ્હી (ઇન્દ્રપ્રસ્થ) ની ગાદી પર શ્રી યુધિષ્ઠિરને બેસાડીને શ્રીકૃષ્ણજી ''દ્વારકા'' ચાલી ગયા. યુધિષ્ઠિર રાજાને ભયંકર સ્વપ્નો આવવા લાગ્યા. જેમાં માથાં કપાયેલ વ્યક્તિ તેમના મહેલામાં પ્રવેશ કરતા દેખાવા લાગ્યા. કરોડો બાળકો પિતાજી ! - પિતાજી ! કહીને બૂમો પાડતા દેખાવા લાગ્યા, કરોડો સૈનિકોની વિધવાઓ હાય પતિ ! - હાય પતિ કહી - કહીને રડતી-કકળતી પોતાના જ માથાના વાળ ખેંચતી દેખાવા લાગી. તેમની તે તડફ જાણે કહી રહી હોય કે મહેલોના સુખને ભોગવવા માટે અમારા સુહાગને ઉજાડવાવાળા આ બાળકો સહિત અમને પણ મારી નાંખ, તારું ઐશ્વર્ય પૂર્ણ થઇ જશે. કેટલા દિવસ રહેશો આ રાજ સિંહાસન ઉપર ? એક દિવસ સવારના સમયે રાજા યુધિષ્ઠિર સ્નાન કરવા માટે ગંગા કિનારે ગયા, ત્યાં આગળ કેટલીયે હજારોની સંખ્યામાં સ્ત્રીઓ પણ પોતાના સુહાગની બંગડીઓ જે વિધવા થવાના કારણે તોડવામાં

આવે છે, તેને જળમાં પ્રવાહિત કરવા માટે તે ઘાટ પર ગઇ હતી. રડી રહી હતી, હિબકાં ભરી રહી હતી, કેટલીક ચક્કર ખાઇને જમીન પર પડી રહી હતી, તેમના નાના દીકરા-દીકરીઓ તે વિધવા માની ઉપર પડીને રડી રહ્યા હતા. કેટલીકને તો બે-બે સ્ત્રીઓ જે વૃદ્ધ હતી, હાથનો સહારો આપીને ચાલી રહી હતી તથા બધા જ રડી રહ્યા હતા. આ વિકરાળ દૃશ્ય જોઇને રાજા યુધિષ્ઠિર સ્નાન કર્યા વગર જ પાછા વળી ગયા. આખો દિવસ તે જ દૃશ્ય આંખો આગળ ફરવા લાગ્યું. કંઇપણ ખાધું-પીધું નહિ. રાત્રે ઊંઘવાનો પ્રયત્ન કર્યો તો એ જ દૃશ્ય ફરી આંખો આગળ તરવરવા લાગ્યું. જેમ-તેમ કરીને ઊંઘી ગયા તો તે જ સ્વપ્ન આવવા લાગ્યાં. જે પહેલા બે-ત્રણ દિવસથી દેખાઇ રહ્યાં હતાં. રાજા યુધિષ્ઠિર ન તો ઊંઘી શકતા હતા કે ન તો રડી શકતા હતા, ન કશું ખાઇ-પી શકતા હતા. માત્ર નામ પૂરતો આહાર લેતા હતા. આંખો ખુલ્લી ને ખુલ્લી રહેતી હતી, ચહેરો ગભરાયેલો ગભરાયેલો રહેતો હતો. દ્રૌપદી કેટલાક દિવસથી પોતાના મોટા પતિની આ દશા જોઇ રહી હતી. કેટલીયે વાર કારણ પૂછ્યું પરંતુ જવાબ મળતો હતો કંઇ નહિ - કંઇ નહિ. જ્યારે દ્રૌપદીને સંતોષકારક જવાબ ન મળ્યો અને યુધિષ્ઠિરજીની દશા દિવસ-પ્રતિદિવસ બગડતી જોઇને તેણે બીજા પાંડવોને કહેવું પડ્યું. ચારેય પાંડવ (ભીમ, અર્જુન, નકુલ અને સહદેવ) યુધિષ્ઠિરજીની પાસે ગયા તથા વિનમ્રતાપૂર્વક તકલીફનું કારણ પૂછ્યું. યુધિષ્ઠિરે તે સમયે પણ કહ્યું કંઇ નહિ. જ્યારે મોટો ભાઇ જીવતો હોય તો નાનાઓએ ટેન્શન (ચિંતા) કરવી જોઇએ નહિ. તો પણ અર્જુને કહ્યું કે મોટાભાઇ શું અમે નાના બાળકો છીએ ? શું અમે પોતાના ભાઇના દુ:ખના ભાગીદાર ના બની શકીએ ? શું તમે અમને પોતાના ભાઇ નથી માનતા ? યુધિષ્ઠિરની આંખોમાંથી આંસુ છલકાઇ ગયા અને ચારેયને બાથમાં લઇને છાતી તથા ગળે લગાડીને પછી તેમના મોંઢા પર હાથ રાખીને કહેવા લાગ્યા કે એવું ન કહેશો, તમે મારા એકલા ભાઇ જ નથી, મારી જિંદગી પણ છો અને પિતાજીની મિલકત છો, પરંતુ એવી કોઇ વાત જ નથી કે જે તમારાથી છુપાડીને રાખું. સહદેવે આંખોમાં આંસુ ભરીને કહ્યું કે મોટા ભાઇ ! લાગે છે કે રાજા બનીને તમે બેઇમાન બની ગયા છો. અમારાથી જરૂર કંઇક હેરાફેરી - બેઇમાની કરી રહ્યા છો. સાચે-સાચું કહો તમને અમારા ચારેયની સોગંદ. નહિ તો અમે પણ અન્ન-જળનો ત્યાગ કરીશું. યુધિષ્ઠિરને તે નાના ભાઇના પ્રેમથી ભરેલા મહેણાંએ વિવશ કરી દીધા તેમની સામે પોતાનું દુ:ખ પ્રગટ કરવા માટે. ત્યારે જે-જે સ્વપ્નો તથા ગંગા કિનારે જોયેલા દૃશ્યોનો વૃત્તાંત કહી સંભળાવ્યો. પાંડવોના ગુરૂ શ્રીકૃષ્ણજી હતા. (પ્રમાણ ગીતા અધ્યાય-2 શ્લોક 7 તથા ગીતા અધ્યાય-4 શ્લોક 3માં)

એટલા માટે પાંચેય પાંડવો દ્વારકા પહોંચ્યા તથા યુધિષ્ઠિરજીની તકલીફથી શ્રીકૃષ્ણજીને વાકેફ કર્યા તથા આ સંકટ આવવાનું કારણ તથા સમાધાન પૂછ્યું. શ્રીકૃષ્ણજીએ જોઇ-વિચારીને કહ્યું કે યુધિષ્ઠિર ઉપર ખરાબ આત્માઓનો પડછાયો છે તથા યુદ્ધમાં કરેલા બંધુ ઘાતનું (ભાઇઓને મારવાનું) પાપ માથે લાગ્યું છે.

**સમાધાનઃ-** શ્રીકૃષ્ણજીએ કહ્યું કે એક અશ્વમેઘ યજ્ઞ કરો. સમગ્ર પૃથ્વીના સાધુ-સંત, ઋષિ-મહર્ષિ, બ્રાહ્મણ, પોતાના સંબંધીઓ તથા સ્વર્ગ લોકના બધા જ દેવતાઓને તે યજ્ઞમાં ભંડારાનું ભોજન કરાવો. એક પંચાયણ (પંચાનન) એટલે કે પંચમુખી શંખ લાવો. તેને એક સુશોભિત ટેબલ પર રાખવામાં આવશે. જ્યારે બધા જ હાજર મહેમાન ભોજન કરી લેશે, ત્યારે આ શંખ પોતે જાતે જ અવાજ કરશે. ત્યારે તમારા એ ત્રણે તાપનું સંકટ સમાપ્ત થશે. જો શંખે અવાજ ન કર્યો તો યજ્ઞ સંપૂર્ણ નહિ થાય. સંકટ બનેલું જ રહેશે. આ સાંભળીને અર્જુનને જાણે સાપ સૂંઘી ગયો હોય. તેનું મગજ ફાટવા જેવું થઇ ગયું. વિચારવા લાગ્યો કે જ્યારે યુદ્ધની તૈયારી હતી, હું યુદ્ધ કરવાની ના પાડતો હતો ત્યારે ભગવાન યુદ્ધ કરવા માટે વારંવાર પ્રેરિત કરી રહ્યા હતા. કહ્યું હતું કે તમને કોઇ પાપ લાગશે નહિ. તું તો નિમિત્ત માત્ર છે. તારા બન્ને હાથમાં લાડુ છે. હવે કહી રહ્યા છે કે યુદ્ધમાં કરેલા નરસંહારનું પાપ જ તમારા સંકટનું કારણ છે. સમાધાન પણ એવું બતાવ્યું કે તે સમયના કરોડો રૂપિયા (વર્તમાનના ખરબો રૂપિયા) ખર્ચ થવાના છે. આવો વિચાર કરીને અર્જુન ઝેરનો ઘુંટડો પી ગયો કે જો હું આજે શ્રીકૃષ્ણજીને પ્રશ્ન કરીને પૂછીશ કે ગીતા જ્ઞાન આપતી વખતે તમે કહી રહ્યા હતા કે યુદ્ધ કરો, તમે પાપને પ્રાપ્ત નહિ થાઓ. હવે તે જ યુદ્ધમાં કરેલા પાપ જ સંકટનું કારણ બતાવ્યું છે. ભાઇ યુધિષ્ઠિર એવું વિચારશે કે ખરબો રૂપિયા મારી બિમારી (દુઃખ) પર ખર્ચ થવાના છે, અર્જુન એટલા માટે શ્રીકૃષ્ણજી સાથે વાદ-વિવાદ કરી રહ્યો છે, આ મારી બિમારીનો ઉપચાર કરાવવા નથી ઇચ્છતો. થોડોક પણ ખ્યાલ યુધિષ્ઠિર ભાઇને આવી જશે તો એ મરી જશે, પણ બિમારીનો ઇલાજ કરાવશે નહિ. આવો વિચાર કરીને અર્જુને યજ્ઞની તિથિ તથા સ્થળની પૂછપરછ કરીને યજ્ઞની તૈયારી કરી. તે યજ્ઞમાં તેંત્રીસ (33) કરોડ દેવતા, 88 હજાર ઋષિ, 12 કરોડ બ્રાહ્મણ, 56 કરોડ યાદવ, (અર્જુનના સાસરી પક્ષના દ્વારકાથી) નૌ નાથ, 84 સિદ્ધ મહાત્મા, બીજા ઘણા ખરા, સામાન્ય પ્રજાજનો આવ્યા તથા શ્રીકૃષ્ણ સહિત બધાએ ભોજન કર્યું. પરંતુ શંખે અવાજ કર્યો નહિ. પછી સંત સુદર્શન (સુપચ)જીને બોલાવવામાં આવ્યા, ત્યારે તે શંખ વાગ્યો. યજ્ઞ સંપૂર્ણ થયો. તે સમયે કરૂણામય નામથી પ્રગટ પરમાત્મા જે તત્ત્વદર્શી સંતની લીલા કરવા માટે દરેક યુગમાં આવે છે, આવેલા હતા. સુદર્શન તેમના શિષ્ય હતા તથા સત્યનામ (સતનામ, જે બે અક્ષરનું છે, એક ૐ બીજો તત્)ની ભક્તિ કરતા હતા. જેના કારણે પાંડવોનો યજ્ઞ સફળ થયો હતો તથા તે ત્રણ તાપથી આવેલું પાંડવોનું સંકટ સમાપ્ત થયું હતું, જે ન તો શ્રીકૃષ્ણજીના ભોજન કરવાથી તથા ન ઉપરોક્ત મહાનુભાવોના ભોજન કરવાથી સમાપ્ત થયું. શ્રી સુદર્શનજી તે પરમ અક્ષર બ્રહ્મ એટલે કે પૂર્ણ પરમાત્માની ભક્તિ કરતા હતા. સૂક્ષ્મ વેદમાં કહ્યું છે કે:-

***તુમ કૌન રામ કા જપતે જાપમ્ । તાતેં કટૈં ના તુમ્હરૈં તીનોં તાપમ્ ॥***

**ભાવાર્થઃ-** તમે કયા રામની ભક્તિનું નામ જપો છો, જેનાથી તમારા ત્રણ તાપ પણ સમાપ્ત નથી થતા, મોક્ષ તો ખૂબ જ દૂરની વાત છે. એટલા માટે મારી (સંત રામપાલની) પાસે તે સત્ય સાધના છે, બે અક્ષરનું સત્યનામ છે. આવો અને દીક્ષા લઇને પોતાનું કલ્યાણ કરાવો.

હવે તેજ પ્રસંગ પર આવીએ છીએ કે ગીતામાં બે પ્રકારનું જ્ઞાન છે એટલે કે વિરોધાભાસ છે. એક તો ગીતા જ્ઞાનદાતાએ યુદ્ધ કરાવવાને માટે પોતાના દાવ-પેચ ખેલ્યા છે, તે વેદ વિરુદ્ધ હોવાથી તથા સત્યથી પરે (અલગ) હોવાથી સ્વીકાર્ય નથી, તે એનો મત (વિચાર) છે. એટલા માટે ગીતા અધ્યાય-12 શ્લોક 5માં કહ્યું છે કે તે સચ્ચિદાનંદ ધન બ્રહ્મની ભક્તિ કલેશ તથા દુ:ખપૂર્વક પ્રાપ્ત થાય છે. જ્યારે વેદમાં લખ્યું છે કે તત્ત્વદર્શી સંત મળ્યા પછી તે પરમાત્મા (પૂર્ણ બ્રહ્મ)ની ભક્તિ કાર્ય (કામકાજ) કરતાં-કરતાં નામ-જાપ સાધના કરીને કરવામાં આવે છે, જે ખૂબ જ સરળ છે. આનાથી સિદ્ધ થયું કે ગીતા જ્ઞાનદાતાએ જે પોતાનો વિચાર (મત) કહ્યો છે, જો તે વેદો (ચાર વેદ છે:- 1. ઋગ્વેદ, 2. યજુર્વેદ, 3. સામવેદ, 4. અથર્વવેદ તથા પાંચમો છે સૂક્ષ્મ વેદ)થી મેળ નથી ખાતો (બેસતો) તો તે વ્યર્થ જ્ઞાન છે. તે ગીતા જ્ઞાનદાતાનું પોતાનું (ઘરનું) જ્ઞાન છે, માટે તે અમારે ગ્રહણ જ નથી કરવાનું, તે અમારે માનવાનું જ નથી.

**અન્ય પ્રમાણઃ-** ગીતા અધ્યાય-12 શ્લોક 8 થી 19 સુધીમાં પોતાનો મત બતાવ્યો (કહ્યો) છે. ગીતા અધ્યાય-12 શ્લોક 8માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે મારામાં મન લગાડ, મારામાં બુદ્ધિ લગાડ, મને પ્રાપ્ત થઇશ. આ જ પ્રમાણે (ઉર્ધ્વમ્) ઉપરવાળા અવ્યક્તની ભક્તિ કરીશ તો તેને પ્રાપ્ત થઇશ, આમાં કોઇ શંકાને સ્થાન નથી (ગીતા અધ્યાય-12 શ્લોક-8)

ગીતા અધ્યાય-12 શ્લોક 9માં ગીતા જ્ઞાનદાતા કહે છે કે જો મારી પ્રાપ્તિ ઇચ્છે છે અને જો તું મનને મારામાં લગાવવામાં સમર્થ નથી તો હે ધનંજય ''અર્જુન !'' અભ્યાસ યોગ એટલે કે નામ-જાપ તથા નિત્ય પાઠ કરવો વગેરે-વગેરે અભ્યાસ સાધના કહેવાય છે, ને કરીને મને પ્રાપ્ત કરવાની ઇચ્છા કર.

ગીતા અધ્યાય-12 શ્લોક 10માં ગીતા જ્ઞાનદાતા કહે છે કે જો નામ-જાપ નિત્યપાઠ વગેરે-વગેરે અભ્યાસ કરવામાં પણ સમર્થ નથી તો (મત્ કર્મ પરમ:) મારા માટે શ્રેષ્ઠ કર્મ કરવાવાળો થઇ જા. આ પ્રમાણે મારા માટે શુભ કર્મો કરતો રહીને પણ સિદ્ધિને પ્રાપ્ત કરી લઇશ.

ગીતા અધ્યાય-12 શ્લોક 11માં ગીતા જ્ઞાનદાતા કહે છે કે જો (મદ્યોગમ = મત્ યોગમ્) મારા દ્વારા બતાવવામાં આવેલી ભક્તિ સાધના પર આશ્રિત થઇને ઉપરોક્ત દેખાડેલ સાધના કરવામાં પણ તું સમર્થ નથી તો (યતાત્મવાન્ = યત આત્મવાન્) યતિ આત્માવાળો થઇ જા. ''યતિ''નો અર્થ એ છે કે પોતાની પત્નીના સિવાય કોઇપણ સ્ત્રીના પ્રત્યે વિષય વિકારવશ થઇને મનમાં ક્યારેય દ્વેષ ઉત્પન્ન ન

થતો હોય, તેને યતિ પુરૂષ કહે છે. જેમ શ્રી રામચંદ્રજીંને યતિ એટલે કે સંત ભાષામાં ''જતિ'' કહેવામાં આવે છે. શ્રી વ્યાસના પુત્ર સુખદેવ = શુકદેવને પણ યતિ = જતિ માનવામાં આવ્યા છે. તથા શ્રી રામચંદ્રજીની પત્ની સીતાને ''સતી'' માનવામાં આવ્યા છે. એટલા માટે કહ્યું છે કે યતાત્મવાન્ એટલે કે યતિ પુરૂષ બનીને બધા કર્મોના ફળનો ત્યાગ કર. (ગીતા અધ્યાય-12 શ્લોક 11)

ગીતા અધ્યાય-12 શ્લોક 12માં ગીતા જ્ઞાનદાતા કહે છે કે (અભ્યાસાત્) નામ-જાપ, નિત્ય પાઠ વગેરે-વગેરે જે અભ્યાસ કરવામાં આવે છે, તેનાથી શ્રેષ્ઠ જ્ઞાન છે એટલે કે જિજ્ઞાસુ બનીને જ્ઞાન પ્રાપ્ત કર. જ્ઞાનથી ધ્યાન એટલે કે હઠ સાધના કરીને સમાધિ લગાવવી, અહીંયા ગીતા જ્ઞાનદાતાના મતાનુસાર ધ્યાન કહ્યું છે. જેનું અનુસરણ સર્વ ઋષિજન કર્યા કરતા હતા. જેને વર્તમાનમાં Meditation (મેડિટેશન) કહે છે. ધ્યાનથી શ્રેષ્ઠ સર્વ કર્મોના ફળનો ત્યાગ છે કારણ કે ત્યાગથી તાત્કાલિક શાંતિ પ્રાપ્ત થઇ જાય છે. (આ ગીતા જ્ઞાનદાતાનો મત/વિચાર છે)

ગીતા અધ્યાય-12 શ્લોક 13-14 ગીતા જ્ઞાનદાતા કહે છે કે જે વ્યક્તિ બધા પ્રાણીઓથી દ્વેષભાવ રહિત છે. બધાનો મિત્ર છે અને દયાળુ છે. જેમ કે રાજા જનક હતા. મમતા રહિત અહંકારથી રહિત સુખ-દુ:ખમાં સમાન રહે છે, ક્ષમવાન્ છે, જે (યોગી) સાધક નિરંતર સંતુષ્ટ છે. (યતાત્મા) યતિ પુરૂષ છે, દૃઢ નિશ્ચયવાળો છે એટલે કે જે મેં જ્ઞાન, પોતાનો મત અથવા વેદ જ્ઞાન બતાવ્યું (કહ્યું) છે, તેને દૃઢ નિશ્ચયથી પાલન કરે છે. તે મારા પર સમર્પિત મારો ભક્ત મને પ્રિય છે.

આજ પ્રમાણે ગીતા અધ્યાય 12ના શ્લોક 15 થી 19 સુધીમાં પોતાનો મત કહ્યો છે જે કેવળ નાસ્તિકતાની તરફ લઇ જવાવાળો છે. જે ઉપર કરવામાં આવેલ ઉલ્લેખમાં (ગીતા અધ્યાય-12 શ્લોક 8 થી 12 સુધી) કહ્યું છે કે:-

મારામાં મન લગાડ, જો મન નથી લાગી શકતું તો નામ, જાપ તથા નિત્ય પાઠ વગેરેનો અભ્યાસ કર્યા કર. અભ્યાસનો અર્થ છે. નિત્ય પ્રાપ્ત વારંવાર કર્મ કરવું. નામ-જાપ, નિત્ય પાઠ કરીને મને પ્રાપ્ત કરવાની ઇચ્છા કર. જો નામ-જાપ, નિત્યપાઠ પણ નથી કરી શકતો તો મારા માટે એટલે કે પરમાત્માના માટે કર્મ કરવાવાળો થઇ જા. ઉદાહરણમાટે જેમ કે ધાર્મિક કર્મ કરીએ છીએ. કોઇ જગ્યાએ કાંબળા વહેંચી દીધા, કોઇ જગ્યાએ ભોજન ભંડારા કરી દીધા, કોઇ જગ્યાએ મંદિર બનાવી દીધું, કોઇ જગ્યાએ પાણીની પરબ બંધાવી દીધી, પક્ષીઓને અનાજ નાખી દીધું વગેરે-વગેરે ભગવાન પ્રાપ્તિ માટે કરેલ કર્મ કહેવાય છે. એના કરવાથી થોડીક સિદ્ધિ પ્રાપ્ત થઇ જશે. પ્રિય વાંચકો ! ધ્યાનથી વિચારો, આ શ્લોકમાં એ કર્મોથી થવાવાળું ફળ પણ બતાવી દીધું છે કે ''સિદ્ધિ'' પ્રાપ્ત થઇ જાય છે. પછી સાધક સ્વયં ઝાડ-ફૂંક, જંતર-મંતર, આશીર્વાદ તથા દુઆ-બદદુઆ આપવા યોગ્ય થઇ જાય છે અને મહર્ષિ પ્રસિદ્ધ થઇ જાય છે. (ગીતા અધ્યાય-12 શ્લોક 10)

જો ભગવાનને માટે કર્મ પણ નથી કરી શકતો તો યતિ (જતિ) પુરૂષ બનીને કર્મ ફળનો ત્યાગ કર.

**વિચાર કરોઃ-** જ્યારે ભગવાનને માટે ધાર્મિક કર્મ કરશે જ નહિ તો કયાં કર્મ શેષ છે, જેમના ફળનો ત્યાગ કરશે. આને કહે છે ઉવા-બાઇ (બકવાસ)નું જ્ઞાન, માથા-પગ વગરનું જ્ઞાન (ગીતા અધ્યાય-12 શ્લોક 11) પછી ગીતા અધ્યાય-12 શ્લોક-12માં તો કમાલ જ કરી નાંખી છે. કહ્યું છે કે અભ્યાસ એટલે કે નામ-જાપ, નિત્ય પાઠરૂપી અભ્યાસથી જ્ઞાન શ્રેષ્ઠ છે જે ગીતા જ્ઞાનદાતા પોતાનો વિચાર (મત) બતાવી  રહ્યા છે, અહીં આગળ આ જ્ઞાનની ચર્ચા છે. જ્ઞાનથી ધ્યાન (Meditation) એટલે કે હઠપૂર્વક એક સ્થાન પર એકાંતમાં આસન (ગીતા અધ્યાય-6 શ્લોક 10 થી 15 માં બતાવેલી વિધિ જે ગીતા જ્ઞાનદાતાનો વિચાર છે) પર બેસીને કરવું શ્રેષ્ઠ છે. ધ્યાનથી બધા ધાર્મિક કર્મોનું ફળ ત્યાગવાથી તરત જ શાંતિ મળી જાય છે. ગીતા અધ્યાય-12 શ્લોક 11માં બધા જ ધાર્મિકતાવાળા કર્મ ત્યાગવાનો આદેશ છે. આ પ્રમાણેનું આ જ્ઞાન જે સાધકોને નાસ્તિકતાની તરફ ધકેલી રહ્યું છે. આ ગીતા જ્ઞાનદાતાનું શાસ્ત્ર વિરુદ્ધ જ્ઞાન છે, જેના કારણે સાધક શાસ્ત્રવિધિને ત્યાગીને મનમાન્યું આચરણ કરવા લાગી ગયા અને પોતાનું અનમોલ જીવન વ્યર્થ કરે છે. જો આ જ્ઞાન યોગ્ય સાચું  હોતું કે ભગવાનમાં મન ના લાગે તો અભ્યાસ (નામ-જાપ, નિત્ય પાઠ) કર, અભ્યાસ ન કરી શકે તો ભગવાન માટે કર્મ કર, ભગવાન માટે કર્મ ન કરી શકે તો સર્વ કર્મોના ફળ ત્યાગી દે તો ચાર વેદોની તથા શ્રીમદ્ ભગવત ગીતાના બીજા 650 શ્લોકોની (કારણ કે લગભગ 50 શ્લોકોમાં ગીતા જ્ઞાનદાતાનું પોતાના વિચારોવાળું જ્ઞાન છે) શું જરૂરિયાત હતી ? આ જ ચાર-પાંચ શ્લોક પર્યાપ્ત હતા. આ પ્રમાણે ગીતા જ્ઞાનદાતાએ જે પોતાનો વિચાર બતાડ્યો છે, જે વેદોથી વિરુદ્ધ છે, તે સ્વીકાર કરવા યોગ્ય નથી જ. ગીતા અધ્યાય-12 શ્લોક 20માં પોતાના જ્ઞાનને છુપાવવાને માટે પાછું કહ્યું છે કે પરંતુ જે (શ્રધાના:) સાધક શ્રદ્ધાની સાથે (મત્પરમા: = મત્ પરમા:) મારાથી શ્રેષ્ઠ પરમેશ્વરને (પર્યુવાસતે) પૂજે છે, તે મને ખૂબ વધારે પ્રિય છે. આવું જ શરૂઆતમાં વર્ણન છે કે ગીતા અધ્યાય-5 શ્લોક 14 થી 16,20,24,25,26 માં પણ પ્રમાણ છે કે ગીતા જ્ઞાનદાતાએ પોતાનાથી અલગ બીજા (અન્ય) પ્રભુના વિષયમાં પણ કહ્યું છે. ગીતા અધ્યાય-5 શ્લોક 14માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે (પ્રભુ) પરમાત્મા કોઇ મનુષ્યના ન તો કર્તાપનની, ન કર્મક, ન કર્મફળ સંયોગની ઉત્પત્તિ કરે છે, પરંતુ સર્વ પ્રાણી પોતના સ્વભાવવશ કર્મ કરે છે.

ગીતા અધ્યાય-5 શ્લોક 15:- (વિભુ:) સર્વવ્યાપી એટલે કે વાસુદેવ જેનું ગીતા અધ્યાય 3 શ્લોક 14-15માં વર્ણન છે. કહ્યું છે કે સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ અન્નથી થાય છે, અન્ન વર્ષા (વરસાદ) થી ઉત્પન્ન થાય છે, વરસાદ ધાર્મિક અનુષ્ઠાનો એટલે કે યજ્ઞોથી થાય છે. યજ્ઞ શાસ્ત્રાનુકૂળ ધાર્મિક કર્મોથી ઉત્પન્ન થાય છે. ધાર્મિક કર્મ તો બ્રહ્મ એટલે કે ક્ષર પુરૂષથી ઉત્પન્ન થાય છે. બ્રહ્મ એટલે કે ક્ષર પુરૂષને (અક્ષર: સમ્ઉદ્ભવમ્) અવિનાશી પરમાત્મા એટલે કે પરમ અક્ષર બ્રહ્મથી

ઉત્પન્ન થયેલ જાણ. આનાથી સિદ્ધ થાય છે કે (સર્વગતમ્ બ્રહ્મ) સર્વવ્યાપી પરમાત્મા એટલે કે ''વિભુ:'' સર્વવ્યાપી પરમેશ્વર ન કોઇના જ પાપ અને ન શુભ કર્મને જ ગ્રહણ કરે છે. તેનાથી જ સર્વ (જન્તવ:) જીવજંતુ તથા મનુષ્ય મોહિત થઇ રહ્યા છે.

ગીતા અધ્યાય-5 શ્લોક 16 તથા 17ને વાંચવાથી સ્પષ્ટ થઇ જશે કે ગીતા જ્ઞાનદાતાએ પોતાનાથી અલગ બીજા પરમેશ્વરના વિષયમાં કહ્યું છે. આ જ પ્રમાણે ગીતા અધ્યાય-5 શ્લોક 20,24,25,26 ને ગીતામાં બીજા અનુવાદકો દ્વારા કરેલા સરળાર્થથી સમજી જઇ શકાય છે.

આ જ પ્રમાણે ગીતા અધ્યાય-6 શ્લોક 7માં સ્પષ્ટ ''પરમાત્મા'' શબ્દ મૂળ પાઠમાં લખ્યો છે જે ગીતા જ્ઞાનદાતાથી અલગ બીજા ''પરમાત્મા''નું પ્રમાણ છે કારણ કે અધ્યાય-15 શ્લોક 17માં કહ્યું છે કે શ્લોક 16માં વર્ણવેલ બે પુરૂષો, ક્ષર પુરૂષ તથા અક્ષર પુરૂષથી અન્ય (બીજા) કોઇ ઉત્તમ પુરૂષ એટલે કે પુરૂષોત્તમ છે જેણે (પરમાત્મા ઇતિ ઉદાહ્રત) પરમાત્મા કહેવામાં આવે છે. તે જ ત્રણે લોકોમાં પ્રવેશ કરીને બધાનું ધારણ-પોષણ કરે છે, તે અવિનાશી પરમાત્મા છે. આમાં ગીતા અધ્યાય-15 શ્લોક 17માં) પણ ''પરમાત્મા'' શબ્દ છે. આ પ્રમાણે ગીતાના અમૃત જ્ઞાનને સમજવાનું છે, કેવળ ગીતાજીના વાંચન માત્રથી કલ્યાણ નથી, એના અમૃત જ્ઞાનને સમજીને એના અનુસાર પોતાની ધાર્મિક ક્રિયાઓ કરવાથી ત્રણેય લાભ છે જે ગીતા અધ્યાય-16 શ્લોક 23માં સુખપ્રાપ્તિ, સિદ્ધિ-શક્તિ પ્રાપ્તિ તથા પરમ ગતિ એટલે કે પૂર્ણ મોક્ષ પ્રાપ્તિને માટે બતાવ્યું છે.

હવે ફરી તેજ પ્રસંગ પર ચર્ચા કરીએ છીએ જે પ્રશ્નકર્તાએ જાણવા ચાહ્યું છે કે ''ગીતા જ્ઞાનદાતાથી બીજા (જુદા) પરમાત્મા કોણ છે તથા તેણે પોતાનાથી બીજા કોઇ પરમેશ્વરની શરણમાં જવાનું કહ્યું છે ?

જવાબ ચાલી રહ્યો છે. આ તો સ્પષ્ટ જ થઇ ચુક્યું છે કે ગીતા જ્ઞાનદાતાથી બીજા ''પરમ અક્ષર બ્રહ્મ'' છે. ગીતા અધ્યાય-18 શ્લોક-62માં તે પરમેશ્વર (પરમ અક્ષર પુરૂષ)ની શરણમાં જવાને માટે કહ્યું છે. ગીતા અધ્યાય-18 શ્લોક 66, ગીતા અધ્યાય 8 શ્લોક 28, ગીતા અધ્યાય-12 શ્લોક 6 થી 7માં કહ્યું છે કે પૂર્ણ પરમાત્માને પ્રાપ્ત કરવાને માટે મારી ભક્તિ પણ કરવામાં આવે છે. જેમ કે ગીતા અધ્યાય-17 શ્લોક 23માં ''ઓમ્ (ॐ) તત્ સત્'' ત્રણ નામનો જાપ પરમ અક્ષર બ્રહ્મની પ્રાપ્તિને માટે છે. ગીતા અધ્યાય-8 શ્લોક 13માં ગીતા જ્ઞાનદાતાએ પોતાની સાધના કરવાનું કેવળ એક ''ઓમ'' (ॐ) નામ કહ્યું છે. પૂર્ણ પરમાત્માની પ્રાપ્તિ માટે ''ॐ'' નામનો જાપ પણ સાધક કરે છે. એટલા માટે ગીતા અધ્યાય 8 શ્લોક 28 માં કહ્યું છે કે :- યોગી એટલે કે ભક્ત તત્ત્વજ્ઞાન દ્વારા આ રહસ્યને જાણીને જે વેદો અનુસાર ભક્તિ કરવાથી, તેના જ અનુસાર યજ્ઞ એટલે કે ધાર્મિક અનુષ્ઠાન કરવાથી, તપ એટલે કે પોતાના ધર્મ પર દઢતાથી લાગી રહેવાથી જે શારીરિક, માનસિક તકલીફો વેઠવી પડે છે, તે તપથી તથા દાન કરવાથી જે પુણ્ય ફળ થાય

છે એટલે કે ધાર્મિક કર્મથી ભક્તિ ફળ થાય છે, તેનું (અત્યેતિ) ઉલ્લંઘન કરી જાય છે એટલે કે ત્યાગી જાય છે તે (આદ્ય) સનાતન (પરમ્) અન્ય = બીજા / જુદા (સ્થાનમ્) ધામને પ્રાપ્ત થાય છે.

ગીતા અધ્યાય-12 શ્લો 7 થી 8માં કહ્યું છે કે:- જે (મત્પરા: = મત્ પરા:) મારાથી બીજા પરમાત્માની ભક્તિ કરવાવાળા બધા જ ભક્તજન મારી ભક્તિના બધા ભક્તિ કર્મો મને અર્પણ કરીને મારામાં ત્યાગી જાય છે. જે અનન્ય ભક્તિ તે મારાથી પરે એટલે કે બીજાને ભજે છે.

ગીતા અધ્યાય 12 શ્લોક 7માં વર્ણન છે કે હે અર્જુન ! મારામાં ચિત્ત લગાવાવાળા, મને જાણવાવાળા (આવેશિત) આવેશની સાથે (ચેતાસામ્) મને ચેતી ચુક્યા છે, મને જાણી ચુક્યા છે. તે ભક્તોનો હું જલ્દીથી સંસાર સમુદ્રમાંથી (સમ્ ઉદ્ધર્તા = સમુદ્ધર્તા) તે જ પ્રમાણે ઉદ્ધાર કરી દઉં છું. ગીતા અધ્યાય-18 શ્લોક 66માં કહ્યું છે કે:-

***સર્વધર્માન્ પરિત્યજ્ય મામ્, એકમ શરણમ્ વ્રજ ।***
***અહમ્ ત્વા સર્વ પાપેભ્ય: મોક્ષયિષ્યામિ મા શુચ: ॥***

બીજા અનુવાદકર્તાઓએ જે અનુવાદ આ ગીતા અધ્યાય-18ના શ્લોક 66નો અનુવાદ કર્યો છે, તે આ પ્રમાણે છે જે ખોટો છે:- સંપૂર્ણ ધર્મોને એટલે કે સંપૂર્ણ કર્મોને મારામાં ત્યાગીને તું કેવળ એક મારી સર્વશક્તિમાન સર્વાધાર પરમેશ્વરની શરણમાં (વ્રજ) આવી જા. હું તને સંપૂર્ણ પાપોથી મુક્ત કરી દઇશ, શોક ન કરીશ.

**વિવરણઃ-** જે અનુવાદ કર્યો છે કે સંપૂર્ણ ધર્મોને એટલે કે સંપૂર્ણ કર્તવ્ય કર્મોને મારામાં ત્યાગીને તું એક મારી સર્વ શક્તિમાન સર્વાધાર પરમેશ્વરની શરણમાં આવી જા, આ ખોટો છે.

**વિચાર કરોઃ-** ગીતા અધ્યાય-18 શ્લોક 46, 62, અધ્યાય-15 શ્લોક 1 થી 4 તથા 17માં સર્વ શક્તિમાન સર્વાધાર પરમાત્મા તો કોઇ બીજા કહ્યા છે. જેણે ગીતા અધ્યાય-8 શ્લોક 3માં પરમ અક્ષર બ્રહ્મ કહ્યા છે. અહીંયા ગીતા અધ્યાય-18 શ્લોક 66માં અનુવાદકે પોતાના તરફથી મહિમા જોડી (ઉમેરી) છે, જે વ્યર્થ છે. પછી કહ્યું છે કે સંપૂર્ણ કર્મોને મારામાં ત્યાગીને મારી શરણમાં આવી જા. આ પણ ન્યાયસંગત વાત નથી જ. જો કોઇ કહે કે સર્વ કર્મ મારામાં છોડ અને મારી શરણમાં આવી જા. આનાથી પણ સ્પષ્ટ થાય છે કે સર્વ ધાર્મિક કર્મોની ભક્તિ કમાઇને મારામાં છોડીને અન્ય (બીજા)ની શરણમાં જા. આમ જોઇએ તો પણ સંસ્કૃતમાં 'વ્રજ' શબ્દ છે તેનો અર્થ ''જવું'' થાય છે. આવવું નથી કરી શકાતો. જેમ કે અંગ્રેજીના શબ્દ “Go” નો અર્થ જવું થાય છે, તેનો અર્થ આવવુ ન કરવો જોઇએ. પછી બીજું પ્રમાણ ગીતા અધ્યાય-2 શ્લોક 7માં અર્જુને કહ્યું કે હું તમારો શિષ્ય છું, તમારી શરણમાં છું, મને યોગ્ય શિક્ષા (શિક્ષણ-સલાહ) આપો. પછી ગીતા જ્ઞાનદાતાએ ગીતા અધ્યાય-4 શ્લોક 3માં કહ્યું છે કે તું મારો ભક્ત તથા સખો (મિત્ર) છે. અહીંયા ગીતા અધ્યાય-18 શ્લોક 66માં આ પ્રમાણે અનુવાદ કરવો કે

મારી શરણમાં આવી જા, બિલકુલ અયોગ્ય છે કારણ કે અર્જુન તો પહેલાંથી જ શ્રીકૃષ્ણની શરણમાં હતો. ઉપર પણ સિદ્ધ થઇ ચુક્યું છે. તત્ત્વજ્ઞાન ના હોવાને કારણે અનુવાદકોએ અર્થોના અનર્થ કરી નાંખ્યા છે.

ગીતા જ્ઞાનદાતાએ ગીતા અધ્યાય 18 શ્લોક 62માં કહ્યું છે કે તે પરમેશ્વરની શરણમાં જા. તે પરમેશ્વરની કૃપાથી જ તું પરમ શાંતિને તથા પરમ ધામને પ્રાપ્ત થઇશ. ગીતા અધ્યાય-18 શ્લોક 46માં કહ્યું છે કે ''જે પરમેશ્વરથી સંપૂર્ણ પ્રાણીઓની ઉત્પત્તિ થઇ છે અને જેનાથી આ સમસ્ત જગત વ્યાપ્ત છે, તે પરમેશ્વરની પોતાનાં સ્વાભાવિક કર્મો કરતાં-કરતાં પૂજા કરીને મનુષ્ય પરમ સિદ્ધિને પ્રાપ્ત થઇ જાય છે. ગીતા અધ્યાય-15 શ્લોક 17માં સ્પષ્ટ કર્યું છે કે શ્લોક 16માં કહેલા બે પુરૂષો (ક્ષર પુરૂષ તથા અક્ષર પુરૂષ)થી ઉત્તમ પુરૂષ તો કોઇ અન્ય (બીજા) જ છે જેમને પરમાત્મા કહેવામાં આવે છે. તે જ ત્રણે લોકોમાં પ્રવેશ કરીને બધાનું ધારણ-પોષણ કરે છે. તે વાસ્તવ (હકીકત)માં અવિનાશી પરમેશ્વર છે. ગીતા અધ્યાય-15 શ્લોક 4 માં કહ્યું છે કે તત્ત્વદર્શી સંતની પ્રાપ્તિ પછી પરમેશ્વરના તે પરમપદની શોધ કરવી જોઇએ. જ્યાં આગળ ગયા પછી સાધક પાછા વળીને સંસારમાં નથી આવતા. જે પરમેશ્વરથી સંસારરૂપી વૃક્ષની પ્રવૃત્તિ - વિસ્તારને પ્રાપ્ત થઇ છે, તેની જ ભક્તિ કરો.

ગીતા જ્ઞાનદાતાએ પોતાની સ્થિતિ ગીતા અધ્યાય-2 શ્લોક 12, અધ્યાય-4 શ્લોક-5માં અધ્યાય-10 શ્લોક-2માં સ્પષ્ટ કરી જ રાખી છે કે અર્જુન ! તારા અને મારા ખૂબ જન્મ થઇ ચુક્યા છે, આગળ પણ થતાં રહેશે, તું નથી જાણતો, હું જાણું છું. જે પ્રભુનું સ્વયં જન્મ-મરણ થાય છે તો તે પણ અવિનાશી ના થયા, તેના ઉપાસક પણ જન્મતા અને મરતા રહેશે. બ્રહ્મનો સાધક તે મોક્ષ પ્રાપ્ત નથી કરી શકતો જે ગીતા અધ્યાય-15 શ્લોક 4માં કહ્યું છે કે જ્યાં ગયા પછી પુન: જન્મ નથી થતો. ગીતા અધ્યાય-18 શ્લોક 66નો વાસ્તવિક અનુવાદ આ પ્રમાણે છે:-

**અનુવાદ:-** (સર્વધર્માન્) સંપૂર્ણ ધાર્મિક કર્મ જે મારી ઉપાસનાના છે, તેની ભક્તિ કમાઇ છે. તેને (મામ્) મને (પરિત્યજ્ય) ત્યાગ કરીને તું (એકમ્) તે એક જેના સમાન બીજું કોઇ નથી, અદ્વિતીય સર્વ શક્તિમાન પરમેશ્વર એટલે કે પરમ અક્ષર બ્રહ્મની (શરણમ્) શરણમાં (વ્રજ) જા. (અહમ્ત્વા) હું તને (સર્વ પાપેભ્ય:) સંપૂર્ણ પાપોથી (મોક્ષયિષ્યામિ) મુક્ત કરી દઇશ, (મા શુચ:) શોક ન કરીશ. ગીતા અધ્યાય-18 શ્લોક 66માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે જે મંત્ર મારી ઉપાસનાના છે, તેમની ભક્તિની કમાણી મને આપીને તું કેવળ તે એક એટલે કે જેના સમાન કોઇ બીજી શક્તિ ન હોય, અદ્વિતીય સર્વ શક્તિમાન પરમેશ્વર એટલે કે પરમ અક્ષર બ્રહ્મની શરણમાં જા, હું તને સર્વ પાપોથી મુક્ત કરી દઇશ, શોક ન કરીશ. (ગીતા અધ્યાય-18 શ્લોક-66)

**વિશ્લેષણ:-** ગીતા અધ્યાય-17 શ્લોક-23માં ગીતા જ્ઞાનદાતાએ સંકેત કર્યો છે કે તે (બ્રહ્મણ:) સચ્ચિદાનંદ ધન બ્રહ્મ એટલે કે પરમ અક્ષર બ્રહ્મની પ્રાપ્તિનો ''ૐ તત્ સત્'' આ ત્રણ મંત્રોનો જાપ છે. આનો જ જાપ કરવાનો નિર્દેશ

છે. પછી ગીતા અધ્યાય-8 શ્લોક-13માં પોતાની ઉપાસનાનો મંત્ર બતાવ્યો છે કે:- મારી બ્રહ્મની ભક્તિનો કેવળ એક ''ઓમ્'' (ॐ) અક્ષર છે, જે આનું ઉચ્ચારણ કરતો રહીને શરીર ત્યાગ કરી જાય છે તો તેને મારી પરમગતિ (મોક્ષ) પ્રાપ્ત થાય છે. ''ॐ''નો જાપ બ્રહ્મનો જાપ છે, આનાથી બ્રહ્મલોક પ્રાપ્ત થાય છે, આ જ પરમ ગતિ ॐના જાપથી થાય છે જેને ગીતા અધ્યાય-7ના શ્લોક 18 માં અતિ અનુત્તમ એટલે કે અશ્રેષ્ઠ (ખરાબ/ઘટિયા) કહી છે. ગીતા અધ્યાય-8 શ્લોક-16 માં કહ્યું છે કે બ્રહ્મલોક સુધી જેટલા પણ લોક છે, તેમાં ગયેલા સાધક પુનરાવર્તીમાં છે. એટલે કે બ્રહ્મલોક સુધી ગયેલ સાધક પુન: (ફરી) જન્મ-મૃત્યુમાં રહે છે, એટલા માટે ઉપરોક્ત ગીતા અધ્યાય-18 શ્લોક-46, 62, 66, અધ્યાય-15 શ્લોક-4 તથા 17માં કોઇ સમર્થ પરમેશ્વરની શરણમાં જવા માટે કહ્યું છે. જે ''ॐ તત્ સત્'' નામનો જાપ (ગીતા અધ્યાય-17 ના શ્લોક-23માં ત્રણ મંત્ર ॐ તત્ સત્) છે. એમાં જે ''ॐ'' નામ છે, તે બ્રહ્મનો જાપ છે. આજ બ્રહ્મને ગીતા અધ્યાય-15 શ્લોક-16 માં ક્ષર પુરૂષ કહ્યા છે તથા બીજા જે અક્ષર પુરૂષ કહ્યા છે. અક્ષર પુરૂષનો જાપ ''તત્'' મંત્રનો છે, આ સાંકેતિક છે તથા ગીતા અધ્યાય-15 શ્લોક-17માં કહ્યું છે કે ''ઉત્તમ પુરૂષ: તુ અન્ય:'' પુરૂષોત્તમ એટલે કે સર્વશ્રેષ્ઠ સર્વ શક્તિમાન પુરૂષ તો ક્ષર પુરૂષ તથા અક્ષર પુરૂષથી બીજા જ છે. તેનો મંત્ર ''સત્'' છે જે સાંકેતિક (સંકેત કરેલો) છે. તે પરમેશ્વર એટલે કે પરમ અક્ષર બ્રહ્મ જેને સંત ભાષામાં સત્ય પુરૂષ કહે છે. તેના પરમ પદ એટલે કે સનાતન પરમધામ જેને સંત ભાષામાં ''સત્ય લોક'' કહે છે. તેમાં જવા માટે એટલે કે પૂર્ણ મોક્ષ પ્રાપ્ત કરવા માટે ગીતા અધ્યાય-17 શ્લોક 23 વાળા ''ॐ તત્ સત્'' મંત્રનો જાપ કરવાનો હોય છે.બીજો કોઇ નામ જાપ પૂર્ણ મોક્ષનો નથી. ''તત્ સત્'' એ બન્ને અન્ય (બીજા) મંત્ર છે જે ઉપદેશ લેવાવાળાને ઉપદેશના સમયે જ સાર્વજનિક (જાહેર) કરવામાં આવે છે. ''ॐ'' નામનો જાપ બ્રહ્મ = ક્ષર પુરૂષનો છે, ગીતા જ્ઞાનદાતાનો છે. આની ઉપાસના ''ॐ'' નામના જાપથી થાય છે. ''ॐ'' નામના જાપની કમાઇ એટલે કે ધાર્મિક કર્મ બ્રહ્મને ત્યાગવાના હોય છે. આપણે બધા પહેલાં વગર તત્ત્વજ્ઞાનને કારણે ''ॐ'' નામના જાપની કમાણી (ભક્તિ ધન) બ્રહ્મલોકમાં જઇને સમાપ્ત કરી દેતા હતા. પાપ એટલે દેવું (લોન) બાકી રહી જતાં હતા. તેને નરકમાં તથા 84 લાખ પ્રકારના પ્રાણીઓના શરીરમાં કષ્ટ (પીડા/દુ:ખ) લઇને ભોગવ્યા કરતા હતા. હવે અમે ''ॐ'' નામના જાપનું ભક્તિ ધન બ્રહ્મને ત્યાગી દઇશું, આનું ફળ બ્રહ્મલોકમાં નહિ ભોગવીએ, જેના પ્રતિફળમાં (બદલામાં) આ બ્રહ્મ એટલે કે ક્ષર પુરૂષ અમારા સર્વે પાપોને એટલે કે દેવું સમાપ્ત કરી દેશે. આ ગીતા અધ્યાય-18 શ્લોક 66નો આ ભાવાર્થ છે. પછી અમે ''તત્'' મંત્રના જાપની કમાઇ અક્ષર પુરૂષ એટલે કે પરબ્રહ્મ (ગીતા જ્ઞાનદાતાથી બીજા બ્રહ્મ)ને ત્યાગી દઇશું. તેનું 7 શંખ બ્રહ્માંડનું ક્ષેત્ર છે.જેને પાર કરીને સનાતન પરમ ધામ (સતલોક)માં જવાનું ભાડું આપવાનું હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો ટોલ ટેક્ષ (Toll Tax) તે ''તત્'' મંત્રના જાપની કમાણીથી પૂરો થઇ જાય છે. પછી ''સત્'' મંત્ર જે સત્ય પુરૂષ (પરમ

અક્ષર બ્રહ્મ)નો જાપ છે, આની કમાણી લઇને અમે પરમેશ્વરના તે પરમ પદમાં એટલે કે સનાતન પરમ ધામ (સત્યાલોક) ને પ્રાપ્ત થઇ જઇશું. જ્યાં ગયા પછી સાધક ફરી સંસારમાં ક્યારેય નથી આવતા, પરમ શાંતિ એટલે કે પૂર્ણ મોક્ષ પ્રાપ્ત થાય છે. આ સંપૂર્ણ ભક્તિ સાધના મારી (સંતરામપાલદાસની) પાસે છે. આઓ અને પોતાનું કલ્યાણ કરાવો.

આ છે યથાર્થ (યોગ્ય) ગીતાના અધ્યાય-18 શ્લોક-66નો અનુવાદ. એટલા માટે કહ્યું છે કે ''ગીતા તારું જ્ઞાન અમૃત'' ઉપરોક્ત પ્રમાણોથી સિદ્ધ થયું કે ગીતા જ્ઞાનદાતાથી બીજા (અલગ) જ પૂર્ણ પરમાત્મા છે. તેની જ શરણમાં જવાને માટે ગીતા જ્ઞાનદાતાએ (ગીતા અધ્યાય-18 શ્લોક 62,66) માં કહ્યું છે. જે અનમોલ ગીતા જ્ઞાનને બરાબર રીતે સમજી ન શકવાને કારણે અજ્ઞાની વ્યક્તિઓએ ઊંધા (વિરુદ્ધાર્થી) અર્થ કર્યા છે, લખ્યું છે કે ગીતા જ્ઞાન આપવાવાળા પોતાની જ શરણમાં આવવાનું કહી રહ્યા છે.

જેમ કે કોઇ વ્યક્તિનું કાર્ય મુખ્યમંત્રીના અધિકારમાં આવતું હોય અને તે વ્યક્તિ મંત્રીની પાસે ઊભો છે. મંત્રીને વિનંતી કરી રહ્યો છે કે આ કામ કરી દોને. મંત્રી બુદ્ધિમાન હોય છે. તે ભ્રમિત નથી કરતો. તે કહેશે કે જો તમારે આ કામ કરાવવું હોય તો તમે મુખ્યમંત્રીની પાસે જાવ, તેમની કૃપાથી જ તમારું કામ થઇ શકે છે. તે મંત્રીએ એક પત્ર લખીને આપી દીધો કે તમે તે મુખ્યમંત્રીની પાસે જાવ, તેની જ કૃપાથી તમારું આ કાર્ય સંભવ છે. કોઇ વ્યક્તિ તેનો અર્થ એ કરે કે મંત્રીજી પોતાની પાસે આવવાનું જ કહી રહ્યા છે તો તે ખોટો અર્થ કરી રહ્યા છે. મંત્રીની પાસેથી તે વ્યક્તિ આવ્યો જ છે. આ જ પ્રમાણે ગીતાના અમૃત જ્ઞાનને ન સમજીને ''અડંગા'' (ખોટા) અનુવાદ કરીને વાંચકોને અજ્ઞાની સંતોએ ભ્રમિત કર્યા છે અને જન્મ-મરણના ચક્રમાં સ્વયં પણ પડ્યા છે તથા પોતાના ભોળા અનુયાયીઓને પણ જન્મ-મરણના ચક્રમાં નાખેલા છે, જે તે અજ્ઞાનીઓને પૂર્ણ વિદ્વાન ગીતા મનીષિ માની બેઠા છે. ગીતાનું જ્ઞાન કોણે કહ્યું હતું, આ આગળ જણાવેલ પ્રશ્નોત્તરીમાં સ્પષ્ટ થઇ ચુક્યું છે. વાંચો પ્રશ્ન-1નો જવાબ.

**પ્રશ્ન-27:- પરમાત્મા સાકાર છે અથવા નિરાકાર ? અવ્યક્તનો અર્થ નિરાકાર થાય છે ?**

**જવાબ:-** પરમાત્મા સાકાર છે, નર સ્વરૂપ છે એટલે કે મનુષ્ય જેવા આકારના છે. અવ્યક્તનો અર્થ નિરાકાર નથી થતો, સાકાર થાય છે. ઉદાહરણ રૂપે જેમ સૂર્યની સામે વાદળ છવાઇ જાય છે, તે સમયે સૂર્ય અવ્યક્ત થઇ જાય છે. અમને ભલે જ દેખાતો નથી, પરંતુ સૂર્ય અવ્યક્ત છે, સાકાર છે. જે પ્રભુ અમોને સામાન્ય સાધનાથી દેખાઇ નથી દેતા, તે અવ્યક્ત કહેવામાં આવે છે.

જેમ કે ગીતા અધ્યાય-7 શ્લોક 24-25માં ગીતા જ્ઞાનદાતાએ પોતે પોતાને અવ્યક્ત કહ્યા છે. કારણ કે તે શ્રીકૃષ્ણમાં પ્રવેશ કરીને બોલી રહ્યા હતા. જ્યારે વ્યક્ત થયા ત્યારે વિરાટરૂપ દેખાડ્યું હતું. આ પહેલા અવ્યક્ત પ્રભુ થયા જે ક્ષર પુરૂષ કહેવાય છે, જેને કાળ પણ કહે છે. ગીતા અધ્યાય 8 શ્લોક 17 થી 19 સુધી

બીજા નંબરના અવ્યક્ત અક્ષર પુરૂષ છે. ગીતા અધ્યાય-8 શ્લોક 20માં કહ્યું છે કે આ અવ્યક્ત એટલે કે અક્ષર પુરૂષથી બીજા સનાતન અવ્યક્ત પરમેશ્વર એટલે કે પરમ અક્ષર પુરૂષ છે. આ પ્રમાણે એ ત્રણેય સાકાર (નરાકાર) પ્રભુ છે. અવ્યક્તનો અર્થ નિરાકાર નથી થતો. ક્ષર પુરૂષે (બ્રહ્મે) પ્રતિજ્ઞા કરી રાખી છે કે હું ક્યારેય પણ પોતાના વાસ્તવિક રૂપ (ઓરીજીનલ રૂપ)માં કોઇને પણ દર્શન નહીં આપું.

**પ્રમાણઃ-** ગીતા અધ્યાય 11 શ્લોક 47-48માં જેમાં કહ્યું છે કે હે અર્જુન ! આ મારું વિરાટ સ્વરૂપ આપે જોયું. આ મારું રૂપ આપના સિવાય પહેલાં કોઇએ નથી જોયું. મેં પોતે તારા પર અનુગ્રહ કરીને દેખાડ્યું છે.

ગીતા અધ્યાય-11 શ્લોક 48માં કહ્યું છે કે આ મારું સ્વરૂપ ન તો વેદોમાં વર્ણવેલ વિધિથી, ન જાપથી, ન તપથી, ન યજ્ઞ વગેરેથી જોઇ શકાતું. આનાથી સિદ્ધ થાય છે કે ક્ષર પુરૂષ (ગીતા જ્ઞાનદાતા) ને કોઇપણ ઋષિ-મહર્ષિ તથા સાધકે જોયા નથી. જેનાકારણે આને નિરાકાર માની બેઠા છે. સૂક્ષ્મ વેદ (તત્ત્વજ્ઞાન)માં કહ્યું છે કે:-

*''ખોજત-ખોજત થાકિયા, અંત મેં કહા બેચૂન (નિરાકાર) ।*
*ન ગુરૂ પૂરા ન સાધના, સત્ય હો રહે જૂનમં-જૂન (જન્મ-મરણ) ।।*

હવે ગીતા અધ્યાય-7 શ્લોક 24-25માં ગીતા જ્ઞાનદાતાએ સ્પષ્ટ કરી જ દીધું છે કે હું મારી યોગમાયાથી છુપાયેલો રહું છું. કોઇની સમક્ષ (સામે) નથી આવતો, હું અવ્યક્ત છું. છુપાયેલો છે તો સાકાર છે. અક્ષર પુરૂષ પણ અવ્યક્ત છે, આ ઉપર પ્રમાણિત થઇ ચુક્યું છે. આ પ્રભુ (અક્ષર પુરૂષ)ની અહીંયા કોઇ ભૂમિકા નથી. આ પોતાના 7 શંખ બ્રહ્માંડો સુધી સીમિત છે. એટલા માટે આને કોઇ નથી જોઇ શક્યું.

*** પરમ અક્ષર પુરૂષઃ-** આ પ્રભુની સર્વ બ્રહ્માંડોમાં ભૂમિકા છે. આ સત્યલોકમાં રહે છે જે પૃથ્વીથી 16 શંખ કોસ (એક કોસ લગભગ 3 કિ.મી.નો હોય છે) દૂર છે. આની પ્રાપ્તિની સાધના વેદો (ચારેય વેદ)માં વર્ણવેલ નથી. જેના કારણે આ પ્રભુને કોઇ નથી જોઇ શક્યું. જ્યારે આ પ્રભુ (પરમ અક્ષર પુરૂષ) પૃથ્વી પર સ:શરીર પ્રગટ થાય છે તો કોઇ એમને ઓળખી શકતા નથી. પરમાત્મા કહે પણ છે કે :-

*''હમ હી અલખ અલ્લાહ હૈં, કતુબ-ગોસ ઔર પીર ।*
*ગરીબ દાસ ખાલિક ધની, હમરા નામ કબીર ।।''*

અમે પૂર્ણ પરમાત્મા છીએ, અમે જ પીર એટલે કે સત્ય જ્ઞાન આપવાવાળા સતગુરૂ છીએ. સર્વ સૃષ્ટિનો માલિક પણ હું જ છું. મારું નામ કબીર છે. પરંતુ સર્વ સાધકો, ઋષિઓ-મહર્ષિઓએ આ જ જ્ઞાન દૃઢ કરી રાખ્યું છે કે પરમાત્મા તો નિરાકાર છે, તેમને જોઇ નથી શકાતા. આ પૃથ્વી પર વિચરણ કરવાવાળા જુલાહા (ધાણક) કબીર એક કવિ કેવી રીતે પરમ અક્ષર બ્રહ્મ હોઇ શકે છે ?

તેનું સમાધાન આ પ્રમાણે છે :-

વિશ્વમાં કોઇપણ પરમાત્મા ચાહવાવાળો બુદ્ધિમાન વ્યક્તિ ચારેય વેદો (ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અથર્વવેદ)ને ખોટા નથી માનતો. વર્તમાનમાં

આર્યસમાજના પ્રવર્તક (સ્થાપક) મહર્ષિ દયાનંદને વેદોના પૂર્ણ વિદ્વાન માનવામાં આવતા રહ્યા છે. એમનું પણ આ કહેવું થાય છે કે **''પરમાત્મા નિરાકાર''** છે. આર્યસમાજ અને મહર્ષિ દયાનંદ વેદોના જ્ઞાનને સત્ય માને છે. એમણે જાતે જ વેદોનો હિન્દીમાં અનુવાદ કર્યો છે. જેમાં સ્પષ્ટ લખ્યું છે કે પરમાત્મા ઉપરના લોકોમાં રહે છે અને ત્યાંથી ગતિ કરીને (ચાલીને સઃશરીર) પૃથ્વી પર આવે છે. સારી આત્માઓને મળે છે, તેમને યોગ્ય ભક્તિનું જ્ઞાન સંભળાવે છે. પરમાત્મા તત્ત્વજ્ઞાન પોતાના મુખકમળથી ઉચ્ચારણ કરીને લોકોક્તિઓ, સાખીઓ, શબ્દો, દોહાઓના રૂપમાં પદો દ્વારા બોલે છે. જેના કારણે પ્રસિદ્ધ કવિની ઉપાધિ પણ પ્રાપ્ત કરે છે. કવિઓની માફક ઉચ્ચારણ કરતા રહીને પૃથ્વીના ઉપર વિચરણ કરતા રહે છે. ભક્તિના ગુપ્ત મંત્રોનો આવિષ્કાર કરીને સાધકોને બતાવે છે. ભક્તિ કરવાને માટે પ્રેરણા કરે છે.

પ્રમાણ માટે જુઓ વેદોના નીચેના મંત્રોની ઝેરોક્ષ કોપીઓ આજ પુસ્તકના પાના નં. 110 પર.

ઋગ્વેદ મંડલ-9 સૂક્ત 86 મંત્ર 26-27, ઋગ્વેદ મંડલ-9 સૂક્ત 82 મંત્ર 1-2, ઋગ્વેદ મંડલ-9 સૂક્ત 96 મંત્ર 16 થી 20, ઋગ્વેદ મંડલ-9 સૂક્ત 94 મંત્ર 1, ઋગ્વેદ મંડલ-9 સૂક્ત 95 મંત્ર 2, ઋગ્વેદ મંડલ-9 સૂક્ત 54 મંત્ર 3, ઋગ્વેદ મંડલ-9 સૂક્ત 20 મંત્ર 1. બીજા પણ અનેકો વેદ મંત્રોમાં આ ઉપર જણાવેલું પ્રમાણ છે કે પરમાત્મા મનુષ્ય જેવા નરાકાર છે. શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય-4 શ્લોક 32 તથા 34માં પણ પ્રમાણ છે. ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે હે અર્જુન ! પરમ અક્ષર બ્રહ્મ પોતાના મુખકમળથી તત્ત્વજ્ઞાન બોલીને સંભળાવે છે, તે સચ્ચિદાનંદ ધનબ્રહ્મની વાણીમાં યજ્ઞો એટલે કે ધાર્મિક અનુષ્ઠાનોની જાણકારી વિસ્તારથી કહેવામાં આવી છે. તેને જાણીને સર્વ પાપોથી મુક્ત થઇ જઇશ. પછી ગીતા અધ્યાય-4 શ્લોક 34 માં કહ્યું છે કે તે જ્ઞાનને તું તત્ત્વદર્શી સંતોની પાસે જઇને સમજ. તેમને દંડવત પ્રણામ કરીને વિનયપૂર્વક પ્રશ્ન કરવાથી તે તત્ત્વદર્શી સંત તને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કરશે.

આ પ્રમાણ તમને બતાવ્યા અને વિશેષ (ખાસ) વાત એ છે કે ગીતાજીમાં ચારેય વેદોનો સાર (સારાંશ) છે. આમાં સાંકેતિક જ્ઞાન છે. આ પણ સ્પષ્ટ થયું કે તત્ત્વજ્ઞાન ગીતા જ્ઞાનથી પણ અલગ (જુદું) છે. તે કેવળ તત્ત્વદર્શી સંત જ જાણે છે, જેમને પરમ અક્ષર બ્રહ્મ સ્વયં આવીને ધરતી પર મળે છે.

**પ્રશ્ન-28 : કયા-કયા પુણ્યાત્માઓને પરમાત્મા મળ્યા છે ?**

**જવાબઃ-** પરમાત્મા ચારેય યુગોમાં પ્રગટ થઇને જ્ઞાન સંભળાવે છે. 1. સતયુગમાં ''સત્ સુકૃત''ના નામથી. 2. ત્રેતા યુગમાં 'મુનીન્દ્ર' નામથી, 3. દ્વાપર યુગમાં 'કરુણામય'નામથી. 4. કળિયુગમાં 'કબીર'ના નામથી પરમેશ્વર પ્રગટ થયા છે.

સૂક્ષ્મવેદમાં કહ્યું છે કે :-

***સતયુગમેં સતસુકૃત કહ ટેરા, ત્રેતા નામ મુનિન્દ્ર મેરા ।***
***દ્વાપર મેં કરૂણામય કહાયા, કલયુગ નામ કબીર ધરાયા ॥***

## ''કોને કોને મળ્યા પરમાત્મા''

કળિયુગમાં પરમેશ્વર જે જે મહાન આત્માઓને મળ્યા, તેમને તત્ત્વજ્ઞાન બતાવ્યું, તેનું હું ટૂંકમાં વર્ણન કરું છું:-

### ''સંત ધરમદાસજીથી પ્રથમ વખત પરમેશ્વર કબીરજીનો સાક્ષાત્કાર''

1. શ્રી ધર્મદાસજી વાણિયા જાતિના હતા. જે બાંધવગઢ (મધ્યપ્રદેશ)ના રહેવાસી ખૂબ જ ધનવાન વ્યક્તિ હતા. તેમને ભક્તિની પ્રેરણા નાનપણથી જ હતી. જેના કારણે રૂપદાસ નામના એક વૈષ્ણવ સંતને ગુરૂ ધારણ કરી રાખ્યા હતા. હિન્દુ ધર્મમાં જન્મ થવાના કારણે સંત રૂપદાસજી, શ્રી ધર્મદાસજીને રામ-કૃષ્ણ, વિષ્ણુ તથા શંકરજીની ભક્તિ કરવાનું કહેતા હતા. એકાદશીનું વ્રત, તીર્થો પર ભ્રમણ કરવાનું, શ્રાદ્ધ કર્મ, પિંડ ભરવાની ક્રિયા બધું જ કરવાની સલાહ આપી રાખી હતી. ગુરૂ રૂપદાસજી દ્વારા બતાવેલી સર્વ સાધના શ્રી ધર્મદાસજી પૂરી શ્રદ્ધાની સાથે કર્યા કરતા હતા. ગુરૂ રૂપદાસજીની આજ્ઞા લઇને ધર્મદાસજી મથુરા નગરીમાં તીર્થ-દર્શન, તીર્થ-સ્નાન કરવા તથા ગિરીરાજ (ગોવર્ધન) પર્વતની પરિક્રમા કરવાને માટે ગયા હતા. પરમ અક્ષર બ્રહ્મ એક જિંદા મહાત્માના વેશમાં આવીને ધર્મદાસજીને સ્વયં મથુરામાં મળ્યા. શ્રી ધર્મદાસજીએ તે તીર્થ તળાવમાં સ્નાન કર્યું જેમાં શ્રીકૃષ્ણજી બાળ્યાવસ્થામાં સ્નાન કર્યા કરતા હતા. પછી તેજ જળમાંથી એક લોટો જળ ભરી લાવ્યા. ભગવાન શ્રી કૃષ્ણજીની પિત્તળની મૂર્તિ (શાલિગ્રામ)ના ચરણો પર રેડીને બીજા વાસણમાં લઇને ચરણામૃત બનાવીને પીધું. પછી શાલિગ્રામને સ્નાન કરાવીને પોતાનું કર્મકાંડ પૂરું કર્યું. એક સ્થાનને લીપીને એટલે કે ગાયનું છાણ તથા માટી ભેગી કરીને થોડીક જમીન પર પ્લાસ્ટર (લીંપણ) કરીને તેના ઉપર સ્વચ્છ કપડું પાથરીને શ્રીમદ્ ભગવદ ગીતાનો પાઠ કરવા બેઠા. આ બધી ક્રિયા જ્યારે ધર્મદાસજી કરી રહ્યા હતા ત્યારે પરમાત્મા જિંદા વેશમાં થોડે દૂર બેસીને તે જોઇ રહ્યા હતા. ધર્મદાસજી પણ જોઇ રહ્યા હતા કે એક મુસલમાન સંત મારી ભક્તિ ક્રિયાઓને ખૂબ ધ્યાનપૂર્વક જોઇ રહ્યા છે. લાગે છે કે આને અમારી હિન્દુઓની સાધના મનને ગમી ગઇ છે. એટલા માટે શ્રીમદ્ ભગવત ગીતાનો પાઠ થોડાક ઊંચા અવાજમાં કરવા લાગ્યા તથા હિન્દીનો અનુવાદ પણ વાંચવા લાગ્યા. પરમેશ્વર ઊઠીને ધર્મદાસજીની નજીક આવીને બેસી ગયા. ધર્મદાસજીને પોતાનું અનુમાન સાચું લાગ્યું કે ખરેખર આ જિંદા વેશધારી બાબાને અમારા ધર્મનો ભક્તિ માર્ગ સાચો લાગી રહ્યો છે. એટલા માટે તે દિવસે ગીતાના કેટલાક વધારે અધ્યાય વાંચ્યા તથા તેમના અર્થ પણ સંભળાવ્યા. જ્યારે ધર્મદાસજી પોતાનું દરરોજનું ભક્તિ કર્મ કરી ચુક્યા ત્યારે પરમાત્માએ કહ્યું કે હે મહાત્માજી, આપનું શુભ નામ શું છે ? કઇ જાતિથી છો ? આપજી ક્યાંના રહેવાસી છો ? કયા ધર્મ-પંથથી જોડાયેલા છો ? કૃપા કરી બતાવવાનું કષ્ટ કરો. મને આપનું જ્ઞાન વધારે સારું લાગ્યું. મને પણ થોડુંક ભક્તિ જ્ઞાન સંભળાવો. આપની ખૂબ મહેરબાની થશે.

**ધર્મદાસજીએ જવાબ આપ્યોઃ-** મારું નામ ધર્મદાસ છે. હું બાંધવગઢ ગામનો રહેવાવાળો વૈશ્ય કુળથી છું. હું વૈષ્ણવ પંથથી દીક્ષિત છું. હિન્દુ ધર્મમાં જન્મ્યો છું. મેં પૂરા નિશ્ચયની સાથે તથા સારી રીતે જ્ઞાન સમજીને વૈષ્ણવ પંથથી દીક્ષા લીધી છે. મારા ગુરૂદેવ શ્રી રૂપદાસજી છે. અધ્યાત્મ જ્ઞાનથી હું પરિપૂર્ણ છું. હું બીજા કોઇની વાતોમાં આવવાવાળો નથી જ. રામ-કૃષ્ણ જે શ્રી વિષ્ણુજીના જ અવતાર થયા છે તથા ભગવાન શંકરની પણ પૂજા કરું છું. એકાદશીનું વ્રત રાખું છું. તીર્થોમાં જઉં છું, ત્યાં આગળ દાન કરું છું. શાલિગ્રામની પૂજા દરરોજ કરું છું. આ પવિત્ર પુસ્તક શ્રીમદ્ ભગવત્ ગીતા છે. આનો દરરોજ પાઠ કરું છું. હું મારા પૂર્વજોનું જે સ્વર્ગવાસી થઇ ચુકયા છે તેમનું શ્રાદ્ધ પણ કરું છું, પિંડદાન પણ કરું છું. હું કોઇ જીવ હિંસા નથી કરતો, માંસ, મદિરા (દારૂ) તમાકુનું સેવન નથી કરતો.

પરમેશ્વર કબીરજીએ પૂછ્યું કે આપ જે પુસ્તકને વાંચી રહ્યા હતા,એનું નામ શું છે ?

ધર્મદાસજીએ કહ્યું કે આ શ્રીમદ્ ભગવત્ ગીતા છે. અમે શુદ્ધ રહીએ છીએ. શૂદ્રને નજીક પણનથી આવવા દેતા.

**પ્રશ્ન-29:- (કબીરજી જિંદા રૂપમાં) આપ શું નામ-જાપ કરો છો ?**

**જવાબઃ-** (ધર્મદાસજીનો) અમે હરે કૃષ્ણ, કૃષ્ણ-કૃષ્ણ હરે હરે, ૐ નમઃ શિવાય, ઓમ્ ભગવતે વાસુદેવાય નમઃ, રાધે-રાધે શ્યામ મિલા દે, ગાયત્રી મંત્રનો જાપ 108 વાર દરરોજ કરું છું. વિષ્ણુ સહંસ્ર નામનો જાપ પણ કરું છું.

**પ્રશ્ન-30:- (જિંદા બાબાનો) હે મહાત્મા ધર્મદાસ ! ગીતાનું જ્ઞાન કોણે આપ્યું ?**

**જવાબઃ-** (ધર્મદાસજીનો) કુલના માલિક સર્વ શક્તિમાન ભગવાન શ્રી કૃષ્ણજીએ ગીતા જ્ઞાન આપ્યું, આ જ શ્રી વિષ્ણુજી છે.

**પ્રશ્ન-31 : (જિંદા બાબાના રૂપમાં પરમાત્માનો) :- આપજીના પૂજ્ય દેવ શ્રીકૃષ્ણ એટલે કે શ્રી વિષ્ણુજી છે. તેમનું બતાવેલું (કહેલું) ભક્તિ જ્ઞાન ગીતા શાસ્ત્ર છે.**

*હે ધર્મદાસ ! એક ખેડૂતને ઘડપણમાં પુત્ર પ્રાપ્ત થયો. ખેડૂતે વિચાર કર્યો કે જ્યાં સુધીમાં પુત્ર ખેતી કરવા યોગ્ય થશે, ત્યાં સુધીમાં મારું મૃત્યુ થઇ જશે. એટલા માટે તેણે ખેતી કરવાની રીતને પોતાના અનુભવને એક વહી (રજિસ્ટર)માં લખી દીધો. પોતાના પુત્રને કહ્યું કે દીકરા જ્યારે આપ યુવાન થઇ જાવ તો મારા આ રજિસ્ટરમાં લખેલા અનુભવને વારંવાર વાંચજે. એના અનુસાર પાકને વાવજે. કેટલાક દિવસો પછી પિતાનું મૃત્યુ થઇ ગયું. પુત્ર પ્રતિ દિન (દરરોજ) પોતાના પિતાના અનુભવનો પાઠ કરવા લાગ્યો. પરંતુ પાકનું બીજ તથા વાવેતર, સિંચાઇ (પાણી આપવાનું કાર્ય) તે અનુભવથી વિપરીત કરતો હતો. તો શું તે પુત્ર પોતાના ખેતીના કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશે ?*

**જવાબઃ-** (ધર્મદાસજીનો) આ પ્રમાણે તો પુત્ર નિર્ધન થઇ જ જશે. તેને તો પિતાના લખેલા અનુભવ અનુસાર દરેક કાર્ય કરવું જોઇએ. તે તો મુર્ખ પુત્ર છે.

**પ્રશ્ન-32:- (બાબા જિંદા રૂપમાં ભગવાનજીનો) હે ધર્મદાસજી ! ગીતા શાસ્ત્ર આપના પરમ પિતા ભગવાન શ્રીકૃષ્ણ ઉર્ફે વિષ્ણુજીનો અનુભવ તથા આપને આદેશ છે કે આ ગીતા શાસ્ત્રમાં લખેલ મારા અનુભવને વાંચીને એના અનુસાર ભક્તિ કરશો તો મોક્ષ પ્રાપ્ત કરશો. શું આપજી ગીતાજીમાં લખેલ શ્રીકૃષ્ણજીના આદેશ અનુસાર ભક્તિ કરી રહ્યા છો ? શું ગીતાજીમાં તે મંત્ર લખ્યા છે કે તે મંત્રના જાપ કરવાનું કહ્યું છે, જે આપજીના ગુરૂજીએ આપજીને જાપ કરવાને માટે આપ્યા છે ? (હરે રામ - હરે રામ, રામ-રામ હરે-હરે, હરે કૃષ્ણા-હરે કૃષ્ણા, કૃષ્ણ-કૃષ્ણ હરે-હરે, ઓમ્ નમઃ શિવાય, ઓમ ભગવતે વાસુદેવાય નમઃ, રાધે-રાધે શ્યામ મિલા દે, ગાયત્રી મંત્ર તથા વિષ્ણુ સહસ્ત્ર નામ) શું ગીતાજીમાં એકાદશીનું વ્રત કરવાનો તથા શ્રાદ્ધ કરવાનો, પિંડદાન ક્રિયા કરવાનો આદેશ છે ?**

**જવાબઃ-** (ધર્મદાસજીનો) નથી જ.

**પ્રશ્ન-33:- (પરમેશ્વરજીનો) તો પછી આપજી તો તેખેડૂતના પુત્રવાળું જ કાર્ય કરી રહ્યાછો જે પિતાની આજ્ઞાની અવગણના કરીને મન મરજીવાળી વિધિથી ખોટું બીજ ખોટા સમયે પાકનું વાવેતર કરીને મૂર્ખતાનું પ્રમાણ આપી રહ્યો છે. જેને આપે મૂર્ખ કહ્યો છે, શું આપજી તે ખેડૂતના મુર્ખ પુત્ર જેવા તો નથી ને ?**

**જવાબઃ-** ધર્મદાસજી બોલ્યા :- હે જિન્દા ! આપ મુસલમાન ફકીર છો, એટલા માટે અમારા હિન્દુ ધર્મની ભક્તિ ક્રિયા તથા મંત્રોને ખોટા કહી રહ્યા છો.

**જવાબઃ- (કબીરજીનો જિંદા રૂપમાં)** હે સ્વામી ધર્મદાસજી ! હું કંઇ નથી કહી રહ્યો. આપના ધર્મગ્રંથ કહી રહ્યા છે કે આપના ધર્મના ધર્મગુરૂ આપજીને શાસ્રવિધિ ત્યાગીને મનમાન્યું આચરણ કરાવી રહ્યા છે. જે આપની ગીતાના અધ્યાય-16 શ્લોક 23-24માં કહ્યું છે કે હે અર્જુન ! જે સાધક શાસ્ર વિધિને ત્યાગીને મનમાન્યું આચરણ કરે છે એટલે કે મનમરજીવાળા મંત્ર જાપ કરે છે, મનમરજીથી શ્રાધ્ધ કર્મ તથા પિંડ ભરવાનું કર્મ તથા વ્રત વગેરે-વગેરે કરે છે, તેને ના તો કોઇ સિધ્ધિ પ્રાપ્ત થઇ શકતી, ના સુખ જ પ્રાપ્ત થશે અને ના ગતિ (મુક્તિ) મળશે, એટલા માટે વ્યર્થ (ખોટું) છે. ગીતા અધ્યાય-16 શ્લોક 24માં કહ્યું છે કે આનાથી તારા માટે કર્તવ્ય એટલે કે જે ભક્તિ કર્મ કરવા જોઇએ તથા અકર્તવ્ય (જે ભક્તિ કર્મ ન કરવા જોઇએ)ની વ્યવસ્થામાં શાસ્ર જ પ્રમાણ છે. તે શાસ્રમાં બતાવેલ ભક્તિ કર્મને કરવાથી જ લાભ થાય થશે.

**ધર્મદાસજીઃ-** હે જિન્દા ! તું તારી બોલતી બંધ કરી લે, મારાથી આગળ બીજું સંભળાય તેમ નથી. જિન્દા રૂપમાં પ્રગટ પરમેશ્વરે કહ્યું, હે વૈષ્ણવ મહાત્મા

ધર્મદાસજી ! સત્ય એટલું કડવું હોય છે જેટલો લીમડો, પરંતુ રોગીએ કડવી દવા ન ઇચ્છા હોવા છતાં પણ ખાવી જોઇએ. તેમાં જ તેનું હિત છે. જો આપ નારાજ થાઓ છો તો હું આ ચાલ્યો. આટલું કહીને પરમાત્મા (જિંદારૂપધારી) અંર્તધ્યાન થઇ ગયા. ધર્મદાસને વધારે આશ્ચર્ય થયું તથા વિચારવા લાગ્યા કે આ કોઇ સામાન્ય સંત નહતા. આ પૂર્ણ વિદ્વાન સિદ્ધ પુરૂષ લાગે છે. મુસલમાન હોવા છતાં હિન્દુ શાસ્ત્રોનું પૂર્ણ જ્ઞાન છે. આ કોઇ દેવ જ હોઇ શકે છે. ધર્મદાસજી અંદરથી માની રહ્યા હતા કે હું ગીતા શાસ્ત્રની વિરુદ્ધ સાધના કરી રહ્યો છું, પરંતુ અભિમાનવશ સ્વીકાર નહોતા કરી રહ્યા. જ્યારે પરમાત્મા અંર્તધ્યાન (અદશ્ય) થઇ ગયા તો પૂરી રીતે ટૂટી ગયા કે મારી ભક્તિ ગીતાથી વિરુદ્ધ છે. હું ભગવાનની આજ્ઞાની અવગણના કરી રહ્યો છું. મારા ગુરૂ શ્રી રૂપદાસજીને પણ વાસ્તવિક ભક્તિ વિધિનું જ્ઞાન નથી. હવે તો આ ભક્તિને કરવી, ના કરવી બરાબર છે, વ્યર્થ છે. વધારે દુ:ખી મનથી આમ તેમ જોવા લાગ્યા તથા અંદરથી હૃદયથી પોકાર કરવા લાગ્યા કે હું કેવો સમજ વગરનો છું. સર્વ સત્ય જોઇને પણ એક પરમાત્મા તુલ્ય મહાત્માને પોતાની નાસમજ તથા હઠના કારણે ખોઇ દીધા. હે પરમાત્મા ! એકવાર તે જ સંત ફરીથી મળે તો હું મારી હઠને છોડીને નમ્ર ભાવથી સર્વ જ્ઞાન સમજીશ. દિવસમાં કેટલીયવાર પોકાર કરીને રાત્રે ઊંઘી ગયા. આખી રાત પડખા બદલતા રહ્યા. વિચારતા રહ્યા કે હે પરમાત્મા આ શું થયું ? સર્વ સાધના શાસ્ત્ર વિરુદ્ધ કરી રહ્યો છું. તે ફરિશ્તાએ મારી આંખો ખોલી નાંખી. મારી ઉંમર 60 વર્ષ થઇ ગઇ છે. હવે ખબર નહિ તે દેવ (જિંદારૂપી) ફરી મળશે કે નહિ. પ્રાત:કાળે ઊઠીને પહેલાં ખાવાનું બનાવવા લાગ્યા. તે દિવસે ભક્તિની કોઇ ક્રિયા કરી નહિ. પહેલા દિવસે કેટલીક લાકડીઓ તોડીને રાખી હતી. તેને ચૂલામાં બાળીને ભોજન બનાવવા લાગ્યા. એક લાકડું મોટું હતું. તે વચ્ચેથી પોલું હતું. તેની અંદર અસંખ્ય કીડીઓ હતી. જ્યારે તે લાકડું બળતું બળતું થોડું રહી ગયું ત્યારે તેના પાછળના ભાગ તરફ ધર્મદાસજીએજોયું તો દેખાયું કે તે લાકડીના છેલ્લા ભાગમાં કેટલોક ચીકણો પદાર્થ પાણી જેવો બળી રહ્યો હતો. કીડીઓ નીકળવાનો પ્રયત્ન કરી રહી હતી, તે બધી ચીકણા પદાર્થમાં પડી રહી હતી અને બળીને મરી રહી હતી. કેટલીક આગળના ભાગમાં આગથી બળીને મરી રહી હતી. ધર્મદાસજીએ વિચાર કર્યો કે આ લાકડું તો ઘણું ખરું બળી ચૂક્યું છે, આમાં તો અસંખ્ય કીડઓ બળીને રાખ થઇ ગઇ છે. તે જ સમયે આગ ઓલવી દીધી. વિચાર કરવા લાગ્યા કે આ પાપયુક્ત ભોજનને હું નહિ ખાઉં. કોઇ સાધુસંતને ખવડાવીને હું ઉપવાસ રાખી લઇશ. આનાથી મારા પાપ ઓછા થઇ જશે. આમ વિચાર કરીને બધું ભોજન એક થાળીમાં રાખીને સાધુની શોધમાં નીકળી પડ્યા. પરમેશ્વર કબીરજીએ અલગ વેશભૂષા બનાવી જે હિન્દુ સંતની હોય છે. એક ઝાડની નીચે બેસી ગયા. ધર્મદાસજીએ સાધુને જોયા. તેમની સામે ભોજનની થાળી રાખીને કહ્યું કે હે મહાત્માજી ! ભોજન ખાઓ. સાધુરૂપમાં પરમાત્માએ કહ્યું કે લાવો

ધર્મદાસ ! ભૂખ લાગી છે. પોતાના નામનું સંબોધન સાંભળીને ધર્મદાસને આશ્ચર્ય તો થયું પરંતુ વધારે ધ્યાન ન આપ્યું. સાધુ રૂપમાં બિરાજમાન પરમાત્માએ પોતાના લોટામાંથી થોડુંક પાણી હાથમાં લીધું તથા કેટલીક વાણી પોતાના મુખથી બોલીને ભોજન પર જળ છાંટી દીધું. સર્વ ભોજનની કીડીઓ બની ગઇ. કીડીઓથી થાળી કાળી થઇ ગઇ. કીડીઓ પોતાના ઈંડાઓને મોંઢામાં લઇને થાળીમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરવા લાગી. પરમાત્મા પણ તે જ જિંદા મહાત્માના રૂપમાં આવી ગયા અને કહ્યું કે હે ધર્મદાસ વૈષ્ણવ સંત ! તમે તો કહી રહ્યા હતા કે અમે કોઇ જીવ હિંસા નથી કરતા, તમારાથી તો કસાઇ પણ ઓછા હિંસક હોય છે. આપે તો કરોડો જીવોની હિંસા કરી દીધી. ધર્મદાસજી તે જ સમયે સાધુના પગમાં પડી ગયા અને આગલા દિવસે થયેલી ભૂલની માફી માંગી તથા પ્રાર્થના કરી કે હે પ્રભુ ! મને અજ્ઞાનીને ક્ષમા કરો. હું હવે ક્યાંયનોય રહ્યો નથી કારણ કે પહેલાવાળી સાધના પૂર્ણ રૂપથી શાસ્ત્ર વિરુદ્ધ છે. તેને કરવાનો કોઇ લાભ નથી. આ આપજીએ ગીતાથી જ પ્રમાણિત કરી દીધું. શાસ્ત્ર અનુકૂળ સાધના કોની પાસેથી મળે ? આ આપ જ કહી શકો છો. હું આપથી પૂર્ણ આધ્યાત્મિક જ્ઞાન સાંભળવાનો ઇચ્છુક છું. કૃપ્યા મુજ કિંકર ઉપર દયા કરીને મને તે જ્ઞાન સંભળાવો જેનાથી મારો મોક્ષ થઇ શકે.

## ‘‘વ્રત કરવું તે ગીતા અનુસાર કેવું છે ?’’

પરમેશ્વર (જિંદા સાધુના રૂપમાં) બોલ્યા કે હે ધર્મદાસ ! આપ એકાદશીનું વ્રત કરો છો. શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય-6ના શ્લોક-16માં મનાઇ કરી છે કે હે અર્જુન ! આ યોગ (ભક્તિ) ન તો વધારે ખાવા વાળાની અને ન તો બિલકુલ ન ખાવાવાળાની એટલે કે આ ભક્તિ ન તો વ્રત રાખવાવાળાની, ન વધારે ઊંઘવાવાળાની તથા ન વધારે જાગવાવાળાની સફળ થાય છે. આ શ્લોકમાં વ્રત રાખવાની પૂર્ણ રૂપે મનાઇ કરવામાં આવી છે. જોઇ લે પોતાની ગીતા ખોલીને, ધર્મદાસજીને ગીતાના શ્લોક યાદ પણ હતા કારણકે પ્રત્યેક દિવસ (દરરોજ) તેઓ તેનો પાઠ કરતા હતા. છતાં પણ વિચાર્યું કે ક્યાંક જિન્દા સંત નારાજ ન થઇ જાય, એટલા માટે ગીતા ખોલીને અધ્યાય-6 ના શ્લોક-16ને વાંચ્યો અને સ્વીકાર્યું કે આપે તો મારી આંખો ખોલી નાંખી. આપ તો પરમાત્માના સ્વરૂપ લાગો છો.

## ‘‘શ્રાદ્ધ–પિંડદાન ગીતા અનુસાર કેવું છે ?’’

આપ શ્રાદ્ધ તથા પિંડદાન કરો છો. ગીતા અધ્યાય-9ના શ્લોક-25 માં સ્પષ્ટ કર્યું છે કે ભૂતોને પૂજવાવાળા ભૂતોને પ્રાપ્ત થશે. શ્રાદ્ધ કરવું, પિંડદાન કરવું - આ ભૂત પૂજા છે, આ વ્યર્થ સાધના છે. *(મરણ પછી કોઇ પાખંડ ક્રિયા કરવી તે શાસ્ત્ર વિરુદ્ધ છે.)*

## ‘‘શ્રાદ્ધ–પિંડદાન વિશે રૂચિ ઋષિનો વેદમત’’

માર્કંડેય પુરાણમાં ‘‘રૌચ્ય ઋષિના જન્મ’’ની કથા આવે છે. એક રૂચિ ઋષિ હતા. તે બ્રહ્મચર્યનું પાલન કરતા રહીને વેદો અનુસાર સાધના પણ કરતા હતા.

વિવાહ કર્યા નહતા. રૂચિ ઋષિના પિતા, દાદા, પરદાદા તથા ત્રીજા નંબરના દાદા બધા પિતૃ (ભૂત) યોનિમાં ભૂખ્યા-તરસ્યા ભટકી રહ્યા હતા. એક દિવસ તે ચારેય પિતૃઓએ રૂચિ ઋષિને દર્શન આપ્યાં તથા કહ્યું કે દીકરા ! આપે વિવાહ કેમ નથી કર્યા ? વિવાહ કરીને અમારા શ્રાદ્ધ કરજે. રૂચિ ઋષિએ કહ્યું કે હે પિતામહો ! વેદમાં આ શ્રાદ્ધ વગેરે કર્મોને અવિદ્યા કહ્યાં છે, મૂર્ખોના કાર્ય કહ્યાં છે. પછી આપ મને આ કર્મોને કરવાનું કેમ કહી રહ્યા છો ?

પિતૃઓએ કહ્યું કે આ વાત સાચી છે કે શ્રાદ્ધ વગેરે કર્મને વેદોમાં અવિદ્યા એટલે કે મૂર્ખોના કાર્ય જ કહ્યા છે. પછી તે પિતૃઓએ વેદ વિરુદ્ધ જ્ઞાન બતાડીને રૂચિ ઋષિને ભ્રમિત તો કરી દીધા કારણ કે મોહ પણ અજ્ઞાનનું મૂળ છે. માર્કંડેય પુરાણના પ્રકરણથી સિદ્ધ થયું કે વેદોમાં તથા વેદોનું જ સંક્ષિપ્ત (ટૂંકું) રૂપ ગીતામાં શ્રાદ્ધ-પિંડોદક વગેરે ભૂત પૂજાના કર્મનો નિષેધ કહ્યો છે, નહીં કરવા જોઇએ. તે મૂર્ખ ઋષિઓએ પોતાના પુત્રને પણ શ્રાદ્ધ કરવાને માટે વિવશ કર્યો. તેને વિવાહ કરાવ્યા, તેનાથી રૌચ્ય ઋષિનો જન્મ થયો. દીકરાને પણ પાપનો ભાગી બનાવી દીધો.

✻ જે ગાયત્રી મંત્ર કરો છો તે યજુર્વેદ અધ્યાય-36નો મંત્ર-3 છે જેની આગળ ''ઓમ્'' અક્ષર નથી. જો ''ઓમ'' અક્ષરને આ વેદ મંત્રની સાથે જોડવામાં આવે છે તો તે પરમાત્માનું અપમાન છે. કારણ કે ઓમ્ (ॐ) અક્ષર તો બ્રહ્મનો જાપ છે. યજુર્વેદ અધ્યાય-36 મંત્ર-3 માં પરમ અક્ષર બ્રહ્મની મહિમા છે. જો કોઇ અજ્ઞાની વ્યક્તિ પત્ર તો લખી રહ્યો છે પ્રધાન મંત્રીને અને લખી રહ્યો છે સેવામાં **'મુખ્યમંત્રીજી'** તો તે પ્રધાનમંત્રીનું અપમાન કરી રહ્યો છે. પછી વાત રહી આ મંત્ર યજુર્વેદના અધ્યાય-36 મંત્ર-3ને વારંવાર જાપ કરવાની. આ ક્રિયા મોક્ષદાયક નથી. મંત્રનો મૂળ પાઠ આ પ્રમાણે છે :-

*ભૂર્ભવ: સ્વ: તત્ સવિતુ વરેણીયમ્ ભૃગો દેવસ્ય ધીમહિ ધિયો યોન: પ્રચોદયાત્ ।*

**અનુવાદઃ–** (ભૂ:) સ્વયંભૂ પરમાત્મા પૃથ્વી લોકને (ભવ:) ગોલોક વગેરે ભવનોને વચનથી પ્રગટ કરવાવાળા છે (સ્વ:) સ્વર્ગલોક આદિ સુખ ધામ છે (તત્) તે (સવિતુ:) તે સર્વના જનક પરમાત્મા છે. (વેરણીયમ્) સર્વ સાધકોને વરણ કરવા યોગ્ય એટલે કે સારી આત્માઓને માટે ભક્તિ યોગ્ય છે (ભૃગો) તેજોમય એટલે કે પ્રકાશમાન (દેવસ્ય) પરમાત્માના (ધીમહિ) ઉચ્ચ વિચાર રાખતા રહીને એટલે કે ખૂબ સમજથી (ધીયો યોન: પ્રચોદયાત્) જે બુદ્ધિમાનોની સમાન વિવેચન કરે છે, તે વિવેકશીલ વ્યક્તિ મોક્ષનો અધિકારી બને છે.

**ભાવાર્થઃ-** પરમાત્મા સ્વયંભૂ જે ભૂમિ, ગોલોક, આદિ લોક તથા સ્વર્ગલોક છે તે સર્વના સર્જનહાર છે. તે ઉજ્જવળ પરમેશ્વરની ભક્તિ શ્રેષ્ઠ ભક્તોએ આ વિચાર રાખતા રહીને કરવી જોઇએ કે જે પુરષોત્તમ (સર્વશ્રેષ્ઠ પરમાત્મા) છે, જે સર્વ પ્રભુઓથી શ્રેષ્ઠ છે, તેની ભક્તિ કરો જે સુખધામ એટલે કે સર્વ સુખના દાતા છે.

ઉપરોક્ત મંત્રનો આ ગુજરાતી અનુવાદ તથા ભાવાર્થ છે. આના સંસ્કૃત અથવા હિન્દી/ગુજરાતી અનુવાદને વાંચતા રહેવાથી મોક્ષ નથી જ. કારણ કે આ તો પરમાત્માની મહિમાનો એક અંશ છે એટલે કે હજારો વેદ મંત્રોમાંથી યજુર્વેદ અધ્યાય-36ની મંત્ર સંખ્યા-3 કેવળ એક મંત્ર છે. જો કોઇ ચારેય વેદોને પણ વાંચતા રહે તો પણ મોક્ષ નથી. મોક્ષ થશે વેદોમાં વર્ણવેલ જ્ઞાનના અનુસાર ભક્તિ ક્રિયા કરવાથી. ઉદાહરણ:- વીજળીની મહિમા છે કે વીજળી અંધકારને અજવાળામાં બદલી દે છે, વીજળી ટ્યુબવેલ ચલાવે છે જેનાથી ખેતીના પાકની સિંચાઇ થાય છે. વીજળી લોટ પીસે છે વગેરે વગેરે ઘણા જ ગુણ વીજળીના લખેલા છે. જો કોઇ દરરોજ વીજળીના ગુણોનો પાઠ કરતો રહે તો તેને વીજળીનો લાભ પ્રાપ્ત નહિ થાય. લાભ પ્રાપ્ત થશે વીજળીનું કનેકશન લેવાથી. કનેકશન કેવી રીતે પ્રાપ્ત થઇ શકે છે ? તે વિધિને પ્રાપ્ત કરીને પછી વીજળીના ગુણોનો લાભ પ્રાપ્ત થઇ શકે છે. કેવળ વીજળીની મહિમાને ગાવા માત્રથી નહિ.

આજ પ્રમાણે વેદ મંત્રોમાં એટલે કે શ્રીમદ્ ભગવત ગીતા (જે ચારેય વેદોનો સાર છે) માં મોક્ષ પ્રાપ્તિને માટે જે જ્ઞાન કહ્યું છે, તેના અનુસાર આચરણ કરવાથી મોક્ષ લાભ એટલે કે પરમેશ્વર પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-34:- (ધર્મદાસજીનો) હે જિન્દા ! મને તો એ પણ જ્ઞાન નથી કે ગીતામાં મોક્ષ પ્રાપ્તિનું જ્ઞાન કયું છે ? મેં ગીતાને વાંચી છે, સમજી નથી. અમારા ધર્મગુરૂઓએ જે ભક્તિ બતાવી, તે શ્રદ્ધાથી કરતા આવી રહ્યા છીએ. વર્ષોથી ચાલી આવી રહેલો ભક્તિનો શાસ્ત્ર વિરુદ્ધ પ્રચાર સર્વ ભક્તોને સત્ય લાગી રહ્યો છે. શું ગીતામાં લખેલી ભક્તિ વિધિ પર્યાપ્ય છે ?**

**જવાબ-34:-** (જિન્દા બાબાનો) ગીતામાં કેવળ બ્રહ્મ સ્તરની (લેવલની / સુધીની) ભક્તિ વિધિ લખી છે. પૂર્ણ મોક્ષને માટે પરમ અક્ષર બ્રહ્મની ભક્તિ કરવી પડશે. ગીતામાં પૂર્ણ વિધિ નથી, કેવળ સંકેત કરેલો છે. જેમ ગીતા અધ્યાય-17ના શ્લોક 23માં કહ્યું છે કે ''સચ્ચિદાનંદ ઘન બ્રહ્મ'' એટલે કે પરમ અક્ષર બ્રહ્મની પ્રાપ્તિ માટે ''ૐ તત્, સત્'' આ મંત્રનો નિર્દેશ કરેલો છે. આના સ્મરણની વિધિ ત્રણ પ્રકારની છે. આ મંત્રમાં ૐ તો ક્ષર પુરૂષ એટલે કે બ્રહ્મનો મંત્ર તો સ્પષ્ટ છે. પરંતુ ''પર બ્રહ્મ'' (અક્ષર પુરૂષ) નો મંત્ર ''તત્'' છે જે સાંકેતિક (સંકેત કરેલો) છે, ઉપદેશીને તત્ત્વદર્શી સંત બતાવશે. ''સત્'' આ મંત્ર પૂર્ણ બ્રહ્મ (પરમ અક્ષર બ્રહ્મ)નો છે જે સાંકેતિક છે. આને પણ તત્ત્વદર્શી સંત જ ઉપદેશીને આપે છે. તત્ત્વદર્શી સંતની પાસે પૂર્ણ મોક્ષ માર્ગ હોય છે. જે ન તો વેદોમાં છે, ન ગીતામાં તથા ન તો પુરાણો અથવા બીજા ઉપનિષદોમાં છે. તત્ત્વજ્ઞાનની સત્યતાને પ્રમાણિત કરવા માટે ગીતા તથા વેદ સહીયોગી છે. જે ભક્તિ વિધિ વેદ-ગીતામાં છે, તે જ તત્ત્વજ્ઞાનમાં પણ છે. સૂક્ષ્મવેદ એટલે કે તત્ત્વજ્ઞાનમાં વેદો તથા ગીતાવાળી ભક્તિ વિધિ તો છે જ, એનાથી અલગ / જુદી પૂર્ણ મોક્ષવાળી સાધના પણ છે. ઉદાહરણ રૂપે - દસમા ધોરણનો પાઠ્યક્રમ ખોટે નથી, પરંતુ અધૂરો છે. બી.એ., એમ.એ.

વાળા સીલેબસમાં દસમીવાળું જ્ઞાન પણ હોય છે અને તેનાથી આગળનું જ્ઞાન પણ હોય છે. આવી જ દશા (સ્થિતિ) વેદો-ગીતા તથા સૂક્ષ્મવેદના જ્ઞાનના અંતરની જાણો.

**પ્રશ્ન-35ઃ- (ધર્મદાસજીનો) ગીતા તથા વેદોમાં આ ક્યાં આગળ પ્રમાણ છે કે પૂર્ણ મોક્ષનો માર્ગ તત્ત્વદર્શી સંતની પાસે જ હોય છે, વેદો તથા ગીતામાં નથી. હે પ્રભુ જિન્દા ! મારી શંકાનું સમાધાન કરો. આપનું જ્ઞાન હૃદયને સ્પર્શે છે. સત્ય પણ છે પરંતુ વિશ્વાસ તો પ્રત્યક્ષ પ્રમાણ જોઇને જ થાય છે.**

**જવાબ-35ઃ-** (જિંદા પરમેશ્વરજીનો) ગીતા અધ્યાય-4 શ્લોક 25 થી 30 માં ગીતા જ્ઞાનદાતાએ બતાવ્યું (કહ્યું) છે કે હે અર્જુન ! સર્વ સાધક પોતાની સાધના તથા ભક્તિને પાપ નાશ કરવાવાળી એટલે કે મોક્ષદાયક જાણીને જ કરે છે. જો તેમને આ નકકી જ ન હોય કે તમે જે ભક્તિ કરી રહ્યા છો, આ શાસ્રાનુકૂળ નથી જ તો તે સાધના જ છોડી દેતા. જેમ કે કેટલાક સાધક દેવતાઓની પૂજારૂપી યજ્ઞ એટલે કે ધાર્મિક અનુષ્ઠાન કરીને જ પૂજા માને છે. બીજા બ્રહ્મ સુધી જ પૂજા કરે છે. કેટલાક કેવળ અગ્નિમાં ધૃત (ઘી) વગેરે નાંખીને અનુષ્ઠાન કરે છે જેને હવન કહે છે. (ગીતા અધ્યાય-4 નો શ્લોક-5)

❋ બીજા યોગીજન એટલે કે ભક્તજન આંખ, કાન, મોઢું બંધ કરીને ક્રિયાઓ કરે છે. તેમાં જ પોતાનું માનવ જીવન હવન એટલે કે સમાપ્ત કરે છે. (ગીતા અધ્યાય-4 શ્લોક-26)

❋ બીજા યોગીજન એટલે કે ભક્તજન શ્વાસોના આવવા-જવા પર ધ્યાનથી જોઇને ભક્તિ સાધના કરે છે. જેનાથી તે આત્મ સંયમ સાધનારૂપી અગ્નિમાં પોતાનું જીવન - હવન એટલે કે માનવજીવન પૂરું કરી નાંખે છે. જેને જ્ઞાન દીપ માને છે એટલે કે પોતાની સાધનાને જ શ્રેષ્ઠ માને છે. (ગીતા અધ્યાય-4 શ્લોક-27)

❋ કેટલાક બીજા સાધક દ્રવ્ય એટલે કે ધનથી થવાવાળા યજ્ઞ એટલે કે ધાર્મિક અનુષ્ઠાન કરે છે. જેમ કે ભોજન ભંડારા કરવા, કાંબળા-કપડાં આપવાં, ધર્મશાળા, પાણીની પરબ બનાવવી. આ પ્રમાણેના યજ્ઞ કરે છે. કેટલાક તપસ્યા કરે છે, કેટલાક યોગાસન કરે છે. આને જ પરમાત્મા પ્રાપ્તિની સાધના માને છે. કેટલાક સાધકો તો અહિંસા વગેરે તીક્ષ્ણ વ્રત કરે છે. જેમ કે મોંઢા પર પટ્ટી બાંધીને નાગા (ખુલ્લા) પગે ચાલવું, કેટલાય દિવસ ઉપવાસ રાખવા વગેરે વગેરે. બીજા યોગીજન એટલે કે સાધક સ્વાધ્યાય એટલે કે દરરોજ કોઇ વેદ જેવા ગ્રંથમાંથી કેટલાક મંત્રો (શ્લોકો)નો પાઠ કરવો, આને જ્ઞાન યજ્ઞ કહેવાય છે તે કરતા રહે છે. આ બધી જ ક્રિયાઓને મોક્ષ આપવાવાળી માને છે. (ગીતા અધ્યાય-4 શ્લોક-28)

❋ બીજા યોગીજન એટલે કે ભક્તજન પ્રાણવાયુ (શ્વાસ) અપાનવાયુ માં પહોંચાડવાવાળી ક્રિયા કરે છે. બીજા યોગીજન એનાથી વિપરીત અપાનવાયુને પ્રાણવાયુમાં પહોંચાડવાવાળી ક્રિયા કરે છે. કેટલાક સાધક તો અલ્પાહારી (થોડોક

આહાર લઇને ઉપવાસી) રહે છે. કેટલાક યોગીક ક્રિયાઓ કરે છે. જેમ કે પ્રાણાયામમાં લીન સાધક પાન-અપાનની ગતિને રોકીને શ્વાંસ ઓછા લે છે. આમાં જ પોતાનું માનવ જીવન હવન એટલે કે સમર્પિત કરી દે છે. આ બધા જ ઉપરોક્ત (અધ્યાય-4 શ્લોક 25 થી 30 સુધી) સાધક પોત-પોતાના યજ્ઞો એટલે કે ધાર્મિક અનુષ્ઠાનોને કરીને એમ માને છે કે અમે પાપનો નાશ કરવાવાળી સાધના ભક્તિ કરી રહ્યા છીએ. (ગીતા અધ્યાય-4 શ્લોક-30)

✻ જો સાધકની સાધના શાસ્ત્રાનુકૂળ હોય તો હે કુરૂશ્રેષ્ઠ અર્જુન ! આ યજ્ઞથી બચેલા અમૃત ભોગને ખાવાવાળા સાધક સનાતન બ્રહ્મ એટલે કે પરમ અક્ષર બ્રહ્મને પ્રાપ્ત થાય છે અને યજ્ઞ એટલે કે શાસ્ત્રાનુકૂળ સાધના ન કરવાવાળા પુરૂષના માટે તો આ પૃથ્વીલોક પણ સુખદાયક નથી થતો, પછી પરલોક કેવી રીતે સુખદાયક થઇ શકે છે. એટલે કે તે શાસ્ત્ર વિરુદ્ધ સાધકને કોઇ લાભ નથી થતો. આ જ પ્રમાણ ગીતા અધ્યાય-16 શ્લોક 23-24માં પણ છે. (ગીતા અધ્યાય-4 શ્લોક-31)

✻ ગીતા જ્ઞાનદાતાએ ઉપરના 25 થી 30 સુધીના શ્લોકોમાં સ્પષ્ટ કર્યું છે કે જે સાધક જેવી સાધના કરી રહ્યા છે, તેને મોક્ષ આપવાવાળી તથા સત્ય (સાચી) માનીને કરી રહ્યા છે. પરંતુ ગીતા અધ્યાય-4 ના શ્લોક-32માં કહ્યું છે કે ‘‘યજ્ઞો એટલે કે ધાર્મિક અનુષ્ઠાનોનું યોગ્ય જ્ઞાન (બ્રહ્મણ: મુખે) પરમ અક્ષર બ્રહ્મ સ્વયં પોતાના મુખકમળથી બોલીને આપે છે [તે સચ્ચિદાનંદ ધન બ્રહ્મ એટલે કે પરમ અક્ષર બ્રહ્મની વાણી કહેવામાં આવી છે.તેને તત્ત્વજ્ઞાન પણ કહે છે. તેને જ પાંચમો વેદ (સૂક્ષ્મ વેદ) પણ કહે છે.] તે તત્ત્વજ્ઞાનમાં ભક્તિ વિધિ વિસ્તારની સાથે બતાવવામાં આવી છે. તેને જાણીને સાધક સર્વ પાપોથી મુક્ત થઇ જાય છે એટલે કે પૂર્ણ મોક્ષને પ્રાપ્ત થઇ જાય છે.

***નોંધ:-*** *ગીતા અધ્યાય-4 શ્લોક-32ના અનુવાદમાં બધા અનુવાદકોએ એક જેવી જ ભૂલ કરી રાખી છે. ‘બ્રહ્મણ:’ શબ્દનો અર્થ ‘વેદ’ કરી રાખ્યો છે. ‘બ્રહ્મણ: મુખે’નો અર્થ વેદની વાણીમાં’’ કર્યો છે, જે ખોટો છે. તે જ અનુવાદકોએ ગીતા અધ્યાય-17 શ્લોક 23માં ‘બ્રહ્મણ:’નો અર્થ સચ્ચિદાનંદ ધન બ્રહ્મ એટલે કે પરમ અક્ષર બ્રહ્મ કર્યો છે જે ઉચિત-યોગ્ય છે. એટલા માટે ગીતા અધ્યાય-4 શ્લોક-32માં પણ ‘‘બ્રહ્મણ:’’નો અર્થ સચ્ચિદાનંદ ધન બ્રહ્મ એટલે કે પરમ અક્ષર બ્રહ્મ કરવો ઉચિત (યોગ્ય) છે. પ્રમાણ માટે જુઓ ઉપરોક્ત ગીતાના શ્લોકોની ઝેરોક્ષ કોપી આ પુસ્તકના પૃષ્ઠ 210 થી 359 પર.*

✻ ગીતા અધ્યાય-4 શ્લોક 34માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે તે જ્ઞાનને (જે પરમાત્મા પોતાના મુખકમળથી બોલીને સંભળાવે છે - જે તત્ત્વજ્ઞાન છે તેને) તું તત્ત્વદર્શી સંતોની પાસે જઇને સમજ. તેમને દંડવત પ્રણામ કરવાથી, કપટ છોડીને નમ્રતાપૂર્વક પ્રશ્ન કરવાથી તત્ત્વદર્શી સંત તને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કરશે.

✻ આનાથી આ પણ સિદ્ધ થાય છે કે ગીતાવાળું જ્ઞાન સંપૂર્ણ નથી જ, પરંતુ ખોટુંય નથી. ગીતા જ્ઞાનદાતાને પણ પૂર્ણ મોક્ષ માર્ગનું જ્ઞાન નથી. કારણ કે તત્ત્વજ્ઞાનની જાણકારી ગીતા જ્ઞાનદાતાને નથી જે પરમાત્મા (પરમ અક્ષર બ્રહ્મ)એ પોતાના મુખથી બોલ્યું હોય છે. તેને તત્ત્વદર્શી સંતો પાસેથી જાણવાને માટે કહ્યું છે.

✻ આ જ પ્રમાણ યજુર્વેદ અધ્યાય-4 મંત્ર 10માં પણ છે. કહ્યું છે કે પરમ અક્ષર બ્રહ્મને કોઇ તો ''સમ્ભવાત્'' એટલે કે રામ-કૃષ્ણની માફક ઉત્પન્ન થવાવાળા સાકાર કહે છે. કોઇ ''અસમ્ભવાત્'' એટલે કે પરમાત્મા ઉત્પન્ન નથી થતા, તે નિરાકાર છે. પરમેશ્વર ઉત્પન્ન થાય છે અથવા ઉત્પન્ન નથી થતા. તેઓ વાસ્તવમાં (વાસ્તવિકરૂપે) કેવા છે ? આ જ્ઞાન ''ધીરાણામ્'' તત્ત્વદર્શી સંત બતાવે છે, તેમની પાસેથી સાંભળો.

**પ્રશ્ન-36ઃ- (ધર્મદાસજીનો) હે પ્રભુ ! હે જિન્દા ! તત્ત્વદર્શી સંતની શું ઓળખાણ છે તથા પ્રમાણિત સદ્ગ્રંથોમાં ક્યાં આગળ પ્રમાણ છે ? આપનું જ્ઞાન આત્માની આર-પાર થઇ રહ્યું છે. ગીતાના શબ્દે-શબ્દનો સાચો ભાવાર્થ આપજીના મુખકમળથી સાંભળીને યુગોની તરસી આત્મા થોડી ઘણી તૃપ્ત થઇ રહી છે. ગદ્ગદ્ થઇ રહી છે.**

**જવાબ-36ઃ-** (જિન્દા પરમેશ્વરજીનો) પરમેશ્વરે કહ્યું કે પહેલાં તો લક્ષણ સાંભળ તત્ત્વદર્શી સંત એટલે કે પૂર્ણ જ્ઞાની સતગુરૂનાં:-

***ગુરુના લક્ષણ ચાર બખાના, પ્રથમ વેદ શાસ્ત્ર કો જ્ઞાના (જ્ઞાતા) ।***
***દૂજે હરિ ભક્તિ મન કર્મ બાની, તીસરે સમર્દષ્ટિ કર જાની ।***
***ચૌથે વેદ વિધિ સબ કર્મા, યહ ચાર ગુરુ ગુણ જાનો મર્મા ।***

કબીર સાગરના અધ્યાય ''જીવધર્મ બોધ''ના પાના નં. 1960 પર આ અમૃતવાણીઓ લખેલી છે.

**ભાવાર્થઃ-** જે તત્ત્વદર્શી સંત (પૂર્ણ સતગુરૂ) હશે તેનામાં ચાર મુખ્ય ગુણ હોય છે:-

(1) તે વેદો તથા બીજા બધા જ ગ્રંથોના પૂર્ણ જ્ઞાની હોય છે.

(2) બીજો ગુણ તે પરમાત્માની ભક્તિ મન-કર્મ-વચનથી સ્વયં કરે છે, કેવળ વક્તા-વક્તા નથી હોતા, તેની કરણી અને કથનીમાં કોઇ અંતર નથી હોતું.

(3) તે સર્વ અનુયાયીઓને સમાન દષ્ટિથી જુએ છે. ઊંચનીચનો ભેદ નથી કરતા.

(4) ચોથો ગુણ તે સર્વ ભક્તિ કર્મ વેદો અનુસાર કરે છે તથા કરાવે છે એટલે કે શાસ્ત્ર અનુકૂળ ભક્તિ સાધના કરે છે તથા કરાવે છે.

આ ઉપરોક્ત પ્રમાણ તો સૂક્ષ્મ વેદમાં છે જે પરમેશ્વરે પોતાના મુખ કમળથી બોલ્યું છે. હવે આપજીને શ્રીમદ્ ભગવત ગીતામાં પ્રમાણ દેખાડીએ છીએ કે તત્ત્વદર્શી સંતની શું ઓળખ બતાડી છે ?

શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય-15 શ્લોક 1 માં સ્પષ્ટ છે :-

*ઉધર્વ મૂલમ્ અધ: શાખમ્ અશ્વત્થમ્ પ્રાહુ: અવ્યયમ્ ।*
*છન્દાંસિ યસ્ય પર્ણાનિ: ય: તમ્ વેદ સ: વેદવિત્ ॥*

**અનુવાદઃ-** ઉપર તરફ મૂળવાળું, નીચે તરફ ત્રણ ગુણરૂપી શાખાવાળું ઉલ્ટું લટકેલું સંસારરૂપી પીપળનું વૃક્ષ જાણો, આને અવિનાશી કહે છે. કારણ કે ઉત્પત્તિ - પ્રલય ચક્ર કાયમ ચાલતું રહે છે. જેના કારણે આને અવિનાશી કહ્યું છે. આ સંસારરૂપી વૃક્ષના પત્તા (પાંદડાં) વગેરે છંદ છે એટલે કે ભાગ (Parts) છે. (ય તમ્ વેદ) જે આ સંસારરૂપી વૃક્ષના સર્વ ભાગોને તત્ત્વથી જાણે છે. (સ:) તે (વેદવિત્) વેદના તાત્પર્યને જાણવાવાળા છે એટલે કે તત્ત્વદર્શી સંત છે. જેમ કે ગીતા અધ્યાય-4 શ્લોક 32 માં કહ્યું છે કે પરમ અક્ષર બ્રહ્મ સ્વયં પૃથ્વી પર પ્રગટ થઇને પોતાના મુખ કમળથી તત્ત્વજ્ઞાન વિસ્તારથી બોલે છે. પરમેશ્વરે પોતાની વાણીમાં એટલે કે તત્ત્વજ્ઞાનમાં કહ્યું છે :-

*કબીર, અક્ષર પુરૂષ એક પેડ હૈ, ક્ષર પુરૂષ વાકિ ડાર ।*
*તીનોં દેવા શાખા હૈં, પાત રૂપ સંસાર ॥*

**ભાવાર્થઃ-** જમીનથી બહાર જે વૃક્ષનો ભાગ છે, તેને થડ કહે છે. થડને તો જાણો અક્ષર પુરૂષ, થડથી કેટલાંક મોટાં ડાળાં નીકળે છે, તેમાંથી એક મોટું ડાળું જાણો ક્ષર પુરૂષ. તે ડાળથી ત્રણ શાખાઓ નીકળે છે. તેમને જાણો ત્રણેય દેવતા (રજગુણ બ્રહ્માજી, સતગુણ વિષ્ણુજી તથા તમગુણ શિવ - શંકરજી) અને એ શાખાઓને પાંદડાં લાગે છે, તે પાંદડાંને સંસાર જાણો.

ગીતા અધ્યાય-15 શ્લોક 1 થી 4માં સાંકેતિક વિવરણ છે. તત્ત્વ જ્ઞાનમાં વિસ્તારથી કહેવામાં આવ્યું છે, પ્રથમ ગીતા જ્ઞાનના આધારથી જ જાણીએ.

ગીતા અધ્યાય-15 શ્લોક 2માં કહ્યું છે કે સંસારરૂપી વૃક્ષની ત્રણેય ગુણ (રજગુણ બ્રહ્માજી, સતગુણ વિષ્ણુજી તથા તમગુણ શંકરજી) રૂપી શાખાઓ છે. એ ઉપર (સ્વર્ગલોકમાં) તથા નીચે (પાતાળ લોકમાં) ફેલાયેલી છે.

**નોંધઃ-** રજગુણ બ્રહ્મા, સતગુણ વિષ્ણુ તથા તમગુણ શંકર છે. જુઓ પ્રમાણ પ્રશ્ન નંબર 7માં. ત્રણેય શાખાઓ ઉપર-નીચે ફેલાયેલી છે. તાત્પર્ય એ છે કે ગીતાનું જ્ઞાન પૃથ્વીલોક પર બોલાઇ રહ્યું હતું. ત્રણેય દેવતાની સત્તા ત્રણ લોકમાં છે. (1) પૃથ્વી લોક, (2) સ્વર્ગલોક તથા (3) પાતાળ લોક. એ ત્રણેય એક-એક વિભાગના મંત્રી છે. રજગુણ વિભાગના શ્રી બ્રહ્માજી, સતગુણ વિભાગના શ્રી વિષ્ણુજી તથા તમગુણ વિભાગના શ્રી શિવજી.

ગીતા અધ્યાય 15 શ્લોક 3માં કહ્યું છે કે હે અર્જુન ! આ સંસારરૂપી વૃક્ષનું સ્વરૂપ જેમ કે અહીંયા (વિચારકાળમાં) એટલે કે તારી અને મારી ગીતા જ્ઞાનની ચર્ચામાં નથી જાણી શકાતું એટલે કે હું નહિ બતાવી શકું કારણ કે આના આદિ અને અંતનું મને બરાબર રીતે જ્ઞાન નથી. એટલા માટે આ અતિ દૃઢ (વધારે મજબૂત) મૂળવાળા એટલે કે જે સંસારરૂપી વૃક્ષનું મૂળ છે (તે પરમાત્મા પણ અવિનાશી છે તથા તેમનું સ્થાન સત્યલોક, અલખલોક, અગમલોક તથા અકહલોક, એ ચાર

ઉપરના લોક પણ અવિનાશી છે. આ ચારેયમાં એક જ પરમાત્મા અલગ-અલગ રૂપ બનાવીને સિંહાસન પર બિરાજમાન છે. એટલા માટે આને ''સુદઢ મૂલમ્'' અતિ દઢ મૂળવાળા એટલે કે વધારે મજબૂત મૂળવાળું કહ્યું છે) આને તત્ત્વજ્ઞાન રૂપી શસ્રથી કાપીને એટલે કે તત્ત્વદર્શી સંતથી તત્ત્વજ્ઞાન સમજીને. પછી ગીતા અધ્યાય-15 શ્લોક-4માં કહ્યું છે કે તેના પછી પરમેશ્વરના તે પરમદ એટલે કે સતલોકની શોધ કરવી જોઇએ, જ્યાં ગયા પછી સાધક ફરી પાછા વળીને સંસારમાં ક્યારેય નથી આવતા. જે પરમેશ્વરથી સંસારરૂપી વૃક્ષની પ્રવૃત્તિ વિસ્તારને પ્રાપ્ત થઇ છે એટલે કે જે પરમેશ્વરે સર્વ સંસારની રચના કરી છે. તે જ પરમેશ્વરની ભક્તિને પહેલાં તત્ત્વદર્શી સંતથી સમજો ! ગીતા જ્ઞાનદાતા પોતાની ભક્તિની પણ મનાઇ કરી રહ્યા છે. ગીતા અધ્યાય-15 શ્લોક 16-17માં ત્રણ પ્રભુ બતાવ્યા છે. શ્લોક-16માં બે પુરૂષ કહ્યા છે. ક્ષર પુરૂષ અને અક્ષર પુરૂષ એ બંને નાશવાન પ્રભુ છે. શ્લોક 17માં ત્રીજા પરમ અક્ષર પુરૂષ છે કે જે સંસારરૂપી વૃક્ષનું મૂળ છે તે વાસ્તવમાં અવિનાશી છે. મૂળમાંથી જ વૃક્ષના સર્વ ભાગો ''થડ - ડાળુ-શાખાઓ તથા પાંદડાં''ને ખોરાક પ્રાપ્ત થાય છે. તે પરમ અક્ષર પુરૂષ જ ત્રણેય લોકોમાં પ્રવેશ કરીને બધાનું ધારણ-પોષણ કરે છે. તે જ (મૂળ) માલિકની પૂજા કરવી જોઇએ. આ વિવરણમાં તત્ત્વદર્શી સંતની ઓળખ તથા ગીતા જ્ઞાનદાતાની અલ્પજ્ઞતા એટલે કે તત્ત્વજ્ઞાન હીનતા સ્પષ્ટ થાય છે.

## ''જિન્દા બાબાનું બીજી વાર અંર્તધ્યાન થવું''

(ધર્મદાસજીએ કહ્યું):- હે જિન્દા ! આપ આ શું કહી રહ્યા છો કે શ્રી વિષ્ણુજી ત્રણેય લોકોમાં માત્ર એક જ વિભાગના મંત્રી છે. આપ ખોટું કહી રહ્યા છો. શ્રી વિષ્ણુ તો અખિલ બ્રહ્માંડના સ્વામી છે. એજ શ્રી બ્રહ્મા રૂપમાં ઉત્પત્તિ કરે છે. વિષ્ણુ રૂપ થઇને સંસારનું પાલન કરે છે તથા શિવરૂપ થઇને સંહાર કરે છે. એ તો કુલના માલિક છે. જો ફરીથી આપે શ્રી વિષ્ણુજીને અપમાનિતા કર્યા તો વાત ઠીક રહેશે નહિ.

પરમેશ્વર કબીરજીએ કહ્યું:-

*મૂર્ખ કે સમજાવતેં, જ્ઞાન ગાંઠિ કા જાય ।*
*કોયલા હોત ન ઉજલા, ભાવેં સૌ મન સાબુન લાય ।।*

આટલું કહીને પરમેશ્વર જિંદા રૂપધારી અંર્તધ્યાન (અદશ્ય) થઇ ગયા. બીજી વાર પરમેશ્વરને ખોયા પછી ધર્મદાસ ખૂબ ઉદાસ થઇ ગયા. ભગવાન વિષ્ણુજીમાં એટલી બધી અતૂટ શ્રદ્ધા હતી કે આંખો સામે પ્રમાણ જોઇને પણ જૂઠ્ઠાણાને ત્યાગવા તૈયાર નહતા.

*કબીર, જાન બૂઝ સાચી તજૈ, કરે જૂઠ સે નેહ ।*
*તાકિ સંગતિ હે પ્રભુ, સ્વપ્ન મેં ભી ના દેહ ।।*

થોડીવાર પછી ધર્મદાસની બુદ્ધિથી કાળની છાયા હટી અને પોતાની ભૂલ પર વિચાર કર્યો કે બધા પ્રમાણો ગીતામાંથી જ પ્રત્યક્ષ કરવામાં આવ્યા હતા. જિંદા બાબાએ પોતાની તરફથી તો કંઇ પણ નથી કહ્યું. હું કેટલો અભાગ્યો છું કે મેં મારા

પોતાના હઠીલા વ્યવહારથી દેવસ્વરૂપ તત્ત્વદર્શી સંતને ખોઇ દીધા. હવે તો તે દેવ મળશે નહિ. મારું જીવન વ્યર્થ જશે. આ વિચાર કરીને ધર્મદાસ સહેમી ગયા એટલે કે ભય (ડર)ના માર્યા ધ્રુજવા લાગ્યા. ખાવાનું પણ થોડું ખાવા લાગ્યા, ઉદાસ રહેવા લાગ્યા તથા મનમાં ને મનમાં અરજ કરવા લાગ્યા. હે દેવ ! હે જિન્દા બાબા ! એકવાર દર્શન આપી દો. ભવિષ્યમાં આવી ભૂલ ક્યારેય નહિ કરું. હું આપને હાથ જોડીને પ્રાર્થના કરું છું. મારી મૂર્ખની હલકી-ખરાબ વાતો પર ધ્યાન ન આપો. મને ફરીથી મળો ગોંસાઇ (ભગવંત). આપનું જ્ઞાન સત્ય, આપ સત્ય, આપજીનું એકે-એક વચન અમૃત છે. કૃપા કરી દર્શન આપો નહિ તો વધારે દિવસ મારું જીવન રહેશે નહિ.

ત્રીજા દિવસે પરમેશ્વર કબીરજી એક દરિયા (નદી)ના કિનારે વૃક્ષની નીચે બેઠા હતા. આજુબાજુ કેટલીક રખડતી ગાયો પણ તે જ વૃક્ષની નીચે બેસીને વાગોલ કરી રહી હતી. કેટલીક નદી કિનારે ઘાસ ચરી રહી હતી. ધર્મદાસજીની નજર નદીના કિનારે પિતામ્બર પહેરીને બેઠેલા સંત પર પડી, જોયું આજુ-બાજુ ગાયો ચરી રહી છે. એવું લાગ્યું કે જાણે સાક્ષાત ભગવાન કૃષ્ણ પોતાના લોકથી આવીને બેઠા હોય. ધર્મદાસ ઉત્સાહપૂર્વક સંતની પાસે ગયા તથા જોયું આ તો કોઇ સામાન્ય સંત છે. છતાં પણ વિચાર્યું કે ચરણ સ્પર્શ કરીને પછી આગળ વધીશ. ધર્મદાસજીએ જ્યારે ચરણ (પગ) નો સ્પર્શ કર્યો, માથું ચરણો પર રાખ્યું તો એવું લાગ્યું કે જાણે રૂને સ્પર્શ કર્યો હોય. પછી ચરણોને હાથથી દબાવી-દબાવીને જોયું તો તેમાં કયાંય પણ હાડકા નહતા. ઉપર મોઢા તરફ જોયું તો તે જ બાબા જિંદા તે જ પહેલાં વાળી વેશભૂષામાં બેઠા હતા. ધર્મદાસજીએ ચરણોને મજબૂતીથી પકડી લીધા કે ક્યાંક ફરીથી ચાલ્યા ન જાય અને પોતાની ભૂલની ક્ષમા યાચના કરી (ક્ષમા માંગી) ને કહ્યું કે હે જિન્દા ! આપ તો તત્ત્વદર્શી સંત છો. હું એક ભ્રમિત જિજ્ઞાસુ છું. જયાં સુધી મારી શંકાઓનું સમાધાન નહિ થાય, ત્યાં સુધી મારું અજ્ઞાન કેવી રીતે નાશ પામશે ? આપ તો મહાકૃપાળુ છો. મુજ પથ્થર પર દયા કરો, મારું અજ્ઞાન હટાવો પ્રભુ.

**પ્રશ્ન-37:- (ધર્મદાસજીનો) હે જિન્દા ! જો શ્રી વિષ્ણુજી પૂર્ણ પરમાત્મા નથી તો કોણ છે પૂર્ણ પરમાત્મા, કૃપા કરી ગીતામાંથી પ્રમાણ આપશો ?**

**જવાબ-37:-** કૃપા વાંચો પ્રશ્ન-15નો જવાબ જે જિન્દા રૂપધારી પરમેશ્વરે ધર્મદાસને સંભળાવેલો.

**પ્રશ્ન-38:- ધર્મદાસજીએ પૂછ્યું કે શું શ્રી વિષ્ણુજી અને શંકરજીની પૂજા કરવી જોઇએ ?**

**જવાબ-38:-** (જિન્દા બાબાનો) નહીં કરવી જોઈએ.

**પ્રશ્ન-39:- ધર્મદાસજીનો : કૃપા કરી ગીતાથી પ્રમાણિત કરો.**

**જવાબ-39** :- કૃપ્યા કરીને વાંચો પ્રશ્ન નં. 17નો જવાબ. ધર્મદાસને પ્રભુએ સંભળાવ્યું, ગીતા શાસ્ત્રથી પ્રત્યક્ષ (પોતાની સામે) પ્રમાણ જોઇને ધર્મદાસની આંખો ખુલ્લીને ખુલ્લી જ રહીગઇ. જેમ કે કોઇ આઘાત લાગ્યો હોય. જૂઠું નથી કહી શકતો, સ્વીકાર કરવાને માટે હજી સમય લાગશે.

જિંદારૂપ ધારી પરમેશ્વરે ધર્મદાસને સંબોધન કરતાં કહ્યું કે હે વૈષ્ણવ મહાત્મા ! કઇ દુનિયામાં ચાલ્યા ગયા. પાછા આવો. જાણે કે ધર્મદાસ નિંદ્રામાંથી જાગ્યા હોય. સાવધાન થઇને કહ્યું, કંઇ નહિ - કંઇ નહિ. કૃપા કરી બીજું વધારે જ્ઞાન સંભળાવો જેથી મારો ભ્રમ દૂર થઇ શકે. પરમેશ્વર કબીરજીએ સૃષ્ટિની રચના ધર્મદાસજીને સંભળાવી. કૃપા કરીને વાંચો આ જ પુસ્તકના પૃષ્ઠાંક ...... ૫૨.

સૃષ્ટિ રચના સાંભળીને ધર્મદાસજીને એવું લાગ્યું કે જાણે પાગલ થઇ જઇશ કારણ કે જે જ્ઞાન આજદિન સુધી હિન્દુ ધર્મગુરૂઓ, ઋષિઓ, મહર્ષિઓ - સંતો પાસેથી સાંભળ્યું હતું, તે આધાર વગરનું - પ્રમાણ વગરનું લાગી રહ્યું હતું. જિંદા બાબા હિન્દુ સદ્ગ્રંથોમાંથી જ પ્રમાણિત કરી રહ્યા હતા. શંકાને કોઇ સ્થાન નહતું. મનમાં ને મનમાં વિચારી રહ્યા હતા કે ક્યાંક હું પાગલ તો નહિ થઇ જાઉં ને ?

**પ્રશ્ન-40ઃ- (ધર્મદાસજીનો) હે જિન્દા ! શું હિન્દુ ધર્મના ગુરૂઓ તથા ઋષિઓને શાસ્ત્રોનું જ્ઞાન જ નથી ?**

**જવાબ-40ઃ-** (જિંદા મહાત્માનો) શું આ બતાવવાની પણ આવશ્યક્તા શેષ (બાકી) રહી ગઇ છે ?

## ''ધર્મદાસજીની બીજા સંતો સાથે જ્ઞાનચર્ચા''

**પ્રશ્ન-41:- (ધર્મદાસજીનો) ધર્મદાસજીએ મનમાં વિચાર કર્યો કે આ કેવી રીતે બની શકે કે હિન્દુ ધર્મના કોઇ સંત, ગુરૂ, મહર્ષિને સાચું આધ્યાત્મિક જ્ઞાન નથી ? આવું વિચારીને ધર્મદાસજીના મનમાં વિચાર આવ્યો કે કોઇ મહામંડળેશ્વર પાસેથી જ્ઞાન સાંભળવું જોઇએ. એક રમતા ફકીરની પાસે શું મળશે ? આ વાત મનમાં વિચારી રહ્યા હતા કે પરમેશ્વર જિન્દાજીએ ધર્મદાસજીના મનનો દોષ જાણીને કહ્યું કે આપ તમારા મહામંડળેશ્વરો પાસેથી પણ જ્ઞાન પ્રાપ્ત કરી લો. આવું કહીને પરમેશ્વર ત્રીજી વખત અંર્તધ્યાન (અદશ્ય) થઇ ગયા. ધર્મદાસજી ઠગાયેલા રહી ગયા અને પોતાના મનના દોષને જિંદા મહાત્માના મુખકમળથી સાંભળીને ખૂબ જ શરમ અનુભવવા લાગ્યા. જ્યારે પ્રભુ અંર્તધ્યાન થઇ ગયા તો ખૂબ વ્યાકુળ થઇ ગયા. પરંતુ ધર્મદાસજીને આશા હતી કે અમારા મંડળેશ્વરોની પાસે તત્ત્વજ્ઞાન અવશ્ય મળશે. જો જિંદા બાબા (મુસલમાન) ના જ્ઞાનને તત્ત્વજ્ઞાન માનીને સાધના સ્વીકાર કરવી એ તો એવું લાગી રહ્યું છે જાણે કે ધર્મ પરિવર્તન કરવાનો હોય. આ તો સમાજમાં નિંદાનું કારણ બનશે. એટલા માટે પોતાના હિન્દુ મહાત્માઓ પાસેથી તત્ત્વજ્ઞાન જાણીને શ્રેષ્ઠ શાસ્ત્ર અનુકૂળ ભક્તિ કરવી જ ઉચિત રહેશે. આ વખતે ધર્મદાસજીને જિંદા બાબાનું અચાનક ચાલ્યા જવું ખટક્યું નહિ કારણ કે તેમની ભૂલ હતી કે હિન્દુ આટલો મોટો તથા જૂનો ધર્મ છે. શું કોઇપણ તત્ત્વદર્શી સંત નહિ મળે ? ધર્મદાસજી એક વૈષ્ણવ મહામંડલેશ્વર શ્રી જ્ઞાનાનંદજી વૈષ્ણવના આશ્રમમાં ગયા. તે સમયે જ્ઞાનાનંદજીની**

**ખૂબ બોલબાલા હતી. તે સ્વામી રામાનંદજી કાશીવાળાના શિષ્ય હતા. પરંતુ તે સમયે સ્વામી રામાનંદજી તો પરમેશ્વર કબીરજીના શિષ્ય / ગુરૂ બની ચુક્યા હતા. તે પોતાના જ્ઞાનને અજ્ઞાન માની ચુક્યા હતા. સ્વામી રામાનંદજીએ પોતાના સર્વ ઋષિ શિષ્યોને કહી દીધું હતું કે મારા દ્વારા કહેવામાં આવેલું જ્ઞાન વ્યર્થ છે અને આ સાધના શાસ્ત્ર વિરુદ્ધ છે. તમે બધા પરમેશ્વર કબીરજી પાસેથી દીક્ષા ગ્રહણ કરી લો. પરંતુ જાતિનું અભિમાન, શિષ્યોમાં પ્રતિષ્ઠા, જ્ઞાનની જગ્યાએ અજ્ઞાનનો ભંડાર જીવને સત્ય સ્વીકાર કરવા દેતો નથી.**

*કબીર, રાજ તજના સહજ હૈ, સહજ ત્રિયા કા નેહ ।*
*માન બડાઇ ઇર્ષા, દુર્લભ તજના યેહ ।।*

ધર્મદાસજીએ શ્રી જ્ઞાનાનંદજીને પ્રશ્ન કર્યો કે સ્વામીજી ભગવાન વિષ્ણુજીથી ઉપર કોઇ પ્રભુ છે ? શ્રી જ્ઞાનાનંદજીએ જવાબ આપ્યો કે શ્રી વિષ્ણુ સ્વયં પરમ બ્રહ્મ પરમાત્મા છે. એમનાથી ઉપર કોણ હોઇ શકે ? શ્રીકૃષ્ણજી પણ શ્રી વિષ્ણુજી સ્વયં જ હતા. તેમણે જ શ્રીમદ્ ભગવત ગીતાનું જ્ઞાન આપ્યું. તમને કોણે ભ્રમિત કરી દીધા ? ધર્મદાસજીએ પૂછ્યું કે ગીતા અધ્યાય-8 ના શ્લોક-1માં અર્જુને પૂછ્યું કે તત્ બ્રહ્મ શું છે ? ગીતા અધ્યાય-8 શ્લોક-3માં ભગવાને કહ્યું છે કે તે ‘‘પરમ અક્ષર બ્રહ્મ’’ છે. આ તો ભગવાન કૃષ્ણથી અન્ય કોઇ બીજા પ્રભુ થયા. જ્ઞાનાનંદ સ્વામી બોલ્યા, લાગે છે કે તને તે કાશીવાળા જુલાહાનો જાદુ ચઢ્યો છે. ચાલ-ચાલ તારું કામ કર. ભગવાન કૃષ્ણ સિવાય બીજા કોઇ પ્રભુ નથી. ધર્મદાસજીને ખબર પડી ગઇ કે આની પાસે તે જ્ઞાન નથી જે જિંદા બાબાએ પ્રમાણો સાથે બતાવ્યું છે. ધર્મદાસ નિરાશ થઇને ત્યાંથી ચાલી નીકળ્યા. ધર્મદાસજીને આ ખબર નહતી કે કાશીવાળા જુલાહા તે બાબા જિંદા જ છે. પછી ધર્મદાસજીને ખબર પડી કે એક મોહનગીરી નામના મહામંડળેશ્વર છે, તેમની પાસે જઇને ભગવાનની ચર્ચા શરૂ કરી. પહેલાં એક રૂપિયો દક્ષિણા ચઢાવી (આપી) જેના કારણે મોહનગીરીએ તેમને નજીક બેસાડ્યા અને કહ્યું કે ભગવાન શિવ સર્વ સૃષ્ટિના રચવાવાળા છે. એમનાથી વધીને સંસારમાં કોઇ પ્રભુ છે જ નહિ. ‘‘ઓમ્ નમઃ શિવાય’’ મંત્રનો જાપ કરો. ધર્મદાસજી પ્રણામ કરીને ચાલી નીકળ્યા. વિચાર કર્યો આમનું કેટલું મોટું નામ છે, જ્ઞાન એક પૈસાનું પણ નથી. ધર્મદાસજીને કોઇએ બતાવ્યું કે એક બહુ મોટા તપસ્વી છે. કેટલાય વર્ષોથી ઊભા રહીને તપ કરી રહ્યા છે. ધર્મદાસજી ત્યાં આગળ ગયા, તે નાથ પંથથી જોડાયેલા હતા. ભગવાન શિવને સમર્થ પરમાત્મા બતાવતા હતા. તપ કરીને હઠયોગથી પરમાત્માની પ્રાપ્તિ માની રહ્યા હતા. ધર્મદાસજીએ વિવેકપૂર્વક વિચાર કર્યો કે જો આટલી ઘોર (ભયંકર) કઠણ તપસ્યાથી પરમાત્મા મળશે તો અમારા વશની બહારની વાત છે. ત્યાંથી પણ આગળ ચાલ્યા. ખબર પડી કે એક ખૂબ મોટા વિદ્વાન મહાત્મા કાશી વિદ્યાપીઠથી ભણીને આવ્યા છે. વેદોના પૂર્ણ વિદ્વાન છે. ધર્મદાસજીએ તે મહાત્માને પૂછ્યું પરમાત્મા કેવા છે ? જવાબ મળ્યો નિરાકાર છે. તે નિરાકાર પરમાત્માનું કોઇ નામ છે ? ધર્મદાસે પૂછ્યું. તો વિદ્વાને જવાબ આપ્યો:-

તેનું નામ બ્રહ્મ છે. શું પરમાત્માને જોઇ શકાય છે, ધર્મદાસજીએ પ્રશ્ન કર્યો ? જવાબ મળ્યો પરમાત્મા નિરાકાર છે, તેને કેવી રીતે જોઇ શકીએ છીએ. કેવળ પરમાત્માનો પ્રકાશ જોઇ શકાય છે. **પ્રશ્નઃ- શું શ્રીકૃષ્ણ અથવા વિષ્ણુજી પરમાત્મા છે ? જવાબ હતો કે એ તો સર્ગુણ દેવતા છે, પરમાત્મા નિર્ગુણ છે.**

ગીતા અને વેદના જ્ઞાનમાં શું અંતર છે ? ધર્મદાસે પ્રશ્ન કર્યો. બ્રાહ્મણનો જવાબ હતો કે ગીતા ચારેય વેદોનો સારાંશ છે. ધર્મદાસજીએ પૂછ્યું કે ભક્તિ મંત્ર કયો છે? જવાબ બ્રાહ્મણનો હતો કે ગાયત્રી મંત્રનો જાપ કરો. ''ઓમ ભૂર્ભૂવસ્વઃ તત્ સવિતુઃ વરેણીયમ્ ભૃગોદેવસ્ય ધીમહિ, ધીયો યો નઃ પ્રચોદયાત્'' ધર્મદાસજીને જિંદા બાબાએ બતાવ્યું હતું કે આ મંત્રથી મોક્ષ સંભવ નથી. ધર્મદાસજી ફરી પાછા આગળ ચાલ્યા તો ખબર પડી કે સંત ગુફામાં રહે છે. ઘણા બધા દિવસ સુધી ગુફામાંથી નીકળતા નથી. તેની પાસે જઇને પ્રશ્ન કર્યો કે ભગવાન કેવી રીતે મળે છે ? જવાબ મળ્યો કે ઇન્દ્રિયો પર સંયમ રાખો, આનાથી જ પરમાત્મા મળી જાય છે. નામ જાપથી કંઇ નથી થતું. ખાંડ કહેવાથી મોંઢું ગળ્યું નથી થતું. ધર્મદાસજીને સંતોષ ન થયો. બધા સંતો સાથે જ્ઞાનચર્ચા કરીને ધર્મદાસજીને ખૂબ પસ્તાવો થયો કે મને તે જિંદા બાબા પર વિશ્વાસ થયો નહિ કે તેમણે કહ્યું હતું કે કોઇપણ સંત મહામંડલેશ્વરની પાસે યોગ્ય (સાચું) આધ્યાત્મ જ્ઞાન નથી. કોઇપણ સંત મહાત્માનું જ્ઞાન પ્રમાણિત જ નથી. કોઇ શાસ્ત્રનો આધાર જ નથી, ત્યારે ધર્મદાસ રડવા લાગ્યા. પોતાની અજ્ઞાનતા પર પસ્તાવો કરવા લાગ્યા કે હું કેવો કાળા મોઢાનો એટલે કે ખરાબ કિસ્મત (નસીબ)વાળો છું. મને તે પરમાત્મા સ્વરૂપ જિંદા મહાત્મા પર વિશ્વાસ આવ્યો નહિ. હવે તે અંર્તયામી મને મળશે નહિ કારણ કે મેં પોતે ઘણીવાર તેમનું અપમાન કર્યું હતું. હવે શું કરું ? ન જીવવા માટે મન કરે છે, આત્મહત્યા પાપ છે. ખૂબ લાગણીવશ થઇને જોરથી રડવા લાગ્યા, રડતા રડતા ગોથું ખાઇને બેભાન થઇ ગયા.

**જવાબઃ-** પરમાત્મા જિંદા મહાત્માના રૂપમાં એક વૃક્ષની નીચે બેસી ગયા. ધર્મદાસજી ભાનમાં આવ્યા અને હૃદયથી પોકાર કર્યો કે હે જિન્દા ! એક વાર દર્શન આપો. હું તૂટી ચુકયો છું. કોઇની પાસે જ્ઞાન નથી. આપની બધી વાતો સત્ય છે. પરમાત્મા એક વાર મુજબ અજ્ઞાની મહામૂર્ખને ક્ષમા કરો પરમેશ્વર. આપ જિંદા નહિ પરમાત્મા છો. આપ મહા વિદ્વાન છો. આપના જ્ઞાનનો કોઇ સામનો કરવાવાળો નથી. હું જિંદગીમાં ક્યારેય આપ પર અવિશ્વાસ નહિ કરું. આવા વિચાર કરીને આગળ ચાલ્યા તો જોયું કે એક વૃક્ષની નીચે એક સાધુ બેઠા છે. કેટલીક વ્યક્તિઓ તેની પાસે બેઠી છે. ધર્મદાસજીએ વિચાર્યું કે હું તો એ મહામંડલેશ્વરોને મળીને આવ્યો છું. જેમની પાસે કેટલાય સેંકડો ભક્ત દર્શનાર્થે બેઠેલા રહે છે. આ સામાન્ય સાધુને શું મળવાનું ? પરંતુ જાતે પોતાના મનમાં આવ્યું કે થોડોક સમય આરામ કરવો છે, અહીં જ કરી લઉં. પાછું વિચાર્યું કે પ્રશ્ન કરું. પૂછ્યું:- હે મહાત્મા ! પરમાત્મા કેવા છે ? સાધુએ જવાબ આપ્યો કે હું જ પરમાત્મા છું. ધર્મદાસજી ચૂપ

થઇ ગયા. વિચાર્યું આ તો મજાક કરી રહ્યો છે. આ તો સંત પણ નથી. ધીરે ધીરે ત્યાં બેઠેલી બધી વ્યક્તિઓ ચાલી ગઇ. જ્યારે ધર્મદાસજી ચાલવા લાગ્યા તો પરમાત્મા બોલ્યા કે હે મહાત્મા ! શું તમારા મંડલેશ્વરોએ નથી બતાવ્યું કે પરમાત્મા કેવા છે ? ધર્મદાસજીએ આશ્ચર્યચકિત થઇને જોયું કે આ સાધુને કેવી રીતે ખબર પડી કે હું ક્યાં-ક્યાં ભટકી આવ્યો છું ? તે જ સમયે પરમાત્માએ તે જ જિંદા બાબાવાળું રૂપ લઇ લીધું. ધર્મદાસજી પરમાત્માના ચરણોમાં પડીને પોક મૂકીને રડવા લાગ્યા અને કહ્યું કે હે ભગવાન ! કોઇની પાસે જ્ઞાન જ નથી. મને અવગુણથી ભરેલા પાપીને ક્ષમા કરો. મહારાજ ! મેં પોતે મોટી ભારે ભૂલ કરી છે. આપે સૃષ્ટિ રચનાનું જે જ્ઞાન બતાવ્યું છે, તેની સામે સર્વ સંતોનું જ્ઞાન એવું છે જેમ કે સૂર્યની સામે દીવો ધરવો. બધા ઉવા-બાઇ બકે છે એટલે કે અજ્ઞાનીઓ અજ્ઞાનનાં પણ અજ્ઞાનરૂપી ગપ્પાં મારે છે. પરમેશ્વરે ધર્મદાસજીને કહ્યું કે આપે જે વેદોના પૂર્ણ વિદ્વાનથી પ્રશ્ન કર્યો હતો કે ‘‘પરમાત્મા કેવા છે ?’’ જવાબ મળ્યો કે પરમાત્મા નિરાકાર છે. આપે પ્રશ્ન કર્યો હતો કે શું પરમાત્માને જોઇ શકાય છે ? તે અજ્ઞાનીનો જવાબ હતો કે ‘‘જ્યારે પરમાત્મા નિરાકાર છે તો તેને જોવાનો પ્રશ્ન જ નથી. પરમાત્માનો પ્રકાશ જોઇ શકાય છે.’’

વિચાર કરો ધર્મદાસ ! આ વિચાર તો એવા વ્યક્તિઓના છે કે કોઇ અંધ (નેત્રહીન) વ્યક્તિને કોઇ પ્રશ્ન કરે કે સૂર્ય કેવો છે ? જવાબ મળે કે સૂર્ય નિરાકાર છે. પછી પ્રશ્ન કર્યો કે શું સૂર્યને જોઇ શકાય છે ? જવાબ મળે કે સૂર્યને નથી જોઇ શકાતો, સૂર્યનો પ્રકાશ જોઇ શકાય છે. તે નેત્રહીન (આંખો વગરના) ને પૂછો કે સૂર્ય વગર પ્રકાશ કોનો જોઇ શકાય છે ? આજ પ્રમાણે આધ્યાત્મ જ્ઞાન નેત્રહીન એટલે કે પૂર્ણ અજ્ઞાની સંત એવી વ્યાખ્યા કર્યા કરે છે કે પરમાત્મા તો નિરાકાર છે, તેનો પ્રકાશ કેવી રીતે જોઇ શકાય છે ? અરે ભાઇ પરમાત્માનો જ પ્રકાશ તો હશે ને. ધર્મદાસજીએ કહ્યું કે હે મહાત્માજી ! આ વિચાર તો મારા મગજમાં પણ નથી આવ્યો. આપજીના દિવ્ય તર્કથી મારી આંખો ખુલી ગઇ છે. જેટલા પણ મહામંડલેશ્વર મળ્યા છે, તે સર્વ મહા અજ્ઞાની મળ્યા છે. હે જિન્દા મહાત્માજી ! જો હું આપના જ્ઞાનને સાંભળ્યા પછી જો એ મૂર્ખાઓને ના મળતો તો મારા ભ્રમનું નિવારણ ક્યારેય ન થતું. ચાહે આપજી ગમે તેટલા પ્રમાણો દેખાડતા અને બતાવતા.

**પ્રશ્ન-42 (ધર્મદાસ):- હે જિંદા ! આપ નારાજ ન થતા. મારા મનમાં એક શંકાછે કે શું ભગવાન વિષ્ણુજીની ભક્તિ સારી નથી ?**

**જવાબ-42:-** (જિંદા મહાત્માજીનો) હે ધર્મદાસ ! શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય-2 શ્લોક-46માં પ્રમાણ છે કે ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે હે અર્જુન ! ખૂબ મોટા જળાશય (સરોવર)ની પ્રાપ્તિ ઉપરાંત નાના જળાશયમાં વ્યક્તિનું કેટલું પ્રયોજન રહી જાય છે. આ જ પ્રમાણે પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ પરમાત્માની ભક્તિ વિધિ તથા થવાવાળા લાભનું જ્ઞાન થઇ ગયા પછી બીજા જ્ઞાનોમાં તથા નાના ભગવાનોમાં એટલી જ શ્રદ્ધા રહી જાય છે જેટલી મોટા જળાશયની પ્રાપ્તિ પછી નાના જળાશયમાં રહી જાય છે. નાના જળાશયનું પાણી સારું છે, પરંતુ પર્યાપ્ત નથી. જો એકાદ વર્ષ વરસાદ ન થાય તો નાના જળાશયનું પાણી સુકાઇ જાય છે તથા તેના પર આશ્રિત

વ્યક્તિ પણ જળના અભાવથી દુ:ખી થાય છે, ત્રાસ-ત્રાસ થઇ જાય છે. પરંતુ મોટા જળાશયનું પાણી જો 10 વર્ષ સુધી પણ વરસાદ ન આવે તો પણ સમાપ્ત નથી થતું. જે વ્યક્તિને મોટું જળાશય મળી જાય તો તે તુર્ત જ નાના જળાશય (જોહડ = તળાવ) ને છોડીને મોટા જળાશયના કિનારે જઇને વસી જશે. જે સમયે ગીતા જ્ઞાન સંભળાવવામાં આવ્યું, તે સમયે સર્વ વ્યક્તિઓ તળાવોના જળ પર જ આશ્રિત હતા. એટલા માટે આ ઉદાહરણ આપ્યું હતું. આ જ પ્રમાણે શ્રી વિષ્ણુ સતગુણની ભક્તિ ભલે જ આપ સારી માનો છો, પરંતુ પૂર્ણ મોક્ષદાયક નથી. શ્રી વિષ્ણુજી પણ નાશવાન છે. એમનું પણ જન્મ-મૃત્યુ થાય છે. પછી સાધક અમર કેવી રીતે થઇ શકે છે ? એટલા માટે પૂર્ણ મોક્ષ એટલે કે અમર થવા માટે અમર પરમાત્માની જ ભક્તિ કરવી પડશે.

**પ્રશ્ન-43:- હે જિંદા મહાત્માજી ! મેં આપની ઉપર અવિશ્વાસ કર્યો. હું મહાપાપી છું. મને ક્ષમા કરો.**

**જવાબ-43:-** (જિંદા બાબાજીનો):- હે ધર્મદાસ ! મેં જ આપના મનમાં આ પ્રેરણા કરી હતી. જો આપ આપના તે ધર્મગુરૂઓને જ્ઞાનની પૃચ્છા ન કરતાં તો આપ ક્યારેય મારી વાતો પર વિશ્વાસ ન કરતા. રહી-રહીને તારા મનમાં આ જ વાત કચવાતી રહેત કે આવું ન હોઇ શકે કે હિન્દુ ધર્મના કોઇ મહર્ષિ મહામંડલેશ્વર તથા સંત-મહંતની પાસે તત્ત્વજ્ઞાન નથી. હવે આપ મારી વાતો પર વિશ્વાસ કરશો. વિચાર કરો ધર્મદાસ ! જ્યારે ગીતા જ્ઞાન દાતા ગીતા અધ્યાય-4 શ્લોક 32 તથા 34માં કહે છે કે જે જ્ઞાન પરમ અક્ષર બ્રહ્મ (પરમેશ્વર) પોતાના મુખથી સંભળાવે છે, તે તત્ત્વજ્ઞાન છે. (ગીતા અધ્યાય-4 શ્લોક-32) તે જ્ઞાનને તું તત્ત્વદર્શી સંતોની પાસે જઇને સમજ. (ગીતા અધ્યાય-4 શ્લોક-34) આનાથી સિદ્ધ થયું કે ગીતા જ્ઞાન આપવાવાળા પરમાત્માને જ તત્ત્વજ્ઞાન નથી તો ગીતા વાંચવાવાળાઓને તથા એ પ્રભુના ઉપાસકોને જ્ઞાન કેવી રીતે હોઇ શકે છે ?

ગીતા અધ્યાય-2 શ્લોક 53માં કહ્યું છે કે હે અર્જુન ! અલગ અલગ પ્રકારના ભ્રમિત કરવાવાળા વચનોથી હટી જઇને તારી બુદ્ધિ એક તત્ત્વજ્ઞાન પર સ્થિર થઇ જશે, ત્યારે તો તું યોગ (ભક્તિ)ને પ્રાપ્ત થઇશ. ભાવાર્થ છે કે ત્યારે તું ભક્ત બનીશ. એટલા માટે મેં ધર્મદાસ તને તે સંતો-મંડલેશ્વરોની પાસે જવાને માટે પ્રેરિત કર્યો હતો (પ્રેરણા કરી હતી) હવે તું યોગને પ્રાપ્ત થઇશ. ભક્ત બની શકીશ.

**પ્રશ્ન-44:- (ધર્મદાસજીનો) શું પૂર્ણ મોક્ષ માટે ભગવાન વિષ્ણુજી તથા ભગવાન શંકરજીની પૂજાને છોડવી પડશે ?**

**જવાબ-44 :-** (જિંદા બાબાજીનો) આ પ્રભુઓને નથી છોડવાના, એમની પૂજા છોડવી પડશે.

**પ્રશ્ન-45:- (ધર્મદાસજીનો) હે જિંદા ! હું સમજ્યો નહિ. આ વિષ્ણુ અને શંકર પ્રભુઓને નથી છોડવાના અને પૂજા છોડવી પડશે ? મારી સંકીર્ણ બુદ્ધિ છે. હું મહા અજ્ઞાની પ્રાણી છું. કૃપા કરી મને વિસ્તારથી બતાવો.**

**જવાબ-45:-** (જિંદા મહાત્માજીનો) હે ધર્મદાસજી ! આપ એમની સાધના

શાસ્ત્રવિધિ ત્યાગીને મનમાન્યું આચરણ કરી રહ્યા છો. જેના કારણે આપજીને લાભ નથી મળી રહ્યો. આ દેવતાઓથી લાભ લેવાના સાધનાના મંત્ર મારી પાસે છે. જેમ કે ભેંસા (પાડો) છે, તેને ભેંસા-ભેંસા કરતા રહો, તો તે તમારી તરફ જોશે પણ નહિ. તેનો એક વિશેષ મંત્ર હુરર્-હુરર્ છે. તેને સાંભળતા જ તે તરત જ પ્રભાવિત થાય છે અને અવાજ કરવાવાળાની તરફ ખેંચાતો (આકર્ષિત થઇને) ચાલ્યો આવે છે. આ જ પ્રમાણે આ સર્વ આદરણીય દેવતાઓના નિજી મંત્ર છે. જેનાથી તે પૂર્ણ લાભ તથા તુરંત જ લાભ આપે છે. પ્રિય વાચકો ! તેજ મંત્ર મારી પાસે (સંત રામપાલદાસની પાસે) છે જે પરમેશ્વરજીએ ગુરૂજીના માધ્યમથી મને આપ્યા છે. આઓ અને પ્રાપ્ત કરો. જેમ કે આપને કહ્યું હતું (પ્રશ્ન નં. 36ના જવાબમાં વર્ણન કર્યું છે) કે આ સંસારને એક વૃક્ષ સમજો. પરમ અક્ષર પુરૂષ એનું મૂળ માનો, અક્ષર પુરૂષ થડને જાણો, ક્ષર પુરૂષ મોટી ડાળ તથા ત્રણેય દેવતા (રજગુણ બ્રહ્માજી, સતગુણ વિષ્ણુજી તથા તમગુણ શિવજી) આ સંસારરૂપી વૃક્ષની શાખાઓ જાણો અને પાંદડારૂપી સંસાર.

જો આપ ક્યાંયથી આંબાનો છોડ લઇને આવ્યા હોય તો ખાડો ખોદીને તેના મૂળીયાઓને તે ખાડામાં માટીમાં દબાવશો અને મૂળીયામાં સિંચાઇ કરશો (પાણી રેડશો) ત્યારે તે આંબાનું ઝાડ બનશે અને તે વૃક્ષની શાખાઓને ફળ લાગશે. એટલા માટે તે વૃક્ષની શાખાઓને તોડી નથી શકતા. પરંતુ આને (શાખાઓને) મૂળના સ્થાને ખાડામાં માટીમાં દબાવીને સિંચાઇ નથી કરી શકાતી. બસ આ જ પ્રમાણે સંસારરૂપી વૃક્ષનું મૂળ એટલે કે પરમ અક્ષર બ્રહ્મને ઇષ્ટ રૂપમાં સ્થાપિત કરીને પૂજા કરવાથી શાસ્ત્ર અનુકૂળ સાધના થાય છે. જે પરમ લાભ આપવાવાળી થાય છે. આ પ્રમાણે કરવામાં આવેલા ભક્તિ કર્મોનું ફળ આ જ ત્રણે દેવતા (સંસાર વૃક્ષની શાખાઓ) જ કર્મ અનુસાર પ્રદાન કરે છે. એટલા માટે એમની પૂજા છોડવાની હોય છે. પરંતુ એમને છોડી (તોડી) નથી જઇ શકાતા. આ જ પ્રમાણ શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય-3 શ્લોક 8 થી 15 સુધીમાં પણ છે. કહ્યું છે કે:-

*❋ હે અર્જુન ! તું શાસ્ત્રવિહિત કર્મ કર એટલે કે શાસ્ત્રોમાં જેમ ભક્તિ કરવાની કહી છે, તેવું ભક્તિ કાર્ય કર. જો ઘર ત્યાગીને જંગલમાં ચાલ્યો ગયો એટલે કે તું કર્મ સંન્યાસી થઇ ગયો અથવા એક સ્થાન પર બેસીને હઠપૂર્વક સાધના કરવા લાગીશ તો તારા શરીર પોષણનો નિર્વાહ પણ નહિ થાય. એટલા માટે કર્મ ન કરવાની અપેક્ષાએ કર્મ કરતાં કરતાં ભક્તિ કર્મ કરવું શ્રેષ્ઠ છે. (ગીતા અધ્યાય-3 શ્લોક-8)*

*❋ જે સાધક શાસ્ત્રવિધિ ત્યાગીને મનમાન્યું આચરણ કરે છે એટલે કે શાસ્ત્રાનુકૂળ ભક્તિ કર્મો સિવાય બીજા કર્મોમાં લાગેલો મનુષ્ય સમુદાય કર્મોના બંધનમાં બંધાઇને જન્મ-મરણના ચક્રમાં સદા રહે છે. એટલા માટે હે કુંતી પુત્ર અર્જુન ! શાસ્ત્રવિરુદ્ધ ભક્તિ કર્મ જે કરી રહ્યા છે, તેનાથી આસક્તિ રહિત થઇને શાસ્ત્ર અનુકૂળ ભક્તિ કર્મ કર. (ગીતા અધ્યાય-3 શ્લોક-9)*

*✻ સંસારની રચના કરીને પ્રજાપતિ (કુલના માલિક) એ સૌ પ્રથમ મનુષ્યોની રચના કરીને સાથે સાથે યજ્ઞો એટલે કે ધાર્મિક અનુષ્ઠાનોની જાણકારીનું જ્ઞાન આપતાં એમને કહ્યું હતું કે તમે લોકો આ રીતે બતાવેલ શાસ્ત્ર અનુકૂળ કર્મો દ્વારા વૃદ્ધિને પ્રાપ્ત થાઓ. આ પ્રમાણે શાસ્ત્ર અનુકૂળ કરવામાં આવેલી ભક્તિ તમને લોકોને ઇચ્છિત ભોગ પ્રાપ્ત કરાવાવાળી થાઓ. (ગીતા અધ્યાય-3 શ્લોક-10)*

*✻ આ પ્રમાણે શાસ્ત્ર અનુકૂળ ભક્તિ દ્વારા એટલે કે સંસારરૂપી વૃક્ષના મૂળ (મૂળ એટલે કે પરમ અક્ષર બ્રહ્મ)ની સિંચાઇ એટલે કે પૂજા કરીને દેવતાઓ એટલે કે સંસારરૂપી વૃક્ષની ત્રણેય ગુણરૂપી શાખાઓ (રજગુણ બ્રહ્મા, સતગુણ વિષ્ણુ તથા તમગુણ શિવજી)ને ઉન્નત્ત (વિકસીત) કરો. તે દેવતા (સંસાર વૃક્ષની શાખા ત્રણેય દેવતા) આપને કર્માનુસાર ફળ આપીને ઉન્નત કરે. આ પ્રમાણે એક-બીજાને ઉન્નત કરીને પરમ કલ્યાણ એટલે કે પૂર્ણ મોક્ષને પ્રાપ્ત થઇ જશો. (ગીતા અધ્યાય-3 શ્લોક-11)*

*✻ શાસ્ત્ર વિધિ અનુસાર કરેલા ભક્તિ કર્મો એટલે કે યજ્ઞો દ્વારા વૃદ્ધિ પામેલા દેવતાઓ એટલે કે સંસારરૂપી વૃક્ષનું મૂળ એટલે કે મૂળ માલિક (પરમ અક્ષર બ્રહ્મ)ને ઇષ્ટરૂપમાં પ્રતિષ્ઠિત કરીને ભક્તિ કર્મથી વૃદ્ધિ પામેલી શાખાઓ (ત્રણેય દેવતા) તમને લોકોને વગર માંગે જ કર્માનુસાર ઇચ્છિત ભોગ નક્કી જ આપતા રહે છે. જેમ કે આંબાના છોડના મૂળની સિંચાઇ કરવાથી ઝાડ બનીને શાખાઓ વિકસિત થઇ ગઇ. પછી તે શાખાઓને પોતાની જાતે જ ફળ લાગશે. તૂટી-તૂટીને પડશે, વ્યક્તિને જે કર્મ અનુસાર ધન પ્રાપ્ત થાય છે, તે ઉપરોક્ત વિધિથી થાય છે. જો કોઇ વ્યક્તિ તે દેવતાઓ (શાખાઓ) દ્વારા આપેલ ધનમાંથી પુનઃ દાન-પુણ્ય નથી કરતો એટલે કે જે પુનઃ (ફરી) શાસ્ત્ર અનુકૂળ સાધના નથી કરતા. કેવળ પોતાનું જ પેટ ભરેછે, સ્વયં જ ભોગતા (ખાતા) રહે છે. તે તો પરમાત્માના ચોર જ છે. (ગીતા અધ્યાય-3 શ્લોક-12)*

✻ શાસ્ત્રાનુકૂળ ભક્તિની વિધિમાં સૌથી પહેલાં પરમાત્માને ભોગ લગાવવામાં આવે છે. ભંડારો કરાવવાનો હોય છે. પહેલાં પરમ અક્ષર બ્રહ્મને ઇષ્ટ રૂપમાં પૂજીને ભોગ લગાવીને શેષ (બાકીના) ભોજનને ભક્તોમાં વહેંચવામાં આવે છે. તે બચેલા અન્નને સત્સંગમાં ઉપસ્થિત (હાજર રહેલ) આત્માઓ જ ખાય છે. કારણ કે પુણ્ય આત્માઓ જ પરમાત્માને માટે સમય કાઢીને ધાર્મિક અનુષ્ઠાનોમાં સામેલ થાય છે એટલા માટે કહ્યું છે કે તે યજ્ઞથી બચેલા (વધેલા) અન્નને ખાવાવાળા સંતજન સર્વે (બધા જ) પાપોથી મુક્ત થઇ જાય છે. જે પાપી લોકો હોય છે, જે તત્ત્વદર્શી સંતના સત્સંગમાં નથી જતા, તેમને જ્ઞાન નથી હોતું. તે પાપી આત્મા પોતાના શરીરનું પોષણ કરવાને માટે જ ભોજન બનાવે છે, તે તો પાપને જ ખાય છે. કારણ કે ભોજન ખાધા પહેલાં અમે ભક્ત - સંત બધા પરમ અક્ષર બ્રહ્મનો ભોગ લગાવીએ છીએ. જેના કારણે પૂરું ભોજન પવિત્ર પ્રસાદ બની જાય છે, જે આવું નથી કરતા, તે પરમાત્માના ચોર છે. ભગવાનને ભોગ લગાડ્યા વગરનું ભોજન પાપનું ભોજન હોય છે. એટલા માટે કહ્યું છે જે ધર્મ-કર્મ શાસ્ત્ર અનુકૂળ નથી કરતા, તે પાપના ભાગી હોય છે. (ગીતા અધ્યાય-3 શ્લોક-13)

✻ સંપૂર્ણ પ્રાણી અન્નથી ઉત્પન્ન થાય છે. અન્ન વરસાદથી પાકે છે, વરસાદ યજ્ઞ એટલે કે શાસ્ર અનુકૂળ ધાર્મિક અનુષ્ઠાનથી થાય છે. યજ્ઞ એટલે કે ધાર્મિક અનુષ્ઠાન શાસ્ત્રાનુકૂળ કર્મોથી થાય છે. (ગીતા અધ્યાય-3 શ્લોક 14)


✻ કર્મ તો બ્રહ્મ એટલે કે ક્ષર પુરૂષથી ઉત્પન્ન થાય છે. કારણ કે જ્યાં સર્વ પ્રાણી સનાતન પરમધામમાં રહેતા હતા, ત્યાં આગળ કર્મ કર્યા વગર સર્વ સુખ તથા પદાર્થ ઉપલબ્ધ હતા. અહીંના સર્વે પ્રાણી પોતાની ભૂલના કારણે ક્ષર પુરૂષની સાથે આવી ગયા. હવે બધાને કર્મનું ફળ જ પ્રાપ્ત થાય છે. કર્મ કરીને જ જીવન નિર્વાહ થાય છે. એટલા માટે કહ્યું છે કે કર્મને બ્રહ્મ (ક્ષર પુરૂષ) થી ઉત્પન્ન જાણ અને બ્રહ્મ (ક્ષર પુરૂષ)ને અવિનાશી પરમાત્માથી ઉત્પન્ન જાણ. (વધારે જાણકારી માટે વાંચો સૃષ્ટિ રચના આજ પુસ્તકના પૃષ્ઠાંક નં. 126 ઉપર.)

*[**નોંધ:-** આ શ્લોકમાં ''અક્ષર'' શબ્દનો અર્થ અવિનાશી પરમાત્મા બરાબર છે, પરંતુ જ્યાં ક્ષર પુરૂષ, અક્ષર પુરૂષ તથા પરમ અક્ષર પુરૂષનું વર્ણન છે, ત્યાં અક્ષર પુરૂષ તથા ક્ષર પુરૂષ બંનેને નાશવાન કહ્યા છે. ત્યાં આગળ અક્ષરનો અર્થ તે બરાબર જ છે. ગીતા અધ્યાય-15 શ્લોક 16-17માં વર્ણન છે. અહીં 'અક્ષર'નો અર્થ અવિનાશી પરમાત્મા છે કારણ કે સૃષ્ટિ રચનાથી સ્પષ્ટ થાય છે કે બ્રહ્મની ઉત્પત્તિ સતપુરૂષ (અવિનાશી પરમાત્મા)એ કરી હતી.]* આનાથી સિદ્ધ થયું કે (સર્વગતમ્ બ્રહ્મ) એટલે કે જે પરમાત્માની પહોંચ સર્વ બ્રહ્માંડોમાં છે, જે સર્વના માલિક છે, તે પરમાત્મા સદા (કાયમ) જ યજ્ઞો એટલે કે ધાર્મિક અનુષ્ઠાનોમાં પ્રતિષ્ઠિત છે. ભાવાર્થ છે કે પરમ અક્ષર બ્રહ્મને ઇષ્ટદેવ રૂપમાં પ્રતિષ્ઠિત કરીને ધાર્મિક અનુષ્ઠાન એટલે કે યજ્ઞ કરવાથી શાસ્રવિધિ અનુસાર કર્મ કરવાથી સાધકને ભક્તિ લાભ મળે છે, જેનાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. જુઓ સંસારરૂપી છોડનું ચિત્ર આ જ પુસ્તકના પાના નં. 84 પર.


જુઓ આ ચિત્ર પાના નં. 83 પર, આમાં છોડની શાખાઓને ખાડામાં - જમીનમાં રોપીને દેખાડવામાં આવી છે કે જે ત્રણેય દેવો (રજગુણ બ્રહ્મા, સતગુણ વિષ્ણુ, તમગુણ શિવ)માંથી કોઇની પણ પૂજા કરે છે, તે શાસ્રવિધિ ત્યાગીને મનમાન્યું આચરણ કરી રહ્યા છે. જે ગીતા અધ્યાય-16ના શ્લોક-23-24માં અનુચિત તથા વ્યર્થ બતાવ્યું છે. જેણે સર્વગતમ્ બ્રહ્મ એટલે કે પરમ અક્ષર બ્રહ્મની પૂજા નથી કરી, તેને ઇષ્ટરૂપમાં નથી પૂજ્યા, જેના કારણે તે સાધકની સાધના વ્યર્થ છે. શાખાઓને સીંચવાથી છોડ નષ્ટ (નાશ) થઇ જાય છે. બીજા દેવતાઓની પૂજા કરવી ગીતા અધ્યાય-7 શ્લોક 12 થી 15, 20-23 તથા ગીતા અધ્યાય-9 શ્લોક 23-24 માં નિષેધ કરેલો (મનાઇ કરેલી) છે. (વાંચો પ્રશ્ન 17નો જવાબ)

''જુઓ આ ચિત્ર'' આ જ પુસ્તકના પૃષ્ઠાંક 84 પર સીધો રોપેલો છોડ જે શાસ્રવિધિ અનુસાર સાધના છે, આ જ મોક્ષદાયક છે. આ જ પ્રમાણ ગીતા ગ્રંથમાં છે.

એટલા માટે હે ધર્મદાસ ! શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજીને નથી છોડવાના. આમની પૂજા ઇષ્ટ રૂપમાં કરો છો, તે છોડવાની છે, ત્યારે જ ભક્તિનો પૂર્ણ મોક્ષ સંભવ છે.



ગીતા અધ્યાય નં. ૧૫
શ્લોક નં. ૧ થી ૪
તથા
શ્લોક નં. ૧૬ તથા ૧૭
નો આશય
પૂર્ણ બ્રહ્મ કબીર સાહેબ
મુખ્ય મૂળ
કબીર - અક્ષર પુરૂષ એક પેડ હૈ,
નિરંજન વાકી ડાર ।
તીનોં દેવા શાખા હૈં,
પાતરૂપ સંસાર ॥
થડ (અક્ષર પુરૂષ પરબ્રહ્મ)
ડાર બ્રહ્મ
(ક્ષર પુરૂષ)
વિષ્ણુ
શિવ
બ્રહ્મા
શાસ્ત્ર વિરુદ્ધ સાધના
અર્થાત ઊંધો રોપેલો ભક્તિરૂપી છોડ


બ્રહ્મા
શિવ
ગીતા અધ્યાય નં. ૧૫
વિષ્ણુ
શ્લોક નં. ૧ થી ૪
તથા
શ્લોક નં. ૧૬ તથા ૧૭
નો આશય
ડાર બ્રહ્મ
(ક્ષર પુરૂષ)
કબીર - અક્ષર પુરૂષ એક પેડ હૈ,
નિરંજન વાકી ડાર ।
તીનોં દેવા શાખા હૈં,
પાતરૂપ સંસાર ॥
થડ
(અક્ષર પુરૂષ પરબ્રહ્મ)
કબીર સાહેબ
(મુખ્ય મૂળ)
શાસ્ત્ર અનુકૂળ સાધના
અર્થાત સીધો રોપેલો ભક્તિરૂપી છોડ

**પ્રશ્ન-46:- (ધર્મદાસજીનો) હે જિંદા ! આપજીએ ત્રણેય દેવતાઓ (રજગુણ બ્રહ્મા, સતગુણ વિષ્ણુ તથા તમગુણ શિવજી)ની ભક્તિ કરવાવાળાઓની દશા તો શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય-7 શ્લોક 12 થી 15, 20 થી 23 તથા અધ્યાય-9ના શ્લોક 23-24માં પ્રત્યક્ષ પ્રમાણિત કરી દીધું કે ત્રણેય ગુણો (રજગુણ બ્રહ્મા, સતગુણ વિષ્ણુ તથા તમગુણ શિવ)ની ભક્તિ કરવાવાળા રાક્ષસ સ્વભાવને ધારણ કરેલા મનુષ્યોમાં નીચ, દૂષિત કર્મ કરવાવાળા મૂર્ખ મને (ગીતા જ્ઞાનદાતા બ્રહ્મ)ને પણ નથી ભજતા. બીજા દેવતાઓની ભક્તિ પૂજા કરવાવાળાઓનો સુખનો સમય (સ્વર્ગનો સમય) ક્ષણિક હોય છે. સ્વર્ગની પ્રાપ્તિ કરીને શીઘ્ર (જલ્દી) જ પૃથ્વી પર જન્મ ધારણ કરે છે. હે મહાત્માજી ! કૃપ્યા કોઇ સંસારમાં થયેલા વર્તાવનું એવું પ્રકરણ સંભળાવો જેનાથી આપજીની બતાવેલી વાતોની સત્યતાનું પ્રમાણ મળે. ત્રણેય દેવતાઓના પૂજારી આવા વર્તાવ (વર્તન) કરે છે.**

## ‘‘હરણ્યકશિપુની કથા’’

**જવાબ:- (જિન્દા જગદીશનો) (1) રજગુણ બ્રહ્માના ઉપાસકોનું ચરિત્ર:-** એક હરણ્યકશિપુ બ્રાહ્મણ રાજા હતા. કોઇ કારણવશ તેને ભગવાન વિષ્ણુ (સતગુણ)થી ઇર્ષા થઇ ગઇ. તે રાજાએ રજગુણ બ્રહ્માજી દેવતાને ભક્તિ કરીને પ્રસન્ન કર્યા. બ્રહ્માજીએ કહ્યું કે પૂજારી ! માંગો શું માંગવા ઇચ્છો છો ? હરણ્યકશિપુએ માગ્યું કે સવારે ન મરું, સાંજે ન મરું, બહાર ન મરું, અંદર ન મરું, દિવસે ન મરું કે રાત્રે ન મરું, બાર માસમાં ન મરું, ન આકાશમાં મરું, ન ધરતી પર મરું, ન માનવથી, ન પશુ-પક્ષીથી મરું. બ્રહ્માજીએ કહ્યું તથાસ્તુ. આના પછી હરણ્યકશિપુએ જાતે પોતાને અમર માની લીધો અને પોતાનું નામ જાપ કરવાનું કહેવા લાગ્યો. જે વિષ્ણુનું નામ જપતા, તેને મારી નાંખતો. તેનો પુત્ર પ્રહલાદ વિષ્ણુજીની ભક્તિ કરતો હતો. તેને કેટલો હેરાન કર્યો હતો. હે ધર્મદાસ ! એ કથાથી તો આપ પણ પરિચિત છો. ભાવાર્થ છે કે રજગુણ બ્રહ્માનો ભક્ત હરણ્યકશિપુ રાક્ષસ કહેવાયો. કૂતરાની મોતે મર્યો.

## ‘‘રાવણ તથા ભસ્માસુરની કથા’’

**2. તમગુણ શિવજીના ઉપાસકોનું ચરિત્ર:-** લંકાના રાજા રાવણે તમગુણ શિવની ભક્તિ કરી હતી. તેણે પોતાની શક્તિથી 33 કરોડ દેવતાઓને કેદ કરી રાખ્યા હતા. પછી દેવી સીતાનું અપહરણ કરી લીધું. એ રાવણના શું હાલ થયા ? આપ બધું જ જાણો છો. તમગુણ શિવનો ઉપાસક રાક્ષસ કહેવાયો. સર્વનાશ થયો. નિંદાનું પાત્ર બન્યો.

**✳ બીજું ઉદાહરણ:-** આપજીને ભસ્માસુરની કથાનું જ્ઞાન તો છે જ. ભગવાન શિવ (તમોગુણ)ની ભક્તિ ભસ્માગીરી કરતો હતો. તે બાર વર્ષ સુધી શિવજીના દ્વારની સામે ઉપર તરફ પગ નીચે તરફ માથું (શીર્ષાસન) કરીને ભક્તિ તપસ્યા કરતો રહ્યો. એક દિવસ પાર્વતીજીએ કહ્યું કે હે મહાદેવ! આપ તો સમર્થ

છો. આપનો ભક્ત શું માંગે છે ? એને પ્રદાન કરો પ્રભુ. ભગવાન શિવે ભસ્માગીરીને પૂછ્યું બોલો ભક્ત શું માંગવા ચાહો છો. હું તારા પર અતિ (ખૂબ) પ્રસન્ન છું. ભસ્માગીરીએ કહ્યું કે પહેલાં વચન બદ્ધ થઇ જાઓ, એટલે કે વચનથી બંધાઓ, ત્યારે જ માંગીશ. ભગવાન શિવ વચનબદ્ધ થયા. ત્યારે ભસ્માગીરીએ કહ્યું કે આપની પાસે જે ભષ્મકંડા (ભસ્મકડું) છે, તે મને પ્રદાન કરો (દાન કરો). શિવ પ્રભુએ તે ભસ્મકડું ભસ્માગીરીને આપી દીધું. કડું હાથમાં આવતાંની સાથે જ ભસ્માગીરીએ કહ્યું કે થઇ જા શિવજી હોંશિયાર ! તને ભસ્મ કરીશ અને પાર્વતીને પત્ની બનાવીશ. આવું કહીને અભદ્ર (ખરાબ) રીતે હસવા લાગ્યો તથા શિવજીને મારવા માટે તેમના તરફ દોડ્યો. ભગવાન શિવ તે દુષ્ટનો ઉદ્દેશ જાણીને ભાગવા લાગ્યા. પાછળ પાછળ પૂજારી આગળ આગળ ઇષ્ટદેવ શિવજી (તમગુણ) ભાગી રહ્યા હતા.

વિચાર કરો ધર્મદાસ ! જો તમારા દેવ શિવજી અવિનાશી હોત તો મૃત્યુના ભયથી ડરતા નહિ. આપ તો એમને અવિનાશી કહ્યા કરતા હતા. આપ તેમને અંતર્યામી પણ કહેતા હતા. જો ભગવાન શિવ અંતર્યામી હોત તો પહેલેથી જ ભસ્માગીરીના મલિન (ખરાબ) વિચારોને જાણી લેતા. આનાથી સિદ્ધ થાય છે કે એ તો અંતર્યામી પણ નથી.

જે સમયે ભગવાન શિવજી આગળ-આગળ અને ભસ્માગીરી પાછળ પાછળ ભાગી રહ્યા હતા, તે સમયે ભગવાન શિવજીએ પોતાની રક્ષા માટે પરમેશ્વરને પોકાર્યા. તે જ સમયે ''પરમ અક્ષર બ્રહ્મ''જી પાર્વતીનું રૂપ બનાવીને ભસ્માગીરી દુષ્ટની સામે આવીને ઊભા રહ્યા તથા કહ્યું કે હે ભસ્માગીરી ! આવ મારી પાસે બેસ. ભસ્માગીરીને ખબર હતી કે હવે શિવજી નજીકમાં કોઇ જગ્યાએ રોકાશે નહિ. ભસ્માગીરી તો પાર્વતી માટે જ તો આ બધો ઉપદ્રવ કરી રહ્યો હતો. હે ધર્મદાસ ! તમને પૂરી કથાની ખબર છે. પાર્વતી રૂપમાં પરમાત્માએ ભસ્માગીરીને ગંડહસ્થ નાચ નચાવીને ભસ્મ કર્યો. તમો ગુણ શિવનો પૂજારી ભસ્માગીરી પોતાના ખરાબ કર્મથી ભસ્માસુર એટલે કે ભસ્મા રાક્ષસ કહેવાયો.

એટલા માટે આ ત્રણેય દેવોના પૂજારીઓને રાક્ષસ સ્વભાવને ધારણ કરેલા મનુષ્યોમાં નીચ દૂષિત કર્મ કરવાવાળા મૂર્ખ કહ્યા છે.

## ''હરિદ્વારમાં સાધુઓની કત્લેઆમ''

*** 3. હવે સતગુણ શ્રી વિષ્ણુજીના પૂજારીઓની કથા સાંભળોઃ-** એક વખત હરિદ્વારમાં પગથિયાના ઘાટ (હરની પોડિયો) પર કુંભનો મેળો ભરાયો હતો. તે અવસરના સમયે ત્રણેય ગુણોના ઉપાસક પોત-પોતાના સમૂહમાં ભેગા થઇ જાય છે. ગિરી, પુરી, નાગા-નાથ એ ભગવાન તમોગુણ શિવના ઉપાસક હોય છે. તથા વૈષ્ણવ સતગુણ ભગવાન વિષ્ણુજીના ઉપાસક હોય છે. હરની પેડિયો - એટલે કે પગથિયાં પર (નદીના ઘાટ પર) પ્રથમ સ્નાન કરવા માટે બે સમુદાયો ''નાગા તથા વૈષ્ણવો''ની વચ્ચે ઝગડો થઇ ગયો. લગભગ 25 હજાર ત્રિગુણ (રજગુણ બ્રહ્મા,

સતગુણ વિષ્ણુ તથા તમગુણ શિવ)ના પૂજારીઓ લડીને મરી ગયા, કત્લેઆમ કરી દીધો. તલવારો, છરાઓ, કટારીઓથી એકબીજાનો જીવ લઇ લીધો. સૂક્ષ્મ વેદમાં કહ્યું છે કે:-

*તીર તુપક તલવાર કટારી, જમઘડ જોર બધાવૈં હૈં ।*
*હર પૈડી હર હેત નહીં જાના, વહાં જા તેગ ચલાવૈં હૈં ॥*
*કાટૈં શિશ નહીં દિલ કરુણા, જગ મેં સાધ કહાવૈં હૈં ।*
*જોજન ઇનકે દર્શન કૂં જાવૈં, ઉનકો ભી નરક પઠાવૈં હૈં ॥*

હે ધર્મદાસ ! ઉપરોક્ત સત્ય ઘટનાઓથી સાબિત થાય છે કે રજગુણ બ્રહ્માજી, સતગુણ વિષ્ણુજી તથા તમગુણ શિવજીની પૂજા કરવાવાળાઓને ગીતા અધ્યાય-7 શ્લોક 12 થી 15માં રાક્ષસ સ્વભાવને ધારણ કરેલા મનુષ્યોમાં નીચ દૂષિત કર્મ કરવાવાળા મૂર્ખ કહ્યા છે.

* પરમેશ્વર જિંદાજીના મુખકમળથી ઉપરોક્ત કથા સંભળીને ધર્મદાસજીનું માથું ફાટવા જેવું થઇ ગયું. ચક્કર આવવા લાગ્યા. હિંમત કરીને ધર્મદાસજી બોલ્યા કે હે પ્રભુ ! આપે તો મને જ્ઞાનના આંધળાને આંખો આપી દીધી. ઉપરોક્ત સર્વ કથાઓ અમે સાંભળતા તથા વાંચ્યા કરતા હતા. પરંતુ ક્યારેય વિચાર નથી આવ્યો કે અમે ખોટા રસ્તે ચાલી રહ્યા છીએ. આપના સો-સો વાર ધન્યવાદ. આપજીએ મુજ પાપીને નરકથી કાઢી દીધો પ્રભુ !

**પ્રશ્ન-47:- (ધર્મદાસજીનો) હે જિંદા મહાત્મા ! આપે બતાડ્યું અને ગીતા અધ્યાય-7 શ્લોક-18માં મેં પોતે પણ આંખોથી જોયું જેમાં ગીતા જ્ઞાનદાતા બ્રહ્મે પોતાની સાધનાથી થવાવાળી ગતિને અનુત્તમ એટલે કે ખરાબ કહી છે. તેને પણ આજ રીતે સ્પષ્ટ કરવાની કૃપા કરો. કોઇ કથા પ્રસંગ સંભળાવો.**

**જવાબ-47:-** (જિંદા બાબા વેશધારી પરમેશ્વરનો) ગીતા અધ્યાય-2 શ્લોક 12, ગીતા અધ્યાય-4 શ્લોક-5 તથા 9, ગીતા અધ્યાય-10 શ્લોક 2માં ગીતા જ્ઞાનદાતા (બ્રહ્મે) કહ્યું છે કે હે અર્જુન ! મારા ને તારા ખૂબ જન્મ થઇ ચુક્યા છે, તું નથી જાણતો હું જાણું છું. શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય-15 ના શ્લોક 4માં કહ્યું છે કે તત્ત્વદર્શી સંત પાસેથી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરીને પરમેશ્વરના તે પરમપદની શોધ કરવી જોઇએ, જ્યાં ગયા પછી સાધક પાછા વળીને ફરી સંસારમાં ક્યારેય નથી આવતા. જે પરમેશ્વરથી સંસારરૂપી વૃક્ષની પ્રવૃત્તિ વિસ્તારને પ્રાપ્ત થઇ હોય એટલે કે જે પરમેશ્વરે સંસારની ઉત્પત્તિ કરી છે. તે જ પરમેશ્વરની ભક્તિ કર. પછી ગીતા અધ્યાય-18 શ્લોક 62માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે હે અર્જુન ! તું સર્વભાવથી તે પરમેશ્વરની શરણમાં જા. તે પરમેશ્વરની કૃપાથી જ તું પરમ શાંતિ તથા સનાતન પરમધામને પ્રાપ્ત થઇશ. હે ધર્મદાસ ! જ્યાં સુધી જન્મ-મરણ રહેશે, ત્યાં સુધી પરમ શાંતિ નથી થઇ શકતી અને નથી સનાતન પરમધામ પ્રાપ્ત થઇ

શકતું. વાસ્તવમાં પરમ ગતિ તેને કહે છે જેમાં જન્મ-મરણ કાયમને માટે સમાપ્ત થઇ જાય. જે બ્રહ્મ સાધનાથી ક્યારેય નથી થઇ શકતી. એટલા માટે ગીતા અધ્યાય-7 શ્લોક 18માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે જે જ્ઞાની આત્મા છે, મારા વિચારમાં બધા નેક છે. પરંતુ તે બધા મારી અનુત્તમ (ખરાબ) ગતિમાં જ લીન છે, કારણ કે તે મારી (બ્રહ્મની) ભક્તિ કરી રહ્યા છે. બ્રહ્મની સાધનાનો ''ૐ'' મંત્ર છે. આનાથી બ્રહ્મલોક પ્રાપ્ત થાય છે. ગીતા અધ્યાય-8 શ્લોક 16માં સ્પષ્ટ છે કે બ્રહ્મલોકમાં ગયેલા સાધક પણ પુન: (ફરી) પાછા વળીને સંસારમાં આવે છે. એટલા માટે તેમને પરમ શાંતિ નથી થઇ શકતી, સનાતન પરમ ધામ પ્રાપ્ત નથી થઇ શકતું. વેદોમાં વર્ણવેલી સાધનાથી પરમાત્મા પ્રાપ્તિ નથી થતી. કેટલીક સિદ્ધિઓ પ્રાપ્ત થઇ જાય છે - જેના દ્વારા ઋષિજનો ચમત્કાર કરીને કોઇને નુકસાન કરીને પ્રસિદ્ધ થઇ જાય છે. અંતમાં પાપના ભાગી થઇને ચોર્યાસી લાખ પ્રકારના પ્રાણીઓના શરીરમાં દુ:ખો ભોગવતા રહે છે. એટલા માટે બ્રહ્મ સાધનાથી થવાવાળી ગતિ એટલે કે ઉપલબ્ધિ અનુત્તમ (ખરાબ) કહી છે.

## ''ચુણક ઋષિ તથા માનધાતાની કથા''

*** કથા પ્રસંગ:-** ગીતા જ્ઞાનદાતા (બ્રહ્મ)એ ગીતા અધ્યાય 7 શ્લોક 16-17માં કહ્યું છે કે મારી ભક્તિ ચાર પ્રકારના ભક્તો કરે છે. (1) આર્ત (સંકટ નિવારણ માટે), (2) અર્થાર્થી (ધન-લાભને માટે), (3)જિજ્ઞાસુ (જે જ્ઞાન પ્રાપ્ત કરીને વક્તા બની જાય છે અને (4) જ્ઞાની (કેવળ મોક્ષ પ્રાપ્તિને માટે ભક્તિ કરવાવાળા). આમાંથી પહેલા ત્રણને છોડીને ચોથા જ્ઞાનીને પોતાના પાકા ભક્ત ગીતા જ્ઞાનદાતાએ કહ્યા છે.

*** જ્ઞાનીની વિશેષતા:-** જ્ઞાની તે હોય છે જેને જાણી લીધું હોય છે કે મનુષ્ય જીવન માત્ર મોક્ષની પ્રાપ્તિ માટે જ પ્રાપ્ત થાય છે. તેને એ પણ જ્ઞાન હોય છે કે પૂર્ણ મોક્ષને માટે કેવળ એક પરમાત્માની જ ભક્તિ કરવી જોઇએ. બીજા દેવતાઓ (રજગુણ બ્રહ્માજી, સતગુણ વિષ્ણુજી તથા તમગુણ શિવજી)ની ભક્તિથી પૂર્ણ મોક્ષ નથી થતો. તે જ્ઞાની આત્માઓને ગીતા અધ્યાય-4 શ્લોક 34 તથા યજુર્વેદ અધ્યાય-40માં મંત્ર 10માં વર્ણવેલ તત્ત્વદર્શી સંત ન મળવાના કારણે તેમને વેદોથી જાતે જ નિષ્કર્ષ (સાર) કાઢી લીધો કે ''બ્રહ્મ'' સમર્થ પરમાત્મા છે, ઓમ્ (ૐ) એની ભક્તિનો મંત્ર છે. આ સાધનાથી બ્રહ્મલોક પ્રાપ્ત થઇ જાય છે. આ જ મોક્ષ છે.

જ્ઞાની આત્માઓએ પરમાત્મા પ્રાપ્તિને માટે હઠયોગ કર્યો. એક સ્થાન પર બેસીને ઘોર તપ કર્યું તથા ઓમ (ૐ) નામનો જાપ કર્યો. જ્યારે વેદો તથા ગીતામાં હઠ કરવાવાળા, ઘોર તપ કરવાવાળા મૂર્ખ, દંભી તથા રાક્ષસ કહ્યા છે. (ગીતા અધ્યાય-3 શ્લોક 4 થી 9, ગીતા અધ્યાય-16 શ્લોક 17 થી 20 તથા ગીતા અધ્યાય-17 શ્લોક 1 થી 6). આમને હઠયોગ કરવાની પ્રેરણા ક્યાંથી થઇ ? શ્રી દેવી પુરાણ (ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત સચિત્ર મોટા ટાઇપ)ના ત્રીજા સ્કંદમાં

લખ્યું છે કે બ્રહ્માજીએ પોતાના પુત્ર નારદને કહ્યું કે જે સમયે મારી ઉત્પત્તિ થઇ, હું કમળના ફૂલ પર બેઠો હતો. આકાશવાણી થઇ કે તપ કરો - તપ કરો. મેં એક હજાર વર્ષ સુધી તપ કર્યું.

હે ધર્મદાસ ! બ્રહ્માજીને વેદ તો સાગર મંથન પછી મળ્યા હતા. તેમને વાંચ્યા તો યજુર્વેદ અધ્યાય-40ના મંત્ર 15માં ''ઓમ્'' નામ મળ્યું. તેનો જાપ તથા આકાશવાણીથી સાંભળેલ હઠયોગ (ઘોર તપ) બંનેને ભેગા કરીને બ્રહ્માજી સ્વયં (જાતે જ) કરવા લાગ્યા તથા પોતાના સંતાનો (ઋષિઓ)ને પણ બતાવ્યું અને કરવા કહ્યું. (ચારેય વેદો તથા એમનો જ નિષ્કર્ષ (સાર) શ્રીમદ ભગવત ગીતામાં હઠ કરીને ઘોર તપ કરવાવાળાઓને રાક્ષસ, ક્રૂર કર્મી, નરાધમ એટલે કે નીચ વ્યક્તિ કહ્યા છે. પ્રમાણ ગીતા અધ્યાય-16 શ્લોક 17 થી 20 તથા અધ્યાય-17 શ્લોક-1 થી 6માં) તે જ સાધના જ્ઞાની આત્મા ઋષિજનો કરવા લાગ્યા. તે જ્ઞાની આત્માઓમાંથી એક ચુણક નામના ઋષિનો પ્રસંગ સંભળાવું છું. જેનાથી આપના પ્રશ્નનો સ્પષ્ટ જવાબ મળી જશે:- એક ચુણક નામના ઋષિ હતા. તેણે હજારો વર્ષો સુધી ઘોર તપ કર્યું તથા ઓમ્ (ॐ) નામનો જાપ કર્યો. આ બ્રહ્મની ભક્તિ છે. બ્રહ્મે પ્રતિજ્ઞા કરી રાખી છે કે હું કોઇ પણ સાધનાથી એટલે કે ન વેદોમાં વર્ણવેલ યજ્ઞોથી, ન જપથી, ન તપથી, કોઇને પણ દર્શન નહિ આપું. ગીતા અધ્યાય-11 શ્લોક 48માં કહ્યું છે કે હે અર્જુન ! તેં મારા જે રૂપના દર્શન કર્યા એટલે કેમારું આ કાળરૂપ જોયું. આ મારું સ્વરૂપ છે. આને ન તો વેદોમાં વર્ણવેલ વિધિથી જોઇ શકાય છે, ન તો કોઇ જપથી, ન તપથી, ન યજ્ઞથી તથા ન તો કોઇ ક્રિયાથી જોઇ શકાય છે. ગીતા જ્ઞાનદાતાએ અધ્યાય-7 શ્લોક 24-25માં સ્પષ્ટ કર્યું છે કે આ મારું અવિનાશી વિધાન છે કે હું ક્યારેય કોઇને દર્શન નથી આપતો. પોતાની યોગમાયાથી છુપાયેલો (સંતાયેલો) રહું છું. આ મૂર્ખ લોકો મને મનુષ્ય રૂપ એટલે કે કૃષ્ણ રૂપમાં માની રહ્યા છે. જે સામે સેના ઊભી હતી, તેની તરફ સંકેત કરીને ગીતા જ્ઞાનદાતા કહી રહ્યા હતા. કહેવાનો ભાવ એ હતો કે હું ક્યારેય કોઇને દર્શન નથી આપતો. અત્યારે તારા ઉપર અનુગ્રહ કરીને આ મારું રૂપ તને દેખાડ્યું છે.

**ભાવાર્થ:-** વેદોમાં વર્ણવેલ વિધિથી તથા બીજી પ્રચલિત ક્રિયાઓથી બ્રહ્મ પ્રાપ્તિ નથી. એટલા માટે તે ચૂણક ઋષિને પરમાત્મા પ્રાપ્તિ તો થઇ નહિ, સિદ્ધિઓ પ્રાપ્ત થઇ ગઇ. ઋષિઓએ તેને જ ભક્તિની છેલ્લી ઉપલબ્ધિ માની લીધી. જેની પાસે વધારે સિદ્ધિઓ હતી તે બીજા ઋષિઓથી શ્રેષ્ઠ મનાવા લાગ્યા. આજ ઉપલબ્ધિ ચુણક ઋષિને પ્રાપ્ત હતી.

એક માનધાતા ચક્રવર્તી રાજા (જેનું રાજ્ય પૂરી પૃથ્વી પર હોય, એવા શક્તિશાળી રાજા) હતા. તેની પાસે 72 અક્ષૌણી સેના હતી. રાજાએ પોતાના આધીન રાજાઓને કહ્યું કે જેને મારી પરાધીનતા સ્વીકાર નથી, તે મારી સાથે યુદ્ધ કરે. એક ઘોડાના ગળામાં એક પત્ર બાંધી દીધો કે જે રાજાને રાજા માનધાતાની

આધીનતા સ્વીકાર ન હોય, તે આ ઘોડાને પકડી લે અને યુદ્ધને માટે તૈયાર થઇ જાય. પૂરી પૃથ્વી પર કોઇ રાજાએ ઘોડો પકડ્યો નહિ. ઘોડાની સાથે કેટલાક સૈનિકો પણ હતા. પાછા આવતા સમયે ચુણક ઋષિએ પૂછ્યું કે ક્યાં ગયા હતા સૈનિકો ? જવાબ મળ્યો કે સમગ્ર પૃથ્વી પર ફરી આવ્યા, કોઇએ ઘોડો પકડ્યો નહિ. કોઇએ રાજાનું યુદ્ધ સ્વીકાર્યું નહિ. ઋષિએ કહ્યું કે હું આ યુદ્ધ સ્વીકારું છું. સૈનિકો બોલ્યા હે કંગાળ ! તારી પાસે ખાવા માટે દાણા તો છે નહિ અને યુદ્ધ કરીશ મહારાજા માનધાતાની સાથે ? ઋષિ ચુણકજીએ તો ઘોડો પકડીને વૃક્ષની સાથે બાંધી દીધો. માનધાતા રાજાને ખબર પડી એટલે યુદ્ધની તૈયારી થઇ. રાજાએ 72 અક્ષૌણી સેનાની ચાર ટુકડીઓ બનાવી. ઋષિ પર હુમલો કરવા માટે. એક ટુકડી 18 અક્ષૌણી (18 કરોડ) સેના મોકલી દીધી. બીજી તરફ ઋષિએ પોતાની સિદ્ધિથી ચાર પૂતળીઓ બનાવી. એક પૂતળી છોડી જેણે રાજાની 18 અક્ષૌણી સેનાનો નાશ કર દીધો. રાજાએ બીજી ટુકડી છોડી. ઋષિએ બીજી પૂતળી છોડી, તેણે બીજી ટુકડી 18 અક્ષૌણી સેનાનો નાશ કરી દીધો. આ પ્રમાણે ચુણક ઋષિએ માનધાતા રાજાની 72 અક્ષૌણી સેના ચાર પૂતળીઓ દ્વારા નષ્ટ કરી દીધી. જેના કારણે મહર્ષિ ચુણકની મહિમા પૂરી પૃથ્વી ઉપર ફેલાઇ ગઇ. આ અનર્થના કારણે સર્વ શ્રેષ્ઠ ઋષિ મનાવામાં આવ્યા.

હે ધર્મદાસ ! (જિંદારૂપ ધારી પરમાત્મા બોલ્યા) ઋષિ ચુણકે જે સેના મારી, એ પાપ કર્મ ઋષિના સંચિત કર્મોમાં જમા થઇ ગયાં. ઋષિ ચુણકે જે ૐ (ઓમ્) એક અક્ષરનો જાપ કર્યો, તે તેના બદલામાં બ્રહ્મલોકમાં જશે. પછી પોતાનો બ્રહ્મલોકનો સુખસમય પૂરી કરીને પૃથ્વી પર જન્મ લેશે. જે હઠયોગ તપ કર્યું, તેના કારણે પૃથ્વી પર રાજા બનશે. પછી મૃત્યુ ઉપરાંત કૂતરાનો જન્મ થશે. જે 72 અક્ષૌણી સેના મારી હતી, તે પોતાનોબદલો લેશે. કૂતરાના માથામાં ખાડો પડશે અને તેમાં કીડા બનીને 72 અક્ષૌણી સેના પોતાનો બદલો લેશે. એટલા માટે હે ધર્મદાસ ! ગીતા જ્ઞાનદાતા (બ્રહ્મ)એ પોતાની સાધનાથી થવાવાળી ગતિ એટલે કે મુક્તિને અનુત્તમ (ખરાબ) કહી છે.

**પ્રશ્ન-45ઃ- (ધર્મદાસજીનો) હે જિંદા ! મેં એક મહામંડલેશ્વરને પ્રશ્ન કર્યો હતો કે ગીતા અધ્યાય-18ના શ્લોક-62 માં ભગવાન કૃષ્ણજીએ કયા પરમેશ્વરની શરણમાં જવાને માટે કહ્યું છે ? તે મંડલેશ્વરે જવાબ આપ્યો હતો કે ભગવાન શ્રીકૃષ્ણ સિવાય બીજો કોઇ ભગવાન જ નથી. કૃષ્ણજી જ સ્વયં પૂર્ણ પરમાત્મા છે, તે પોતાની જ શરણમાં આવવાને માટે કહી રહ્યા છે. બસ કહેવા માત્રનો જ ફેર છે. હે જિંદાજી ! કૃપા કરી અજ્ઞાનીનો આ ભ્રમ નિવારણ કરો.**

**જવાબઃ-** (જિંદા બાબા પરમેશ્વરનો) હે ધર્મદાસ !

*યે માલા ડાલ હુએ હૈં મુક્તા । ષટદલ ઉવા-બાઇ બકતા ।।*

આપના બધા મંડલેશ્વરો તથા શંકરાચાર્યો અટ્ટમ-સટ્ટમ કરીને ભોળી જનતાને ભ્રમિત કરી રહ્યા છે. કહી રહ્યા છે કે ગીતા જ્ઞાનદાતા ગીતા અધ્યાય 18 શ્લોક 62માં અર્જુનને પોતાની શરણમાં આવવાનું કહે છે, આ તદ્દન ખોટું છે કારણ કે ગીતા અધ્યાય-2 શ્લોક 7માં અર્જુને કહ્યું કે 'હે કૃષ્ણ ! હવે મારી બુદ્ધિ બરાબર રીતે કામ નથી કરી રહી. હું આપનો શિષ્ય છું, આપની શરણમાં છું. જે મારા હિતમાં હોય,તે જ્ઞાન મને આપો. હે ધર્મદાસ! અર્જુન તો પહેલાંથી જ શ્રીકૃષ્ણની શરણમાં હતો. એટલા માટે ગીતા અધ્યાય-18 શ્લોક 62માં ગીતા જ્ઞાનદાતાએ પોતાનાથી બીજા (અલગ) 'પરમ અક્ષર બ્રહ્મ'ની શરણમાં જવાને માટે કહ્યું છે. ગીતા અધ્યાય-4 શ્લોક 3માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે હે અર્જુન ! તું મારો ભક્ત છે. એટલા માટે આ ગીતા શાસ્ત્ર સંભળાવ્યું છે.

ગીતા જ્ઞાનદાતાથી અન્ય (બીજા) પૂર્ણ પરમાત્માનું બીજું પ્રમાણ ગીતા અધ્યાય-13 શ્લોક 11 થી 28, 30, 31,34માં પણ છે.

❋ શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય-13 શ્લોક 1માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે શરીરને ક્ષેત્ર કહે છે. જે આ ક્ષેત્ર એટલે કે શરીરને જાણે છે તેને ''ક્ષેત્રજ્ઞ'' કહેવામાં આવે છે. (ગીતા અધ્યાય-13 શ્લોક-1)

❋ ગીતા અધ્યાય-13 શ્લોક 2માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે:- હું ક્ષેત્રજ્ઞ છું. ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞ બંનેને જાણવું એ જ તત્ત્વજ્ઞાન કહેવામાં આવે છે. આવો મારો મત (વિચાર) છે. ગીતા અધ્યાય-13 શ્લોક 10 માં કહ્યું છે કે મારી ભક્તિ અવ્યભિચારિણી હોવી જોઇએ. જેમકે બીજા દેવતાઓની સાધના તો ગીતા અધ્યાય-7 શ્લોક 12થી 15 તથા 20 થી 23 માં તથા અધ્યાય-9 શ્લોક 23-24માં વ્યર્થ કહી છે. કેવળ બ્રહ્મની ભક્તિ કરો. તેના વિષયમાં અહીં કહ્યું છે કે બીજા દેવતાઓમાં આસક્ત ન થાવ. ભાવાર્થ એ છે કે ભક્તિ તથા મુક્તિને માટે જ્ઞાન સમજો, વક્તા બનવાને માટે નહિ. આના સિવાય વક્તા બનવાને માટે જ્ઞાન સાંભળવું એ અજ્ઞાન છે. પતિવ્રતા સ્ત્રીની માફક કેવળ મારામાં શ્રદ્ધા રાખીને ભક્તિ કરો. બીજા મનુષ્યોમાં રહીને વાતો બનાવવાનો સ્વભાવ હોવો જોઇએ નહિ. એકાંત સ્થાનમાં બેસીને ભક્તિ કરો.

❋ ગીતા અધ્યાય-13 શ્લોક 11માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે અધ્યાત્મ જ્ઞાનમાં રૂચિ રાખીને તત્ત્વ જ્ઞાનને માટે સદ્ગ્રંથોને જોવા તત્ત્વજ્ઞાન છે, તે જ્ઞાન છે તથા તત્ત્વજ્ઞાનની અપેક્ષાએ કથા વાર્તાઓ સંભળાવવી, સાંભળવી, શાસ્ત્રવિધિ વિરુદ્ધ ભક્તિ કરવી. આ બધું અજ્ઞાન છે. તત્ત્વજ્ઞાનને માટે પરમાત્માને જાણવા જ જ્ઞાન છે.

❋ ગીતા અધ્યાય-13 ના શ્લોક 12માં ગીતા જ્ઞાનદાતાએ પોતાનાથી અલગ ''પરમ બ્રહ્મ'' એટલે કે શ્રેષ્ઠ પરમાત્માનું જ્ઞાન કરાવ્યું છે, જે પરમાત્મા (જ્ઞેયમ્) જાણવા યોગ્ય છે, જેને જાણીને (અમૃતમ્ અશ્નુતે) અમરત્વ પ્રાપ્ત થાય છે

એટલે કે પૂર્ણ મોક્ષનો અમૃત જેવો આનંદ ભોગવવા મળે છે. તેને સારી રીતે કહીશ. (તત્) તે બીજા (બ્રહ્મ) પરમાત્મા ન તો સત્ કહેવામાં આવે છે અને ન અસત્ એટલે કે ગીતા જ્ઞાનદાતાએ અધ્યાય-4 શ્લોક 32, 34માં કહ્યું છે કે જે તત્ત્વજ્ઞાન છે, તેમાં પરમાત્માનું પૂર્ણ જ્ઞાન છે, તે તત્ત્વજ્ઞાન પરમાત્મા પોતાના મુખ કમળથી સ્વયં (જાતે) ઉચ્ચારણ કરીને બોલે છે. તે તત્ત્વજ્ઞાનને તત્ત્વદર્શી સંત જાણે છે, તેમને દંડવત પ્રણામ કરવાથી, નમ્રતાપૂર્વક પ્રશ્ન કરવાથી તે પરમાત્મ તત્ત્વને સારી રીતે જાણવાવાળા તત્ત્વદર્શી સંત તને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કરશે. આનાથી સિદ્ધ થાય છે કે ગીતા જ્ઞાનદાતાને પરમાત્માનું સંપૂર્ણ જ્ઞાન નથી. એટલા માટે કહી રહ્યા છે કે તે બીજા પરમાત્મા જે ગીતા જ્ઞાનદાતાથી અલગ છે. તે ન સત્ છે, ન જ અસત્. અહીં આગળ પર + બ્રહ્મનો અર્થ સાત સંખ બ્રહ્માંડવાળા પરબ્રહ્મ એટલે કે ગીતા અધ્યાય-15 શ્લોક 16 વાળા અક્ષર પુરૂષથી નથી. કારણકે કાળ લોક (જે 21 બ્રહ્માંડોનું ક્ષેત્ર છે) માં અક્ષર પુરૂષ જેને પરબ્રહ્મ કહ્યા છે, તેની વિશેષ ભૂમિકા નથી. અહીં કાળલોકમાં કાળ તથા દયાલની ભૂમિકા છે. એટલા માટે અહીંયા (પર એટલે બીજા અને બ્રહ્મ એટલે પરમાત્મા) બ્રહ્મથી અન્ય (બીજા) પરમાત્મા પૂર્ણ બ્રહ્મનું વર્ણન છે.

**ભાવાર્થઃ-** ગીતા અધ્યાય-13 શ્લોક 12માં ગીતા જ્ઞાનદાતા કહી રહ્યા છે કે જે મારાથી બીજા બ્રહ્મ એટલે કે પ્રભુ છે તે અનાદિવાળા છે. અનાદિનો અર્થ છે જેનો ક્યારેય આદિ એટલે કે શરૂઆત ન હોય, ક્યારેય જન્મ ન થયો હોય. ગીતા જ્ઞાનદાતા ક્ષર પુરૂષ છે. આને ''બ્રહ્મ'' પણ કહેવામાં આવે છે. આને ગીતા અધ્યાય-2 શ્લોક 12, ગીતા અધ્યાય-4 શ્લોક5, 9, ગીતા અધ્યાય-10 શ્લોક-2માં સ્વયં સ્વીકારે છે કે હે અર્જુન ! તારા અને મારા ખૂબ જન્મ થઇ ચુક્યા છે, તું નથી જાણતો, હું જાણું છું. આનાથી સિદ્ધ થયું કે ગીતા જ્ઞાનદાતા અનાદિવાળા ''બ્રહ્મ'' એટલે કે પ્રભુ નથી. આનાથી આ સિદ્ધ થયું કે ગીતા જ્ઞાનદાતાએ અધ્યાય-13ના શ્લોક-12માં પોતાનાથી અલગ (બીજા) અવિનાશી પરમાત્માની મહિમા કહી છે. (અધ્યાય-13 શ્લોક-12)

✻ ગીતા જ્ઞાનદાતા બ્રહ્મ છે, આ એક હજાર (સંહસ્ર) હાથ-પગવાળા છે. આનું સંહસ્ર કમળ છે એટલે કે હજાર પાંખડીઓવાળું કમળ છે. ગીતા અધ્યાય-11 શ્લોક-46માં અર્જુને કહ્યું છે કે સંહસ્રબાહુ ! (હજાર હાથોવાળા) આપ ચતુર્ભુજ રૂપમાં આવી જાવ. આનાથી સિદ્ધ થયું કે ગીતા જ્ઞાનદાતા કેવળ હજાર ભુજાઓવાળા છે. એટલા માટે ગીતા અધ્યાય-13 શ્લોક 13માં ગીતા જ્ઞાનદાતા પોતાનાથી અન્ય (બીજા) બધી તરફ હાથ-પગવાળા, બધી તરફ નેત્ર અને મુખવાળા તથા બધી તરફ કાનવાળા પરમાત્માની મહિમા કહી રહ્યા છે. કહ્યું છે કે તે પરમાત્મા સંસારમાં બધાને વ્યાપ્ત કરીને એટલે કે પોતાની શક્તિથી બધાને રોક્યા છે અને સ્વયં સત્યલોક (શાશ્વત સ્થાનમ્ તિષ્ઠતિ)માં બેઠા છે.

આથી સ્પષ્ટ થયું કે ગીતા જ્ઞાનદાતાથી બીજા (અલગ) સમર્થ પરમાત્મા છે, તે જ સમગ્ર સંસારનું સંચાલન તથા પાલન કરે છે. (ગીતા અધ્યાય-13 શ્લોક-13)

* ગીતા અધ્યાય-13 ના શ્લોક 14માં પણ સ્પષ્ટ છે કે ગીતા જ્ઞાનદાતાએ પોતાનાથી અન્ય પરમાત્માનું જ્ઞાન કરાવ્યું છે. કહ્યું છે કે :- સંપૂર્ણ ઇન્દ્રિયોના વિષયોને જાણવાવાળા એટલે કે અંતર્યામી છે. બધી ઇન્દ્રિયોથી રહિત છે એટલે કે પરમાત્માની ઇન્દ્રિયો માનવ તથા પ્રાણીઓ જેવી વિકારગ્રસ્ત નથી. તે પરમાત્મા આસક્તિ રહિત છે એટલે કે તે આ કાળ લોક (એકવીસ બ્રહ્માંડો)ની કોઇ વસ્તુ-પદાર્થમાં આસક્તિ નથી રાખતા. કારણ કે તે પરમેશ્વરનો સત્યલોક આ કાળના ક્ષેત્રથી અસંખ્ય ઘણો ઉત્તમ છે. એટલા માટે તે પરમાત્મા આસક્તિ રહિત કહ્યા છે. તે જ બધાનું ધારણ-પોષણ કરવાવાળા છે. આ જ પ્રમાણ ગીતા અધ્યાય-15 શ્લોક 17 માં પણ છે. તે પરમાત્મા નિર્ગુણ છે, પરંતુ સગુણ થઇને જ પોતાનું મહત્ત્વ દેખાડે છે. ઉદાહરણ માટે:- જેમકે આંબાનું ઝાડ આંબાના બીજ (ગોટલી)માં નિર્ગુણ અવસ્થામાં હોય છે. તે બીજને જ્યારે વાવવામાં આવે છે ત્યારે તે છોડ પછી ઝાડ રૂપમાં સગુણ થઇને પોતાનું મહત્ત્વ પ્રગટ કરે છે. પરંતુ પરમાત્મા સતલોકમાં સર્ગુણ રૂપમાં બેઠા છે કારણ કે પરમાત્માએ પોતાની વચન શક્તિથી સર્વ સૃષ્ટિ રચીને વિધાન (કાયદો) બનાવીને છોડી દીધી. તે પરમાત્માના કાયદા અનુસાર સર્વ પ્રાણી તથા નક્ષત્ર બનતા-બગડતા રહે છે, જીવ કર્માનુસાર જન્મતા-મરતા રહે છે. પરમાત્માને કોઇ ટેન્શન નથી. પરંતુ જ્યારે પરમાત્મા પૃથ્વી પર પ્રગટ થાય છે, તે સમયે સર્વ ગુણોને ભોગવે છે. જેમકે આંબાના વૃક્ષને નિર્ગુણથી સર્ગુણ થવામાં ખૂબ સમય લાગે છે.પરંતુ પરમાત્મા માટે સમય સીમા નથી. તે તો ક્ષણમાં નિર્ગુણ, આગલી ક્ષણમાં જ સર્ગુણ થઇ શકે છે. જેમ કે ક્ષણમાં સતલોક ચાલ્યા જાય છે તો અમારા માટે નિર્ગુણ થઇ ગયા. આપણે તેમના ગુણોનો લાભ પ્રાપ્ત નથી કરી શકતા. ક્ષણમાં પૃથ્વી પર પ્રગટ થઇ જાય છે તો તે સગુણ થઇ ગયા. અમને આશીર્વાદ આપીને પોતાના ગુણોનો લાભ આપે છે. આ પ્રમાણે નિર્ગુણ-સર્ગુણ કહ્યા છે. આનાથી પણ સિદ્ધ થયું કે ગીતા જ્ઞાનદાતાથી અન્ય (બીજા) કોઇ બધાનું ધારણ-પોષણ કરવાવાળા પરમાત્મા છે.

* ગીતા અધ્યાય-13 શ્લોક 15-16માં પણ આ જ પ્રમાણ છે. ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે જેમ સૂર્ય દૂર સ્થાન પર સ્થિત હોવા છતાં પણ અહીં પૃથ્વી પર પોતાનો પ્રભાવ બનાવે છે. તે જ પ્રમાણે પરમાત્મા સત્યલોકમાં સ્થિત (સ્થાયી) રહીને પણ સર્વ બ્રહ્માંડો પર પોતાની શક્તિનો પ્રભાવ બનાવી રાખે છે. બધા ચલ-અચલ ભૂતોની બહાર-અંદર છે. આ જ પ્રમાણે સૂક્ષ્મ હોવાથી આપણે તેને ચર્મ દૃષ્ટિથી (આંખોની નજરથી) નથી જોઇ શકતા. એટલા માટે અવિજ્ઞાય એટલે કે અમારા જ્ઞાનથી પરે છે તથા તેજ પરમાત્મા અમારા સમીપ (નજીક) માં તથા દૂર પણ તે જ સ્થિત છે. પરમાત્મા તો દૂર સત્યલોક (શાશ્વત સ્થાન) માં છે. તેની શક્તિનો પ્રભાવ પ્રત્યેક (દરેક)ની સાથે છે. (ગીતા અધ્યાય-13 શ્લોક-15)

✻ જેમ સૂર્ય દૂર સ્થિત છે, પરંતુ પૃથ્વી ઉપર પ્રત્યેક પ્રાણીને પોતાની સાથે દેખાય છે. જેમ કે એક સ્થાન પર કેટલાક ઘડા પાણીના ભરી રાખ્યા છે તો સૂર્ય પ્રત્યેકમાં દેખાઇ દે છે. ટુકડામાં નથી દેખાતો. આ જ પ્રમાણે પરમાત્મા દરેક (પ્રત્યેક) વ્યક્તિને દેખાઇ દે છે. પરમાત્મા એ જ પ્રમાણે એક સ્થાન પર સ્થાયી છે. તે પરમાત્મા જાણવા યોગ્ય છે. ભાવાર્થ છે કે ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કેમારાથી અન્ય (બીજા) પરમાત્માનું જ્ઞાન હોવું જોઇએ, તે જાણવા યોગ્ય છે. તે જ પરમાત્મા પોતાના કાયદા અનુસાર સર્વનું ધારણ-પોષણ, ઉત્પત્તિ તથા મૃત્યુ કરે છે. વાસ્તવમાં ''બ્રહ્મા'' (બધાના ઉત્પત્તિ કર્તા) તે જ છે. વાસ્તવમાં વિષ્ણુ (બધાનું ધારણ પોષણ કરવાવાળા) તેજ છે. વાસ્તવમાં શંકર (સંહાર કરવાવાળા) તેજ છે. બીજા બ્રહ્મા, વિષ્ણુ તથા શંકર તો કેવળ એક બ્રહ્માંડના કર્તા-ધરતા છે. પરંતુ તે પરમાત્મા તો સર્વ બ્રહ્માંડોના બ્રહ્મા, વિષ્ણુ તથા શંકર રૂપમાં એકલા જ છે. જેમકે ભારત વર્ષમાં કેન્દ્રના પણ ગૃહમંત્રી હોય છે તથા રાજ્યોમાં પણ ગૃહમંત્રી હોય છે. દેશના પ્રધાનમંત્રીજી પોતાનીપાસે બીજા વિભાગ પણ રાખી લે છે. તે સમયે પ્રધાનમંત્રીજી - ગૃહમંત્રીજી વગેરે વગેરે પણ હોય છે અને પ્રધાનમંત્રી પણ હોય છે.

આનાથી સિદ્ધ થાય છે કે ગીતા જ્ઞાનદાતાએ પોતાનાથી અન્ય (બીજા) સમર્થ પરમાત્માનો મહિમા બતાવ્યો છે. ગીતા જ્ઞાનદાતાથી અન્ય કોઇ પૂર્ણ પરમાત્મા છે. (ગીતા અધ્યાય-13 શ્લોક-16) ગીતા અધ્યાય-13 શ્લોક 17માં ગીતા જ્ઞાનદાતાએ પોતાનાથી બીજા પરમાત્માનો મહિમા કહ્યો છે જે આ પ્રમાણે છે:-

✻ તે બીજા પરમાત્મા (પરમ બ્રહ્મ) બધી જ્યોતિઓના પણ જ્યોતિ છે. એટલે કે સર્વ પ્રકાશ સ્ત્રોત છે, તેજ અન્ય સમર્થ પરમાત્માની શક્તિથી બધું પ્રકાશમાન છે. અને તે પરમાત્માનો પ્રકાશ સર્વથી અધિક છે. તે પરમાત્મા માયાથી અતિ (ખૂબ) દૂર કહેવામાં આવે છે. વાસ્તવમાં નિરંજન તે જ છે. જે ગીતા જ્ઞાનદાતા છે, આ માયા સહિત ''જ્યોતિ નિરંજન'' કહેવામાં આવે છે. તે પરમાત્મા જ્ઞાનનો ભંડાર છે, તે જાણવા યોગ્ય છે, તે (જ્ઞાનગમ્યમ્) તત્ત્વજ્ઞાન દ્વારા પ્રાપ્ત થવા યોગ્ય છે.

આ ગીતા અધ્યાય-13 શ્લોક-17માં મૂળ પાઠમાં ''જ્ઞાનમ્ જ્ઞેયમજ્ઞાન ગમ્યમ્'' લખ્યું છે. જેનો ભાવાર્થ છે કે (જ્ઞાનમ્) જે જ્ઞાન પરમાત્મા સ્વયં પૃથ્વી પર પ્રગટ થઇને તત્ત્વજ્ઞાન પોતાના મુખકમળથી બોલે છે. એટલા માટે તે જ્ઞાનરૂપ છે એટલે કે જ્ઞાનનો ભંડાર છે. તે પરમાત્મા (જ્ઞેયમ્ જ્ઞાનગમ્યમ્) તે જ તત્ત્વજ્ઞાનથી જાણવા યોગ્ય તથા તેજ તત્ત્વ જ્ઞાનથી પ્રાપ્ત કરવા યોગ્ય છે. તે પરમાત્મા સર્વ પ્રાણીઓના હૃદયમાં સ્થિત છે. જેમ કે સૂર્ય દૂર સ્થાન પર હોવા છતાં પણ દરેક ઘડાના પાણીમાં દેખાઇ દે છે. વાસ્તવમાં તે તે ઘડાઓમાં નથી. પરંતુ ઘડાઓની ઉપર પોતાનો પ્રભાવ રાખે છે, ગરમી આપે છે. સૂક્ષ્મવેદમાં કહ્યું છે કે:-

*બ્રહ્મા વિષ્ણુ શિવ રાઇ ઝૂમકરા । નહીં સબ બાજી કે ખંભ સુનોં રાઇ ઝુમકારા ।*
*વહ સર્વ ઠામ સબ ઠૌર હૈ રાઇ ઝૂમકરા । સકલ લોક ભરપૂર સુનો રાઇ ઝૂમકરા ॥*

આ જ પ્રમાણ ગીતા અધ્યાય-18 શ્લોક 61માં પણ છે. કહ્યું છે કે હે અર્જુન ! શરીર રૂપ યંત્રમાં આરૂઢ થયેલ સંપૂર્ણ પ્રાણીઓના અંતર્યામી પરમેશ્વર પોતાની માયા એટલે કે પોતાની શક્તિથી તેમના કર્મ અનુસાર ભ્રમણ કરાવે છે એટલે કે સંસ્કારોના અનુસાર સારી-ખરાબ યોનિઓમાં ફેરવે છે. તે જ સર્વ શક્તિમાન પરમાત્મા સર્વ પ્રાણીઓના હૃદયમાં સ્થિત છે એટલે કે બિરાજમાન છે. આ જ પ્રમાણે પરમેશ્વરની મહિમા ગીતા અધ્યાય 13 શ્લોક 17માં કહી છે. આનાથી સિદ્ધ થયું કે ગીતા જ્ઞાનદાતાએ પોતાનાથી અન્ય (બીજા) પૂર્ણ પરમાત્માની મહિમા કહી છે (ગીતા અધ્યાય-13 શ્લોક 17)

✻ ગીતા અધ્યાય-13ના શ્લોક 18માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે આ પ્રમાણે ક્ષેત્ર એટલે કે શરીર, જ્ઞાનમ્ તત્ત્વજ્ઞાન અને જ્ઞેયમ્ એટલે કે જાણવા યોગ્ય પરમાત્માની મહિમા મેં ટૂંકમાં કહી છે. મારો ભક્ત પહેલાં મને જ સર્વેસર્વા જાણીને મારા પર આશ્રિત હતો. તે આ બધા (વિજ્ઞાય) તત્ત્વજ્ઞાનના આધારે મારો ભાવ એટલે કે મારી શક્તિથી પરિચિત થઇને તથા તે સમર્થની શક્તિથી પરિચિત થઇને (ઉપ પદ્યતે) તેના ઉપરાંત ભક્તિ કરીને તે જ ભાવને પ્રાપ્ત થાય છે. (ગીતા અધ્યાય-13 શ્લોક-18)

✻ આ જ પ્રમાણે ગીતા અધ્યાય-13 શ્લોક 19માં ગીતા જ્ઞાનદાતાએ પોતાનાથી અન્ય (બીજા) પુરૂષ એટલે કે પરમાત્માની મહિમા કહી છે. કહ્યું છે કે પ્રકૃતિ અને પુરૂષ બન્ને જ અનાદિ છે. અહીં આગળ પ્રકૃતિનો કહેવાનો અર્થ સત્યલોકની પ્રકૃતિથી છે. જેને પરાશક્તિ, પરાનંદની, મહાન પ્રકૃતિ કહેવામાં આવે છે. પુરૂષનો અર્થ પૂર્ણ પરમાત્મા છે. આ બંને અનાદિ છે. આ પ્રકૃતિનો ભાવાર્થ દુર્ગા સ્ત્રી રૂપની માફક સ્ત્રી રૂપ પ્રકૃતિથી નથી. જેમ સૂર્ય છે તો તેની પ્રકૃતિ ઉષ્ણતા પણ સાથે જ છે. આ જ પ્રમાણે સત્ય પુરૂષ તથા તેની પ્રકૃતિ એટલે કે શક્તિ બન્ને અનાદિ છે.

આ પ્રમાણે વિકાર તથા ત્રણેય ગુણો જેનાથી ઉત્પન્ન થયા છે, તે અન્ય પ્રકૃતિ છે, તેનાથી ઉત્પન્ન થયા છે, એવું જાણ. ગીતા અધ્યાય-7 શ્લોક 4-5માં બે પ્રકૃતિ કહી છે. એક જડ અને બીજી ચેતન દુર્ગા દેવી. અહીં આગળ બીજી પ્રકૃતિ દુર્ગા કહી છે. (ગીતા અધ્યાય-13 શ્લોક-19)

✻ ગીતા અધ્યાય-13 શ્લોક 20માં પણ અન્ય (પુરૂષ:) પરમાત્માનું વર્ણન છે. ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત ગીતાના આ શ્લોકના અનુવાદમાં ''પુરૂષ''નો અર્થ જીવાત્મા કર્યો છે. વાસ્તવમાં અહીં પુરૂષનો અર્થ પરમાત્મા છે. ગીતા અધ્યાય-13 શ્લોક 20નો યોગ્ય અનુવાદ જુઓ ''ગહરી નજર ગીતા'માં જે અમારી website પર જોઇ તથા ડાઉનલોડ કરી શકાય છે. web site નું નામ છે : "www.jagatgururampalji.org"

✻ ગીતા અધ્યાય 13 શ્લોક 21માં પણ અન્ય (પુરૂષ:) પરમાત્માનું વર્ણન છે. આના અનુવાદમાં ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિતમાં ''પુરૂષ:'' નો અર્થ પુરૂષ જ કર્યો છે, જે યોગ્ય છે. પુરૂષ:નો અર્થ પરમાત્મા થાય છે. પ્રકરણવશ (પ્રકરણ

પ્રમાણે) પુરૂષ:નો અર્થ મનુષ્ય પણ કરવામાં આવે છે કારણ કે પરમાત્માએ મનુષ્યને પોતાના સ્વરૂપના અનુરૂપ બનાવ્યા છે. એટલા માટે કહેવામાં આવે છે કે:-

*નર નારાયણ રૂપ હૈ, તૂ ના સમજ દેહિ ।*

## ''ચોર્યાસી લાખ પ્રકારના જીવોથી માનવ દેહ ઉત્તમ છે''

ગીતા અધ્યાય-13 શ્લોક 22માં પણ ગીતા જ્ઞાનદાતાએ પોતાનાથી અન્ય (બીજા) પરમાત્માનું પ્રત્યક્ષ પ્રમાણ બતાવ્યું છે. ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત ગીતામાં આ શ્લોકનો અર્થ બિલકુલ ખોટો કર્યો છે (જુઓ આ જ પુસ્તકમાં પૃષ્ઠાંક 210 થી 359 સુધી)

**યોગ્ય અનુવાદ:-** જેમ કે આગળના શ્લોકમાં વર્ણન આવ્યું છે કે પરમાત્મા પ્રત્યેક જીવની સાથે એવી રીતે રહે છે, જેમ કે સૂર્ય દરેક ઘડાના જળમાં સ્થિત દેખાય છે. તે પાણીને પોતાની ગરમી આપી રહ્યો છે. આ જ પ્રમાણે પરમાત્મા પ્રત્યેક જીવના હૃદય કમળમાં એવી રીતે વિદ્યમાન છે જેમ કે સૌર ઉર્જા યંત્ર જ્યાં પણ લાગેલું હોય તો તે સૂર્યથી ઉષ્ણતા (ગરમી) પ્રાપ્ત કરીને ઊર્જા ભેગી કરે છે. આ જ પ્રમાણે દરેક જીવની સાથે પરમાત્મા રહે છે. એટલા માટે આ શ્લોક (ગીતા અધ્યાય-13 શ્લોક 22)માં કહ્યું છે કે તે પરમાત્મા બધા પ્રભુઓનો પણ સ્વામી હોવાથી ''મહેશ્વર'' બધાનું ધારણ-પોષણ કરવાથી ''કર્તા'' સત્યલોકમાં બેસીને પ્રત્યેક (દરેક) પ્રાણીની બધી (દરેક) ગતિવિધિને જોવાવાળા હોવાથી ''ઉપદષ્ટા'', જીવ પરમાત્માની શક્તિથી બધા કાર્ય કરે છે. જીવ પરમાત્માનો અંશ છે (રામાયણમાં પણ કહ્યું છે, ઇશ્વર અંશ જીવ અવિનાશી) જેના કારણે જીવ જે કંઇ પણ પોતાના કરેલ કર્મનું સુખ, દુ:ખ ભોગવે છે તો પોતાના અંશના સુખ-દુ:ખનો પરમાત્માને પણ અનુભવ થાય છે. સૂક્ષ્મવેદમાં લખ્યું છે:-

*''કબીર કહ મેરે જીવ કો દુ:ખના દિયો કોય ।*
*ભક્ત દુ:ખાઐ મૈં દુ:ખી મેરા અપા ભી દુ:ખી હોય ।।''*

એટલા માટે ''ભોક્તા'' કહેવાય છે. પ્રત્યેક પ્રાણીને ગુપ્ત રૂપે યોગ્ય સલાહ આપે છે. જેના કારણે પરમાત્મા ''અનુમંતા'' કહેવાય છે. (પરમાત્મા શબ્દનો સંધિ વિચ્છેદ = પરમ + આત્મા = શ્રેષ્ઠ આત્મા = પરમાત્મા) જો કોઇ દુ:ખનો ભોગ પણ આપે છે, સુખનો ભોગ પણ આપે છે. જેવા કર્મ જીવ કરશે તેવા અવશ્ય ભોગવશે તો તે ''પરમાત્મા'' નથી કહી જઇ શકાતો, તે શ્રેષ્ઠ આત્મા નથી હોતો. જેમ કે આ કાળ (બ્રહ્મના) લોકમાં વિધાન (કાયદો) છે કે જેવું કર્મ કરશો, તેવું ફળ આપને ભગવાન અવશ્ય આપશે. તો આ પ્રભુ (સ્વામી) તો છે, પરંતુ ''પરમ આત્મા'' નથી જ. આ માનવશરીરમાં (પર:) બીજા (પુરૂષ:) પરમાત્મા જે જીવની સાથે અભિન્ન રૂપથી રહે છે, જેમ કે સૂર્ય દરેકને પોતાની ઉર્જા આપે છે, તે જ પ્રમાણે આ બીજા પરમાત્મા ઉપરોક્ત મહિમાવાળા છે. જેમ કે સૌર ઉર્જાથી જે લાઇટનો ગોળો ઝગમગે છે, તેમાં સૂર્ય હોય છે એટલે કે સૂર્યની ઉર્જા કાર્ય કરે છે. આ જ પ્રમાણે પૂર્ણ પરમાત્માની ભૂમિકા સમજો.

❋ ગીતા અધ્યાય-13 શ્લોક 23માં પણ બીજા (પુરૂષમ્) પરમાત્મા બતાવ્યા છે. કહ્યું છે કે જે સંત ઉપર બતાવ્યા પ્રમાણે (પુરૂષમ્) પરમાત્મા, પ્રકૃતિ તથા ગુણો સહિત જાણે છે, તે સંત-સાધક બધી રીતે પરમાત્મામાં લીન (વર્તમાન) રહેતો રહીને પુર્નજન્મને પ્રાપ્ત નથી થતો એટલે કે તેનો પૂર્ણ મોક્ષ થઇ જાય છે.

❋ ગીતા અધ્યાય-13 શ્લોક 24માં પણ અન્ય પરમાત્માનું વર્ણન છે જે ગીતા જ્ઞાનદાતાથી અન્ય (બીજા) છે. કહ્યું છે કે જે પરમાત્મા સૂર્યના સદશ તેજોમય જીવાત્માની સાથે અભેદ રૂપમાં રહે છે. તેને સાધક ધ્યાન દ્વારા દિવ્ય દષ્ટિથી હૃદયમાં જુએ છે. જેમ કે વીજળીને ટેસ્ટર દ્વારા પારખી શકાય છે. બીજા સાધક જ્ઞાન સાંભળીને વિશ્વાસ કરીને પરમાત્માનું અસ્તિત્વ સ્વીકારી લે છે. બીજા ભક્તજનો પરમાત્માના કર્મો એટલે કે લીલાઓને જોઇને પરમાત્માનું અસ્તિત્વ સમજી લે છે. જેમ કે સંસારમાં લગભગ 7 અરબ જનસમુદાય છે. કોઇનો પણ ચહેરો (face) એકબીજાથી મળતો નથી. (કવિએ કહ્યું છે :- કઇ અરબ બનાએ બંદે આંખ, નાક, હાથ લગાએ, એક-દૂસરે કે નાલ કોઇ ભી રલદે નહીં રલાએ) આનાથી પણ સિદ્ધ થાય છે કે કોઇ સર્વજ્ઞ શક્તિ છે, તેને ‘‘પરમાત્મા’’ કહેવામાં આવે છે. કેટલાક ભક્તજન પરમાત્માના આ પ્રમાણેના કાર્ય જોઇને પરમાત્માને માને છે.

❋ ગીતા અધ્યાય-12 શ્લોક 25માં કહ્યું છે કે જે શિક્ષિત નથી અને જે ન તો ધ્યાન કરે છે, ન જ્ઞાનને સમજી શકે છે અને ન તે પરમાત્માની સંરચનાથી પરમાત્માને સમજી શકે છે. તે બીજા શિક્ષિત, વિદ્વાન વ્યક્તિઓથી પરમાત્માની મહિમા સાંભળીને માની લે છે કે જ્યારે આ શિક્ષિત અને જ્ઞાની વ્યક્તિ કહી રહ્યા છે તો પરમાત્મા છે. પછી તે ઉપાસના કરવા લાગી જાય છે. તે તેને સાંભળવાના કારણે પરમાત્માના અસ્તિત્વને માનીને ઉપાસના કરવાના કારણે આ મૃત્યુ લોક (મૃત્યુ સંસાર)થી પાર થઇ જાય છે.

❋ ગીતા અધ્યાય-13 શ્લોક 26માં તો આટલું જ કહ્યું છે કે સર્વ પ્રાણી ક્ષેત્ર એટલે કે દુર્ગાના શરીર તથા ક્ષેત્રજ્ઞ એટલે કે ગીતા જ્ઞાનદાતા ક્ષર બ્રહ્મના સંયોગથી ઉત્પન્ન થાય છે. ધ્યાન રહે ગીતા જ્ઞાનદાતાએ ગીતાના આ જ અધ્યાય-13 ના શ્લોક 1માં કહ્યું છે કે ‘‘ક્ષેત્ર’’ તો શરીરને કહે છે તથા જે શરીરના વિષયમાં જાણે છે, તેને ‘‘ક્ષેત્રજ્ઞ’’ કહે છે. ગીતા અધ્યાય-13 શ્લોક 2માં કહ્યું છે. આ કાળ લોક (એકવીસ બ્રહ્માંડોના ક્ષેત્ર)માં જેટલા પ્રાણી ઉત્પન્ન થાય છે, તે દુર્ગાજી તથા કાળ ભગવાનના સંયોગથી થાય છે એટલે કે નર માદાથી કાળ પ્રેરણાથી કાળ સૃષ્ટિ ઉત્પન્ન થાય છે.

❋ ગીતા અધ્યાય-13 શ્લોક 27 માં અન્ય પરમેશ્વર સ્પષ્ટ છે જે ગીતા જ્ઞાનદાતાથી અન્ય (અલગ) છે:- જેમ આગળના શ્લોકોમાં પ્રમાણ સાથે બતાવવામાં આવ્યું છે કે પરમેશ્વર પ્રત્યેક પ્રાણીના શરીરમાં હૃદયમાં એવી રીતે બેઠેલા દેખાઇ દે છે જેમ કે સૂર્ય પાણીથી ભરેલા ઘડામાં દેખાઇ દે છે. આ જ પ્રમાણે આ શ્લોક 27માં કહ્યું છે કે પરમેશ્વર હૃદયમાં બેઠા છે. જ્યારે પ્રાણીનું શરીર નષ્ટ થઇ જાય છે તો

પણ પરમેશ્વર નષ્ટ નથી થતા. જેમ કે કોઇ ઘડો ફૂટી ગયો, તેનું પાણી પૃથ્વી પર વિખરાઇ ગયું અને પૃથ્વીમાં સમાઇ ગયું તો પણ સૂર્ય તો જેમ છે તેમજ છે. એટલા માટે પરમેશ્વર અવિનાશી છે. જે સંત પરમાત્માને આ દૃષ્ટિકોણથી જુએ છે, તે સાચું બરાબર જાણે છે, તે તત્ત્વજ્ઞાની સંત છે.

આ શ્લોક (ગીતા અધ્યાય-13 શ્લોક-27)માં પરમેશ્વર શબ્દ લખ્યો છે. જેનાથી પણ ગીતા જ્ઞાનદાતાથી અન્ય પરમાત્માનો બોધ થાય છે. આઓ જાણો :- ''પરમેશ્વર'' નો સંધિ છેદ = પરમ + ઇશ્વર.

વ્યાખ્યા:- ''ઇશ''નો અર્થ છે સ્વામી, પ્રભુ, માલિક. ''વર''નો અર્થ છે શ્રેષ્ઠ, પતિ.

1) ઇશ્ તો ગીતા જ્ઞાનદાતા ''ક્ષર પુરૂષ'' એટલે કે ક્ષર બ્રહ્મ છે. જે કેવળ એકવીસ બ્રહ્માંડોના પ્રભુ છે.

2) ઇશ્વર = ઇશ એટલે કે ક્ષર પુરૂષથી શ્રેષ્ઠ પ્રભુ. તે કેવળ 7 શંખ બ્રહ્માંડોના પ્રભુ છે. આને અક્ષર પુરૂષ તથા પરબ્રહ્મ પણ કહેવામાં આવે છે.

3) પરમેશ્વર = ઇશ્વર એટલે કે અક્ષર પુરૂષથી પરમ એટલે કે શ્રેષ્ઠ છે, જે અસંખ્ય બ્રહ્માંડોના પ્રભુ છે, તેને પરમ અક્ષર બ્રહ્મ પણ કહેવામાં આવે છે. (ગીતા અધ્યાય-8 શ્લોક 3માં પ્રમાણ છે) ગીતા અધ્યાય-15 શ્લોક 16-17માં ત્રણ પુરૂષોનું વર્ણન છે. ક્ષર પુરૂષ = આ ગીતા જ્ઞાનદાતા ઇશ છે તથા અક્ષર પુરૂષ છે એ ઇશ્વર છે તથા ગીતા અધ્યાય 15 શ્લોક 17માં કહ્યું છે કે (ઉત્તમ પુરૂષ:) પુરૂષોત્તમ એટલે કે વાસ્તવમાં સર્વશ્રેષ્ઠ પ્રભુ તો ઉપરના શ્લોક (ગીતા અધ્યાય-15 શ્લોક-16) માં કહેલ બંને (ક્ષર પુરૂષ તથા અક્ષર પુરૂષ)થી અલગ છે, તેને જ વાસ્તવમાં ''પરમાત્મા'' કહેવામાં આવે છે. તે જ ત્રણે લોકો (ક્ષર પુરૂષના 21 બ્રહ્માંડોનું ક્ષેત્ર 'કાળલોક' કહેવામાં આવે છે તથા અક્ષર પુરૂષના 7 શંખ બ્રહ્માંડોના ક્ષેત્રને 'પરબ્રહ્મનો લોક' કહેવામાં આવે છે અને ઉપર ચાર લોક (સત્યલોક, અલખ લોક, અગમ લોક તથા અકહ લોક)નું ક્ષેત્ર 'અમર લોક પરમેશ્વરનો લોક' કહેવામાં આવે છે. આ પ્રમાણે ત્રણ લોકનું અહીં આગળ વર્ણન છે. આ ત્રણેય લોકોમાં પ્રવેશ કરીને બધાનું ધારણ-પોષણ કરે છે. તે વાસ્તવમાં અવિનાશી પરમેશ્વર છે. ગીતા અધ્યાય-13 શ્લોક 27માં ''પરમેશ્વર'' શબ્દ છે જે ગીતા જ્ઞાનદાતાથી અલગ સર્વ શક્તિમાન, સર્વના પાલનકર્તાનો બોધક છે.

* ગીતા અધ્યાય-13 શ્લોક 28માં ગીતા જ્ઞાનદાતાથી અન્ય પ્રભુનું પ્રમાણ છે. આ શ્લોકમાં ''ઇશ્વર'' શબ્દ પરમેશ્વરનો બોધક છે. જેમ કે ઇશનો અર્થ સ્વામી, વરનો અર્થ શ્રેષ્ઠ. વાસ્તવમાં બધાનો ''ઇશ'' સ્વામી તો પરમ અક્ષર બ્રહ્મ છે. તે જ શ્રેષ્ઠ ઇશ્ છે, એટલા માટે ''ઇશ્વર'' શબ્દ પ્રકરણ પ્રમાણે પૂર્ણ પરમાત્માનો બોધક છે. જો અન્ય બીજા નકલી ''ઇશ'' ના હોત તો ઇશ્વર તથા પરમેશ્વર શબ્દોની જરૂરિયાત નહતી. એટલા માટે આ શ્લોકમાં ''ઇશ્વર'' શબ્દ સત્ય પુરૂષનો બોધ જાણો.

ગીતા અધ્યાય-13 શ્લોક 28નો ભાવાર્થ છે કે ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે જે સાધક બધી રીતે પરમેશ્વરને સમભાવમાં દેખતો રહીને (આત્માનમ્) પોતાની આત્માને (આત્મના) પોતાની અજ્ઞાન આત્મા દ્વારા નષ્ટ નથી કરતો એટલે કે તે પરમાત્માને બરાબર સાચી રીતે સમજીને તેની સાધના કરીને (તત:) તેનાથી (પરામ્ = પરા) બીજી (ગતિમ્) ગતિ એટલે કે મોક્ષને (યાતિ) પ્રાપ્ત થાય છે એટલે કે તે સાધક ગીતા જ્ઞાનદાતાવાળી પરમગતિ (જે ગીતા અધ્યાય-8 શ્લોક-13માં કહી છે) થી અન્ય (બીજી) ગતિને પ્રાપ્ત થાય છે.

✻ ગીતા અધ્યાય-13 શ્લોક 30માં સ્પષ્ટ છે કે ગીતા જ્ઞાનદાતાએ પોતાનાથી અન્ય (બીજા) પરમાત્માની મહિમા બતાવી છે. કહ્યું છે કે જે સંત સર્વ પ્રાણીઓની સ્થિતિ અલગ અલગ હોવા છતાં પણ એક પરમાત્મા સર્વશક્તિમાનના અંતર્ગત માને છે તો તે સમજો ''સચ્ચિદાનંદ ધન બ્રહ્મ'' એટલે કે પરમ અક્ષર બ્રહ્મને પ્રાપ્ત થઇ ગયા છે, તે સત્ય ભક્તિ કરીને તે પરમેશ્વરને પ્રાપ્ત થઇ જાય છે.

✻ ગીતા અધ્યાય 13 શ્લોક 31માં પણ ગીતા જ્ઞાનદાતાએ પોતાનાથી અન્ય ''પરમાત્મા''ના વિષયમાં કહ્યું છે. આ શ્લોકમાં ''પરમાત્મા'' શબ્દ છે જેની સ્પષ્ટ પરિભાષા ગીતા અધ્યાય-15 શ્લોક 17માં બતાવી છે. કહ્યું છે કે જે ઉત્તમ પુરૂષ એટલે કે સર્વશ્રેષ્ઠ પ્રભુ છે તે ત્રણેય લોકમાં પ્રવેશ કરીને બધાનું ધારણ-પોષણ કરે છે. તે વાસ્તવમાં અવિનાશી પરમેશ્વર છે. તેને જ ''પરમાત્મા'' કહેવામાં આવે છે. તે ક્ષર પુરૂષ તથા અક્ષર પુરૂષથી અન્ય છે.

આ શ્લોક (ગીતા અધ્યાય-13 શ્લોક 31)માં પણ આ જ સ્પષ્ટ કર્યું છે કે તે પરમાત્મા અનાદિ હોવાથી, નિર્ગુણ હોવાથી પ્રત્યેક પ્રાણીના શરીરમાં (સૂર્ય જેમ ઘડામાં) સ્થિત હોવા છતાં પણ ન તો કંઇ કરે છે કારણ કે બધું કાર્ય પરમાત્માની શક્તિ કરે છે (જેમ કે ઘડાના પાણીમાં સૂર્ય દેખાઇ દે છે, તેનાથી ઘડાનું પાણી ગરમ થઇ રહ્યું છે. તે સૂર્ય કરતો નથી દેખાઇ દેતો, તેની ગરમી કરી રહી છે. સૂર્ય કંઇ નથી કરતો દેખાતો) અને ન પરમાત્મા તે શરીરમાં લિપ્ત (લોપાયમાન) થાય છે, જેમ કે સૂર્ય ઘડાના પાણીમાં લિપ્ત નથી થતો.

✻ ગીતા અધ્યાય-13 શ્લોક 32માં પણ આ જ પ્રમાણ છે.

✻ ગીતા અધ્યાય-13 શ્લોક 33માં આત્મા અને શરીરની સ્થિતિ બતાડી છે.

✻ ગીતા અધ્યાય-13 શ્લોક 34માં ગીતા જ્ઞાનદાતાએ પોતાનાથી અન્ય પરમેશ્વરની જાણકારી આપી છે. કહ્યું છે કે આ પ્રમાણે ક્ષેત્ર (શરીર) તથા ક્ષેત્રજ્ઞ (ગીતા જ્ઞાનદાતા) ના ભેદને તથા કર્મ કરતા કરતા ભક્તિ કરીને કાળની પ્રકૃતિ એટલે કે કાળ જાળથી મુક્ત જે સાધક જ્ઞાન નેત્રો દ્વારા જાણીને તત્ત્વદર્શી સંતની શોધ કરીને સત્ય શાસ્ત્ર અનુકૂળ સાધના કરીને તત્ત્વજ્ઞાનને સમજીને તે પરમ એટલે કે બીજા પરમબ્રહ્મ પરમાત્માને પ્રાપ્ત થાય છે.

ઉપરોક્ત વિવરણથી સ્પષ્ટ થયું કે ગીતા જ્ઞાનદાતાથી અન્ય પૂર્ણ પરમાત્મા છે જેની ભક્તિની સાધના કરીને સાધક તે પૂર્ણ મોક્ષને પ્રાપ્ત થઇ જાય છે. જે ગીતા અધ્યાય-15 શ્લોક 4માં વર્ણવેલ છે કે તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિના પછી પરમેશ્વરના તે પરમ પદને શોધવું જોઇએ જ્યાં ગયા પછી સાધક ફરી પાછા વળીને સંસારમાં ક્યારેય નથી આવતા.

**સારઃ-** આગળ જણાવેલા પ્રમાણોથી તથા આ ગીતા અધ્યાય-13 ના ઉપરોક્ત પ્રમાણોથી સ્પષ્ટ થયું કે ગીતા જ્ઞાનદાતાથી અન્ય પરમ અક્ષર બ્રહ્મ એટલે કે પૂર્ણ પરમાત્મા છે. જેના શરણમાં જવાને માટે ગીતા જ્ઞાનદાતાએ ગીતા અધ્યાય-18 શ્લોક 62, 66માં કહ્યું છે. તે જ પૂર્ણ મોક્ષદાયક છે, તે જ પૂજા કરવાને યોગ્ય છે, તે જ બધાના રચનહાર છે, તે જ બધાના પાલનહાર, ધારણ કરવાવાળા સર્વ સુખદાયક છે. તેને ‘‘પરમાત્મા’’ કહેવામાં આવે છે.

**પ્રશ્ન-49:- (ધર્મદાસજીનો) ગીતા અધ્યાય-4 શ્લોક-6માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે હું અજન્મા અને અવિનાશી રૂપ હોવા છતાં પણ સમસ્ત પ્રાણીઓનો ઇશ્વર હોવા છતાં પણ પોતાની યોગમાયાથી પ્રગટ થાઉં છું. આમાં શ્રીકૃષ્ણજી પોતે પોતાને સમસ્ત પ્રાણીઓના અવિનાશી ઇશ્વર કહી રહ્યા છે, પોતાને અજન્મા પણ કહી રહ્યા છે.**

**જવાબ-49:-** (જિંદા પરમેશ્વરજીનો) હે ધર્મદાસજી ! ગીતાનું જ્ઞાન કાળ બ્રહ્મે શ્રી કૃષ્ણજીના શરીરમાં પ્રવેશ કરીને કહ્યું છે. શ્રીકૃષ્ણજીની કોઇ ભૂમિકા નથી. ગીતા જ્ઞાનદાતા કાળ બ્રહ્મ છે. ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે જેટલા પ્રાણી મારા 21 બ્રહ્માંડોમાં મારા અંતર્ગત છે. હું તેમનો શ્રેષ્ઠ પ્રભુ (ઇશ્વર) છું. આ જ પ્રમાણ ગીતા અધ્યાય-15 શ્લોક 18માં પણ છે કે ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે હું લોકવેદ (સાંભળેલી-સંભળાવેલી વાતો)ના આધારે મારા 21 બ્રહ્માંડોવાળા લોકમાં પુરૂષોત્તમ તરીકે પ્રસિદ્ધ છું કારણ કે હું શરીરધારી પ્રાણીઓથી તથા અવિનાશી જીવાત્માથી પણ શ્રેષ્ઠ છું જે મારા અંતર્ગત મારા એકવીસ બ્રહ્માંડોમાં છે. વાસ્તવમાં પુરૂષોત્તમ તો કોઇ બીજા જ છે, જેનું વર્ણન ગીતા અધ્યાય-15 શ્લોક 17માં બતાવવામાં આવ્યું છે.

❋ ગીતાના અધ્યાય-4 શ્લોક 6માં આ કહ્યું છે કે હું (અજ:) અજન્મા એટલે કે હું તમારી માફક જન્મ નથી લેતો, હું લીલાથી પ્રગટ થાઉં છુ. જેમ કે ગીતા અધ્યાય-10 માં વિરાટ સ્વરૂપ દેખાડ્યું હતું. પછી કહ્યું છે કે (અવ્યયાત્મા) મારી આત્મા અમર છે. પછી કહ્યું છે કે (આત્મમાયયા) પોતાની લીલાથી (સમ્ભવામિ) ઉત્પન્ન થાઉં છું. અહીં આગળ ઉત્પન્ન થવાની વાત છે કારણ કે આ કાળ બ્રહ્મ અક્ષર પુરૂષના એક યુગ ઉપરાંત મરે છે. પછી તે સમયે એક બ્રહ્માંડનો વિનાશ થઇ જાય છે (જુઓ પ્રશ્ન-9નો જવાબ) પછી બીજા બ્રહ્માંડમાં સર્વ જીવાત્માઓ ચાલી જાય

છે. કાળ બ્રહ્મની આત્મા પણ ચાલી જાય છે. ત્યાં આને ફરી યુવાન શરીર પ્રાપ્ત થાય છે. આ જ પ્રમાણે દેવી દુર્ગાનું મૃત્યુ થાય છે. પછી કાળ બ્રહ્મની સાથે જ આને પણ યુવાન શરીર પ્રાપ્ત થાય છે. આ પરમ અક્ષર બ્રહ્મ (સત્ય પુરૂષ)નું વિધાન (કાયદો) છે. ત્યાર પછી તે નવા બ્રહ્માંડમાં બન્ને પતિ-પત્ની રૂપમાં નવા રજગુણ યુક્ત બ્રહ્મા, સતગુણ યુક્ત વિષ્ણુ તથા તમગુણ યુક્ત શિવને ઉત્પન્ન કરે છે. પછી તે બ્રહ્માંડમાં સૃષ્ટિ ક્રમ પ્રારંભ થાય છે. આ પ્રમાણે આ કાળ બ્રહ્મનું 'મૃત્યુ' તથા લીલાથી 'જન્મ' થાય છે. ગીતા અધ્યાય-4 શ્લોક 9માં સ્પષ્ટ છે જેમાં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે મારા જન્મ તથા કર્મ અલૌકિક છે. વાસ્તવમાં આ નાશવાન છે. આત્મા સર્વ પ્રાણીઓની પણ અમર છે. આપના મહામંડલેશ્વરો આચાર્યો તથા શંકરાચાર્યોને આધ્યાત્મિક જ્ઞાન બિલકુલ નથી. એટલા માટે અનમોલ ગ્રંથોને બરાબર (સારી) રીતે ન સમજી શકવાથી લોકવેદ (દંતકથા) સંભળાવે છે. આપ જુઓ આ ગીતા અધ્યાય-4 શ્લોક 5માં સ્વયં કહી રહ્યા છે કે હે અર્જુન ! તારા અને મારા ખૂબ જન્મ થઇ ચુક્યા છે તે બધાને હું જાણું છું, તું નથી જાણતો. આનો અભિપ્રાય ઉપર સ્પષ્ટ કરી દીધો છે. સમ્ભવાત્નો અર્થ ઉત્પન્ન થવું થાય છે.

**પ્રમાણઃ-** યજુર્વેદ અધ્યાય-40 મંત્ર 10માં પણ કહ્યું છે કે કોઇ તો પરમાત્માને (સમ્ભવાત્) જન્મ લેવાવાળા રામ તથા કૃષ્ણની માફક માને છે, કોઇ (અસમ્ભવાત્) ઉત્પન્ન ન થવાવાળા નિરાકાર માને છે. એટલે કે તત્ત્વદર્શી સંત જે સત્યજ્ઞાન બતાવે છે, તેમની પાસેથી સાંભળો. તે બતાવશે કે પરમાત્મા ઉત્પન્ન થાય છે અથવા નથી થતા. વાસ્તવમાં પરમાત્મા સ્વયંભૂ છે. તે ક્યારેય નથી જન્મ્યા અને ન જન્મશે. મૃત્યુનો તો પ્રશ્ન જ નથી. બીજી તરફ ગીતા જ્ઞાનદાતા સ્વયં કહી રહ્યા છે કે હું જન્મું છું અને મરું છું, હું અવિનાશી નથી. અવિનાશી તો ''પરમ અક્ષર બ્રહ્મ'' છે.

**પ્રશ્ન-50ઃ- (જિંદાબાબા પરમેશ્વરજીનો) : આપજીએ કહ્યું છે કે અમે શૂદ્ર (હલકી જાતિ)ને નજીક પણ નથી બેસવા દેતા, શુદ્ધ રહીએ છીએ. આનાથી ભક્તિમાં શું નુકસાન થાય છે ?**

**જવાબ-50ઃ-** (ધર્મદાસજીનો) શૂદ્રનો સ્પર્શ થઇ જવાથી ભક્ત અપવિત્ર થઇ જાય છે, પરમાત્મા રૂઠી જાય છે એટલે કે નારાજ થઇ જાય છે. આત્મગ્લાનિ થઇ જાય છે. હું ઊંચી જાતિનો વૈશ્ય છું.

## ''કથની અને કરનીમાં અંતર''

**પ્રશ્ન-51ઃ- (ધર્મદાસજીનો) હે જિંદા ! આ તો સત્ય જ છે કે શૂદ્ર (હલકી જાતિ) થી અંતર બનાવી રાખવાથી ભક્તની પવિત્રતા બની રહે છે. શું આપ નથી માનતા ?**

**જવાબઃ-51** (જિંદા બાબાનો) આ શિક્ષા કોણે આપી ? ધર્મદાસજીએ કહ્યું કે અમારા ધર્મગુરૂ બતાવે છે, આચાર્ય, શંકરાચાર્ય તથા બ્રાહ્મણ બતાવે છે. પરમેશ્વર

કબીરજીએ ધર્મદાસને બતાવ્યું (તે સમય સુધી ધર્મદાસજીને એ જ્ઞાન નહોતું એટલે કે જાણકારી નહતી કે પોતાની સાથે વાર્તા કરવાવાળા જ કબીર જુલાહા છે) કે કબીર જુલાહા એકવાર સ્વામી રામાનંદ પંડિતજીની સાથે તોતાદ્રિક નામના સ્થાન પર સત્સંગ-ભંડારામાં ગયા. તે સ્વામી રામાનંદજીના શિષ્ય છે. સત્સંગમાં મુખ્ય પંડિત આચાર્યોએ સત્સંગમાં બતાવ્યું કે ભગવાન રામે શૂદ્ર ભીલડીના એંઠા બોર ખાધા. ભગવાન તો સમદર્શી હતા. તે તો પ્રેમથી પ્રસન્ન થાય છે. ભક્ત એ ઊંચી જાતિ-નીચી જાતિનું અંતર નહીં દેખવું જોઇએ, શ્રદ્ધા જોવામાં આવે છે. લક્ષ્મણે શબરીને શૂદ્ર (હલકી જાતિની) જાણીને ગ્લાનિ (સંકોચ) કરીને બોર ખાધા નહિ, ફેંકી દીધા. બાદમાં તે બોર સંજીવની બુટ્ટી બન્યા. રાવણની સાથે યુદ્ધમાં લક્ષ્મણ મૂર્છિત (બેભાન) થઇ ગયા. ત્યારે હનુમાનજી દ્રોણાગીરી પર્વતને ઉઠાવીને લાવ્યા. જેના પર સંજીવની બુટ્ટી તે એંઠા બોરથી ઊગી હતી. તે બુટ્ટીને ખાવાથી લક્ષ્મણજી ભાનમાં આવ્યા. જીવન રક્ષા થઇ. શબરીની ભગવાન પ્રત્યે એવી શ્રદ્ધા હતી. કોઇની શ્રદ્ધાને ઠેસ નહિ પહોંચાડવી જોઇએ. સત્સંગ પછી તર્ત જ લંગર (ભોજન-ભંડારો) શરૂ થયો. પંડિતોએ પહેલેથી જ યોજના બનાવી રાખી હતી કે સ્વામી રામાનંદ બ્રાહ્મણની સાથે શૂદ્ર જુલાહા કબીર આવ્યા છે. તે સ્વામી રામાનંદના શિષ્ય છે. રામાનંદજીની સાથે ખાવાનું ખાશે. અમારી બ્રાહ્મણોની બેઇજ્જતી થશે. એટલા માટે બે જગ્યાએ ભંડારો (જમણવાર) શરૂ કરી દીધો. જે પંડિતોને માટે ભંડારો હતો. તેમાં ખાવાનું ખાવા માટે એક શરત રાખી હતી કે જે પંડિતોવાળા ભંડારામાં ખાવાનું ખાશે, તેણે વેદોના ચાર મંત્ર સંભળાવવા પડશે. જે મંત્ર નહિ સંભળાવી શકે, તે સામાન્ય (જનરલ) ભંડારામાં ભોજન ખાશે. તેમને ખબર હતી કે કબીર જુલાહા કાશીવાળા અશિક્ષિત (અભણ) છે. તેને વેદ મંત્રો ક્યાંથી યાદ હોઇ શકે છે ? બધા પંડિતજી ચાર-ચાર વેદ મંત્ર સંભળાવી-સંભળાવીને પંડિતોવાળા ભોજન-ભંડારામાં પ્રવેશ કરી રહ્યા હતા. લાઇન લાગી હતી. તે જ લાઇનમાં કબીર જુલાહા (ધાણક) પણ ઊભા હતા. વેદ મંત્ર સંભળાવવાનો કબીરજીનો વારો આવ્યો. થોડે દૂર એક ભેંસ (પાડો) ઘાસ ચરી રહ્યો હતો. કબીરજીએ ભેંસા (પાડા)ને અવાજ લગાવ્યો. કહ્યું કે હે ભેંસા પંડિત ! કૃપા અહીં આવશો. ભેંસા (પાડો) દોડતો-દોડતો આવ્યો. કબીરજીની પાસે આવીને ઊભો રહ્યો. કબીરજીએ ભેંસા (પાડા)ની પીઠ ઉપર હાથ રાખ્યો અને કહ્યું કે હે વિદ્વાન ભેંસા ! વેદના ચાર મંત્ર સંભળાવ. ભેંસાએ (1) યજુર્વેદ અધ્યાય-5નો મંત્ર 32 સંભળાવ્યો જેનો ભાવાર્થ પણ બોલી બતાવ્યો કે જે પરમ શાંતિદાયક (ઉસિગ અસિ) જે પાપ નાશ કરી શકે છે (અંધારિ), જે બંધનોનો શત્રુ એટલે કે બંદીછોડ છે = બમ્ભારી, તે ''કવિરસિ'' કબીર છે. સ્વજ્ર્યોતિ = સ્વયં પ્રકાશિત એટલે કે તેજોમય શરીરવાળા ''ઋતધામા'' = સત્યલોકવાળા એટલે કે તે સતલોકમાં નિવાસ કરે છે. ''સમ્રાટસિ'' = બધા ભગવાનોના પણ ભગવાન એટલે કે સર્વ શક્તિમાન સમ્રાટ એટલે કે મહારાજા છે.

(2) ઋગ્વેદ મંડળ -9 સૂક્ત 86 મંત્ર 26 સંભળાવ્યો. જેનો ભાવાર્થ છે કે પરમાત્મા ઉપરના લોકથી ગતિ (પ્રસ્થાન) કરીને આવે છે, નેક (સારી) આત્માઓને મળે છે. ભક્તિ કરવાવાળાઓના સંકટ સમાપ્ત કરે છે. તે કવિર્દેવ (કબીર પરમેશ્વર) છે.

(3) ઋગ્વેદ મંડલ-9 સૂક્ત 94 મંત્ર 17 સંભળાવ્યો જેનો ભાવાર્થ છે કે (''કવિ:'' = કવિર) કબીર પરમાત્મા સ્વયં પૃથ્વી પર પ્રગટ થઇને તત્ત્વજ્ઞાનનો પ્રચાર કરે છે. કવિર્વાણી (કબીરવાણી) કહેવાય છે. સત્ય આધ્યાત્મિક જ્ઞાન (તત્ત્વજ્ઞાન) ને કબીર પરમાત્મા લોકોક્તિઓ, દોહાઓ, શબ્દો, ચોપાઇઓ તથા કવિતાઓના રૂપમાં પદોમાં કબીર વાણી દ્વારા બોલીને સંભળાવે છે.

(4) ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 94 મંત્ર 1 પણ સંભળાવ્યો. જેનો ભાવાર્થ છે કે પરમાત્મા કવિઓની જેમ આચરણ કરતા રહીને પૃથ્વી ઉપર એક સ્થાનેથી બીજા સ્થાને જાય છે. પછી ભેંસા (પાડો) કહે છે કે ભોળા પંડિતો જે મારી પાસે આ લાઇનમાં જે મારા ઉપર હાથ રાખીને ઊભા છે, આ તે જ પરમાત્મા કબીર છે જેને લોકો ''કવિ'' કહીને બોલાવે છે. આમની જ કૃપાથી આજે હું મનુષ્યોની જેમ વેદ મંત્રો આપને સંભળાવી રહ્યો છું.

કબીર પરમેશ્વરજીએ કહ્યું કે ભેંસા પંડિત આપ પંડિતોવાળા ભંડારામાં પ્રવેશ કરીને ભોજન ગ્રહણ કરો. હું તો શૂદ્ર છું, અશિક્ષિત છું. એટલા માટે સામાન્ય માણસોના ભંડારામાં ભોજન કરવા જાઉં છું.

તે જ સમયે બધા પંડિતો જે ભેંસાને વેદ મંત્ર બોલતો જોઇને એકત્રિત થઇ ગયા હતા. કબીરજીના પગમાં પડી ગયા અને પોતાની ભૂલ માટે ક્ષમા યાચના માંગી. પરમેશ્વરજીએ કહ્યું:-

***કરની તજ કથની કથૈં, અજ્ઞાની દિન રાત ।***
***કુકર જ્યોં ભૌંકત ફિરૈં સુની સુનાઇ બાત ॥***

સત્સંગમાં તો કહી રહ્યા હતા કે ભગવાન રામચંદ્રજીએ શૂદ્ર જાતિની શબરી (ભીલડી)ના એંઠા બોર હોંશે-હોંશે ખાધા, કોઇ છૂત-અછૂત ના જોયું અને તમે પોતાને પરમાત્માથી પણ ઉત્તમ માનો છો. કહો છો, કરતા નથી. એકબીજાથી સાંભળી-સંભળાવેલી વાતો કૂતરાની જેમ ભોંક્યા કરો છો. સર્વ ઉપસ્થિત પંડિતો સહિત હજારોની સંખ્યામાં કબીર જુલાહા (વણકર)ના શિષ્ય બન્યા, દીક્ષા ગ્રહણ કરી. શાસ્ત્ર વિરુદ્ધ ભક્તિ ત્યાગીને, શાસ્ત્રવિધિ અનુસાર ભક્તિ શરૂ કરી, આત્મકલ્યાણ કરાવ્યું.

હે ધર્મદાસ ! આ જ વાત આપ કહેતા હતા કે અમે તો શૂદ્રને નજીક પણ બેસવા દેતા નથી. ધર્મદાસ બહુ જ શરમ અનુભવવા લાગ્યા. પરંતુ પરમાત્માની શિક્ષાને પોતાની ઉપર વ્યંગ સમજીને ખીજાઇ ગયા તથા કહ્યું કે હે જિંદા ! આપની જલી-ભૂની વાતો સારી નથી લાગતી. આપનામાં બોલવાની સભ્યતા નથી. કહો છો કે કૂતરાની જેમ એકબીજાની સાંભળેલી-સંભળાવેલી વાતો તમે બધા ભોંકતા ફરો

છો. આટલું કહીને ધર્મદાસજીએ મોંઢું ફેરવી લઇને પોતાની નારાજગી જાહેર કરી. પરમાત્મા જિંદા રૂપમાં અંર્તધ્યાન થઇ ગયા. ચોથી વાર અંર્તધ્યાન થઇ ગયા તો ધર્મદાસનું જીવવું મુશ્કેલ થઇ ગયું. તે પોક મૂકી મૂકીને રડવા લાગ્યા. તે દિવસે ફરી વૃંદાવનમાં ધર્મદાસની પરમાત્મા સાથે ચર્ચા થઇ હતી. (આ પ્રમાણે પરમેશ્વર કબીરજી કુલ 6 વખત અંર્તધ્યાન થયા, ત્યારે ધર્મદાસની બુદ્ધિ ઠેકાણે આવી) વૃંદાવન મથુરાથી ચાલતા ધર્મદાસ રડતા રડતા પોતાના ગામ બાંધવગઢની તરફ પાછા જવા લાગ્યા. ધર્મદાસજીએ છ મહિનાનો તીર્થો ઉપર ભ્રમણ કરવાનો કાર્યક્રમ બનાવી રાખ્યો હતો. તેઓ 15 દિવસમાં ઘરે પાછા આવી ગયા. ગરીબદાસજીએ પોતાની અમૃતવાણીમાં કહ્યું છે :-

***તહાં વહાં રોવત હૈ ધર્મની નાગર, કહાં ગયે મેરે સુખ કે સાગર ।***
***અતિ વિયોગ હુઆ હમ સેતી, જૈસે નિર્ધન કી લૂટ જાય ખેતી ।***
***હમ તો જાને તુમ દેહ સ્વરૂપા, હમરી બુદ્ધિ અંધ ગહર કૂપા ।***
***કલ્પ કરે ઔર મન મેં રોવૈ, દશોં દિશા કું વો મઘ જોહૈ ।***
***બેગ મિલો કરહું અપઘાતા, મૈં ના જીવું સુનો વિધાતા ।***

જ્યારે ધર્મદાસજી બાંધવગઢ પહોંચ્યા ત્યારે ખૂબ રડી રહ્યા હતા. ઘરમાં પ્રવેશ કરતાં જ જમીન પર પડીને ખૂબ મોટે મોટેથી રડવા લાગ્યા. તેમની પત્નીનું નામ આમિનીદેવી હતું. પોતાના પતિને રડતા જોઇને તથા નિર્ધારિત સમયથી વહેલા ઘરે આવેલા જોઇને મનમાં વિચાર કર્યો કે લાગે છે કે ભગતજીને કોઇએ લૂંટી લીધા છે. પૈસા ના હોવાને કારણે તેઓ પાછા આવી ગયા છે. ધર્મદાસજીની પાસે બેસીને પોતાના હાથોથી આંસુ લૂછતા બોલી કે કેમ મન નાનું કરી રહ્યા છો ? કંઇ વાંધો નહિ, આપની યાત્રાના પૈસા કોઇએ લૂંટી લીધા હોય તો. આપની પાસે ધનની અછત થોડી છે બીજું લઇ જજો. આપની તીર્થયાત્રા પૂરી કરીને આવજો. હું થોડી ના પાડવાની હતી. થોડા સમય બાદ (પછી) મનને દૃઢ કરીને ધર્મદાસજી બોલ્યા કે આમિનીદેવી જો રૂપિયા-પૈસાવાળું ધન લૂંટાઇ ગયું હોત તો હું જરૂર બીજું લઇ જતો. મારું તો એવું ધન લૂંટાઇ ગયું છે કે જે કદાચ હવે મને ક્યારેય નહિ મળે. તે ધન મેં મારા હાથો વડે જ ગુમાવ્યું છે. જિંદા મહાત્મા સાથે થયેલી સર્વજ્ઞાનની ચર્ચા અને જિંદા બાબા પાસેથી સાંભળેલી સૃષ્ટિ રચના આમિની દેવીને સંભળાવી. સર્વ જ્ઞાન પ્રમાણોં સહિત જોઇને આમિનીએ કહ્યું કે શેઠજી આપ તો નિપુણ વ્યાપારી હતા. ક્યારેય નુકસાનનો સોદો નહોતા કરતા. આટલું પ્રમાણિત જ્ઞાન હોવા છતાં પણ આપ ના માન્યા, પછી સાધુ તો નારાજ થાય જ ને. કેટલી વાર આપને મળ્યા, બાળકની જેમ સમજાવ્યા. આપે એ દાતાને કેમ ઠુકરાવી દીધા ? ધર્મદાસે કહ્યું આમિની ! જીવનમાં પહેલીવાર ખોટનો સોદો કર્યો છે. આ ખોટની હવે પૂર્તિ ક્યારેય નહિ થઇ શકે. એ ધન નહિ મળ્યું તો હું જીવિત નહિ રહી શકું.

## ''ધર્મદાસજીને સતલોક લઈ જવા''

છ મહિના સુધી પરમેશ્વર જિંદા ના આવ્યા. ધર્મદાસ રડી રડીને અડધા થઇ ગયા, ખાવાનું નામ માત્ર રહી ગયું. દિવસમાં કેટલીય વાર કલાકો સુધી રડે. શરીર સુકાઇને કાંટા જેવું થઇ ગયું. એક દિવસ ધર્મદાસજીને આમિની દેવીએ પૂછ્યું કે હે સ્વામી ! તમારી આ હાલત મારાથી જોવાતી નથી. આપ વિશ્વાસ રાખો, જો પહેલાં પણ કેટલી વાર આવ્યા હતા તો આ વખતે પણ આવશે. ધર્મદાસે કહ્યું કે આટલો સમય પહેલા ક્યારેય નથી લગાડ્યો. લાગે છે મુજ પાપીથી બહુ જ નારાજ થઇ ગયા છે, વાત પણ નારાજગીની જ છે. હું મહામૂર્ખ છું આમિની દેવી ! હવે મને એમની કિંમતનું જ્ઞાન થઇ ગયું છે. ભોળા-ભોળા દેખાય છે, તે પરમાત્માના વિશેષ કૃપા પાત્ર છે. આટલું જ્ઞાન ન જોયું ન સાંભળ્યું. આમિનીએ પૂછ્યું કે એમણે બતાડ્યું હશે કે તે કેવી કેવી રીતે મળે છે ? ક્યાં ક્યાં જાય છે ? ધર્મદાસજીએ કહ્યું કે તેઓ કહી રહ્યા હતા કે હું ત્યાં અવશ્ય જઉં છું જ્યાં આગળ ધર્મ-ભંડારા (લંગર) થતા હોય છે. ત્યાં લોકોને જ્ઞાન સમજાઉં છું. આમિની દેવીએ કહ્યું કે આપ ભંડારો કરી દો. શક્ય છે કે જિંદા બાબા આવી જાય. ધર્મદાસજી બોલ્યા કે હું તો ત્રણ દિવસનો ભંડારો કરીશ. આમિની દેવી પહેલાં તો કંજૂસી કરતી હતી. ધર્મદાસ ત્રણ દિવસના ભંડારાનું કહેતા હતા તે એક દિવસના ભંડારા માટે અડી પડતી હતી. પરંતુ તે દિવસે આમિનીએ તરત જ હા કહી દીધી કે કોઇ વાત નહિ આપ ત્રણ દિવસનો ભંડારો કરો. ધર્મદાસજીએ દૂર-દૂર સુધી ત્રણ દિવસના ભોજન-ભંડારાનો સંદેશો મોકલી દીધો. સાધુઓને નિમંત્રણ મોકલી દીધું. નક્કી કરેલા દિવસે ભંડારો ચાલુ થયો. બે દિવસ વીતી ગયા. સાધુ-મહાત્માઓ આવ્યા, જ્ઞાનચર્ચા થતી રહી. પરંતુ જે જ્ઞાન જિંદા બાબાએ કહ્યું હતું એનો જવાબ કોઇની પાસે નહોતો. ધર્મદાસજી જાણી જોઇને સાધુઓને પ્રશ્ન કરતા હતા કે શું બ્રહ્મા, વિષ્ણુ તથા શિવનો જન્મ થાય છે ? જવાબ એ જ ગોખેલો મળતો કે એમના કોઇ માતા-પિતા નથી. આનાથી ધર્મદાસને સમજાઇ જતું કે તે જિંદા મહાત્મા નથી આવ્યા. વેશ બદલીને આવતા તો પણ જ્ઞાન તો સાચું બતાવતા (બોલતા). ત્રીજા દિવસે પણ બપોર સુધી જિંદા બાબા ના આવ્યા. ધર્મદાસજીએ દૃઢ વિશ્વાસ કરીને કહ્યું કે જો આજે જિંદા બાબા નહિ આવે તો હું આત્મહત્યા કરી લઇશ. આવી જિંદગીથી મૃત્યુ સારું. પરમાત્મા તો અંતર્યામી છે. જાણી ગયા કે આજે ભગત સાચે જ મરશે. તે જ સમયે થોડે દૂર એક પીપળાનું વૃક્ષ હતું. તેની નીચે તે જ જિંદાવાળી વેશભૂષામાં બેઠેલા ધર્મદાસને દૃશ્યમાન થયા. ધર્મદાસ દોડીને ગયા, ધ્યાનપૂર્વક જોયું, જિંદા મહાત્માના ગળે લાગી ગયા. પોતાની ભૂલની ક્ષમા માંગી. ક્યારેય આવી ભૂલ નહિ કરવાનું અનેક વાર વચન આપ્યું ત્યારે પરમાત્મા ધર્મદાસના ઘરમાં ગયા. આમિની તથા ધર્મદાસ બંનેએ ખૂબ સેવા કરી, બંનેએ દીક્ષા ગ્રહણ કરી. પરમાત્માએ જિંદા રૂપમાં તેઓને પ્રથમ મંત્રની દીક્ષા આપી. કેટલાક દિવસ પરમેશ્વર એમના બાગમાં રહ્યા. પછી એક દિવસ ધર્મદાસેએવી જ ભૂલ કરી દીધી, પરમાત્મા અચાનક ગાયબ થઇ ગયા. ધર્મદાસજીને એમની ભૂલનો

ખૂબ અનુભવ થયો. ખાવું-પીવું છોડી દીધું, પ્રતિજ્ઞા કરી લીધી કે જ્યાં સુધી દર્શન નહિ આપો ત્યાં સુધી અન્ન-જળનો ત્યાગ. ધર્મદાસ શરીરથી ખૂબ જ દુર્બળ થઇ ગયા. ઊઠી કે બેસી પણ શકતા નહોતા. છઠ્ઠા દિવસે પરમાત્મા આવ્યા. ધર્મદાસને પોતાના હાથેથી ઉચકીને ગળે લગાડ્યા. પોતાના હાથેથી ભોજન ખવડાવ્યું. ધર્મદાસે પહેલા ચરણ ધોઇને ચરણામૃત પીધું. પછી જ્ઞાનચર્ચા શરૂ થઇ. ધર્મદાસજીએ પૂછ્યું કે આપજીને આટલું જ્ઞાન કેવી રીતે થયું ?

પરમેશ્વરજીએ કહ્યું કે મને સતગુરૂ મળ્યા છે. તે કાશી શહેરમાં રહે છે. તેમનું નામ કબીર છે. એ તો સ્વયં પરમેશ્વર છે. સતગુરૂનું રૂપ બનાવીને લીલા કરી રહ્યા છે, જુલાહા (કપડા વણવાનું)નું કામ કરે છે. એમણે જ મને સતલોક દેખાડ્યું. એ લોક સૌથી ન્યારો છે. ત્યાં જે સુખ છે, એ સ્વર્ગમાં પણ નથી. સદાબહાર ફળદાર વૃક્ષ, સુંદર બાગ, દૂધોની તો નદીઓ વહે છે. સુંદર નર-નારી રહે છે. તેઓ ક્યારેય વૃદ્ધ નથી થતા. તેઓ ક્યારેય મૃત્યુ નથી પામતા. જે સતગુરૂ પાસેથી તત્ત્વજ્ઞાન સાંભળીને સત્યનામની પ્રાપ્તિ કરીને ભક્તિ કરે છે, તે એ પરમધામની પ્રાપ્તિ કરી લે છે. આનું વર્ણન ગીતા અધ્યાય-15 શ્લોક 4માં પણ છે. ધર્મદાસજીએ હઠ કરીને કહ્યું કે હે મહારાજ ! મને એ અમરલોક દેખાડવાની કૃપા કરો જેથી મારો વિશ્વાસ દઢ બને. પરમેશ્વરજીએ કહ્યું કે આપ ભક્તિ કરો. જ્યારે શરીર ત્યાગ કરીને જશો તો એ લોકને પ્રાપ્ત કરશો. ધર્મદાસજી દ્વારા ખૂબ આગ્રહ કરવાથી પરમેશ્વર જિંદા બાબાએ કહ્યું કે ચાલો આપને સત્યલોક લઇ જઉં છું. ધર્મદાસજીની આત્માને શરીરથી કાઢીને ઉપર સત્યલોકમાં લઇ ગયા. પરમેશ્વરના દરબારના દ્વાર પર સંત્રી ઊભો હતો. જિંદા બાબાના રૂપમાં ઊભેલા પરમેશ્વરે દ્વારપાલને આદેશ કર્યો કે ધર્મદાસજીને પરમેશ્વરના દર્શન કરાવીને લઇ આવો. દ્વારપાલે એક અન્ય હંસ (સતલોકમાં ભક્તને હંસ કહે છે) ને કહ્યું કે ધર્મદાસને પરમેશ્વરના સિંહાસન પાસે લઇ જાઓ. સત્યપુરૂના દર્શન કરાવીને લાવો. ત્યાં આગળ ઘણા બધા હંસ (ભક્ત) તથા હંસની (નારી-ભક્તમતિ) આત્માઓ ભેગા થઇને નાચતા-ગાતા ધર્મદાસજીને સન્માનપૂર્વક સાથે લઇને ચાલ્યા. બધા હંસોં તથા નારીઓએ ગળામાં સુંદર માળાઓ પહેરી રાખી હતી. એમના શરીરનો પ્રકાશ 16 સૂર્યો સમાન (જેટલો) હતો. જ્યારે ધર્મદાસજીએ સિંહાસન (તખ્ત) પર બેઠેલા સત્યપુરૂષજીને જોયા તો એ જ સ્વરૂપ હતું જે ધરતી ઉપર જિંદા બાબાના રૂપમાં હતું. પરંતુ અહીં આગળ પરમેશ્વરના એક રોમ (શરીરનો એક વાળ)નો પ્રકાશ કરોડ સૂર્યો તથા કરોડ ચંદ્રમાના પ્રકાશથી પણ વધુ હતો. જિંદા રૂપમાં નીચેથી આવેલા પરમાત્મા તખ્ત પર વિરાજમાન પોતાના જ બીજા રૂપ ઉપર ચંવર કરવા લાગ્યા. ધર્મદાસે વિચાર્યું કે જિંદા તો આ પરમેશ્વરનો સેવક હશે. પરંતુ ચહેરો મળતો-જુલતો આવે છે. થોડીવારમાં તખ્ત (સિંહાસન) પર બેઠેલા પરમાત્મા ઊભા થયા તથા જિંદા સિંહાસન પર બેસી ગયા. તેજોમય શરીરવાળા પ્રભુ જિંદા સ્વરૂપમાં સમાઇ ગયા. ધર્મદાસ શરમથી પાણી પાણી થઇ ગયા અને પોતાની જાતને ધિક્કારવા લાગ્યા કે હું કેવો દુષ્ટ છું. મેં પરમેશ્વરને

કેટલા દુ:ખી કર્યા, કેટલા અપમાનિત કર્યા. મને ત્યાં વિશ્વાસ ન થયો. જ્યારે સતલોકના ભક્ત મને દર્શન કરાવીને પાછા લાવ્યા. ત્રણ દિવસ સુધી હું પરમાત્માના સતલોકમાં રહ્યો. બીજી બાજુ ધર્મદાસને ત્રણ દિવસ સુધી અચેત જોઇને તેમના ઘર, ગામના લોકો, સગાવ્હાલા અને મિત્રો બાંધવગઢમાં ધર્મદાસજીના ઘરે ભેગા થઇ ગયા. કોઇ ઝાડ-ફૂંક (આળો-ટાળો) કરાવી રહ્યા હતા - તો કોઇક વૈદ્ય પાસે ઉપચાર કરાવી રહ્યા હતા. પરંતુ તમામ ઉપાય વ્યર્થ પુરવાર થયા હતા. કોઇને પણ આશા નહતી કે ધર્મદાસ જીવીત થશે. ત્રીજા દિવસે પરમાત્માએ તેની આત્માને ધર્મદાસના શરીરમાં પ્રવેશ કરાવ્યો. ધર્મદાસજીને તે બાગમાંથી ઉઠાવીને ઘરે લઇ ગયા હતા. ધર્મદાસજી સચેત થતાં જ ફરીથી તે બગીચામાં ગયા જે બગીચામાંથી ઉપાડીને પરમાત્મા તેમને સતલોક લઇ ગયા હતા. ધર્મદાસે બગીચામાં તે જ સ્થાન પર જઇને જોયું તો તે જ પરમાત્મા જિંદા બાબાના રૂપમાં બેઠા હતા. ધર્મદાસજી તેમના ચરણોમાં પડી ગયા અને કહ્યું કે ‘હે પ્રભુ! મુજ અજ્ઞાનીને ક્ષમા કરો પ્રભુ !

*“અવગુણ મેરે બાપજી, બખ્સો ગરીબ નિવાઝ*
*જો મૈં પૂત કપૂત હું, બહુર પિતા કો લાજ”*

મને વિશ્વાસ જ નહોતો થઇ રહ્યો કે આપ જ પરમાત્મા છો - આપ પરમ અક્ષર બ્રહ્મ છો. ક્યારેક ક્યારેક આત્મા તો સ્વીકાર કરતો હતો કે પૂર્ણ બ્રહ્મ સિવાય આવું જ્ઞાન આ પૃથ્વી ઉપર બીજું કોણ આપી શકે છે ? પરંતુ મન તરત ઊંધી શંકા પેદા કરી દેતું હતું. હે સત્ય પુરૂષ આપે આપના શરીરની તે શોભા જે સત્યલોકમાં છે તે અહીં કેમ પ્રગટ નથી કરી રાખી ?

પરમેશ્વરજીએ કહ્યું કે હે ધર્મદાસ ! જો હું સત્યલોકવાળા પ્રકાશયુક્ત શરીરથી આ કાળલોકમાં આવી જઉં તો ક્ષર પુરૂષ (જ્યોતિ નિરંજન પણ આને જ કહે છે) વ્યાકુળ થઇ જાય. હું મારું તમામ કાર્ય ગુપ્ત રૂપે કરું છું. તે (કાળ) મને એક સિદ્ધિવાળો સંત માને છે. પરંતુ તે નથી જાણતો કે હું ક્યાંથી આવ્યો છું ? કોણ છું ? પરમેશ્વરે ધર્મદાસને પ્રશ્ન કરતાં પૂછ્યું કે તમને મારો દેશ કેવો લાગ્યો ? ધર્મદાસજી બોલ્યા કે હે પરમેશ્વર ! આ સંસારમાં હવે મન લાગતું નથી. તે (સત્યલોક) પવિત્ર સ્થાનની સરખામણીમાં આ કાળનો સંપૂર્ણ લોક (21 બ્રહ્માંડનું ક્ષેત્ર) નરક સમાન લાગી રહ્યું છે. જન્મ-મરણ અહીંનું અટલ વિધાન છે. ચોર્યાસી લાખ પ્રકારના પ્રાણીઓના જીવન ભોગવવા પણ ફરજિયાત છે. દરેક પ્રાણી આ જ આશા સાથે જીવી રહ્યો છે કે હું અત્યારે નહિ મરું પરંતુ તેમ છતાં ગમે ત્યારે મૃત્યુને પ્રાપ્ત થઇ જાય છે. પ્રત્યેક (દરેક) જીવ એક બીજા સાથે કપટપૂર્વક વાતો કરે છે. પરંતુ આપના સત્યલોકમાં તમામ વ્યક્તિ પ્રેમપૂર્વક વાતો કરે છે. નિષ્કપટ વ્યવહાર કરે છે. મેં ત્રણેય દિવસ આ બાબતે જ તપાસ કરી હતી. જો ધર્મદાસજી પોતાના ઘરે ઉપસ્થિત (હાજર) સ્વજનોને ન જોતા કે જેઓ તેમના અચેત થવા અંગેના સાક્ષી હતા તો એમ જ માની લેતા કે આ કોઇ સ્વપ્ન જોયું હશે. પરંતુ હવે તો દૃઢ વિશ્વાસ થઇ ગયો હતો.

*(ઉપરોક્ત વર્ણન પવિત્ર કબીર સાગર અધ્યાય 'જ્ઞાન પ્રકાશ'ના પાના નં. 57-58 ઉપરથી, ''મોહમ્મદ બોધ'' પાના નં. 20-21 ઉપરથી, દશ મુકામી રેખતા ''જ્ઞાન સ્થિતિ બોધ'' ના પાના નં. 83 ઉપરથી, ''અમર મૂલ'' પાના નં. 202 ઉપરથી લેવામાં આવેલ છે)*

## ''શું ગુરૂ બદલી શકાય છે ?''

**પ્રશ્ન-52 (ધર્મદાસજીનો) :- હે પ્રભુ ! શું ગુરૂ બદલી શકાય છે ? સંતો પાસેથી સાંભળ્યું છે કે ગુરૂ બદલવા ના જોઇએ, ગુરૂ એક, જ્ઞાન અનેક.**

**જવાબ : 52 (સત્પુરૂષનો)**

**જબ તક ગુરૂ મિલે નહીં સાચા, તબ તક ગુરૂ કરો દસ પાંચા.**

*કબીર જૂઠે ગુરૂ કે પક્ષ કો, તજત ન લાગૈ વાર ।*
*દ્વાર ન પાવૈ મોક્ષ કા, રહ વાર કા વાર ।।*

**ભાવાર્થઃ-** જ્યાં સુધી સાચા ગુરૂ (સતગુરૂ) ન મળે, ત્યાં સુધી ગુરૂ બદલતા રહેવું જોઇએ. પછી ભલે ને કેટલાય ગુરૂ કેમ ન બનાવવા પડે અને બદલવા પડે. જુઠા ગુરૂ ને તરત જ ત્યજી દેવા.

*કબીર ડૂબૈ થે પર ઉભરે, ગુરૂ કે જ્ઞાન ચમક ।*
*બેડા દેખા જરજરા, ઉતર ચલે ફડક ।।*

**ભાવાર્થઃ-** જે સમયે મને સતગુરૂ (સાચા ગુરૂ) મળ્યા. તેમના જ્ઞાનના પ્રકાશથી ખબર પડી કે અમારું જ્ઞાન અને સમાધાન (સાધના) બંને ખોટા છે તો તે ખોટા ગુરૂને એવી રીતે બદલી (ત્યજી) દીધા જેમ કે કોઇ ભયથી ફફડીને પશુ તીવ્ર ગતિથી દોડે છે અને જે રીતે રાત્રે સફર કરી રહેલા યાત્રીઓને સવારના ખબર પડે કે જે નૌકામાં તેઓ સવાર (બેઠ્યા) છે, તેમાં પાણી પ્રવેશી રહ્યું છે અને તેની બાજુમાં જ બીજી સુરક્ષિત નૌકા ઊભી છે તો સમજદાર યાત્રી - કે જેણે કોઇ નશો ન કરી રાખ્યો હોય (એટલે કે પૂર્ણ રીતે હોશમાં હોય) તો તે તરત જ તૂટેલી નાવડીને ત્યજીને બાજુમાં ઊભેલી સુરક્ષિત લીક પ્રુફ (Leak proof) નૌકામાં જઇને બેસી જાય છે. મેં જ્યારે કાશીમાં કબીરજી - સાચા ગુરૂનું આ જ્ઞાન સાંભળ્યું જે આપને સંભળાવ્યું છે તો જાતિ, ધર્મને ન જોયો. તે જ સમયે સતગુરૂની શરણમાં ચાલ્યો ગયો અને દીક્ષા મંત્ર લઇને સત ભક્તિ કરી રહ્યો છું. સતગુરૂએ મને દીક્ષા પ્રદાન કરવાનો આદેશ આપી રાખ્યો છે. હે ધર્મદાસ ! વિચાર કરો - જો એક વૈદ્યથી રોગી સ્વસ્થ ના થાય તો શું તે બીજા ડૉક્ટર કે વૈદ્ય પાસે નથી જતો ?

ધર્મદાસે કહ્યું કે જાય છે, જવું જ જોઇએ, જીવન રક્ષા કરવી જોઇએ. પરમેશ્વરે કહ્યું કે આ જ પ્રમાણે મનુષ્ય જન્મ આત્મ (જીવ) કલ્યાણને માટે મળે છે. જીવને જન્મ-મરણનો દીર્ઘ રોગ લાગેલો છે - જે સત્યનામ તથા સારનામ વગર સમાપ્ત નથી થઇ શકતો. બંને મંત્રો કાશીમાં સતગુરૂ કબીર રહે છે, તેમની પાસેથી મળે છે. પૃથ્વી પર બીજા કોઇની પાસે આ મંત્રો ઉપલબ્ધ નથી. તમે કાશી જઇને

દીક્ષા પ્રાપ્ત કરજો. આપનું કલ્યાણ થઇ જશે કારણ કે સતગુરૂ વગર મારું એ સત્યલોક પ્રાપ્ત થઇ શકતું નથી.

ધર્મદાસજીએ કહ્યું કે આપ સ્વયં જ સત્યપુરૂષ છો. હવે હું થાપ નહિ ખાઉં. તમો પોતાની જાતને છુપાવી રહ્યા છો. હે પ્રભુ ! મેં ગુરૂ રૂપદાસજી પાસેથી દીક્ષા પ્રાપ્ત કરેલી છે. હું પહેલા તેમની પાસે જઇ ગુરૂ બદલવા અંગેની આજ્ઞા લઇશ. જો તેઓ હા પાડશે તો હું ગુરૂ બદલીશ. પરંતુ ધર્મદાસજીની મૂર્ખતાની હદ જોઇને પરમેશ્વર છઠ્ઠી વખત અંર્તધ્યાન થઇ ગયા. ધર્મદાસ ફરીથી વ્યાકુળ થઇ ગયા. તે પહેલા રૂપદાસજી પાસે ગયા જે શ્રીકૃષ્ણ એટલે કે શ્રી વિષ્ણુજીના પૂજારી હતા. જે વૈષ્ણવ પંથ સાથે જોડાયેલા હતા.

ધર્મદાસે સંત રૂપદાસજી પાસે જઇ તમામ ઘટના બતાવી અને ગુરૂ બદલવા અંગેની અનુમતી માંગી. સંત રૂપદાસજી સારી આત્માવાળા માણસ હતા. તેમણે કહ્યું બેટા ધર્મદાસ ! જે જ્ઞાન તમે જિંદા બાબા પાસેથી સાંભળ્યું છે તે જ્ઞાન ભગવાન જ બતાડી શકે છે. મારી ઉંમર ખૂબ જ વધી ગઇ છે. હું તો આ વૈષ્ણવ માર્ગને ત્યજી શકું તેમ નથી. જો તમારી ઇચ્છા હોય તો તમે તે મહાત્મા પાસેથી દીક્ષા પ્રાપ્ત કરી શકો છો.

ત્યાર બાદ ધર્મદાસ કાશીમાં ગયા. ત્યાં આગળ કબીર જુલાહા (વણકર)ની ઝૂંપડી અંગે તપાસ કરી. ત્યાં કાપડ વણવાનું કાર્ય કરતા કબીર પરમેશ્વરને જોઇને તેમના આશ્ચર્યની કોઇ સીમા ના રહી. તેમને અપાર ખુશી પણ થઇ કે સતગુરૂ તથા પરમેશ્વર (કબીર) આ જ છે. ત્યારે તેમની પાસેથી દીક્ષા પ્રાપ્ત કરી અને પોતાનું કલ્યાણ કરાવ્યું. કબીર પરમેશ્વરજીએ પછી ધર્મદાસને બે અક્ષર (જેમાં એક ઓમ્ ॐ મંત્ર છે તથા બીજો તત્ જે સાંકેતિક છે) નું સત્યનામ આપ્યું. ત્યારબાદ સારનામ આપીને સત્યલોકના વાસી બનાવ્યા.

*** કળિયુગમાં પરમાત્મા નીચે જણાવેલ અન્ય (બીજી) સારી આત્માઓ (દૃઢ ભક્તો)ને મળ્યા:-**

(2) સંત મલૂકદાસ (અરોડા)જીને મળ્યા.

(3) સંત દાદૂ સાહેબજી આમેર (રાજસ્થાનવાળા)ને મળ્યા.

(4) સંત નાનકદેવજીને સુલતાનપુર શહેરની પાસે વહેતી બેઇ નદીના કાંઠે મળ્યા. જ્યાં ગુરૂદ્વાર 'સચ્ચખંડ સાહેબ'નું યાદગારના રૂપમાં બનેલું છે.

(5) સંત ગરીબદાસજી ગામ છુડાની જિલ્લો ઝઝર હરિયાણાવાળાને મળ્યા, તે સ્થાન પર આજના સમયે યાદગાર બનેલી છે.

સંત ગરીબદાસજી જયારે 10 વર્ષના બાળક હતા ત્યારે અન્ય ગોવાળીયાઓની સાથે ગાયો ચરાવવા જતા હતા. પરમેશ્વર જિંદા બાબાના રૂપમાં સતલોકથી (સચ્ચખંડથી) ચાલીને આવ્યા. આ લોક તમામ ભવનોની ઉપર છે. જ્યાં પરમાત્મા રહે છે અને સંત ગરીબદાસજીની આત્માને ઉપર પોતાના લોકમાં લઇ

ગયા. બાળકને મૃત માનીને સાંજે ચિતા પર રાખી ગામના લોકો અંતિમ સંસ્કાર કરવાની તૈયારીમાં જ હતાં. તે જ સમયે પરમાત્માએ સંત ગરીબદાસજીની આત્માને ઉપરના બ્રહ્માંડોનું ભ્રમણ કરાવીને, સત્ય જ્ઞાન બતાવીને, ફરીથી શરીરમાં પ્રવેશ કરાવી દીધો અને બાળક જીવિત થઇ ગયો. આ બનાવ ફાગણ સુદ બારસ સંવત 1784 સને 1727નો છે. સંત ગરીબદાસજીને પરમાત્માએ તત્ત્વજ્ઞાન પ્રદાન કર્યું. તેમનો જ્ઞાન યોગ ખોલી દીધો. જેના કારણે સંત ગરીબદાસજી એ ચોવીસ (24) હજાર વાણી બોલી જે સંત ગોપાળદાસજી દ્વારા લખવામાં આવી. તે અમૃતવાણીને પ્રિન્ટ કરાવીને ગ્રંથ રૂપ આપી દીધું છે. આ દાસ (સંત રામપાલદાસ) તે જ ગ્રંથમાંથી સત્સંગ કરે છે.

સંત ગરીબદાસજીએ અમૃત વાણીમાં કહ્યું છે :-

*ગરીબ, હમ સુલતાની નાનક તારે, દાદૂ કો ઉપદેશ દિયા ।*
*જાતિ જુલાહા ભેદ ના પાયા, કાશી માંહે કબીર હુઆ ।।*
*ગરીબ, અનંત કોટિ બ્રહ્માંડ કા, એક રતિ નહીં ભાર ।*
*સતગુરૂ પુરૂષ કબીર હૈં, કુલ કે સિરજનહાર ।।*

**ભાવાર્થઃ-** સંત ગરીબદાસજીએ પરમાત્મા પાસેથી પ્રાપ્ત કરેલ દિવ્ય દૃષ્ટિથી જોઇને ભૂત-ભવિષ્ય અંગેનું જ્ઞાન કહ્યું છે, બતાવ્યું છે કે જે કાશી શહેર (ઉત્તરપ્રદેશ)માં જુલાહા (વણકર) કબીરજી હતા તે સર્વ બ્રહ્માંડોના સર્જનહાર છે. તમામ (સર્વ) બ્રહ્માંડોને પોતાની શક્તિ વડે રોકી રાખ્યા છે. પરમેશ્વર કબીરજી પર તેમનો કોઇ ભાર નથી. જેમ કે વૈજ્ઞાનિકોએ વિમાન, રોકેટ બનાવીને ઉઠાવ્યા તેમજ પોતે પણ તેમાં બેસીને યાત્રા કરે છે. આજ પ્રમાણે સંત ગરીબદાસજીએ પરમેશ્વરજીને પોતાની આંખો વડે જોઇને તેમની મહિમાનું વર્ણન કર્યું છે.

(6) સંત ઘીસાદાસજી ગામ ખેખડા, જિલ્લો બાગપત (ઉત્તરપ્રદેશ) ને મળ્યા હતા. પુસ્તકના વિસ્તારને ધ્યાનમાં રાખતા આ અંગે વધુ વિવરણ નહિ કરું. વધુ જાણકારીને માટે www.jagatgururampalji.org ને ખોલીને વધુ જ્ઞાન પ્રાપ્ત કરી શકો છો.

## (વેદ મંત્રોની ઝેરોક્ષ કોપી જોવા વિનંતી છે)

*(પ્રમાણ ઋગ્વેદ મંડલ નં. 9 સૂક્ત 86 મંત્ર 26-27)*

इन्दुः पुनानो अति गाहते मृधो विश्वानि कृण्वन्त्सुपथानि यज्यवे ।
गाः कृण्वानो निर्णिजं हर्यतः कविरत्यो न क्रीळन्परि वारमर्षति ।।२६।।

पदार्थः—(यज्यवे) यज्ञ करने वाले यजमानों के लिये परमात्मा (विश्वानि सुपथानि) सब रास्तों को (कृण्वन्) सुगम करता हुआ (मृधः) उनके विघ्नों को (अतिगाहते) मर्दन करता है । और (पुनानः) उनको पवित्र करता हुआ और (निर्णिजं) अपने रूप को (गाः कृण्वानः) सरल करता हुआ (हर्यतः) वह कान्तिमय परमात्मा (कविः) सर्वज्ञ (अत्यो न) विद्युत् के समान (क्रीळन्) क्रीड़ा करता हुआ (वारं)वरणीय पुरुष को (पर्य्यर्षति) प्राप्त होता है ।।२६।।

**વિવેચનઃ-** આ ઝેરોક્ષ નકલ ઋગ્વેદ મંડલ 9ના સૂક્ત 86 ના મંત્ર 26 ની છે. જેનો અનુવાદ આર્ય સમાજના આચાર્યો તેમજ મહર્ષિ દયાનંદના અનુયાયીઓ દ્વારા કરવામાં આવેલ છે. જેમાં સ્પષ્ટ દર્શાવેલ છે કે યજ્ઞ કરવાવાળા એટલે કે ધાર્મિક અનુષ્ઠાન કરવાવાળા યજમાનો એટલે કે ભક્તો માટે પરમાત્મા, બધા રસ્તાઓને સુગમ બનાવીને એટલે કે જીવનરૂપી યાત્રાના માર્ગને દુ:ખો રહિત કરીને સરળ બનાવતા રહીને ભક્તોના વિઘ્નો એટલે કે સંકટોનું મર્દન કરે છે. એટલે કે સંકટોને સમાપ્ત કરે છે. ભક્તોને પવિત્ર, પાપરહિત, વિકાર રહિત કરે છે. જેમ કે આગળના મંત્ર 27 માં કહ્યું છે કે ''જે પરમાત્મા દ્યૂલોક એટલે કે સત્યલોકના ત્રીજા પૃષ્ઠ પર બિરાજમાન છે, ત્યાં આગળ પરમાત્માના શરીરનો પ્રકાશ ખૂબ જ વધારે છે.''

ઉદાહરણ રૂપે:- પરમાત્માના એક રોમ (શરીરનું એક રૂવાટું)નો પ્રકાશ કરોડ સૂર્ય તથા એટલા જ ચંદ્રમાને ભેગા કરવામાં આવે તેનાથી પણ વધુ છે. જો તે પરમાત્મા તે જ પ્રકાશયુક્ત શરીર સાથે પૃથ્વી પર પ્રગટ થઇ જાય તો આપણી ચર્મ દૃષ્ટિ તેમને જોઇ શકવાની નથી. જેમ કે ઘુવડ પક્ષી દિવસે સૂર્યના પ્રકાશના કારણે કંઇ પણ જોઇ નથી શકતી. બસ આ જ દશા મનુષ્યોની થઇ જાય. એટલા માટે પરમાત્મા પોતાના રૂપ એટલે કે શરીરના પ્રકાશને સરળ (હલકું તેજ પુંજનું) કરીને ઉપરના સ્થાનેથી કે જ્યાં તે રહે છે ત્યાંથી વીજળીની ગતિએ ક્રીડા એટલે કે લીલા કરતા કરતા ચાલીને આવે છે, શ્રેષ્ઠ પુરૂષોને મળે છે. આ પણ સ્પષ્ટ થાય છે કે આપ કવિ: એટલે કે કવિર્દેવ છો. અમે તેમને કબીર સાહેબ કહીએ છીએ.

**असश्चतः शतधारा अभिश्रियो हरिं नवन्तेऽव ता उदन्युवः ।**
**क्षिपो मृजन्ति परि गोभिरावृतं तृतीये पृष्ठे अधि रोचने दिवः ॥२७॥**

पदार्थः—( उदन्युवः ) प्रेम की ( ताः ) वे ( शतधाराः ) सैंकड़ों धाराएं ( असश्चतः ) जो नानारूपों में ( अभिश्रियः ) स्थिति को लाभ कर रही हैं । वे ( हरिं ) परमात्मा को ( अवनवन्ते ) प्राप्त होती हैं । ( गोभिरावृतं ) प्रकाशपुञ्ज परमात्मा को ( क्षिपः ) बुद्धिवृत्तियां ( मृजन्ति ) विषय करती हैं । जो परमात्मा ( दिवस्तृतीये पृष्ठे ) द्यु लोक के तीसरे पृष्ठ पर विराजमान है और ( रोचने ) प्रकाशस्वरूप है उसको बुद्धिवृत्तियां प्रकाशित करती हैं ॥२७॥

**વિવેચનઃ-** આ ઝેરોક્ષ નકલ ઋગ્વેદ મંડલ 9ના સૂક્ત 86ના મંત્ર નં. 27ની છે. આમાં સ્પષ્ટ જણાય છે કે ''પરમાત્મા દ્યૂલોક એટલે કે અમરલોકના ત્રીજા પૃષ્ઠ એટલે કે ભાગ ઉપર વિદ્યમાન છે. સત્યલોક એટલે કે શાશ્વત સ્થાન (ગીતા અધ્યાય 18નો શ્લોક 62) માં ત્રણ ભાગ છે. એક ભાગમાં વન-પહાડ-ઝરણા બાગ-બગીચા વગેરે છે. આ બાહ્ય ભાગ છે એટલે કે બહારનો ભાગ છે (જેવી રીતે ભારતની રાજધાની દિલ્હી પણ ત્રણ ભાગમાં વહેંચાયેલી છે - બાહ્ય દિલ્હી જેમાં ગામ-ખેતરો-નહેરો છે. બીજો ભાગ - બજાર-માર્કેટ અને ત્રીજો ભાગ - સંસદ ભવન તથા કાર્યાલય છે.

એના પછી ધૂલોકમાં વસવાટ છે. પરિવાર સાથે મોક્ષ પ્રાપ્ત હંસ આત્માઓ રહે છે (જેવી રીતે પૃથ્વી ઉપર ભક્તને ભક્તાત્મા કહે છે એવી જ રીતે સત્યલોકમાં હંસ આત્મા કહેવાય છે). ત્રીજા ભાગમાં સર્વોપરી પરમાત્માનું સિંહાસન છે. તેની આજુબાજુ ફક્ત નર આત્માઓ રહે છે. ત્યાં સ્ત્રી-પુરૂષનાં જોડાં (જોડકાં) નથી. જો તેઓ પોતાનો પરિવાર વધારવા ઇચ્છે છે તો શબ્દ (વચન) દ્વારા ફક્ત પુત્ર ઉત્પન્ન કરી લે છે. આ પ્રમાણે શાશ્વત સ્થાન એટલે કે સત્યલોકને પરમાત્માએ ત્રણ ભાગમાં વહેંચેલો છે. ત્યાં એટલે સત્યલોકમાં દરેક સ્થાન પર રહેવાવાળાઓમાં વૃદ્ધાવસ્થા નથી. ત્યાં મૃત્યુ નથી. એટલા માટે ગીતા અધ્યાય 7ના શ્લોક 29માં કહ્યું છે કે જે જરા એટલે કે વૃદ્ધાવસ્થા તથા મરણ એટલે કે મૃત્યુથી છૂટવાનો પ્રયત્ન કરે છે તે તત્ બ્રહ્મ એટલે કે પરમ અક્ષર બ્રહ્મને જાણે છે. સત્યલોકમાં સતપુરૂષ રહે છે, ત્યાં આગળ જન્મ-મરણ નથી. બાળકો યુવાન થઇને સદાય યુવાન રહે છે.

**(પ્રમાણ ઋગ્વેદ મંડલ નં. 9 સૂક્ત 82 મંત્ર 1-2)**

**असावि सोमो अरुषो वृषा हरी राजेव दस्मो अभि गा अचिक्रदत् ।**
**पुनानो वारं पर्येत्यव्ययं श्येनो न योनिं घृतवन्तमासदम् ॥१॥**

पदार्थः—(सोमः) जो सर्वोत्पादक प्रभु (अरुषः) प्रकाशस्वरूप (वृषा) सद्गुणों की वृष्टि करने वाला (हरिः) पापों के हरण करने वाला है, वह (राजेव) राजा के समान (दस्मः) दर्शनीय है। और वह (गाः) पृथिव्यादि लोक-लोकान्तरों के चारों ओर (अभि अचिक्रदत्) शब्दायमान हो रहा है। वह (वारं) वरणीय पुरुष को जो (अव्ययं) दृढ़भक्त है उसको (पुनानः) पवित्र करता हुआ (पर्य्येति) प्राप्त होता है। (न) जिस प्रकार (श्येनः) विद्युत् (घृतवन्तं) स्नेहवाले (आसदं) स्थानों को (योनिं) आधार बनाकर प्राप्त होता है। इसी प्रकार उक्त गुण वाले परमात्मा ने (असावि) इस ब्रह्माण्ड को उत्पन्न किया ॥१॥

**कविर्वेधस्या पर्येषि माहिनमत्यो न मृष्टो अभि वाजमर्षसि ।**
**अपसेधन्दुरिता सोम मृळय घृतं वसानः परि यासि निर्णिजम् ॥२॥**

पदार्थः—हे परमात्मन् ! (वेधस्या) उपदेश करने की इच्छा से आप (माहिनं) महापुरुषों को (पर्येषि) प्राप्त होते हो। और आप (अत्यः) अत्यन्त गतिशील पदार्थ के (न) समान (अभिवाजं) हमारे आध्यात्मिक यज्ञ को (अभ्यर्षसि) प्राप्त होते हैं। आप (कविः) सर्वज्ञ हैं (मृष्टः) शुद्ध स्वरूप हैं (दुरिता) हमारे पापों को (अपसेधन्) दूर करके (सोम) हे सोम ! (मृळय) आप हमको सुख दें। और (घृतं वसानः) प्रेम-भाव को उत्पन्न करते हुए (निर्णिजं) पवित्रता को (परियासि) उत्पन्न करें ॥२॥

**વિવેચનઃ-** ઉપર દર્શાવેલ ઝેરોક્ષ નકલ ઋગ્વેદ મંડલ 9ના સૂક્ત 82ના મંત્ર 1-2ની છે. જેનો અનુવાદ મહર્ષિ દયાનંદના માર્ગદર્શન મુજબ તેમના અનુયાયીઓ (ચેલાઓ) દ્વારા કરવામાં આવેલ છે અને સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભા, દિલ્હીથી પ્રકાશિત છે.

આમાં સ્પષ્ટ છે કે :- મંત્ર 1માં કહ્યું છે ''સર્વની ઉત્પત્તિ કરવાવાળા પરમાત્મા તેજોમય શરીર યુક્ત છે. પાપોનો નાશ કરવાવાળા અને સુખોની વર્ષા કરવાવાળા છે. તે ઉપર સત્યલોકમાં સિંહાસન પર બેઠા છે અને તે જોવામાં રાજા જેવા દેખાય છે.

આ જ પ્રમાણ સૂક્ષ્મવેદમાં છે કે :

*અર્શ કુર્શ પર સફેદ ગુમટ હૈ, જહાં પરમેશ્વર કા ડેરા ।*
*શ્વેત છત્ર સિર મુકુટ વિરાજે, દેખત ન ઉસ ચહેરે નૂં ।।*

આ જ પ્રમાણ બાઇબલ ગ્રંથ તથા કુરાન શરીફમાં છે કે પરમાત્માએ છ દિવસમાં સૃષ્ટિ રચી અને સાતમા દિવસે ઉપર આકાશમાં તખ્ત એટલે કે સિંહાસન પર જઇને બિરાજ્યા. (બાઇબલના ઉત્પત્તિ ગ્રંથ 2/26-30 તથા કુરાન શરીફની સૂર્ત ફુર્કાની 25 આયાત 52 થી 59 માં છે)

તે પરમાત્મા પોતાના અમરધામથી ચાલીને પૃથ્વી પર શબ્દ વાણી દ્વારા જ્ઞાન સંભળાવે છે. તે વર્ણીય એટલે કે આદરણીય શ્રેષ્ઠ વ્યક્તિઓને પ્રાપ્ત થાય છે. તેમને મળે છે {જે રીતે 1. સંત ધર્મદાસજી બાંધવગઢ (મધ્યપ્રદેશવાળાને મળ્યા) 2. સંત મલૂકદાસજીને મળ્યા. 3. સંત દાદૂદાસજીને આમેર (રાજસ્થાન)માં મળ્યા. 4. સંત નાનક દેવજીને મળ્યા. 5. સંત ગરીબદાસજી ગામ છુડાની (જિ. ઝજ્જર) હરિયાણાવાળાને મળ્યા 6. સંત ઘીસાદાસજી ગામ ખેખડાજિ. બાગપત (ઉત્તરપ્રદેશ)વાળાને મળ્યા. 7. સંત જમ્ભેશ્વરજી (બિશ્નોઇ ધર્મના પ્રવર્તક)ને ગામ સમરાથલ રાજસ્થાનવાળાને મળ્યા.}

તે પરમાત્મા સારી આત્માઓને મળે છે. જે પરમાત્માના દૃઢ ભક્ત હોય છે, તેના પર પરમાત્માનું વિશેષ આકર્ષણ હોય છે. ઉદાહરણ પણ બતાવ્યું છે કે જેમ કે વિદ્યુત એટલે કે આકાશની વીજળી સ્નેહવાળા સ્થાનોને આધાર બનાવીને પડે છે. જેમ કે કાંસાની ધાતુ પર વીજળી પડે છે, પહેલાં કાંસાની ધાતુના વાસણો જેમ કે કાંસાની વાટકી, ગ્લાસ, થાળી, લોટા વગેરે-વગેરે રાખતા હતા. વરસાદના સમયે તર્ત જ ઉઠાવીને ઘરની અંદર રાખી દેતા હતા. વડીલો કહેતા હતા કે વરસાદી વાતાવરણમાં કાંસાની ધાતુના વાસણો પર વીજળી પડવાની શક્યતા વધુ હોય છે, માટે કાંસાની ધાતુના વાસણો વર્ષા દરમ્યાન ખુલ્લામાં પડ્યા હોય તો ઉપાડીને ઘરની અંદર મૂકી દો. આમ જેવી રીતે ચોમાસામાં વીજળી કાંસાની ધાતુના વાસણો પર વિશેષ આકર્ષણ ધરાવીને પડે છે તેવી જ રીતે પરમાત્મા પોતાના પ્રિય ભક્તો તરફ આકર્ષિત થઇને મળે છે.

મંત્ર-2માં આ પણ સ્પષ્ટ કર્યું છે કે પરમાત્મા તે સારી આત્માઓને ઉપદેશ કરવાની ઇચ્છાથી સ્વયં મહાપુરૂષોને મળે છે. ઉપદેશનો ભાવાર્થ છે કે પરમાત્મા તત્ત્વજ્ઞાન બતાવીને તેમને દીક્ષા પણ આપે છે. તેમના સતગુરૂ પણ સ્વયં પરમાત્મા હોય છે. આ પણ સ્પષ્ટ કર્યું છે કે પરમાત્મા અત્યંત ગતિશીલ પદાર્થ એટલે કે વીજળી સમાન તીવ્ર ગતિવાળા થઇને અમારા ધાર્મિક અનુષ્ઠાનોમાં પોતે પહોંચે છે. આપે અગાઉ વાંચ્યું કે સંત ધર્મદાસને પરમાત્માએ આ જ કહ્યું હતું કે હું ત્યાં અવશ્ય જઉં છું જ્યાં ધાર્મિક અનુષ્ઠાનો થાય છે કારણ કે મારી ગેરહાજરીમાં કાળ કોઇપણ ઉપદ્રવ ઊભો કરી દે છે. જેના લીધે સાધકોની પરમાત્મા પ્રત્યેની આસ્થા (શ્રદ્ધા) તૂટી જાય છે. મારા રહેતા તે આવી ગડબડ નથી કરી શકતો. એટલા માટે ગીતાજીના અધ્યાય-3ના શ્લોક-15માં કહ્યું છે કે તે અવિનાશી પરમાત્મા જેણે બ્રહ્મને પણ ઉત્પન્ન કર્યો, સદૈવ યજ્ઞોમાં પ્રતિષ્ઠિત છે એટલે કે ધાર્મિક અનુષ્ઠાનોમાં તેને જ ઇષ્ટ રૂપમાં માનીને આરતી સ્તુતિ કરવી જોઇએ.

આ ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 82ના મંત્ર-2માં આ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આપ (કવિર્વેધસ્ય) કવિર્દેવ છો જે બધાને ઉપદેશ આપવાની ઇચ્છાથી આવો છો, આપ પવિત્ર પરમાત્મા છો. અમારા પાપોને છોડાવીને એટલે કે નાશ કરીને હે અમર પરમાત્મા ! આપ અમને સુખ આપો અને (द्युतम् वासानः निर्निजम् परियसि) અમો આપની સંતાન છીએ. અમારા પ્રત્યે તે વાત્સલ્યવાળો પ્રેમ ભાવ ઉત્પન્ન કરતા રહીને તે જ (निर्निजम) સુંદર રૂપને (परियसि) ઉત્પન્ન કરો એટલે કે અમને પોતાના બાળકો જાણીને જેમ કે પહેલાં અને જ્યારે ઇચ્છો ત્યારે આપ પોતાની પ્યારી આત્માઓને પ્રગટ થઇને મળો છો, તે જ રીતે અમને પણ દર્શન આપો.

ઋગ્વેદ પ્રમાણ મંડલ 9 સૂક્ત 96 મંત્ર 16 થી 20

स्वायुधः सोतृभिः पूयमानोऽभ्यर्ष गुह्यं चारु नाम ।
अभि वाजं सप्तिरिव श्रवस्याभि वायुमभि गा देव सोम ॥१६॥

पदार्थः—हे परमात्मन् ! ( गुह्यम् ) सर्वोपरि रहस्य ( चारु ) श्रेष्ठ (नाम) जो तुम्हारी संज्ञा है। ( अभ्यर्ष ) उसका ज्ञान करायें। आप ( सोतृभिः, पूयमानः ) उपासक लोगों से स्तूयमान हैं। ( स्वायुधः ) स्वाभाविक शक्ति से युक्त हैं और ( सप्तिरिव ) विद्युत् के समान ( श्रवस्याभि ) ऐश्वर्य के सम्मुख प्राप्त कराइये और ( वायुमभि ) हमको प्राणों की विद्या का वेत्ता बनाइये। ( देव ) हे सर्वशक्तिसम्पन्न परमेश्वर ! हमको ( गाः ) इन्द्रियों के ( अभिगमय ) नियमन का ज्ञाता बनाइये ॥१६॥

शिशुं जज्ञानं हर्यतं मृजन्ति शुम्भन्ति वह्निं मरुतो गणेन ।
कविर्गीर्भिः काव्येना कविः सन्त्सोमः पवित्रमत्येति रेभन् ॥१७॥

पदार्थः—(शिशुम्) "श्यति सूक्ष्मं करोति प्रलयकाले जगदिति शिशुः परमात्मा" उस परमात्मा को (जज्ञानम्) जो सदा प्रकट है, (हर्यतः) जो अत्यन्त कमनीय है, उसको उपासक लोग (मृजन्ति) बुद्धिविषय करते हैं और (शुंभन्ति) उसकी स्तुति द्वारा उसके गुणों का वर्णन करते हैं और (मरुतः) विद्वान् लोग (वह्निम्) उस गतिशील परमात्मा का (गणेन) गुणों के गणों द्वारा वर्णन करते हैं और (कविः) कवि लोग (गीर्भिः) वाणी द्वारा और (काव्येन) कवित्व से उसकी स्तुति करते हैं। (सोमः) सोमस्वरूप (पवित्रम्) पवित्र वह परमात्मा कारणावस्था में अतिसूक्ष्म प्रकृति को (रेभन्, सन्) गर्जता हुआ (अत्येति) अतिक्रमण करता है ॥१७॥

ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 96ના મંત્ર 16માં કહ્યું છે કે હે પરમાત્મન્! આપ આપના શ્રેષ્ઠ ગુપ્ત નામનું જ્ઞાન કરાવો. તે નામને મંત્ર 17 માં બતાવ્યું છે કે તે કવિ: એટલે કે કવિર્દેવ છે.

**મંત્ર 17નો અનુવાદઃ-** (शिशुम् जज्ञानम् हर्यन्तम्) પરમેશ્વર જાણીજોઇને તત્ત્વજ્ઞાન બતાવવાના ઉદ્દેશ્યથી શિશુ રૂપમાં પ્રગટ થાય છે, તેમના જ્ઞાનને સાંભળીને (मरुतो गणेन) ભક્તોનો ખૂબ મોટો સમૂહ તે પરમાત્માનો અનુયાયી બની જાય છે. (मृजन्ति शुम्भन्ति वहिन्)

તે જ્ઞાન બુદ્ધિજીવી લોકોને સમજમાં આવે છે, તેઓ તે પરમેશ્વરની સ્તુતિ ભક્તિ તત્ત્વજ્ઞાનના આધારે કરે છે, તે ભક્તિ (वहिन्) તાત્કાલિક લાભ આપવાવાળી હોય છે. તે પરમાત્મા પોતાના તત્ત્વજ્ઞાનને (काव्येना) કવિત્વથી એટલે કે કવિઓની જેમ દોહા, શબ્દો, લોકોક્તિઓ, ચોપાઇઓ દ્વારા (कविर् गीर्भिः) કવિર વાણી દ્વારા એટલે કે કબીર વાણી દ્વારા (पवित्रम् अतिरेभन्) શુદ્ધ જ્ઞાનને ઊંચા સ્વરમાં ગર્જના કરીને બોલે છે. તે (कविः) કવિની જેમ આચારણ કરવાવાળા કવિર્દેવ (સંત) સંત રૂપમાં પ્રગટ (सोम) અમર પરમાત્મા હોય છે. (ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 96 મંત્ર 17)

**વિશેષઃ-** આ મંત્રના મૂળ પાઠમાં બે વખત ''કવિ:'' (कविः) શબ્દ છે. આર્યસમાજના અનુવાદકર્તાઓએ આ બન્ને શબ્દો પૈકી એક (कविः) નો અર્થ (અનુવાદ) કરેલ છે જ્યારે બીજા (कविः) શબ્દનો અર્થ જ નથી કર્યો.

ऋषिमना य ऋषिकृत्स्वर्षाः सहस्रणीथः पदवीः कवीनाम् ।
तृतीयं धाम महिषः सिषासन्त्सोमो विराजमनु राजति ष्टुप् ॥१८॥

पदार्थः—(सोमः) सोमस्वरूप परमात्मा (सिषासन्) पालन की इच्छा करता हुआ (महिषः) जो महान् है वह परमात्मा (तृतीयं, धाम) देवयान और पितृयान इन दोनों से पृथक तीसरा जो मुक्तिधाम है। उसमें (विराजम्) विराजमान जो ज्ञानयोगी है उसको (अनुराजति) प्रकाश करने वाला है और (स्तुप्) स्तूयमान है। (कवीनाम्, पदवीः) जो क्रान्तदर्शियों की पदवी अर्थात् मुख्य स्थान है और (सहस्रनीथः) अनन्त प्रकार से स्तवनीय है, (ऋषिमनाः) सर्वज्ञान के साधनरूप मनवाला वह परमात्मा (यः) जो (ऋषिकृत्) सब ज्ञानों का प्रदाता (स्वर्षाः) सूर्यादिकों को प्रकाशक है। वह जिज्ञासु के लिए उपासनीय है ॥१८॥

**વિવેચનઃ-** આ ઝેરોક્ષ નકલ ઋગ્વેદ મંડલ 9, સૂક્ત 96 મંત્ર 18 ની છે, જેનો અનુવાદ મહર્ષિ દયાનંદજીના અનુયાયીઓ દ્વારા કરવામાં આવેલ છે. જે સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભા દિલ્હી દ્વારા અનુવાદિત છે. જેના સંદર્ભમાં આ વિવેચન કરવામાં આવેલ છે. આ અનુવાદમાં પણ ઘણી બધી ભૂલો જણાઇ આવેલ છે જે આર્ય સમાજના આચાર્યો દ્વારા કરવામાં આવેલ છે. આપણે સંસ્કૃત પણ સમજી શકીએ છીએ, જેથી તે અંગે અહીં વિવેચન કરી યોગ્ય અનુવાદ તથા ભાવાર્થ સ્પષ્ટ કરી રહ્યો છું. મંત્ર 17માં કહ્યું છે કે ઋષિ અથવા સંત રૂપમાં પ્રગટ થઇને પરમાત્મા પોતાના મુખ કમળ વડે અમૃતવાણી બોલે છે અને તે જ્ઞાનને સમજીને અનેક અનુયાયીઓનો સમૂહ બની જાય છે. (य) જે તત્ત્વજ્ઞાનની વાણી પરમાત્મા સંભળાવે છે, તે (ऋषिकृत्) ઋષિરૂપમાં પ્રગટ પરમાત્મા કૃત (सहंस्त्रणीयः) હજારો વાણીઓ એટલે કે કબીર વાણીઓ (ऋषिमना) ઋષિ સ્વભાવવાળા ભક્તો માટે (स्वर्षाः) આનંદદાયક હોય છે. (कविनाम पदवीः) કવિત્ત્વથી એટલે કે કવિઓની જેમ દોહા, ચોપાઇઓ દ્વારા વાણી બોલવાના કારણે તે પરમાત્મા પ્રસિદ્ધ કવિઓમાંના એક કવિની પદવી પણ પ્રાપ્ત કરે છે. તે (सोम) અમર પરમાત્મા (सिषासन्) બધાનું પાલન કરવાની ઇચ્છા કરતા રહીને પ્રથમ સ્થિતિમાં (महिषः) મોટી પૃથ્વી એટલે કે ઉપરના લોકોમાં (तृतीयम् धाम्) ત્રીજા ધામ એટલે કે સત્યલોકના ત્રીજા પૃષ્ઠ ઉપર (अनुराजति) તેજોમય શરીર યુક્ત (स्तुप) ગુંબજમાં (विराजम्) બિરાજમાન છે, ત્યાં બેઠા છે. આ જ પ્રમાણ ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 54 ના મંત્ર 3માં છે કે પરમાત્મા બધા લોકોથી ઉપરના લોકમાં બિરાજમાન છે, (तिष्ठन्ति) બેઠા છે.

**चमूषच्छ्येनः शकुनो विभृत्वा गोविन्दुर्द्रप्स आयुधानि बिभ्रत् ।**
**अपामूर्मिं सचमानः समुद्रं तुरीयं धाम महिषो विवक्ति ।।१९।**

**पदार्थः**—( **अपामूर्मिम्** ) प्रकृति की सूक्ष्म से सूक्ष्म शक्तियों के साथ ( **सचमानः** ) जो संगत है और ( **समुद्रम्** ) "सम्यक् द्रवन्ति भूतानि यस्मात् स समुद्रः" जिससे सब भूतों की उत्पत्ति, स्थिति और प्रलय होता है। वह ( **तुरीयम्** ) चौथा ( **धाम** ) परमपद परमात्मा है। उसको ( **महिषः** ) मह्यते इति महिषः महिष इति महन्नामसु पठितम् नि० ३—१३। महापुरुष उक्त तुरीय परमात्मा का ( **विवक्ति** ) वर्णन करता है। वह परमात्मा ( **चमूसत्** ) जो प्रत्येक बल में स्थित है ( **श्येनः** ) सर्वोपरि प्रशंसनीय है और ( **शकुनः** ) सर्वशक्तिमान् है। ( **गोविन्दुः** ) यजमानों को तृप्त करके जो ( **द्रप्सः** ) शीघ्रगति वाला है ( **आयुधानि, बिभ्रत्** ) अनन्त शक्तियों को धारण करता हुआ इस सम्पूर्ण संसार का उत्पादक है ।।१९।।

**વિવેચનઃ-** ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 96માં મંત્ર 19નો પણ આર્ય સમાજના વિદ્વાનોએ અનુવાદ કરેલ છે. આમાં પણ ઘણી બધી ભૂલો થયેલ છે. પુસ્તક વિસ્તારના કારણે ફક્ત જેટલી જરૂરિયાત છે તેટલી જ જાણકારી પ્રાપ્ત કરીએ.

આ મંત્રમાં ચોથા ધામનું વર્ણન છે. જે આપજી ''સૃષ્ટિ રચના''માં (આ જ પુસ્તકના પાના નં. 126) ના લેખમાં વાંચશો. જેમાં આપને પૂર્ણ જાણકારી મળશે.

પરમાત્માએ ઉપરના જે ચાર લોકની રચના કરેલ છે તે ચારેય લોક અજર-અમર રચ્યા છે. (1) અનામી લોક - જે સૌથી ઉપર છે. (2) અગમ લોક (3) અલખ લોક (4) સત્યલોક.

આપણે પૃથ્વી લોક ઉપર રહીએ છીએ. અહીંથી ઉપરના લોકોની ગણતરી કરીશું તો (1) સત્યલોક (2) અલખ લોક (3) અગમ લોક તથા (4) અનામી લોક ગણવામાં આવે છે. તે ચોથા ધામમાં બેસીને પરમાત્માએ સર્વ બ્રહ્માંડો તથા લોકોની રચના કરી. બાકીની રચના સત્યલોકમાં બેસીને કરી હતી. આર્ય સમાજના અનુવાદ કર્તાઓએ તુરિયા પરમાત્મા એટલે કે ચોથા પરમાત્માનું વર્ણન કર્યું છે. આ ચોથું ધામ છે. તેમાં મૂલ પાઠ મંત્ર-19નો ભાવાર્થ છે કે તત્ત્વદર્શી સંત ચોથા ધામનું તથા ચોથા પરમાત્માનું (विवक्ति) અલગ અલગ વર્ણન કરે છે. વાચકજનો કૃપા કરી આ પુસ્તકના પાના નં. 126 ઉપર પ્રકાશિત સૃષ્ટિ રચના અવશ્ય વાંચજો. વાંચ્યા બાદ આપને જ્ઞાન થશે કે લેખક (સંત રામપાલ દાસ) જ તે તત્ત્વદર્શી સંત છે જે તત્ત્વજ્ઞાનથી પરિચિત છે.

> मर्यो न शुभ्रस्तन्वं मृजानोऽत्यो न सृत्वा सनये धनानाम् ।
> वृषेव यूथा परि कोशमर्षन्कनिक्रदच्चम्वोरा विवेश ॥२०॥
>
> पदार्थः—वह परमात्मा ( यूथा, वृषेव ) जिस प्रकार एक संघ को उसका सेनापति प्राप्त होता है, इसी प्रकार (कोशम् ) इस ब्रह्माण्डरूपी कोश को (अर्षन्) प्राप्त होकर ( कनिक्रदत् ) उच्च स्वर से गर्जता हुआ ( चम्वोः ) इस ब्रह्माण्ड रूपी विस्तृत प्रकृति-खण्ड में ( पर्याविवेश ) भली-भांति प्रविष्ट होता है और ( न ) जैसे कि ( मर्यः ) मनुष्य ( शुभ्रस्तन्वं, मृजानः ) शुभ्र शरीर को धारण करता हुआ ( अत्योन ) अत्यन्त गतिशील पदार्थों के समान ( सनये ) प्राप्ति के लिए ( सृत्वा) गतिशील होता हुआ (धनानाम्) धनों के लिए कटिबद्ध होता है; इसी प्रकार प्रकृति-रूपी ऐश्वर्य को धारण करने के लिए परमात्मा सदैव उद्यत है ॥२०॥

**વિવેચનઃ-** ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 96માં મંત્ર 20નું યોગ્ય જ્ઞાન સમજીએ :- આ મંત્રનો અનુવાદ મહર્ષિ દયાનંદના ચેલાઓ દ્વારા કરવામાં આવ્યો છે, તેમનો એવો દૃષ્ટિકોણ છે કે પરમાત્મા નિરાકાર છે. કારણ કે મહર્ષિ દયાનંદજીએ આ વાત દૃઢ કરી છે કે પરમાત્મા નિરાકાર છે. માટે અનુવાદકર્તા એ સીધા-સરળ મંત્રનો અનુવાદ ગોળમોળ-ફેરવીને કર્યો છે. જેમ કે મૂળ પાઠમાં લખ્યું છે :

मर्य न शभ्रः तन्वा मृजानः अत्यः न सृत्वा सनये धनानाम् ।

वृर्षेव यूथा परि कोशम अर्षन् कनिक्रदत् चम्वोः आविवेश ॥

**અનુવાદઃ-** (न) જેવી રીતે (मर्यः) મનુષ્ય સુંદર વસ્ત્ર ધારણ કરે છે, એવી જ રીતે પરમાત્મા (शुभ्र तन्व) સુંદર શરીર (मृजानः) ધારણ કરીને (अत्यः) અત્યંત ગતિથી ચાલીને (सनये धनानाम्) ભક્તિ ધનના ધનિકો એટલે કે પુણ્ય આત્માઓને (सनये) પ્રાપ્ત થવાને માટે આવે છે (यूथा वृषेव) જે રીતે એક સમુદાયને તેનો સેનાપતિ પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે પરમાત્મા સંત તથા ઋષિ રૂપમાં પ્રગટ થાય

છે, તો મોટી સંખ્યામાં તેમના અનુયાયીઓ બને છે અને પરમાત્મા ગુરૂ રૂપમાં તેમના માર્ગદર્શક - મુખીયા હોય છે. તે પરમાત્મા (कोशम्) એટલે કે (परि कोशम्) પ્રથમ બ્રહ્માંડમાં (अर्षन्) પ્રાપ્ત થઇને એટલે કે આવીને (कनिक्रदत्) ઊંચા સ્વરમાં સત્ય જ્ઞાન ઉચ્ચારણ કરતા રહીને (चम्वोः) પૃથ્વી ખંડમાં (अविवेश) પ્રવેશ કરે છે.

**ભાવાર્થઃ-** જેમ કે અગાઉ વેદ મંત્રોમાં કહ્યું છે કે પરમાત્મા ઉપરના લોકમાં રહે છે. ત્યાંથી ગતિ કરીને પૃથ્વી પર આવે છે, પોતાના રૂપને એટલે કે શરીરના તેજને સરળ (હલકા તેજનું) કરીને આવે છે. આ ઋગ્વેદ મંડલ 9 ના સૂક્ત 96માં મંત્ર 20માં તેની જ પુષ્ટિ કરી છે. કહ્યું છે કે પરમાત્મા એવી રીતે બીજું શરીર પણ ધારણ કરીને પૃથ્વી પર આવે છે જેમકે મનુષ્ય વસ્ત્ર ધારણ કરે છે અને (धनानाम्) દૃઢ ભક્તોને (સારી પુણ્ય આત્માઓને) પ્રાપ્ત થાય છે, તેમને વાણી ઉચ્ચારણ કરીને તત્ત્વજ્ઞાન સંભળાવે છે.

**વિવેચનઃ-** આ ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 96 મંત્ર 16 થી 20 ની ઝેરોક્ષ નકલો છે, જે અંગેનો હિન્દી અનુવાદ મહર્ષિ દયાનંદ સરસ્વતી આર્યસમાજના પ્રવર્તકના દિશા-નિર્દેશ મુજબ તેમના આર્યસમાજી ચેલાઓએ કર્યો છે. આ અનુવાદ કેટલોક-કેટલોક ઠીક છે પણ મોટા ભાગે ખોટો છે. અગાઉ મોટા ભાગે ઠીક અથવા કેટલોક-કેટલોક ખોટો હતો જે મારા દ્વારા શુદ્ધ કરીને વિવેચનમાં લખી દીધો છે. હવે મોટા પાયે થયેલી ભૂલોને દૂર કરી - શુદ્ધ કરીને નીચે મુજબનું વિવેચન કરું છું.

ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 96 મંત્ર 16 માં કહ્યું છે કે :-

હે પરમાત્મા ! આપનું જે ગુપ્ત વાસ્તવિક (चारु) શ્રેષ્ઠ (नाम) નામ છે, તેનું જ્ઞાન કરાવો. પ્રિય વાચકો ! જેવી રીતે ભારતના રાજાને પ્રધાનમંત્રી કહે છે, જે તેમના હોર્દા-પદવીનું પ્રતીક છે. તેમનું વાસ્તવિક નામ તો કોઇ બીજું હોય છે. જેમકે આપણા પ્રથમ પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલજી નેહરુજી હતા. ''જવાહરલાલ'' તેમનું વાસ્તવિક નામ છે. આ મંત્ર-16માં કહ્યું છે કે હે પરમાત્મા ! આપનું જે વાસ્તવિક નામ છે તે (सोतृभिः) ઉપાસના કરવાનું (स्व आयुधः) સ્વચલિત શસ્ત્રની જેમ (पूयमानः) અજ્ઞાનરૂપી ગંદકીને નાશ કરીને પાપનાશક છે. આપ પોતાના તે સત્ય મંત્રનું અમને જ્ઞાન કરાવો. (देव सोम) હે અમર પરમેશ્વર ! આપનો તે મંત્ર શ્વાસોં દ્વારા નાક વગેરે (गाः) ઇન્દ્રિયોથી (वासुम् अभि) શ્વાસ-ઉચ્છવાસથી જપવાથી (सप्तिरिव = सप्तिः इव) વિદ્યુત જેવી ગતિથી એટલે કે શીઘ્રતાથી (अभिवाजं) ભક્તિ ધનથી પરિપૂર્ણ કરીને (श्रवस्यामि) ઐશ્વર્યની તથા મોક્ષની પ્રાપ્તિ કરાવો.

પ્રિય વાચકોને નમ્ર નિવેદન છે કે આ ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 96ના મંત્ર 16ના અનુવાદમાં ઘણી બધી ભૂલો હતી જે શુદ્ધ કરી દીધી છે. પ્રમાણ માટે મૂળ પાઠમાં ''अभिवाजं'' શબ્દ છે જેનો અનુવાદ કરવામાં આવ્યો નથી જેના સ્થાને ''अभिगमय'' શબ્દનો અર્થ જોડ્યો છે - જે મૂળ પાઠમાં છે જ નહિ.

**વિવેચનઃ-** ઋગ્વેદમાં મંડલ 9 સૂક્ત 96ના મંત્ર 17 ના અનુવાદમાં પણ ઘણી બધી ભૂલો છે. જેનો અનુવાદ આર્યસમાજીઓ દ્વારા કરવામાં આવેલ છે. જેની ત્રૂટિઓ દૂર કરીને નીચે મુજબ યોગ્ય ભાવાર્થ લખું છું :-

જેમ અગાઉ જણાવેલ ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 86 તથા 82ના મંત્રોમાં પ્રમાણ છે કે પરમાત્મા પોતાના શાશ્વત સ્થાનથી - કે જે દ્યૂલોકના ત્રીજા સ્થાન પર બિરાજમાન છે, ત્યાંથી ચાલીને પૃથ્વી પર જાણી જોઇને કોઇ ખાસ ઉદ્દેશ્યથી પ્રગટ થાય છે. પરમાત્મા સર્વ બ્રહ્માંડોમાં વસતા પ્રાણીઓનું ભરણપોષણ (પરવરિશ) ત્રણ સ્થિતિમાં કરે છે. (1) પરમાત્મા ઉપર સત્યલોક એટલે કે અવિનાશી ધામમાં સિંહાસન (તખ્ત) પર બેસીને તમામ બ્રહ્માંડોનું સંચાલન કરે છે. (2) જ્યારે ઇચ્છે ત્યારે સાધુ સંતના રૂપમાં પોતાના શરીરનું તેજ સરળ કરીને સારી આત્માઓને મળે છે. (3) પ્રત્યેક (દરેક) યુગમાં કોઇ જળાશયમાં ખીલેલ કમળના ફૂલ પર નવજાત શિશુનું રૂપ બનાવીને પ્રગટ થાય છે, ત્યાંથી તે નિ:સંતાન દંપત્તિ પોતાના ઘરે લઇ જાય છે. બાળપણથી જ તે પરમાત્મા પોતાનું વાસ્તવિક ભક્તિ જ્ઞાન જેને તત્ત્વજ્ઞાન પણ કહે છે તે ચોપાઇઓ, દોહાઓ, સાખીઓ તથા કવિતાઓના રૂપમાં સંભળાવે છે. જેમ કે સન 1398 વિ.સં. 1455માં પરમાત્મા પોતાના નિજ સ્થાનથી ચાલીને ભારત વર્ષના કાશી શહેરની બહાર લહરતારા નામક જળાશયમાં કમળના ફૂલ પર શિશુ રૂપ ધારણ કરીને પ્રગટ થયા હતા. ત્યાંથી તેમને નીરૂ-નિમા જૂલાહા (વણકર એટલે કપડું વણનાર) દંપત્તિ પોતાના ઘરે લઈ ગયા હતા. ધીમે ધીમે પરમાત્મા મોટા થયા. કબીર વાણી બોલીને જ્ઞાન સંભળાવવા લાગ્યા. જે અંગેનું પ્રમાણ ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 1 ના મંત્ર 9માં છે. જેનો અનુવાદ આર્યસમાજના આચાર્યો દ્વારા કરવામાં આવેલ છે, તેમાં પણ થોડીક ભૂલો છે, કૃપા કરી જુઓ આ ઋગ્વેદ મંડલ 9 સૂક્ત-1 ના શ્લોક 9 ની ઝેરોક્ષ નકલ.

अभीममघ्न्या उत श्रीणन्ति धेनवः शिशुम् ।
सोममिन्द्राय पातवे ॥९॥

पदार्थः—( इमं ) उस ( सोमं ) सौम्यस्वभाव वाले श्रद्धालु पुरुष को ( शिशुं ) कुमारावस्था में ही ( अभि ) सब प्रकार से ( अघ्न्याः ) अहिंसनीय ( धेनवः ) गौवें ( श्रीणन्ति ) तृप्त करती हैं ( इन्द्राय ) ऐश्वर्य्यं की ( पातवे ) वृद्धि के लिये । ( उत ) अथवा उक्त श्रद्धालु पुरुष को अहिंसनीय वाणियें ऐश्वर्य्यं की प्राप्ति के लिये संस्कृत करती हैं ॥९॥

**વિવેચનઃ-** આ ઝેરોક્ષ કોપી ઋગ્વેદ મંડલ 9 સૂક્ત - 1 ના મંત્ર 9 ની છે. આમાં સ્પષ્ટ થાય છે કે (सोम) અમર પરમાત્મા જ્યારે શિશુ રૂપમાં પ્રગટ થાય છે તો તેમનો ઉછેર કુંવારી ગાયો (अभि अध्न्या धेनवः) દ્વારા થાય છે. આ જ પ્રમાણ કબીર સાગરના અધ્યાય ''જ્ઞાન પ્રકાશ''માં છે કે જે પરમેશ્વર કબીરજીને નીરૂ-નિમા પોતાના ઘરે લઇ ગયા. ત્યારે શિશુ રૂપધારી પરમાત્માએ ન કંઇ અન્ન ખાધું કે ન દૂધ પીધું. પછી સ્વામી રામાનંદજીના કહેવાથી એક કુંવારી ગાય (એટલે કે એક વાંછરડી) નીરૂ લઇને આવ્યો, તેણે તત્કાળ દૂધ આપ્યું. તે કુંવારી ગાયના દૂધથી પરમેશ્વરની પરવરિશની લીલા થઇ હતી. કબીર સાગર આશરે 600 વર્ષ અગાઉનું લખેલું છે.

ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 1 ના મંત્ર 9 ના અનુવાદમાં કેટલીક ભૂલો કરી છે. જેમ કે (अभिअघ्न्या) નો અર્થ અહિંસનીય કરી દીધો છે જે ખોટો છે. હરિયાણા રાજ્યના રોહતક જિલ્લાના ગામ ધનાનામાં લેખકનો જન્મ થયો જે હાલમાં જિલ્લા સોનીપત (ધનાના ગામ)માં છે. આ ક્ષેત્રમાં જે ગાયે ગર્ભ ધારણ ન કર્યો હોય તો તેને કહે છે કે આ ગાય ધનાઇ નથી, આ વગર ધનાઇ છે. આ એક અભ્રંસ શબ્દ છે. એક ગાયના માટે ''अघ्नि'' શબ્દ છે. બહુવચન માટે ''अघ्न्या'' શબ્દ છે. ''अघ्न्या'' નો અર્થ થાય છે કે વગર ધનાઇ ગાયો તથા अभिघ्न्या નો અર્થ છે પૂર્ણ રૂપથી વગર ધનાઇ એટલે કે કુંવારી ગાયો એટલે કે વાંછરડીઓ.

હવે ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 96 મંત્ર 17નો શુદ્ધ અનુવાદ કરું છું : કેવળ હિન્દીમાંથી ગુજરાતી:- (शिशुम् जज्ञानम् हर्यन्तम्) પરમેશ્વર જાણી જોઇને તત્ત્વજ્ઞાન બતાવવાના ઉદ્દેશ્યથી શિશુ રૂપમાં પ્રગટ થાય છે. તેમનું જ્ઞાન સાંભળીને (मरुतो गणेन) ભક્તોનો ખૂબ મોટો સમૂહ તે પરમાત્માનો અનુયાયી બની જાય છે. (भृजन्ति सुभ्यन्ति वहिन्) તે જ્ઞાન બુદ્ધિજીવી લોકોની સમજમાં આવે છે. તેઓ તે પરમેશ્વરની સ્તુતિ-ભક્તિ તત્ત્વજ્ઞાનના આધારે કરે છે, તે ભક્તિ (वहिन्) જલ્દી લાભ આપવાવાળી હોય છે. તે પરમાત્મા પોતાના તત્ત્વજ્ઞાનને (काव्येना) કવિત્ત્વ વડે એટલે કે કવિઓની જેમ દોહા, શબ્દો, લોકોક્તિઓ, ચોપાઇઓ દ્વારા (कविर गीर्भिः) કવિર્ વાણી દ્વારા એટલે કે કબીર વાણી દ્વારા (पवित्रम् अतिरेभन्) શુદ્ધ જ્ઞાનને ઊંચા સ્વરમાં ગર્જના કરીને બોલે છે. તે (कविः) કવિની જેમ આચરણ કરવાવાળા કવિર્દેવ (सन्त्) સંત રૂપમાં પ્રગટ (सोम) અમર પરમાત્મા હોય છે. (ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 96 મંત્ર 17)

**વિશેષઃ-** આ મંત્રના મૂળ પાઠમાં બે વખત ''कविः'' શબ્દ છે, આર્યસમાજના અનુવાદકર્તાઓએ એક (कविः) શબ્દનો અર્થ જ કર્યો નથી.

**વિવેચનઃ-** ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 96 મંત્ર 18 પર વિવેચન કરીએ. આના અનુવાદમાં વધારે પડતી ભૂલો છે. આપણે સંસ્કૃત પણ સમજી શકીએ છીએ. વિવેચન કરું છું તથા યોગ્ય અનુવાદ તથા ભાવાર્થ સ્પષ્ટ કરું છું. મંત્ર 17માં કહ્યું છે કે ઋષિ અથવા સંત રૂપમાં પ્રગટ થઇને પરમાત્મા પોતાના મુખ કમળથી અમૃતવાણી બોલે છે અને તે જ્ઞાનને સમજીને અનેક અનુયાયીનો સમૂહ બની જાય છે. (य) જે વાણી પરમાત્મા તત્ત્વજ્ઞાનની સંભળાવે છે. તે (ऋषिकृत्) ઋષિ રૂપમાં પ્રગટ પરમાત્મા કૃત (सहंस्त्रणीयः) હજારો વાણીઓ અર્થાત કબીર વાણીઓ (ऋषिमना) ઋષિ સ્વભાવવાળા ભક્તો માટે (स्वर्षाः) આનંદદાયક હોય છે (कविनाम पदवीः) કવિત્વ વડે દોહા, ચોપાઇઓમાં વાણી બોલવાના કારણે તે પરમાત્મા કવિઓ પૈકીમાંથી એક સિદ્ધ કવિની પદવી પણ પ્રાપ્ત કરે છે તે (सोम) અમર પરમાત્મા (शिषासन्) સર્વની પાલનની ઇચ્છા કરતા રહીને પ્રથમ સ્થિતિમાં (महिषः) મોટી પૃથ્વી એટલે કે ઉપરના લોકોમાં (तृतीयम धाम) ત્રીજા ધામ એટલે કે સત્યલોકના ત્રીજા પૃષ્ઠ પર

(अनुराजति) તેજોમય શરીર યુક્ત (स्तुप) ગુંબજમાં (विराजम्) બિરાજમાન છે, ત્યાં બેઠ્યા છે. આ જ પ્રમાણ ઋગ્વેદ મંડળ 9 સૂક્ત 54 મંત્ર 3 માં છે કે પરમાત્મા સર્વ લોકોના ઉપરના લોકમાં બિરાજમાન છે (तिष्ठन्ति) બેઠ્યા છે.

**વિવેચનઃ-** ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 96 મંત્ર 19 નો અનુવાદ પણ આર્યસમાજના વિદ્વાનો દ્વારા કરવામાં આવેલ છે. આમાં પણ ઘણી બધી ભૂલો છે. પુસ્તક વિસ્તારના કારણે ફક્ત પોતાની જરૂરિયાત મુજબની જાણકારી પ્રાપ્ત કરીએ.

આ મંત્રમાં ચોથા ધામનું વર્ણન છે. જે અંગે આપજી સૃષ્ટિ રચનામાં વાંચશો, તેનાથી પૂર્ણ જાણકારી થશે. વાંચો આ જ પુસ્તકના પાના નં.126 પર.

પરમાત્માએ ઉપરના જે ચાર લોકની રચના કરેલ છે તે ચારેય લોક અજર અમર રચ્યા છે. (1) અનામી લોક જે સૌથી ઉપર છે (2) અગમ લોક (3) અલખ લોક (4) સત્યલોક.

આપણે પૃથ્વી લોક ઉપર છીએ, અહીંથી ઉપરના લોકોની ગણતરી કરીએ તો (1) સત્યલોક (2) અલખ લોક (3) અગમ લોક તથા ચોથો અનામી લોક. તે ચોથા ધામમાં બેસીને પરમાત્મા એ સર્વ બ્રહ્માંડો તથા લોકોની રચના કરી. બાકીની રચના સત્યલોકમાં બેસીને કરી હતી. આર્ય સમાજના અનુવાદકર્તાઓએ તુરિયા પરમાત્મા એટલે કે ચોથા પરમાત્માનું વર્ણન કરેલ છે. આ ચોથું ધામ છે. તેમાં મૂળ પાઠ મંત્ર 19નો ભાવાર્થ છે કે તત્ત્વદર્શી સંત ચોથા ધામ તથા ચોથા પરમાત્માનું (विवक्ति) અલગ-અલગ વર્ણન કરે છે. વાચકજન કૃપા કરી પાના નં. 126 ઉપર સૃષ્ટિ રચના અવશ્ય વાંચજો જેથી આપજીને જ્ઞાન થશે કે લેખક (સંત રામપાલદાસ) જ તે તત્ત્વદર્શી સંત છે જે તત્ત્વજ્ઞાનથી પરિચિત છે.

**વિવેચનઃ-** ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 96 મંત્ર 20 ની યોગ્ય જાણકારી મેળવીએ:-

આ મંત્રનો અનુવાદ મહર્ષિ દયાનંદના ચેલાઓ દ્વારા કરવામાં આવ્યો છે. એમનો દૃષ્ટિકોણ આજ સુધી આ જ રહ્યો છે કે પરમાત્મા નિરાકાર છે. એટલા માટે અનુવાદ કરનારે સીધા મંત્રનો અનુવાદ ગોળ ગોળ-ફેરવીને કર્યો છે. જેમ કે મંત્ર 20 ના મૂળ પાઠમાં લખ્યું છે :-

मर्य न शुभ्रः तन्वा मृजानः अत्यः न सृत्वा सनये धनानाम् ।

वृर्षेव यूथा परि कोशम अर्षन् कनिक्रदत् चम्वौः आविवेश ॥

**અનુવાદઃ-** (न) જેવી રીતે (मर्यः) મનુષ્ય સુંદર વસ્ત્ર ધારણ કરે છે, એવી જ રીતે પરમાત્મા (शुभ्र तन्व) સુંદર શરીર (मृजानः) ધારણ કરીને (अत्यः) અત્યંત ગતિથી (सृत्वा) ચાલીને (धनानाम्) ભક્તિ ધનના ધનિકો એટલે કે પુણ્ય આત્માઓને (सनये) પ્રાપ્તિ માટે આવે છે (यूथा वृषेव) જે રીતે એક સમુદાયને તેનો સેનાપતિ પ્રાપ્ત થાય છે, એવી જ રીતે પરમાત્મા સંત તથા ઋષિ રૂપમાં પ્રગટ થાય છે, તો તેના વધારે સંખ્યામાં અનુયાયીઓ બની જાય છે અને પરમાત્મા ગુરૂ રૂપમાં તેમના

માર્ગદર્શક - મુખીયા હોય છે. તે પરમાત્મા (परि कोशम्) પ્રથમ બ્રહ્માંડમાં (अर्षन्) પ્રાપ્ત થઇને એટલે કે આવીને (कनिक्रदत्) ઊંચા સ્વરમાં સત્ય જ્ઞાન ઉચ્ચારણ કરતા રહીને (चम्वौः) પૃથ્વી ખંડમાં (अविवेश) પ્રવેશ કરે છે.

**ભાવાર્થઃ-** જેમ અગાઉ વેદ મંત્રોમાં કહ્યું છે કે પરમાત્મા ઉપરના લોકમાં રહે છે. ત્યાંથી ગતિ કરીને પૃથ્વી પર આવે છે, પોતાના રૂપને એટલે કે શરીરના તેજને સરળ કરીને આવે છે. આ ઋગ્વેદ મંડલ 9 ના સૂક્ત 96માં મંત્ર 20માં તેની જ પુષ્ટિ કરી છે. કહ્યું છે કે પરમાત્મા એવું અન્ય (બીજું/અલગ) શરીર ધારણ કરીને પૃથ્વી પર આવે છે. જેમ કે મનુષ્ય વસ્ત્ર ધારણ કરે છે અને (धनानाम्) દૃઢ ભક્તો (સારી આત્માઓ)ને પ્રાપ્ત થાય છે, તેમને વાણી ઉચ્ચારણ કરીને તત્ત્વજ્ઞાન સંભળાવે છે.

**(પ્રમાણ ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 95 મંત્ર 2)**

**हरिः सृजानः पथ्यामृतस्येयर्ति वाचमरितेव नावम् ।**
**देवो देवानां गुह्यानि नामाविष्कृणोति बर्हिषि प्रवाचे ॥२॥**

पदार्थः—( हरिः ) वह पूर्वोक्त परमात्मा ( सृजानः ) साक्षात्कार को प्राप्त हुआ ( ऋतस्य पथ्यां ) वाक् द्वारा मुक्ति मार्ग की ( इयर्ति ) प्रेरणा करता है। ( अरितेव नावम्) जैसा कि नौका के पार लगाने के समय में नाविक प्रेरणा करता है और ( देवानां देवः ) सब देवों का देव ( गुह्यानि ) गुप्त ( नामाविष्कृणोति ) संज्ञाओं को प्रकट करता है ( बर्हिषि प्रवाचे ) वाणीरूप यज्ञ के लिए ॥२॥

ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 95 મંત્ર 2 નો અનુવાદ મહર્ષિ દયાનંદના ચેલાઓએ કર્યો છે, જે બિલકુલ યોગ્ય કર્યો છે.

આ મંત્રનો ભાવાર્થ છે કે પૂર્વોક્ત પરમાત્મા એટલે કે જે પરમાત્માના વિષયમાં પહેલાવાળા મંત્રમાં ઉપર કહેવામાં આવ્યું છે, તે (सृजानः) પોતાનું શરીર ધારણ કરીને (ऋतस्य पथ्यां) સત્ય ભક્તિનો માર્ગ એટલે કે યોગ્ય આધ્યાત્મિક જ્ઞાન પોતાની અમૃતમયી વાક્ એટલે કે વાણી દ્વારા મુક્તિ માર્ગની પ્રેરણા કરે છે.

તે મંત્ર એવો છે કે જેમ (अरितेव नावम्) નાવિક હોડીમાં બેસાડીને (યાત્રી)ને પાર કરે છે, એવી જ રીતે પરમાત્મા સત્ય ભક્તિ માર્ગરૂપી નાવડી દ્વારા સાધકને સંસારરૂપી દરિયાને પાર કરાવે છે. તે (देवानाम् देवः) તમામ દેવોના દેવ એટલે કે તમામ પ્રભુઓના પ્રભુ પરમેશ્વર (बर्हिषि प्रवाचे) વાણીરૂપી જ્ઞાન યજ્ઞ માટે (गृह्यानि) ગુપ્ત (नामा आविष्कृणेति) નામોનો આવિષ્કાર કરે છે. એટલે કે જેમ ગીતા અધ્યાય 17 શ્લોક 23માં ''ૐ તત્ સત્'' માં તત્ તથા સત્ – એ બન્ને ગુપ્ત મંત્રો છે જે તે જ પરમેશ્વરે મને (સંત રામપાલદાસને) બતાવ્યા છે. તે મંત્રોથી જ પૂર્ણ મોક્ષ સંભવ છે.

સૂક્ષ્મવેદમાં પરમેશ્વરે કહ્યું છે કે:-

***''સોહં'' શબ્દ હમ જગ મેં લાએ, સાર શબ્દ હમ ગુપ્ત છિપાએ ।***

**ભાવાર્થઃ-** પરમેશ્વરે સ્વયં (પોતે) ''સોહં'' શબ્દ ભક્તિ માટે બતાવ્યો છે. આ સોહં મંત્ર કોઇ પણ પ્રાચીન ગ્રંથ (વેદ, ગીતા, કુરાન, પુરાણ તથા બાઇબલ)માં નથી. પછી સૂક્ષ્મવેદમાં કહ્યું છે કે:-

***સોહં ઉપર ઔર હૈ, સત્ય સુકૃત એક નામ ।***
***સબ હંસો કા જહાં બાસ હૈ, બસ્તી હૈ બિન ઠામ ॥***

**ભાવાર્થઃ-** ''સોહં'' નામ તો પરમાત્માએ પ્રગટ કરી દીધું, તેનો આવિષ્કાર કરી દીધો, પરંતુ સાર શબ્દને ગુપ્ત રાખ્યો હતો. હવે મને (લેખક સંત રામપાલ દાસને) બતાવ્યો છે (આપ્યો છે) જે સાધકોને દીક્ષા આપવાના સમયે બતાડવામાં આવે છે. જેનો સંબંધ ગીતા અધ્યાય-17 શ્લોક 23માં દર્શાવેલ ''ૐ તત્ સત્'' સાથે છે.

**(પ્રમાણ ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 94 મંત્ર 1)**

अधि यदस्मिन्वाजिनीव शुभः स्पर्धन्ते धियः सूर्ये न विशः ।
अपो वृणानः पवते कवीयन्व्रजं न पशुवर्धनाय मन्म ॥१॥

पदार्थः—( सूर्ये ) सूर्य के विषय में ( न ) जैसे ( विशः ) रश्मियां प्रकाशित करती हैं । उसी प्रकार ( धियः ) मनुष्यों की बुद्धियां ( स्पर्धन्ते ) अपनी-अपनी उत्कट शक्ति से विषय करती हैं । (अस्मिन् अधि ) जिस परमात्मा में ( वाजिनीव) सर्वोपरि बलों के समान ( शुभः ) शुभ बल है वह परमात्मा ( अपोवृणानः ) कर्मों का अध्यक्ष होता हुआ ( पवते ) सबको पवित्र करता है । ( कवीयन् ) कवियों की तरह आचरण करता हुआ ( पशुवर्धनाय ) सर्वद्रष्टृत्व पद के लिए ( व्रजं, न ) इन्द्रियों के अधिकरण मन के समान 'व्रजन्ति इन्द्रियाणि यस्मिन् तद्व्रजम्' ( मन्म ) जो अधिकरणरूप है वही श्रेय का धाम है ॥१॥

**વિવેચનઃ-** ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 94 ના મંત્ર 1 નો અનુવાદ પણ આર્યસમાજના વિદ્વાનો દ્વારા કરવામાં આવેલ છે. પુસ્તક વિસ્તારને ધ્યાનમાં રાખી તેમના જ અનુવાદ વડે પોતાનો મુદ્દો સાબિત કરીએ. જેમ કે અગાઉ લખેલ વેદ મંત્રોમાં બતાવવામાં આવ્યું છે કે પરમાત્મા પોતાના મુખ કમળ વડે વાણી ઉચ્ચારણ કરીને તત્ત્વજ્ઞાન બોલે છે. લોકોક્તિઓના માધ્યમથી, કવિત્વથી દોહાઓ, શબ્દો, સાખીઓ, ચોપાઇઓ દ્વારા વાણી બોલવાના કારણે પ્રસિદ્ધ કવિઓ પૈકીના એક કવિની ઉપાધિ પ્રાપ્ત કરે છે. તેનું નામ કવિર્દેવ એટલે કે કબીર સાહેબ છે.

આ ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 94 મંત્ર 1 માં પણ આજ કહ્યું છે કે જે સર્વ શક્તિમાન પરમેશ્વર છે, તે (कवियन् व्रजम् न) કવિઓની જેમ આચરણ કરતા રહીને પૃથ્વી પર વિચરણ કરે છે.

(પ્રમાણ ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 20 મંત્ર 1)

प्र कविर्देववीतयेऽव्यो वारेभिरर्षति ।
साह्वान्विश्वा अभि स्पृधः ॥१॥

पदार्थः—वह परमात्मा (कविः) मेधावी है और (अव्यः) सबका रक्षक है (देववीतये) विद्वानों की तृप्ति के लिये (अर्षति) ज्ञान देता है (साह्वान्) सहनशील है (विश्वाः, स्पृधः) सम्पूर्ण दुष्टों को संग्रामों में (अभि) तिरस्कृत करता है ॥१॥

**વિવેચનઃ-** ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 20 મંત્ર 1 નો અનુવાદ પણ આર્ય સમાજના વિદ્વાનોએ કરેલ છે. આનો અનુવાદ મોટા ભાગે ખોટો કર્યો છે. આમાં મૂળ પાઠમાં લખેલ છે:-

प्र कविर्देव वीतये अव्यः, वारेभिः अर्षति साहान् विश्वाः अभि स्पृस्धः

**સરળાર્થઃ-** (प्र) વેદ જ્ઞાનદાતાથી જે બીજા (कविर्देव) કવિર્દેવ કબીર પરમેશ્વર છે, તે વિદ્વાનો એટલે કે જિજ્ઞાસુઓને, (वीतये) જ્ઞાન ધનની તૃપ્તિ માટે (वारेभिः) શ્રેષ્ઠ આત્માઓને (अर्षति) જ્ઞાન આપે છે. તે (अव्यः) અવિનાશી છે, રક્ષક છે (साह्वान) સહનશીલ (विश्वाः) તત્ત્વજ્ઞાન વગરના સર્વ દુષ્ટોને (स्पृधः) અધ્યાત્મ જ્ઞાનની કૃપા સ્પૃધા એટલે કે જ્ઞાન ગોષ્ટીરૂપી વાણી યુદ્ધમાં (अभि) પૂર્ણ રૂપથી તિરસ્કૃત કરે છે, ખોટા સાબિત કરે છે એટલે કે મોંઢુ દેખાડવા લાયક નથી રહેતા.

**વિશેષઃ- (ક)** આ મંત્રના અનુવાદમાં આપ ઝેરોક્ષ કોપી જોશો તો ખબર પડશે કે કેટલાક શબ્દોના અર્થ આર્ય વિદ્વાનોએ છોડી દીધા છે જેમ કે ‘‘प्र’’ ‘‘वारेभिः’’ જેના કારણે વેદોનો યોગ્ય ભાવ સામે આવી શક્યો નથી.

**(ખ)** મારા અનુવાદથી સ્પષ્ટ છે કે તે પરમાત્મા સારી આત્માઓ (દૃઢ ભક્તો)ને જ્ઞાન આપે છે, તેનું નામ પણ લખ્યું છે :- ‘‘કવિર્દેવ’’. અમે કબીર પરમેશ્વર કહીએ છીએ.

*(પ્રમાણ ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 54 મંત્ર-3)*

अयं विश्वानि तिष्ठति पुनानो भुवनोपरि ।
सोमो देवो न सूर्यः ॥३॥

पदार्थः—(सूर्यः, न) सूर्य के समान जगत्प्रेरक (अयम्) यह परमात (सोमः, देवः) सौम्य स्वभाव वाला और जगत्प्रकाशक है और (विश्वानि, पुनान सब लोकों को पवित्र करता हुआ (भुवनोपरि, तिष्ठति) सम्पूर्ण ब्रह्माण्डों ऊर्ध्व भाग में भी वर्तमान है ॥३॥

**વિવેચનઃ-** ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 54 મંત્ર 3 ની આ ઝેરોક્ષ નકલમાં તમે જુઓ આનો અનુવાદ આર્ય સમાજના વિદ્વાનોએ કર્યો છે. તેમના અનુવાદમાં પણ સ્પષ્ટ છે કે તે પરમાત્મા (भूवनोपरि) સંપૂર્ણ બ્રહ્માંડોના ઉર્ધ્વ એટલે કે ઉપર (तिष्ठति) બિરાજમાન છે, ઉપર બેઠા છે :-

આનો યોગ્ય અનુવાદ આ પ્રમાણે છે :- (अयं) આ (सोमः देव) અમર પરમેશ્વર (सूर्यः) સૂર્યની (न) જેમ (विश्वानि) બધાને (पुनानः) પવિત્ર કરતા રહીને (भवनोपरि) સર્વ બ્રહ્માંડોના ઉર્ધ્વ એટલે કે ઉપર (तिष्ठति) બેઠા છે.

**ભાવાર્થ:-** જેમ કે સૂર્ય ઉપર છે અને પોતાના પ્રકાશ અને ઉષ્ણતા (ગરમી)થી તમામને લાભ આપી રહ્યો છે. ઠીક એવી જ રીતે આ અમર પરમેશ્વર જેમનું ઉપરના મંત્રોમાં વર્ણન કર્યું છે. સર્વ બ્રહ્માંડોની ઉપર બેસીને પોતાની નિરાકાર શક્તિથી સર્વ પ્રાણીઓને લાભ આપી રહ્યા છે તથા સર્વ બ્રહ્માંડોનું સંચાલન કરી રહ્યા છે.

**તર્ક:-** મહર્ષિ દયાનંદનો એટલે કે આર્ય સમાજીઓનો મત છે કે પરમાત્મા કોઇ એક સ્થાન પર કોઇ વિશેષ લોકમાં નથી રહેતા.

**પ્રમાણ:-** સત્યાર્થ પ્રકાશના સમુલ્લાસ પ્રકરણ નં. 7 ના પૃષ્ઠાંક 148 પર (આર્ય સાહિત્ય પ્રચાર ટ્રસ્ટ, 427 મંદિરવાળી ગલી, નવો વાસ, દિલ્હી 78મું સંસ્કરણ). કોઇએ પ્રશ્ન કર્યો :- ઇશ્વર વ્યાપક છે, તે કોઇ વિશેષ દેશમાં રહે છે ?

ઉત્તર (મહર્ષિ દયાનંદજીનો):- વ્યાપક છે કારણ કે જો એક દેશમાં રહેતો હોત તો સર્વ અંતર્યામી, સર્વજ્ઞ, સર્વનિયન્તા, બધાના સૃષ્ટા, તમામના ધર્તા અને પ્રલયકર્તા ના હોઇ શકે. અપ્રાપ્ત દેશમાં કર્તાની ક્રિયાનું હોવું અસંભવ છે. (સત્યાર્થ પ્રકાશનો લેખ સમાપ્ત)

મહર્ષિ દયાનંદજી માનતા નહતા કે પરમાત્મા કોઇ દેશ એટલે કે ખાસ સ્થાન પર રહે છે. મહર્ષિ દયાનંદજી વેદ જ્ઞાનને સત્ય જ્ઞાન માનતા હતા.

આપજીએ અનેકો વેદ મંત્રોમાં પોતાની આંખોથી વાંચ્યું કે પરમેશ્વર ઉપર એક સ્થાન પર રહે છે. ત્યાંથી ગતિ કરીને અહીંયા પણ પ્રગટ થાય છે. જ્યારે મહર્ષિ દયાનંદ તથા આર્ય સમાજીઓ પરમાત્માને નિરાકાર માને છે.

**પ્રમાણ:-** સત્યાર્થ પ્રકાશના સમુલ્લાસ નં. 9 પૃષ્ઠાંક 176, સમુલ્લાસ 7 પૃષ્ઠાંક 149, સમુલ્લાસ 11 પૃષ્ઠાંક 251 ઉપર કહ્યું છે કે પરમાત્મા નિરાકાર છે.

પ્રિય વાચકજનોએ અનેક વેદ મંત્રોમાં વાંચ્યું છે કે પરમાત્મા સાકાર છે, તે મનુષ્ય જેવો છે. ઉપરના લોકમાં રહે છે, ત્યાંથી ગતિ કરીને ચાલીને આવે છે, પ્રગટ થાય છે. સારી આત્માઓને કે જે દૃઢ ભક્ત હોય છે, તેમને મળે છે. તેમને તત્ત્વજ્ઞાન પોતાના મુખ કમળથી બોલીને સંભળાવે છે, કવિઓની જેમ આચરણ કરે છે. પૃથ્વી પર વિચરણ કરીને પરમાત્મા પોતાનું આધ્યાત્મ જ્ઞાન ઊંચા સ્વરણમાં ઉચ્ચારણ કરીને સંભળાવે છે.

પ્રિય વાચક મિત્રો ! ગીતા અધ્યાય-4 શ્લોક 32માં પણ આજ પ્રમાણ છે. આપ સ્વયં નિર્ણય કરો કે કોને કેટલું આધ્યાત્મિક જ્ઞાન હતું. ખાસ આશ્ચર્યની વાત તો એ છે કે વેદ મંત્રોનો અનુવાદ પણ મહર્ષિ દયાનંદજી તથા તેમના ચેલાઓ - આર્ય સમાજીઓએ કર્યો છે. જેમાં તેમની માન્યતા (મત) નો વિરોધ છે.

**નિવેદનઃ-** વેદ મંત્રોની ઝેરોક્ષ નકલો પુસ્તકમાં પ્રસ્તુત કરવાનો ઉદ્દેશ્ય એ છે કે જો હું (લેખક સંત રામપાલ) અનુવાદ કરીને પુસ્તકમાં ઝેરોક્ષ મૂકતો તો બીજા વ્યક્તિ એમ પણ કહી દેતા કે સંત રામપાલને સંસ્કૃત ભાષાનું જ્ઞાન નથી. એટલા માટે એમના (રામપાલના) અનુવાદ પર વિશ્વાસ ના કરી શકાય. પરંતુ હવે એવી શંકા ઉત્પન્ન થવાની સંભાવના રહેતી નથી / હવે આ શંકા ઉત્પન્ન નહિ થાય. હવે તો આ દૃઢતા આવશે કે સંત રામપાલદાસે જે વેદ મંત્રોનો અનુવાદ કર્યો છે, તે યોગ્ય છે.

હવે વિશ્વની ઉત્પત્તિનું જ્ઞાન કરાવું છું જે સ્વયં પરમેશ્વરે પોતાના દ્વારા રચેલ જગતનું જ્ઞાન આપ્યું છે.

## ‘‘સંક્ષિપ્ત સૃષ્ટિ રચના’’

સૌ પ્રથમ સતપુરૂષ એકલા હતા, કોઇ રચના નહતી. સૌથી પહેલા પરમેશ્વરજીએ ચાર અવિનાશી લોકની રચના વચન (શબ્દ) થી કરી.

(1) અનામી લોક જેને અકહ લોક પણ કહે છે.

(2) અગમ લોક

(3) અલખ લોક

(4) સતલોક

પછી પરમાત્માએ ચારેય લોકોમાં ચાર રૂપ ધારણ કર્યા. ચાર ઉપમાત્મક નામોથી પ્રત્યેક (દરેક) લોકમાં પ્રસિદ્ધ થયા.

1. અનામી લોકમાં અનામી પુરૂષ અથવા અકહ પુરૂષ
2. અગમ લોકમાં અગમ પુરૂષ
3. અલખ લોકમાં અલખ પુરૂષ
4. સતલોકમાં સતપુરૂષ – ઉપમાત્મક નામ રાખ્યું.

પછી ચારેય લોકોમાં પરમાત્માએ વચનથી એક એક સિંહાસન (તખ્ત) બનાવ્યા. પ્રત્યેક સિંહાસન પર સમ્રાટની જેમ મુગુટ વિગેરે ધારણ કરીને બિરાજમાન થઇ ગયા. પછી સતલોકમાં પરમેશ્વરે અન્ય રચના કરી. એક શબ્દ (વચન)થી 16 દ્વિપો તથા એક માનસરોવરની રચના કરી. ફરી 16 વચનથી 16 પુત્રોની ઉત્પત્તિ કરી. જેમાં મુખ્ય ભૂમિકા અચિન્ત, તેજ, સહજદાસ, જોગજીત, કૂર્મ, ઇચ્છા, ધૈર્ય અને જ્ઞાનીની રહી છે.

પોતાના પુત્રોને પાઠ ભણાવવાને માટે કે સમર્થ વગર કોઇ કાર્ય સફળ થઇ શકતું નથી. જેનું કાર્ય હોય તે તેને જ સાજે અન્ય કરે તો મૂર્ખ બાજે.

સત્યપુરૂષે પોતાના પુત્ર અચિન્તને કહ્યું કે તું સતલોકમાં અન્ય રચના કર. મેં તને થોડીક શક્તિ પ્રદાન કરી દીધી છે. અચિન્તે પોતાના વચનથી અક્ષર પુરૂષની ઉત્પત્તિ કરી. અક્ષર પુરૂષ યુવા (યુવાન) ઉત્પન્ન થયો. તે માન સરોવરમાં સ્નાન કરવા ગયો અને તે જળમાં તરવા લાગ્યો. થોડીક જ વારમાં તેને ઊંઘ આવી ગઇ. તે ઊંઘમાં સરોવરની અંદર ઊંડો ઉતરી ગયો. (સતલોકમાં અમર શરીર છે, ત્યાં આગળ શરીર શ્વાંસો પર નિર્ભર નથી) ઘણો સમય પસાર થયા પછી પણ અક્ષર

પુરૂષ જળની બહાર આવ્યો નહિ. અચિન્ત આગળ સૃષ્ટિ કરી શક્યો નહિ, ત્યારે સતપુરૂષે (પરમ અક્ષર પુરૂષે) માન સરોવર પર જઇ થોડું જળ પોતાની હથેળીમાં લઇને પોતાના વચનથી તેનું એક વિશાળ ઈંડુ બનાવ્યું અને વચનથી એક આત્મા ઉત્પન્ન કરીને ઈંડાની અંદર પ્રવેશ કરાવી અને ઈંડાને જળમાં છોડી દીધું. જળમાં ઈંડુ નીચે જવા લાગ્યું તો તેના ગડગડાટના અવાજથી અક્ષર પુરૂષની નિંદ્રાનો ભંગ થયો. અક્ષર પુરૂષે ક્રોધથી જોયું કે કોણે મને જગાડી દીધો. કોપ દૃષ્ટિ - ક્રોધિત દૃષ્ટિ ઈંડા ઉપર પડવાના લીધે ઈંડું ફૂટી ગયું. તેમાંથી એક યુવા તેજોમય વ્યક્તિ નીકળ્યો. તેનું નામ ક્ષર પુરૂષ રાખ્યું (આગળ જતાં આ જ 'કાળ' કહેવાયો) સતપુરૂષે બન્નેને કહ્યું કે તમે બન્ને જણા જળની બહાર આવો. અક્ષર પુરૂષ તું નિંદ્રામાં હતો. તને ઊંઘમાંથી જગાડવા માટે આ બધું કર્યું છે. અક્ષર પુરૂષ અને ક્ષર પુરૂષને સતપુરૂષે કહ્યું કે (હવેથી) તમે બન્ને અચિંતના લોકમાં રહો.

થોડાક સમય બાદ ક્ષર પુરૂષે (જેને જ્યોતિ નિરંજન પણ કહે છે) મનમાં વિચાર કર્યો કે અમે ત્રણ તો એક લોકમાં રહીએ છીએ જ્યારે મારા અન્ય ભાઇઓ એક-એક દ્વિપમાં રહે છે. આમ વિચાર કરીને તેણે અલગ દ્વિપ પ્રાપ્ત કરવા માટે તપ કરવાનો પ્રારંભ કર્યો. આ પહેલાં સતપુરૂષજીએ પોતાના પુત્ર અચિન્તને કહ્યું કે તું સૃષ્ટિ રચના નહિ કરી શકે / તું સૃષ્ટિરચના કરવામાં અસક્ષમ છે. મેં તને આ શિક્ષા આપવા માટે જ કહ્યું કે તું અન્ય રચના કર. પરંતુ અચિન્ત તું તો અક્ષર પુરૂષને ઊંઘમાંથી પણ જગાડી ન શક્યો. હવે આગળ ભવિષ્યમાં કોઇ પણ આવો પ્રયત્ન ના કરતો. તમામ રચના હું પોતાની શબ્દ શક્તિથી રચીશ.

સતપુરૂષજીએ સતલોકમાં અસંખ્ય લોકની રચના કરી તથા પ્રત્યેક લોકમાં પોતાના વચન (શબ્દ)થી અન્ય આત્માઓની ઉત્પત્તિ કરી. આ સર્વ (બધા) લોક સતપુરૂષના સિંહાસનની આજુબાજુ હતા. જેમાં ફક્ત નર હંસ (સતલોકમાં મનુષ્યોને હંસ કહે છે) જ રહે છે અને પરમેશ્વરે તેમને શક્તિ આપી રાખી છે કે જે શક્તિથી તે પોતાના પરિવાર (નર હંસ) વચનથી ઉત્પન્ન કરી શકે છે. તે ફક્ત બે પુત્ર જ ઉત્પન્ન કરી શકે છે.

ક્ષર પુરૂષે (જ્યોતિ નિરંજને) તપ કરવાનું શરૂ કર્યું. તેણે 70 યુગ સુધી તપ કર્યું. સતપુરૂષજીએ ક્ષર પુરૂષને પૂછ્યું કે તું તપ શા માટે કરી રહ્યો છે ? ક્ષર પુરૂષે કહ્યું કે આ સ્થાન મને ઓછું પડે છે. મને રહેવા માટે અલગ સ્થાન જોઇએ છે. પરમેશ્વર (સત પુરૂષ)જીએ તેને 70 યુગના તપના પ્રતિફળ તરીકે 21 બ્રહ્માંડ આપ્યા, જે સતલોકથી બહારના ક્ષેત્રમાં હતા. જાણો કે 21 પ્લોટ મેળવ્યા તેમ સમજવું. જ્યોતિ નિરંજને (ક્ષર પુરૂષે) વિચાર કર્યો કે આ બ્રહ્માંડોમાં કંઇક રચના પણ થવી જોઇએ. તેના માટે, ફરીથી 70 યુગ સુધી તપ કર્યું. પછી સતપુરૂષજીએ પૂછ્યું કે હવે તું શું ઇચ્છે છે ? ક્ષર પુરૂષે કહ્યું કે સૃષ્ટિ રચનાની સામગ્રી આપવાની કૃપા કરો. સતપુરૂષજીએ તેને પાંચ તત્ત્વો (જળ, પૃથ્વી, અગ્નિ, વાયુ તથા આકાશ) તથા ત્રણ ગુણ (રજગુણ, સતગુણ તથા તમગુણ) આપી દીધા તથા કહ્યું કે આનાથી પોતાની રચના કર.

ક્ષર પુરૂષે ત્રીજી વખત ફરીથી તપ કરવાનું શરૂ કર્યું. જ્યારે 64 (ચોંસઠ) યુગ તપ કરતાં કરતાં થઇ ગયા ત્યારે સતપુરૂષે પૂછ્યું કે હજી બીજું તારે શું જોઇએ છે ? ક્ષર પુરૂષે (જ્યોતિ નિરંજને) કહ્યું કે મને કેટલીક આત્માઓ આપો. મારું એકલાનું મન અહીં લાગતું નથી. ક્ષર પુરૂષને આત્માઓ આ રીતે પ્રાપ્ત થઇ. - આગળ વાંચો :-

## ''આપણે કાળના લોકમાં કેવી રીતે આવ્યા ?''

જે સમયે ક્ષર પુરૂષ (જ્યોતિ નિરંજન) એક પગ ઉપર ઊભો રહીને તપ કરી રહ્યો હતો, ત્યારે આપણે સૌ આત્માઓ આ ક્ષર પુરૂષ તરફ આકર્ષિત થઇ ગયા. જેમ કે યુવાન બાળકો અભિનેતાઓ તથા અભિનેત્રીઓ તરફ આશક્ત થઇ જાય છે. કંઇ પણ લેવા દેવા વગર વ્યર્થમાં જ તેમને ચાહવા લાગી જાય છે. તેઓ પોતાની કમાણી કરવા માટે નાચ-કૂદ કરે છે. યુવાન બાળકો તેમને જોઇને પોતાનું ધન નષ્ટ કરે છે. ઠીક આ જ પ્રમાણે આપણે પોતાના પરમ પિતા સતપુરૂષને છોડીને કાળ પુરૂષ (ક્ષર પુરૂષ)ને હૃદયથી ચાહવા લાગ્યા હતા. જે પરમેશ્વર આપણને સર્વ સુખ સુવિધા આપી રહ્યા હતા. તેમનાથી મોં ફેરવીને આ ખોટું નાટક કરવાવાળા કાળ બ્રહ્મને ચાહવા લાગ્યા.

સત પુરૂષજીએ વચ્ચે વચ્ચે ઘણી વાર આકાશવાણી કરી કે બાળકો તમે આ કાળની ક્રિયાને ન જુઓ, મસ્ત (ખુશ) રહો. આપણે ઉપર ઉપરથી તો સાવધાન થઇ ગયા, પરંતુ અંદરથી ચાહતા રહ્યા. પરમેશ્વર તો અંતર્યામી છે. એમને ખબર પડી ગઇ કે આ આત્માઓ અહીં રાખવા યોગ્ય નથી રહ્યા. કાળ પુરૂષે (ક્ષર પુરૂષે = જ્યોતિ નિરંજને) જ્યારે બે વખત તપ કરીને ફળ પ્રાપ્ત કરી લીધું ત્યારે તેણે વિચાર્યું કે હવે અમુક જીવાત્મા પણ મારી સાથે રહેવી જોઇએ. મારું એકલાનું દિલ નહીં લાગે. એટલા માટે જીવાત્મા પ્રાપ્તિ માટે તપ કરવાનું શરૂ કર્યું. 64 (ચોંસઠ) યુગ સુધી તપ કર્યા પછી પરમેશ્વરજીએ પૂછ્યું કે જ્યોતિ નિરંજન હવે શા માટે તપ કરી રહ્યો છે ? ક્ષર પુરૂષે કહ્યું કે અમુક આત્માઓ પ્રદાન કરો, મારું એકલાનું દિલ નથી લાગતું. સતપુરૂષે કહ્યું કે તારા તપના બદલામાં હું વધુ બ્રહ્માંડો આપી શકું, પરંતુ મારી આત્માઓ નહિ આપું. એ મારા શરીરથી ઉત્પન્ન થઇ છે. હા, જો તે (આત્માઓ) જાતે જવા ઇચ્છે તો તે (આત્માઓ) જઇ શકે છે. યુવા કવિર્ (સમર્થ કબીર) ના વચન સાંભળીને જ્યોતિ નિરંજન આપણી પાસે આવ્યા. આપણે સૌ હંસ આત્મા પહેલાથી જ તેની ઉપર આશક્ત હતા. આપણે તેની ચારે બાજુ ટોળે વળીને ઘેરીને ઊભા રહી ગયા. જ્યોતિ નિરંજને કહ્યું મેં પિતાજી પાસેથી જુદા 21 બ્રહ્માંડો પ્રાપ્ત કરેલા છે. ત્યાં અવનવા પ્રકારના રમણીય સ્થળોની રચના કરી છે. શું તમે મારી સાથે આવવાનું પસંદ કરશો ? આપણે સૌ હંસ આત્માઓ જે આજના સમયે 21 બ્રહ્માંડોમાં પરેશાન છીએ, તે તમામે કાળને કહ્યું કે જો પિતાજી આજ્ઞા આપે તો અમે તમારી સાથે આવવા તૈયાર છીએ. ત્યારે ક્ષર પુરૂષ (કાળ) પૂર્ણ બ્રહ્મ મહાન કવિર્ (સમર્થ કબીર પ્રભુ) ની પાસે ગયા તથા તમામ વાર્તા કહી. ત્યારે કવિરગ્નિ

(કબીર પરમેશ્વરે) કહ્યું કે મારી સામે સ્વીકૃતિ આપવાવાળાને આજ્ઞા આપીશ. ક્ષર પુરૂષ તથા પરમ અક્ષર પુરૂષ (કવિરમિતૌજા) બન્ને આપણે સૌ હંસ આત્માઓની પાસે આવ્યા. સત્ કવિર્દેવે કહ્યું કે જે હંસાત્મા બ્રહ્મની સાથે જવા ઇચ્છે છે, હાથ ઉપર કરીને સ્વીકૃતિ આપે. પોતાના પિતાની સામે કોઇની પણ હિમ્મત ન થઇ. કોઇએ પણ સ્વીકૃતિ આપી નહિ. ઘણા સમય સુધી ત્યાં સન્નાટો છવાયેલો રહ્યો. ત્યારબાદ એક હંસાત્માએ સાહસ કર્યું કે પિતાજી હું જવા ઇચ્છું છું. પછી તો તેને જોઇને દેખા-દેખી (જે આજે કાળ (બ્રહ્મ) ના 21 બ્રહ્માંડોમાં ફસાયેલા છે) આપણે તમામ આત્માઓએ સ્વીકૃતિ આપી દીધી. પરમેશ્વર કબીરજીએ જ્યોતિ નિરંજનને કહ્યું કે આપ આપના સ્થાન પર જાઓ. જે આત્માઓએ તારી સાથે જવાની સ્વીકૃતિ આપી છે, ઇચ્છા દર્શાવી છે તે તમામ હંસાત્માઓને આપની પાસે મોકલી દઇશ. જ્યોતિ નિરંજન પોતાના 21 (એકવીસ) બ્રહ્માંડોમાં ચાલી ગયા. તે સમય સુધી તો આ 21 (એકવીસ) બ્રહ્માંડો સતલોકમાં જ હતા.

ત્યારબાદ પૂર્ણ બ્રહ્મે સર્વ પ્રથમ સ્વીકૃતિ આપવાવાળા હંસાત્માને છોકરીનું રૂપ આપ્યું પરંતુ ઇન્દ્રિય (પ્રજનન ઇન્દ્રિ) નહોતી બનાવી તથા સર્વ આત્માઓને [જેમણે જ્યોતિ નિરંજન (બ્રહ્મ)ની સાથે જવાની સંમતિ (સ્વીકૃતિ) આપી હતી] તે છોકરીના શરીરમાં પ્રવેશ કરાવ્યો તથા તેનું નામ આષ્ટ્રા (આદિ માયા / પ્રકૃતિ દેવી / દુર્ગા) રાખ્યું / પાડ્યું અને સતપુરૂષે કહ્યું કે પુત્રી મેં તને શબ્દ શક્તિ પ્રદાન કરી દીધી છે. જેટલા જીવ તને બ્રહ્મ ઉત્પન્ન કરવાનું કહે તું તે મુજબ ઉત્પન્ન કરી દેજે. પૂર્ણ બ્રહ્મ કવિર્દેવે (કબીર સાહેબે) પોતાના પુત્ર સહજદાસ દ્વારા પ્રકૃતિ (આષ્ટ્રા)ને ક્ષર પુરૂષ પાસે મોકલી દીધી. સહજદાસજીએ જ્યોતિ નિરંજનને કહ્યું કે પિતાજીએ આ બહેનના શરીરમાં તે તમામ આત્માઓને પ્રવેશ કરાવી દીધો છે, જેમણે આપની સાથે આવવાની સંમતિ / સ્વીકૃતિ વ્યક્ત કરી હતી. આ બહેનને વચન શક્તિ પ્રદાન કરી છે, આપ જેટલા જીવ ઇચ્છશો તેટલા જીવ આ પ્રકૃતિ પોતાના શબ્દથી ઉત્પન્ન કરી દેશે. આમ કહીને સહજદાસ પાછા પોતાના દ્વિપમાં આવી ગયા.

યુવા હોવાના કારણે છોકરી / યુવતીનું રંગ-રૂપ નીખરેલું હતું. બ્રહ્મની અંદર વિષય-વાસના ઉત્પન્ન થઇ ગઇ તથા પ્રકૃતિ દેવીની સાથે અભદ્ર વ્યવહાર શરૂ કર્યો. ત્યારે દુર્ગાએ કહ્યું કે જ્યોતિ નિરંજન મારી પાસે પિતાજી દ્વારા પ્રદાન કરવામાં આવેલ શબ્દ શક્તિ છે. તમે જેટલા જીવ / પ્રાણી કહેશો તેટલા હું વચનથી ઉત્પન્ન કરી દઇશ. તમે મૈથુન પરંપરા શરૂ ન કરો. આપ પણ તે જ પિતાના શબ્દથી ઈંડામાંથી ઉત્પન્ન થયા છો તથા હું પણ તે જ પરમ પિતાના વચનથી જ બાદમાં ઉત્પન્ન થઇ છું. જેથી તમે મારા મોટા ભાઇ છો, આમ બહેન-ભાઇનો આ યોગ મહાપાપનું કારણ બનશે. પરંતુ જ્યોતિ નિરંજને પ્રકૃતિ દેવીની એક પણ પ્રાર્થના સાંભળી નહિ તથા પોતાની શબ્દ શક્તિ વડે નખોથી (નખ દ્વારા) સ્ત્રી ઇન્દ્રી (ભગ) પ્રકૃતિને લગાડી દીધી તથા બળાત્કાર કરવાનો પાકકો વિચાર કરી લીધો. તે સમયે દુર્ગાએ પોતાની આબરૂની રક્ષા કરવા માટે કોઇ બીજો ઉપાય ના સૂઝતા સૂક્ષ્મરૂપ

બનાવ્યું અને જ્યોતિ નિરંજનના ખુલ્લા મોંઢામાંથી પેટમાં પ્રવેશી ગઇ અને ત્યાંથી પૂર્ણ બ્રહ્મ કવિર દેવને પોતાની રક્ષા માટે યાચના કરી. તે જ સમયે કવિર્દેવ (કવિર્ દેવ) પોતાના પુત્ર યોગ સંતાયન એટલે કે જોગજીતનું રૂપ બનાવીને ત્યાં પ્રગટ થયા તથા કન્યાને બ્રહ્મના પેટમાંથી બહાર કાઢી અને કહ્યું જ્યોતિ નિરંજન આજથી તારું નામ 'કાળ' રહેશે. તારા જન્મ-મૃત્યુ થતા રહેશે. એટલા માટે તારું નામ ક્ષર પુરૂષ હશે તથા તું એક લાખ માનવ શરીરધારી પ્રાણીઓને પ્રતિદિન (દરરોજ) ખાધા કરીશ તથા સવા લાખ ઉત્પન્ન કર્યા કરીશ. તમને બન્નેને એકવીસ બ્રહ્માંડો સહિત તડીપાર (નિષ્કાર્સિત) કરવામાં આવે છે. આટલું કહેતાં જ એકવીસ બ્રહ્માંડો વિમાનની જેમ ચાલી પડ્યા અને સહજ દાસના દ્વિપની પાસેથી પસાર થઇને સતલોકથી 16 (સોળ) શંખ કોસ (એક કોસ આશરે 3 કિલોમીટરનો હોય છે) ની દૂરી પર આવીને રોકાઇ ગયા.

**વિશેષ વિવરણઃ-** અત્યાર સુધી ત્રણ શક્તિઓનું વિવરણ કરવામાં આવેલ છે. 1. પૂર્ણબ્રહ્મ જેને અન્ય ઉપમાત્મક નામોથી પણ ઓળખવામાં આવે છે. જેમ કે સતપુરૂષ, અકાલ પુરૂષ, શબ્દ સ્વરૂપી રામ, પરમ અક્ષર બ્રહ્મ / પુરૂષ વિગેરે. આ પૂર્ણ બ્રહ્મ અસંખ્ય બ્રહ્માંડોના સ્વામી છે તથા વાસ્તવમાં અવિનાશી છે.

2. પરબ્રહ્મ જેને અક્ષર પુરૂષ પણ કહેવામાં આવે છે. આ વાસ્તવમાં અવિનાશી નથી. આ સાત શંખ બ્રહ્માંડોના સ્વામી છે.


3. બ્રહ્મ જેને જ્યોતિ નિરંજન, કાળ, કૈલ, ક્ષર પુરૂષ તથા ધર્મરાય વિગેરે નામોથી ઓળખવામાં આવે છે જે ફક્ત 21 (એકવીસ) બ્રહ્માંડોનો સ્વામી છે. હવે આગળ આ જ બ્રહ્મ (કાળ)ની સૃષ્ટિના એક બ્રહ્માંડનો પરિચય આપવામાં આવશે. જેમાં ત્રણ બીજા નામ તમારા વાંચવમાં આવશે :- બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ.

**બ્રહ્મ તથા બ્રહ્મામાં ભેદઃ-** એક બ્રહ્માંડમાં બનેલ સર્વોપરી સ્થાન પર બ્રહ્મ (ક્ષર) પુરૂષ સ્વયં ત્રણ ગુપ્ત સ્થાનોની રચના કરીને બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ રૂપમાં રહે છે તથા પોતાની પત્ની પ્રકૃતિ (દુર્ગા)ના સહયોગથી ત્રણ પુત્રોની ઉત્પત્તિ કરે છે. તેમના નામ પણ બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ જ રાખે છે. બ્રહ્મનો જે પુત્ર બ્રહ્મા છે, તે એક બ્રહ્માંડમાં ફક્ત ત્રણ લોકો (પૃથ્વી લોક, સ્વર્ગ લોક તથા પાતાળ લોક) માં એક રજોગુણ વિભાગનો મંત્રી (સ્વામી) છે. આને ત્રિલોકીય બ્રહ્મા કહે છે. તથા બ્રહ્મ જે બ્રહ્મલોકમાં બ્રહ્માના રૂપમાં રહે છે, તેને મહાબ્રહ્મા તથા બ્રહ્મલોકીય બ્રહ્મા કહે છે. આ જ બ્રહ્મ (કાળ)ને સદાશિવ, મહાશિવ, મહાવિષ્ણુ પણ કહે છે.

**શ્રી વિષ્ણુ પુરાણમાં પ્રમાણઃ-** ચતુર્થ અંશ અધ્યાય-1 પૃષ્ઠાંક 230-231 પર શ્રી બ્રહ્માજીએ કહ્યું:- જે અજન્મા સર્વમય વિધાતા પરમેશ્વરના આદિ, મધ્ય, અન્ત, સ્વરૂપ, સ્વભાવ અને સાર અમે નથી જાણી શકતા. (શ્લોક 83)

જે મારું રૂપ ધારણ કરી સંસારની રચના કરે છે, સ્થિતિના સમયે જે પુરૂષ રૂપ છે તથા જે રૂદ્ર રૂપ વડે વિશ્વનો ગ્રાસ કરી જાય છે, અનંત રૂપથી સંપૂર્ણ જગતને ધારણ કરે છે. (શ્લોક 86)

# એક બ્રહ્માંડનું લઘુ ચિત્ર




## શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજીની ઉત્પત્તિ

કાળ બ્રહ્મે પ્રકૃતિ (દુર્ગા)ને કહ્યું કે હવે મારું કોણ શું બગાડશે ? મનમાની કરીશ. પ્રકૃતિએ ફરીથી પ્રાર્થના-આજીજી કરી કે તમે થોડીક તો શરમ કરો. પ્રથમ તો આપ મારા મોટા ભાઇ છો કારણ કે તે જ પૂર્ણ પરમાત્મા (કવિર્દેવ)ની વચન શક્તિથી આપની (બ્રહ્મની) ઈંડામાંથી ઉત્પત્તિ થઇ તથા બાદમાં મારી ઉત્પત્તિ પણ તે જ પરમેશ્વરના વચનથી થઇ છે. બીજું - હું આપના પેટથી બહાર નીકળી છું. જેથી આપની પુત્રી થઇ અને તમે મારા પિતા થયા. આ પવિત્ર સંબંધમાં કોઇ બગાડ ના કરો. મહાપાપ થશે. મારી પાસે પિતા દ્વારા પ્રદાન કરવામાં આવેલ શબ્દ શક્તિ છે, જેટલા પ્રાણી તમે કહેશો તેટલા હું વચનથી ઉત્પન્ન કરી દઇશ. જ્યોતિ નિરંજને દુર્ગાની એકપણ વિનંતી ના સાંભળી અને કહ્યું કે મને જે સજા મળવાની હતી તે મળી ગઇ. મને સતલોકથી તડીપાર કરવામાં (કાઢી મૂકવામાં) આવ્યો છે. હવે હું મારી મનમાની કરીશ (હવે હું મનસ્વી રીતે વર્તીશ). આમ કહીને કાળ પુરૂષે (ક્ષર પુરૂષે) પ્રકૃતિની સાથે બળપૂર્વક લગ્ન કર્યા તથા ત્રણ પુત્રો (રજગુણ યુક્ત બ્રહ્માજી, સતગુણ યુક્ત વિષ્ણુજી તથા તમગુણ યુક્ત શિવ શંકરજી)ની ઉત્પત્તિ કરી. યુવાન થવા સુધી ત્રણેય પુત્રોને દુર્ગા દ્વારા અચેત (બેભાન) કરાવી દે છે, પછી યુવાન થાય ત્યારે બ્રહ્માજીને કમળના ફૂલ પર, શ્રી વિષ્ણુજીને શેષ નાગની શૈય્યા પર તથા શ્રી શિવજીને કૈલાશ પર્વત પર સચેત કરીને (ભાનમાં લાવીને) ભેગા કરી દે છે. ત્યાર પછી પ્રકૃતિ (દુર્ગા) દ્વારા આ ત્રણેયના લગ્ન કરી દેવામાં આવે છે તથા એક બ્રહ્માંડમાં ત્રણ લોક (સ્વર્ગ લોક, પૃથ્વી લોક તથા પાતાળ લોક) માં એક-એક વિભાગના મંત્રી-પદનો હોદ્દો સંભાળી લે છે. એક બ્રહ્માંડમાં એક બ્રહ્મલોકની રચના કરી છે. તેમાં જ ત્રણ ગુપ્ત સ્થાન બનાવ્યા છે. એક રજોગુણ યુક્ત સ્થાન છે જ્યાં આગળ આ બ્રહ્મ (કાળ) સ્વયં મહા બ્રહ્મા (મુખ્યમંત્રી) રૂપે રહે છે તથા પોતાની પત્ની દુર્ગાને મહાસાવિત્રીના રૂપમાં રાખે છે. આ બન્નેના સંયોગથી જે પુત્ર આ સ્થાન ઉપર ઉત્પન્ન થાય છે તે સ્વત: (ઓટોમેટીક) જ રજોગુણી બની જાય છે. બીજું સ્થાન સતોગુણ પ્રધાન સ્થાન બનાવ્યું છે, ત્યાં આગળ આ ક્ષર પુરૂષ સ્વયં મહાવિષ્ણુ રૂપ બનાવીને રહે છે તથા પોતાની પત્ની દુર્ગાને મહાલક્ષ્મીના રૂપમાં રાખીને જે પુત્ર ઉત્પન્ન કરે છે તેનું નામ વિષ્ણુ રાખે, તે બાળક સતોગુણ યુક્ત હોય છે તથા ત્રીજું સ્થાન તમોગુણ યુક્ત ત્યાં આગળ જ આ કાળે બનાવ્યું છે. તેમાં આ પોતે સદાશિવ રૂપ બનાવીને રહે છે તથા પોતાની પત્ની દુર્ગાને મહાપાર્વતીના રૂપમાં રાખે છે. આ બન્નેના પતિ પત્નીના વ્યવહારથી જે પુત્ર ઉત્પન્ન થાય છે, તેનું નામ શિવ રાખે છે તથા તમોગુણ યુક્ત કરી દે છે. (પ્રમાણ માટે જુઓ પવિત્ર શ્રી શિવ મહાપુરાણ, વિદ્ધેશ્વર સંહિતાના પૃષ્ઠાંક 24-26 ઉપર જેમાં બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર તથા મહેશ્વરથી અન્ય (અલગ) સદાશિવ છે. તથા રૂદ્ર સંહિતા અધ્યાય 6 તથા 7, 9 પૃષ્ઠાંક 100 થી, 105 તથા 110 ઉપર અનુવાદકર્તા શ્રી હનુમાનપ્રસાદ પોદ્દાર,


ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત તથા પવિત્ર શ્રીમદ્ દેવી મહાપુરાણ ત્રીજો સ્કંદ પાના નં. 114 થી 123 સુધી, ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત, જેના અનુવાદકર્તા પણ શ્રી હનુમાનપ્રસાદ પોદ્દાર, ચીમનલાલ ગોસ્વામી છે) પછી આ ત્રણેય પુત્રોને અંધારામાં રાખીને પોતાના આહાર અર્થે જીવની ઉત્પત્તિ શ્રી બ્રહ્માજી દ્વારા તથા સ્થિતિ (એકબીજાને મોહ-મમતામાં રાખીને કાળની જાળમાં રાખવા) શ્રી વિષ્ણુજી દ્વારા તથા સંહાર [કારણકે કાળ પુરૂષને શ્રાપવશ એક લાખ માનવ શરીરધારી પ્રાણીઓના સૂક્ષ્મ શરીરમાંથી મેલ (કચરો) કાઢીને ખાવાનો હોય છે.જેના માટે 21 (એકવીસમા) માં બ્રહ્માંડમાં એક તત્પશીલા છે જે સ્વત: (એની રીતે જ - ઑટોમેટીકલી) ગરમ રહે છે, તેની ઉપર ગરમ કરીને મેલને ઓગાળીને ખાય છે, જીવ મરતા નથી પરંતુ કષ્ટ અસહનીય હોય છે, પછી પ્રાણીઓને કર્મ આધારે અન્ય શરીર પ્રદાન કરે છે] શ્રી શિવજી દ્વારા કરાવે છે. જેમ કે કોઇ મકાનમાં ત્રણ રૂમો બનાવેલા છે. જે પૈકી એક રૂમમાં અશ્લિલ ચિત્રો લાગેલા હોય. તે રૂમમાં પ્રવેશતાં જ મનમાં તે ચિત્રો જેવા જ મલિન (ખરાબ) વિચાર ઉત્પન્ન થઇ જાય છે. બીજા રૂમમાં સાધુ, સંતો, ભક્તોના ચિત્ર લગાડેલા હોય તો મનમાં સારા વિચાર અને પ્રભુનું ચિંતન જ બનેલું રહે છે. ત્રીજા રૂમમાં દેશ ભક્તો તથા શહીદોના ચિત્રો લાગેલા હોય તો મનમાં તેવા જ જોશીલા વિચારો ઉત્પન્ન થઇ જાય છે. બરાબર આ જ પ્રમાણે બ્રહ્મે (કાળે) પોતાની સૂઝ-બૂઝ વડે ઉપરોક્ત ત્રણેય ગુણ પ્રધાન સ્થાનોની (સ્થળોની) રચના કરેલી છે.

***(જુઓ બ્રહ્મલોકનું લઘુ ચિત્ર તથા જ્યોતિ નિરંજન (કાળ) બ્રહ્મના લોક 21 બ્રહ્માંડનું લઘુ (નાનું) ચિત્ર આ પુસ્તકના પાના નં. 134 તથા 135 પર)***

# બ્રહ્મ લોકનું લઘુ ચિત્ર



# જ્યોતિ નિરંજન (કાળ) બ્રહ્મના લોક (૨૧ બ્રહ્મંડ)નું લઘુ ચિત્ર



# ‘‘સંપૂર્ણ સૃષ્ટિ રચના’’

## (સૂક્ષ્મવેદથી નિષ્કર્ષરૂપ સૃષ્ટિરચનાનું વર્ણન)

પ્રભુપ્રેમી આત્માઓ, પહેલી વખત નીચે મુજબની સૃષ્ટિરચનાને વાંચશે તો એમ લાગશે કે જાણે કોઈ દંતકથા હોય, પરંતુ તમામ (બધાં) પવિત્ર સદ્‌ગ્રંથોનાં પ્રમાણોને વાંચીને આશ્ચર્ય પામશે કે આ વાસ્તવિક અમૃતજ્ઞાન ક્યાં છુપાયેલું હતું ? કૃપા કરી ધીરજની સાથે વાંચતા રહો તથા આ અમૃતજ્ઞાનને સુરક્ષિત રાખજો. તમારી 101 (એકસો એક) પેઢી સુધી કામ લાગશે. પવિત્ર આત્માઓ કૃપા કરી સત્યનારાયણ (અવિનાશી પ્રભુ સતપુરુષ) દ્વારા રચેલ સૃષ્ટિરચનાનું વાસ્તવિક જ્ઞાન વાંચો.

**(1) પૂર્ણબ્રહ્મ :-** આ સૃષ્ટિરચનામાં સતપુરુષ - સતલોકનો સ્વામી (પ્રભુ), અલખ પુરુષ - અલખલોકનો સ્વામી (પ્રભુ), અગમ પુરુષ - અગમલોકનો સ્વામી (પ્રભુ) તથા અનામી પુરુષ - અનામી અકહ લોકનો સ્વામી (પ્રભુ) તો એક જ પૂર્ણ બ્રહ્મ છે, જે વાસ્તવમાં અવિનાશી પ્રભુ છે, જે અલગ-અલગ રૂપ ધારણ કરીને પોતાના ચારેય લોકોમાં રહે છે, જેના અંતર્ગત અસંખ્ય બ્રહ્માંડો આવે છે.

**(2) પરબ્રહ્મ :-** આ ફક્ત સાત સંખ બ્રહ્માંડોનો સ્વામી (પ્રભુ) છે. આ અક્ષર પુરુષ પણ કહેવાય છે. પરંતુ આ તથા તેના બ્રહ્માંડો પણ વાસ્તવમાં અવિનાશી નથી.

**(3) બ્રહ્મ :** આ ફક્ત એકવીસ બ્રહ્માંડોનો સ્વામી (પ્રભુ) છે. આને ક્ષરપુરુષ, જ્યોતિ નિરંજન, કાળ વગેરે ઉપનામોથી ઓળખાય છે. આ તથા એના સર્વે બ્રહ્માંડ નાશવાન છે.

(ઉપરોકત ત્રણે પુરૂષો (પ્રભુઓ)નું પ્રમાણ પવિત્ર શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય 15 શ્લોક 16-17 માં પણ છે.)

**(4) બ્રહ્મા :** બ્રહ્મા - આ બ્રહ્મ (કાળ)નો જ જ્યેષ્ઠ પુત્ર છે. વિષ્ણુ બીજા નંબરનો પુત્ર છે તથા શિવ અંતિમ ત્રીજા નંબરનો પુત્ર છે. આ ત્રણેય બ્રહ્મ (કાળ)ના પુત્રો ફકત એક બ્રહ્માંડમાં એક વિભાગ (ગુણ)ના સ્વામી (પ્રભુ) છે તથા નાશવાન છે. વિસ્તૃત વિવરણ માટે કૃપા કરીને નીચે લખેલ સૃષ્ટિરચના વાંચો :-

[કવિર્દેવ (કબીર પરમેશ્વર) એ સૂક્ષ્મવેદ એટલે કે કબિર્વાણીમાં પોતાના દ્વારા રચેલ સૃષ્ટિનું જ્ઞાન પોતે જ બતાવ્યું (જણાવ્યું) છે જે નીચે મુજબ છે.]


સર્વ પ્રથમ ફકત એક સ્થાન ‘‘અનામી (અનામય) લોક’’ હતું. જેને અકહ લોક પણ કહેવામાં આવે છે, પૂર્ણપરમાત્મા તે અનામી લોકમાં એકલા રહેતા હતા. તે પરમાત્માનું વાસ્તવિક નામ કવિર્દેવ એટલે કે કબીર પરમેશ્વર છે. બધા આત્માઓ તે પૂર્ણ માલિકના શરીરમાં સમાયેલા હતા. આજ કવિર્દેવનું ઉપમાત્મક (પદવીનું) નામ અનામી પુરુષ છે (પુરુષનો અર્થ પ્રભુ થાય છે. પ્રભુએ મનુષ્યને પોતાના રૂપમાં જ બનાવ્યા છે, એટલા માટે માનવનું નામ પણ પુરુષ જ પડ્યું છે) અનામી પુરુષના એક રોમ કુંપનો (એક રૂંવાટાનો) પ્રકાશ અસંખ્ય સૂર્યોની રોશનીથી પણ વધારે છે.

# પરમેશ્વર કબીર સાહેબના અસંખ્ય બ્રહ્માંડોનું લઘુ ચિત્ર

અનામી લોક : આ લોકમાં આત્મા અને પરમાત્મા એકરૂપ થઇને કબીર સાહેબ પણ અનામી રૂપમાં છે. જે રીતે માટીના ઢેફા (નાના-નાના ટુકડા) થઇ જાય છે, પછી જ્યારે વરસાદ પડે છે ત્યારે પૃથ્વી બનીજાય, અલગ અસ્તિત્વ નથી રહેતું.

અગમ લોક : આ લોકમાં પણ કબીર સાહેબ અગમ પુરૂષના રૂપમાં રહે છે.

અલખ લોક : આ લોકમાં પણ કબીર સાહેબ અલખ પુરૂષના રૂપમાં રહે છે.



**વિશેષ :** જેમ કે કોઈ દેશના આદરણીય પ્રધાનમંત્રીજીના શરીરનું નામ તો બીજું હોય છે તથા હોદ્દાનું ઉપમાત્મક (પદવીનું) નામ પ્રધાનમંત્રી હોય છે. ઘણી વખતે પ્રધાનમંત્રીજી પોતાના હસ્તક અનેક વિભાગો રાખી લે છે, ત્યારે જે પણ વિભાગના દસ્તાવેજો ઉપર સહી કરે છે તો તે સમયે તે જ હોદ્દો લખે છે. જેમ કે ગૃહમંત્રાલયના દસ્તાવેજો પર હસ્તાક્ષર કરશે તો પોતાને ગૃહમંત્રી લખશે. ત્યાં તેજ વ્યક્તિના હસ્તાક્ષરની શક્તિ ઓછી હોય છે. આ જ પ્રમાણે કબીર પરમેશ્વર (કવિર્દેવ) ની રોશની (પ્રકાશ)માં અંતર અલગ અલગ લોકોમાં થતું જાય છે.

ઠીક, આ જ પ્રમાણે પૂર્ણપરમાત્મા કવિર્દેવે (કબીર પરમેશ્વરે) નીચેના ત્રણ બીજા લોકો (અગમલોક, અલખલોક, સતલોક)ની રચના શબ્દ (વચન)થી કરી. આ જ પૂર્ણબ્રહ્મ પરમાત્મા કવિર્દેવ, (કબીર પરમેશ્વર) જ અગમલોકમાં પ્રગટ થયા તથા કવિર્દેવ (કબીર પરમેશ્વર) અગમલોકના પણ સ્વામી છે તથા ત્યાં એમનું ઉપમાત્માક (પદવીનું નામ) અગમ પુરુષ એટલે કે અગમ પ્રભુ છે. આ જ અગમ પ્રભુનું માનવ સદૃશ (માનવ આકાર જેવું) શરીર બહુ જ તેજોમય છે જેના એક રોમ કુંપનો પ્રકાશ ખરબ સૂર્યોના પ્રકાશથી પણ ઘણો વધારે છે.

આ પૂર્ણપરમાત્મા કવિર્દેવ (કબીરદેવ = કબીર પરમેશ્વર) જ અલખલોકમાં પ્રગટ થયા તથા પોતે જ અલખલોકના સ્વામી પણ છે તથા ઉપમાત્મક (હોદ્દાનું) નામ અલખ પુરુષ પણ આ જ પરમેશ્વરનું છે તથા આ પૂર્ણપ્રભુનું માનવસદૃશ શરીર તેજોમય (स्वज्योति) સ્વયં પ્રકાશિત છે. એક રોમ કુંપનો પ્રકાશ અરબ સૂર્યોના પ્રકાશથી પણ વધારે છે.

આ જ પૂર્ણપ્રભુ સતલોકમાં પ્રગટ થયા તથા સતલોકના સ્વામી પણ આ જ છે. એટલા માટે આનું જ ઉપમાત્મક (હોદ્દાનું) નામ સતપુરુષ (અવિનાશી પ્રભુ) છે. આનું જ નામ અકાલમૂર્તિ - શબ્દસ્વરૂપી રામ - પૂર્ણબ્રહ્મ - પરમ અક્ષર બ્રહ્મ વગેરે છે. આ જ સતપુરુષ કવિર્દેવ (કબીર પ્રભુ) નું માનવ સ્વરૂપ જેવું દેખાતું શરીર તેજોમય છે જેના એક રોમ કુંપનો (એક રુંવાટાનો) પ્રકાશ કરોડ સૂર્યો તથા એટલા જ ચંદ્રમાઓના પ્રકાશથી પણ વધુ છે.

આ કવિર્દેવે (કબીર પ્રભુએ) સતપુરુષ રૂપમાં પ્રગટ થઈને સતલોકમાં બિરાજમાન થઈને પ્રથમ સતલોકમાં અન્ય રચના કરી.

એક શબ્દ (વચન) થી સોળ દ્વિપોની રચના કરી. પછી સોળ શબ્દોથી સોળ પુત્રોની ઉત્પત્તિ કરી. એક માનસરોવરની રચના કરી જેમાં અમૃત ભર્યું. સોળ પુત્રોનાં નામ છે :

(1) 'કૂર્મ' (2) 'જ્ઞાની' (3) 'વિવેક' (4) 'તેજ' (5) 'સહજ' (6) 'સંતોષ' (7) 'સુરતિ' (8) 'આનંદ' (9) 'ક્ષમા' (10) 'નિષ્કામ' (11) 'જલરંગી' (12) 'અચિન્ત' (13) 'પ્રેમ' (14) 'દયાલ' (15) 'ધૈર્ય' (16) 'યોગ સંતાયન' એટલે કે 'યોગજીત'.

સતપુરુષ કવિર્દેવે પોતાના પુત્ર અચિન્તને સત્યલોકની અન્ય રચનાનો ભાર સોંપ્યો તથા શક્તિ પ્રદાન કરી. અચિન્તે અક્ષરપુરુષ (પરબ્રહ્મ)ની શબ્દથી ઉત્પત્તિ

કરી તથા કહ્યું કે મારી મદદ કરજો. અક્ષર પુરુષ સ્નાન કરવા માનસરોવર પર ગયા, ત્યાં આનંદ આવ્યો અને ઊંઘી ગયા. લાંબા સમય સુધી બહાર આવ્યા નહિ. ત્યારે અચિન્તની પ્રાર્થના પર અક્ષર પુરુષને ઊંઘમાંથી જગાડવા માટે કવિર્દેવે (કબીર પરમેશ્વરે) તે માનસરોવરમાંથી જ થોડું અમૃતજળ લઈને ઈંડુ બનાવ્યું તથા તે ઈંડામાં એક આત્માનો પ્રવેશ કરાવીને પછી ઈંડાને માનસરોવરના અમૃતજળમાં મૂકયું. ઈંડાના ગડગડાહટથી અક્ષર પુરુષની ઊંઘ ભંગ થઈ. તેણે ઈંડાને ક્રોધથી જોયું જેના કારણે ઈંડાના બે ભાગ થઇ ગયા. તેમાંથી જ્યોતિ નિરંજન (ક્ષર પુરુષ) નીકળ્યો જે આગળ જતાં કાળ કહેવાયો. આનું વાસ્તવિક નામ ''કૈલ'' છે. ત્યારે સતપુરુષે (કવિર્દેવે) આકાશવાણી કરી કે તમે બન્ને બહાર આવો તથ અચિન્તના દ્વિપમાં રહો. આજ્ઞા મળવાથી અક્ષરપુરુષ તથા ક્ષરપુરુષ (કૈલ) બંને અચિન્તનાં દ્વિપમાં રહેવા લાગ્યા. (બાળકોની નાલાયકી તેમને જ બતાવી કે કયાંક ફરીથી પ્રભુતાની તડપ ન બની જાય, કારણ કે સમર્થ વગર કાર્ય સફળ થતા નથી) પછી પૂર્ણમાલિક કવિર્દેવે સર્વ રચના સ્વયં કરી. પોતાની શબ્દશકિત વડે એક રાજેશ્વરી (રાષ્ટ્રી) શકિત ઉત્પન્ન કરી, જેનાથી સર્વ બ્રહ્માંડોને સ્થાપિત કર્યા. આને જ પરાશકિત પરાનંદની પણ કહે છે. પૂર્ણ બ્રહ્મે (કવિર્દેવે) સર્વ આત્માઓને પોતાના જ અંદરથી પોતાની વચનશક્તિથી પોતાના માનવશરીર અનુરૂપ ઉત્પન્ન કર્યા. પ્રત્યેક હંસ આત્માનું પરમાત્મા જેવું જ (નૂરીરૂપ) શરીર રચ્યું, જેનું તેજ સોળ (16) સૂર્યો જેટલું માનવ આકાર જેવું જ છે. પરંતુ પરમેશ્વરના શરીરના એક રોમ કુંપનો પ્રકાશ કરોડો સૂર્યોથી પણ વધુ છે. ઘણા સમય બાદ ક્ષર પુરુષ (જ્યોતિ નિરંજન) એ વિચાર્યું કે અમે ત્રણેય (અચિન્ત, અક્ષર પુરુષ - ક્ષર પુરુષ) એક દ્વિપમાં રહીએ છીએ તથા અન્ય (બીજા પંદર પુત્રો) એક-એક દ્વિપમાં રહે છે. હું પણ સાધના કરીને અલગ દ્વિપ પ્રાપ્ત કરીશ. તેણે આવો વિચાર કરીને એક પગ ઉપર ઊભા રહીને સિત્તેર (70) યુગ સુધી તપ કર્યું.

## ''આત્માઓ કાળની જાળમાં કેવી રીતે ફસાયા ?''

વિશેષ : જ્યારે બ્રહ્મ (જ્યોતિ નિરંજન) તપ કરી રહ્યો હતો ત્યારે આપણે બધા આત્માઓ, જે આજે જ્યોતિ નિરંજનના એકવીસ બ્રહ્માંડોમાં રહીએ છીએ આની સાધના પર તે વખતે આસકત થઈ ગયા તથા આત્માથી આને ચાહવા લાગ્યા. પોતાના સુખદાયી પ્રભુ સત્ય પુરૂષથી વિમુખ થઈ ગયા. જેના કારણથી પતિવ્રતા પદથી પડી ગયા. પૂર્ણપ્રભુ દ્વારા વારંવાર સાવધાન કરવા છતાં પણ આપણી આસકિત ક્ષર પુરુષથી હટી નહિ *[આ જ પ્રભાવ (આજ લક્ષણ) આજે પણ કાળ સૃષ્ટિમાં વિદ્યમાન છે. જેમ નવજુવાન છોકરાઓ ફિલ્મી સિતારાઓ (અભિનેતા, અભિનેત્રી)ની બનાવટી અદાઓ (નાચ,ગાન) તથા પોતાના રોજગાર ઉદ્દેશ્યથી કરી રહેલ ભૂમિકા પર અતિ આશકત થઈ જાય છે. રોકવાથી પણ નથી રોકાતા. જો કોઈ અભિનેતા અથવા અભિનેત્રી નજીકના શહેરમાં આવી જાય તો તે નાદાન (નાસમજ) છોકરાઓની ભીડ ફકત દર્શનના હેતુથી જ મોટી સંખ્યામાં એકત્રિત થઈ જાય છે. ''લેવાનું કંઈ*

*નહિ અને ગુમાવવાનું ડબ્બલ'' રોજી રોટી તો અભિનેતાઓ કમાઈ રહ્યા છે. નવજુવાન બાળકો લૂંટાઈ રહ્યા છે. માતા-પિતા ગમે તેટલું સમજાવે પરંતુ છોકરાઓ માનતા નથી. મોકો મળે એટલે ગમે ત્યાં - ગમે ત્યારે ચોરીછુપીથી જતા જ રહેતા હોય છે]*


પૂર્ણબ્રહ્મ કવિર્દેવ (કબીર પ્રભુ) એ ક્ષર પુરુષને પૂછ્યું કે બોલો, શું ઇચ્છો છો ? તેણે કહ્યું કે પિતાજી, આ સ્થાન મારા માટે ઓછું છે, મને અલગથી દ્વિપ પ્રદાન કરવાની કૃપા કરો. હક્કા કબીરે (સત્ કબીરે) તેને એકવીસ (21) બ્રહ્માંડ પ્રદાન કરી દીધા. થોડાક સમય ઉપરાંત જ્યોતિ નિરંજને વિચાર્યું કે આમાં કેટલીક રચના કરવી જોઈએ. ખાલી બ્રહ્માંડો (પ્લોટ) શું કામના ? આમ વિચારીને બીજી વખત પણ 70 યુગ તપ કરીને પૂર્ણપરમાત્મા કવિર્દેવ (કબીર પ્રભુ) પાસેથી રચના સામગ્રીની યાચના કરી. સતપુરુષે તેને ત્રણ ગુણ તથા પાંચ તત્ત્વો પ્રદાન કર્યા. જેના વડે બ્રહ્મ (જ્યોતિ નિરંજન) એ પોતાના બ્રહ્માંડોમાં કેટલીક રચના કરી. પછી વિચાર્યું કે આમાં જીવ પણ હોવા જોઈએ, એકલાનું મન નથી લાગતું. આમ વિચારીને 64 યુગ સુધી ફરીથી ત્રીજી વખત તપ કર્યું. પૂર્ણપરમાત્મા કવિર્દેવના પૂછવાથી કહ્યું કે મને કેટલાક આત્માઓ આપી દો, મારા એકલાનું મન ત્યાં નથી લાગતું, ત્યારે સતપુરુષ કવિરગ્નિ (કબીર પરમેશ્વર)એ કહ્યું કે બ્રહ્મ તારા તપના પ્રતિ ફળના રૂપમાં હું તને વધુ બ્રહ્માંડ આપી શકું છું, પરંતુ મારા આત્માઓને કોઈપણ જપ-તપ સાધનાના ફળ સ્વરૂપે નહિ આપી શકું. હા, જો કોઈ સ્વેચ્છાથી તારી સાથે જવા માગે તો તે જઈ શકે છે. યુવા કવિર્ (સમર્થ કબીર)ના વચન સાંભળીને જ્યોતિ નિરંજન પછી આપણા બધા (આત્માઓ)ની પાસે આવી ગયો. આપણે બધા હંસ આત્માઓ પહેલાંથી જ તેની ઉપર આસકત તો હતા જ. આપણે (જેટલા નિરંજનથી મોહિત થયા હતા તે બધા હંસ આત્માઓ) તેને ચારે તરફથી ઘેરીને ઊભા થઈ ગયા. જ્યોતિ નિરંજને કહ્યું કે મેં પિતાજી પાસેથી અલગ એકવીસ બ્રહ્માંડો પ્રાપ્ત કર્યા છે. ત્યાં જુદા-જુદા પ્રકારના રમણીય સ્થળો બનાવ્યા છે. શું આપ મારી સાથે ચાલશો ? આપણે બધા હંસોએ જે આજે એકવીસ બ્રહ્માંડોમાં દુ:ખી છીએ, આપણે સૌએ કહ્યું કે અમો તૈયાર છીએ, જો પિતાજી આજ્ઞા આપે તો. ત્યારે ક્ષરપુરુષ પૂર્ણબ્રહ્મ મહાન કવિર (સમર્થ કબીર પ્રભુ) ની પાસે ગયો તથા સર્વ વાર્તા કહી. ત્યારે કવિરગ્નિએ (કબીર પરમેશ્વરે) કહ્યું કે મારી સામે સ્વીકૃતિ આપવાવાળાને આજ્ઞા આપીશ. ક્ષર પુરુષ તથા પરમ અક્ષરપુરુષ (કવિરમિતૌજા = કવિર અમિત ઔજા એટલે કે જેની શક્તિનો કોઇવાર (અંત) નથી, તે કબીર) એમ બન્ને જણ બધા આત્માઓની પાસે આવ્યા. સત કવિર્દેવે કહ્યું કે જે હંસ આત્મા બ્રહ્મની સાથે જવા ઇચ્છે છે તે હાથ ઊંચો કરીને સ્વીકૃતિ આપે. પોતાના પિતાની સામે કોઈની પણ હિંમત થઈ નહિ. કોઈએ સ્વીકૃતિ આપી નહિ. ઘણા સમય સુધી મૌન છવાઈ રહ્યું. ત્યારબાદ એક હંસ આત્માએ સાહસ કર્યું તથા કહ્યું કે પિતાજી, હું જવા ઇચ્છુ છું. પછી તો તેની દેખા-દેખી **[**જે હાલમાં કાળ (બ્રહ્મ)ના એકવીસ બ્રહ્માંડોમાં ફસાયેલી છે**]** આપણે તમામ આત્માઓએ સ્વીકૃતિ આપી દીધી. પરમેશ્વર કબીરજીએ જ્યોતિ નિરંજનને કહ્યું કે તમે તમારા

સ્થાન પર જાવ. જેમણે તારી સાથે જવાની સ્વીકૃતિ આપી છે હું તે સર્વ હંસ આત્માઓને તારી પાસે મોકલી આપીશ. જ્યોતિ નિરંજન પોતાના એકવીસ બ્રહ્માંડોમાં જતો રહ્યો. તે સમય સુધી આ એકવીસ બ્રહ્માંડો સતલોકમાં જ હતા.

ત્યારબાદ પૂર્ણ બ્રહ્મે સૌ પ્રથમ સ્વીકૃતિ આપવાવાળા હંસને છોકરીનું રૂપ આપ્યું પરંતુ સ્ત્રી ઇન્દ્રી રચી નહિ તથા સર્વ આત્માઓને [જેમણે જ્યોતિ નિરંજન (બ્રહ્મ)ની સાથે જવાની સંમતી આપી હતી] તે છોકરીના શરીરમાં પ્રવેશ કરાવ્યો તથા તેનું નામ અષ્ટ્રા (આદિમાયા/ પ્રકૃતિ દેવી/દુર્ગા) પડ્યું તથા સત્ય પુરૂષે કહ્યું કે પુત્રી મેં તને શબ્દશકિત પ્રદાન કરી દીધી છે તેનાથી જેટલા જીવ બ્રહ્મ કહે તમે ઉત્પન્ન કરી દેજો. પૂર્ણબ્રહ્મ કવિર્દેવે (કબીર સાહેબે) પોતાના પુત્ર સહજદાસના દ્વારા પ્રકૃતિને ક્ષર પુરુષની પાસે મોકલી આપી. સહજદાસજીએ જ્યોતિ નિરંજનને બતાવ્યું કે પિતાજીએ આ બહેનના શરીરમાં તે સર્વે આત્માઓનો પ્રવેશ કરાવી દીધો છે જેઓએ તમારી સાથે જવાની સંમતિ વ્યકત કરી હતી તથા આને પિતાજીએ વચનશકિત પ્રદાન કરી છે, તમે જેટલા જીવ ચાહશો (કહેશો) પ્રકૃતિ પોતાના શબ્દ દ્વારા ઉત્પન્ન કરી દેશે. આમ કહીને સહજદાસ પાછો પોતાના દ્વિપમાં આવી ગયો.

યુવાન હોવાના કારણે છોકરીનું રંગરૂપ નિખરેલ હતું. બ્રહ્મની અંદર વિષયવાસના ઉત્પન્ન થઈ ગઇ અને પ્રકૃતિ દેવીની સાથે અભદ્ર ગતિવિધિ શરૂ કરી. ત્યારે દુર્ગાએ કહ્યું કે જ્યોતિ નિરંજન મારી પાસે પિતાજી દ્વારા પ્રદાન કરવામાં આવેલ શબ્દશકિત છે. તમે જેટલાં પ્રાણી કહેશો હું વચન દ્વારા ઉત્પન્ન કરી દઈશ. તમે મૈથુન (કામક્રિડાવાળી) પરંપરા શરૂ ન કરો. આપ પણ તે જ પિતાના શબ્દ વડે ઈંડામાંથી ઉત્પન્ન થયેલા છો તથા હું પણ તે જ પરમ પિતાના વચનથી જ બાદમાં ઉત્પન્ન થયેલી છું. આપ મારા મોટા ભાઈ છો, બહેન-ભાઈનો આ યોગ મહાપાપનું કારણ બનશે. પરંતુ જ્યોતિ નિરંજને પ્રકૃતિદેવીની એક પણ પ્રાર્થના સાંભળી નહિ તથા પોતાની શબ્દશકિત દ્વારા નખો વડે કામ ઇન્દ્રી (ભગ) પ્રકૃતિને લગાવી દીધી તથા બળાત્કાર કરવાનું નક્કી કર્યું (પાક્કું વિચારી લીધું). તે જ સમયે દુર્ગાએ પોતાની લાજ (ઇજ્જત)ની રક્ષા અર્થે (આબરૂ બચાવવા માટે) કોઈ અન્ય ઉપાય ન જોઈ પોતાનું સૂક્ષ્મરૂપ ધારણ કર્યું તથા જ્યોતિ નિરંજનના ખુલ્લા મોંઢા દ્વારા તેના પેટમાં પ્રવેશ કરીને પૂર્ણબ્રહ્મ કવિર્દેવને પોતાની રક્ષા માટે યાચના (પ્રાર્થના) કરી. તે જ સમયે કવિર્દેવ (કવિર્ દેવ) પોતાના પુત્ર યોગ સંતાયન એટલે કે જોગજીતનું રૂપ બનાવીને ત્યાં પ્રગટ થયા તથા કન્યાને બ્રહ્મના ઉદર (પેટ)માંથી બહાર કાઢી તથા કહ્યું કે જ્યોતિ નિરંજન આજથી તારું નામ ''કાળ'' (કૈલ) રહેશે. તારું જન્મ-મૃત્યુ થતું રહેશે. એટલા માટે તારું નામ ક્ષરપુરુષ રહેશે તથા એક લાખ માનવશરીરધારી પ્રાણીઓને દરરોજ ખાતો રહીશ તથા સવા લાખ ઉત્પન્ન કર્યા કરીશ. તમને બન્નેને એકવીસ બ્રહ્માંડો સહિત નિષ્કાસિત (હદ પાર) કરવામાં આવે છે. આટલું કહેતા જ એકવીસ બ્રહ્માંડો વિમાનની જેમ ચાલવા માંડ્યા. સહજદાસના દ્વિપની પાસે થઈને સતલોકથી સોળ સંખ કોસ (એક કોસ આશરે 3 કિલોમીટરનો હોય છે) દૂર આવીને રોકાઈ ગયા.

# એક બ્રહ્માંડનું લઘુ ચિત્ર



**વિશેષ વિવરણ :** અત્યાર સુધી ત્રણ શક્તિઓનું વિવરણ કરવામાં આવ્યું છે.

(1) પૂર્ણબ્રહ્મ : જેને અન્ય ઉપમાત્મક નામોથી પણ જાણવામાં આવે છે. જેમ કે સતપુરુષ, અકાલ પુરુષ, શબ્દસ્વરૂપી રામ, પરમ અક્ષરબ્રહ્મ/પુરૂષ વગેરે. આ પૂર્ણબ્રહ્મ અસંખ્ય બ્રહ્માંડોનો સ્વામી છે તથા વાસ્તવમાં અવિનાશી છે.

(2) પરબ્રહ્મ : જેને અક્ષરપુરુષ પણ કહેવામાં આવે છે. આ વાસ્તવમાં અવિનાશી નથી. આ સાત સંખ બ્રહ્માંડોનો સ્વામી છે.

(3) બ્રહ્મ : જેને જ્યોતિ નિરંજન, કાળ, કૈલ, ક્ષરપુરુષ તથા ધર્મરાય વગેરે નામોથી જાણવામાં આવે છે. જે ફકત એકવીસ બ્રહ્માંડનો સ્વામી છે. હવે આગળ આ જ બ્રહ્મ (કાળ)ની સૃષ્ટિના એક બ્રહ્માંડનો પરિચય આપવામાં આવશે, જેમાં ત્રણ અન્ય (બીજા) નામ તમને વાંચવા મળશે – બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ.

**બ્રહ્મ તથા બ્રહ્મામાં તફાવત** – એક બ્રહ્માંડમાં નિર્મિત સર્વોપરી સ્થાન પર આ બ્રહ્મ (ક્ષરપુરુષ) સ્વયં ત્રણ ગુપ્ત સ્થાનોની રચના કરીને બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ રૂપમાં રહે છે તથા પોતાની પત્ની પ્રકૃતિ (દુર્ગા)ના સહયોગથી ત્રણ પુત્રોની ઉત્પત્તિ કરે છે. તેમના નામ પણ બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ જ રાખે છે. જે બ્રહ્મનો પુત્ર બ્રહ્મા છે તે એક બ્રહ્માંડમાં ફકત ત્રણ લોકો (પૃથ્વીલોક, સ્વર્ગલોક તથા પાતાળલોક)માં એક રજોગુણ વિભાગનો મંત્રી (સ્વામી) છે. એટલા માટે તે ત્રિલોકીય બ્રહ્મા કહેવાય છે તથા બ્રહ્મ જે બ્રહ્મલોકમાં બ્રહ્માના રૂપમાં રહે છે તેને મહાબ્રહ્મા તથા બ્રહ્મલોકીય બ્રહ્મા કહેવામાં આવે છે. આ જ બ્રહ્મ (કાળ)ને સદાશીવ, મહાશિવ, મહાવિષ્ણુ પણ કહ્યો છે.

શ્રી વિષ્ણુ પુરાણમાં પ્રમાણ:- ચતુર્થ અંશ અધ્યાય-1 પૃષ્ઠ 230-231 પર શ્રી બ્રહ્માજીએ કહ્યું:- જે અજન્મા, સર્વમય વિધાતા પરમેશ્વરનો આદિ, મધ્ય, અન્ત, સ્વરૂપ, સ્વભાવ અને સાર અમે નથી જાણી શકતા. (શ્લોક-83)

જે મારું રૂપ ધારણ કરીને સંસારની રચના કરે છે, સ્થિતિના સમયે જે પુરૂષ રૂપ છે તથા જે રૂદ્ર રૂપથી વિશ્વનો ગ્રાસ (સંહાર) કરી જાય છે, અનંત રૂપથી સંપૂર્ણ જગતને ધારણ કરે છે. (શ્લોક-86)

## ❁ શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજીની ઉત્પત્તિ

કાળ (બ્રહ્મ) એ પ્રકૃતિ (દુર્ગા) ને કહ્યું કે, હવે મારું કોણ શું બગાડશે ? હું મનમાની કરીશ. પ્રકૃતિએ ફરીથી આજીજી (પ્રાર્થના) કરી કે તમે થોડીક તો શરમ કરો. પહેલા તો તમે મારા મોટાભાઈ છો, કારણ કે તે જ પૂર્ણપરમાત્મા (કવિર્દેવ)ની વચનશક્તિ દ્વારા તમારી (બ્રહ્મની) ઈંડામાંથી ઉત્પત્તિ થઈ, ત્યારબાદ મારી ઉત્પત્તિ તે જ પરમેશ્વરના વચન વડે થઈ છે. બીજું હું તમારા પેટથી બહાર નીકળી છું, હું તમારી પુત્રી થઈ તથા તમે મારા પિતા થયા. આ પવિત્ર સંબંધમાં બગાડ કરવાથી મહાપાપ થશે. મારી પાસે પિતા દ્વારા પ્રદાન કરેલી શબ્દશક્તિ છે, જેટલાં પ્રાણી

આપ કહેશો હું વચનથી ઉત્પન્ન કરી દઈશ. જ્યોતિ નિરંજને દુર્ગાની એકપણ વિનંતી સાંભળી નહિ તથા કહ્યું કે મને જે સજા મળવાની હતી તે મળી ગઈ, મને સતલોકથી નિષ્કાસિત (હદ પાર) કરી દીધો. હવે પોતાની મનમાની કરીશ. આમ કહીને કાળ પુરૂષે (ક્ષર પુરૂષે) પ્રકૃતિની સાથે બળજબરીપૂર્વક લગ્ન કર્યા તથા ત્રણ પુત્રો (રજોગુણયુકત - બ્રહ્માજી, સતગુણ યુકત - વિષ્ણુજી તથા તમગુણયુકત - શિવ શંકરજી)ની ઉત્પત્તિ કરી. જુવાન થાય ત્યાં સુધી ત્રણેય પુત્રોને દુર્ગા દ્વારા અચેત (ભાન રહિત/બેભાન) કરાવી દે છે, પછી જુવાન થતાં શ્રી બ્રહ્માજીને કમળના ફૂલ ઉપર, શ્રી વિષ્ણુજીને શેષનાગની શૈય્યા ઉપર તથા શ્રી શિવજીને કૈલાસ પર્વત ઉપર સચેત કરી (હોશમાં લાવી) ને ત્રણેને ભેગા કરીને ઉપર બ્રહ્મલોકના દર્શન કરાવીને પછી પ્રકૃતિ (દુર્ગા) દ્વારા આ ત્રણેયના લગ્ન કરી દેવામાં આવે છે તથા એક બ્રહ્માંડમાં ત્રણેય લોકો (સ્વર્ગલોક, પૃથ્વીલોક તથા પાતાળલોક) માં એક-એક વિભાગના મંત્રી (પ્રભુ) તરીકે નિયુકત કરી દે છે. જેમ કે બ્રહ્માજીને રજોગુણ વિભાગના, વિષ્ણુજીને સતોગુણ વિભાગના તથા શ્રી શિવશંકરજીને તમોગુણ વિભાગના તથા સ્વયં (પોતે) ગુપ્ત (મહાબ્રહ્મા - મહાવિષ્ણુ - મહાશિવ) રૂપમાં મુખ્યમંત્રીનો હોદ્દો સંભાળે છે. એક બ્રહ્માંડમાં એક બ્રહ્મલોકની રચના કરી છે તેમાં જ ત્રણ ગુપ્ત સ્થાન બનાવ્યા છે. એક રજોગુણ પ્રધાનક્ષેત્ર છે જ્યાં આ બ્રહ્મ (કાળ) સ્વયં (પોતે) મહાબ્રહ્મા (મુખ્યમંત્રી) રૂપમાં રહે છે, તથા પોતાની પત્ની દુર્ગાને મહાસાવિત્રી રૂપમાં રાખે છે. આ બન્નેના સંયોગથી જે પુત્ર આ સ્થાન ઉપર ઉત્પન્ન થાય છે તે સ્વતઃ જ (એની જાતે જ) રજોગુણી બની જાય છે. બીજું સ્થાન સતોગુણ પ્રધાન સ્થાન બનાવ્યું છે. ત્યાં આગળ આ ક્ષર પુરુષ પોતે મહાવિષ્ણુ રૂપ બનાવીને રહે છે તથા પોતાની પત્ની દુર્ગાને મહાલક્ષ્મીના રૂપમાં રાખીને જે પુત્ર ઉત્પન્ન કરે છે તેનું નામ વિષ્ણુ રાખે છે, તે બાળક સતોગુણયુકત હોય છે તથા ત્રીજું સ્થાન આ જ કાળે ત્યાં આગળ જ એક તમોગુણ પ્રધાનક્ષેત્ર બનાવ્યું છે. તેમાં તે સ્વયં (પોતે) સદાશિવ રૂપ બનાવીને રહે છે તથા પોતાની પત્ની દુર્ગાને મહાપાર્વતી રૂપમાં રાખે છે. આ બંનેના પતિ-પત્નીના વ્યવહારથી જે પુત્ર ઉત્પન્ન થાય છે તેનું નામ શિવ રાખી દે છે તથા તમોગુણ યુકત કરી દે છે. [પ્રમાણ અર્થે જુઓ પવિત્ર શ્રી શિવમહાપુરાણ, વિદ્યવેશ્વર સંહિતા પૃષ્ઠ 24-26 જેમાં બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર તથા મહેશ્વરથી અન્ય (બીજા) સદાશિવ છે તથા રૂદ્રસંહિતા અધ્યાય 6 તથા 7, 9 પાના નં. 100 થી, 105 તથા 110 પર અનુવાદકર્તા શ્રી હનુમાનપ્રસાદ પોદ્દાર, ગીતા પ્રેસ, ગોરખપુરથી પ્રકાશિત તથા પવિત્ર શ્રીમદ્ દેવી મહાપુરાણ ત્રીજો સ્કંદ પાના નં. 114 થી 123 સુધી, ગીતા પ્રેસ, ગોરખપુરથી પ્રકાશિત જેના અનુવાદકર્તા છે શ્રી હનુમાનપ્રસાદ પોદ્દાર ચીમનલાલ ગોસ્વામી] પછી એમને જ ભ્રમમાં રાખીને પોતાના ખાવા માટે જીવોની ઉત્પત્તિ શ્રી બ્રહ્માજી દ્વારા તથા સ્થિતિ (એકબીજાને મોહ-મમતામાં રાખી કાળ-જાળમાં રાખવા) શ્રી વિષ્ણુજી દ્વારા તથા સંહાર [કારણ કે કાળપુરુષને શ્રાપવશ

એક લાખ માનવશરીરધારી પ્રાણીઓના સૂક્ષ્મ શરીરમાંથી મેંલ (કચરો) કાઢીને ખાવાનો હોય છે, જેના માટે એકવીસમા બ્રહ્માંડમાં એક તપ્તશીલા છે જે સ્વત: (એની જાતે જ) ગરમ રહે છે, તેની ઉપર ગરમ કરીને મેંલ (કચરો/ગંદ) ઓગાળીને ખાય છે. જીવ મરતા નથી પરંતુ પીડા (દુ:ખ) અસહ્ય થાય છે, પછી પ્રાણીઓને કર્મ આધારે અન્ય શરીર પ્રદાન કરે છે] શ્રી શિવજી દ્વારા કરાવે છે. જેમ કોઈ મકાનમાં ત્રણ રૂમ બનાવ્યા હોય, એક રૂમમાં અશ્લીલ ચિત્રો લાગેલાં હોય તો તે રૂમમાં જતાં જ મનમાં કામુક વિચારો ઉત્પન્ન થાય છે. બીજા રૂમમાં સાધુ સંતો, ભકતોનાં ચિત્રો લાગેલાં હોય તો મનમાં સારા વિચાર, પ્રભુનું ચિંતન જ બની રહે છે. ત્રીજા રૂમમાં દેશભકતો તથા શહીદોનાં ચિત્રો લાગેલાં હોય તો મનમાં તેવા જ જોશીલા વિચાર ઉત્પન્ન થઈ જાય છે. ઠીક, આ જ પ્રમાણે બ્રહ્મ (કાળ)એ પોતાની સમજપૂર્વક (સૂઝ-બૂઝથી) ઉપરોકત ત્રણેય ગુણ પ્રધાન સ્થાનોની રચના કરેલી છે.

## ❁ ''ત્રણેય ગુણો શું છે ? પ્રમાણ સહિત''

''ત્રણેય ગુણો - રજગુણ બ્રહ્માજી, સતગુણ વિષ્ણુજી, તમગુણ શિવજી છે. બ્રહ્મ (કાળ) તથા પ્રકૃતિ (દુર્ગા)થી ઉત્પન્ન થયેલા છે તથા ત્રણેય નાશવાન છે.''

પ્રમાણ : ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત શ્રી શિવ મહાપુરાણ જેના સંપાદક છે શ્રી હનુમાનપ્રસાદ પોદ્દાર, પાના નં. 24 થી 26 વિદ્યવેશ્વર સંહિતા તથા પાના નં. 110, અધ્યાય-9 રૂદ્રસંહિતા ''આ પ્રમાણે બ્રહ્મા-વિષ્ણુ તથા શિવ ત્રણેય દેવતાઓમાં ગુણ છે, પરંતુ શિવ (બ્રહ્મ-કાળ) ને ગુણાતીત કહેવામાં આવ્યા છે.''

બીજું પ્રમાણ : ગીતાપ્રેસ ગોરખપુરથી પ્રકાશિત શ્રીમદ્ દેવી ભાગવત પુરાણ જેના સંપાદક છે શ્રી હનુમાનપ્રસાદ પોદ્દાર ચીમનલાલ ગોસ્વામી, ત્રીજો સ્કંદ અધ્યાય-5, પાના નં. 123:- ભગવાન વિષ્ણુએ દુર્ગાની સ્તુતિ કરી : કહ્યું કે હું (વિષ્ણુ), બ્રહ્મા તથા શંકર તમારી કૃપાથી વિદ્યમાન છીએ. અમારો તો આવિર્ભાવ (જન્મ) તથા તિરોભાવ (મૃત્યુ) થાય છે. અમે નિત્ય (અવિનાશી) નથી. તમે જ નિત્ય છો, જગતજનની છો, પ્રકૃતિ અને સનાતની દેવી છો. ભગવાન શંકરે કહ્યું : જો ભગવાન બ્રહ્મા તથા ભગવાન વિષ્ણુ તમારાથી જ (તમારા દ્વારા જ) ઉત્પન્ન થયા છે તો તેમના બાદ ઉત્પન્ન થવાવાળો હું તમોગુણી લીલા કરવાવાળો શંકર શું તમારું સંતાન ન થયો ? એટલે કે મને પણ ઉત્પન્ન કરવાવાળી માતા તમે જ છો. આ સંસારની સૃષ્ટિ - સ્થિતિ - સંહારમાં તમારા ગુણો સદાય સર્વદા છે. આ જ ત્રણેય ગુણોથી ઉત્પન્ન થયેલ અમે - બ્રહ્મા-વિષ્ણુ તથા શંકર નિયમોનુસાર કાર્યમાં તત્પર રહીએ છીએ.

આ ઉપર મુજબનું વિવરણ ફકત હિન્દીમાં અનુવાદિત શ્રી દેવી મહાપુરાણમાંથી છે, જેમાં કેટલાંક તથ્યોને છુપાવવામાં આવ્યા છે. એટલા માટે આ જ પ્રમાણ જુઓ શ્રીમદ્ દેવી ભાગવત મહાપુરાણ સભાષટિકમ્ સમહાત્યમ્, ખેમજરાજ શ્રી કૃષ્ણદાસ પ્રકાશન મુંબઈ, આમાં સંસ્કૃત સહિત હિન્દી અનુવાદ કરેલ છે. ત્રીજો સ્કંદ અધ્યાય-4, પાના નં. 10, શ્લોક-42:-

***બ્રહ્મા - અહમ્ ઇશ્વર: ફિલ તે પ્રભાવાત્સર્વે વયં જનિ યુતા ન યદા તૂ નિત્યા: કે અન્યે સુરા: શતમખ પ્રમુખા: ચ નિત્યા નિત્યા ત્વમેવ જનનિ પ્રકૃતિ: પુરાણા । (42)***

**અનુવાદ :** હે માતા ! બ્રહ્મા, હું તથા શિવ તમારા જ પ્રભાવથી જન્મવાન છીએ (જન્મ્યા છીએ), નિત્ય નથી એટલે કે અમે અવિનાશી નથી, પછી અન્ય ઇન્દ્રાદિ બીજા દેવતાઓ કઈ રીતે નિત્ય હોઈ શકે છે. તમે જ અવિનાશી છો, પ્રકૃતિ તથા સનાતની દેવી છો (42)

પાના નં. 11-12, અધ્યાય-5, શ્લોક-8

***યદિ દયાર્દ્રમના ન સદાંડબિકે કથમહં વિહિત: ચ તમોગુણ:***

***કમલજશ્ચ રજોગુણસંભવ: સુવિહિત: કિમુ સત્વગુણોં હરિ: । (8)***

**અનુવાદ :** ભગવાન શંકર બોલ્યા : હે માતા ! જો અમારા ઉપર આપ દયાયુકત છો તો મને તમોગુણ કેમ બનાવ્યો ? કમળથી ઉત્પન્ન બ્રહ્માને રજોગુણ શા માટે બનાવ્યો તથા વિષ્ણુને સતોગુણ કેમ બનાવ્યો ? એટલે કે જીવોના જન્મ-મૃત્યુરૂપી દુષ્કર્મમાં કેમ લગાવ્યા ?

***શ્લોક-12 : રમયસે સ્વપતિં પુરુષં સદા તવ ગતિં ન હિ વિહ વિદ્મ શિવે (12)***

અનુવાદ : પોતાના પતિ પુરુષ એટલે કે કાળ ભગવાન સાથે સદા (કાયમ) ભોગ-વિલાસ કર્યા કરો છો. તમારી ગતિ કોઈ નથી જાણતું.

નિષ્કર્ષ : ઉપરોકત પ્રમાણોથી પ્રમાણિત થયું કે રજગુણ - બ્રહ્મા, સતગુણ વિષ્ણુ તથા તમગુણ શિવ છે. આ ત્રણેય નાશવાન છે. દુર્ગાનો પતિ બ્રહ્મ (કાળ) છે આ તેની સાથે ભોગ-વિલાસ કરે છે.

## ❁ ''બ્રહ્મ (કાળ)ની અવ્યકત રહેવાની પ્રતિજ્ઞા''
## સૂક્ષ્મવેદથી શેષ સૃષ્ટિ રચના

ત્રણેય પુત્રોની ઉત્પત્તિ થયા પછી બ્રહ્મે પોતાની પત્ની દુર્ગા (પ્રકૃતિ)ને કહ્યું કે હું પ્રતિજ્ઞા કરું છું કે ભવિષ્યમાં હું કોઈને પણ મારા વાસ્તવિક (ઓરીજીનલ) રૂપમાં દર્શન નહિ આપું. જે કારણથી મને અવ્યકત માનવામાં આવશે. દુર્ગાને કહ્યું કે તમે મારો ભેદ કોઈને આપતા નહિ. હું ગુપ્ત રહીશ. દુર્ગાએ પૂછ્યું કે શું તમે તમારા પુત્રોને પણ દર્શન નહિ આપો ? બ્રહ્મે કહ્યું કે હું મારા પુત્રોને તથા બીજા કોઈને કોઈપણ સાધનાથી દર્શન નહિ આપું, આ મારો અટલ નિયમ રહેશે. દુર્ગાએ કહ્યું કે આ તો તમારો ઉત્તમ નિયમ નથી, જે તમે પોતાના સંતાનથી પણ છુપાયેલા રહેશો. ત્યારે કાળે કહ્યું કે દુર્ગા, આ મારી વિવશતા (મજબૂરી) છે. મને એક લાખ માનવશરીરધારી પ્રાણીઓનો આહાર કરવાનો શ્રાપ લાગેલો છે. જો મારા પુત્રો

(બ્રહ્મા, વિષ્ણુ, મહેશ)ને આ વાતની ખબર પડી ગઈ તો તેઓ આ ઉત્પત્તિ, સ્થિતિ તથા સંહારના કાર્ય નહિ કરે. એટલા માટે આ મારો અનુત્તમ (ખરાબ-) નિયમ સદા (કાયમ માટે) રહેશે. જ્યારે આ ત્રણેય થોડાક મોટા થઈ જાય તો તેમને અચેત (બેભાન) કરી દેજે. મારા વિષયમાં (મારા અંગે / મારી બાબતે) બતાવતી નહિ, નહિ તો હું તને પણ દંડ (શિક્ષા) કરીશ, દુર્ગા આ ડર (બીક) ના લીધે વાસ્તવિકતા બતાવતી નથી. એટલા માટે ગીતા અધ્યાય-7નો શ્લોક-24 માં કહ્યું છે કે આ બુદ્ધિહીન જનસમુદાય મારા અનુત્તમ નિયમથી અપરિચિત છે કે હું ક્યારેય પણ કોઇની સામે પ્રગટ નથી થતો, પોતાની યોગમાયાથી છુપાયેલો રહું છું. એટલા માટે મુજ (મને) અવ્યકત ને મનુષ્યરૂપમાં આવેલો એટલે કે કૃષ્ણ માને છે.

(અબુદ્ધય:) બુદ્ધિહીન (મમ્) મારા (અનુત્તમમ્) અનુત્તમ એટલે કે ખરાબ (અવ્યયમ્) અવિનાશી (પરમ ભાવમ્) વિશેષ ભાવને (અજાનન્ત:) ન જાણતા હોઇ (મામ અવ્યકતમ્) મને અવ્યકતને (વ્યક્તિમ્) મનુષ્ય રૂપમાં (આપન્નમ્) આવેલ (મન્યન્તે) માને છે. એટલે કે હું કૃષ્ણ નથી. (ગીતા અધ્યાય-7, શ્લોક-24)

ગીતા અધ્યાય 11, શ્લોક 47 તથા 48 માં કહ્યું છે કે આ મારું વાસ્તવિક કાળરૂપ છે. આના દર્શન એટલે કે બ્રહ્મપ્રાપ્તિ - ન તો વેદોમાં વર્ણિત વિધિથી, ન જપથી, ન તપથી તથા ન કોઈ અન્ય ક્રિયાથી થઈ શકે છે.

જ્યારે ત્રણેય બાળકો યુવાન (જુવાન) થઈ ગયાં ત્યારે માતા ભવાની (પ્રકૃતિ, અષ્ટંગી)એ કહ્યું કે તમે સાગર મંથન કરો. પહેલી વખત સાગર મંથન કર્યું તો (જ્યોતિ નિરંજને પોતાના શ્વાસો દ્વારા ચાર વેદ ઉત્પન્ન કર્યા. તેમણે ગુપ્ત વાણી દ્વારા આજ્ઞા આપી કે સાગરમાં નિવાસ કરો) ચારેય વેદ નીકળ્યા તે બ્રહ્માએ લીધા. વસ્તુ લઈને ત્રણેય બાળકો (પુત્રો) માતાની પાસે ગયા ત્યારે માતાએ કહ્યું કે ચારેય વેદોને બ્રહ્મા રાખે તથા વાંચે.

**નોંધ :** વાસ્તવમાં પૂર્ણબ્રહ્મે, બ્રહ્મ એટલે કે કાળને પાંચ વેદ પ્રદાન કર્યા હતા. પરંતુ બ્રહ્મે ફકત ચાર વેદોને પ્રગટ કર્યા. પાંચમો વેદ છુપાવી દીધો. જે પૂર્ણપરમાત્માએ સ્વયં પ્રગટ થઈને કવિર્ગિર્ભિ: એટલે કે કવિર્વાણી (કબીર વાણી) દ્વારા લોકોક્તિઓ તથા દોહાઓના માધ્યમથી પ્રગટ કર્યો છે.

બીજી વખત સાગરમંથન કર્યું તો ત્રણ કન્યાઓ મળી. માતાએ ત્રણેયની વહેંચણી કરી. પ્રકૃતિ (દુર્ગા)એ પોતાનાં જ બીજા ત્રણ રૂપ (સાવિત્રી, લક્ષ્મી તથા પાર્વતી) ધારણ કર્યાં તથા સમુદ્રમાં સંતાઇ ગઇ (સંતાડી દીધાં) અને સાગરમંથનના સમયે બહાર આવી ગઈ. તે જ પ્રકૃતિ ત્રણ રૂપે થઇ તથા ભગવાન બ્રહ્માને સાવિત્રી, ભગવાન વિષ્ણુને લક્ષ્મી, ભગવાન શંકરને પાર્વતી – પત્નીરૂપમાં આપી. ત્રણેએ ભોગવિલાસ કર્યો, સૂર તથા અસૂર બન્ને પેદા થયા.

[જ્યારે ત્રીજી વાર સાગરમંથન કર્યું તો ચૌદ રત્નો બ્રહ્માને તથા અમૃત વિષ્ણુને તથા દેવતાઓને, મદ્ય (શરાબ-દારૂ) અસૂરોને પ્રાપ્ત થયો તથા વિષ પરમાર્થ

શિવે પોતાના કંઠમાં રોક્યું. આ તો ઘણો સમય વીતિ ગયા પછીની વાત છે] જ્યારે બ્રહ્મા વેદ વાંચવા લાગ્યા તો ખબર પડી કે કોઈ સર્વ બ્રહ્માંડોની રચના કરવાવાળો કુલ (સર્વસ્વ)નો માલિક પુરુષ (પ્રભુ) અન્ય છે. ત્યારે બ્રહ્માજીએ વિષ્ણુજી તથા શંકરજીને બતાવ્યું કે વેદોમાં વર્ણન છે કે સર્જનહાર કોઈ અન્ય (બીજા) પ્રભુ છે પરંતુ વેદ કહે છે કે ભેદ અમે પણ નથી જાણતા, તેના માટે ઇશારો (સંકેત) છે કે કોઈ તત્ત્વદર્શી સંતને પૂછો. ત્યારે બ્રહ્મા માતાની પાસે આવ્યા અને આખુ વૃત્તાંત કહી સંભળાવ્યું. માતા કહ્યા કરતી હતી કે મારા સિવાય અન્ય (બીજું) કોઈ નથી. હું જ કર્તા છું. સર્વશક્તિમાન છું પરંતુ બ્રહ્માએ કહ્યું કે વેદો ઇશ્વરકૃત છે એ ખોટા ના હોઈ શકે. દુર્ગાએ કહ્યું કે તારા પિતા તને દર્શન નહિ આપે, તેણે પ્રતિજ્ઞા કરી છે. ત્યારે બ્રહ્માએ કહ્યું કે માતાજી, હવે તમારી વાત ઉપર અવિશ્વાસ થઈ ગયો છે. હું તે પુરુષ (પ્રભુ) ને શોધીને જ રહીશ. દુર્ગાએ કહ્યું કે જો તે તને દર્શન નહિ આપે તો તું શું કરીશ ? બ્રહ્માએ કહ્યું કે હું તમને મારું મુખ નહિ બતાવું. બીજી તરફ જ્યોતિ નિરંજને સોગંદ ખાધા છે કે હું અવ્યકત રહીશ. કોઈને દર્શન નહિ આપું એટલે કે 21 બ્રહ્માંડોમાં ક્યારેય પણ પોતાના વાસ્તવિક કાળરૂપમાં આકારમાં નહિ આવું.

ગીતા અધ્યાય નં. 7નો શ્લોક નં. 24

***અવ્યકતમ્, વ્યક્તિમ્, આપન્નમ્, મન્યન્તે, મામ્, અબુદ્ધય: ।***

***પરમ્, ભાવમ્, અજાનન્ત:, મમ્, અવ્યયમ્, અનુત્તમમ્ ॥ 24 ॥***

**અનુવાદ :** (અબુદ્ધય:) બુદ્ધિહીન લોકો (મમ) મારા (અનુતમમ્) અશ્રેષ્ઠ (અવ્યયમ્) અટલ (પરમ્) પરમ (ભાવમ્) ભાવને (અજાનન્ત:) જાણતા ન હોવાથી (અવ્યકતમ્) અદશ્યમાન (મામ્) મુજ-મને કાળને (વ્યક્તિમ્) નર રૂપ આકારમાં કૃષ્ણ (આપન્નમ) પ્રાપ્ત થયેલ / આવેલ (માન્યતે) માને છે.

ગીતા અધ્યાય નં. 7 નો શ્લોક નં. 25

***ન, અહમ્, પ્રકાશ:, સર્વસ્ય, યોગમાયાસમાવૃત: ।***

***મૂઢ:, અયમ્, ન, અભિજાનાતિ, લોક:, મામ્, અજમ્, અવ્યયમ્ ॥ 25 ॥***

**અનુવાદ :** (અહમ્) હું (યોગમાયા સમાવૃત:) યોગમાયાથી છુપાયેલો (સર્વસ્ય) બધાના (પ્રકાશ:) પ્રત્યક્ષ (ન) નથી થતો એટલે કે અદશ્ય એટલે કે અવ્યકત રહું છું, એટલા માટે (અજમ્) જન્મ ન લેવાવાળા (અવ્યયમ્) અવિનાશી અટલ ભાવને (અયમ્) આ (મૂઢ:) અજ્ઞાની (લોક:) જનસમુદાય સંસાર (મામ્) મને (ન ) નથી (અભિજાનાતિ) જાણતો - એટલે કે મને કૃષ્ણ સમજે છે. કારણ કે બ્રહ્મ પોતાની શબ્દશક્તિથી પોતાના જુદા-જુદા રૂપ બનાવી લે છે, આ દુર્ગાનો પતિ છે એટલા માટે આ મંત્રમાં કહી રહ્યો છે કે હું શ્રીકૃષ્ણ વગેરેની જેમ દુર્ગાથી જન્મ નથી લેતો.

## ❁ ''બ્રહ્માનો પોતાના પિતા (કાળ-બ્રહ્મ)ની પ્રાપ્તિ માટે પ્રયત્ન''

ત્યારે દુર્ગાએ બ્રહ્માજીને કહ્યું કે અલખ નિરંજન તમારો પિતા છે પરંતુ તે તને દર્શન નહિ આપે. બ્રહ્માએ કહ્યું કે હું દર્શન કરીને જ પરત ફરીશ. માતાએ પૂછ્યું કે જો તને દર્શન નહિ થયા તો શું કરીશ ? બ્રહ્માએ કહ્યું, 'હું પ્રતિજ્ઞા કરું છું. જો પિતાના દર્શન નહિ થાય તો હું આપની સમક્ષ નહિ આવું.' આમ કહીને બ્રહ્માજી વ્યાકુળ થઈને ઉત્તર દિશા તરફ ચાલી ગયા, જ્યાં અંધારું જ અંધારું છે. ત્યાં બ્રહ્માજીએ ચાર યુગ સુધી ધ્યાન લગાવ્યું પરંતુ કંઇપણ પ્રાપ્તિ થઈ નહિ. કાળે આકાશવાણી કરી કે દુર્ગા, સૃષ્ટિરચના કેમ નથી કરી ? ભવાનીએ કહ્યું કે તમારો જ્યેષ્ઠ પુત્ર બ્રહ્મા જિદ કરીને તમારી શોધમાં ગયો છે. બ્રહ્મે (કાળે) કહ્યું તેને પરત બોલાવી લો, હું તેને દર્શન નહિ આપું. બ્રહ્મા વગર જીવ ઉત્પત્તિના બધા કાર્યો અસંભવ છે. ત્યારે દુર્ગા (પ્રકૃતિ) એ પોતાની શબ્દશકિત વડે ગાયત્રી નામની કન્યા (સ્ત્રી) ઉત્પન્ન કરી તથા તેને બ્રહ્માને પાછા લઈ આવવા અંગે કહ્યું. ગાયત્રી બ્રહ્માજીની પાસે ગઈ, પરંતુ બ્રહ્માજીએ સમાધિ લગાવેલ હતી જેથી તેમને કોઈ આભાસ જ ન થયો કે કોઈ આવ્યું છે. ત્યારે આદિ કુમારી (પ્રકૃતિ) એ ગાયત્રીને ધ્યાન દ્વારા બતાવ્યું કે એના (બ્રહ્માના) ચરણસ્પર્શ કરો. ત્યારે ગાયત્રીએ એમ જ કર્યું. બ્રહ્માજીનું ધ્યાનભંગ થયું તો ક્રોધવશ બોલી ઉઠ્યા કે કોણ પાપણ છે ? જેને મારું ધ્યાનભંગ કર્યું છે. હું તને શ્રાપ આપીશ. ગાયત્રી કહેવા લાગી કે મારો દોષ નથી. પહેલા મારી વાત સાંભળો પછી શ્રાપ આપજો. મને માતાએ તમને પાછા લઇ આવવા માટે કહ્યું છે કારણ કે તમારા વગર જીવઉત્પત્તિ થઈ શકતી નથી. બ્રહ્માએ કહ્યું કે હું કઈ રીતે જઉં ? પિતાજીના દર્શન થયા નથી, આમ જઉં તો મારી મજાક થશે. જો તમે માતાજી સમક્ષ એમ કહી દો કે બ્રહ્માને પિતા (જ્યોતિ નિરંજન)ના દર્શન થયા છે જે મેં પોતાની આંખે જોયું છે તો હું તમારી સાથે આવીશ. ત્યારે ગાયત્રીએ કહ્યું કે તમે મારી સાથે સંભોગ (સેકસ-રતિક્રીડા) કરશો તો જ હું તમારી ખોટી સાક્ષી (ગવાહી) ભરીશ. ત્યારે બ્રહ્માએ વિચાર્યું કે પિતાના દર્શન થયા નથી. આમ જ જઉં તો માતાની સામે જવામાં શરમ આવશે. બીજો કોઈ ઉપાય દેખાયો નહિ, પછી ગાયત્રી સાથે રતિક્રીડા કરી (સંભોગ કર્યો).

ત્યાર પછી ગાયત્રીએ કહ્યું કે એક બીજો સાક્ષી પણ કેમ ન ઊભો કરીએ ? બ્રહ્માએ કહ્યું કે વિચાર ખૂબ જ સારો છે. ત્યારે ગાયત્રીએ શબ્દ શકિતથી એક કન્યા (પુહુપવતી નામની) ઉત્પન્ન કરી તથા તેને બંને જણાએ કહ્યું કે તમે જુબાની આપજો કે બ્રહ્માએ પિતાના દર્શન કર્યા છે. ત્યારે પુહુપવતીએ કહ્યું કે હુ શા માટે ખોટી જુબાની આપું ? હા, અગર બ્રહ્મા મારી સાથે રતિક્રીડા (સંભોગ) કરે તો જુબાની આપી શકું છું. ગાયત્રીએ બ્રહ્માને સમજાવ્યા (ઉકસાવ્યા - પ્રેરિત કર્યા) કે બીજો કોઈ ઉપાય નથી ત્યારે બ્રહ્માએ પુહુપવતી સાથે પણ સંભોગ કર્યો. આમ ત્રણેય મળીને આદિ માયા (પ્રકૃતિ) ની

પાસે ગયા. બન્ને દેવીઓએ ઉપરોક્ત શરત એટલા માટે રાખી હતી કે જો બ્રહ્મા માતાની સામે અમારી ખોટી જુબાની અંગે કહી દેશે તો માતા અમને શ્રાપ આપી દેશે. એટલા માટે તેને પણ દોષી (ગુનેગાર) બનાવી દીધો.

(અહિંયા મહારાજ ગરીબદાસજી કહે છે કે – ***''દાસ ગરીબ યહ ચૂક ધુરોં ધુર''***)

## ❁ ''માતા (દુર્ગા) દ્વારા બ્રહ્માને શ્રાપ આપવો''

ત્યારે માતાએ બ્રહ્માને પૂછ્યું, શું તને તારા પિતાના દર્શન થયા ? બ્રહ્માએ કહ્યું, 'હા મને પિતાના દર્શન થયા છે.' દુર્ગાએ કહ્યું, 'સાક્ષી દેખાડ.' ત્યારે બ્રહ્માએ કહ્યું, 'આ બંનેની હાજરીમાં સાક્ષાત્કાર થયો છે. દેવીએ તે બન્ને છોકરીઓને પૂછ્યું, 'શું તમારી સામે જ બ્રહ્મનો સાક્ષાત્કાર થયો છે ત્યારે બન્નેએ કહ્યું, 'હા અમે પોતાની આંખે જોયું છે.' પછી ભવાની (પ્રકૃતિ)ને શંકા ઉત્પન્ન થઈ કે મને તો બ્રહ્મે કહ્યું હતું કે હું કોઈને પણ દર્શન નહિ આપું, પરંતુ આ લોકો કહે છે કે દર્શન થયા છે. ત્યારે અષ્ટંગીએ ધ્યાન ધર્યું અને કાળ (જ્યોતિ નિરંજન)ને પૂછ્યું કે આ લોકો શું કહી રહ્યા છે ? જ્યોતિ નિરંજનજીએ કહ્યું કે એ ત્રણેય ખોટું બોલી રહ્યા છે. ત્યારે માતાએ કહ્યું – તમે ખોટું બોલી રહ્યા છો. આકાશવાણી થઈ કે એમને કોઈ દર્શન થયા નથી. આ વાત સાંભળીને બ્રહ્માએ કહ્યું કે માતાજી હું સોગંદ ખાઈને પિતાની શોધ કરવા ગયો હતો. પરંતુ પિતા (બ્રહ્મ)ના દર્શન થયા નહિ. તમારી પાસે આવવામાં શરમ (સંકોચ) અનુભવતો હતો. એટલે અમે ખોટું બોલ્યા, ત્યારે માતા (દુર્ગા)એ કહ્યું કે હવે હું તમને શ્રાપ આપું છું.

<u>**બ્રહ્માને શ્રાપ :**</u> તારી પૂજા જગતમાં નહિ થાય. આગળ તારા જે વંશજ થશે તે ખૂબ પાખંડ કરશે. ખોટી વાત બનાવીને જગતને ઠગશે. ઉપરથી તો કર્મકાંડ કરતા દેખાશે અને અંદરથી વિકાર કરશે. કથાપુરાણોને વાંચીને સંભળાવ્યા કરશે, પરંતુ પોતાને જ્ઞાન નહિ હોય કે સદ્‌ગ્રંથોમાં વાસ્તવિકતા શું છે, તેમ છતાં માનવશ તથા ધનપ્રાપ્તિ અર્થે ગુરુ બનીને અનુયાયીઓને લોકવેદ (શાસ્ત્રવિરુદ્ધ દંતકથા) સંભળાવ્યા કરશે. દેવી-દેવતાઓની પૂજા કરીને તથા કરાવીને, બીજાની નિંદા કરીને, કષ્ટ પર કષ્ટ ઉઠાવશે. જે તેમના અનુયાયી હશે તેમને પરમાર્થ નહિ બતાવે. દક્ષિણા માટે જગતને ગુમરાહ કરતા રહેશે - ગેરમાર્ગે દોરતા રહેશે. પોતાની જાતને સૌથી સારી માનશે, બીજાને નીચા સમજશે. જ્યારે માતાના મોંએ (મુખ)થી આ સાંભળ્યું તો બ્રહ્મા મૂર્છિત (બેભાન) થઈને જમીન પર ઢળી પડ્યા. ઘણા સમય બાદ ભાનમાં આવ્યા.

<u>**ગાયત્રીને શ્રાપ :**</u> તારા ઘણા સાંઢ (આખલા) પતિ હશે. તું મૃત્યુલોકમાં ગાય બનીશ.

<u>**પુહુપવતીને શ્રાપ :**</u> તારી જગ્યા ગંદકીમાં હશે. તારાં ફૂલોને કોઈ પૂજામાં નહિ લાવે (તારાં ફૂલોનો કોઈ પૂજા અર્થે ઉપયોગ નહિ કરે) આ ખોટી જુબાનીના

કારણે તારે આ નરક ભોગવવું પડશે. તારું નામ કેવડા-કેતકી હશે (પડશે) (હરિયાણામાં કુસોંધી કહેવાય છે, જે ગંદકી (કુરડિયોં) વાળી જગ્યાએ થાય છે)

આ પ્રમાણે ત્રણેયને શ્રાપ આપી દીધા પછી માતા ભવાનીને ખૂબ જ પસ્તાવો થયો. [આ પ્રમાણે પહેલા તો જીવ વગર વિચારે મન (કાળ નિરંજન) ના પ્રભાવથી ખોટાં કાર્યો કરી નાખે છે, પરંતુ જ્યારે આત્મા (સત્પુરુષનો અંશ)ના પ્રભાવથી તેને જ્ઞાન થાય છે તો પાછળથી પસ્તાવવું પડે છે. જે પ્રમાણે માતા-પિતા પોતાનાં બાળકોને નાની અમથી ભૂલ માટે (ક્રોધવશ થઇને) ફટકારે છે - ગુસ્સે થાય છે, પરંતુ પાછળથી પસ્તાય છે. આ જ પ્રક્રિયા મન (કાળ-નિરંજન)ના પ્રભાવથી તમામ જીવોમાં ક્રિયાવાન થઈ રહી છે] હાં, અહિંયા એક વાત વિશેષ (ખાસ) છે કે નિરંજને (કાળ-બ્રહ્મે) પણ પોતાનો કાયદો બનાવી રાખ્યો છે કે જો કોઈ જીવ કોઈ દુર્બળ જીવને સતાવશે તો તેને તેનો બદલો આપવો પડશે. જ્યારે આદિ ભવાની (પ્રકૃતિ, અષ્ટંગી) એ બ્રહ્મા, ગાયત્રી તથા પુહુપવતીને શ્રાપ આપ્યો તો અલખ નિરંજન (બ્રહ્મ-કાળ)એ કહ્યું કે હે ભવાની (પ્રકૃતિ-અષ્ટંગી) તેં આ સારું નથી કર્યું. હવે હું (નિરંજન) તને શ્રાપ આપું છું કે દ્વાપર યુગમાં તારા પણ પાંચ પતિ હશે. (દ્રૌપદી જ આદિ માયાનો અવતાર થઈ છે.) જ્યારે આ આકાશવાણી સાંભળી તો આદિ માયાએ કહ્યું કે હે જ્યોતિ નિરંજન (કાળ) હું તારા વશમાં પડી છું તું જે ઇચ્છે તે કરી લે.

## ❁ ''વિષ્ણુનું પોતાના પિતા (કાળ/બ્રહ્મ)ની પ્રાપ્તિ માટે પ્રસ્થાન તથા માતાના આશીર્વાદની પ્રાપ્તિ''

આના પછી વિષ્ણુને પ્રકૃતિએ કહ્યું કે પુત્ર, તું પણ પોતાના પિતાની શોધ કરી લે. ત્યારે વિષ્ણુ પોતાના પિતાજી કાળ (બ્રહ્મ)ની શોધ કરતા કરતા પાતાળલોકમાં જતા રહ્યા, જ્યાં શેષનાગ હતો. તેણે વિષ્ણુને પોતાની સીમામાં (હદમાં) પ્રવેશ કરતો જોઈને ક્રોધિત થઈને ઝેરથી ભરેલી ફૂંક મારી, તેના વિષ (ઝેર)ના પ્રભાવથી વિષ્ણુજીનો રંગ શ્યામ (કાળો) થઈ ગયો, જેમ કલરનો સ્પ્રે થઈ જાય છે તેમ ત્યારે વિષ્ણુજીની ઇચ્છા થઈ કે આ નાગને સબક શીખવાડવો જોઈએ. ત્યારે જ્યોતિ નિરંજને (કાળે) જોયું કે હવે વિષ્ણુને શાંત કરવો જોઈએ. ત્યારે આકાશવાણી થઈ કે વિષ્ણુ હવે તું પોતાની માતાજીની પાસે જા અને સાચે-સાચું આખું વિવરણ બતાવી દેજે તથા જે કષ્ટ તને શેષનાગથી થયું છે તેનો બદલો દ્વાપર યુગમાં લેજે. દ્વાપર યુગમાં તમે (વિષ્ણુ) તો કૃષ્ણ અવતાર ધારણ કરશો અને કાલીદહમાં કાલિન્દી નામનો નાગ, શેષનાગનો અવતાર થશે.

***ઊંચ હોઈ કે નીચ સતાવૈ, તાકર ઓએલ (બદલા) મોહી સોં પાવૈ ।***
***જો જીવ દેઈ પીર પુની કાઁહુ, હમ પુનિ ઓએલ દિવાવેં તાહૂઁ ॥***

ત્યારે વિષ્ણુજી માતાજીની પાસે આવ્યા તથા સત્ય હકીકત કહી દીધી કે મને પિતાના દર્શન નથી થયા. આ વાતથી માતા (પ્રકૃતિ) ખૂબ જ પ્રસન્ન થઈ અને કહ્યું કે પુત્ર તું સત્યવાદી છે. હવે હું પોતાની શકિત દ્વારા તને તારા પિતાની સાથે મેળાપ કરાવું છું તથા તારા મનનો સંશય - મનની શંકા દૂર કરું છું.

***કબીર, દેખ પુત્ર તોહિ પિતા ભીટાઉં, તૌરે મન કા ધોખા મિટાઉં ।***
***મન સ્વરૂપ કર્તા કહ જાનોં, મન તે દૂજા ઔર ન માનો ।***
***સ્વર્ગ પાતાલ દૌર મન કેરા, મન અસ્થિર મન અહૈ અનેરા ।***
***નિરંકાર મન હી કો કહીએ, મન કી આસ નિશ દિન રહીએ ।***
***દેખ હૂં પલટિ સુન્ય મહ જ્યોતિ, જહાં પર ઝિલમિલ ઝાલર હોતી ॥***

આ પ્રમાણે માતા (અષ્ટંગી, પ્રકૃતિ) એ વિષ્ણુને કહ્યું કે મન જ જગતનો કર્તા છે, આ જ જ્યોતિ નિરંજન છે. ધ્યાનમાં જે એક હજાર જ્યોતિઓ નજરે આવે છે તે જ એનું રૂપ છે. જે શંખ, ઘંટ વગેરેનો નાદ (અવાજ) સંભળાય છે તે મહાસ્વર્ગમાં નિરંજનનો જ વાગી રહ્યો છે. ત્યારે માતા (અષ્ટંગી, પ્રકૃતિ)એ કહ્યું કે હે પુત્ર તુ બધા દેવોમાં સરતાજ છે અને તારી દરેક કામના/ઇચ્છા તથા કાર્યો હું પૂર્ણ કરીશ. તારી પૂજા આખા જગતમાં થશે. તેં મને બધું સાચે-સાચું બતાવ્યું છે. કાળના એકવીસ બ્રહ્માંડોનાં પ્રાણીઓની વિશેષ ટેવ છે કે પોતાની વ્યર્થ મહિમા બનાવે છે. જેમ કે દુર્ગાજી વિષ્ણુજીને કહી રહી છે કે તારી પૂજા જગતમાં થશે. મેં તને તારા પિતાના દર્શન કરાવી દીધા. દુર્ગાએ ફકત પ્રકાશ બતાવીને શ્રી વિષ્ણુજીને ડફોળ બનાવી દીધા. શ્રી વિષ્ણુજી પણ પ્રભુની આ જ સ્થિતિનું જ્ઞાન પોતાના અનુયાયીઓને સમજાવવા લાગ્યા કે પરમાત્માનો ફકત પ્રકાશ જ દેખાય છે. પરમાત્મા નિરાકાર છે. ત્યારબાદ આદિ ભવાની રૂદ્ર (મહેશજી)ની પાસે ગઇ તથા કહ્યું કે મહેશ, તું પણ કરી લે પોતાના પિતાની શોધ. તારા બન્ને ભાઈઓને તો તમારા પિતાના દર્શન નથી થયા. તેમને જે આપવાનું હતું તે આપી દીધું છે. હવે તારે જે માંગવું હોય તે માંગી લે. ત્યારે મહેશે કહ્યું કે, હે જનેતા ! મારા બન્ને મોટા ભાઈઓને પિતાના દર્શન નથી થયા પછી પ્રયત્ન કરવો વ્યર્થ છે. કૃપા કરી મને એવું વરદાન આપો કે હું અમર (મૃત્યુંજય) થઈ જાઉં. ત્યારે માતાએ કહ્યું કે અમર કરવા હું સમર્થ નથી. હાં યુક્તિ (ઉપાય) બતાવી શકું છું, જેનાથી તારી ઉંમર બધા કરતા લાંબી બની રહેશે. તેના માટે વિધિ-યોગસમાધિ છે. (એટલા માટે મહાદેવજી મોટા ભાગે સમાધિમાં જ રહે છે) આ પ્રમાણે માતા (અષ્ટંગી, પ્રકૃતિ)એ ત્રણેય પુત્રોને વિભાગ વહેંચી આપ્યા :-

ભગવાન બ્રહ્માજીને કાળલોકમાં લાખ-ચોર્યાસીના ચોલા (શરીર) રચવા (બનાવવા) અંગેનો એટલે કે રજોગુણ પ્રભાવિત કરીને સંતાનોત્પત્તિ માટે વિવશ કરીને જીવઉત્પત્તિ કરાવવાનો વિભાગ પ્રદાન કર્યો.

ભગવાન વિષ્ણુને આ જીવોનું પાલનપોષણ (કર્મ અનુસાર) કરવું તથા મોહ-મમતા ઉત્પન્ન કરીને સ્થિતિ જાળવી રાખવાનો વિભાગ સોંપ્યો.

ભગવાન શિવ શંકર (મહાદેવ) ને સંહાર કરવાનો વિભાગ સોંપ્યો. કારણ કે એમના પિતા નિરંજનને એક લાખ માનવશરીરધારી જીવ દરરોજ ખાવા પડે છે.

અહીંયા મનમાં એક પ્રશ્ન ઉપસ્થિત (ઉત્પન્ન) થશે કે બ્રહ્મા, વિષ્ણુ તથા શંકરજીથી ઉત્પત્તિ, સ્થિતિ તથા સંહાર કઈ રીતે થાય છે. આ ત્રણેય તો પોતપોતાના

લોકમાં રહે છે. જેમ કે આજકાલ સંચારપ્રણાલિને ચલાવવા માટે ઉપગ્રહોને ઉપર આકાશમાં છોડવામાં આવે છે અને તે નીચે પૃથ્વી ઉપર સંચાર પ્રણાલિને ચલાવે છે. ઠીક આ જ પ્રમાણે આ ત્રણેય દેવો જ્યાં પણ રહે છે તેમના શરીરથી નીકળવાવાળા સૂક્ષ્મ ગુણના તરંગો ત્રણેય લોકોમાં પોતાની જાતે જ (ઓટોમેટીક) દરેક પ્રાણી ઉપર પ્રભાવ બનાવી રાખે છે (પ્રભાવિત કરે છે)

ઉપરોકત વિવરણ એક બ્રહ્માંડમાં બ્રહ્મ (કાળ)ની રચનાનું છે. આવા-આવા તો ક્ષરપુરુષ (કાળ)ના એકવીસ બ્રહ્માંડો છે.

પરંતુ ક્ષરપુરુષ (કાળ) સ્વયં (પોતે) વ્યકત એટલે કે વાસ્તવિક શરીર રૂપમાં બધાની સામે નથી આવતો. તેને જ પ્રાપ્ત કરવા અર્થે ત્રણેય દેવો (બ્રહ્માજી, વિષ્ણુજી, શિવજી) એ વેદોમાં વર્ણિત વિધિ મુજબ ભરચક (જબરજસ્ત) સાધના કરવા છતાં પણ બ્રહ્મ (કાળ)ના દર્શન થયા નહિ. ત્યારબાદ ઋષિઓએ વેદોને વાંચ્યા. તેમાં લખ્યું છે કે ‘અગ્ને: તનૂર અસિ’ (પવિત્ર યજુર્વેદ અધ્યાય-1, મંત્ર-15) પરમેશ્વર સહશરીર છે તથા પવિત્ર યજુર્વેદ અધ્યાય-5, મંત્ર-1 માં લખ્યું છે કે ‘અગ્ને: તનૂર અસિ વિષ્ણવે ત્વા સોમસ્ય તનૂર, અસિ.’ આ મંત્રમાં બે વાર વેદ જુબાની આપી રહ્યો છે કે સર્વવ્યાપક, સર્વપાલન કર્તા સતપુરુષ સહશરીર છે (શરીર ધરાવે છે). પવિત્ર યજુર્વેદ અધ્યાય-40, મંત્ર 8 માં કહ્યું છે કે (કવિર્ મનિષી) જે પરમેશ્વરની તમામ પ્રાણીઓને ચાહ છે, તે કવિર્ એટલે કે કબીર છે. તેનું શરીર નસો/નાડીઓ વગર (અસ્નાવિરમ્)નું છે, (શુક્રમ્) વીર્યથી બનેલ પાંચ તત્ત્વોથી બનેલ ભૌતિક (અકાયમ્) કાયારહિત છે. તે સર્વનો માલિક સર્વોપરિ સત્યલોકમાં બિરાજમાન છે, તે પરમેશ્વરનું તેજપુંજનું (સ્વજર્યોતિ) સ્વયં પ્રકાશિત શરીર છે જે શબ્દરૂપ એટલે કે અવિનાશી છે. તે જ કવિર્દેવ (કબીર પરમેશ્વર) છે, જે સર્વ બ્રહ્માંડોની રચના કરવાવાળા (વ્યદધાતા) સર્વ બ્રહ્માંડોના રચનાહાર (સ્વયંભૂ:) સ્વયં પ્રગટ થવાવાળા (યથા તથ્ય: અર્થાન્) વાસ્તવમાં (શાશ્વત્) અવિનાશી છે. (ગીતા અધ્યાય 15, શ્લોક 17 માં પણ પ્રમાણ છે) ભાવાર્થ છે કે - પૂર્ણ બ્રહ્મના શરીરનું નામ કબીર (કવિર દેવ) છે. તે પરમેશ્વરનું શરીર નૂરતત્ત્વથી બન્યું છે. પરમાત્માનું શરીર અતિ સૂક્ષ્મ છે જે તે જ સાધકને દેખાઈ દે છે જેની દિવ્ય દૃષ્ટિ ખૂલી ગઈ હોય. આ પ્રમાણે જીવનું પણ સૂક્ષ્મ શરીર છે જેની ઉપર પાંચ તત્ત્વની ખોલ (કવર) એટલે કે પાંચ તત્ત્વની કાયા ચઢેલી હોય છે જે માતા-પિતાના સંયોગથી (શુક્રમ્) વીર્યથી બની છે. શરીર ત્યાગ કર્યા બાદ પણ જીવનું સૂક્ષ્મ શરીર સાથે રહે છે. તે સૂક્ષ્મ શરીર તે જ સાધકને દેખાય છે જેની દિવ્યદૃષ્ટિ ખૂલી ગઇ હોય. આ પ્રમાણે પરમાત્મા તથા જીવની સ્થિતિને સમજો. વેદોમાં ઓમ્ (ૐ) નામના સ્મરણનું પ્રમાણ છે જે ફકત બ્રહ્મ સાધના છે. આ ઉદ્દેશ્યથી ઓમ્ (ૐ) નામના જાપને પૂર્ણબ્રહ્મનો માનીને ઋષિઓએ પણ હજારો વર્ષ હઠયોગ (સમાધિ લગાવીને) કરીને પ્રભુ પ્રાપ્તિની ચેષ્ટા કરી, પરંતુ પ્રભુદર્શન થયા નહિ, સિદ્ધિઓ પ્રાપ્ત થઈ ગઈ. તે


સિદ્ધિઓ રૂપી રમકડાંઓ સાથે રમીને ઋષિઓ પણ જન્મ-મૃત્યુના ચક્રમાં જ રહી ગયા તથા પોતાના અનુભવનાં શાસ્ત્રોમાં પરમાત્માને નિરાકાર લખી દીધા. બ્રહ્મે (કાળે) સોગંદ ખાધા છે કે હું પોતાના વાસ્તવિક (ઓરીજીનલ) રૂપમાં કોઈને દર્શન નહિ આપું. મને અવ્યકત જાણ્યા કરશે. (અવ્યકતનો ભાવાર્થ છે કે - કોઈ આકારમાં છે પરંતુ વ્યકિતગત રૂપે સ્થૂળરૂપમાં દર્શન નથી આપતો. જેમ કે આકાશમાં વાદળો છવાઈ જતાં દિવસના સમયે સૂર્ય અદશ્ય થઈ જાય છે. તે દશ્યમાન નથી પરંતુ વાસ્તવમાં વાદળોની પેલી પાર જેમનો તેમ છે, આ અવસ્થાને અવ્યકત કહે છે.) (પ્રમાણ માટે ગીતા અધ્યાય 7 શ્લોક 24-25, અધ્યાય 11 શ્લોક-48 તથા 32)

પવિત્ર ગીતાજી બોલવાવાળો બ્રહ્મ (કાળ) શ્રીકૃષ્ણજીના શરીરમાં પ્રેતવત (ભૂતની જેમ) પ્રવેશ કરીને કહી રહ્યો છે કે અર્જુન, હું મારા લોકમાંથી અત્યારે હાલ આવેલો (બઢા હુઆ) કાળ છું અને સર્વને ખાવા માટે આવ્યો છું. (ગીતા અધ્યાય 11 ના શ્લોક નં. 32) આ મારું વાસ્તવિક રૂપ છે, આને તારા સિવાય ન તો પહેલા કોઈએ જોયું છે તથા ના કોઈ આગળ જોઈ શકશે એટલે કે વેદોમાં વર્ણિત યજ્ઞ-જપ-તપ તથા ઓમ્ (ૐ) નામ વગેરેની વિધિથી મારા આ વાસ્તવિક સ્વરૂપનું દર્શન થઈ શકતું નથી. (ગીતા અધ્યાય 11, શ્લોક 48) હું કૃષ્ણ નથી, આ મૂર્ખ લોકો કૃષ્ણરૂપમાં મુજ (મને) અવ્યકતને વ્યકત (મનુષ્યરૂપ) માની રહ્યા છે. કારણ કે આ લોકો મારા ખરાબ નિયમથી અપરિચિત છે કે હું ક્યારેય પણ વાસ્તવિક આ કાળરૂપમાં બધાની સામે આવતો નથી. પોતાની યોગમાયાથી છુપાયેલો રહું છું (ગીતા અધ્યાય 7, શ્લોક નં. 24-25)


**વિચાર કરો :** પોતાના છુપાઇને રહેવા અંગેના વિધાનને સ્વયં અશ્રેષ્ઠ (અનુત્તમ) કેમ કહી રહ્યા છે ?

જો પિતા પોતાના સંતાનને પણ દર્શન નથી આપતો તો તેનામાં કોઈ ત્રુટિ (ખામી) છે જેના કારણે તે છુપાઈને રહે છે તથા સુવિધાઓ પણ પ્રદાન કરી રહ્યો છે. કાળને (બ્રહ્મને) શ્રાપવશ એક લાખ માનવશરીરધારી પ્રાણીઓનો આહાર કરવો પડે છે તથા 25% દરરોજના જે વધારે ઉત્પન્ન થાય છે તેમને તેમના ઠેકાણે લગાડવા માટે તથા કર્મભોગનો દંડ આપવા માટે ચોર્યાસી લાખ યોનિઓની રચના કરી છે. જો બધાની સામે બેસીને કોઈની પુત્રી, કોઈની પત્ની, કોઈનો પુત્ર, કોઈના માતા-પિતાને ખાશે (આહાર કરશે) તો બધાને બ્રહ્મથી ધૃણા થઈ જશે તથા જ્યારે પણ કોઈ વખતે પૂર્ણપરમાત્મા કવિરગ્નિ (કબીર પરમેશ્વર) સ્વયં (પોતે) આવે અથવા પોતાનો કોઈ સંદેશવાહક (દૂત) મોકલે તો સર્વ (તમામ-બધાં) પ્રાણી સત્યભકિત કરીને કાળની જાળમાંથી નીકળી જાય.

# બ્રહ્મ લોકનું લઘુ ચિત્ર



# જ્યોતિ નિરંજન (કાળ) બ્રહ્મના લોક (૨૧ બ્રહ્મંડ)નું લઘુ ચિત્ર



એટલા માટે દગો દઇને (ભ્રમિત કરીને) રાખે છે તથા પવિત્ર ગીતા અધ્યાય 7 શ્લોક 18, 24, 25 માં પોતાની સાધના દ્વારા થવાવાળી મુક્તિ (ગતિ)ને પણ (અનુત્તમામ્) અતિ અશ્રેષ્ઠ (વધારે ખરાબ) કહી છે તથા પોતાના વિધાન (નિયમ)ને પણ (અનુત્તમામ્) અશ્રેષ્ઠ કહ્યું છે.

પ્રત્યેક બ્રહ્માંડમાં બનેલ બ્રહ્મલોકમાં એક મહાસ્વર્ગ બનાવ્યું છે. મહાસ્વર્ગમાં એક સ્થાન પર નકલી સતલોક - નકલી અલખ લોક - નકલી અગમલોક તથા નકલી અનામી લોકની રચના - પ્રાણીઓને ભ્રમિત રાખવાના (દગો દેવાના) હેતુથી પ્રકૃતિ (દુર્ગા / આદિ માયા) દ્વારા કરાવી રાખી છે. (જુઓ ઉપરના બંને ચિત્રોમાં રચના બતાવી છે) કબીર સાહેબનો એક શબ્દ છે –

***''કર નૈનોં દીદાર મહલ મેં પ્યારા હૈ''*** માં વાણી છે કે

***કાયા ભેદ કિયા નિરવારા, યહ સબ રચના પિન્ડ મંઝારા હૈ ।***
***માયા અવિગત જાલ પસારા, સો કારીગર ભારા હૈ ॥***
***આદિ માયા કિન્હી ચતુરાઈ, ઝુઠી બાજી પિન્ડ દિખાઈ ।***
***અવિગત રચના રચિ અંડ માહિ, વાકા પ્રતિબિંબ ડારા હૈ ॥***

એક બ્રહ્માંડમાં અન્ય લોકોની પણ રચના છે, જેમ કે શ્રી બ્રહ્માજીનો લોક શ્રી વિષ્ણુજીનો લોક, શ્રી શિવજીનો લોક, જ્યાં આગળ બેસીને ત્રણેય પ્રભુ નીચેના ત્રણ લોકો (સ્વર્ગલોક એટલે કે ઇન્દ્રનો લોક, પૃથ્વીલોક તથા પાતાળલોક) પર એક-એક વિભાગના માલિક બનીને પ્રભુતા કરે છે તથા પોતાના પિતા કાળને ખાવા (આહાર)ને માટે પ્રાણીઓની ઉત્પત્તિ, સ્થિતિ તથા સંહારનો કાર્યભાર સંભાળે છે. ત્રણેય પ્રભુના પણ જન્મ તથા મૃત્યુ થાય છે. ત્યારે કાળ એમને પણ ખાય છે. આ જ બ્રહ્માંડ **[**આને અંડ પણ કહે છે કારણ કે બ્રહ્માંડની બનાવટ અંડાકાર છે, આને પિંડ પણ કહે છે કારણ કે શરીર (પિંડ) માં એક બ્રહ્માંડની રચના કમળોમાં ટી.વી. ની જેમ જોઈ શકાય છે**]** માં એક માનસરોવર તથા ધર્મરાય (ન્યાયાધીશ)નો લોક પણ છે તથા એક ગુપ્ત સ્થાન પર પૂર્ણ પરમાત્મા અન્ય રૂપ ધારણ કરીને રહે છે જેમ કે પ્રત્યેક (દરેક) દેશનું રાજદૂત ભવન હોય છે. ત્યાં આગળ કોઈ નથી જઈ શકતું. ત્યાં આગળ તે આત્માઓ રહે છે, જેમની સત્યલોકની ભક્તિ અધૂરી રહી જાય છે. જ્યારે ભક્તિયુગ આવે છે ત્યારે તે સમયે પરમેશ્વર કબીરજી પોતાના પ્રતિનિધિ પૂર્ણ સંત સતગુરૂને મોકલે છે. તે સમયે એ અધૂરી ભક્તિવાળા આ પુણ્ય આત્માઓને પૃથ્વી પર માનવશરીર પ્રાપ્ત થાય છે તથા તેઓ શીઘ્ર (ખૂબ જ જલદી) જ સત ભક્તિ પર લાગી જાય છે તથા સતગુરૂથી દીક્ષા પ્રાપ્ત કરીને પૂર્ણમોક્ષ પ્રાપ્ત કરે છે. તે સ્થાન પર રહેવાવાળા હંસ આત્માઓની નિજી (પોતાની) ભક્તિની કમાઈ ખર્ચ થતી નથી (જમા રહે છે). પરમાત્માના ભંડારથી સર્વ સુવિધાઓ ઉપલબ્ધ થાય છે. બ્રહ્મ (કાળ)ના ઉપાસકોની ભક્તિની કમાઈ સ્વર્ગ, મહા સ્વર્ગમાં સમાપ્ત થઈ જાય છે કારણ કે આ કાળલોક (બ્રહ્મલોક) તથા પર બ્રહ્મલોકમાં પ્રાણીઓને પોતાનું કરેલું કર્મફળ જ મળે છે.

ક્ષરપુરુષે (બ્રહ્મે) પોતાના 20 બ્રહ્માંડોને ચાર મહાબ્રહ્માંડોમાં વિભાજીત કર્યા છે. એક મહાબ્રહ્માંડમાં પાંચ બ્રહ્માંડોનો સમૂહ બનાવ્યો છે તથા ચારેય બાજુથી અંડાકાર ગોળાઈ (પરિધિ) માં રોકી રાખ્યા છે તથા આ ચારેય મહાબ્રહ્માંડોને પણ પાછા અંડ આકાર ગાળાઈમાં રોક્યા છે. એકવીસમા બ્રહ્માંડની રચના એક મહાબ્રહ્માંડ જેટલું સ્થાન લઇને કરી છે. એકવીસમા બ્રહ્માંડમાં પ્રવેશ થતાં જ ત્રણ રસ્તા બનાવ્યા છે. એકવીસમા બ્રહ્માંડમાં પણ ડાબી બાજુ નકલી સતલોક, નકલી અલખ લોક, નકલી અગમ લોક, નકલી અનામી લોકની રચના પ્રાણીઓને ભ્રમિત રાખવાના (દગો દેવાના) ઉદ્દેશ્યથી આદિ માયા (દુર્ગા) દ્વારા કરાવડાવી છે તથા જમણી બાજુ બાર સર્વશ્રેષ્ઠ બ્રહ્મસાધકો (ભકતો)ને રાખે છે. પછી પ્રત્યેક (દરેક) યુગમાં તેમને સંદેશવાહક (સંત/સતગુરુ) બનાવીને પૃથ્વી પર મોકલે છે, જે શાસ્ત્રવિધિરહિત સાધના તથા જ્ઞાન બતાવે છે તથા પોતે પણ ભક્તિહીન થઈ જાય છે તથા અનુયાયીઓને પણ કાળજાળમાં ફસાવતા જાય છે. પછી તે ગુરુજી તથા અનુયાયી બન્ને જ નરકમાં જાય છે. પછી સામેની તરફ એક તાળુ (કુલુફ) લગાડી રાખ્યું છે. તે રસ્તો કાળ (બ્રહ્મ) ના નિજલોકમાં જાય છે. જ્યાં આગળ આ બ્રહ્મ (કાળ) પોતાના વાસ્તવિક માનવ સ્વરૂપી કાળરૂપમાં રહે છે. આ જ સ્થાન પર એક પથ્થરનો ટુકડો જે તવા આકારનો (રોટલી બનાવવા માટેની લોખંડની લોઢી-તવો) હોય છે. જે સ્વત: (એની રીતે જ) ગરમ રહે છે, જેને તપ્તશિલા પણ કહે છે. જેની ઉપર એક લાખ માનવશરીરધારી પ્રાણીઓના સૂક્ષ્મ શરીરને શેકીને તેમનામાંથી ગંદકી કાઢીને ખાય છે. તે સમયે સર્વ પ્રાણી ખૂબ જ પીડા (દર્દ)નો અનુભવ કરે છે તથા હાહાકાર મચી જાય છે. પછી થોડાક સમય બાદ તે (સર્વ પ્રાણીઓ) બેભાન થઈ જાય છે. જીવ મરતો નથી. પછી ધર્મરાયના લોકમાં જઈને કર્માધારથી અન્ય જન્મ પ્રાપ્ત કરે છે તથા જન્મ-મૃત્યુનું ચક્કર બનેલું જ રહે છે. ઉપર જણાવેલ સામેની તરફ લગાવેલ તાળું કાળ (બ્રહ્મ) ફકત પોતાના આહારવાળાં પ્રાણીઓ માટે થોડીક જ ક્ષણો માટે ખોલે છે. પૂર્ણ પરમાત્માના સત્યનામ તથા સારનામ વડે આ તાળું સ્વયં (એની જાતે જ) ખુલી જાય છે. આમ કાળની જાળને પૂર્ણ પરમાત્મા કવિર્દેવે (કબીર સાહેબે) સ્વયં જ પોતાના નિજી (અંગત) ભકત ધરમદાસજીને સમજાવી.

## ❁ ''પરબ્રહ્મના સાત સંખ બ્રહ્માંડોની સ્થાપના''

કબીર પરમેશ્વરે (કવિર્દેવે) આગળ બતાવ્યું છે કે પરબ્રહ્મે (અક્ષર પુરુષે) પોતાના કાર્યમાં ગફલત (ભૂલ) કરી કારણ કે તે માનસરોવરમાં ઊંઘી ગયો તથા જ્યારે પરમેશ્વરે (મેં એટલે કે કબીર સાહેબે) તે સરોવરમાં ઈંડુ છોડ્યું તો અક્ષરપુરુષે (પરબ્રહ્મે) તેની (ઈંડાની) તરફ ક્રોધથી જોયું. આ બન્ને અપરાધોના કારણે આને પણ સાત સંખ બ્રહ્માંડો સહિત સતલોકની બહાર કરી દીધો. બીજુ કારણ અક્ષરપુરુષ (પરબ્રહ્મ) પોતાના મિત્ર બ્રહ્મ (ક્ષરપુરુષ)ની જુદાઈમાં વ્યાકુળ થઈને પરમ પિતા કવિર્દેવ (કબીર પરમેશ્વર) ની યાદ ભુલાવીને તેને જ યાદ કરવા લાગ્યો તથા

વિચાર્યું કે ક્ષરપુરુષ (બ્રહ્મ) તો પોતાના એકવીસ બ્રહ્માંડમાં ખૂબ આનંદ મનાવી રહ્યો હશે, તે સ્વતંત્ર (આગવું) રાજ્ય કરશે/ચલાવશે, હું પાછળ રહી ગયો તથા અન્ય (બીજી) કેટલીક આત્માઓ જે પરબ્રહ્મના સાત સંખ, બ્રહ્માંડોમાં જન્મમૃત્યુનો કર્મદંડ ભોગવી રહી છે, તે હંસ આત્માઓ, બ્રહ્મની સાથે ગયેલી આત્માઓની જુદાઈની યાદમાં ખોવાઇ ગઇ જે બ્રહ્મ (કાળ)ની સાથે એકવીસ બ્રહ્માંડોમાં ફસાયેલી છે તથા પૂર્ણપરમાત્મા, સુખદાયી કવિર્દેવની યાદ ભૂલાવી દીધી. પરમેશ્વર કવિર્દેવના વારંવાર સમજાવવા છતાં પણ આસ્થા ઓછી ન થઈ. પરબ્રહ્મે (અક્ષર પુરૂષે) વિચાર્યું કે હું પણ જુદું સ્થાન (જગ્યા) પ્રાપ્ત કરું તો સારું રહેશે. આમ વિચારીને રાજ્ય પ્રાપ્તિની ઇચ્છાથી સારનામનો જાપ શરૂ કરી દીધો. આ જ પ્રમાણે અન્ય આત્માઓએ (જે પરબ્રહ્મના સાત સંખ બ્રહ્માંડમાં ફસાયેલી છે) વિચાર્યું કે જે આત્માઓ બ્રહ્મની સાથે ગયેલી છે તે ત્યાં મોજ-મસ્તી મનાવતા હશે અમે પાછળ રહી ગયા. પરબ્રહ્મના મનમાં એવી ધારણા બની કે ક્ષરપુરુષ જુદો થઈને ખૂબ જ ખુશ હશે. આમ વિચારીને અંતરાત્માથી જુદા સ્થાનની પ્રાપ્તિ અંગે નક્કી કર્યું. પરબ્રહ્મે (અક્ષરપુરુષે) હઠ યોગ નથી કર્યો, પરંતુ ફકત જુદા રાજ્યની પ્રાપ્તિને માટે સહજ ધ્યાન યોગ વિશેષ (ખાસ) કસક (લગન) ની સાથે કરતો રહ્યો. જુદું સ્થાન પ્રાપ્ત કરવાના હેતુથી પાગલો (ગાંડા)ની જેમ ભટકવા લાગ્યો, ખાવાપીવાનું પણ ત્યાગી દીધું. સતલોકમાંના આત્માઓમાંથી અન્ય (બીજા) કેટલાક આત્માઓ જે પહેલાં કાળ બ્રહ્મની સાથે ગયેલી આત્માઓના પ્રેમમાં વ્યાકુળ (બેચેન) હતા, તે અક્ષર પુરૂષના વૈરાગ્ય પર આસકત થઈને તેને ચાહવા લાગ્યા. પૂર્ણપ્રભુના પૂછવાથી પરબ્રહ્મે જુદું સ્થાન માંગ્યું તથા અમુક હંસાત્માઓ માટે પણ વિનંતી કરી. ત્યારે કવિર્દેવે કહ્યું કે જે આત્મા તમારી સાથે સ્વેચ્છાથી જવા ઇચ્છે તેમને મોકલી આપું છું. પૂર્ણપ્રભુએ પૂછ્યું કે કોણ હંસ આત્મા પરબ્રહ્મની સાથે જવા માંગે છે, સંમતિ વ્યકત કરો. ઘણા સમય બાદ એક હંસે સ્વીકૃતિ આપી, પછી દેખા-દેખી તે તમામ આત્માઓએ પણ સ્વીકૃતિ - સંમતિ વ્યકત કરી દીધી. સૌ પ્રથમ સ્વીકૃતિ આપવાવાળા હંસને સ્ત્રીરૂપ બનાવ્યો, તેનું નામ ઇશ્વરી માયા (પ્રકૃતિ સુરતિ) રાખ્યું તથા અન્ય આત્માઓને તે ઇશ્વરી માયામાં પ્રવેશ કરાવીને અચિન્ત દ્વારા અક્ષરપુરુષ (પર બ્રહ્મ)ની પાસે મોકલી દીધી (પતિવ્રતા પદથી નીચે પડી જવાની સજા મળી). કેટલાય યુગો સુધી બંને સાત સંખ બ્રહ્માંડોમાં રહ્યા, પરંતુ પરબ્રહ્મે દુર્વ્યવહાર કર્યો નહિ. ઇશ્વરી માયાની સ્વ ઇચ્છાથી અંગીકાર કર્યો તથા પોતાની શબ્દશકિત દ્વારા નખ વડે સ્ત્રી ઇન્દ્રિ (યોનિ) બનાવી. ઇશ્વરી દેવીની સંમતિથી સંતાન ઉત્પન્ન કર્યાં. એટલા માટે પરબ્રહ્મના લોકમાં (સાત સંખ બ્રહ્માંડોમાં) પ્રાણીઓને તપ્તશિલાનું કષ્ટ નથી તથા ત્યાં પશુ-પક્ષી પણ બ્રહ્મલોકના દેવો કરતા સારું ચરિત્ર ધરાવે છે. ઉંમર પણ ખૂબ લાંબી છે, પરંતુ જન્મ-મૃત્યુ કર્માધાર પર કર્મદંડ તથા પરિશ્રમ કરીને જ ઉદર પૂર્તિ થાય છે. સ્વર્ગ તથા નરક પણ એ મુજબ જ બનેલા છે. પરબ્રહ્મ (અક્ષરપુરુષ)ને સાત સંખ

બ્રહ્માંડ તેની ઇચ્છારૂપી ભક્તિ ધ્યાન એટલે કે સહજ સમાધિ વિધિ દ્વારા તેની કરેલી કમાઇના પ્રતિફળમાં પ્રદાન કર્યા તથા સત્યલોકથી અલગ સ્થાન પર ગોળાકાર પરિધિમાં બંધ કરીને સાત સંખ બ્રહ્માંડો સહિત અક્ષરબ્રહ્મ તથા ઇશ્વરી માયાને હદ પાર (નિષ્કાસિત) કરી દીધા.

પૂર્ણબ્રહ્મ (સત પુરુષ) અસંખ્ય બ્રહ્માંડો જે સતલોક વગેરેમાં છે તથા બ્રહ્મના 21 (એકવીસ) બ્રહ્માંડો તથા પરબ્રહ્મના સાત સંખ બ્રહ્માંડોના પણ પ્રભુ (માલિક) છે એટલે કે પરમેશ્વર કવિર્દેવ કુલ (સર્વસ્વ)ના માલિક છે.

શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજી વગેરેની ચાર-ચાર ભુજાઓ (હાથ) તથા 16 કળાઓ છે તથા પ્રકૃતિદેવી (દુર્ગા)ની આઠ ભુજાઓ છે તથા 64 કળાઓ છે. બ્રહ્મ (ક્ષરપુરુષ)ની એક હજાર ભુજાઓ છે તથા એક હજાર કળાઓ છે અને તે એકવીસ બ્રહ્માંડોના પ્રભુ છે. પર બ્રહ્મ (અક્ષર પૂરુષ)ની દસ હજાર ભુજાઓ છે તથા દસ હજાર કળાઓ છે અને તે સાત સંખ બ્રહ્માંડના પ્રભુ છે. પૂર્ણબ્રહ્મ (પરમ અક્ષરપુરુષ એટલે કે સતપુરુષ)ની અસંખ્ય ભુજાઓ છે તથા અસંખ્ય કળાઓ છે તથા બ્રહ્મના એકવીસ બ્રહ્માંડો તથા પરબ્રહ્મના સાત સંખ બ્રહ્માંડો સહિત અસંખ્ય બ્રહ્માંડોના પ્રભુ છે. પ્રત્યેક પ્રભુ પોતાની સર્વ ભુજાઓને સમેટીને ફકત બે ભુજાઓ પણ રાખી શકે છે તથા જ્યારે ઇચ્છે ત્યારે સર્વ ભુજાઓને પણ પ્રગટ કરી શકે છે. પૂર્ણ પરમાત્મા પરબ્રહ્મના પ્રત્યેક (દરેક) બ્રહ્માંડમાં પણ અલગ સ્થાન બનાવીને અન્ય રૂપમાં ગુપ્ત રહે છે. એવી રીતે સમજો જાણે એક ફરતો કેમેરા બહાર લગાવી દેવામાં આવે તથા અંદર ટેલિવિઝન મૂકી દેવામાં આવે. ટી.વી. ઉપર બહારના તમામ દશ્ય નજર આવે છે તથા બીજું ટેલિવિઝન બહાર મૂકીને અંદરનો કેમેરા સ્થાયી કરી મૂકી દેવામાં આવે, તેમાં ફકત અંદર બેઠેલા પ્રબંધકનું ચિત્ર દેખાય છે. આના લીધે તમામ કર્મચારીઓ સાવધાન રહે છે.

આ જ પ્રમાણે પૂર્ણપરમાત્મા પોતાના સતલોકમાં બેસીને બધાને નિયંત્રિત કરી રાખે છે તથા પ્રત્યેક બ્રહ્માંડમાં પણ સતગુરુ કવિર્દેવ વિદ્યમાન રહે છે. જેમ સૂર્ય દૂર હોવા છતાં પણ પોતાનો પ્રભાવ અન્ય લોકોમાં બનાવી રાખે છે.

## ❁ ''પવિત્ર અથર્વવેદમાં સૃષ્ટિરચનાનું પ્રમાણ''

અથર્વવેદ કાંડ નં. 4 અનુવાક નં. 1, મંત્ર નં. 1

***બ્રહ્મ જજ્ઞાનં પ્રથમં પુરસ્તાદ્ વિ સીમતઃ સુરુચો વેન આવઃ ।***

***સ બુધ્ન્યા ઉપમા અસ્ય વિષ્ઠાઃ સતશ્ચ યોનિમસતશ્ચ વિ વઃ ॥ 1 ॥***

**અનુવાદ :** (પ્રથમમ્) પ્રાચીન એટલે કે સનાતન (બ્રહ્મ) પરમાત્મા એ (જ) પ્રગટ થઈને (જ્ઞાનમ્) પોતાની સૂઝબૂઝથી (પુરસ્તાત્) શિખરમાં એટલે કે સતલોક વગેરેને (સુરૂચઃ) સ્વઇચ્છાથી - ખૂબ રૂચિથી સ્વપ્રકાશિત (વિસિમતઃ) સીમારહિત એટલે કે વિશાળ સીમાવાળા જુદા જુદા લોકોને તે (વેનઃ) જુલાહાએ રચ્યા એટલે કે કાપડની જેમ વણીને (આવઃ) સુરક્ષિત કર્યા (ચ) તથા (સઃ) તે પૂર્ણ બ્રહ્મ જ સર્વ

રચના કરે છે (અસ્ય) એટલા માટે તે જ (બુધ્ન્યા:) મૂળ માલિકે (યોનિમ્) મૂળ સ્થાન સત્યલોકની રચના કરી છે (અસ્ય) તેના (ઉપમા) સદૃશ એટલે કે મળતા જુલતા (સત:) અક્ષરપુરુષ એટલે કે પરબ્રહ્મના લોક થોડાક અંશે સ્થાયી (ચ) તથા (અસત:) ક્ષરપુરુષના અસ્થાઈ લોક વગેરે (વિ વ:) આવાસ સ્થાન જુદા (વિષ્ઠા:) સ્થાપિત કર્યાં.

ભાવાર્થ : પવિત્ર વેદોને બોલવાવાળો બ્રહ્મ (કાળ) કહી રહ્યો છે કે સનાતન પરમેશ્વરે સ્વયં (પોતે) અનામય (અનામી) લોકથી સતલોકમાં પ્રગટ થઈને પોતાની સૂઝ-બૂઝ દ્વારા કાપડની જેમ રચના કરીને ઉપરના સતલોક વગેરેને સીમારહિત સ્વપ્રકાશિત અજર-અમર એટલે કે અવિનાશી સ્થિત કર્યાં તથા નીચેના પરબ્રહ્મના સાત સંખ બ્રહ્માંડ તથા બ્રહ્મના એકવીસ બ્રહ્માંડ તથા એમાં નાનામાં નાની રચના પણ તે જ પરમાત્માએ અસ્થાયી કરી છે.

અથર્વવેદ કાંડ નં. 4 અનુવાક નં. 1, મંત્ર નં. 2

***ઇયં પિત્ર્યા રાષ્ટ્રયેત્વગ્રે પ્રથમાય જનુષે ભુવનેષ્ઠા: ।***

***તસ્મા એતં સુરુચં હ્વારમહ્યં ધર્મં શ્રીણન્તુ પ્રથમાય ધાસ્યવે ॥ 2 ॥***

અનુવાદ : (ઇયમ્) આ જ (પિત્ર્યા) જગતપિતા પરમેશ્વરે (એતુ) આ (અગ્રે) સર્વોત્તમ (પ્રથમાય) સર્વથી પહેલી, માયા પરાનંદની (રાષ્ટ્રિ) રાજેશ્વરી શકિત એટલે કે પરાશકિત જેને આકર્ષણ શકિત પણ કહે છે, ને (જનુષે) ઉત્પન્ન કરીને (ભુવનેષ્ઠા:) લોકસ્થાપના કરી (તસ્મા) તે જ પરમેશ્વરે (સુરુચમ્) ખૂબ રૂચિની સાથે સ્વેચ્છાથી (એતમ્) આ (પ્રથમાય) પ્રથમ ઉત્પત્તિની શકિત એટલે કે પરાશકિતના દ્વારા (હ્વારમહ્યમ્) એક બીજાના વિયોગને રોકવા એટલે કે આકર્ષણ શકિતના (શ્રીણાન્તુ) ગુરુત્વાકર્ષણને પરમાત્માએ આદેશ આપ્યો - સદા રહો તે ક્યારેય સમાપ્ત ન થવાવાળા (ધર્મમ્) સ્વભાવથી (ધાસ્યવે) ધારણ કરીને સ્થિત કર્યા એટલે કે કાપડની જેમ વણીને રોકી રાખ્યા છે.

ભાવાર્થ : જગતપિતા પરમેશ્વરે પોતાની શબ્દશકિત દ્વારા રાષ્ટ્રી એટલે કે સૌથી પહેલી માયા રાજેશ્વરી ઉત્પન્ન કરી તથા તે જ પરાશકિત દ્વારા એકબીજાને આકર્ષણ શકિતથી રોકી રાખવાવાળા ક્યારેય ન સમાપ્ત થવાવાળા ગુણથી ઉપરોકત સર્વ બ્રહ્માંડોને સ્થાપિત કર્યા છે.

અથર્વવેદ કાંડ નં. 4 અનુવાક 1, મંત્ર-3

***પ્ર યો જજ્ઞે વિદ્વાનસ્ય બન્ધુર્વિશ્વા દેવાનાં જનિમા વિવક્તિ ।***

***બ્રહ્મ બ્રહ્મણ ઉજ્જભાર મધ્યાન્નીચૈરુચ્ચૈ: સ્વધા અભિ પ્ર તસ્થૌ ॥ 3 ॥***

**અનુવાદ :** (પ્ર) સર્વ પ્રથમ (દેવાનામ્) દેવતાઓ તથા બ્રહ્માંડોની (જજ્ઞે) ઉત્પત્તિના જ્ઞાનને (વિદ્વાનસ્ય) જિજ્ઞાસુ ભકતનો (ય:) જે (બન્ધુ:) વાસ્તવિક સાથી એટલે કે પૂર્ણ પરમાત્મા જ પોતાના નિજ સેવકને (જનિમા) પોતાના દ્વારા સૃજન થયેલાને (વિવકિત) સ્વયં/પોતે જ ઠીક-ઠીક વિસ્તારપૂર્વક બતાવે છે કે (બ્રહ્મણ:)

પૂર્ણ પરમાત્માએ (મધ્યાત્) પોતાના મધ્યથી એટલે કે શબ્દશક્તિથી (બ્રહ્મ:) બ્રહ્મ-ક્ષરપુરુષ એટલે કે કાળને (ઉજ્જભાર) ઉત્પન્ન કરીને (વિશ્વા) પુરા સંસારને એટલે કે સર્વ લોકોને (ઉચ્ચૈ:) ઉપર સતલોક વગેરે (નિચૈ:) નીચે પરબ્રહ્મ તથા બ્રહ્મના સર્વ બ્રહ્માંડ (સ્વધા) પોતાની ધારણ કરવાવાળી (અભિ:) આકર્ષણ શક્તિથી (પ્ર તસ્થૌ) બન્નેને સારી રીતે સ્થિત કર્યા.

**ભાવાર્થ :** પૂર્ણપરમાત્મા પોતાના દ્વારા રચેલી સૃષ્ટિનું જ્ઞાન તથા સર્વ આત્માઓની ઉત્પત્તિનું જ્ઞાન પોતાના નિજી (અંગત) દાસને સ્વયં જ (પોતે જ) સાચું બતાવે છે કે પૂર્ણપરમાત્માએ પોતાના મધ્ય એટલે કે પોતાના શરીરથી પોતાની શબ્દશક્તિ દ્વારા બ્રહ્મ (ક્ષરપુરુષ - કાળ)ની ઉત્પત્તિ કરી તથા સર્વ બ્રહ્માંડોને - ઉપર સતલોક, અલખ લોક, અગમ લોક, અનામી લોક વગેરે તથા નીચે પરબ્રહ્મના સાત સંખ બ્રહ્માંડ તથા બ્રહ્મના 21 બ્રહ્માંડોને પોતાની ધારણ કરવાવાળી આકર્ષક શક્તિથી રોકી રાખ્યા છે.

જેમ કે પૂર્ણપરમાત્મા કબીર પરમેશ્વરે (કવિર્દેવે) પોતાના નિજી (અંગત) સેવક એટલે કે સખા શ્રી ધર્મદાસજી, માનનીય ગરીબદાસજી વગેરેને પોતાના દ્વારા રચવામાં આવેલ સૃષ્ટિનું જ્ઞાન સ્વયં જ (પોતે જ) બતાવ્યું. ઉપરોક્ત વેદમંત્ર પણ આનું જ સમર્થન કરી રહ્યા છે.

અથર્વવેદ કાંડ નં. 4 અનુવાક નં. 1, મંત્ર નં. 4

***સ: હિ દિવ: સ: પૃથિવ્યા ઋતસ્થા મહી ક્ષેમં રોદસી અસ્કભાયત્ ।***
***મહાન્ મહી અસ્કભાયદ્ વિ જાતો દ્યાં સદમ પાર્થિવં ચ રજ: ॥ 4 ॥***

**અનુવાદ :** (સ:) તે જ સર્વશક્તિમાન પરમાત્માએ (હિ) નિ:સંદેહ (દિવ:) ઉપરના ચારેય દિવ્ય લોક જેમ કે સત્ય લોક, અલખ લોક, અગમ લોક તથા અનામી એટલે કે અકહ લોક એટલે કે દિવ્ય ગુણો યુક્ત લોકોને (ઋતસ્થા) સત્ય સ્થિર એટલે કે અજરઅમર રૂપથી સ્થિર કર્યા (સ) તેમના જેવા (પૃથિવ્યા) નીચેના પૃથ્વીવાળા સર્વલોક જેમકે પરબ્રહ્મના સાત સંખ તથા બ્રહ્મ કાળના એકવીસ બ્રહ્માંડ (મહી) પૃથ્વી તત્ત્વથી (ક્ષેમમ્) સુરક્ષાની સાથે (અસ્કભાયત્) રોકી રાખ્યા (રોદસી) આકાશ તત્ત્વ તથા પૃથ્વી તત્ત્વ બંનેથી ઉપર નીચેના બ્રહ્માંડોને **[**જેમ કે આકાશ એક સૂક્ષ્મ તત્ત્વ છે, આકાશનો ગુણ શબ્દ છે, પૂર્ણ પરમાત્મા એ ઉપરના લોક શબ્દ રૂપે રચ્યા જે તેજપુંજના બનાવેલા છે તથા નીચેના પરબ્રહ્મ (અક્ષરપુરુષ) ના સપ્ત સંખ બ્રહ્માંડ તથા બ્રહ્મ-ક્ષર પુરુષના એકવીસ બ્રહ્માંડોને પૃથ્વી તત્ત્વથી અસ્થાયી રચ્યા**]** (મહાન્) પૂર્ણ પરમાત્માએ (પાર્થિવમ્) પૃથ્વીવાળા (વિ) જુદા-જુદા (ધામ) લોક (ચ) અને (સદમ્) આવાસ સ્થાન (મહી) પૃથ્વી તત્ત્વથી (રજ:) પ્રત્યેક બ્રહ્માંડમાં નાના-નાના લોકોની (જાત:) રચના કરીને (અસ્કભાયત્) સ્થિર કર્યા.

**ભાવાર્થ :** ઉપરના ચારેય લોક - સત્યલોક, અલખ લોક, અગમ લોક, અનામી લોક - આ તો અજર-અમર સ્થાયી એટલે કે અવિનાશી રચ્યા છે તથા નીચેના બ્રહ્મ તથા પરબ્રહ્મના લોકોની અસ્થાયી રચના કરીને તથા અન્ય નાના-નાના લોક પણ તે જ પરમેશ્વરે રચીને સ્થિર કર્યા.

અથર્વવેદ કાંડ નં. 4 અનુવાક નં. 1, મંત્ર નં. 5

***સ: બુધ્ન્યાદાષ્ટ્ર જનુષોડભ્યગ્રં બૃહસ્પતિર્દેવતા તસ્ય સમ્રાટ્ ।***
***અહર્યચ્છુકં જ્યોતિષો જનિષ્ટાથ ધુમન્તો વિ વસન્તુ વિપ્રા: ।। 5 ।।***

**અનુવાદ :** (સ:) તે જ (બુધ્ન્યાત) મૂળ માલિકથી (અભિ-અગ્રમ્) સૌ પ્રથમ સ્થાન પર (આષ્ટ્ર) અષ્ટંગી માયા-દુર્ગા એટલે કે પ્રકૃતિ દેવી (જનુષે:) ઉત્પન્ન થઈ કારણ કે નીચેના પરબ્રહ્મ તથા બ્રહ્મના લોકોનું પ્રથમ સ્થાન સતલોક છે, આ ત્રીજું ધામ પણ કહેવાય છે. (તસ્ય) આ દુર્ગાનો પણ માલિક આ જ (સમ્રાટ) રાજાધિરાજ (બૃહસ્પતિ:) સૌથી મોટો પતિ તથા જગતગુરૂ (દેવતા) પરમેશ્વર છે. (યત્) જેનાથી (અહ:) બધાનો વિયોગ થયો (અથ) એના પછી (જ્યોતિષ:) જ્યોતિરૂપ નિરંજન એટલે કે કાળના (શુક્રમ્) વીર્ય એટલે કે બીજશકિતથી (જનિષ્ટ) દુર્ગાના ઉદરથી ઉત્પન્ન થઈને (વિપ્રા:) ભકત આત્માઓ (વિ) અલગથી (ધુમન્ત:) મનુષ્યલોક તથા સ્વર્ગલોકમાં જ્યોતિ નિરંજનના આદેશથી દુર્ગાએ કહ્યું (વસન્તુ) નિવાસ કરો એટલે કે તે આત્માઓ નિવાસ કરવા લાગી - રહેવા લાગી.

**ભાવાર્થ :** પૂર્ણપરમાત્માએ ઉપરના ચારેય લોકોમાંથી જે નીચેથી સૌથી પ્રથમ એટલે કે સત્યલોકમાં આષ્ટ્રા એટલે કે અષ્ટાંગી (પ્રકૃતિ દેવી / દુર્ગા) ની ઉત્પત્તિ કરી. આજ રાજાધિરાજ, જગત ગુરુ, પૂર્ણ પરમેશ્વર (સત પુરુષ) છે, જેનાથી બધાનો વિયોગ થયો છે. પછી સર્વે (બધા) પ્રાણી જ્યોતિ નિરંજન (કાળ)ના (વીર્ય) બીજથી દુર્ગા (આષ્ટ્રા)ના ગર્ભ દ્વારા ઉત્પન્ન થઈને સ્વર્ગલોક તથા પૃથ્વીલોક પર નિવાસ કરવા લાગ્યા.


અથર્વવેદ કાંડ નં. 4 અનુવાક નં. 1, મંત્ર 6

***નૂનં તદસ્ય કાવ્યો હિનોતિ મહો દેવસ્ય પૂર્વ્યસ્ય ધામ ।***
***એષ જજ્ઞે બહુભિ: સાકમિત્થા પૂર્વે અર્ધે વિષિતે સસન્ નુ ।। 6 ।।***

**અનુવાદ :** (નૂનમ્) નિ:સંદેહ (તત્) તે પૂર્ણ પરમેશ્વર એટલે કે તત બ્રહ્મ જ (અસ્ય) આ (કાવ્ય:) ભકત આત્મા જે પૂર્ણ પરમેશ્વરની ભકિત વિધિવત કરે છે ને પરત (મહ:) સર્વશકિતમાન (દેવસ્ય) પરમેશ્વરના (પૂર્વ્યસ્ય) પહેલાના (ધામ) લોકમાં એટલે કે સતલોકમાં (હિનોતી) મોકલે છે.

(પૂર્વે) પહેલાવાળા (વિષિતે) વિશેષ ચાહેલા - પ્રિય એવા (એષ) આ પરમેશ્વરને તથા (જજ્ઞે) સૃષ્ટિ ઉત્પત્તિના જ્ઞાનને જાણીને (બહુભિ:) ખૂબ આનંદ (સાકમ્) ની સાથે (અર્ધે) અડધું (સસન્) ઊંઘતો રહીને (ઇત્થા) વિધિવત્ આ પ્રમાણે (નુ) આત્માથી સાચી સ્તુતિ કરે છે.

**ભાવાર્થ :** તે જ પૂર્ણ પરમેશ્વર સત્ય સાધના કરવાવાળા સાધકને તે જ પહેલાવાળા સ્થાન - અગાઉના સ્થાન (સત્યલોક) માં લઈ જાય છે, જ્યાંથી વિખુટા પડીને આવ્યા હતા. ત્યાં તે વાસ્તવિક સુખદાયી પ્રભુને પ્રાપ્ત કરીને ખુશીથી આત્મવિભોર થઈને મસ્તીથી સ્તુતિ કરે છે કે હે પરમાત્મા અસંખ્ય જન્મોના ભટકેલાને વાસ્તવિક સ્થાન (ઠેકાણું) મળી ગયું. આનું જ પ્રમાણ પવિત્ર ઋગ્વેદ મંડલ 10, સુકત 90, મંત્ર 16માં પણ છે.




**ઉપર મૂળ નીચે શાખાવાળું ઊંધું લટકેલું સંસારરૂપી વૃક્ષાનું ચિત્ર**

માનનીય ગરીબદાસજીને આ જ પ્રમાણે પૂર્ણ પરમાત્મા કવિર્દેવ (કબીર પરમેશ્વર) સ્વયં સત્યભક્તિ આપીને સત્યલોક લઈને ગયા હતા, ત્યારે પોતાની અમૃતવાણીમાં માનનીય ગરીબદાસજી મહારાજે નજરોથી જોઈને કહ્યું :

*ગરીબ, અજબ નગર મેં લે ગયે, હમકું સત્ગુરુ આન ।*

*ઝિલકે બિમ્બ અગાધ ગતિ, સૂતે ચાદર તાન ॥*

અથર્વવેદ કાંડ નં. 4 અનુવાક નં. 1 મંત્ર 7

*યોડથર્વાણં પિત્તરં દેવબન્ધું બૃહસ્પતિં નમસાવ ચ ગચ્છાત્ ।*

*ત્વં વિશ્વેષાં જનિતા યથાસઃ કવિર્દેવો ન દભાયત્ સ્વધાવાન્ ॥ 7 ॥*

**અનુવાદ :** (યઃ) જે (અથર્વાણમ્) અચલ એટલે કે અવિનાશી (પિત્તરમ્) જગતપિતા (દેવ બન્ધુમ્) ભકતોનો વાસ્તવિક સાથી એટલે કે આત્માનો આધાર (બૃહસ્પતિમ્) જગત ગુરૂ (ચ) તથા (નમસા) વિનમ્ર પૂજારી એટલે કે વિધિવત સાધકને (અવ) સુરક્ષાની સાથે (ગચ્છાત) સતલોક ગયેલાઓને એટલે કે જેમનો પૂર્ણ મોક્ષ થઇ ગયો, તે સત્ય લોકમાં જઇ ચૂકયા છે. તેમને સતલોક લઈ જવાવાળા (વિશ્વેષામ્) સર્વ બ્રહ્માંડોની (જનિતા) રચના કરવાવાળા જગદમ્બા એટલે કે માતાવાળા ગુણોથી પણ યુકત (ન દભાયત) કાળની જેમ દગો ન દેવાવાળા (સ્વધાવાન્), સ્વભાવ એટલે કે ગુણોવાળા (યથા) જેમ છે તેમ એટલે કે તેવા જ (સઃ) તે (ત્વમ્) તમે (કવિર્દેવઃ/કવિર્દેવઃ) કવિર્દેવ છો એટલે કે અલગ ભાષાના કારણે એને કબીર પરમેશ્વર પણ કહે છે.

ભાવાર્થ : આ મંત્રમાં આ પણ સ્પષ્ટ કરી દીધું છે કે તે પરમેશ્વરનું નામ કવિર્દેવ એટલે કે કબીર પરમેશ્વર છે, જેણે સર્વ રચના કરી છે.

જે પરમેશ્વર અચળ એટલે કે વાસ્તવમાં અવિનાશી (ગીતા અધ્યાય 15 શ્લોક-16, 17 માં પણ પ્રમાણ છે) જગત ગુરુ, આત્માધાર, જે પૂર્ણ મુકત થઈને સતલોક ગયા છે તેમને સતલોકમાં લઈ જવાવાળા, સર્વ બ્રહ્માંડોના રચનહાર, કાળ (બ્રહ્મ)ની જેમ દગો ન દેવાવાળા જેમ છે તેમ (જેવા છે તેવા જ) તે સ્વયં કવિર્દેવ એટલે કે કબીર પ્રભુ છે. આ જ પરમેશ્વર સર્વ બ્રહ્માંડો તથા પ્રાણીઓને પોતાની શબ્દશકિતથી ઉત્પન્ન કરવાના કારણે (જનિતા) માતા પણ કહેવાય છે તથા (પિત્તરમ્) પિતા તથા (બન્ધુ) ભાઈ પણ વાસ્તવમાં આ જ છે તથા (દેવ) પરમેશ્વર પણ આ જ છે. એટલા માટે આ જ કવિર્દેવ (કબીર પરમેશ્વર)ની સ્તુતિ કર્યા કરે છે. ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ત્વમેવ બન્ધુ ચ સખા ત્વમેવ, ત્વમેવ વિદ્યા ચ દ્રવિણંમ ત્વમેવ, ત્વમેવ સર્વં મમ્ દેવ દેવ. આ જ પરમેશ્વરની મહિમાનું પવિત્ર ઋગ્વેદ મંડલ નં. 1, સૂકત નં. 24 માં વિસ્તૃત વિવરણ છે.

## ❁ ''પવિત્ર ઋગ્વેદમાં સૃષ્ટિરચનાનું પ્રમાણ''

ઋગ્વેદ મંડલ 10 સૂકત 90 મંત્ર 1

***સહસ્ત્રશીર્ષા પુરુષ: સહસ્ત્રાક્ષ: સહસ્ત્રપાત્ ।***

***સ ભૂમિં વિશ્વતોં વૃત્વાત્યતિષ્ઠદ્શાઙ્ગુલમ ॥ 1 ॥***

**અનુવાદ :** (પુરુષ:) વિરાટરૂપ કાળ ભગવાન એટલે કે ક્ષરપુરુષ (સહસ્ત્રશિર્ષા) હજાર માથાવાળા (સહસ્રાક્ષ:) હજાર આંખોવાળા (સહસ્ત્રપાત્) હજાર પગવાળા (સ) તે કાળ (ભૂમિમ) પૃથ્વીવાળા એકવીસ બ્રહ્માંડોને (વિશ્વત:) બધી બાજુએથી (દશંગુલમ્) દસે આંગળીઓથી એટલે કે પૂર્ણરૂપથી કાબૂમાં કરી રાખીને (વૃત્વા) ગોળાકાર ઘેરામાં ઘેરીને (અત્યાતિષ્ઠત્) આનાથી આગળ એટલે કે પોતાના કાળલોકમાં સૌથી ન્યારો / અલગ પણ એકવીસમા બ્રહ્માંડમાં બેઠેલો છે એટલે કે રહે છે.

**ભાવાર્થ :** આ મંત્રમાં વિરાટ (કાળ/બ્રહ્મ) નું વર્ણન છે. (ગીતા અધ્યાય-10-11 માં આ જ કાળ/બ્રહ્મનું આવું જ વર્ણન છે. અધ્યાય-11 મંત્ર નં. 46 માં અર્જુને કહ્યું છે કે સહસ્રાબાહુ એટલે કે હજાર ભૂજાવાળા આપ આપના ચર્તુભુજ રૂપમાં દર્શન આપો.)

જેના હજારો હાથ, પગ, આંખો, કાન વગેરે છે તે વિરાટરૂપ કાળ પ્રભુ પોતાના આધીન સર્વ પ્રાણીઓને પૂર્ણ કાબૂમાં કરીને એટલે કે વીસ બ્રહ્માંડોને ગોળાકાર પરિધિમાં રોકીને સ્વયં એમનાથી ઉપર (જુદો) એકવીસમાં બ્રહ્માંડમાં બેઠેલો છે.

ઋગ્વેદ મંડલ નં. 10 સુકત 90 મંત્ર 2

***પુરુષ એવેદં સર્વં યદભૂતં યચ્ચ ભાવ્યમ્ ।***

***ઉતામૃતત્ત્વસ્યેશાનો યદન્નેનાતિરોહતિ ॥ 2 ॥***

**અનુવાદ :** (એવ) આ જ પ્રમાણે થોડાક અંશે સાચી રીતે (પુરુષ) ભગવાન છે તે અક્ષરપુરુષ એટલે કે પરબ્રહ્મ છે. (ચ) અને (ઇદમ્) આ (યત્) જે (ભૂતમ્) ઉત્પન્ન થયેલ છે (યત્) જે (ભાવ્યમ્) ભવિષ્યમાં થશે (સર્વમ્) બધા (યત્) પ્રયત્નથી એટલે કે મહેનત દ્વારા (અન્નેન) અન્નથી (અતિરોહતિ) વિકસિત થાય છે. આ અક્ષરપુરુષ પણ (ઉત) શંકાયુકત (અમૃતત્વસ્ય) મોક્ષનો (ઇશાન:) સ્વામી છે એટલે કે ભગવાન તો અક્ષરપુરુષ પણ થોડાક અંશે સાચો છે. પરંતુ પૂર્ણ મોક્ષદાયક નથી.

**ભાવાર્થ :** આ મંત્રમાં પરબ્રહ્મ (અક્ષરપુરુષ) નું વિવરણ છે જે થોડાક ભગવાનવાળા લક્ષણોથી યુકત છે, પરંતુ આની ભકિતથી પણ પૂર્ણ મોક્ષ સંભવ નથી, એટલા માટે આને સંદેહયુકત (શંકાયુકત) મુકિતદાતા કહ્યો છે. આને થોડોક (કેટલાક) પ્રભુના ગુણો યુકત એટલા માટે કહ્યો છે કે આ કાળની જેમ તપ્તશીલા પર સેકીને ખાતો નથી. પરંતુ આ પરબ્રહ્મના લોકમાં પણ પ્રાણીઓને પરિશ્રમ (મહેનત/મજૂરી) કરીને કર્માધાર મુજબ જ ફળ પ્રાપ્ત થાય છે તથા અન્નથી જ સર્વ પ્રાણીઓના શરીર વિકસિત થાય છે. જન્મ તથા મૃત્યુનો સમય ભલે જ કાળ (ક્ષરપુરુષ) થી અધિક છે,

પરંતુ તેમ છતાં પણ ઉત્પત્તિ, પ્રલય તથા ચોર્યાસી લાખ યોનિઓમાં યાતના (પીડા, દુ:ખ) તો બની જ રહે છે.

ઋગ્વેદ મંડલ 10, સુકત 90, મંત્ર 3

***એતાવાનસ્ય મહિમાતો જ્યાયાઁશ્ચ પુરુષ: ।***

***પાદોઽસ્ય વિશ્વા ભૂતાનિ ત્રિપાદસ્યામૃતં દિવિ ॥ 3 ॥***

**અનુવાદ :** (અસ્ય) આ અક્ષરપુરુષની એટલે કે પરબ્રહ્મની તો (એતાવાન્) આટલી જ (મહિમા) પ્રભુતા છે (ચ) તથા (પુરુષ:) તે પરમ અક્ષર બ્રહ્મ એટલે કે પૂર્ણ બ્રહ્મ પરમેશ્વર તો (અત:) આનાથી પણ (જ્યાયાન્) મોટો છે (વિશ્વા) સમસ્ત (ભૂતાનિ) ક્ષર પુરુષ તથા અક્ષર પુરુષ તથા એમના તમામ લોકોમાં તથા સત્યલોક તથા એ લોકોમાં જેટલા પણ પ્રાણીઓ છે (અસ્ય) આ પૂર્ણ પરમાત્મા પરમ અક્ષરપુરુષનો (પાદ:) એક પગ છે એટલે કે એક અંશ માત્ર છે. (અસ્ય) આ પરમેશ્વરના (ત્રિ) ત્રણ (દિવિ) દિવ્ય લોક જેમ કે સત્યલોક-અલખ લોક - અગમ લોક (અમૃતમ્) અવિનાશી (પાદ્) બીજો પગ છે એટલે કે જે કંઈ પણ સર્વ બ્રહ્માંડોમાં ઉત્પન્ન છે તે સત્યપુરુષ પૂર્ણપરમાત્માના જ અંશ અથવા અંગ છે.

**ભાવાર્થ :** આ ઉપરોકત મંત્ર-2માં વર્ણિત અક્ષર પુરુષ (પરબ્રહ્મ)ની તો આટલી જ મહિમા છે તથા તે પૂર્ણપુરુષ કવિર્દેવ તો આનાથી પણ મોટો છે એટલે કે સર્વશકિતમાન છે તથા સર્વે બ્રહ્માંડ તેના જ અંશ માત્ર પર ટકી રહ્યા છે. આ મંત્રમાં ત્રણ લોકોનું વર્ણન એટલા માટે છે કારણ કે ચોથો અનામી (અનામય) લોક અન્ય રચનાથી પહેલાનો (અગાઉનો) છે. આ જ ત્રણેય પ્રભુઓ (ક્ષર પુરુષ, અક્ષર પુરુષ તથા આ બંનેથી અન્ય પરમ અક્ષર પુરુષ)નું વિવરણ શ્રીમદ્ ભાગવત ગીતાના અધ્યાય-15 ના શ્લોક 16-17 માં છે [આનું જ પ્રમાણ માનનીય ગરીબદાસ સાહેબજી કહે છે કે :-

***ગરીબ, જાકે અર્ધ રુમ પર સકલ પસારા, ઐસા પૂર્ણ બ્રહ્મ હમારા ॥***

***ગરીબ, અનન્ત કોટિ બ્રહ્માંડ કા, એક રતિ નહીં ભાર ।***

***સતગુરુ – પુરુષ કબીર હૈં, કુલ કે સૃજનહાર ॥***

આનું જ પ્રમાણ, માનનીય દાદુ સાહેબજી કહી રહ્યા છે કે :-

***જિન મોકું નિજ નામ દિયા, સોઈ સતગુરુ હમાર ।***

***દાદૂ દૂસરા કોએ નહીં, કબીર સૃજનહાર ॥***

આનું જ પ્રમાણ માનનીય નાનક સાહેબજી આપે છે કે :-

***યક અર્જ ગુફતમ પેશ તો દર કૂન કરતાર ।***

***હક્કા કબીર કરીમ તૂ, બે એબ પરવરદિગાર ॥***

(શ્રી ગુરુ ગ્રંથ સાહેબ, પાન નં. 721, મહલા 1, રાગ તિલંગ) કૂન કરતારનો અર્થ થાય છે સર્વનો રચનહાર એટલે કે શબ્દશકિતથી રચના કરવાવાળા શબ્દસ્વરૂપી પ્રભુ, હક્કા કબીરનો અર્થ છે સત્ કબીર, કરીમનો અર્થ- દયાળુ, પરવરદિગારનો અર્થ પરમાત્મા છે]

ઋગ્વેદ મંડલ-10, સૂકત નં. 90, મંત્ર નં. 4

*ત્રિપાદૂર્દ્વ ઉદૈત્પુરુષ: પાદોડસ્યેહાભવત્પુન: ।*
*તતો વિષ્વ ડ્વ્યક્રામત્સાશનાનશને અભિ ॥ 4 ॥*

**અનુવાદ :** (પુરુષ:) આ પરમ અક્ષર બ્રહ્મ એટલે કે અવિનાશી પરમાત્મા (ઉર્ધ્વ:) ઉપર (ત્રિ) ત્રણ લોક - જેમ કે સત્યલોક - અલખ લોક - અગમ લોકરૂપ (પાદ) પગ એટલે કે ઉપરના ભાગમાં (ઉદૈત્) પ્રગટ થાય છે એટલે કે બિરાજમાન છે (અસ્ય) આ જ પરમેશ્વર પૂર્ણબ્રહ્મનો (પાદ:) એક પગ એટલે કે એક હિસ્સો/ભાગ જગતરૂપ (પુનર) ફરીથી (ઇહ) અહિંયા (અભવત્) પ્રગટ થાય છે (તત:) એટલા માટે (સ:) તે અવિનાશી પૂર્ણપરમાત્મા (અશનાનશને) ખાવાવાળા કાળ એટલે કે ક્ષર પુરુષ તથા ન ખાવાવાળા પરબ્રહ્મ એટલે કે અક્ષર પુરુષના પણ (અભિ) ઉપર (વિશ્વડ્) સર્વત્ર (વ્યક્રામત) વ્યાપત છે એટલે કે તેની પ્રભુતા સર્વ બ્રહ્માંડો તથા સર્વ પ્રભુઓ પર છે તે કુલનો માલિક છે. જેણે પોતાની શકિતને સર્વની ઉપર ફેલાવેલી છે.

**ભાવાર્થ :** આ જ સર્વ સૃષ્ટિ રચનહાર પ્રભુ પોતાની રચનાના ઉપરના ભાગમાં ત્રણેય સ્થાનો (સતલોક, અલખલોક, અગમલોક)માં ત્રણરૂપમાં સ્વયં પ્રગટ થાય છે એટલે કે સ્વયં જ બિરાજમાન છે. અહીંયા અનામી લોકનું વર્ણન એટલા માટે નથી કર્યું કારણ કે અનામી લોકમાં કોઈ રચના નથી તથા અકહ (અનામય) લોક શેષ રચનાથી પૂર્વેનો છે. પછી કહ્યું છે કે તે જ પરમાત્માના સત્યલોકથી વિખૂટા પડીને નીચેના બ્રહ્મ તથા પરબ્રહ્મના લોક ઉત્પન્ન થાય છે અને તે પૂર્ણ પરમાત્મા ખાવાવાળા બ્રહ્મ એટલે કે કાળથી (કારણકે બ્રહ્મ/કાળ વિરાટ, શ્રાપવશ એક લાખ માનવશરીરધારી પ્રાણીઓને ખાય છે) તથા ન ખાવાવાળા પરબ્રહ્મ એટલે કે અક્ષરપુરુષથી (પરબ્રહ્મ પ્રાણીઓને ખાતા નથી, પરંતુ જન્મ-મૃત્યુ, કર્મદંડ જેમનું તેમ બની રહે છે) પણ ઉપર સર્વત્ર વ્યાપ્ત છે એટલે કે આ પૂર્ણ પરમાત્માની પ્રભુતા સર્વ (બધા)ના ઉપર છે, કબીર પરમેશ્વર જ કુલ (સર્વશ્વ)નો માલિક છે. જેણે પોતાની શકિતને સર્વ (બધા)ના ઉપર ફેલાવી રાખી છે જેમ કે સૂર્ય પોતાના પ્રકાશને બધાની ઉપર ફેલાવીને પ્રભાવિત કરે છે, એમ પૂર્ણ પરમાત્માએ પોતાની શકિતરૂપી રેંજ (ક્ષમતા) ને સર્વ બ્રહ્માંડોને નિયંત્રિત રાખવા માટે છોડી રાખેલ છે. જેમ કે મોબાઇલ ફોનનું ટાવર એક દેશીય (એક જગ્યાએ) હોવા છતાં પોતાની શક્તિ એટલે કે મોબાઇલ ફોનની રેંજ (ક્ષમતા) ચારેબાજુ ફેલાવતું રહે છે. આ જ પ્રમાણે પૂર્ણપરમાત્માએ પોતાની નિરાકાર શકિત સર્વવ્યાપક કરી છે, જેનાથી પૂર્ણ પરમાત્મા સર્વ બ્રહ્માંડોને એક સ્થાન પર બેસીને નિયંત્રિત રાખે છે.

આનું જ પ્રમાણ માનનીય ગરીબદાસજી મહારાજ આપી રહ્યા છે (અમૃતવાણી રાગ કલ્યાણ)

***તીન ચરણ ચિંતામણી સાહેબ, શેષ બદન પર છાએ ।***
***માતા, પિતા, કુલ ન બંધુ, ના કિન્હેં જનની જાયે ॥***

મંડલ 10, સુકત 90, મંત્ર 5

***તસ્માદ્વિરાળજાયત વિરાજો અધિ પુરુષ: ।***

***સ જાતો અત્યરિચ્યત પશ્ચાદભૂમિમથો પુર: ॥ 5 ॥***

**અનુવાદ :** (તસ્માત્) ત્યારબાદ તે પરમેશ્વર સત્યપુરુષની શબ્દશકિતથી (વિરાટ) વિરાટ એટલે કે બ્રહ્મ જેને ક્ષરપુરુષ તથા કાળ પણ કહે છે (અજાયત) ઉત્પન્ન થયેલ છે (પશ્ચાત) એના પછી (વિરાજ:) વિરાટ પુરૂષ એટલે કે કાળ ભગવાનથી (અધિ) મોટા (પુરુષ:) પરમેશ્વરે (ભૂમિમ) પૃથ્વીવાળા લોક, કાળબ્રહ્મના તથા પરબ્રહ્મના લોકને (અત્યરિચ્યત) સારી રીતે રચ્યા (અથ:) પછી (પુર:) અન્ય નાના-નાના લોક (સ) તે પૂર્ણપરમેશ્વરે જ (જાત:) ઉત્પન્ન કર્યા એટલે કે સ્થાપિત કર્યા.

**ભાવાર્થ :** ઉપરોકત મંત્ર 4 માં વર્ણિત ત્રણેય લોકો (અગમલોક, અલખ લોક તથા સતલોક) ની રચના કર્યા પછી પૂર્ણપરમાત્માએ જ્યોતિ નિરંજન (બ્રહ્મ)ની ઉત્પત્તિ કરી એટલે કે તે જ સર્વ શકિતમાન પરમાત્મા પૂર્ણ બ્રહ્મ કવિર્દેવ (કબીર પ્રભુ) થી જ વિરાટ એટલે કે બ્રહ્મ (કાળ) ની ઉત્પત્તિ થઈ. આ જ પ્રમાણ ગીતા અધ્યાય-3, મંત્ર 15 માં છે કે અક્ષરપુરુષ એટલે કે અવિનાશી પ્રભુથી બ્રહ્મ ઉત્પન્ન થયો, આ જ પ્રમાણ અથર્વવેદ કાંડ-4 અનુવાક-1 સૂકત-3 માં છે કે પૂર્ણબ્રહ્મથી બ્રહ્મની ઉત્પત્તિ થઈ. તે જ પૂર્ણબ્રહ્મે (ભૂમિમ) ભૂમિ વગેરે નાના-મોટા સર્વ લોકોની રચના કરી. તે પૂર્ણબ્રહ્મ આ વિરાટ ભગવાન એટલે કે બ્રહ્મથી પણ મોટો છે એટલે કે એનો પણ માલિક છે. [ગીતામાં અર્જુનને ગીતા બોલવાવાળા બ્રહ્મ ભગવાન કહે છે કે અર્જુન તું તે પરમેશ્વરની શરણમાં જા, ત્યાં ગયેલા ફરી પાછા અહીં નથી આવતા. તે પરમેશ્વર પણ મારો આરાધ્ય (પૂજ્ય) દેવ છે]

મંડલ 10 સૂકત 90, મંત્ર-15

***સપ્તાસ્યાસન્પરિધયસ્ત્રિ: સપ્ત સમિધ: કૃતા: ।***

***દેવા યદ્યજ્ઞં તન્વાના અબધ્નન્પુરુષં પશુમ ॥ 15 ॥***

**અનુવાદ :** (સપ્ત) સાત સંખ બ્રહ્માંડ તો પરબ્રહ્મના તથા (ત્રિસપ્ત) એકવીસ બ્રહ્માંડ કાળ બ્રહ્મના (સમધિ:) કર્મ દંડ દુ:ખરૂપી આગથી દુ:ખી (કૃતા:) કરવાવાળા (પરિધય:) ગોળાકાર ઘેરા રૂપ સીમામાં (આસન્) વિદ્યમાન છે (યત્) જે (પુરુષમ્) પૂર્ણપરમાત્માની (યજ્ઞમ્) વિધિવત ધાર્મિક કર્મ એટલે કે પૂજા કરે છે (પશુમ) બલીના પશુ રૂપી કાળની જાળમાં કર્મબંધનમાં બંધાયેલા (દેવા) ભકત આત્માઓને (તન્વાના:) કાળના દ્વારા રચેલી એટલે કે ફેલાવવામાં આવેલી પાપકર્મ બંધનની જાળથી (અબધ્નન્) બંધન રહિત કરે છે એટલે કે બંદી છોડાવવાવાળા બંદી છોડ છે.

**ભાવાર્થ :** સાત સંખ બ્રહ્માંડ પરબ્રહ્મના તથા એકવીસ બ્રહ્માંડ બ્રહ્મના છે જેમાં ગોળાકાર સીમામાં બંધ પાપકર્મોની અગ્નિમાં બળી રહેલા પ્રાણીઓને વાસ્તવિક પૂજા વિધિ બતાવીને સાચી ઉપાસના કરાવે છે જેના કારણે બલી ચઢાવવાના પશુની જેમ જન્મમૃત્યુના કાળ (બ્રહ્મ) ના ખાવા માટે તપ્તશિલાના કષ્ટથી પીડિત ભકતાત્માઓને

કાળની કર્મ બંધનની ફેલાવેલી જાળને તોડીને બંધન રહિત કરે છે એટલે કે બંધન છોડાવવાવાળા બંદીછોડ છે. આનું જ પ્રમાણ પવિત્ર યજુર્વેદ અધ્યાય-5, મંત્ર 32માં છે કે- **કવિરંઘારિસિ** (કવિર્) કબીર પરમેશ્વર (અંધ) પાપનો (અરિ) શત્રુ (અસિ) છે એટલે કે પાપ વિનાશક કબીર છે. **બમ્ભારિસિ** (બમ્ભારિ) બંધનનો શત્રુ એટલે કે બંદી છોડ કબીર પરમેશ્વર (અસિ) છે.

મંડલ 10, સુકત-90, મંત્ર 16

***યજ્ઞેન યજ્ઞમયજન્ત દેવાસ્તાનિ ધર્માણિ પ્રથમાન્યાસન ।***

***તે હ નાકં મહિમાન: સચન્ત યત્ર પૂર્વે સાધ્યા: સન્તિ દેવા: ॥ 16 ॥***

**અનુવાદ :** જે (દેવા:) નિર્વિકાર દેવ સ્વરૂપ ભકતાત્માઓ (અયજ્ઞમ્) અધૂરી ખોટી ધાર્મિક પૂજાના સ્થાને (યજ્ઞેન) સત્ય ભકિત ધાર્મિક કર્મના આધારે (અયજન્ત) પૂજા કરે છે (તાનિ)તે (ધર્માણિ) ધાર્મિક શકિત સંપન્ન (પ્રથમાનિ) મુખ્ય એટલે કે ઉત્તમ (આસન્) છે (તે હ) તે જ વાસ્તવમાં (મહિમાન:) મહાન ભકિતશકિત યુકત થઈને (સાધ્યા:) સફળ ભકતજન (નાકમ્) પૂર્ણ સુખદાયક પરમેશ્વરને (સચન્ત) ભકિત નિમિતકારણ એટલે કે સત્ ભકિતની કમાઈથી પ્રાપ્ત થાય છે, તે ત્યાં ચાલ્યા જાય છે (યત્ર) જ્યાં આગળ (પૂર્વે) પહેલાવાળી સૃષ્ટિના (દેવા:) પાપરહિત દેવ સ્વરૂપ ભકતઆત્માઓ (સન્તિ) રહે છે.

**ભાવાર્થ : જે નિર્વિકાર (જેમણે માંસ, દારૂ, તંબાકુના સેવનને ત્યજી દીધું છે તથા અન્ય બુરાઇયોથી રહિત છે તે) દેવ સ્વરૂપ ભક્ત આત્માઓ શાસ્ત્રવિધિ રહિત પૂજાને ત્યજીને શાસ્ત્ર અનુકૂળ સાધના કરે છે તે ભક્તિની કમાઈથી ધનવાન બનીને કાળના ઋણથી મુક્ત થઈને પોતાની સત્યભક્તિની કમાઈના કારણે તે સર્વ સુખદાયી પરમાત્માને પ્રાપ્ત કરે છે એટલે કે સતલોકમાં ચાલ્યા જાય છે જ્યાં આગળ સૌ પ્રથમ રચેલી સૃષ્ટિના દેવ સ્વરુપ એટલે કે પાપરહિત હંસ આત્માઓ રહે છે.**

જેમ કે અમુક આત્માઓ તો કાળ (બ્રહ્મ)ની જાળમાં ફસાઈને અહિંયા આવી ગયા, અમુક પરબ્રહ્મના સાત સંખ બ્રહ્માડોમાં આવી ગયા, તેમ છતાં અસંખ્ય આત્માઓ જેમનો વિશ્વાસ પૂર્ણપરમાત્મામાં અટલ રહ્યો, જે પતિવ્રતા પદથી પડ્યા નહિ તે ત્યાં જ રહી ગયા, એટલા માટે અહીંયા તે જ વર્ણન પવિત્ર વેદોએ પણ સત્ય બતાવ્યું છે. આ જ પ્રમાણ ગીતા અધ્યાય-8 ના શ્લોક 8 થી 10 માં વર્ણન છે કે જે સાધક પૂર્ણપરમાત્માની સત્ સાધના શાસ્રવિધિ અનુસાર કરે છે તે ભકિતની કમાઇના બળથી પૂર્ણપરમાત્માને પ્રાપ્ત થાય છે એટલે કે તેમની પાસે ચાલ્યો જાય છે. આનાથી સિદ્ધ થયું કે ત્રણ પ્રભુ છે-બ્રહ્મ- પરબ્રહ્મ- પૂર્ણબ્રહ્મ એમને જ (1) બ્રહ્મ- ઈશ- ક્ષરપુરૂષ (2) પરબ્રહ્મ-ઇશ્વર - અક્ષરપુરૂષ- અક્ષર બ્રહ્મ તથા (3) પૂર્ણ બ્રહ્મ- પરમ અક્ષર બ્રહ્મ- પરમેશ્વર - સતપુરૂષ વગેરે પર્યાયવાચી શબ્દોથી ઓળખવામાં આવે છે.

આજ પ્રમાણ ઋગ્વેદ મંડલ 9 સૂકત 96 મંત્ર 17 થી 20માં સ્પષ્ટ છે કે પૂર્ણપરમાત્મા કવિર્દેવ (કબીર પરમેશ્વર) શિશુ (બાળક) રૂપ ધારણ કરીને પ્રગટ

થાય છે તથા પોતાનું નિર્મળ જ્ઞાન એટલે કે તત્વજ્ઞાન (કવિર્ગીર્ભિ:) કબીર વાણીના દ્વારા પોતાના અનુયાયીઓને બોલી- બોલીને વર્ણન કરે છે. તે કવિર્દેવ (કબીર પરમેશ્વર) બ્રહ્મ (ક્ષરપુરુષ) ના ધામ તથા પરબ્રહ્મ (અક્ષરપુરુષ)ના ધામ થી અલગ - જુદું જે પૂર્ણ બ્રહ્મ (પરમઅક્ષર પુરુષ)નું ત્રીજું ૠતધામ (સતલોક) છે, તેમાં આકારમાં બિરાજમાન છે તથા સતલોકથી ચૌથું અનામી લોક છે, તેમાં પણ આ જ કવિર્દેવ (કબીર પરમેશ્વર) અનામી પુરૂષ રૂપમાં મનુષ્ય સદૃશ (સ્વરૂપી) આકારમાં બિરાજમાન છે.

## ❁ ''પવિત્ર શ્રીમદ્ દેવી મહાપુરાણમાં સૃષ્ટિરચનાનું પ્રમાણ''

### ''બ્રહ્મા, વિષ્ણુ તથા શિવના માતા–પિતા''

### *(દુર્ગા અને બ્રહ્મના યોગથી બ્રહ્મા, વિષ્ણુ અને શિવનો જન્મ)*

પવિત્ર શ્રીમદ્ દેવી મહાપુરાણમાં ત્રીજો સ્કંધ અધ્યાય 1-3 ગીતાપ્રેસ ગોરખપુરથી પ્રકાશિત અનુવાદ કર્તા શ્રી હનુમાનપ્રસાદ પોદ્દાર તથા ચિમનલાલ ગૌસ્વામીજી

પાના નં. 114 થી પાના નં. 118 સુધી વિવરણ છે કે કેટલાય આચાર્યો ભવાનીને સંપૂર્ણ મનોરથ (ઈચ્છાઓ) પૂર્ણ કરવાવાળી બતાવે છે. તે પ્રકૃતિ કહેવાય છે તથા બ્રહ્મની સાથે અભેદ સંબંધ ધરાવે છે જેમ પત્નીને અર્ધાંગિની પણ કહે છે એટલે કે દુર્ગા બ્રહ્મ (કાળ)ની પત્ની છે. એક બ્રહ્માંડની સૃષ્ટિરચનાના વિષયમાં રાજા શ્રી પરિક્ષીતના પૂછવાથી શ્રી વ્યાસજીએ બતાવ્યું કે મેં શ્રી નારદજીને પૂછયું હતું કે હે દેવર્ષે ! આ બ્રહ્માંડની રચના કઈ રીતે થઈ ? મારા આ પ્રશ્નના ઉત્તરમાં શ્રી નારદજીએ કહ્યું કે મેં પણ મારા પિતા શ્રી બ્રહ્માજીને પૂછ્યું હતું કે, હે પિતાશ્રી, આ બ્રહ્માંડની રચના તમે કરી અથવા શ્રી વિષ્ણુજી આના રચયિતા છે અથવા શિવજી એ રચના કરી છે ? સાચે સાચું બતાવવાની કૃપા કરો. ત્યારે મારા પૂજય પિતાશ્રી બ્રહ્માજીએ બતાવ્યું કે બેટા નારદ, મેં મને પોતાને કમળના ફૂલ ઉપર બેઠેલી હાલતમાં જોયો હતો, મને ખબર નથી કે આ અગાધ જળમાં હું કયાંથી ઉત્પન્ન થઈ ગયો ? એક હજાર વર્ષ સુધી પૃથ્વીનું અન્વેષણ કરતો રહ્યો, કયાંય જળનો ઓર- છોર (શરૂઆત-અંત) પામ્યો નહિ. પછી આકાશવાણી થઈ કે તપ કરો. એક હજાર વર્ષ સુધી તપ કર્યું. પછી સૃષ્ટિ કરવાની આકાશવાણી થઈ. એટલામાં મધુ તથા કૈટભ નામના બે રાક્ષસો આવ્યા, તેમના ભયથી હું કમળની ડાંડી પકડીને નીચે ઉતર્યો. ત્યાં ભગવાન વિષ્ણુજી શેષ શૈય્યા પર અચેત (બેભાન) પડ્યા હતા. તેમનામાંથી એક સ્ત્રી (પ્રેતની જેમ પ્રવેશેલ દુર્ગા) નીકળી. તે આકાશમાં આભૂષણ પહેરેલ હાલતમાં દેખાવા લાગી. ત્યારે ભગવાન વિષ્ણુ હોશમાં આવ્યા. હવે હું તથા વિષ્ણુજી બન્ને હતા. એટલામાં ભગવાન શંકર પણ આવી ગયા. દેવીએ અમને વિમાનમાં બેસાડ્યા તથા બ્રહ્મ લોકમાં લઈ ગઈ. ત્યાં એક બ્રહ્મા, એક વિષ્ણુ તથા એક શિવ અન્ય (બીજા જ) જોયા, પછી એક દેવીને જોઈ, તેને જોઈને વિષ્ણુજીએ વિવેક પૂર્વક નીચે મુજબનું વર્ણન કર્યું (બ્રહ્મ કાળે ભગવાન વિષ્ણુને ચેતના પ્રદાન કરી દીધી, તેને પોતાના બાળપણની યાદ આવી ગઇ ત્યારે બાળપણની વાર્તા સંભળાવી.)

પાના નં. 119-120 પર ભગવાન વિષ્ણુજીએ શ્રી બ્રહ્માજી તથા શ્રી શિવજીને કહ્યું કે આ આપણી ત્રણેયની માતા છે, આ જ જગત જનની પ્રકૃતિદેવી છે. મેં આ દેવીને ત્યારે જોઈ હતી જ્યારે હું નાનો સરખો બાળક હતો, આ મને હિંચકામાં (પાલણામાં) ઝુલાવી રહી હતી.

ત્રીજો સ્કંદ પાના નં. 123 પર શ્રી વિષ્ણુજીએ શ્રી દુર્ગાજીની સ્તુતિ કરતા કહ્યું- તમે શુદ્ધ સ્વરૂપા છો, આ સમગ્ર સંસાર તમારાથી જ ઉદ્ભાસિત થઈ રહ્યો છે, હું (વિષ્ણુ), બ્રહ્મા અને શંકર અમે બધા તમારી કૃપાથી જ વિદ્યમાન છીએ. અમારો આવિર્ભાવ (જન્મ) તથા તિરોભાવ (મૃત્યુ) થયા કરે છે એટલે કે અમે ત્રણેય દેવ નાશવાન છીએ, ફકત તમે જ નિત્ય (અવિનાશી) છો, જગતજનની છો, પ્રકૃતિ દેવી છો.

ભગવાન શંકર બોલ્યા- દેવી, અગર મહાભાગ વિષ્ણુ તમારાથી જ પ્રગટ (ઉત્પન્ન) થયા છે તો તેમના પછી ઉત્પન્ન થનાર બ્રહ્મા પણ તમારા જ બાળક થયા. પછી હું તમોગુણી લીલા કરવાવાળો શંકર શું તમારું સંતાન ન થયો ? એટલે કે મને પણ ઉત્પન્ન કરવાવાળાં તમે જ છો.

**વિચાર કરોઃ** ઉપરોકત વિવરણથી સિદ્ધ થયું કે શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી, શ્રી શિવજી નાશવાન છે. મૃત્યુંજય (અજર-અમર) તથા સર્વેશ્વર નથી તથા દુર્ગા (પ્રકૃતિ) ના પુત્રો છે તથા બ્રહ્મ (કાળ- સદાશિવ) એમના પિતા છે.

ત્રીજો સ્કંદ પાના નં. 125 પર બ્રહ્માજીએ પૂછ્યું કે, હે માતા! વેદોમાં જે બ્રહ્મ કહ્યા છે તે તમે જ છો કે કોઈ અન્ય પ્રભુ છે? આના ઉત્તરમાં અહીં તો દુર્ગા કહી રહી છે કે હું તથા બ્રહ્મ એક જ છીએ. પછી આ જ સ્કંદ પાના નં. 129 પર કહ્યું છે કે હવે મારું કાર્ય સિદ્ધ કરવા માટે વિમાન પર બેસીને તમે લોકો શીઘ્ર પધારો (જાઓ). કોઈ મુશ્કેલ કાર્ય કે પરિસ્થિતિ ઉભી થતા જ્યારે તમે મને યાદ કરશો, ત્યારે હું સામે આવી જઈશ. દેવતાઓ, મારુ (દુર્ગાનું) તથા બ્રહ્મનું ધ્યાન તમારે સદાય કરતા રહેવુ જોઈએ. અમારું બન્નેનું સ્મરણ કરતા રહેશો તો તમારા કાર્યો સિદ્ધ થવામાં જરા પણ સંદેહ (શંકા) નથી.

ઉપરોકત વ્યાખ્યાથી સ્વસિદ્ધ થાય છે કે દુર્ગા (પ્રકૃતિ) તથા બ્રહ્મ (કાળ) જ ત્રણેય દેવતાઓના માતા-પિતા છે તથા બ્રહ્મા- વિષ્ણુ- તથા શિવજી નાશવાન છે તથા પૂર્ણ શકિતયુકત નથી.

ત્રણેય દેવતાઓ (શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી, શ્રી શિવજી)ના લગ્ન દુર્ગા (પ્રકૃતિદેવી) એ કર્યા. પાના નં. 128-129 પર ત્રીજા સ્કંદમાં.

ગીતા અધ્યાય નંબર 7 નો શ્લોક નં. 12

***યે, ચ, એવ, સાત્વિકાઃ. ભાવાઃ. રાજસાઃ, તામસાઃ, ચ.યે. ।***

***મતઃ. એવ, ઈતિ, તાન, વિદ્ધિ, ન, તુ, અહમ, તેષુ, તે, મયિ ॥***

**અનુવાદ :-** (ચ) અને (એવ) પણ (યે) જે (સાત્વિકા:) સત્વગુણ વિષ્ણુજીથી સ્થિતિ (ભાવા:) ભાવ છે અને (યે) જે (રાજસા:) રજોગુણ બ્રહ્માજીથી ઉત્પત્તિ (ચ) તથા (તામસા:) તમોગુણ શિવથી સંહાર છે (તાન્)તે બધાને તું (મત:એવ) મારા દ્વારા સુનિયોજીત નિયમોનુસાર જ થવાવાળા છે (ઈતિ) એમ (વિદ્ધિ) જાણ (તુ) પરંતુ વાસ્તવમાં (તેષુ) તેમનામાં (અહમ્) હું અને (તે) તે (મયિ) મારામાં (ન) નથી.

## ❁ ''પવિત્ર શિવ મહાપુરાણમાં સૃષ્ટિરચનાનું પ્રમાણ''

### *(કાળ બ્રહ્મ તથા દુર્ગાથી વિષ્ણુ, બ્રહ્મા અને શિવની ઉત્પત્તિ)*

આનું જ પ્રમાણ પવિત્ર શ્રી શિવ પુરાણ ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત, અનુવાદકર્તા શ્રી હનુમાન પ્રસાદ પોદ્દાર, આના અધ્યાય 6 રૂદ્રસંહિતા, પાના નં 100 પર કહ્યું છે કે- જે મૂર્તિ રહિત પરબ્રહ્મ છે, તેની જ મૂર્તિ ભગવાન સદાશિવ છે. એમના શરીરમાંથી એક શકિત નીકળી, તે શકિત અંબિકા, પ્રકૃતિ (દુર્ગા), ત્રિદેવ જનની (શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજીને ઉત્પન્ન કરવાવાળી માતા) કહેવાઈ, જેની આઠ ભુજાઓ છે. તે જે સદાશિવ છે, તેમને શિવ, શંભુ અને મહેશ્વર પણ કહે છે. (પાના નં.101 પર) તે પોતાનાં બધાં અંગો પર ભસ્મ લગાડી રાખે છે. તે કાળરૂપી બ્રહ્મે એક શિવલોક નામના ક્ષેત્રનું નિર્માણ કર્યું. પછી બન્નેએ પતિ-પત્ની નો વ્યવહાર કર્યો જેનાથી એક પુત્ર ઉત્પન્ન થયો. તેનું નામ વિષ્ણુ રાખ્યું. (પાના નં.102).

પછી રૂદ્રસંહિતા અધ્યાય નં. 7 પાના નં. 103 પર બ્રહ્માજીએ કહ્યું કે મારી ઉત્પત્તિ પણ ભગવાન સદાશિવ (બ્રહ્મ-કાળ) તથા પ્રકૃતિ (દુર્ગા)ના સંયોગથી એટલે કે પતિ-પત્નીના વ્યવહારથી થઈ. પછી મને બેભાન કરી દીધો.

પછી રૂદ્રસંહિતા અધ્યાય નં. 9 પાના નં. 110 પર કહ્યું છે કે આ પ્રમાણે બ્રહ્મા, વિષ્ણુ તથા રૂદ્ર આ ત્રણેય દેવતાઓમાં ગુણ છે, પરંતુ શિવ (કાળ-બ્રહ્મ) ગુણાતીત માનવામાં આવ્યા છે.

અહિંયા ચાર સિદ્ધ થયા એટલે કે સદાશિવ (કાળ-બ્રહ્મ) તથા પ્રકૃતિ (દુર્ગા)થી જ બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ ઉત્પન્ન થયા છે. ત્રણેય ભગવાન (શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજી)ની માતાજી શ્રી દુર્ગાજી તથા પિતાજી શ્રી જ્યોતિ નિરંજન (બ્રહ્મ) છે. આ જ ત્રણેય પ્રભુ રજગુણ, બ્રહ્માજી, સતગુણ-વિષ્ણુજી, તમોગુણ-શિવજી છે.

## ❁ ''પવિત્ર શ્રીમદ્ભાગવત ગીતાજીમાં સૃષ્ટિ રચનાનું પ્રમાણ''

આનું જ પ્રમાણ પવિત્ર ગીતાજી અધ્યાય 14 શ્લોક 3થી 5 સુધી છે. બ્રહ્મ (કાળ) કહી રહ્યો છે કે પ્રકૃતિ (દુર્ગા) તો મારી પત્ની છે, હું બ્રહ્મ (કાળ) તેનો પતિ છું. અમારા બન્નેના સંયોગથી સર્વ પ્રાણીયો સહિત ત્રણેય ગુણો (રજગુણ-બ્રહ્માજી, સતગુણ-વિષ્ણુજી, તમગુણ- શિવજી)ની ઉત્પત્તિ થઈ છે. હું (બ્રહ્મ) સર્વ પ્રાણીઓનો પિતા છું તથા પ્રકૃતિ (દુર્ગા) એમની માતા છે. હું એના ઉદરમાં બીજ સ્થાપન (સ્થાપિત) કરું

છું. જેનાથી સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ થાય છે. પ્રકૃતિ (દુર્ગા)થી ઉત્પન્ન ત્રણેય ગુણ (રજગુણ બ્રહ્મા, સતગુણ વિષ્ણુ તથા તમગુણ શિવ) જીવને કર્મ આધારથી શરીરમાં બાંધે છે.

આ જ પ્રમાણ અધ્યાય 15, શ્લોક 1 થી 4 તથા 16, 17 માં પણ છે.

ગીતા અધ્યાય નં. 15નો શ્લોક નં. 1

***ઉર્ધ્વમૂલમ્, અધ:શાખમ્, અશ્વત્થમ્, પ્રાહુ:, અવ્યયમ્ ।***
***છન્દાંસિ, યસ્ય, પર્ણાનિ, ય:, તમ્, વેદ, સ:, વેદવિત્ ॥***

**અનુવાદ :** (ઉર્ધ્વમૂલમ્) ઉપરની તરફ પૂર્ણપરમાત્મા આદિ પુરૂષ પરમેશ્વરરૂપી મૂળવાળું (અધ:શાખમ્) નીચેની ત્રણ ગુણ એટલે કે રજગુણ બ્રહ્મા, સતગુણ વિષ્ણુ તથ તમગુણ શિવરૂપી શાખાવાળું (અવ્યયમ્) અવિનાશી (અશ્વત્થમ્) વિસ્તારિત પીપળનું વૃક્ષ છે, (યસ્ય) જેના (છન્દાંસિ) જેમ કે વેદમાં છન્દ છે એમ જ સંસારરૂપી વૃક્ષના પણ વિભાગ નાના-નાના ભાગ ડાળખીઓ તથા (પર્ણાનિ) પાંદડા (પ્રાહુ:) કહ્યા છે (તમ્) તે સંસારરૂપી વૃક્ષને (ય:) જે (વેદ) આને વિસ્તારથી જાણે છે (સ:) તે (વેદવિત્) પૂર્ણજ્ઞાની એટલે કે તત્ત્વદર્શી છે.

ગીતા અધ્યાય નં. 15 નો શ્લોક નં. 2

***અધ: ચ, ઉર્ધ્વમ્, પ્રસૃતા:, તસ્ય, શાખા:, ગુણપ્રવૃદ્ધા:,***
***વિષયપ્રવાલા:, અધ:, ચ, મૂલાનિ, અનુસન્તતાનિ, કર્માનુબન્ધીનિ, મનુષ્યલોકે ॥***

**અનુવાદ :** (તસ્ય) તે વૃક્ષની (અધ:) નીચે (ચ) તથા (ઉર્ધ્વમ) ઉપર (ગુણપ્રવૃદ્ધા :) ત્રણેય ગુણો બ્રહ્મા- રજોગુણ, વિષ્ણુ- સતોગુણ, શિવ- તમોગુણ રુપી (પ્રસૃતા) ફેલાયેલી (વિષયપ્રવાલા:) વિકાર-કામ, ક્રોધ, મોહ, લોભ, અહંકારરૂપી કુંપળો (શાખા:) . ડાળીઓ - બ્રહ્મા, વિષ્ણુ, શિવ (કર્માનુબન્ધીનિ) જીવને કર્મોમાં બાંધી રાખવાની (મૂલાનિ) મૂળ એટલે કે મુખ્ય કારણ છે (ચ) તથા (મનુષ્યલોકે) મનુષ્યલોક એટલે કે પૃથ્વી લોકમાં (અધ:) નીચે - નરક, ચૌર્યાસી લાખ યોનીઓમાં (ઉર્ધ્વમ) ઉપર સ્વર્ગ લોક વગેરેમાં (અનુસન્તતાનિ) વ્યવસ્થિત કરી રાખેલ છે.

ગીતા અધ્યાય નં. 15, શ્લોક નં. 3

***ન, રુપમ, અસ્ય, ઈહ, તથા, ઉપલભ્યતે, ન અન્ત: ન, ચ, આદિ:, ન, ચ,***
***સમ્પ્રતિષ્ઠા, અશ્વત્થમ્, એનમ્, સુવિરુઢમૂલમ, અસંગશસ્રેણ, દૃઢેન, છિત્વા ॥***

**અનુવાદ :** (અસ્ય) આ રચનાની (ન) નહીં (આદિ:) શરૂઆત (ચ) તથા (ન) ન તો (અન્ત:) અંત છે (ન) ન તો (તથા) તેવુ (રુપમ્) સ્વરુપ (ઉપલભ્યતે) મળી આવે છે (ચ) તથા (ઈહ) અહીં વિચારકાળમાં એટલે કે મારા દ્વારા આપવામાં આવી રહેલ ગીતાજ્ઞાનમાં પૂર્ણ જાણકારી મને પણ (ન) નથી જ. (સમ્પ્રતિષ્ઠા) કારણકે સર્વબ્રહ્માંડોની રચનાની સ્થિતિનું સારી રીતે જ્ઞાન મને પણ નથી (એનમ્) આ (સુવિરુઢમૂલમ) સારી રીતે સ્થાયી સ્થિતિવાળા (અશ્વત્થમ) મજબૂત સ્વરૂપવાળા સંસારરૂપી વૃક્ષના જ્ઞાનને (અસંડ્ગશસ્રેણ) પૂર્ણ જ્ઞાનરૂપી (દૃઢેન) દૃઢ સૂક્ષ્મ વેદ એટલે કે તત્ત્વજ્ઞાન દ્વારા જાણીને (છિત્વા) કાપીને એટલે કે નિરંજનની ભકિતને ક્ષણિક એટલે કે ક્ષણભંગુર

જાણીને બ્રહ્મા, વિષ્ણુ, શિવ, બ્રહ્મ તથા પરબ્રહ્મથી પણ આગળ પૂર્ણ બ્રહ્મની શોધ કરવી જોઈએ.

ગીતા અધ્યાય નં. 15 નો શ્લોક નં. 4

***તત:, પદમ્, તત, પરિમાર્ગિતવ્યમ, યસ્મિન, ગતા:, ન, નિવર્તન્તિ, ભૂય: ।***
***તમ્, એવ્, ચ, આદ્યમ્, પુરુષમ્, પ્રપદ્યે, યત:, પ્રવૃત્તિ :, પ્રસૃતા, પુરાણી ॥***

**અનુવાદ :** જ્યારે તત્ત્વદર્શી સંત મળી જાય (તત:) ત્યારબાદ (તત્) તે પરમાત્માના (પદમ્) પદ સ્થાન એટલે કે સતલોકને (પરિમાર્ગિતવ્યમ્) સારી રીતે શોધવો જોઈએ (યસ્મિન) જેમાં (ગતા:) ગયેલા સાધક (ભૂય:) ફરી (ન, નિવર્તન્તિ) પાછા વળીને સંસારમાં નથી આવતા (ચ) અને (યત:) જે પરમાત્મા- પરમ અક્ષર બ્રહ્મથી (પુરાણી) આદિ (પ્રવૃત્તિ :) રચના- સૃષ્ટિ (પ્રસૃતા) ઉત્પન્ન થઈ છે (તમ્) અજ્ઞાત (આધમ્) આદિ યમ એટલે કે હું કાળ નિરંજન (પુરુષમ્) પૂર્ણ પરમાત્માની (એવ) જ (પ્રપધે) હું શરણમાં છું તથા તેની જ પૂજા કરું છું.

ગીતા અધ્યાય નં. 15, શ્લોક નં. 16

***દ્વૌ, ઈમૌ, પુરુષૌ, લોકે, ક્ષર:, ચ, અક્ષર:, એવ, ચ,***
***ક્ષર:, સર્વાણિ, ભૂતાનિ, કૂટસ્થ:, અક્ષર:, ઉચ્યતે॥***

અનુવાદ: (લોકે) આ સંસારમાં (દ્વૌ) બે પ્રકારના (ક્ષર:) નાશવાન (ચ) અને (અક્ષર:) અવિનાશી (પુરુષૌ) ભગવાન છે (એવ) આ જ પ્રમાણે (ઈમૌ) આ બન્ને પ્રભુઓના લોકોમાં (સર્વાણિ) સંપૂર્ણ (ભૂતાનિ) પ્રાણીઓના શરીર તો (ક્ષર:) નાશવાન (ચ) અને (કૂટસ્થ:) જીવાત્મા (અક્ષર:) અવિનાશી (ઉચ્યતે) કહેવામાં આવે છે.

ગીતા અધ્યાય નં. 15, શ્લોક નં. 17

***ઉત્તમ:, પુરુષ:, તુ, અન્ય:, પરમાત્મા, ઈતિ, ઉદાહ્રત:,***
***ય:, લોકત્રયમ, આવિશ્ય, બિભર્તિ, અવ્યય:, ઈશ્વર:॥***

**અનુવાદ :** (ઉત્તમ:) ઉત્તમ (પુરૂષ:) પ્રભુ (તુ) તો (અન્ય:) ઉપરોકત બન્ને પ્રભુઓ 'ક્ષર પુરુષ તથા અક્ષર પુરુષ'થી પણ અન્ય જ છે (ઇતિ) આ વાસ્તવમાં (પરમાત્મા) પરમાત્મા (ઉદાહ્રત:) કહેવામાં આવ્યા છે (ય:) જે (લોકત્રયમ્) ત્રણેય લોકોમાં (આવિશ્ય) પ્રવેશ કરીને (બિભર્તિ) બધાનું ધારણ-પોષણ કરે છે તેમજ (અવ્યય:) અવિનાશી (ઈશ્વર:) ઇશ્વર (પ્રભુઓમાં શ્રેષ્ઠ એટલે કે સમર્થ પ્રભુ) છે.

**ભાવાર્થ :** ગીતા જ્ઞાન દાતા પ્રભુએ કેવળ એટલું જ બતાવ્યું છે કે આ સંસાર ઊંધા લટકેલા વૃક્ષ સમાન જાણો. ઉપર જડ (મૂળ) તો પૂર્ણપરમાત્મા છે. નીચે ડાળીઓ વગેરે અન્ય હિસ્સા (બીજા ભાગ) જાણો. આ સંસારરૂપી વૃક્ષના પ્રત્યેક (દરેક) ભાગનું અલગ અલગ વિવરણ જે સંત જાણે છે તે તત્ત્વદર્શી સંત છે જેના વિષયમાં ગીતા અધ્યાય-4 શ્લોક નં. 34 માં કહ્યું છે. ગીતા અધ્યાય 15 શ્લોક નં. 2-3 માં ફકત એટલું જ કહ્યું છે કે ત્રણ ગુણરૂપી શાખા છે. અહીં વિચારકાળમાં

એટલે કે ગીતામાં તમને હું (ગીતા જ્ઞાન દાતા) પૂર્ણ જાણકારી નહિ આપી શકું, કારણ કે મને આ સંસારની રચનાની ઉત્પત્તિ તથા અંતનું જ્ઞાન નથી. તેના માટે ગીતા અધ્યાય 4 શ્લોક નં. 34 માં કહ્યું છે કે કોઈ તત્ત્વદર્શી સંતથી તે પૂર્ણપરમાત્માનું જ્ઞાન જાણો, આ ગીતા અધ્યાય 15 શ્લોક નં. 1 માં તે તત્ત્વદર્શી સંતની ઓળખાણ બતાવીને કહ્યું છે કે તે તત્ત્વદર્શી સંત સંસારરૂપી વૃક્ષના પ્રત્યેક ભાગનું જ્ઞાન કરાવશે. તેમને જ પૂછો. ગીતા અધ્યાય 15 ના શ્લોક 4 માં કહ્યું છે કે તે તત્ત્વદર્શી સંતના મળી ગયા પછી તે પરમપદ પરમેશ્વરની શોધ કરવી જોઈએ એટલે કે તે તત્ત્વદર્શી સંતના બતાવ્યા અનુસાર સાધના કરવી જોઈએ જેનાથી પૂર્ણમોક્ષ (અનાદિ મોક્ષ) પ્રાપ્ત થાય છે. ગીતા અધ્યાય 15 શ્લોક 16-17 માં સ્પષ્ટ કર્યું છે કે ત્રણ પ્રભુ છે : એક ક્ષરપુરુષ (બ્રહ્મ) બીજા અક્ષરપુરુષ (પરબ્રહ્મ) અને ત્રીજા પરમ અક્ષરપુરુષ (પૂર્ણ બ્રહ્મ). ક્ષર પુરુષ તથા અક્ષર પુરુષ વાસ્તવમાં અવિનાશી નથી. તે અવિનાશી પરમાત્મા તો આ બન્નેથી અન્ય જ છે. તે જ ત્રણે લોકોમાં પ્રવેશ કરીને સર્વનું ધારણપોષણ કરે છે.

ઉપરોકત શ્રીમદ્ભગવત ગીતા અધ્યાય 15 શ્લોક 1 થી 4 તથા 16-17માં આ પ્રમાણિત થયું કે ઊંધા લટકેલા સંસારરૂપી વૃક્ષનું મૂળ એટલે કે જડ તો પરમ અક્ષર બ્રહ્મ એટલે કે પૂર્ણ બ્રહ્મ છે જેના દ્વારા પૂર્ણ વૃક્ષનું પાલન થાય છે તથા વૃક્ષનો જે ભાગ પૃથ્વીની બહાર જમીન સાથે દેખાય છે તે થડ હોય છે તેને અક્ષરપુરૂષ એટલે કે પરબ્રહ્મ જાણો. તે થડથી ઉપર જતાં આગળ મોટી ડાળીઓ (ડાળાં) નીકળે છે તે પૈકીમાંની એક ડાળાને બ્રહ્મ એટલે કે ક્ષર પુરુષ જાણો તથા તે જ ડાળાથી અન્ય ત્રણ શાખાઓ નીકળે છે, તેમને બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ જાણો તથા શાખાઓથી આગળ પાંદડાંઓના રૂપમાં સાંસારિક પ્રાણી જાણો. ઉપરોકત ગીતા અધ્યાય 15 શ્લોક 16-17માં સ્પષ્ટછે કે ક્ષર પુરૂષ (બ્રહ્મ) તથા અક્ષર પુરૂષ (પરબ્રહ્મ) તથા આ બન્નેના લોકોમાં જેટલા પ્રાણી છે તેમના સ્થૂળ શરીર તો નાશવાન છે તથા જીવાત્મા અવિનાશી છે એટલે કે ઉપરોકત બન્ને પ્રભુ તથા તેમની અતંર્ગત સર્વ પ્રાણી નાશવાન છે. ભલે જ અક્ષર પુરુષ (પરબ્રહ્મ)ને અવિનાશી કહ્યો છે પરંતુ વાસ્તવમાં અવિનાશી પરમાત્મા તો આ બન્નેથી અન્ય (જુદો) છે. તે ત્રણેય લોકોમાં પ્રવેશ કરીને બધાનું પાલન-પોષણ કરે છે. ઉપરોકત વિવરણમાં ત્રણ પ્રભુઓનું અલગ-અલગ વિવરણ આપ્યું છે.

## ❁ ''પવિત્ર બાઈબલ તથા પવિત્ર કુરાન શરીફમાં સૃષ્ટિ રચનાનું પ્રમાણ''

આનું જ પ્રમાણ પવિત્ર બાઈબલમાં તથા કુરાન શરીફમાં પણ છે.

કુરાન શરીફમાં પવિત્ર બાઈબલનું પણ જ્ઞાન છે, એટલા માટે આ બન્ને પવિત્ર સદ્ગ્રંથોએ હળીમળીને પ્રમાણિત કર્યું છે કે કોણ તથા કેવો છે સૃષ્ટિ રચનહાર તથા તેનું વાસ્તવિક (ઓરીજીનલ) નામ શું છે ?

**પવિત્ર બાઈબલ (ઉત્પત્તિ ગ્રંથ પાના નં. 2 પર, અધ્યાય 1:20 - 2:5 પર)**

**છઠ્ઠો દિવસ :- પ્રાણી અને મનુષ્ય -** અન્ય (બીજા) પ્રાણીઓની રચના કરીને 26. પછી પરમેશ્વરે કહ્યું અમે મનુષ્યને પોતાના સ્વરૂપ અનુસાર પોતાની સમાનતામાં બનાવ્યા, જે સર્વ પ્રાણીઓને કાબૂમાં રાખશે. 27. ત્યારે પરમેશ્વરે મનુષ્યને પોતાના સ્વરૂપ અનુસાર ઉત્પન્ન કર્યો, પોતાના જ સ્વરૂપ અનુસાર પરમેશ્વરે તેને ઉત્પન્ન કર્યો, નર અને નારી બનાવીને મનુષ્યોની સૃષ્ટિ કરી.

29. પ્રભુએ મનુષ્યોના ખાવા માટે જેટલા બીજવાળા નાના છોડ તથા જેટલા વૃક્ષોમાં બીજવાળા ફળ થાય છે તે ભોજન માટે પ્રદાન કર્યા છે, (માંસ ખાવાનું નથી કહ્યું.)

**સાતમો દિવસ :- વિશ્રામનો દિવસ**

પરમેશ્વરે છ દિવસમાં સર્વ સૃષ્ટિની ઉત્પત્તિ કરી તથા સાતમા દિવસે વિશ્રામ કર્યો.

પવિત્ર બાઈબલે સિદ્ધ કરી દીધું કે પરમાત્મા માનવ સદૃશ શરીરમાં છે, જેણે છ દિવસમાં સર્વ સૃષ્ટિની રચના કરી તથા પછી વિશ્રામ કર્યો.

**પવિત્ર કુરાન શરીફ (સુરત ફુર્કાનિ 25, આયાત 52, 58, 59)**

**આયાત 52 :-**

***ફલા તુતિઅલ્-કાફિરન્ વ જાહિદહુમ બિહી જિહાદન્ કબીરા (કબીરન્) । 52 ।***

આનો ભાવાર્થ છે કે હજરત મોહમ્મદજીનો ખુદા (પ્રભુ) કહી રહ્યો છે કે હે પૈગમ્બર ! તમે કાફીરો (જે એક પ્રભુની ભકિત ત્યજીને અન્ય દેવી-દેવતાઓ તથા મૂર્તિ વગેરેની પૂજા કરે છે) નું કહ્યું માનતા નહિ, કારણ કે તે લોકો કબીરને પૂર્ણપરમાત્મા નથી માનતા. તમે મારા દ્વારા આપેલા આ કુરાનના જ્ઞાનના આધાર પર અટલ રહેજો કે કબીર જ પૂર્ણપ્રભુ છે તથા કબીર અલ્લાહને માટે સંઘર્ષ કરજો (લડતા નહીં) એટલે કે અડગ- મક્કમ રહેજો.

**આયાત-58 :-**

***વ તવક્કલ્ અલલ્-હૈરિલ્લજી લા યમૂતુ વ સબ્બિહ્ બિહમ્દિહી વ કફા બિહી બિજુનૂબિ ઈબાદિહી ખબીરા (કબીરા) ॥ 58 ॥***

આનો ભાવાર્થ છે કે હજરત મોહમ્મદજી જેને પોતાનો પ્રભુ માને છે તે અલ્લાહ (પ્રભુ) કોઈ બીજા જ પૂર્ણપ્રભુની તરફ ઈશારો કરી રહ્યા છે કે એ પૈગમ્બર તે કબીર પરમાત્મા પર વિશ્વાસ રાખ, જે તને જિંદા મહાત્માના રૂપમાં આવીને મળ્યા હતા. તે ક્યારેય મરણ પામવાવાળા નથી એટલે કે હકીકતમાં અવિનાશી છે. તારીફની સાથે તેની પાકી (પવિત્ર મહિમા)ના ગુણગાન કરતો રહે, તે કબીર અલ્લાહ (કવિર્દેવ) પૂજાને યોગ્ય છે તથા પોતાના ઉપાસકોના સર્વ (બધા જ) પાપોનો વિનાશ કરવાવાળા છે.

**આયાત 59 :-**

***અલ્લ્જી ખલકસ્સમાવાતિ વલ્અર્જ વ મા બૈનહુમા ફી સિત્તાતિ અય્યામિન્ સુમ્મસ્તવા અલલ્અર્શિ અર્રહ્માનુ ફસ્અલ્ બિહી ખબીરન્ (કબીરન્) । 59 ।***

ભાવાર્થ છે કે હજરત મોહમ્મદને કુરાન શરીફ બોલવાવાળો પ્રભુ (અલ્લાહ) કહી રહ્યો છે કે તે કબીર પ્રભુ તે જ છે જેણે જમીન તથા આસમાનની વચ્ચે જે કંઈ પણ વિધમાન છે- સર્વ સૃષ્ટિની રચના છ દિવસમાં કરી તથા સાતમા દિવસે ઉપર પોતાના સત્યલોકમાં સિંહાસન પર બિરાજમાન થઈ (બેસી) ગયા. તેના વિષયમાં જાણકારી કોઈ (બાખબર) તત્ત્વદર્શી સંતને પૂછો.

તે પૂર્ણપરમાત્માની પ્રાપ્તિ કેવી રીતે થશે તથા વાસ્તવિક જ્ઞાન તો કોઈ તત્વદર્શી સંત (બાખબર)ને પૂછો, હું નથી જાણતો.

ઉપરોકત બન્ને પવિત્ર ધર્મો (ઈસાઈ તથા મુસલમાન)ના પવિત્ર શાસ્રોએ પણ હળીમળીને પ્રમાણિત કરી દીધું કે સર્વ સૃષ્ટિ રચનહાર, સર્વ પાપ વિનાશક, સર્વ શકિતમાન, અવિનાશી પરમાત્મા માનવ સદ્દશ (સ્વરૂપી) શરીરમાં આકારમાં છે તથા સત્યલોકમાં રહે છે. તેનું નામ કબીર છે, તેને જ અલ્લાહુ અકબિરુ પણ કહે છે.

માનનીય ધર્મદાસજીએ પૂજય કબીર પ્રભુને પૂછયું કે હે સર્વશકિતમાન ! આજ સુધી આ તત્ત્વજ્ઞાન કોઈએ નથી બતાવ્યું, વેદોના મર્મજ્ઞ જ્ઞાનિઓએ પણ નથી બતાવ્યું. આનાથી સિદ્ધ થાય છે કે ચારેય પવિત્ર વેદ તથા પવિત્ર ચારેય કતેબ (કુરાન શરીફ વગેરે) ખોટા છે ત્યારે પૂર્ણપરમાત્માએ કહ્યું :-

***કબીર, વેદ કતેબ ઝૂઠે નહીં ભાઈ, ઝૂઠે હૈં જો સમઝે નાહિં ।***

ભાવાર્થ છે કે ચારેય પવિત્ર વેદ (ઋગ્વેદ- અથર્વવેદ- યજુર્વેદ – સામવેદ) તથા પવિત્ર ચારેય કતેબ (કુરાન શરીફ-જબૂર- તૌરાત-ઈંજિલ) ખોટા નથી. પરંતુ જે એમને નથી સમજી શકયા તે નાદાન (મૂર્ખ/જૂઠ્ઠા) છે.

# ❁ ''પૂજય કબીર પરમેશ્વર (કવિર દેવ)જીની અમૃતવાણીમાં સૃષ્ટિરચના''

વિશેષ : નીચે દર્શાવેલ અમૃતવાણી સને 1403થી [જ્યારે પૂજય કવિર્દેવ (કબીર પરમેશ્વર) લીલા દરમિયાન શરીરથી પાંચ વર્ષના થયા] સને 1518 [જ્યારે કવિર્દેવ (કબીર પરમેશ્વર) મગહર સ્થાનથી સહશરીર સતલોક ગયા] ની વચ્ચેના સમય દરમિયાન આશરે 600 વર્ષ અગાઉ પરમ પૂજય કબીર પરમેશ્વર (કવિર્દવ)જીના દ્વારા પોતાના નિજી (અંગત) સેવક (દાસભકત) માનનીય ધર્મદાસ સાહેબજીને સંભળાવી હતી તથા ધની ધર્મદાસજીએ લિપિબદ્ધ કરી હતી. પરંતુ તે સમયના પવિત્ર હિન્દુઓ તથા પવિત્ર મુસલમાનોના નાદાન ગુરુઓ (નીમ-હકીમો) એ કહ્યું કે આ ધાણક (જુલાહા-વણકર) કબીર જુઠ્ઠો છે. કોઈપણ સદ્ગ્રંથમાં શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજીના માતા-પિતાનું નામ નથી. આ ત્રણેય પ્રભુ અવિનાશી છે એમના જન્મ-મૃત્યુ નથી થતા. તેમજ પવિત્ર વેદો તથા પવિત્ર કુરાન શરીફ વગેરેમાં પણ કબીર પરમેશ્વરનું પ્રમાણ નથી તથા પરમાત્માને નિરાકાર લખ્યા છે. અમે દરરોજ વાંચીએ છીએ. ભોળા આત્માઓએ તે ચાલાક (ચતુર) ગુરુઓ પર વિશ્વાસ કરી લીધો કે સાચે જ આ કબીર વણકર ધાણક- તો અશિક્ષિત છે તથા

ગુરુજી શિક્ષિત છે, માટે સાચું કહી રહ્યા હશે. આજે તે જ સચ્ચાઈ (સત્યતા) પ્રકાશમાં આવી રહી છે તથા આપણા સર્વ પવિત્ર ધર્મોના પવિત્ર સદ્ગ્રંથો સાક્ષી છે. આનાથી સિદ્ધ થયું કે પૂર્ણપરમેશ્વર, સર્વ સૃષ્ટિ રચનહાર, કુલ (સર્વસ્વના) કરતાર તથા સર્વજ્ઞ કવિર્દેવ (કબીર પરમેશ્વર) જ છે જે કાશી (બનારસ)માં કમળના ફૂલ પર પ્રગટ થયા તથા 120 વર્ષ સુધી વાસ્તવિક તેજોમય શરીરની ઉપર માનવ સદૃશ (સ્વરૂપી) શરીર હળવા તેજપુંજવાળું બનાવીને રહ્યા તથા પોતાના દ્વારા રચેલી સૃષ્ટિનું ઠીક-ઠીક/સાચે-સાચું (વાસ્તવિક તત્ત્વ)જ્ઞાન આપીને સહશરીર સતલોક ચાલી ગયા. પ્રેમી પાઠક કૃપા કરી વાંચો નીચે દર્શાવેલ પરમેશ્વર કબીર સાહેબજી દ્વારા ઉચ્ચારેલી (બોલેલી) અમૃતવાણી :-

*ધર્મદાસ યહ જગ બૌરાના । કોઈ ન જાને પદ નિરવાના ॥*
*યહિ કારન મૈં કથા પસારા । જગસે કહિયો રામ નિયારા ॥*
*યહી જ્ઞાન જગ જીવ સુનાઓ । સબ જીવોંકા ભરમ નશાઓ ॥*
*અબ મૈં તુમસે કહોં ચિતાઈ । ત્રયદેવનકી ઉત્પત્તિ ભાઈ ॥*
*કુછ સંક્ષેપ કહોં ગુહરાઈ । સબ સંશય તુમ્હરે મિટ જાઈ ॥*
*ભરમ ગયે જગ વેદ પુરાના । આદિ રામકા ભેદ ન જાના ॥*
*રામ રામ સબ જગત બખાને । આદિ રામ કોઈ બિરલા જાને ॥*
*જ્ઞાની સુને સો હિરદૈ લગાઈ । મૂર્ખ સુને સો ગમ્ય ના પાઈ॥*
*માઁ અષ્ટંગી પિતા નિરંજન । વે જમ દારુણ વંશન અંજન॥*
*પહિલે કીન્હ નિરંજન રાઈ । પીછેસે માયા ઉપજાઈ ॥*
*માયા રુપ દેખ અતિ શોભા । દેવ નિરંજન તન મન લોભા ॥*
*કામદેવ ધર્મરાય સત્તાયે । દેવી કો તુરતહી ધર ખાયે ॥*
*પેટ સે દેવી કરી પુકારા । સાહબ મેરા કરો ઉબારા ॥*
*ટેર સુની તબ હમ તહાઁ આયે । અષ્ટંગી કો બંદ છુડાયે ॥*
*સતલોક મેં કીન્હા દુરાચારિ, કાલ નિરંજન દિન્હા નિકારિ ॥*
*માયા સમેત દિયા ભગાઈ, સોલહ સંખ કોસ દૂરી પર આઈ॥*
*અષ્ટંગી ઔર કાલ અબ દોઈ, મંદ કર્મ સે ગએ બિગોઈ ॥*
*ધર્મરાય કો હિકમત કીન્હા । નખ રેખા સે ભગકર લીન્હા ॥*
*ધર્મરાય કીન્હાઁ ભોગ વિલાસા । માયા કો રહી તબ આસા ॥*
*તીન પુત્ર અષ્ટંગી જાયે । બ્રહ્મા વિષ્ણુ શિવ નામ ધરાયે ॥*
*તીન દેવ વિસ્તાર ચલાયે । ઈનમેં યહ જગ ધોખા ખાયે ॥*
*પુરુષ ગમ્ય કૈસે કો પાવૈ । કાલ નિરંજન જગ ભરમાવૈ ॥*
*તીન લોક અપને સુત દીન્હા । સુન્ન નિરંજન બાસા લીન્હા ॥*
*અલખ નિરંજન સુન્ન ઠિકાના । બ્રહ્મા વિષ્ણુ શિવ ભેદ ન જાના ॥*
*તીન દેવ સો ઉનકો ધાવેં । નિરંજન કા વે પાર ના પાવેં॥*

*અલખ નિરંજન બડા બટપારા । તીન લોક જિવ કીન્હ અહારા॥*
*બ્રહ્મા વિષ્ણુ શિવ નહીં બચાયે । સકલ ખાય પુન ધૂર ઉડાયે ॥*
*તિનકે સુત હૈં તીનોં દેવા । આંધર જીવ કરત હૈં સેવા ॥*
*અકાલ પુરુષ કાહૂ નહિં ચીન્હાં । કાલ પાય સબહી ગહ લીન્હાં ॥*
*બ્રહ્મ કાલ સકલ જગ જાને । આદિ બ્રહ્મકો ના પહિચાને ॥*
*તીનોં દેવ ઔર ઔતારા । તાકો ભજે સકલ સંસારા ॥*
*તીનોં ગુણકા યહ વિસ્તારા । ધર્મદાસ મૈં કહોં પુકારા ॥*
*ગુણ તીનોં કી ભક્તિ મેં, ભૂલ પરો સંસાર ।*
*કહૈ કબીર નિજ નામ બિન, કૈસે ઉતરૈં પાર ॥*

ઉપરોક્ત અમૃતવાણીમાં પરમેશ્વર કબીર સાહેબજી પોતાના નિજી (અંગત) સેવક શ્રી ધર્મદાસ સાહેબજીને કહી રહ્યા છે કે ધર્મદાસ આ સર્વ સંસાર તત્ત્વજ્ઞાનના અભાવથી વિચલીત છે. કોઈને પૂર્ણમોક્ષમાર્ગ તથા પૂર્ણ સૃષ્ટિરચનાનું જ્ઞાન નથી. એટલા માટે હું તમને મારા દ્વારા રચેલી સૃષ્ટિની કથા સંભળાવું છું. બુધ્ધિમાન વ્યક્તિ તો તરત જ સમજી જશે. પરંતુ જે સર્વ પ્રમાણોને જોઈને પણ નહિ માને તો તે નાદાન પ્રાણી કાળના પ્રભાવથી પ્રભાવિત છે, તે ભક્તિ યોગ્ય નથી. હવે હું બતાવું છું- ત્રણેય ભગવાનો (બ્રહ્માજી, વિષ્ણુજી તથા શિવજી)ની ઉત્પત્તિ કેવી રીતે થઈ ? એમની માતા તો અષ્ટાંગી (દુર્ગા) છે તથા પિતા જ્યોતિ નિરંજન (બ્રહ્મ, કાળ) છે. પહેલા બ્રહ્મની ઉત્પત્તિ ઈંડામાંથી થઈ. પછી દુર્ગાની ઉત્પત્તિ થઈ. દુર્ગાના રૂપ પર આસક્ત થઈને કાળ (બ્રહ્મ)એ ભૂલ (છેડતી) કરી, ત્યારે દુર્ગા (પ્રકૃતિ)એ તેના પેટમાં શરણ લીધી. હું ત્યાં ગયો જ્યાં જ્યોતિ નિરંજન કાળ હતો. ત્યારે ભવાનીને બ્રહ્મના પેટમાંથી કાઢીને એકવીસ (21) બ્રહ્માંડની સાથે 16 સંખ કોસ દૂર મોકલી દીધા. જ્યોતિ નિરંજને (ધર્મરાયે) પ્રકૃતિ દેવી (દુર્ગા)ની સાથે ભોગ-વિલાસ કર્યો. આ બન્નેના સંયોગથી ત્રણેય ગુણો (શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજી)ની ઉત્પત્તિ થઈ. એ જ ત્રણેય ગુણો (રજોગુણ બ્રહ્માજી, સતોગુણ વિષ્ણુજી, તમોગુણ શિવજી)ની જ સાધના કરીને સર્વ પ્રાણી કાળજાળમાં ફસાયેલાં છે. જ્યાં સુધી વાસ્તવિક મંત્ર નહિ મળે, પૂર્ણમોક્ષ કેવી રીતે થશે ?

**વિશેષ :** પ્રિય પાઠકજન વિચાર કરો કે શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજીની સ્થિતિ અત્યાર સુધી અવિનાશી બતાવવામાં આવી હતી. સંપૂર્ણ હિંદુ સમાજ આજ સુધી પણ ત્રણેય પરમાત્માઓને અજર-અમર અને જન્મ-મૃત્યુ રહિત માનતા રહ્યા, જ્યારે આ ત્રણેય નાશવાન છે. એમના પિતા કાળરૂપી બ્રહ્મ તથા માતા દુર્ગા (પ્રકૃતિ/અષ્ટાંગી) છે. જેમ તમે આગળ પ્રમાણોમાં વાંચ્યું આ જ્ઞાન આપણા શાસ્ત્રોમાં પણ વિદ્યમાન છે, પરંતુ હિંદુ સમાજના કળયુગી ગુરુઓ, ઋષિઓ, સંતોને જ્ઞાન નથી. જે શિક્ષક પાઠ્યક્રમ (સિલેબસ) થી જ અપરિચિત છે તે શિક્ષક યોગ્ય નથી (વિદ્વાન નથી), વિદ્યાર્થીઓના ભવિષ્યનો શત્રુ છે. આ જ પ્રમાણે જે ગુરુઓને આજ સુધી એ પણ ખબર નથી કે શ્રી બ્રહ્મા, શ્રી વિષ્ણુ તથા શ્રી શિવજીના

માતા-પિતા કોણ છે ? તો તે ગુરુ, ઋષિ, સંત જ્ઞાનહીન છે. જેના કારણે સર્વ ભકત સમાજને શાસ્ત્ર વિરુદ્ધ જ્ઞાન (લોકવેદ એટલે કે દંતકથા) સંભળાવીને અજ્ઞાનથી પરિપૂર્ણ કરી દીધા. શાસ્ત્રવિધિ વિરુદ્ધ ભકિતસાધના કરાવીને પરમાત્માના વાસ્તવિક લાભ (પૂર્ણમોક્ષ)થી વંચિત રાખ્યા. બધાનો માનવજન્મ નષ્ટ કરી દીધો કારણ કે શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય 16ના શ્લોક 23-24 માં આ જ પ્રમાણ છે કે જે શાસ્ત્રવિધિ ત્યાગીને મનમરજીનું આચરણ-પૂજા કરે છે તેને કોઈ લાભ નથી થતો. પૂર્ણ પરમાત્મા કબીરજીએ સન 1403 થી જ સંપૂર્ણ શાસ્ત્રોયુકત જ્ઞાન પોતાની અમૃતવાણી (કબીરવાણી) માં બતાવવાનું શરૂ કર્યું હતું. પરંતુ તે અજ્ઞાની ગુરુઓએ આ જ્ઞાન ભકત સમાજ સુધી નહિ પહોંચવા દીધું જે હાલ વર્તમાનમાં સ્પષ્ટ થઈ રહ્યું છે, આનાથી સિદ્ધ થાય છે કે કવિર્દેવ (કબીર પ્રભુ) તત્ત્વદર્શી સંતરૂપમાં સ્વયં પૂર્ણ પરમાત્મા જ આવ્યા હતા.

## ❁ ''માનનીય ગરીબદાસ સાહેબજીની અમૃતવાણીમાં સૃષ્ટિરચનાનું પ્રમાણ''

### આદિ રમૈણી (સદ્ગ્રંથ પાના નં 690 થી 692 સુધી)

*આદિ રમૈંણી અદલી સારા । જા દિન હોતે ધુંધુંકારા ॥ 1 ॥*
*સત પુરૂષ કીન્હા પ્રકાશા । હમ હોતે તખત કબીર ખવાસા ॥ 2 ॥*
*મન મોહીની સિરજી માયા । સતપુરુષ એક ખ્યાલ બનાયા ॥ 3 ॥*
*ધર્મરાય સિરજે દરબાની । ચૌસઠ જુગતપ સેવા ઠાંની ॥ 4 ॥*
*પુરુષ પૃથ્વી જાકૂં દીન્હી । રાજ કરો દેવા આધીની ॥ 5 ॥*
*બ્રહ્માંડ ઈકીસ રાજ તુમ્હ દીન્હા । મન કી ઈચ્છા સબ જુગ લીન્હા ॥ 6 ॥*
*માયા મૂલ રૂપ એક છાજા । મોહિ લિયે જિનહૂઁ ધર્મરાજા ॥ 7 ॥*
*ધર્મ કા મન ચંચલ ચિત ધારયા । મન માયા કા રુપ બિચારા ॥ 8 ॥*
*ચંચલ ચેરી ચપલ ચિરાગા । યા કે પરસે સરબસ જાગા ॥ 9 ॥*
*ધર્મરાય કીયા મન કા ભાગી । વિષય વાસના સંગ સે જાગી ॥ 10 ॥*
*આદિ પુરુષ અદલી અનરાગી । ધર્મરાય દિયા દિલ સેં ત્યાગી ॥ 11॥*
*પુરુષ લોક સેં દીયા ઢહાહી । અગમ દીપ ચલિ આયે ભાઈ ॥ 12 ॥*
*સહજ દાસ જિસ દીપ રહંતા । કારણ કૌંન કૌંન કુલ પંથા ॥ 13 ॥*
*ધર્મરાય બોલે દરબાની । સુનો સહજ દાસ બ્રહ્મજ્ઞાની ॥ 14 ॥*
*ચૌસઠ જુગ હમ સેવા કીન્હી । પુરુષ પૃથિવી હમ કૂં દીન્હી ॥ 15 ॥*
*ચંચલ રુપ ભયા મન બૌરા । મનમોહિની ઠગિયા ભૌંરા ॥ 16 ॥*
*સતપુરુષ કે ના મન ભાયે । પુરુષ લોક સે હમ ચલિ આયે ॥ 17 ॥*
*અગર દીપ સુનત બડભાગી । સહજ દાસ મેટો મન પાગી ॥ 18 ॥*
*બોલે સહજદાસ દિલ દાની । હમ તો ચાકર સત સહદાની ॥ 19 ॥*
*સતપુરુષ સેં અરજ ગુજારું । જબ તુમ્હારા બિવાણ ઉતારું ॥ 20 ॥*

*સહજ દાસ કો કીયા પીયાના । સત્યલોક લીયા પ્રવાના ॥ 21 ॥*
*સતપુરુષ સાહિબ સરબંગી । અવિગત અદલી અચલ અભંગી ॥ 22॥*
*ધર્મરાય તુમ્હરા દરબાની । અગર દીપ ચલિ ગયે પ્રાની ॥ 23 ॥*
*કૌંન હુકમ કરી અરજ અવાજા । કહાં પઠાવૌ ઉસ ધર્મરાજા ॥ 24 ॥*
*ભઈ અવાજ અદલી એક સાચા । વિષય લોક જા તીન્યૂં બાચા ॥ 25 ॥*
*સહજ વિમાઁન ચલે અધિકાઈ । છિન મેં અગર દીપ ચલિ આઈ ॥ 26॥*
*હમતો અરજ કરી અનરાગી । તુમ્હ વિષય લોક જાવો બડભાગી ॥ 27 ॥*
*ધર્મરાય કે ચલે વિમાના । માનસરોવર આયે પ્રાના ॥ 28 ॥*
*માનસરોવર રહન ન પાયે । દરૈ કબીરા થાંના લાયે ॥ 29 ॥*
*બંકનાલ કી વિષમી બાટી । તહાં કબીરા રોકી ઘાટી ॥ 30 ॥*
*ઈન પાંચો મિલિ જગત બંધાના । લખ ચૌરાસી જીવ સંતાના ॥ 31 ॥*
*બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર માયા । ધર્મરાય કા રાજ પઠાયા ॥ 32 ॥*
*યૌહ ખોખા પુર ઝૂઠી બાજી । ભિસતિ બૈકુંઠ દગાસી સાજી ॥ 33 ॥*
*કૃતિમ જીવ ભુલાંનેં ભાઈ । નિજ ઘર કી તો ખબરિ ન પાઈ ॥ 34 ॥*
*સવા લાખ ઉપજેં નિત હંસા । એક લાખ વિનશેં નિત અંસા ॥ 35 ॥*
*ઉપતિ ખપતિ યાહ પ્રલય ફેરી । હર્ષ શોક જૌંરા જમ જેરી ॥ 36 ॥*
*પાઁચોં તત્ત્વ હૈં પ્રલય માઁહી । સત્વગુણ રજગુણ તમગુણ ઝાંઈ ॥ 37 ॥*
*આઠોં અઁગ મિલી હૈ માયા । પિન્ડ બ્રહ્માંડ સકલ ભરમાયા ॥ 38 ॥*
*યા મેં સુરતિ શબ્દ કી ડોરી । પિન્ડ બ્રહ્માંડ લગી હૈ ખોરી ॥ 39 ॥*
*શ્વાસા પારસ મન ગહ રાખો । ખોલ્હિ કપાટ અમીરસ ચાખો ॥ 40 ॥*
*સુનાઉં હંસ શબ્દ સુન દાસા । અગમ દીપ હૈ અગ હૈ બાસા ॥ 41 ॥*
*ભવસાગર જમ દન્ડ જમાના । ધર્મરાય કા હૈ તલબાંના ॥ 42 ॥*
*પાઁચોં ઉપર પદ કી નગરી । બાટ બિહંગમ બંકી ડગરી ॥ 43 ॥*
*હમરા ધર્મરાય સોં દાવા । ભવસાગર મેં જીવ ભરમાવા ॥ 44 ॥*
*હમ તો કહૈં અગમ કી બાની। જહાઁ અવિગત અદલી આપ બિનાની ॥ 45 ॥*
*બંદી છોડ હમારા નામં । અજર અમર હૈ અસ્થીર ઠામં ॥ 46 ॥*
*જુગન જુગન હમ કહતે આયે । જમ જૌંરા સેં હંસ છુટાયે ॥ 47 ॥*
*જો કોઈ માનેં શબ્દ હમારા । ભવસાગર નહીં ભરમેં ધારા ॥ 48 ॥*
*યા મેં સુરતિ શબ્દ કા લેખા । તન અંદર મન કહો કીન્હી દેખા ॥ 49 ॥*
*દાસ ગરીબ અગમ કી બાની । ખોજા હંસા શબ્દ સહદાની ॥ 50 ॥*

ઉપરોકત અમૃતવાણીનો ભાવાર્થ છે કે માનનીય ગરીબદાસ સાહેબજી કહી રહ્યા છે કે અહિંયા અગાઉ ફકત અંધકાર હતો તથા પૂર્ણપરમાત્મા કબીર સાહેબજી સત્યલોકમાં તખ્ત (સિંહાસન) પર બિરાજમાન હતા. અમે ત્યાં ચાકર (સેવક) હતા. પરમાત્માએ જ્યોતિ નિરંજનને ઉત્પન્ન કર્યો. પછી તેના તપના પ્રતિફળમાં એકવીસ

(21) બ્રહ્માંડ પ્રદાન કર્યા. પછી માયા (પ્રકૃતિ)ની ઉત્પત્તિ કરી. યુવાન દુર્ગાના રૂપ પર મોહીત થઈને જ્યોતિ નિરંજને (બ્રહ્મે) દુર્ગા (પ્રકૃતિ) સાથે બળાત્કાર કરવાની ચેષ્ટા કરી. બ્રહ્મને તેની સજા મળી. તેને સત્યલોકમાંથી કાઢી મૂકવામાં આવ્યો તથા શ્રાપ લાગ્યો કે દરરોજ એક લાખ માનવ શરીરધારી પ્રાણીઓનો આહાર કરીશ, સવા લાખ ઉત્પન્ન કરીશ. અહીંયા સર્વ પ્રાણી જન્મ મૃત્યુના કષ્ટ ઉઠાવી રહ્યા છે. અગર (જો) કોઈ પૂર્ણપરમાત્માના વાસ્તવિક શબ્દ (સાચું નામ જાપ મંત્ર) અમારાથી પ્રાપ્ત કરશે, તેને કાળની કેદમાંથી છોડાવી દઈશું. અમારું બંદી છોડ નામ છે. માનનીય ગરીબદાસજી પોતાના ગુરુ તથા પ્રભુ કબીર પરમાત્માના આધાર પર કહી રહ્યા છે કે સાચા મંત્ર એટલે કે સત્યનામ તથા સારશબ્દની પ્રાપ્તિ કરી લો, પૂર્ણ મોક્ષ થઈ જશે. નહીં તો બનાવટી (નકલી) નામદાતા સંતો તથા મહંતોની મીઠી-મીઠી વાતોમાં ફસાઈને શાસ્ત્રવિધિ રહિત સાધના કરીને કાળજાળમાં રહી જશો. પછી કષ્ટ પર કષ્ટ પામશો.

॥ ગરીબદાસજી મહારાજની વાણી ॥

(સતગ્રંથ સાહિબ પાના નં. 690 થી સહાભાર)

*માયા આદિ નિરંજન ભાઈ, અપને જાયે આપૈ ખાઈ ।*
*બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર ચેલા, ૐ સોહં કા હૈ ખેલા ॥*
*સિખર સુન્ન મેં ધર્મ અન્યાયી, જીન શક્તિ ડાયન મહલ પઠાઈ ॥*
*લાખ ગ્રાસ નિત ઉઠ દૂતી, માયા આદિ તખ્ત કી કુતી ॥*
*સવા લાખ ધડિયે નિત ભાંડે, હંસા ઉતપતિ પરલય ડાંડે ।*
*યે તીનોં ચેલા બટપારી, સિરજે પુરુષા સિરજી નારી ॥*
*ખોખાપુર મેં જીવ ભુલાયે, સ્વપના બહિસ્ત વૈકુંઠ બનાયે ।*
*યો હરહટ કા કુઆ લોઈ, યા ગલ બંધ્યા હૈ સબ કોઈ ॥*
*કીડી કુંજર ઔર અવતારા, હરહટ ડોરી બંધે કઈ બારા ।*
*અરબ અલીલ ઈન્દ્ર હૈં ભાઈ, હરહટ ડોરી બંધે સબ આઈ ।*
*શેષ મહેશ ગણેશ્વર તાહિં, હરહટ ડોરી બંધે સબ આહિં।*
*શુક્રાદિક બ્રહ્માદિક દેવા, હરહટ ડોરી બંધે સબ ખેવા ॥*
*કોટિક કર્તા ફિરતા દેખ્યા, હરહટ ડોરી કહૂઁ સુન લેખા ।*
*ચતુર્ભુજી ભગવાન કહાવૈં, હરહટ ડોરી બંધે સબ આવૈં ॥*
*યો હૈ ખોખાપુર કા કુઆ, યા મેં પડા સો નિશ્ચય મુવા ।*


જ્યોતિ નિરંજન (કાળ બલી)ના વશ થઈને આ ત્રણેય દેવતા (રજગુણ-બ્રહ્મા, સતગુણ-વિષ્ણુ, તમગુણ-શિવ) પોતાની મહિમા બતાવીને જીવોને સ્વર્ગ નરક તથા ભવસાગરમાં (લાખ ચૌરયાસી યોનીઓમાં) ભટકાવતા રહે છે. જ્યોતિ નિરંજન પોતાની માયાથી નાગણની જેમ જીવોને પેદા કરે છે અને પછી મારી નાખે છે. જે પ્રમાણે નાગણ પોતાની પૂંછડીથી ઈંડાઓની ચારે તરફ ગોળ કુંડલી બનાવે છે

અને તેમાં ઈંડા મૂકે છે અને પછી તે ઈંડા પર ફણ મારે છે, જેનાથી ઈંડા ફૂટી જાય છે, તેમાંથી બચ્ચાં નીકળે છે તેને નાગણ ખાઈ જાય છે. ફેણ મારતી વખતે ઘણાં ઈંડાં ફૂટી જાય છે કારણ કે નાગણના ઘણા ઈંડાં હોય છે. જે ઈંડા ફૂટી જાય છે તેમાંથી બચ્ચાં નીકળે છે. અગર કોઇ બચ્ચું કુંડલીથી (સાપણના પૂંછળાના બનેલા ગોળ કુંડાળાથી) બહાર નીકળી જાય છે તો તે બચ્ચું બચી જાય છે નહિ તો કુંડલીની અંદરનાને તે નાગણ છોડતી નથી. કુંડલીની અંદર જેટલાં બચ્ચાં હોય છે તે તમામ બચ્ચાંને ખાઈ જાય છે.

***માયા કાલી નાગિની, અપને જાયે ખાત ।***
***કુન્ડલી મેં છોડૈ નહીં, સૌ બાતોં કી બાત ॥***

આ જ પ્રમાણે આ કાળબલીની જાળ છે. નિરંજન સુધીની ભક્તિ પૂરા સંતથી લઇને કરશો તો પણ આ નિરંજનની કુંડલી (એકવીસ બ્રહ્માંડો)થી બહાર નથી નીકળી શકતા. સ્વયં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, આદિ માયા શેરાંવાલી પણ નિરંજનની કુંડલીમાં છે. એ બિચારા અવતાર ધારણ કરીને આવે છે અને જન્મ-મૃત્યુના ચકકર કાપતા રહે છે. એટલા માટે વિચાર કરો સોહં જાપ જો કે ધ્રુવ તથ પ્રહલાદ તથ શુકદેવ ઋષિએ જપ્યો તે પણ પાર ન થયા. કારણકે શ્રી વિષ્ણુ પુરાણના પ્રથમ અંશના અધ્યાય-12 ના શ્લોક-93 માં પાના નં. 51 પર લખ્યું છે કે ધ્રુવ કેવળ એક કલ્પ એટલે કે એક હજાર ચતુર્યુગ સુધી જ મુકત છે. એટલા માટે કાળલોકમાં જ રહ્યા તથા ''ૐ નમઃ ભગવતે વાસુદેવાય' મંત્ર જાપ કરવાવાળા ભકત પણ કૃષ્ણ સુધીની ભક્તિ કરી રહ્યા છે, તે પણ ચોર્યાસી લાખ યોનિઓના ચકકર કાપવાથી નથી બચી શકતા. આ પરમ પૂજ્ય કબીર સાહેબજી તથા માનનીય ગરીબદાસ સાહેબજી મહારાજની વાણી પ્રત્યક્ષ પ્રમાણ આપે છે.

***અનંત કોટિ અવતાર હૈ, માયા કે ગોવિન્દ ।***
***કર્તા હો હો અવતરે, બહુર પડે જગ ફંધ ॥***




**યો હરહટ કા કુઆ લોઈ, યા ગલ બંધ્યા હૈ સબ કોઈ ।**
**કીડી કુંજર ઔર અવતારા, હરહટ ડોરી બંધ કઈ બારા ॥**

# કાળ લોકમાં જન્મ-મરણરૂપી ચક્ર (હરહટ)

**સતપુરૂષ કબીર સાહેબજીની ભક્તિથી જ જીવ મુક્ત થઈ શકે છે.**

જ્યાં સુધી જીવ સતલોકમાં પરત નહીં ચાલ્યો જાય ત્યાં સુધી કાળલોકમાં આવી જ રીતે કર્મ કરશે અને કરેલી નામ તથા દાન ધર્મની કમાઈ સ્વર્ગરૂપી હોટલોમાં સમાપ્ત કરીને પરત (ફરી પાછા) કર્મ આધારથી ચોર્યાસી લાખ પ્રકારનાં પ્રાણીઓના શરીરમાં કષ્ટ (દુ:ખ/પીડાઓ) ઉપર કષ્ટ ઉઠાવવાવાળા કાળના લોકમાં ચક્કર કાપતો રહેશે. માયા (દુર્ગા) થી ઉત્પન્ન થઈને કરોડો ગોવિંદ (બ્રહ્મા-વિષ્ણુ-શિવ) મરી ચૂકયા છે. ભગવાનના અવતાર બનીને આવ્યા હતા. પછી કર્મ બંધનમાં બંધાઈને કર્મોને ભોગવીને ચૌર્યાસી લાખ યોનીઓમાં ચાલ્યા ગયા. જેમ ભગવાન વિષ્ણુજીને દેવર્ષિ નારદનો શ્રાપ લાગ્યો. તે શ્રી રામચંદ્રરૂપમાં અયોધ્યામાં આવ્યા. પછી શ્રી રામજી રૂપમાં વાલીનો વધ કર્યો હતો. તે કર્મનો દંડ ભોગવવાને માટે શ્રી કૃષ્ણજીનો જન્મ થયો. પછી વાલીવાળો આત્મા શિકારી બન્યો તથા પોતાનો પ્રતિશોધ લીધો. શ્રી કૃષ્ણજીના પગમાં વિષયુકત (ઝેરી) તીર મારીને વધ કર્યો. મહારાજ ગરીબદાસજી પોતાની વાણીમાં કહે છે :-

*બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર માયા, ઔર ધર્મરાય કહિયે ।*
*ઈન પાઁચો મિલ પરપંચ બનાયા, વાણી હમરી લહિયે ।।*
*ઈન પાઁચોં મિલ જીવ અટકાયે, જુગન-જુગન હમ આન છુટાયે ।*
*બંદી છોડ હમારા નામં, અજર અમર હૈ અસ્થિર ઠામં ।।*
*પીર પૈગંબર કુતુબ ઔલિયા, સુર નર મુનિજન જ્ઞાની ।*
*યેતા કો તો રાહ ન પાયા, જમ કે બંધે પ્રાણી ।।*
*ધર્મરાય કી ધૂમા-ધામી, જમ પર જંગ ચલાઉં ।*
*જોરા કો તો જાન ન દૂંગાં, બાંધ અદલ ઘર લ્યાઉં ।।*
*કાલ અકાલ દોહૂઁ કો મોસૂં, મહાકાલ સિર મૂંડૂ ।*
*મૈં તો તખ્ત હજૂરી હુકમી, ચોર ખોજ કૂં ઢૂંઢૂ ।।*
*મૂલા માયા મગ મેં બૈઠી, હંસા ચુન-ચુન ખાઈ ।*
*જ્યોતિ સ્વરુપી ભયા નિરંજન, મૈં હી કર્તા ભાઈ ।।*
*સંહસ અઠાસી દીપ મુનીશ્વર, બંધે મુલા ડોરી ।*
*એત્યાં મેં જમ કા તલબાના, ચલિએ પુરુષ કીશોરી ।।*
*મૂલા કા તો માથા દાગૂં, સતકી મોહર કરુંગા ।*
*પુરુષ દીપ કૂં હંસ ચલાઉં, દરા ન રોકન દૂંગા ।।*
*હમ તો બન્દી છોડ કહાવાં, ધર્મરાય હૈ ચકવૈ ।*
*સતલોક કી સકલ સુનાવાં, વાણી હમરી અખવૈ ।।*
*નૌ લખ પટ્ટન ઉપર ખેલૂં, સાહદરે કૂં રોકૂં।*

*દ્વાદસ કોટિ કટક સબ કાટૂં, હંસ પઠાઉં મોખૂં ॥*

*ચૌદહ ભુવન ગમન હૈ મેરા, જલ થલ મેં સરબંગી ।*

*ખાલિક ખલક ખલક મેં ખાલિક, અવિગત અચલ અભંગી ॥*

*અગર અલીલ ચક્ર હૈ મેરા, જીત સે હમ ચલ આએ,*

*પાંચોં પર પ્રવાના મેરા, બંધિ છુટાવન ધાયે ॥*

*જહાઁ ઓંકાર નિરંજન નાહીં, બ્રહ્મા વિષ્ણુ વેદ નહીં જાહીં ।*

*જહાઁ કરતા નહીં જાન ભગવાના, કાયા માયા પિન્ડ ન પ્રાણા ॥*

*પાઁચોં તત્ત્વ તીનોં ગુણ નાહીં, જોરા કાલ દીપ નહીં જાહીં ।*

*અમર કરું સતલોક પઠાઁઉ, તાતૈં બન્દી છોડ કહાઉં ॥*

કબીર પરમેશ્વર (કવિર્દેવ) ની મહિમા દર્શાવતાં માનનીય ગરીબદાસ સાહેબજી કહી રહ્યા છે કે અમારા પ્રભુ કવિર્ (કવિર્દેવ) બંદીછોડ છે. બંદીછોડનો ભાવાર્થ છે કાળની કેદથી છોડવનાર, કાળબ્રહ્મના એકવીસ (21) બ્રહ્માંડોમાં બધા પ્રાણી પાપોના લીધે કાળના બંદી છે. પૂર્ણ પરમાત્મા (કવિર્દેવ) કબીર સાહેબ પાપનો વિનાશ કરી નાખે છે. પાપનો વિનાશ ન બ્રહ્મ, ન પરબ્રહ્મ, ન જ બ્રહ્મા- વિષ્ણુ- શિવજી કરી શકે છે. ફકત જેવાં કર્મ છે, તેનું તેવું જ ફળ આપી દે છે. એટલા માટે યજુર્વેદ અધ્યાય-5 ના મંત્ર 32માં લખ્યું છે ''કવિરંઘારિરસિ'' કવિર્દેવ (કબીર પરમેશ્વર) પાપોનો શત્રુ છે, ''બમ્ભારિરસિ'' બંધનોનો શત્રુ અર્થાત્ (એટલે કે) બંદીછોડ છે.

આ પાંચેય (બ્રહ્મા- વિષ્ણુ- શિવ-માયા અને ધર્મરાય) થી ઉપર સતપુરૂષ પરમાત્મા (કવિર્દેવ) છે. જે સતલોકનો માલિક છે. બાકી બધા પરબ્રહ્મ- બ્રહ્મ તથા બ્રહ્મા-વિષ્ણુ-શિવજી તથા આદિ માયા નાશવાન પરમાત્મા છે. મહાપ્રલયમાં આ બધા તથા એમના લોક સમાપ્ત થઈ જશે. સામાન્ય જીવ કરતાં કેટલીયે હજાર ઘણી વધારે લાંબી એમની ઉંમર છે. પરંતુ જે સમય નિર્ધારિત (નકકી કરેલો) છે તે એક દિવસ પૂરો અવશ્ય થશે. માનનીય ગરીબદાસજી મહારાજ કહે છે :-

*શિવ બ્રહ્મા કા રાજ, ઈન્દ્ર ગિનતી કહાં । ચાર મુક્તિ વૈકુંઠ સમઝ, યેતા લહ્યા ॥*

*સંખ જુગન કી જુની, ઉમ્ર બડ ધારિયા । જા જનની કુર્બાન, સુ કાગજ પારિયા ॥*

*યેતી ઉમ્ર બુલંદ મરૈગા અંત રે । સતગુરુ લગે ન કાન, ન ભૈંટે સંત રે ॥*

ભલેને સંખ યુગની લાંબી ઉંમર પણ કેમ ન હોય તે એક દિવસ અવશ્ય સમાપ્ત થશે. અગર સતપુરૂષ પરમાત્મા (કવિર્દેવ) કબીર સાહેબના નુમાંયદા (નિમણુક પામેલ) પૂર્ણસંત (ગુરુ) જે ત્રણ નામના મંત્ર (જેમાં એક ઓમ + તત્ + સત્ સાંકેતિક છે) આપે છે તથા તેને પૂર્ણસંત દ્વારા નામદાન કરવાનો આદેશ છે, તેનાથી ઉપદેશ પ્રાપ્ત કરીને નામની કમાઈ કરીશું તો આપણે સતલોકના અધિકારી હંસ થઈ શકીએ છીએ. સત્ય સાધના વગર વધારે લાંબી ઉંમર કોઈ કામમાં નહીં આવે કારણ કે નિરંજન લોકમાં દુ:ખ ને દુ:ખો જ છે.

*કબીર, જીવના તો થોડા હી ભલા, જૈ સત સુમરન હોય ।*
*લાખ વર્ષ કા જીવના, લેખૈ ધરૈ ના કોય ॥*

કબીર સાહેબ પોતાની (પૂર્ણબ્રહ્મની) જાણકારી સ્વયં આપે છે કે આ પરમાત્માઓથી ઉપર અસંખ્ય ભુજાવાળો પરમાત્મા સતપુરૂષ છે, જે સત્યલોક (સચ્ચ ખંડ, સતધામ)માં રહે છે તથા તેના અંતર્ગત સર્વલોક [બ્રહ્મ (કાળ)ના 21 બ્રહ્માંડ તથા બ્રહ્મા, વિષ્ણુ, શિવ, શકિતના લોક તથા પરબ્રહ્મના સાત શંખ બ્રહ્માંડ તથા અન્ય સર્વ બ્રહ્માંડ] આવે છે અને ત્યાં આગળ સત્યનામ - સારનામના જાપ દ્વાર જ જવાશે જે પૂરા ગુરૂથી પ્રાપ્ત થાય છે. સચ્ચખંડ (સતલોક)માં જે આત્મા ચાલ્યો જાય છે તેનો ફરીથી જન્મ થતો નથી. સતપુરૂષ (પૂર્ણબ્રહ્મ) કબીર સાહેબ (કવિર્દેવ) જ અન્ય લોકોમાં સ્વયં જ જુદા-જુદા નામોથી બિરાજમાન છે. જેમ કે અલખ લોકમાં અલખ પુરુષ, અગમલોકમાં અગમ પુરુષ તથા અકહ લોકમાં અનામી પુરૂષરૂપમાં બિરાજમાન છે. આ તો ઉપમાત્મક નામો છે, પરંતુ વાસ્તવિક નામ તે પૂર્ણપુરૂષનું કવિર્દેવ (ભાષા અલગ હોવાથી કબીર સાહેબ) છે.

## ❁ ''આદરણીય નાનક સાહેબજીની વાણીમાં સૃષ્ટિરચનાનો સંકેત''

શ્રી નાનક સાહેબજીની અમૃતવાણી મહલા-1, રાગ બિલાવલુ, અંશ-1. (ગુરુ ગ્રંથ સાહેબ પાના નં. 839)

*આપે સચુ કીઆ કર જોડિ । અંડજ ફોડિ જોડિ વિછોડ ॥*
*ધરતી આકાશ કીએ બૈસણ કઉ થાઉ । રાતિ દિનંતુ કીએ ભઉ-ભાઉ ॥*
*જિન કીએ કરિ વેખણહારા । (3)*
*ત્રિતીઆ બ્રહ્મા-બિસનુ- મહેસા । દેવી દેવ ઉપાએ વેસા ॥ (4)*
*પઉણ પાણી અગની બિસરાઉ । તાહી નિરંજન સાચો નાઉ*
*તિસુ મહિ મનુઆ રહિઆ લિવ લાઈ । પ્રણવતિ નાનકુ કાલુ ન ખાઈ ॥ (10)*

**ઉપરોક્ત અમૃતવાણીનો ભાવાર્થ છે કે સાચા પરમાત્મા (સતપુરૂષ)એ સ્વયં જ પોતાના હાથો વડે સર્વ સૃષ્ટિની રચના કરી છે. તેણે જ ઈંડું બનાવ્યું પછી ફોડયું તથા તેમાંથી જયોતિ નિરંજન નીકળ્યો. તે જ પૂર્ણ પરમાત્માએ સર્વ પ્રાણીઓના રહેવા માટે ધરતી, આકાશ, પવન, પાણી વગેરે પાંચ તત્ત્વો રચ્યા. પોતાના દ્વારા રચેલી સૃષ્ટિનો સ્વયં જ સાક્ષી છે. બીજા કોઈ સાચી જાણકારી આપી શકતા નથી. પછી ઈંડાના ફૂટવાથી નીકળેલા નિરંજન પછી ત્રણે શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજીની ઉત્પત્તિ થઈ તથા અન્ય દેવી દેવતા ઉત્પન્ન થયા તથા ગણતરી વગરના જીવોની ઉત્પત્તિ થઈ. ત્યારબાદ અન્ય દેવોના જીવનચરિત્ર તથા અન્ય ઋષિઓના અનુભવના છ શાસ્ત્ર તથા અઢાર (18) પુરાણ બની ગયા. પૂર્ણપરમાત્માના સાચા નામ (સત્યનામ)ની સાધના**

**અનન્ય મનથી કરવાથી તથા ગુરૂમર્યાદામાં રહેવાવાળા (પ્રણવતિ) ને શ્રી નાનકજી કહી રહ્યા છે કે કાળ નથી ખાતો.**

***રાગ-મારુ (અંશ) અમૃતવાણી મહલા-1 (ગુરૂ ગ્રંથ સાહેબ પાના નં. 1037)***

***સુનહુ બ્રહ્મા, બિસનુ, મહેસુ ઉપાએ । સુને વરતે જુગ સબાએ ॥***

***ઈસુ પદ બિચારે સો જનુ પુરા । તિસ મિલિએ ભરમુ ચુકાઈદા ॥ (3)***

***સામ વેદુ, રુગુ જુજરુ અથરબણુ । બ્રહ્મમેં મુખ માઈયા હૈ ત્રૈગુણ ॥***

***તા કી કીમત કહિ ન સકૈ । કો તિઉ બોલે જિઉ બુલાઈદા ॥ (9)***

ઉપરોકત અમૃતવાણીનો સારાંશ છે કે જે સંત પૂર્ણ સૃષ્ટિરચના સંભળાવી દેશે તથા બતાવશે કે ઈંડાના બે ભાગ થયા અને તેમાંથી કોણ નીકળ્યું, જેણે પછી બ્રહ્મલોકની સુન્નમાં એટલે કે ગુપ્ત સ્થાન ઉપર બ્રહ્મા - વિષ્ણુ- શિવજીની ઉત્પત્તિ કરી તથા તે પરમાત્મા કોણ છે જેણે બ્રહ્મ (કાળ) ના મુખથી ચારેય વેદો (પવિત્ર ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ)ને ઉચ્ચારણ કરાવ્યા, તે પૂર્ણપરમાત્મા જેમ ઈચ્છે તેમ જ પ્રત્યેક પ્રાણીને બોલાવડાવે છે. આ સર્વ જ્ઞાનને પૂર્ણ બતાવવાવાળા સંત મળી જાય તો તેની પાસે જાઓ તથા જે બધી જ શંકાઓનું પૂર્ણ નિવારણ કરે છે, તે જ પૂર્ણસંત એટલે કે તત્ત્વદર્શી છે.

શ્રી ગુરુ ગ્રંથ સાહેબ પાના નં. 929 અમૃતવાણી શ્રી નાનક સાહેબજીની રાગ રામકલી મહલા-1 દખણી ઓઅંકાર.

***ઓઅંકારિ બ્રહ્મા ઉત્પત્તિ । ઓઅંકારુ કીઆ જિનિ ચિત । ઓઅંકારિ સૈલ જુગ ભએ । ઓઅંકારિ વેદ નિરમએ । ઓઅંકારિ સબદિ ઉધરે । ઓઅંકારિ ગુરુમુખી તરે । ઓનમ અખર સુણહૂ બીચારુ । ઓનમ અખરુ ત્રીભવણ સારુ ।***

ઉપરોકત અમૃતવાણીમાં શ્રી નાનક સાહેબજી કહી રહ્યા છે કે ઓંકાર એટલે કે નિરંજન (કાળ) થી બ્રહ્માજીની ઉત્પત્તિ થઈ. કેટલાય યુગો સુધી મસ્તી કરીને (મોજ કરીને) ઓંકાર (બ્રહ્મ) એ વેદોની ઉત્પત્તિ કરી જે બ્રહ્માજીને પ્રાપ્ત થયા. ત્રણ લોકની ભકિતનો ફકત એક ૐ (ઓમ) મંત્ર જ વાસ્તવમાં જાપ કરવાનો છે. આ ૐ શબ્દને પૂર્ણસંતથી ઉપદેશ લઈને એટલે કે ગુરુ ધારણ કરીને જાપ કરવાથી ઉદ્ધાર થાય છે.

વિશેષ :- શ્રી નાનક સાહેબજીએ ત્રણેય મંત્રો (ૐ + તત્ + સત્) નું સ્થાન-સ્થાન પર રહસ્યાત્મક વિવરણ આપ્યું છે. તેને ફકત પૂર્ણસંત (તત્ત્વદર્શી સંત) જ સમજી શકે છે તથા ત્રણેય મંત્રોના જાપ અંગે ઉપદેશીને સમજાવવામાં આવે છે. (ગુરૂગ્રંથ સાહેબ પાના નં. 1038)

***ઉત્તમ સતિગુરુ પુરુષ નિરાલે, સબદિ રતે હરિ રસ મતવાલે ।***

***રિધિ, બુધિ, સિધિ, ગિઆન ગુરુ તે પાઈએ, પુરે ભાગ મિલાઈદા ॥ 15 ॥***

***સતિગુરુ તે પાયે બીચારા, સુન સમાધિ સચે ઘરબારા ।***

***નાનક નિરમલ નાદુ સબધ ધુનિ, સચુ રામૈં નામિ સમાઈદા ॥ 17 ॥***

ઉપરોકત અમૃતવાણીનો ભાવાર્થ છે કે વાસ્તવિક જ્ઞાન આપવાવાળા સતગુરુ તો નિરાળા જ છે, તેઓ ફકત નામજાપને જપે છે, અન્ય હઠયોગ સાધના નથી

બતાવતા. અગર તમારે ધનદૌલત, પદ, બુદ્ધિ અથવા ભક્તિ શક્તિ પણ જોઈએ તો તે ભક્તિ માર્ગનું જ્ઞાન પૂર્ણસંત જ પૂરું પ્રદાન કરશે, આવા પૂર્ણ સંત તો બહુ ભાગ્યથી જ મળે છે. તે જ પૂર્ણસંત વિવરણ બતાવશે કે ઉપર સુન્ન (આકાશ)માં આપણુ વાસ્તવિક ઘર (સત્યલોક) પરમેશ્વરે રચી રાખ્યું છે.

તેમાં એક વાસ્તવિક સાર નામની ધૂન (આવાજ) થઈ રહી છે. તે આનંદમાં, અવિનાશી પરમેશ્વરના સાર શબ્દથી સમાવેશ થઈ જાય છે એટલે કે તે વાસ્તવિક સુખદાયી સ્થાનમાં નિવાસ થઈ શકે છે. અન્ય નામોથી તથા અધૂરા ગુરુઓથી તે પ્રાપ્ત થઈ શકતું નથી.

***આંશિક અમૃતવાણી મહલા પહલા (શ્રી ગુરૂ ગ્રંથ સાહેબ પાના નં. 359- 360)***

***સિવ નગરી મહિ આસણિ બૈસઉ કલપ ત્યાગી વાદં । (1)***
***સિંડી સબદ સદા ધુનિ સોહૈ અહિનિસિ પૂરૈ નાદં । (2)***
***હરિ કીરતિ રહ રાસિ હમારી ગુરુ મુખ પંથ અતીત । (3)***
***સગલી જોતી હમારી સંમિઆ નાના વરણ અનેકં ।***
***કહ નાનક સુણિ ભરથરી જોગી પારબ્રહ્મ લિવ એકં । (4)***

ઉપરોક્ત અમૃતવાણીનો ભાવાર્થ છે કે શ્રી નાનક સાહેબજી કહી રહ્યા છે કે હે ભરથરી યોગીજી તમારી સાધના ભગવાન શિવ સુધી છે, તેનાથી તમને શિવનગરી (લોક) માં સ્થાન મળ્યું છે અને શરીરમાં જે સિંગી શબ્દ વગેરે થઈ રહ્યો છે તે આ જ કમળોનો છે તથા ટી.વી.ની જેમ પ્રત્યેક દેવના લોકથી શરીરમાં સંભળાઈ રહ્યો છે. **અમે તો એક પરમાત્મા પારબ્રહ્મ એટલે કે સર્વથી પાર જે પૂર્ણપરમાત્મા છે અન્ય (બીજા) કોઇ જુદા જ એક પરમાત્મામાં લૌ (અનન્ય મનથી લગન) લગાવીએ છીએ.**

**અમે બાહરી દેખાવ (ભસ્મ લગાડવી, હાથમાં ડંડો રાખવો) નથી કરતા. હું તો સર્વ પ્રાણીઓને એક પૂર્ણપરમાત્મા (સતપુરુષ)ના સંતાન સમજું છું. બધા તે શક્તિથી જ ચલાયમાન છે. અમારી મુદ્રા તો સાચું નામ જાપ ગુરુથી પ્રાપ્ત કરીને કરવાની છે તથા ક્ષમા કરવી એ અમારી વેશભૂષા છે. હું તો પૂર્ણ પરમાત્માનો ઉપાસક છું તથા પૂર્ણસતગુરુનો ભક્તિમાર્ગ આનાથી જુદો છે.**

*અમૃતવાણી રાગ આસા મહલા-પહલા (શ્રી ગુ.ગ્રં.,સા. પાન. 420)*

।। આસા મહલા 1 ।। જિની નામુ વિસારિઆ દુજૈ ભરમિ ભુલાઈ । મૂલુ છોડિ ડાલી લગે કિઆ પાવહિ છાઈ ।। ।। 1 ।। સાહિબુ મેરા એકુ હૈ અવરુ નહીં ભાઈ । કિરપા તે સુખુ પાઈઆ સાચે પરથાઈ ।।3।। ગુરુ કિ સેવા સો કરે જિસુ આપિ કરાએ । નાનક સિરુ દે છુટીએ દરગહ પતિ પાએ ।। 8 ।। 18 ।।

**ઉપરોક્ત વાણીનો ભાવાર્થ છે કે શ્રી નાનક સાહેબજી કહી રહ્યા છે કે જે પૂર્ણપરમાત્માનું વાસ્તવિક નામ ભૂલીને બીજા ભગવાનોના નામોના જાપમાં ભટકી રહ્યા છે, તે તો એમ કરી રહ્યા છે કે મૂળ (પૂર્ણપરમાત્મા)ને છોડીને ડાળીઓ (ત્રણેય ગુણ રૂપ રજોગુણ-બ્રહ્મા, સતોગુણ-વિષ્ણુ, તમોગુણ-**

**શિવજી) ની સિંચાઈ (પૂજા) કરી રહ્યા છે. તે સાધનાથી કોઈ સુખ નથી થઈ શક્તું એટલે કે વૃક્ષ સુકાઈ જશે તો છાયામાં નહીં બેસી શકો. ભાવાર્થ છે કે શાસ્ત્રવિધિ રહિત સાધના કરવી તે વ્યર્થ પ્રયત્ન છે, તેનાથી કોઈ લાભ નથી. આનું જ પ્રમાણ પવિત્ર ગીતા અધ્યાય-16 ના શ્લોક 23-24માં પણ છે. તે પૂર્ણપરમાત્માને પ્રાપ્ત કરવાને માટે મનમુખી (મન મુજબની) સાધના ત્યાગીને પૂર્ણ ગુરુદેવને સમર્પણ કરવાથી તથા સાચા નામના જાપથી જ મોક્ષ સંભવ છે, નહીં તો મૃત્યુના ઉપરાંત નરકમાં જઈશ.**

*(શ્રી ગુરુ ગ્રંથ સાહેબ પાના નં. **843-844**)*

*॥ બિલાવલુ મહલા **1** ॥ મૈં મન ચાહુ ઘણા સાચિ વિગાસી રામ । મોહી પ્રેમ પીરે પ્રભુ અબિનાસી રામ ॥ અવિગતો હરિ નાથુ નાથહ તિસૈ ભાવૈ સો થીઐ । કિરપાલુ સદા દઈઆલુ દાતા જીઆ અંદરિ તૂં જીઐ । મૈં આધારુ તેરા તુ ખસમુ મેરા મૈ તાણુ તકીઆ તેરઓ । સાચિ સૂચા સદા નાનક ગુરસબદિ ઝગરુ નિબેરઓ॥ **4** ॥ **2** ॥*

**ઉપરોક્ત અમૃતવાણીમાં શ્રી નાનક સાહેબજી કહી રહ્યા છે કે અવિનાશી પૂર્ણપરમાત્મા નાથોનો પણ નાથ છે એટલે કે દેવોના પણ દેવ છે (સર્વ પ્રભુઓ શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી, શ્રી શિવજી તથા બ્રહ્મ તથા પરબ્રહ્મ ઉપર પણ નાથ છે એટલે કે સ્વામી છે.) હું તો સાચા નામને હૃદયમાં સમાવી ચૂક્યો છું. હે પરમાત્મા ! સર્વ પ્રાણીના જીવન આધાર પણ આપ જ છો. હું આપના આશ્રિત છું, આપ મારા માલિક છો. આપે જ મને ગુરુ રૂપમાં આવીને સત્યભક્તિનું નિર્ણાયક જ્ઞાન આપીને સર્વ (તમામ) ઝઘડો પતાવી દીધો એટલે કે તમામ શંકાઓનું સમાધાન કરી દીધું.**

*(શ્રી ગુરુ ગ્રંથ સાહેબ પાના નં. **721** રાગ તીલંગ મહલા-**1**)*

*યક અર્જ ગુફતમ પેશ તો દરગોશ કૂન કરતાર ।*
*હક્કા કબીર કરીમ તૂ બેઅબ પરવરદિગાર ।*
*નાનક બુગોયદ જન તુરા તેરે ચાકરાં પાખાક ।*

**ઉપરોક્ત અમૃતવાણીમાં સ્પષ્ટ કરી દીધું છે કે (હક્કા કબીર) આપ સત્ કબીર (કૂન કરતાર) શબ્દશક્તિથી રચના કરવાવાળા શબ્દસ્વરૂપી પ્રભુ એટલે કે સર્વ સૃષ્ટિના રચનહાર છો, આપ જ બેએબ નિર્વિકાર (પરવરદિગાર) સર્વના પાલનકર્તા દયાળુ પ્રભુ છો, હું આપના દાસોનો પણ દાસ છું.**

*(શ્રી ગુરૂ ગ્રંથ સાહેબ પાના નં.**24** રાગ સીરી મહલા-**1**)*

*તેરા એક નામ તારે સંસાર, મૈં ઐહા આસ ઐહો આધાર ।*
*નાનક નીચ કહૈ બિચાર, ધાણક રૂપ રહા કરતાર ॥*

ઉપરોકત અમૃતવાણીમાં પ્રમાણિત કર્યું છે કે જે કાશીમાં ધાણક (જુલાહા-કપડાં વણે) છે આજ (કરતાર) કુલ (સર્વ)નો સૃજનહાર છે. અતિ (વધારે) આધીન

થઈને શ્રી નાનક સાહેબજી કહી રહ્યા છે કે હું સત્ કહી રહ્યો છું કે આ ધાણક એટલે કે કબીર જુલાહા જ પૂર્ણબ્રહ્મ (સત્પુરુષ) છે.

વિશેષ: ઉપરોકત પ્રમાણોના સાંકેતિક જ્ઞાનથી પ્રમાણિત થયું સૃષ્ટિ રચના કેવી રીતે થઈ ? હવે પૂર્ણપરમાત્માની પ્રાપ્તિ કરવી જોઈએ, પૂર્ણસંતથી નામ-ઉપદેશ લેવાથી જ આ સંભવ છે.

## ❁ ''અન્ય સંતો દ્વારા સૃષ્ટિરચનાની દંતકથા''

અન્ય (બીજા) સંતો દ્વારા જે સૃષ્ટિરચનાનું જ્ઞાન બતાવવામા આવ્યું છે તે કેવું છે ? કૃપા કરીને વાંચો :-

સૃષ્ટિરચનાના વિષયમાં રાધાસ્વામી પંથના સંતોના તથા ધન-ધન સતગુરૂ પંથના સંતના વિચાર:- પવિત્ર પુસ્તક જીવનચરિત્ર પરમ સંત બાબા જયમલસિંહજી મહારાજ ''પાન નં. 102-103થી 'સૃષ્ટિકી રચના'' (સાવન કૃપાલ પબ્લિકેશન, દિલ્હી)

''પહેલાં સતપુરૂષ નિરાકાર હતા, પછી ઇજહાર(આકાર)માં આવ્યા, તો ઉપરના ત્રણ નિર્મલ મંડલ (સતલોક- અલખલોક - અગમલોક) બની ગયા તથા પ્રકાશ તથા મંડલોંના નાદ (ધુનિ) બની ગયા.''

**પવિત્ર પુસ્તક સારવચન (નસર) પ્રકાશક :- રાધાસ્વામી સત્સંગસભા, દયાલબાગ, આગરા 'સૃષ્ટિ કી રચના' પૃષ્ઠ નં. 8:-**

**પ્રથમ (શરૂઆતમાં) ઘૂંઘૂકાર (અંધકાર) હતો. તેમાં પુરુષ શુન્ન સમાધિમાં હતા. જ્યારે કોઈ રચના થયેલી નહતી. પછી જ્યારે મૌજ થઈ ત્યારે શબ્દ પ્રગટ થયો અને તેનાથી બધી રચના થઈ. પહેલા સતલોક અને પછી સતપુરુષની કળાથી ત્રણ લોક અને બધો વિસ્તાર થયો.**

**આ જ્ઞાન તો આવું છે જેમ કે એક સમયે કોઈ યુવક નોકરી અર્થે ઈન્ટર્વ્યુ આપવા ગયો. અધિકારીએ પૂછયું કે તમે મહાભારત વાંચ્યું છે ! યુવકે જવાબ આપ્યો કે આંગળીઓના ટેરવા પર ગોખી રાખ્યું છે. અધિકારીએ પ્રશ્ન કર્યો કે પાંચ પાંડવોનાં નામ બતાવો. યુવકે ઉત્તર આપ્યો કે એક ભીમ હતો, એક એનો મોટો ભાઈ હતો, એક તેનાથી નાનો હતો, એક અન્ય હતો તથા એકનું નામ હું ભૂલી ગયો છું. ઉપરોકત સૃષ્ટિરચનાનું જ્ઞાન તો આવું છે.**

**સતપુરુષ તથા સતલોકની મહિમા બતાવવાવાળા તથા પાંચ નામ (ઔંકાર - જ્યોતિ નિરંજન - રરંકાર - સોહં - સત્યનામ) આપવાવાળા તથા ત્રણ નામ (અકાલ મૂર્તિ - સતપુરુષ - શબ્દ સ્વરૂપી રામ) આપવાવાળા સંતો દ્વારા રચવામાં આવેલ પુસ્તકોથી કેટલુંક નિષ્કર્ષ :-**

**સંતમત પ્રકાશ ભાગ-3, પાના નં. 76 પર લખ્યું છે કે ''સચ્ચખંડ અથવા સતનામ ચૌથું લોક છે'' અહીં આગળ ''સતનામ''ને સ્થાન કહ્યું છે. પછી આ પવિત્ર પુસ્તકના પાના નં. 79 પર લખ્યું છે કે ''એક રામ દશરથના બેટા, બીજા રામ ''મન'', ત્રીજા રામ ''બ્રહ્મ'', ચોથા રામ ''સતનામ'' આ અસલી રામ છે'' પછી પવિત્ર પુસ્તક સંતમત પ્રકાશ પહેલો ભાગ પૃષ્ઠ નં. 17**

**પર લખ્યું છે કે ''જે સતલોક છે, તેને જ સતનામ કહેવામાં આવે છે'' પવિત્ર પુસ્તક ''સાર વચન નસર યાનિ વાર્તિક'' પૃષ્ઠ નં. 3 પર લખ્યું છે કે ''હવે સમજવું જોઈએ કે રાધાસ્વામી પદ સૌથી ઊંચું સ્થાન છે જેણે સંતોએ સતલોક અને સચ્ચખંડ અને સાર શબ્દ અને સત શબ્દ અને સતનામ અને સતપુરુષ કરીને બોલ્યા (વ્યાખ્યા કરી) છે'' પવિત્ર પુસ્તક સાર વચન (નસર) આગ્રાથી પ્રકાશિત પાના નં. 4 પર પણ ઉપરોક્ત જેમનું તેમ વર્ણન છે. પવિત્ર પુસ્તક ''સચ્ચખંડ ની સડક' પાના નં. 226 ''સંતોંનો દેશ સચ્ચખંડ અથવા સતલોક છે, તેને જ સતનામ – સતશબ્દ – સારશબ્દ કહેવામાં આવે છે.''**

**વિશેષ : ઉપરોક્ત વ્યાખ્યા એવી લાગી જેમ કે કોઈએ જીવનમાં ન તો શહેર જોયું હોય, ન કાર જોઈ હોય અને ન પેટ્રોલ જોયું હોય, ન ડ્રાઈવરનું જ્ઞાન હોય કે ડ્રાઇવર કોને કહે છે અને તે વ્યક્તિ અન્ય સાથીઓ (મિત્રો)ને કહે કે હું શહેરમાં જાઉં છું. કારમાં બેસીને આનંદ મનાવું છું. પછી સાથીઓ પૂછે છે કે કાર કેવી છે ? પેટ્રોલ કેવું છે ? ડ્રાઈવર કેવો છે ? શહેર કેવું છે ? તો તેણે (ગુરુજીએ) ઉત્તર આપ્યો કે શહેર કહો કે કાર કહો એક જ વાત છે, શહેર પણ કાર જ છે, પેટ્રોલ પણ કારને જ કહે છે, ડ્રાઈવર પણ કારને જ કહે છે, સડક (રોડ) પણ કારને જ કહે છે.**

**ચાલો વિચાર કરીએ : સતપુરુષ તો પૂર્ણપરમાત્મા છે. સતનામ-તે બે મંત્રોનાં નામ છે જેમાં એક ॐ (ઓમ) + તત્ સાંકેતિક છે તથા તેના પછી સારનામ સાધકને પૂર્ણ ગુરુ દ્વારા આપવામાં આવે છે. આ સતનામ તથા સારનામ બન્ને સ્મરણ કરવાના નામ છે. સતલોક તે સ્થાન છે જ્યાં સતપુરુષ રહે છે. પુણ્ય આત્માઓ સ્વયં (પોતે) જ નિર્ણય કરો સત્ય તથા અસત્યનો.**

❑❑❑

# શાસ્ત્રોમાં પરમાત્મા

**પ્રશ્ન : સંસારના શાસ્ત્ર તથા સંત, પરમાત્માના વિશે શું જાણકારી આપે છે ?**

**ઉત્તર :** વિશ્વના મુખ્ય શાસ્ત્રો, સદ્ગ્રંથોમાં પરમાત્માની વ્યાખ્યા ખૂબ જ સારી રીતે કરવામાં આવી છે. તે પહેલાં આપણે જાણી લઇએ કે વિશ્વના મુખ્ય શાસ્ત્ર - સદ્ગ્રંથ કયા છે ?

(1) વેદ

વેદ બે પ્રકારના છે :- (1) સૂક્ષ્મ વેદ (2) સામાન્ય વેદ.

**1. સૂક્ષ્મવેદ:-** આ તે જ્ઞાન છે, જે પરમાત્મા સ્વયં પૃથ્વી ઉપર પ્રગટ થઇને પોતાના મુખકમળથી ઉચ્ચારણ કરીને બોલે છે, આ સંપૂર્ણ જ્ઞાનયુક્ત છે.

**પ્રમાણ:-** ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 86 મંત્ર 26-27

ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 82 મંત્ર 1-2-3

ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 94 મંત્ર 1

ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 95 મંત્ર 2

ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 20 મંત્ર 1

ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 96 મંત્ર 16 થી 20

ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 54 મંત્ર 3

યજુર્વેદ અધ્યાય 9 મંત્ર 1 તથા 32

યજુર્વેદ અધ્યાય 29 મંત્ર 25

અથર્વવેદ કાંડ 4 અનુવાક 1 મંત્ર 7

સામવેદ મંત્ર સંખ્યા 822

**અન્ય પ્રમાણ:-** શ્રીમદ્ ભાગવત ગીતા અધ્યાય 4 મંત્ર 32માં છે. જેમાં સ્પષ્ટ કહ્યું છે કે સચ્ચિદાનંદ ઘન બ્રહ્મ એટલે કે સત્ય પુરૂષ પોતાના મુખ કમળ વડે વાણી બોલીને તત્ત્વજ્ઞાન વિસ્તારપૂર્વક કહે છે.

**કારણ:-** પરમાત્માએ સૃષ્ટિના પ્રારંભમાં સંપૂર્ણ જ્ઞાન બ્રહ્મ (જ્યોતિ નિરંજન એટલે કે કાળ પુરૂષ)ના અંત:કરણમાં નાખ્યું હતું (ફેક્સ કર્યું હતું) પરમાત્મા દ્વારા નક્કી કરેલ સમયે આ જ્ઞાન સ્વયં જ કાળ પુરૂષના શ્વાસો દ્વારા સમુદ્રમાં પ્રગટ થઇ ગયું. કાળ પુરૂષે આમાંથી પરમાત્મા અંગેની મહત્ત્વની જાણકારી કાઢી નાખી. શેષ (બાકી) અધૂરું જ્ઞાન સંસારમાં પ્રવેશ કરાવી દીધું. તેને જ ચાર ભાગોમાં ચાર વેદોના રૂપમાં જાણવામાં આવે છે.

**2. સામાન્ય વેદ:-** આ તે જ આંશિક જ્ઞાન છે જે બ્રહ્મ (જ્યોતિ નિરંજન એટલે કે કાળ) એ પોતાના જ્યેષ્ઠ પુત્ર બ્રહ્માજીને આપ્યું હતું. આ જ્ઞાન અધુરું છે. આમાંથી મુખ્ય જાણકારી કાઢી નાંખી છે જે બ્રહ્મ એટલે કે કાળે જાણી જોઇને કાઢી હતી. જેનું કારણ એ હતું કે ''કાળ પુરૂષ''ને ડર રહે છે કે કોઇને પણ પૂર્ણ

પરમાત્માનું જ્ઞાન ન થઇ જાય. જો પ્રાણીઓને પૂર્ણ પરમાત્માનું જ્ઞાન થઇ ગયું તો બધા આ કાળના લોકને ત્યજીને પૂર્ણ પરમાત્માના લોક (સત્યલોક = શાશ્વત સ્થાન)માં જતા રહેશે, જ્યાં ગયા બાદ જન્મ-મૃત્યુ સમાપ્ત થઇ જાય છે. એટલા માટે બ્રહ્મે (કાળ પુરૂષે) પૂર્ણ પરમાત્માના પરમ પદની જાણકારી બતાવી નથી અને તે નષ્ટ કરી દીધી હતી. તેની પૂર્તિ કરવા માટે પૂર્ણ પરમાત્મા પોતે સહશરીર પ્રગટ થઇને સંપૂર્ણ જ્ઞાન બતાડે છે. પોતાની પ્રાપ્તિના વાસ્તવિક મંત્રો પણ બતાડે છે જે કાળ ભગવાને સમાપ્ત કરીને શેષ (બચેલું) જ્ઞાન પ્રદાન કરી રાખ્યું હોય છે. તેને ઋષિજનો વેદ કહે છે. ઋષિ વ્યાસજીએ આ વેદને લખ્યા તથા આના ચાર ભાગ બનાવ્યા.

(1) ઋગ્વેદ (2) યજુર્વેદ (3) સામવેદ (4) અથર્વવેદ જે વર્તમાનમાં પ્રચલિત છે, જે હાલમાં પ્રસિદ્ધ છે. આ જ ચારેય વેદોનો સારાંશ કાળ પુરૂષે શ્રીમદ ભાગવત ગીતાના રૂપમાં શ્રીકૃષ્ણજીના શરીરમાં પ્રવેશ કરીને મહાભારતના યુદ્ધથી પહેલાં બોલ્યા હતા તે (જ્ઞાન) પણ પાછળથી મહર્ષિ વ્યાસજીએ કાગળ પર લખ્યું (ગ્રંથ રૂપમાં લખેલ) જે આજે આપની પાસે ઉપલબ્ધ છે.

સદ્ગ્રંથોમાં બાઇબલનો પણ સમાવેશ થાય છે - જે ત્રણ પુસ્તકોનો સંગ્રહ છે : (1) તૌરેત (2) જબૂર (3) ઈંજીલ.

બાઇબલમાં સૌ પ્રથમ સૃષ્ટિની ઉત્પત્તિની જાણકારી છે. જેમાં લખ્યું છે કે પરમાત્માએ સર્વ પ્રથમ સૃષ્ટિની રચના કરી. પૃથ્વી, સૂર્ય, દિવસ-રાત, પશુ-પક્ષી, મનુષ્ય (નર-નારી)ની રચના પરમાત્માએ છ દિવસમાં કરી અને સાતમા દિવસે સિંહાસન (તખ્ત) પર વિરાજમાન થઇ ગયા. સૃષ્ટિ રચના અધ્યાય-1ના શ્લોક 26, 27, 28 માં પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે પરમાત્માએ માનવને પોતાના સ્વરૂપ જેવો ઉત્પન્ન કર્યો. આનાથી સિદ્ધ થાય છે કે પરમાત્મા પણ મનુષ્ય જેવા (નરાકાર) છે.

*** બાઇબલ પ્રમાણે માસ ખાવાની મનાઇ છે:-** માંસ ખાવાની બાઇબલમાં મનાઇ છે. આ જ ઉત્પત્તિ ગ્રંથમાં બાઇબલમાં લખ્યું છે કે (શ્લોક 27-28માં) મનુષ્યોના આહાર (ખાવા) માટે બીજયુક્ત વનસ્પતિ (ઘઉં, ચણા, બાજરા વગેરે-વગેરે) તથા ફળદાર વૃક્ષ આપ્યા, આ તમારું ભોજન છે. પશુ-પક્ષીઓને ખાવા માટે ઘાસ, પાંદડાવાળાં ઝાડી-ઝાંખળા આપ્યાં છે. એના પછી પરમાત્મા તો પોતાના સત્યલોક (નિજધામ)માં સિંહાસન (તખ્ત) પર જઇને બેઠા (બિરાજમાન થઇ ગયા). બાઇબલમાં આગળ જે જ્ઞાન છે તે કાળ ભગવાન તથા એના પુત્રો દ્વારા આપવામાં આવ્યું છે. જો બાઇબલ ગ્રંથમાં આગળ ચાલીને માંસ ખાવા અંગે લખ્યું છે તો તે પૂર્ણ પરમાત્માનો આદેશ નથી. તે કોઇ અધુરા પ્રભુનો છે. પૂર્ણ પરમાત્મા (Complete God) ના આદેશનો અનાદર કરવાથી પાપના ભાગીદાર બને છે.

*** કુરાન શરીફ (મજીદ):-** બાઇબલ પછી સદ્ગ્રંથોમાં કુરાન શરીફનું નામ શ્રદ્ધાપૂર્વક લેવામાં આવે છે. કુરાનનું જ્ઞાન આપનાર (દાતા) પણ એ જ છે જેણે બાઇબલનું જ્ઞાન આપ્યું છે તથા ચારેય વેદો અને શ્રીમદ્ ભાગવતનું જ્ઞાન આપ્યું છે.

એટલે કે બાઇબલ, કુરાન, વેદ, ગીતાનું જ્ઞાન આપનાર એક જ છે) એટલા માટે તેણે તે મુદ્દાઓને બાઇબલ અને કુરાનમાં ફરીથી દર્શાવેલ નથી કે જે મુદ્દાઓનો સમાવેશ ચારેય વેદ અને શ્રીમદ્ ભાગવત ગીતામાં થયેલ છે.

*** ઉપનિષદઃ-** જેની કુલ સંખ્યા 11 માનવામાં આવે છે. ઉપનિષદનું જ્ઞાન કોઇ ઋષિનો પોતાનો અનુભવ છે. જો તે અનુભવ વેદો તથા ગીતાથી મેળ નથી આવતો તો તે વ્યર્થ છે. માટે આવા જ્ઞાનને ગ્રહણ ના કરવું જોઇએ. એટલા માટે ઉપનિષદોને છોડી દઇને વેદો તથા ગીતાના જ્ઞાનને ગ્રહણ કરવું જોઇએ. કારણ કે ઉપનિષદોનું મોટા ભાગનું જ્ઞાન વેદો તથા ગીતાના જ્ઞાનથી વિપરીત છે. આ જ પ્રમાણે બાઇબલ તથા કુરાનના જ્ઞાનને સમજો કે જે જ્ઞાન વેદો તથા ગીતાથી મેળ નથી ખાતું, તેને ગ્રહણ ન કરવું જોઇએ, તેનો સ્વીકાર કરી શકાય નહિ.

*** પુરાણઃ-** જેની કુલ સંખ્યા 18 માનવામાં આવે છે. આમ તો આ તમામ પુરાણોનું જ્ઞાન એક જ બોધ માનવામાં આવ્યો છે. આ જ્ઞાન સર્વ પ્રથમ બ્રહ્માજીએ પોતાના પુત્રો (દક્ષ વગેરે ઋષિઓ)ને આપ્યું હતું. રાજા દક્ષજી, મનુજી તથા પારાશર વિગેરે ઋષિઓએ આનો આગળ પ્રચાર કરતી વખતે પોતાના અનુભવો પણ સામેલ કરી દીધા. આ પ્રમાણે 18 ભાગોમાં પુરાણનું જ્ઞાન માનવામાં આવ્યું છે. 18 પુરાણોના જ્ઞાનનો જે અંશ વેદો તથા ગીતાથી મેળ નથી ખાતો તો તેનો ત્યાગ કરી દેવો જોઇએ. આ જ પ્રમાણે અન્ય કોઇપણ પુસ્તક વેદો તથા ગીતાના જ્ઞાનથી વિરુદ્ધ જ્ઞાનયુક્ત છે, તો તેને પણ ત્યજી દેવું ઉચિત છે.

ગીતા અધ્યાય 18 શ્લોક 62 માં ગીતા જ્ઞાનદાતા અર્જુનને કહી રહ્યા છે કે તું સર્વભાવથી તે પરમેશ્વર (જે ગીતા જ્ઞાનદાતાથી અલગ છે) ની શરણમાં જા. તે પરમેશ્વરની કૃપાથી જ તું પરમ શાંતિ તથા સનાતન પરમધામ (સત્યલોક)ને પ્રાપ્ત થઇ જઇશ. ગીતા અધ્યાય-4 શ્લોક 32માં કહ્યું છે કે જે જ્ઞાન (સૂક્ષ્મવેદ) સ્વયં પરમાત્મા પોતાના મુખકમળથી બોલીને સંભળાવે છે, તે સચ્ચિદાનંદ ધન બ્રહ્મની વાણી કહેવાય છે, તેને જ તત્ત્વજ્ઞાન પણ કહે છે, જેમાં પરમાત્માએ પૂર્ણ મોક્ષ માર્ગનું જ્ઞાન આપ્યું છે. ગીતા અધ્યાય-4 શ્લોક 34માં કહ્યું છે કે તે તત્ત્વજ્ઞાનને તું તત્ત્વદર્શી સંતો પાસે જઇને સમજ. તેમને દંડવત પ્રણામ કરીને, પ્રશ્ન કરવાથી તે તત્ત્વદર્શી સંત તને તત્ત્વ જ્ઞાનનો ઉપદેશ કરશે. ગીતા અધ્યાય-15 શ્લોક 1માં તત્ત્વદર્શી સંતની ઓળખ બતાડી છે. કહ્યું છે કે જે સંત સંસાર રૂપી વૃક્ષના સર્વ અંગોને જાણે છે તે વેદવિત એટલે કે વેદોના તાત્પર્ય (અર્થ)ને જાણે છે, તે તત્ત્વદર્શી સંત છે. સૂક્ષ્મવેદ એટલે કે સચ્ચિદાનંદ ધન બ્રહ્મની વાણીમાં કહ્યું છે :-

***કબીર અક્ષર પુરૂષ એક પેડ હૈ, ક્ષર પુરૂષ વાકી ડાર ।***
***તીનોં દેવા શાખા હૈં, પાત રૂપ સંસાર ।।***

આ જ સચ્ચિદાનંદ ધન બ્રહ્મની વાણીને તત્ત્વજ્ઞાન પણ કહે છે.

ગીતા અધ્યાય-15 શ્લોક 4માં કહ્યું છે કે તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થયા બાદ પરમેશ્વરના તે પરમ પદની શોધ કરવી જોઇએ જ્યાં ગયા બાદ સાધક ક્યારેય પાછો વળીને ફરીથી આ સંસારમાં નથી આવતો એટલે કે તેનો પૂર્ણ મોક્ષ થઇ જાય છે. તે જ પરમાત્માએ સંસારરૂપી વૃક્ષની રચના કરી છે, ફક્ત તેની જ ભક્તિ કરો. ગીતા જ્ઞાનદાતા પોતાની સાધનાથી શ્રેષ્ઠ તે પૂર્ણ પરમાત્માની ભક્તિને માને છે, તેનાથી જ પરમેશ્વરનું તે પરમ પદ પ્રાપ્ત થાય છે, જેને પ્રાપ્ત કર્યા પછી જીવનું જન્મ-મૃત્યુનું ચક્કર સદાય (કાયમ)ને માટે સમાપ્ત થઇ જાય છે.

*** શ્રી ગુરૂ ગ્રંથ સાહેબજીઃ-** આ શીખ ધર્મનો ગ્રંથ માનવામાં આવે છે, વાસ્તવમાં આ ગ્રંથ કેટલાય મહાત્માઓની અમૃતવાણીનો સંગ્રહ છે. જેમાં શ્રી નાનકદેવજીની વાણી એટલે કે મહલા-પહલાની વાણી તત્ત્વજ્ઞાન એટલે કે સૂક્ષ્મવેદ સાથે મેળ ખાય છે કારણ કે શ્રી નાનકજીને પરમાત્મા મળ્યા હતા - જે સમયે શ્રી નાનક સાહેબજી સુલ્તાનપુર શહેરમાં નવાબને ત્યાં મોદી ખાનામાં નોકરી કરતા હતા. સુલ્તાનપુર શહેરથી અડધો કિલોમીટર દૂર બેઇ નદી વહે છે. શ્રી નાનકજી દરરોજ તે નદીમાં સ્નાન કરવા જતા હતા. એક દિવસ પરમાત્મા જિંદા બાબાની વેશભૂષામાં બેઇ નદી પર પ્રગટ થયા, ત્યાં શ્રી નાનકદેવજી સાથે જ્ઞાન ચર્ચા થઇ. તેના પછી શ્રી નાનકજીએ નદીમાં ડૂબકી મારી પરંતુ બહાર ના આવ્યા. ત્યાં ઉપસ્થિત વ્યક્તિઓએ માની લીધું કે નાનકજી નદીમાં ડૂબી ગયા છે. શહેરના લોકોએ નદીમાં જાળ નાંખી શોધખોળ કરી પરંતુ નિરાશા જ હાથ લાગી કારણ કે શ્રી નાનકદેવજી તો જિંદા બાબાના રૂપમાં પ્રગટ પરમાત્માની સાથે સચ્ચખંડ (સત્યલોક)માં ચાલી ગયા હતા. ત્રણ દિવસ બાદ શ્રી નાનકદેવજી પરત પૃથ્વી પર આવ્યા અને તે જ બેઇ નદીના કાંઠે આવીને ઊભા થઇ ગયા જ્યાંથી તે અંતર્ધ્યાન થયા હતા. શ્રી નાનકજીને જીવીત જોઇને સુલ્તાનપુરના રહેવાસીઓના આનંદનો કોઇ પાર ન રહ્યો. શ્રી નાનકજીની બહેન નાનકી પણ સુલ્તાનપુર શહેરમાં જ પરણાવેલ હતી. પોતાની બહેનની સાથે જ શ્રી નાનકજી રહેતા હતા. પોતાના ભાઇના મૃત્યુના શોકમાં દુઃખી બહેન નાનકીને ખૂબ આશ્ચર્ય થયું અને તેનું દુઃખ આનંદમાં પરિવર્તન પામ્યું. શ્રી નાનકદેવજીને પરમાત્મા મળ્યા. સાચ્ચું જ્ઞાન મળ્યું. સાચું નામ (સત્યનામ) મળ્યું. પુસ્તક ભાઇ બાલાવાળી ''જન્મ સાખી ગુરૂ નાનક દેવજી'' માં તથા પ્રાણ સંગીલી હિન્દી લિપિ વાળીમાં જેના સંપાદક સંત સંપૂર્ણસિંહ છે – આ બન્ને પુસ્તકોમાં પ્રમાણ છે કે શ્રી ગુરૂ નાનક દેવજીએ સ્વયં મર્દાનાને કહ્યું છે કે મને પરમાત્મા જિંદા બાબાના રૂપમાં બેઇ નદી પર મળ્યા, જ્યારે હું સ્નાન કરવા માટે ગયો હતો. હું ત્રણ દિવસ સુધી તેમની જ સાથે રહ્યો હતો, તે બાબા જિંદા મારા સતગુરૂ પણ છે તથા તે સર્વ સૃષ્ટિના રચનહાર પણ છે. એટલા માટે તે જ ''બાબા'' કહેવડાવવાના અધિકારી છે, અન્ય (બીજા કોઇ)ને ''બાબા'' કહેવું ન જોઇએ, તેનું નામ કબીર છે.

***કાયમ દાયકા કુદરતી સબ પીરન સિર પીર આલમ બડા કબીર ॥***

એટલા માટે શ્રી નાનકજીની વાણી (મહલા 1) છે, તે સૂક્ષ્મ વેદ સાથે મેળ ખાય છે, જેથી આ સાચી છે. અન્ય (બીજા) સંતોની વાણી એટલી સટીક (પરફેક્ટ) નથી. આનું કારણ આ છે કે શ્રી નાનકદેવજીને પરમાત્મા કબીરજી મળ્યા હતા.

**પ્રમાણ: શ્રી ગુરૂ ગ્રંથ સાહેબના પાના 24 પર લખેલી વાણી :-**

*એક સુઆન દુઇ સુઆની નાલ ભલકે ભૌંક્હી સદા બિયાલ,*
*કુડ છુરા મુઠા મુરદાર ધાણક રૂપ રહા કરતાર,*
*તેરા એક નામ તારે સંસાર, મૈં ઐહો આશ ઐહો આધાર*
*ધાણક રૂપ રહા કરતાર ।*
*ફાહી સુરત મલૂકી વેશ, એહ ઠગવાડા ઠગી દેશ ।*
*ખરા સિઆણાં બહુતા ભાર, ધાણક રૂપ રહા કરતાર ॥*

**શ્રી ગુરૂ ગ્રંથ સાહેબના પૃષ્ઠ 731 પર નીચે મુજબ વાણી લખી છે :-**

*નીચ જાતિ પરદેશી મેરા, ક્ષણ આવૈ ક્ષણ જાવૈ ।*
*જાકિ સંગત નાનક રહંદા, ક્યુકર મુંડા પાવૈ ॥*

**પૃષ્ઠ 721 પર નીચે મુજબ વાણી લખી છે :-**

*યક અર્જ ગુફતમ પેશ તોદર, ફૂન કરતાર ।*
*હક્કા કબીર કરીમ તૂ, બેએબ પરવરદિગાર ।*

આ ઉપરોક્ત અમૃતવાણી શ્રી ગુરૂ ગ્રંથ સાહેબજીની છે જેનાથી સિદ્ધ થયું કે શ્રી નાનકજીને પરમાત્મા મળ્યા હતા, તે ''કબીર કરતાર'' છે જે કાશીમાં ધાણક રૂપમાં લીલા કરવા આવ્યા હતા.

સંત ગરીબદાસજી (ગામ - છુડાની, જિ. - જઝઝર, હરિયાણા)ને પણ આ જ પ્રમાણે જિંદા બાબાના રૂપમાં કબીર પરમાત્મા મળ્યા હતા. તે જ પ્રમાણે સચ્ચખંડ (સત્યલોક) લઇને ગયા હતા, પછી પાછા મૂકી ગયા હતા. સંત ગરીબદાસજીએ કહ્યું છે કે :-

*ગરીબ, હમ સુલ્તાની નાનક તારે, દાદૂ કું ઉપદેશ દિયા ।*
*જાતિ જુલાહા ભેદ નહીં પાયા, કાશી માહેં કબીર હુઆ ॥*
*અનંત કોટિ બ્રહ્માંડ કા, એક રતિ નહીં ભાર ।*
*સતગુરૂ પુરૂષ કબીર હૈ કુલ કે સિરજન હાર ॥*

સંત દાદુદાસજી મહારાજને પણ પરમાત્મા જિંદા બાબાના રૂપમાં મળ્યા હતા. શ્રી દાદુજીની ઉંમર 7 વર્ષની હતી જ્યારે તેઓ ગામની બહાર બાળકો સાથે રમી રહ્યા હતા. પરમાત્મા તેમને પણ જિંદા બાબાના રૂપમાં મળ્યા હતા અને સત્યલોક લઇને ગયા હતા. દાદુજી પણ ત્રણ દિવસ સુધી અચેત રહ્યા હતા, પછી સચેત થયા તો પરમાત્મા કબીરજીની મહિમાના ગુણગાન કરવા લાગ્યા.

*જિન મોકું નિજ નામ (વાસ્તવિક નામ) દિયા, સોઈ સતગુરૂ હમાર ।*
*દાદૂ દૂસરા કોઈ નહીં, કબીર સિરજનહાર ॥*
*દાદૂ નામ કબીર કી, જૈ કોઈ લેવે ઓટ ।*
*ઉનકો કબહુ લાગે નહીં, કાલ બજ્ર કી ચોટ ॥*

સંત ગરીબદાસજીએ કહ્યું છે :-

***દાદૂ કૂં સતગુરૂ મિલે, દેઈ પાન કી પીખ ।***
***બુઢા બાબા જિસે કહૈ, યહ દાદૂ કી નહીં સીખ ॥***
***પહલી ચોટ દાદૂ કો, મિલે પુરૂષ કબીર ।***
***ટક્કર મારી જદ મિલે, ફિર સામ્ભર કે તીર ॥***

* સંત ધર્મદાસજી બાંધવગઢવાળાને મળ્યા:- જે સમયે તીર્થયાત્રા દરમ્યાન ભ્રમણ કરતા કરતા ધર્મદાસજી મથુરા પહોંચ્યા તો તે પરમાત્મા જિંદા મહાત્માના રૂપમાં મળ્યા હતા. ધર્મદાસજીને પણ પરમાત્મા સત્યલોક લઇને ગયા હતા. ધર્મદાસજી પણ શ્રી નાનકદેવજીની જેમ ત્રણ દિવસ-રાત સુધી પરમાત્માની સાથે આકાશમંડળ (સત્યલોક)માં રહ્યા. ધર્મદાસજીનું શરીર અચેત રહ્યું. ત્રીજા દિવસે હોશમાં આવ્યા તો બતાવ્યું કે હું સત્યલોકમાં પરમાત્માની સાથે ગયો હતો. તે પરમાત્મા કાશી શહેરમાં લીલા કરવા આવ્યા છે, તેમને મળીશ. ધર્મદાસ બનારસ (કાશી)માં ગયા. ત્યારે ત્યાં જુલાહા - વણકરના રૂપમાં પરમાત્માને કાર્ય કરતા જોઇ આશ્ચર્યચકિત થઇ ગયા અને ચરણોમાં પડી ગયા તથા યથાર્થ (સાચો/યોગ્ય) ભક્તિ માર્ગ પ્રાપ્ત કરીને પોતાનું કલ્યાણ કરાવ્યું. વધુ જાણકારી માટે વાંચો આ જ પુસ્તકના પૃષ્ઠાંક 62 પર. (કોને-કોને મળ્યા પરમાત્મા)

* હઝરત મોહમ્મદજીને પણ પરમાત્મા મક્કા (કાબા)માં જિંદા મહાત્માના રૂપમાં મળ્યા હતા તથા તેમને પોતાના લોકમાં લઇ ગયા જે એક બ્રહ્માંડમાં રાજદૂત ભવનના રૂપમાં નિર્મિત છે. પરમાત્માએ હઝરત મોહમ્મદજીને સમજાવ્યા તથા પોતાનું જ્ઞાન સંભળાવ્યું પરંતુ હઝરત મુહમ્મદજીએ પરમાત્માના જ્ઞાનનો સ્વીકાર ના કર્યો અને સત્યલોકમાં રહેવાની કોઇ ઇચ્છા પણ વ્યક્ત ન કરી. એટલા માટે હઝરત મોહમ્મદજીને પરત તેમના શરીરમાં પ્રવેશ કરાવી દીધા. તે સમયે હઝરત મોહમ્મદજીના કેટલાય (મોટી સંખ્યામાં) અનુયાયીઓ બની ગયા હતા. તેમની મહિમા સંસારમાં ઝડપી ગતિથી ફેલાઇ રહી હતી અને કુરાનના જ્ઞાનને સર્વોત્તમ માની રહ્યા હતા.

સંત ગરીબદાજીએ બતાવ્યું છે કે કબીર પરમેશ્વરજી મુહમ્મદ સાહેબજીને ઉપર લોકમાં લઇ ગયા, પરંતુ ત્યાં રહ્યા નહીં. ગરીબદાસજીએ કહ્યું છે કે

***કબીર પરમેશ્વરજીને બતાડયું છે કે :-***
***હમ મુહમ્મદ કો વહાઁ લે ગયો, ઇચ્છા રૂપી વહાં નહીં રહ્યો ।***
***ઉલ્ટ મુહમ્મદ મહલ પઠાયા, ગુઝ બિરજ એક કલમા લ્યાયા ।***
***રોજા, બંગ, નિમાજ દયી રે, બિસ્મલ કી નહીં બાત કહી રે ।***
***મારી ગઉ શબ્દ કે તીરં, ઐસે હોતે મુહમ્મદ પીરં ।***
***શબ્દૈ ફેર જિવાઇ, જીવ રાખ્યા માંસ નહીં ભખ્યા, ઐસે પીર મુહમ્મદ ભાઈ ।***
***મારી ગઉ લે શબ્દ તલવાર, જીવત હુઈ નહીં અલ્લાહ સે કરી પુકાર ।***
***તબ હમોં (મુઝકો) મુહમ્મદ ને યાદ કિયા રે । શબ્દ સ્વરૂપ હમ બેગ ગયા રે ।***

***મુઈ ગઉ હમને તુરંત જીવાઇ । તબ મુહમ્મદ કૈ નિશ્ચય આઇ ॥***
***તુમ કબીર અલ્લાહ દર્વેશા । મોમિન મુહમ્મદ કા ગયા અંદેશા ॥***
***કહા મુહમ્મદ સુન જિંદા સાહેબ । તુમ અલ્લાહ કબીર ઔર સબ નાયબ ॥***

આ જ પ્રમાણ ''કુરાન શરીફ''ની સુરત ફુર્કાની 25 આયત 52 થી 59 માં પણ છે. કુરાન શરીફના જ્ઞાનદાતાને હઝરત મુહમ્મદ તથા મુસ્લિમ ધર્મના તમામ શ્રદ્ધાળુઓ પોતાનો ખુદા માને છે, તેને જ પૂર્ણ પરમાત્મા પણ માને છે. આ 52 થી 59 આયતોમાં કુરાન જ્ઞાનદાતાએ કહ્યું છે કે હે પૈગમ્બર ! હઝરત મુહમ્મદ ! જે કુરાનની આયતોમાં મેં તમને જે જ્ઞાન આપ્યું છે, તમે તેના ઉપર અડગ રહેજો. અલ્લાહ કબીર છે અને આ કાફીર તે અલ્લાહ પર વિશ્વાસ નથી કરતા. તમે એમની વાતોમાં ના આવતા, એમની સાથે સંઘર્ષ કરજો, ઝઘડો નહીં કરતા. હે પૈગમ્બર ! આ કબીર નામક પરમાત્મા છે જેણે કોઇને બેટો, વહુ, સાસુ, સસરો તથા પૌત્ર બનાવ્યા છે. તમે તે જિંદા ઉપર ભરોસો રાખજો. (જે તમને કાબામાં મળ્યા હતા) તે વાસ્તવમાં અવિનાશી પરમાત્મા છે, તે પોતાના બંદાઓ (ભક્તો)ના ગુનાઓ (પાપો)ને માફ કરી દે છે, તે કબીર અલ્લાહ છે. આ કબીર અલ્લાહ તે જ છે જેનું વર્ણન બાઇબલ ગ્રંથમાં ઉત્પત્તિ ગ્રંથમાં આવે છે કે તે પરમાત્માએ છ દિવસમાં આસમાન અને ધરતી તથા એની વચ્ચેના સર્વ નક્ષત્ર બનાવ્યા છે એટલે કે સર્વ સૃષ્ટિની રચના કરી અને સાતમા દિવસે સિંહાસન (તખ્ત) પર જઇ બેઠ્યા. તેની ખબર - કોઇ બાખબર એટલે કે તત્ત્વદર્શી સંતને પૂછો.

## ''હજરત મુહમ્મદજી માંસ નહોતા ખાતા''

સંત ગરીબદાસજી મહારાજે (ગામ : છુડાની, જિલ્લો : ઝઝર) પોતાની અમૃતવાણીમાં પણ સ્પષ્ટ કર્યું છે કે હઝરત મુહમ્મદ તથા એક લાખ એંસી હજાર અનુયાયીઓ મુસલમાન હતા. તેમણે માંસ નહોતું ખાધું - માંસાહાર કર્યો નહોતો તથા ગાયને બિસ્મલ (હત્યા) નહોતી કરી.

***ગરીબ, નબી મુહમ્મદ નમસ્કાર હૈ, રામ રસૂલ કહાયા ।***
***એક લાખ અસ્સી કૂં સૌગન્ધ, જિન નહીં કરદ ચલાયા ॥***
***અર્સ-કુર્સ પર અલ્લહ તખ્ત હૈ, ખાલિક બિન નહીં ખાલી ।***
***વે પૈગમ્બર પાક પુરૂષ થે, સાહેબ કે અબદાલી ।***

**ભાવાર્થઃ-** ગરીબદાસજીએ બતાવ્યું છે કે નબી મુહમ્મદને હું પ્રણામ કરું છું. એ તો પરમાત્માના રસૂલ (સંદેશવાહક) હતા. તેમના એક લાખ એંસી હજાર મુસલમાન અનુયાયી બની ગયા હતા. હું (ગરીબદાસજી) કસમ ખાઉ છું કે તેમણે (એક લાખ એંસી હજાર અનુયાયીઓએ) તથા હઝરત મુહમ્મદજીએ ક્યારેય કોઇ જીવ ઉપર કરદ (છુરો) નહોતો ચલાવ્યો એટલે કે ક્યારેય પણ જીવ હિંસા કરી નહતી અને માંસ નહતું ખાધું.

પરમાત્મા આસમાનના અંતિમ છોર (સર્વ બ્રહ્માંડોની ઉપરના સ્થાન) પર બિરાજમાન છે, પરંતુ તેમની નજરોથી કોઇપણ જીવ ઓઝલ નથી, તે સર્વ જીવોને જોઇ રહ્યા છે. તે પૈગમ્બર (હઝરત મુહમ્મદ તથા અન્ય) પવિત્ર આત્માઓ હતા. તે પરમાત્માની કૃપા પાત્ર હતા.

## સંત જમ્ભેશ્વર મહારાજજીના વિચાર:–

આ જ વાતની સાક્ષી સંત જમ્ભેશ્વરજી મહારાજે (બિશ્નોઇ ધર્મના પ્રવર્તકે) આપી છે. શબ્દ સંખ્યા 12 માં:-

***મહમદ-મહમદ ન કર કાજી, મહમદ કા તો વિષમ વિચારુ ।***
***મહમદ હાથ કરદ ન હોતી, લોહે ઘડી ન સારુ ।***
***મહમદ સાથ પયબંર સીધા, એક લાખ અસ્સી હજારું ।***
***મહમદ મરદ હલાલી હોતા, તુમ હી ભયે મુરદારું ।***

**ભાવાર્થ:-** સંત જમ્ભેશ્વરજીએ બતાવ્યું છે કે:- હે કાજી ! તમે તે પવિત્ર આત્મા મુહમ્મદજીનું નામ લઇને જે ગાય તથા અન્ય જીવોને મારી નાંખો છો, તે મહાપુરૂષને બદનામ કરો છો, હઝરત મુહમ્મદજીનો વિચાર ખૂબ જ કઠિન હતો. તમે તેમના બતાવેલા માર્ગથી ભટકી ગયા છો, મુહમ્મદજીના હાથમાં કરદ (જીવ કાપવા માટેનો છરો) નહતો, જે લોખંડના અહરણ પર ઘણ કૂટીને ઠોકીને લુહાર દ્વારા તૈયાર કરવામાં આવે છે. હઝરત મુહમ્મદની સાથે એક લાખ એંસી હજાર પવિત્રાત્માઓ મુસલમાન અનુયાયીઓ હતા. તે તમામ સીધા-સાદા એટલે કે નેક પૈગમ્બર હતા. હઝરત મુહમ્મદ તો શૂરવીર હલાલની કમાણી કરીને ભોજન ખાવાવાળા હતા. તમે જ મુરદારુ (જીવ હિંસા કરવાવાળા) છો. તમે તે મહાપુરૂષની જેમ પોતાના જીવનને નિષ્પાપ બનાવો, જીવ હિંસા ના કરો.

સંત જમ્ભેશ્વરને પરમાત્મા જિંદા મહાત્માના રૂપમાં સમરાથલમાં મળ્યા હતા.

જેમ કે વેદોમાં પ્રમાણ છે કે પરમાત્મા સત્યલોકમાં રહે છે, ત્યાંથી ગતિ કરીને પૃથ્વી પર પ્રગટ થાય છે, સારી આત્માઓને મળે છે. તેમને આધ્યાત્મિક યોગ્ય (સાચું) જ્ઞાન આપે છે. કવિઓની જેમ આચરણ કરતા રહીને પૃથ્વી પર વિચરે છે. જેના કારણે તે પ્રસિદ્ધ કવિઓ પૈકીનો એક કવિ હોય છે. તે કવિની ઉપાધિ પ્રાપ્ત કરે છે. પરમાત્મા ગુપ્ત ભક્તિના મંત્રને પ્રગટ કરે છે જે વેદો તથા કતેબો વિગેરે વિગેરે પોથીઓમાં નથી હોતા. કૃપા કરી જુઓ ઝેરોક્ષ કોપીઓમાં મંત્રોના અનુવાદ આ પુસ્તકના પાના નં. 110 પર.

**પ્રમાણ:-** ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 20 મંત્ર 1

ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 86 મંત્ર 26-27

ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 82 મંત્ર 1, 2

ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 54 મંત્ર 3

ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 94 મંત્ર 1

ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 95 મંત્ર 2

ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 96 મંત્ર 16 થી 20

જેવી રીતે અગાઉ લેખમાં આપે વાંચ્યું કે હઝરત મુહમ્મદજી તથા અન્ય કેટલાય મહાત્માઓને પરમાત્મા જિંદા મહાત્માના રૂપમાં મળ્યા હતા તેવી જ રીતે મહાત્મા જમ્ભેશ્વરજી મહારાજને સમરાથલમાં જિંદા સંતના રૂપમાં પરમાત્મા મળ્યા હતા.

**પ્રમાણ:- શ્રી જમ્ભેશ્વરજીની વાણી શબ્દ સંખ્યા = 50 ના કેટલાક અંશ:-**

***દિલ-દિલ આપ ખુદાય બંદ જાગ્યો, સબ દિલ જાગ્યો સોઇ ।***

*જો જિન્દો હજ કાબૈ, જાગ્યો, થલ સિર જાગ્યો સોઈ ।।*

*નામ વિષ્ણુ કૈ મુસકલ ઘાતૈ, તે કાફર સૈતાની ।*

*હિન્દુ હોય કા તીર્થ ન્હાવૈ, પિંડ ભરાવૈ, તેપણ રહા ઇવાંણી ।*

*તુરક હોય હજ કાંબો ધોકે, ભૂલા મુસલમાણી ।*

*કે કે પુરૂષ અવર જાગૈલા, થલ જાગ્યો નિજ વાણી ।*

**ભાવાર્થઃ-** શ્રી જમ્ભેશ્વર મહારાજજીએ બતાવ્યું છે કે પરમાત્મા જિંદા મહાત્માના રૂપમાં હઝરત મુહમ્મદજીને કાબા (મક્કા)માં તે સમયે મળ્યા હતા જ્યારે મુહમ્મદજી હજ માટે મક્કામાં ગયા હતા અને તેમને જગાડ્યા હતા કે મંદિર-મક્કા, વગેરે તીર્થ સ્થાનો પર ચક્કર લગાડવાથી પરમાત્મા નથી મળતા. પરમાત્મા પ્રાપ્તિ માટે મંત્ર જાપની આવશ્યક્તા છે. શ્રી જમ્ભેશ્વરજી મહારાજે પછી બતાવ્યું છે કે તે જ પરમાત્મા થલસિર (સમરાથલ) સ્થાન (રાજસ્થાન પ્રાંત)માં આવ્યા અને મને જગાડ્યો, ન જાણે કેટલા વ્યક્તિ બીજા જાગશે જેમ કે મારું સમરાથલ પ્રસિદ્ધ છે, આ મારી નિજ વાણી એટલે કે વિશેષ વચન છે. મેં પોતાના અનુભવની ખાસ (નિજ) યોગ્ય વાણી બોલીને સમરાથલના વ્યક્તિઓમાં પરમાત્મા ભક્તિની જાગૃતિ લાવી છે. સત્યથી દૂર થઇને મુસલમાન હજી પણ કાબામાં હજ કરવા જાય છે, ત્યાં ધોક (નિવેધ) લગાવે છે, પથ્થરને સિજદા કરે છે જે વ્યર્થ છે. એવી જ રીતે હિન્દુ પણ તીર્થ પર જાય છે, ભૂતોની પૂજા કરે છે, પિંડ ભરાવે છે - આ વ્યર્થ સાધના છે.

સંત શ્રી જમ્ભેશ્વરજી મહારાજે 29 નિયમો બનાવીને સ્વચ્છ સાધક સમાજ તૈયાર કર્યો હતો જે 29 (બીસનૌ = 29) નિયમોનું પાલન કરતા હતા તથા શ્રી જમ્ભેશ્વરજી દ્વારા બતાવેલ નામનો જાપ કરતા હતા, તે બિશ્નોઇ (29 નિયમોનું પાલન કરવાવાળા) કહેવાતા હતા.

વર્તમાનમાં ''બિશ્નોઇ'' કદાચ કોઇક જ હશે ? કારણ કે સમય તથા પરિસ્થિતિ બદલાતા રહે છે. તે અનુસાર માનવનો વ્યવહાર, આચાર-વિચાર બદલાઇ જાય છે. આનું મુખ્ય કારણ સંતનો અભાવ હોય છે. શ્રી જમ્ભેશ્વરજી મહારાજના સ્વર્ગધામ ગયા બાદ તેમના જેવા સિદ્ધિ-શક્તિ તથા ભક્તિવાળા મહાપુરૂષ રહ્યા નહિ, જેના કારણે મર્યાદાનું પાલન નથી થઇ રહ્યું. વર્તમાનમાં ''બિશ્નોઇ'' ધર્મના

અનુયાયીઓ ફક્ત તીર્થ ભ્રમણને જ વધુ મહત્ત્વ આપે છે તથા તે તીર્થ મુકામો પર જ હવન વિગેરે કરી પોતાને ધન્ય માને છે. તીર્થ તે સ્થાનને કહે છે જ્યાં કોઇ સંતે પોતાના જીવનકાળમાં સાધના કરી હોય તથા અમુક ચમત્કારો બતાવ્યા હોય તથા જન્મ સ્થાન તથા નિર્વાણ સ્થાન પણ તીર્થ સ્થાન તથા યાદગાર કહેવામાં આવે છે. મુકામ, તીર્થ સ્થાન તથા ધામ એ બધા યાદગાર છે. એમનું હોવું પણ જરૂરી છે કારણ કે જેની યાદમાં તે સ્મારક હોય છે, તેની યાદ બની રહે છે તથા સત્યતાનું પ્રતીક તે બનાવની જગ્યા હોય છે, પરંતુ સાધના ભક્તિ વગર જીવનની સાર્થકતા નથી. પૂર્ણ ગુરૂની શોધ કરીને તેમના દ્વારા બતાવવામાં આવેલ માર્ગ પર ચાલીને જીવન સફળ બનાવો કારણ કે પ્રત્યેક મહાપુરૂષે ગુરૂ બનાવ્યા છે, ગુરૂ પણ વક્ત (સમયના એટલે કે નક્કી કરેલા સમયે આવવાવાળા) ગુરૂ હોવા જોઇએ જે પોતાના મુખકમળથી ભક્તિ વિધિ બતાવે. કેટલોક સમય વીતી ગયા બાદ પ્રત્યેક ધર્મમાં ભક્તિ વિધિ બદલી નાખવામાં આવે છે, તે હાનિકારક હોય છે. ઉદાહરણ રૂપે :-

સંત શ્રી જમ્ભેશ્વરજી મહારાજના 120 શબ્દ છે જે તેમના શ્રી મુખ કમળ વડે ઉચ્ચારિત અમૃતવાણી છે. વર્તમાનમાં પ્રત્યેક શબ્દના પ્રારંભમાં ‘‘ઓમ્’’ અક્ષર જોડી દીધો છે જે ખોટું છે તથા સંતજીનું અપમાન છે. જો ‘ઓમ’ શબ્દ વગર આ શબ્દ વાણી સાર્થક ના થતી હોત તો શ્રી જમ્ભેશ્વરજીએ પોતે જ તેની આગળ ‘‘ઓમ’’ શબ્દ લગાડી દીધો હોત. જેમ કે ઓટોમોબાઇલ કંપની મોટર સાયકલનો પીસ્ટન બનાવે છે, તે પૂર્ણ રીતે યોગ્ય હોય છે. જો કોઇ વ્યક્તિ પોતાની બુદ્ધિથી તે પીસ્ટનની સાથે કોઇ નટ (ચાકી) વેલ્ડીંગ કરીને પોતાની હોંશિયારી (ચતુરાઇ) દેખાડે તો તે કેટલી હદે યોગ્ય ગણાય ? સાચા અર્થમાં આવી ક્રિયા વ્યર્થ જ છે. ઠીક આ જ પ્રમાણે સંત જમ્ભેશ્વરજીની વાણી સાથે ‘ઓમ’ લગાડીને વાંચવું પણ લાભની જગ્યાએ હાનિ (નુકસાન) કરે છે.

✻ આ જ પ્રમાણે એક ગાયત્રી મંત્ર બનાવી રાખ્યો છે જેનો હિન્દુ ધર્મના વ્યક્તિઓ શ્રદ્ધાપૂર્વક જાપ કરે છે. મંત્રને આ પ્રમાણે બગાડયો છે = ‘‘ઓમ્ (ૐ) ભૂર્ભવ સ્વઃ તત્સવિતુર્ વરેણીયમ્ ભર્ગોદેવસ્ય ધીમહિ ધીયો યો ન પ્રચોદયાત્’’ વાસ્તવમાં આ યજુર્વેદ અધ્યાય-36 નો મંત્ર-3 છે. જેની આગળ ‘‘ૐ’’ અક્ષર નથી. વેદ વાણી ભગવાન દ્વારા આપવામાં આવી છે, આની આગળ ‘‘ઓમ્’’ અક્ષર લગાડવો એ ભગવાનનું અપમાન કરવા બરાબર છે, પીસ્ટનની સાથે કોઇ નટ વેલ્ડીંગ કરવાની ખોટી ક્રિયા માત્ર છે, જે વ્યર્થ છે.

સંત શ્રી જમ્ભેશ્વરજીએ શબ્દ સંખ્યા = 69 માં કહ્યું છે કે વેદો તથા પુરાણોમાં તે યોગ્ય ભક્તિ માર્ગ નથી. એમને બરાબર રીતે ન સમજીને ભૂતોની પૂજા શરૂ કરી દીધી છે. તે અપરંપાર પરમાત્માને કેમ નથી જપતા જે સંસારરૂપી વૃક્ષનું મૂળ છે. મૂળની પૂજા ન કરીને ડાળી તથા પાંદડાઓની પૂજા કરવી વ્યર્થ છે, જેના કારણે જમ તથા કાળથી નથી બચી શકતા (જમ = જન્મ, કાળ = મોત) એટલે કે જન્મ-મરણનું ચક્કર સમાપ્ત થઇ શકતું નથી.

* કોઇ ભલા પુરૂષે જ તંત એટલે કે તત્ત્વ જ્ઞાન અંગે પૂછ્યું છે. તેણે જ જીવનની વિધિ જાણી લીધી, જેના કારણે જીવિત તો લાભ (લાહો) ઊઠાવે છે તથા મૃત્યુ ઉપરાંત પણ હાનિ થતી નથી અને આવો પુરૂષ મોક્ષ પ્રાપ્ત કરી લે છે.

**શબ્દ નં. 72 ની કેટલીક વાણી:-**

*વેદ કુરાણ કુમાયા જાલૂં ભૂલા જીવ કૂજીવ કુજાણી ।*
*કેવલ જ્ઞાની થલ સિર આયો પરગટ ખેલ પસારી ।*
*કોડ તેતીસાં પોહ રચાવણ હારી, જ્યૂં છક આઈસારી ।*

**શબ્દ નં. 72 માં શ્રી જમ્ભેશ્વરજીએ કહ્યું છે કે તત્ત્વજ્ઞાન બતાવવાવાળા સમરાથલમાં આવ્યા. તે કેવળ જ્ઞાની એટલે કે પૂર્ણ જ્ઞાનને જાણવાવાળા તથા સર્વ સૃષ્ટિના રચવાવાળા છે. તેમના જ તત્ત્વજ્ઞાનથી પૂર્ણ તૃપ્તિ થઇ છે, આ જ પૂર્ણ ગુરૂ છે.**

**શબ્દ સંખ્યા 69 ની કેટલીક વાણી:-**

*સો અપરંપાર કાંય ન જંપો, તત ખિણ લહો ઇમાણો ।*
*ભલ મૂલ સીંચો રે પ્રાણી, જ્યૂં તરવર મેલત ડાલૂ ।*
*જઇયા મૂલ ન સીચ્ચો તો જામણ - મરણ બિગોવો ।*
*અહનિશ કરણી થીર ન રહિબા ન બંચ્યો જમ કાલૂં ।*
*કોઈ કોઇ ભલ મૂલ સિંચીલો, ભલ તંત બુઝીલો જા જીવન ।*
*કી વિધિ જાણી,*
*જીવતડા કછુ લાહો હોસી મૂવા ન આવત હાંણી ।*

## * શ્રી જમ્ભેશ્વરજીના ગુરૂ કોણ હતા ?

**શ્રી જમ્ભેશ્વરજીને પૂર્ણ પરમાત્મા સર્વના રચનહાર જિંદા મહાત્માના રૂપમાં મળ્યા હતા. તેમને જ પોતાના ગુરૂ માન્યા છે, સંત શ્રી જમ્ભેશ્વરજીના ગુરૂ હતા :-**

*પ્રમાણ:- શબ્દ નં. 90 ના અંતની વાણી*

*જાં જાં પવન આસણ, પાણી આસણ, ચંદ આસણ ।*
*સૂર (સૂર્ય) આસણ ગુરૂ આસણ સંમરા થલે ।*
*કહૈ સતગુરૂ ભૂલ મત જાઇયો પડોલા અભૈ દોજખે ।*

*શબ્દ નં. 91 ની કેટલીક વાણી:-*

*છંદે-મંદે બાલક બુદ્ધે, કૂડે કપટે ઋધ ન સિદ્ધે ।*
*મેરે ગુરૂ જો દિન્હીં શિક્ષા સર્વ આલિગંણ ફોરી દીક્ષા ।*
*સત સત ભાખત ગુરૂ રાયોં જરા મરણ ભો ભાગૂં ।*

*શબ્દ નં. 92 ની કેટલીક વાણી:-*

*પઢ વેદ કુરાણ કુમાયા જાલોં દંત કથા જુગ છાયો ।*
*સિદ્ધ સાધક કો એક મતો, જિન જીવત મુક્ત દઢાયો ।*
*જુગાં-જુગાં કા જોગી આયો, સતગુરૂ સિદ્ધ બતાઓ ।*
*સહજ સ્નાની કેવલ જ્ઞાની બ્રહ્મ જ્ઞાની સુકૃત અહલ્યો ન જાઇ ।*

**ઉપરોક્ત અમૃતવાણીઓનો ભાવાર્થ:- શબ્દ નં. 90 ની વાણીઓમાં શ્રી સંત જમ્ભેશ્વરજી મહારાજજીએ બતાવ્યું છે કે જેમ કે પવનનું આસન (સ્થાન = ડેરો = આશ્રમ) છે, વાયુ કેટલાક કિ.મી. ઉપર સુધી છે, તેનું પણ સ્થાન છે પછી ભલેને તે પોતાના સ્થાન (આસન)માં આમ-તેમ ફર્યા કરે છે. આ જ પ્રમાણે પાણી = જળનું પણ સ્થાન છે. ચંદ્ર તથા સૂર્યનું પણ સ્થાન છે. ઠીક તેજ પ્રમાણે સતગુરૂ મળ્યા પછી મેં સમરાથલમાં પોતાનું આસન (સ્થાન) સ્થાપિત કર્યું છે. મારા ગુરૂજીએ કહ્યું છે કે પરમાત્માને ન ભૂલતા અન્યથા દોજખ એટલે કે નરકમાં પડશો. એટલા માટે સંત જમ્ભેશ્વરજી માનવ માત્રને સાવધાન કરે છે - સાવચેત કરે છે કે ગુરૂ બનાવો અને પરમાત્માની ભક્તિ કરો.**

**પુષ્ટિઃ-** જેવી રીતે સંત જમ્ભેશ્વરજીને પરમાત્મા જિંદા મહાત્માના રૂપમાં મળ્યા હતા. તેવી જ રીતે સંત ગરીબદાસજી મહારાજાજીને ગામ છુડાની જિ. ઝઝર હરિયાણામાં મળ્યા હતા. તેમણે પણ પોતાની અમૃત વાણીમાં કહ્યું છે કે :-

*ગરીબ, ઐસા સતગુરૂ હમ મિલ્યા, હૈ જિન્દા જગદીશ ।*
*સુન્ન વિદેશી મિલ ગયા, છત્ર મુકુટ હૈ શીશ ॥*
*ગરીબ, જિંદા જોગી જગત ગુરૂ, માલિક મુરસિદ પીર ।*
*દોહૂં દીન ઝગડા મંડ્યા, પાયા નહીં શરીર ॥*
*ગુરૂ જ્ઞાન અમાન અડોલ અબોલ હૈ, સતગુરૂ શબ્દ સેરી પિછાની ।*
*દાસ ગરીબ કબીર સતગુરૂ મિલ્યા, આન અસ્થાન રોપ્યા છુડાની ॥*

આ જ પ્રમાણે સંત જમ્ભેશ્વરજીએ શબ્દ સંખ્યા 91ની અમૃત વાણીઓમાં કહ્યું છે કે મારા ગુરૂજીનું જ્ઞાન કુડે = ઝુઠું, કપટે = કપટયુક્ત અને બાળબુદ્ધિ એટલે કે અધૂરું જ્ઞાન તથા મંદ જ્ઞાન તથા રિદ્ધિ સિદ્ધિનું નથી. આ તો પૂર્ણ મોક્ષ માર્ગ છે, મારા ગુરૂજીએ સર્વ સત્ય જ્ઞાનની શિક્ષા આપી છે. તે જ દીક્ષા રૂપમાં મેં આગળ બતાવ્યું છે જેનાથી ''જરા'' વૃદ્ધ અવસ્થામાં થવાવાળા કષ્ટ (પીડા) મરણ (મૃત્યુ)નો ભય સમાપ્ત થઇ ગયો.

**પુષ્ટિઃ-** શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય 7 શ્લોક 29માં પણ આ પ્રમાણ છે. કહ્યું છે કે જે સાધક તત્ત્વદર્શી સંતની શોધ કરી લે છે, તે જરા-મરણથી છૂટવાનો જ પ્રયત્ન કરે છે કારણ કે તે તત્ બ્રહ્મથી પરિચિત થઇ જાય છે, સર્વ કર્મોથી પણ પરિચિત હોય છે.

**શબ્દ નં. 92 ની અમૃત વાણીઓનો ભાવાર્થ:-** સંત જમ્ભેશ્વરજીએ કહ્યું છે કે વેદ તથા કુરાનને બરાબર ન સમજીને પોતાની દંત કથાઓ માનવ સમાજને સંભળાવે છે. સિદ્ધ અને સાધકનો એક જ મત હોય છે. તે જીવીત જ મૃતક બનીને સંસારમાં રહે છે, સંસારને અસાર જાણે છે. પરમાત્મા પ્રત્યેક (દરેક) યુગમાં પ્રગટ થઇને યોગ્ય ભક્તિ જ્ઞાન પ્રદાન કરે છે, તે સતગુરૂ હોય છે. તે પૂર્ણ સિદ્ધ એટલે કે સમર્થ હોય છે. તે સતગુરૂ તથા સંત રૂપમાં પ્રગટ પરમાત્મા જ કેવળ જ્ઞાની એટલે કે એકલા જ સત્યજ્ઞાન જાણવાવાળા હોય છે. તે સતગુરૂ પાસેથી જે દીક્ષા લે છે, તે બ્રહ્મ જ્ઞાની એટલે કે સત્ય સાધકની સાધના અહલ્યો એટલે કે ભક્તિ વ્યર્થ નથી જતી, તે પૂર્ણ મોક્ષ પ્રાપ્ત કરે છે.

**✻ વિશ્લેષણઃ-** બિશ્નોઇ ધર્મના અનુવાદકર્તા શબ્દ નં. 50ની અમૃતવાણી, આ પંક્તિનો ભાવાર્થ કઇ રીતે કરે છે :-

*દિલ દિલ આપ ખુદાબંદ જાગ્યો, સબ દિલ જાગ્યો સોઈ ।*
*જો જિંદો હજ કાબે જાગ્યો, થલસર જાગ્યો સોઈ ॥*

અનુવાદકર્તાઓએ ખોટો ભાવાર્થ કર્યો છે કે જે પરમાત્મા મુહમ્મદજીને કાબામાં મળ્યા હતા. તે જ શ્રી સંત જમ્ભેશ્વરજી સમરાથલમાં આવ્યા હતા. જો આવો અર્થ હોત તો સંત જમ્ભેશ્વરજીનો જન્મ તો પવિત્ર ગામ પીપાસરમાં થયો હતો, તે તો પહેલાથી જ ત્યાં આવી ગયા હતા. સમરાથલમાં તો બાદમાં ગયા છે પછી લાલાસરમાં નિર્વાણ થયું છે. વાસ્તવિક અર્થ જે અગાઉ લખી દીધો છે તે સાચો છે. છતાં પણ જે મહાન આત્માઓને પરમાત્મા મળ્યા છે, તે પૂર્ણ સંત હોય છે. પરંતુ સત્ય ભક્તિ અધિકારીના વગર તથા યોગ્ય સમય વગર નથી બતાવતા. સંત જમ્ભેશ્વરજી સ્વયં જે નામ જાપ કરતા હતા, તે બિશ્નોઇ ધર્મમાં કરવામાં આવતી આરતી સંખ્યા 8માં પ્રથમ પંક્તિમાં લખ્યું છે જે આ પ્રમાણે છે આરતી-8:-

*''ઓમ્ શબ્દ સોહંગ ધ્યાવે । પ્રભુ શબ્દ સોહંગ ધ્યાવૈ''*

પરંતુ આ મંત્રનો જાપ કેવી રીતે કરવાનો છે, આ જ્ઞાન ગુરૂ વગર નથી થતું. શ્રી સંત જમ્ભેશ્વરજી સ્વયં ઉપરોક્ત મંત્ર જાપ કરતા હતા અને અન્યને (બીજાને) કહેતા હતા. ''વિષ્ણુ-વિષ્ણુ ભણ રે પ્રાણી'' એટલે કે વિષ્ણુ-વિષ્ણુ જાપ કરો.કારણ એમ હતું કે જ્યાં સુધી અધિકારી શિષ્ય ન હોય, ત્યાં સુધી આ મંત્ર નથી આપવામાં આવતા. બીજી વિશેષ વાત એ છે કે પરમાત્મા જે કોઇ પણ સંત મહાત્માને મળ્યા છે, તેમને આ મંત્ર ગુપ્ત રાખવા માટે કહ્યું હતું જ્યાં સુધી કળિયુગ 5505 વર્ષ ન વીતી જાય. સને 1997માં કળિયુગ 5505 વર્ષ વીતી ચૂક્યો છે. હવે આ મંત્ર આપવામાં આવશે. આ મંત્રને આપવાવાળા પણ પૂર્ણ સંત હોવો જોઇએ.

આ જ પ્રમાણે શ્રી નાનકદેવજી સ્વયં તો તે જ નામનો જાપ કરતા હતા જે બિશ્નોઇ ધર્મની આરતી સંખ્યા-8ની પ્રથમ પંક્તિમાં છે, પરંતુ અન્ય શીખોને કહેતા હતા કે વાહે ગુરૂ - વાહે ગુરૂનો જાપ કરો. જેનું કારણ એ જ હતું કે આ મંત્રને કળિયુગના 5505 વર્ષ વીતી જાય ત્યાં સુધી ગુપ્ત રાખવાનો હતો. હવે આ મંત્રનો જાપ ઘર ઘરમાં થશે, આ બે અક્ષરના મંત્રને સતનામ પણ કહેવામાં આવે છે.

આ જ બે અક્ષરનું નામ સંત ઘીસા દાસજી (ગામ ખેખડા, જિલ્લા : બાઘપત, ઉત્તરપ્રદેશ રાજ્ય)ને જિંદા રૂપમાં પ્રગટ થઇને પરમાત્માએ બતાવ્યું હતું. તેમણે પોતાની વાણીમાં કહ્યું છે કે :-

*ઓહંગ સોહંગ જપ લે ભાઈ । રામ નામ કી યહી કમાઇ ॥*

સંત ગરીબદાસજી મહારાજ ગામ છુડાની, જિલ્લો : ઝજ્જર (હરિયાણા) વાળાને પણ પરત્માત્મા જિંદા મહાત્માના વેશમાં જંગલમાં મળયા હતા. તેમને પણ આ મંત્ર જાપ કરવા માટે આપ્યો હતો, જે સંત ગરીબદાસજીની અમૃત વાણીમાં લખ્યો છે :-

*''રામ નામ જપ કર સ્થિર હોઇ, ૐ સોહં મંત્ર દોઇ.''*

પરંતુ ગરીબદાસજીએ અન્યને આ મંત્ર જાપ કરવા માટે નથી આપ્યો. ફક્ત એક સંતને આપ્યો તેને સખ્ત (કડક) સૂચના આપેલી હતી કે તમે પણ આગળ આ મંત્ર ફક્ત પોતાના એક જ વિશ્વાસપાત્ર શિષ્યને આપજો. આ જ પ્રમાણે તે પણ આગળ પોતાના એક જ શિષ્યને આપે. આ જ પરંપરા આગળ વધતા આ મંત્ર ફક્ત મારા પૂજ્ય ગુરૂદેવ સંત રામદેવાનંદજી મહારાજ સુધી પહોંચ્યો. પછી તેમણે આ મંત્ર મને આપ્યો તથા આગળ નામ (આ મંત્ર) આપવાનો આદેશ 1994માં આપ્યો. 1997 માં પરમાત્મા પણ મને (સંત રામપાલદાસને) મળ્યા, અને આ નામ તથા સાર નામ આપવાની આજ્ઞા આપી. વર્તમાન સમય મોક્ષ પ્રાપ્તિ માટેનો સર્વોત્તમ સમય છે.

પ્રશ્ન હતો કે સંસારના ગ્રંથોમાં પરમાત્માને કેવા બતાવ્યા છે ?

ઉત્તર :- અત્યાર સુધી સદ્‌ગ્રંથો તથા પરમાત્મા પ્રાપ્ત અન્ય મહાપુરૂષોની સંક્ષિપ્ત જાણકારી લખી છે.

## 'પરમાત્મા સાકાર છે' આ નિષ્કર્ષ (સાર) છે સર્વ સદ્‌ગ્રંથો તથા પરમાત્મા પ્રાપ્ત સંતોનો

જેટલા પણ સંત મહાત્મા થયા છે, જેમને પરમાત્મા મળ્યા છે, તેમણે કોઇ ધર્મ વિશેષની સ્થાપના નથી કરી. હા, તેમણે ધાર્મિકતાને ઉભાર્યો છે તથા યોગ્ય ભક્તિને ઉજાગર કરવાની કોશીશ કરી છે. પરંતુ સમય વીત્યા બાદ તે એક ધર્મ એટલે કે સમુદાયનું રૂપ લઇ લે છે. જેમ કે શીખ ધર્મ બન્યો, તેવી જ રીતે બિશ્નોઇ ધર્મ બની ગયો. અગાઉ આ તમામ હિન્દુ ધર્મને માનવાવાળા હતા. પરંતુ હિન્દુ ધર્મમાં સત્ય સાધના રહી ન હતી તો પરમાત્માથી પ્રાપ્ત યોગ્ય જ્ઞાનના આધારે આ મહાત્માઓએ ભક્તિ તથા ધાર્મિકતાને જનતાને બતાવી જેનાથી અનુયાયીઓને લાભ થવા લાગ્યો અને તેઓ આ માર્ગ સાથે જોડાવા લાગ્યા. આ પ્રમાણે કેટલાક સો વર્ષો વીતી ગયા. શીખ ધર્મના પ્રવર્તક શ્રી ગુરૂ નાનકદેવજી તથા બિશ્નોઇ ધર્મના સંસ્થાપક શ્રી સંત જમ્ભેશ્વરજી સમકાલીન હતા. વર્તમાનમાં બન્ને જ ધર્મોમાં તે ભક્તિ તથા મર્યાદા રહી નથી. આનું પુન: ઉત્થાન મારા (સંત રામપાલના) દ્વારા થઇ રહ્યું છે, તે જ યોગ્ય ભક્તિ તથા મર્યાદાનું પાલન કરાવવામાં આવી રહ્યું છે, જે ઉપરોક્ત મહાપુરૂષો કરતા તથા કરાવતા હતા. ઉપરોક્ત મહાત્માઓનો તે સમયે ઘણી બધી વ્યક્તિઓએ વિરોધ કર્યો હતો અને સારું-ખોટું પણ સંભળાવ્યું હતું. પરંતુ સંત પોતાના ઉદ્દેશ્ય પર અડગ રહે છે. કારણ કે તેઓ ફક્ત માનવ કલ્યાણ માટે જ જન્મ લે છે. વર્તમાનમાં મારી (સંત રામપાલજી) સાથે શું અત્યાચાર તથા અન્યાય થઇ રહ્યા છે, કેવી રીતે બદનામ કરવામાં આવી રહ્યો છું ? પરંતુ સત્યનો નાશ કરી શકાતો નથી. આ અધ્યાત્મ જ્ઞાનના તોફાનને કોઇપણ રોકી શકે તેમ નથી. હવે સાચા અધ્યાત્મ જ્ઞાનનો વિસ્ફોટ થઇ ચુક્યો છે.

## * બિશ્નોઈ ધર્મની ભક્તિ

પ્રશ્ન:- બિશ્નોઇ ધર્મમાં શું ભક્તિ થાય છે ? એના પ્રવર્તક કયા મહાપુરૂષ હતા ?

ઉત્તર:- બિશ્નોઇ ધર્મના પ્રવર્તક શ્રી જમ્ભેશ્વરજી મહારાજ છે. તેમનો જન્મ ગામ પીપાસર (રાજસ્થાન રાજ્યમાં ભારત દેશ)માં થયો હતો. તેમનું ભક્તિ સ્થળ

ગામ સમરાથલ (રાજસ્થાન) માં છે તથા નિર્વાણ સ્થળ ગામ લાલાસર (રાજસ્થાન)ની પાસે છે જેને મુકામ કહે છે. (મુકામનો અર્થ સ્થાન છે)

**બિશ્નોઇ ધર્મમાં ભક્તિ:-** શ્રી જમ્ભેશ્વરજીને શ્રી વિષ્ણુજી (સતગુણ વિષ્ણુ)નો અવતાર માનવામાં આવ્યા છે જે સ્વયં શ્રી જમ્ભેશ્વરજીએ પોતાની અમૃતવાણીમાં બતાવ્યું છે.

**પ્રમાણઃ-** શબ્દ વાણી શ્રી જમ્ભેશ્વરજીના શબ્દ સંખ્યા 94, 54, 67, 116 બિશ્નોઇ ધર્મમાં શ્રી વિષ્ણુજી તથા શ્રી કૃષ્ણજી (જે શ્રી વિષ્ણુ સતગુણના અવતાર હતા)ની ભક્તિ કરવા માટે શ્રી જમ્ભેશ્વરજીએ પોતાના મુખ કમળથી આદેશ ફરમાવ્યો છે. બિશ્નોઇ ધર્મની ભક્તિથી સ્વર્ગ પ્રાપ્તિ (વૈકુંઠવાસ) જ અંતિમ (છેલ્લો) લાભ છે. જે અંગેનું પ્રમાણ પણ અમૃતવાણીમાં છે.

**પ્રમાણઃ-** શબ્દ વાણી સંખ્યા 13, 14, 15, 23, 25, 31, 33, 34, 64, 67, 78, 97, 98, 102, 119, 120

શ્રી વિષ્ણુજીને સંસારના મૂળ એટલે કે પાલનકર્તા કહ્યા છે.

## ''સતગુરૂ પાસેથી નામ દીક્ષા લઈ ભક્તિ કરો''

**વાણી શબ્દ સંખ્યા = 31**

શ્રી જમ્ભેશ્વર મહારાજજીનો આદેશ છે કે ગુરૂ પાસેથી નામ લઇને ભક્તિ કરવાથી લાભ થશે. પહેલા ગુરૂની પરખ કરો (ચકાસણી કરો), ગુરૂ વગર દાન ન કરવું જોઇએ, ગુરૂ જ દાન માટે સુપાત્ર છે, કુપાત્રને દાન નહિ આપવું જોઇએ.

**પ્રમાણઃ-** શબ્દ વાણી સંખ્યા 1, 23, 26, 29, 30, 35, 36, 37, 40, 41, 45, 77, 85, 86, 90, 101, 107, 108, 120, 56

**કુપાત્રને દાન આપવું વ્યર્થ છે:-** વિશેષ વિવરણ (વર્ણન) = શબ્દવાણી સંખ્યા 56માં છે. જેમાં કહ્યું છે કે કુપાત્રને દાન આપવું એ તો એવું છે કે જેમ કે અંધારી રાત્રિમાં ચોર ચોરી કરી લઇ ગયો હોય અને સુપાત્રને દાન આપવું એ એવું છે જેમ કે કોઇ ફળદ્રુપ ખેતરમાં બી વાવી દીધા હોય. બિશ્નોઇ ધર્મમાં તીર્થ પર જવું, તીર્થ પર સ્નાન અર્થે જવું, પિંડ ભરાવવા (પિન્ડોદક ક્રિયા) વિગેરે-વિગેરે પૂજાઓની મનાઇ છે.

પ્રમાણ : શબ્દ વાણી સંખ્યા 50

✻ શ્રી જમ્ભેશ્વર મહારાજજીને પરમાત્મા જિન્દાના રૂપમાં ગામ સમરાથલમાં મળ્યા હતા. પ્રમાણ : શબ્દ વાણી સંખ્યા 50, 72, 90.

✻ વેદ શાસ્ત્રોમાં પૂર્ણ મોક્ષ માર્ગ નથી :- પ્રમાણ શબ્દ વાણી સંખ્યા 59

✻ ભક્તિ વગર રાજપાટ તથા સર્વ મહિમા વ્યર્થ છે :- પ્રમાણ વાણી સંખ્યા 60.

✻ શ્રી રામચંદ્રજીએ કેટલીક ભૂલો કરી હતી :- પ્રમાણ શબ્દ વાણી સંખ્યા 62.

✻ ગુરૂને ત્યજીને શિષ્યનું સન્માન (મહિમા) કરવો ખોટો છે:- પ્રમાણ શબ્દ વાણી સંખ્યા 71

**કબીર પરમેશ્વરજીએ કહ્યું છે કે :-**

*ગુરૂ કો તજૈ ભજૈ જો આના (અન્ય) । તા પશુઆ કો ફોકટ જ્ઞાના ॥*

✻ બિશ્નોઇ ધર્મમાં સ્વર્ગ (વૈકુંઠ)ને જ ઉત્તમ લોક માનવામાં આવે છે. પ્રમાણ શબ્દ વાણી સંખ્યા 73, 119, 94.

## ''હરિયાણામાં હરિ આવશે''

**શ્રી જમ્ભેશ્વરજીની શબ્દ વાણી સં. 102 માં લખ્યું છે:-**

***વિષ્ણુ-વિષ્ણુ ભણ અજર જરી જૈ, ધર્મ હુવૈ પાપાં છુટિજૈ ।***
***હરિ પર હરિ કો નામ જપીજૈ, હિરયાલો હરિ આણ હરૂં,***
***હરિ નારાયણ દેવ નરૂં ।***
***આશા સાસ નિરાસ ભઇલો, પાઇલો મોક્ષં દવાર ખિંણૂ ॥***

**ભાવાર્થઃ-** ઉપરોક્ત વાણીમાં કહ્યું છે કે ''હિરયાલો હરિ આણ હરું'' જેમાં ''હરિયાલો'' શબ્દનો અર્થ હરિયાણા છે. તે સમયે હરિયાણા રાજ્ય અસ્તિત્વમાં ન હતું. માટે ''હરિયાલો'' લખી દેવામાં આવ્યું છે. આ પંક્તિનો અર્થ છે કે ''હરિ એટલે કે પરમાત્મા હરિયાલો એટલે કે હરિયાણા પ્રાંતમાં આવશે.'' પરમાત્મા જેને નારાયણ પણ કહે છે. તે નર એટલે કે સાધારણ મનુષ્યનું રૂપ ધારણ કરીને આવશે. આમ તો નારાયણનો અર્થ છે જળ પર પ્રગટ થવાવાળા, તે ફક્ત પરમેશ્વર જ છે. એટલા માટે પરમાત્માને નારાયણ કહેવામાં આવે છે. તેમના દ્વારા બતાવવામાં આવેલ જ્ઞાનથી નિરાશ ભક્તોની આશા જાગશે અને મોક્ષનું દ્વાર પ્રાપ્ત થશે. ભાવાર્થ છે કે શાસ્ત્ર વિરુદ્ધ સાધના કરવાથી સાધક ભક્તિ કરીને પણ કોઇ લાભ પ્રાપ્ત કરી રહ્યા નહતા. પરમાત્મા હરિયાણામાં આવશે, તેમના દ્વારા બતાવેલ શાસ્ત્રનુકૂળ ભક્તિની સાધનાથી મોક્ષનું દ્વાર પ્રાપ્ત થશે તથા નિરાશ રહેનારાઓના મનમાં આશા જાગશે કે હવે અહીં પણ સુખ મળશે તથા પરલોકમાં પણ સુખ મળશે - મોક્ષની પ્રાપ્તિ અવશ્ય થશે જ.

***વાણી : હરિ પર હીરે કો નામ ઉપીજૈ*** આ વાણી આ પ્રમાણે
વાંચો:- ***હર પલ હરિ કો નામ જપીજૈ***

શ્રી જમ્ભેશ્વરજીના પણ કોઇ ગુરૂ હતા'' (અગાઉ દર્શાવેલ છે)

**પ્રમાણ:- શબ્દ વાણી સં. 90, 91, 92 શબ્દ સંખ્યા 90 ની ગુરૂ સંબંધી વાણી ગુરૂ આસણ સમરાથલે ।**

***કહૈ સતગુરૂ ભૂલ મત જાઇયો પડોલા અમૈ દોજખે ।***

***શબ્દ સંખ્યા 91ના અમુક અંશ:-***

***મેરે ગુરુ જો દીનહી શિક્ષા, સર્વ આલિડગંણ ફેરી દીક્ષા ।***
***સત સત ભાખત ગુરૂ રાયોં જરા મરણ ભય ભાગુ ॥***

પ્રમાણ માટે પુસ્તક ''ગીતા તેરા જ્ઞાન અમૃત'' થી સંબંધિત શ્રીમદ્ ભગવત ગીતાના અમુક અધ્યાય તથા શ્લોક જેનો હિન્દી અનુવાદ (જેનો ગુજરાતી અનુવાદ મુકેલો છે) ''શ્રી જયદયાલ ગોયન્દકા'' દ્વારા કરવામાં આવ્યો છે તથા ભારતની પ્રસિદ્ધ પ્રેસ ''ગીતા પ્રેસ ગોરખપુર'' (ઉત્તર પ્રદેશ) દ્વારા પ્રકાશિત છે.

*(શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય 1 માં કોઇપણ શ્લોક ગીતા જ્ઞાનદાતાનો બોલેલો નથી. એટલા માટે આને છોડી દેવામાં આવે છે)*

★

**શ્રીમદ ભગવત્ ગીતા અધ્યાય-૨ના કેટલાક શ્લોકોની ફોટોકોપીઃ-**

કથમ્, ભીષ્મમ્, અહમ્, સઙ્ખ્યે, દ્રોણમ્, ચ, મધુસૂદન,
ઇષુભિઃ, પ્રતિ, યોત્સ્યામિ, પૂજાર્હૌ, અરિસૂદન ॥ ૪॥

અર્જુન બોલ્યા

| | | | |
|---|---|---|---|
| **મધુસૂદન** | = હે મધુસૂદન! | **દ્રોણમ્** | = દ્રોણાચાર્ય |
| **અહમ્** | = હું | **પ્રતિ યોત્સ્યામિ** | = વિરુદ્ધ લડીશ? |
| **સઙ્ખ્યે** | = રણભૂમિમાં | (યતઃ) | = કેમકે |
| **કથમ્** | = કઈ રીતે | **અરિસૂદન** | = હે અરિસૂદન! |
| **ઇષુભિઃ** | = બાણોથી | (તૌ) | = તેઓ બન્નેય |
| **ભીષ્મમ્** | = ભીષ્મપિતામહ | **પૂજાર્હૌ** | = પૂજનીય છે. |
| **ચ** | = અને | | |

ગુરૂન્, અહત્વા, હિ, મહાનુભાવાન્, શ્રેયઃ, ભોક્તુમ્, ભૈક્ષ્યમ્, અપિ,
ઇહ, લોકે, હત્વા, અર્થકામાન્, તુ, ગુરૂન્, ઇહ, એવ, ભુઞ્જીય,
ભોગાન્, રુધિરપ્રદિગ્ધાન્ ॥ ૫॥

(માટે આ)

| | | | |
|---|---|---|---|
| **મહાનુભાવાન્** | = મહાનુભાવ | **હિ** | = કેમકે |
| **ગુરૂન્** | = ગુરુજનોને | **ગુરૂન્** | = ગુરુજનોને |
| **અહત્વા** | = નહિ હણીને (હું) | **હત્વા** | = હણીને |
| **ઇહ** | = આ | (અપિ) | = પણ |
| **લોકે** | = લોકમાં | **ઇહ** | = આ લોકમાં |
| **ભૈક્ષ્યમ્** | = ભિક્ષાનું અન્ન | **રુધિરપ્રદિગ્ધાન્** | = લોહીથી ખરડાયેલા |
| **અપિ** | = પણ | **અર્થકામાન્** | = અર્થ અને કામરૂપ |
| **ભોક્તુમ્** | = ખાવાનું | **ભોગાન્ એવ** | = ભોગોને જ |
| **શ્રેયઃ** | = કલ્યાણકારી | **તુ** | = તો |
| | (સમજું છું;) | **ભુઞ્જીય** | = ભોગવીશ ને! |

ન, ચ, એતત્ વિદ્મઃ, કતરત્, નઃ, ગરીયઃ, યત્, વા, જયેમ, યદિ, વા,
નઃ, જયેયુઃ, યાન્, એવ, હત્વા, ન, જિજીવિષામઃ, તે, અવસ્થિતાઃ,
પ્રમુખે, ધાર્તરાષ્ટ્રાઃ ॥ ૬॥

(વળી, અમે)

| | | | |
|---|---|---|---|
| **એતત્** | = એ | **નઃ** | = અમારા માટે (યુદ્ધ કરવું કે ન કરવું એ બંનેમાંથી) |
| **ચ** | = પણ | | |
| **ન વિદ્મઃ** | = જાણતા નથી (કે) | | |

| | |
|---|---|
| **કતરત્** | = કયું |
| **ગરીયઃ** | = શ્રેષ્ઠ છે; |
| **યત્ વા** | = અથવા (એ પણ નથી જાણતા કે) |
| **જયેમ** | = (તેમને અમે) જીતીશું |
| **યદિ વા** | = કે (તેઓ) |
| **નઃ** | = અમને |
| **જયેયુઃ** | = જીતશે (અને) |
| **યાન્** | = જેમને |
| **હત્વા** | = હણીને |
| **ન જિજીવિષામઃ** | = અમે જીવવા પણ માગતા નથી |
| **તે** | = તે |
| **એવ** | = જ (અમારા આત્મીય) |
| **ધાર્તરાષ્ટ્રાઃ** | = ધૃતરાષ્ટ્રના પુત્રો |
| **પ્રમુખે** | = અમારી સામે (યુદ્ધ માટે) |
| **અવસ્થિતાઃ** | = ઊભા છે! |

**કાર્પણ્યદોષોપહતસ્વભાવઃ, પૃચ્છામિ, ત્વામ્, ધર્મસંમૂઢચેતાઃ,
યત્, શ્રેયઃ, સ્યાત્, નિશ્ચિતમ્, બ્રૂહિ, તત્, મે, શિષ્યઃ, તે, અહમ્,
શાધિ, મામ્, ત્વામ્, પ્રપન્નમ્ ॥૭॥**

આથી

| | |
|---|---|
| **કાર્પણ્ય-દોષોપહત-સ્વભાવઃ** | કાયરતારૂપી = દોષને લીધે જેનો સ્વભાવ નષ્ટ થયો છે એવો (તથા) |
| **ધર્મસંમૂઢચેતાઃ** | = ધર્મની બાબતમાં મોહિતચિત્ત થયેલો (હું) |
| **ત્વામ્** | = આપને |
| **પૃચ્છામિ** | = પૂછું છું (કે) |
| **યત્** | = જે |
| **નિશ્ચિતમ્** | = નિશ્ચિત રૂપે |
| **શ્રેયઃ** | = કલ્યાણકારી (સાધન) |
| **સ્યાત્** | = હોય, |
| **તત્** | = તે |
| **મે** | = મને |
| **બ્રૂહિ** | = કહો; (કેમકે) |
| **અહમ્** | = હું |
| **તે** | = આપનો |
| **શિષ્યઃ** | = શિષ્ય છું, (માટે) |
| **ત્વામ્** | = આપને |
| **પ્રપન્નમ્** | = શરણે આવેલા |
| **મામ્** | = મને |
| **શાધિ** | = ઉપદેશ આપો. |

**ન, તુ, એવ, અહમ્, જાતુ, ન, આસમ્, ન, ત્વમ્, ન, ઈમે, જનાધિપાઃ,
ન, ચ, એવ, ન, ભવિષ્યામઃ, સર્વે, વયમ્, અતઃ, પરમ્ ॥૧૨॥**

| | | | |
|---|---|---|---|
| ન | = ન | ન | = ન |
| તુ | = તો | (આસન્) | = હતા |
| (એવમ્) | = એવું | ચ | = અને |
| એવ | = જ (છે કે) | ન | = ન (તો) |
| અહમ્ | = હું | (એવમ્) | = એવું |
| જાતુ | = કોઈ કાળમાં | એવ | = પણ (છે કે) |
| ન | = ન | અતઃ | = હવે |
| આસમ્ | = હતો (અથવા) | પરમ્ | = પછી |
| ત્વમ્ | = તું | વયમ્ | = આપણે |
| ન | = ન | સર્વે | = બધા |
| (આસીઃ) | = હતો (કે) | ન | = નહીં |
| ઇમે | = આ | ભવિષ્યામઃ | = હોઈએ. |
| જનાધિપાઃ | = રાજાઓ | | |

અવિનાશિ, તુ, તત્, વિદ્ધિ, યેન, સર્વમ્, ઈદમ્, તતમ્,
વિનાશમ્, અવ્યયસ્ય, અસ્ય, ન, કશ્ચિત્, કર્તુમ્, અર્હતિ ॥૧૭॥

આ ન્યાય અનુસાર

| | | | |
|---|---|---|---|
| અવિનાશિ | = નાશરહિત | તતમ્ | = વ્યાપ્ત છે. |
| તુ | = તો (તું) | અસ્ય | = આ |
| તત્ | = તેને | અવ્યયસ્ય | = અવિનાશીનો |
| વિદ્ધિ | = જાણ | વિનાશમ્ | = વિનાશ |
| યેન | = જેનાથી | કર્તુમ્ | = કરવા |
| ઈદમ્ | = આ | કશ્ચિત્ | = કોઈ પણ |
| સર્વમ્ | = સકળ (જગત-દૃશ્યવર્ગ) | ન અર્હતિ | = સમર્થ નથી. |

વાસાંસિ, જીર્ણાનિ, યથા, વિહાય, નવાનિ, ગૃહ્ણાતિ, નરઃ, અપરાણિ, તથા,
શરીરાણિ, વિહાય, જીર્ણાનિ, અન્યાનિ, સંયાતિ, નવાનિ, દેહી ॥૨૨॥

| | | | |
|---|---|---|---|
| યથા | = જેમ | તથા | = તેમજ |
| નરઃ | = માણસ | દેહી | = જીવાત્મા |
| જીર્ણાનિ | = જૂનાં | જીર્ણાનિ | = જૂનાં |
| વાસાંસિ | = વસ્ત્રો | શરીરાણિ | = શરીરો |
| વિહાય | = ત્યજીને | વિહાય | = ત્યજીને |
| અપરાણિ | = બીજાં | અન્યાનિ | = બીજાં |
| નવાનિ | = નવાં (વસ્ત્રો) | નવાનિ | = નવાં (શરીરો) |
| ગૃહ્ણાતિ | = ગ્રહણ કરે છે, | સંયાતિ | = પામે છે. |

જાતસ્ય, હિ, ધ્રુવઃ, મૃત્યુઃ, ધ્રુવમ્, જન્મ, મૃતસ્ય, ચ, તસ્માત્,
અપરિહાર્યે, અર્થે, ન, ત્વમ્, શોચિતુમ્, અર્હસિ ॥ ૨૭॥

| | | | |
|---|---|---|---|
| **હિ** | = કેમ કે (આ માન્યતા મુજબ) | **ધ્રુવમ્** | = નિશ્ચિત છે; |
| **જાતસ્ય** | = જન્મેલાનું | **તસ્માત્** | = તેથી (પણ આ) |
| **મૃત્યુઃ** | = મૃત્યુ | **અપરિહાર્યે** | = ઉપાય વિનાના |
| **ધ્રુવઃ** | = નિશ્ચિત છે | **અર્થે** | = વિષયમાં |
| **ચ** | = અને | **ત્વમ્** | = તારા માટે |
| **મૃતસ્ય** | = મરેલાનો | **શોચિતુમ્** | = શોક કરવો |
| **જન્મ** | = જન્મ | **ન અર્હસિ** | = યોગ્ય નથી. |

હતઃ, વા, પ્રાપ્સ્યસિ, સ્વર્ગમ્, જિત્વા, વા, ભોક્ષ્યસે, મહીમ્,
તસ્માત્, ઉત્તિષ્ઠ, કૌન્તેય, યુદ્ધાય, કૃતનિશ્ચયઃ ॥ ૩૭॥

| | | | |
|---|---|---|---|
| **વા** | = કાં તો (તું યુદ્ધમાં) | **તસ્માત્** | = માટે |
| **હતઃ** | = હણાઈને | **કૌન્તેય** | = હે અર્જુન! (તું) |
| **સ્વર્ગમ્** | = સ્વર્ગ | **યુદ્ધાય** | = યુદ્ધ માટે |
| **પ્રાપ્સ્યસિ** | = પામીશ | **કૃતનિશ્ચયઃ** | = નિશ્ચય કરીને |
| **વા** | = અથવા તો (સંગ્રામમાં) | **ઉત્તિષ્ઠ** | = ઊભો થઈ જા. |
| **જિત્વા** | = જીતીને | | |
| **મહીમ્** | = ભૂમંડળનું રાજ્ય | | |
| **ભોક્ષ્યસે** | = ભોગવીશ; | | |

સુખદુઃખે, સમે, કૃત્વા, લાભાલાભૌ, જયાજયૌ,
તતઃ, યુદ્ધાય, યુજ્યસ્વ, ન, એવમ્, પાપમ્, અવાપ્સ્યસિ ॥ ૩૮॥

તારી જો સ્વર્ગ કે રાજ્યની ઈચ્છા ન હોય તો પણ -

| | | | |
|---|---|---|---|
| **જયાજયૌ** | = જય-પરાજય, | **યુદ્ધાય** | = યુદ્ધ માટે |
| **લાભાલાભૌ** | = લાભ-હાનિ (અને) | **યુજ્યસ્વ** | = કટિબદ્ધ થઈ જા; |
| **સુખદુઃખે** | = સુખ-દુઃખને | **એવમ્** | = આ પ્રમાણે (યુદ્ધ કરવાથી તું) |
| **સમે** | = સમાન | | |
| **કૃત્વા** | = સમજ્યા | **પાપમ્** | = પાપને |
| **તતઃ** | = પછી | **ન અવાપ્સ્યસિ** | = પામીશ નહીં. |

યાવાન્, અર્થઃ, ઉદપાને, સર્વતઃ, સમ્પ્લુતોદકે,
તાવાન્, સર્વેષુ, વેદેષુ, બ્રાહ્મણસ્ય, વિજાનતઃ ॥ ૪૬॥

**સર્વતઃ** = બધી બાજુથી
**સમ્પ્લુતોદકે** = ભરપૂર જળાશય
**(પ્રાપ્તે સતિ)** = મળી જતાં
**ઉદપાને** = નાનકડા જળાશયમાં (મનુષ્યનું)
**યાવાન્** = જેટલું
**અર્થઃ** = પ્રયોજન
**(અસ્તિ)** = રહે છે,
**વિજાનતઃ** = (બ્રહ્મને) તત્ત્વથી જાણનાર
**બ્રાહ્મણસ્ય** = બ્રાહ્મણનું
**સર્વેષુ** = સઘળા
**વેદેષુ** = વેદોમાં
**તાવાન્** = એટલું (જ પ્રયોજન રહે છે).

[illegible]

કર્મજમ્, બુદ્ધિયુક્તાઃ, હિ, ફલમ્, ત્યક્ત્વા, મનીષિણઃ,
જન્મબન્ધવિનિર્મુક્તાઃ, પદમ્, ગચ્છન્તિ, અનામયમ્ ॥ ૫૧॥

**હિ** = કેમકે
**બુદ્ધિયુક્તાઃ** = સમબુદ્ધિથી યુક્ત
**મનીષિણઃ** = જ્ઞાનીજનો
**કર્મજમ્** = કર્મોથી ઉત્પન્ન થનાર
**ફલમ્** = ફળનો
**ત્યક્ત્વા** = ત્યાગ કરીને
**જન્મબન્ધ-વિનિર્મુક્તાઃ** = જન્મરૂપી બંધનથી મુક્ત થઈ
**અનામયમ્** = નિર્વિકાર
**પદમ્** = પરમ પદને
**ગચ્છન્તિ** = પામે છે.

શ્રુતિવિપ્રતિપન્ના, તે, યદા, સ્થાસ્યતિ, નિશ્ચલા,
સમાધૌ, અચલા, બુદ્ધિઃ, તદા, યોગમ્, અવાપ્સ્યસિ ॥ ૫૩॥

**શ્રુતિવિપ્રતિપન્ના** = જાત-જાતનાં વચનો સાંભળવાને લીધે વિચલિત થયેલી
**તે** = તારી
**બુદ્ધિઃ** = બુદ્ધિ
**યદા** = જ્યારે
**સમાધૌ** = પરમાત્મામાં
**નિશ્ચલા** = અચળ (અને)
**અચલા** = સ્થિર
**સ્થાસ્યતિ** = રોકાઈ જશે
**તદા** = ત્યારે (તું)
**યોગમ્** = યોગને
**અવાપ્સ્યસિ** = પામીશ અર્થાત્ તારો પરમાત્મા સાથે નિત્યસંયોગ થઈ જશે.

વિષયાઃ, વિનિવર્તન્તે, નિરાહારસ્ય, દેહિનઃ,
રસવર્જમ્, રસઃ, અપિ, અસ્ય, પરમ્, દૃષ્ટ્વા, નિવર્તતે ॥ ૫૯॥
જોકે -

**નિરાહારસ્ય** = (ઇન્દ્રિયો દ્વારા) વિષયોને ગ્રહણ ન કરનાર
**દેહિનઃ** = પુરુષના (પણ માત્ર)
**વિષયાઃ** = વિષયો (તો)
**વિનિવર્તન્તે** = નિવૃત્ત થઈ જાય છે, (પરંતુ એમના પ્રત્યેની)

**રસવર્જમ્** = આસક્તિ નિવૃત્ત નથી થતી; (જ્યારે)
**અસ્ય** = આ સ્થિતપ્રજ્ઞ પુરુષની (તો)
**રસઃ** આસક્તિ
**અપિ** = પણ
**પરમ્** = પરમાત્માનો
**દૃષ્ટ્વા** = સાક્ષાત્કાર કરીને
**નિવર્તતે** = નિવૃત્ત થઈ જાય છે.

**શ્રીમદ ભગવત ગીતા અધ્યાય-૩ના કેટલાક શ્લોકોની ફોટોકોપીઃ-**

# ત્રીજો અધ્યાય

જ્યાયસી, ચેત્, કર્મણઃ, તે, મતા, બુદ્ધિઃ, જનાર્દન,
તત્, કિમ્, કર્મણિ, ઘોરે, મામ્, નિયોજયસિ, કેશવ ॥૧॥

**આ બાબતમાં અર્જુને પ્રશ્ન કર્યો કે -**

| | | | |
|---|---|---|---|
| **જનાર્દન** | = હે જનાર્દન! | **કેશવ** | = હે કેશવ! |
| **ચેત્** | = જો | **મામ્** | = મને (આ યુદ્ધરૂપી) |
| **તે** | = તમને | | |
| **કર્મણઃ** | = કર્મ કરતાં | **ઘોરે** | = ઘોર |
| **બુદ્ધિઃ** | = જ્ઞાન | **કર્મણિ** | = કર્મમાં |
| **જ્યાયસી** | = ચઢિયાતું | **કિમ્** | = કેમ |
| **મતા** | = માન્ય છે | **નિયોજયસિ** | = જોડો છો? |
| **તત્** | = તો પછી | | |

વ્યામિશ્રેણ, ઇવ, વાક્યેન, બુદ્ધિમ્, મોહયસિ, ઇવ, મે,
તત્, એકમ્, વદ, નિશ્ચિત્ય, યેન, શ્રેયઃ, અહમ્, આપ્નુયામ્ ॥૨॥

| | | | |
|---|---|---|---|
| **વ્યામિશ્રેણ, ઇવ** | =(તમે) ભળતાં જેવાં | **તત્** | =તે |
| | | **એકમ્** | =એક વાતને |
| **વાક્યેન** | =વચનોથી | **નિશ્ચિત્ય** | =નિશ્ચિત કરીને |
| **મે** | =મારી | **વદ, યેન** | =કહો, કે જેનાથી |
| **બુદ્ધિમ્** | =બુદ્ધિને | **અહમ્** | =હું |
| **મોહયસિ, ઇવ** | =જાણે ભરમાવી રહ્યા છો, (માટે) | **શ્રેયઃ** | =કલ્યાણને |
| | | **આપ્નુયામ્** | =પામું. |

લોકે, અસ્મિન્, દ્વિવિધા, નિષ્ઠા, પુરા, પ્રોક્તા, મયા, અનઘ,
જ્ઞાનયોગેન, સાંખ્યાનામ્, કર્મયોગેન, યોગિનામ્ ॥૩॥

**શ્રીભગવાન બોલ્યા :**

| | | | |
|---|---|---|---|
| **અનઘ** | = હે નિષ્પાપ! | **દ્વિવિધા** | = બે પ્રકારની |
| **અસ્મિન્** | = આ | **નિષ્ઠા** | = નિષ્ઠા |
| **લોકે** | = લોકમાં | **મયા** | = મારા વડે |

| | | | |
|---|---|---|---|
| **પુરા** | = પહેલાં | **જ્ઞાનયોગેન** | = જ્ઞાનયોગ દ્વારા (અને) |
| **પ્રોક્તા** | = કહેવાઈ ચુકી છે; (એમનામાંથી) | **યોગિનામ્** | = યોગીઓની (નિષ્ઠા) |
| **સાઙ્ખ્યાનામ્** | = સાંખ્યયોગીઓની (નિષ્ઠા તો) | **કર્મયોગેન** | = કર્મયોગ દ્વારા (થાય છે.) |

ન, કર્મણામ્, અનારમ્ભાત્, નૈષ્કર્મ્યમ્, પુરુષઃ, અશ્નુતે,
ન, ચ, સન્ન્યસનાત્, એવ, સિદ્ધિમ્, સમધિગચ્છતિ ॥૪॥

પરંતુ કોઈ પણ માર્ગ અનુસાર કર્મોના સ્વરૂપને ત્યાગવાની આવશ્યકતા નથી, કેમકે

| | | | |
|---|---|---|---|
| **પુરુષઃ** | = માણસ | **નૈષ્કર્મ્યમ્** | = નિષ્કર્મતાને (એટલે કે યોગનિષ્ઠાને) |
| **ન** | = ન (તો) | | |
| **કર્મણામ્** | = કર્મોનો | **અશ્નુતે** | = પામી શકે છે |
| **અનારમ્ભાત્** | = આરંભ કર્યા વિના (અર્થાત્ આચરણ કર્યા વિના) | **ચ, ન** | = અને ન તો |
| | | **સન્ન્યસનાત્, એવ** | = કર્મોના કેવળ ત્યાગ માત્રથી |
| **સિદ્ધિમ્** | = સિદ્ધિ (એટલે કે સાંખ્યનિષ્ઠાને જ | **સમધિગચ્છતિ** | = પામી શકે છે. |

ન, હિ, કશ્ચિત્, ક્ષણમ્, અપિ, જાતુ, તિષ્ઠતિ, અકર્મકૃત્
કાર્યતે, હિ, અવશઃ, કર્મ, સર્વઃ, પ્રકૃતિજૈઃ, ગુણૈઃ ॥૫॥

તથા સર્વથા કર્મોનો સ્વરૂપથી ત્યાગ થઈ જ નથી શકતો

| | | | |
|---|---|---|---|
| **હિ** | = ખરેખર | **હિ** | = કેમકે |
| **કશ્ચિત્** | = કોઈ પણ (માણસ) | **સર્વઃ** | = આખાય મનુષ્યસમુદાયને |
| **જાતુ** | = કદીયે | | |
| **ક્ષણમ્** | = ક્ષણમાત્ર | **પ્રકૃતિજૈઃ** | = પ્રકૃતિજનિત |
| **અપિ** | = પણ | **ગુણૈઃ** | = ગુણો વડે |
| **અકર્મકૃત્** | = કર્મ કર્યા વિના | **અવશઃ** | = પરવશ થયેલાને |
| **ન** | = નથી | **કર્મ** | = કર્મ કરવા માટે |
| **તિષ્ઠતિ** | = રહેતો; | **કાર્યતે** | = બાધ્ય કરવામાં આવે છે. |

કર્મેન્દ્રિયાણિ, સંયમ્ય, યઃ, આસ્તે, મનસા, સ્મરન્,
ઇન્દ્રિયાર્થાન્, વિમૂઢાત્મા, મિથ્યાચારઃ, સઃ, ઉચ્યતે ॥ ૬॥

આથી -

| | | | |
|---|---|---|---|
| **યઃ** | = જે | **ઇન્દ્રિયાર્થાન્** | = ઇન્દ્રિયોના વિષયોનું |
| **વિમૂઢાત્મા** | = મૂઢબુદ્ધિનો મનુષ્ય | **સ્મરન્** | = ચિંતન કરતો |
| **કર્મેન્દ્રિયાણિ** | = સઘળી ઇન્દ્રિયોને (હઠપૂર્વક ઉપર-ઉપરથી) | **આસ્તે** | = રહે છે, |
| | | **સઃ** | = તે |
| **સંયમ્ય** | = રોકીને | **મિથ્યાચારઃ** | = મિથ્યાચારી અર્થાત્ દંભી |
| **મનસા** | = મનથી (તે) | **ઉચ્યતે** | = કહેવાય છે. |

યઃ, તુ, ઇન્દ્રિયાણિ, મનસા, નિયમ્ય, આરભતે, અર્જુન,
કર્મેન્દ્રિયૈઃ, કર્મયોગમ્, અસક્તઃ, સઃ, વિશિષ્યતે ॥ ૭॥

| | | | |
|---|---|---|---|
| **તુ** | = પરંતુ | **અસક્તઃ** | = અનાસક્ત થઈને |
| **અર્જુન** | = હે અર્જુન! | **કર્મેન્દ્રિયૈઃ** | = સઘળી ઇન્દ્રિયો દ્વારા |
| **યઃ** | = જે (પુરુષ) | **કર્મયોગમ્** | = કર્મયોગનું |
| **મનસા** | = મન વડે | **આરભતે** | = આચરણ કરે છે, |
| **ઇન્દ્રિયાણિ** | = ઇન્દ્રિયોને | **સઃ** | = તે (યોગી જ) |
| **નિયમ્ય** | = વશમાં કરી | **વિશિષ્યતે** | = શ્રેષ્ઠ છે. |

નિયતમ્, કુરુ, કર્મ, ત્વમ્, કર્મ, જ્યાયઃ, હિ, અકર્મણઃ,
શરીરયાત્રા, અપિ, ચ, તે, ન, પ્રસિદ્ધ્યેત્, અકર્મણઃ ॥ ૮॥

આથી -

| | | | |
|---|---|---|---|
| **ત્વમ્** | = તું | **જ્યાયઃ** | = શ્રેષ્ઠ છે, |
| **નિયતમ્** | = શાસ્ત્રવિહિત (સ્વધર્મરૂપી) | **ચ** | = તેમજ |
| **કર્મ** | = કર્તવ્યકર્મ | **અકર્મણઃ** | = કર્મ ન કરવાથી |
| **કુરુ** | = કર; | **તે** | = તારો |
| **હિ** | = કેમકે | **શરીરયાત્રા** | = શરીર-નિર્વાહ |
| **અકર્મણઃ** | = કર્મ ન કરવા કરતાં | **અપિ** | = પણ |
| **કર્મ** | = કર્મ કરવું | **ન પ્રસિદ્ધ્યેત્** | = સિદ્ધ નહીં થાય. |

યજ્ઞાર્થાત્, કર્મણઃ, અન્યત્ર, લોકઃ, અયમ્, કર્મબન્ધનઃ,
તદર્થમ્, કર્મ, કૌન્તેય, મુક્તસઙ્ગઃ, સમાચર ॥ ૯॥

| | | | |
|---|---|---|---|
| **યજ્ઞાર્થાત્** | = યજ્ઞનિમિત્તે કરવામાં આવતાં | **કર્મબન્ધનઃ** | = કર્મોથી બંધાય છે, (માટે) |
| **કર્મણઃ** | = કર્મો સિવાયનાં | **કૌન્તેય** | = હે અર્જુન! (તું) |
| **અન્યત્ર** | = બીજાં કર્મોમાં (જોડાઈને જ) | **મુક્તસઙ્ગઃ** | = આસક્તિ વિનાનો થઈને |
| **અયમ્** | = આ | **તદર્થમ્** | = તે યજ્ઞનિમિત્તે (જ સારી રીતે) |
| **લોકઃ** | = મનુષ્ય-સમુદાય | **કર્મ** | = કર્તવ્યકર્મ |
| | | **સમાચર** | = કર. |

સહયજ્ઞાઃ, પ્રજાઃ, સૃષ્ટ્વા, પુરા, ઉવાચ, પ્રજાપતિઃ,
અનેન, પ્રસવિષ્યધ્વમ્, એષઃ, વઃ, અસ્તુ, ઈષ્ટકામધુક્ ॥ ૧૦॥
તથા કર્મ ન કરવાથી તને પાપ પણ લાગશે, કારણ કે

| | | | |
|---|---|---|---|
| **પ્રજાપતિઃ** | = પ્રજાપતિ બ્રહ્માએ | **(યૂયમ્)** | = તમે |
| **પુરા** | = કલ્પના આદિમાં અર્થાત્ સૃષ્ટિના આરંભે | **અનેન** | = આ યજ્ઞ દ્વારા |
| | | **પ્રસવિષ્યધ્વમ્** | = વૃદ્ધિ પામો (અને) |
| | | **એષઃ** | = આ (યજ્ઞ) |
| **સહયજ્ઞાઃ** | = યજ્ઞસહિત | **વઃ** | = તમને બધાંને |
| **પ્રજાઃ** | = પ્રજાઓને | **ઈષ્ટકામધુક્** | = ઇચ્છિત ભોગ આપનાર |
| **સૃષ્ટ્વા** | = સર્જીને | | |
| **ઉવાચ** | = કહ્યું (કે) | **અસ્તુ** | = થાઓ. |

દેવાન્, ભાવયત, અનેન, તે, દેવાઃ ભાવયન્તુ, વઃ,
પરસ્પરમ્, ભાવયન્તઃ, શ્રેયઃ, પરમ્, અવાપ્સ્યથ ॥ ૧૧॥

| | | | |
|---|---|---|---|
| **અનેન** | = આ યજ્ઞ વડે | **(એવમ્)** | = આ પ્રમાણે (નિઃસ્વાર્થભાવે) |
| **દેવાન્** | = દેવતાઓને | | |
| **ભાવયત** | = ઉન્નત કરો (અને) | **પરસ્પરમ્** | = એક-બીજાંને |
| **તે** | = તે | **ભાવયન્તઃ** | = ઉન્નત કરતાં રહીને |
| **દેવાઃ** | = દેવતાઓ | **(યૂયમ્)** | = તમે બધાં |
| **વઃ** | = તમને બધાંને | **પરમ્** | = પરમ |
| **ભાવયન્તુ** | = ઉન્નત કરે; | **શ્રેયઃ** | = કલ્યાણને |
| | | **અવાપ્સ્યથ** | = પામશો. |

ઈષ્ટાન્, ભોગાન્, હિ, વઃ, દેવાઃ, દાસ્યન્તે, યજ્ઞભાવિતાઃ,
તૈઃ, દત્તાન્, અપ્રદાય, એભ્યઃ, યઃ, ભુઙ્ક્તે, સ્તેનઃ, એવ, સઃ ॥ ૧૨॥

અને -

| | | | |
|---|---|---|---|
| **યજ્ઞભાવિતાઃ** | = યજ્ઞ વડે વૃદ્ધિ પામેલા | **તૈઃ** | = તે દેવતાઓ દ્વારા |
| **દેવાઃ** | = દેવતાઓ | **દત્તાન્** | = અપાયેલા ભોગોને |
| **વઃ** | = તમને બધાંને (વણમાગ્યે જ) | **યઃ** | = જે પુરુષ |
| | | **એભ્યઃ** | = તે દેવતાઓને |
| **ઈષ્ટાન્** | = ઈચ્છિત | **અપ્રદાય** | = નહીં આપીને (પોતે) |
| **ભોગાન્** | = ભોગો | **ભુઙ્ક્તે** | = ભોગવે છે, |
| **હિ** | = અવશ્ય | **સઃ** | = તે |
| **દાસ્યન્તે** | = આપતા રહેશે; (આ રીતે) | **સ્તેનઃ** | = ચોર |
| | | **એવ** | = જ છે. |

યજ્ઞશિષ્ટાશિનઃ, સન્તઃ, મુચ્યન્તે, સર્વકિલ્બિષૈઃ,
ભુઞ્જતે, તે, તુ, અઘમ્, પાપાઃ, યે, પચન્તિ, આત્મકારણાત્ ॥ ૧૩॥

કારણ કે -

| | | | |
|---|---|---|---|
| **યજ્ઞશિષ્ટાશિનઃ** | = યજ્ઞમાંથી વધેલા અન્નને આરોગનારા | **પાપાઃ** | = પાપીઓ |
| | | **આત્મકારણાત્** | = પોતાના શરીરના પોષણ માટે જ |
| **સન્તઃ** | = શ્રેષ્ઠ પુરુષો | **પચન્તિ** | = (અન્ન) રાંધે છે, |
| **સર્વકિલ્બિષૈઃ** | = સર્વ પાપોથી | **તે** | = તેઓ |
| **મુચ્યન્તે** | = મુક્ત થઈ જાય છે (અને) | **તુ** | = તો |
| | | **અઘમ્** | = પાપને (જ) |
| **યે** | = જે | **ભુઞ્જતે** | = ખાય છે. |

અન્નાત્, ભવન્તિ, ભૂતાનિ, પર્જન્યાત્, અન્નસમ્ભવઃ,
યજ્ઞાત્, ભવતિ, પર્જન્યઃ, યજ્ઞઃ, કર્મસમુદ્ભવઃ ॥ ૧૪॥
કર્મ, બ્રહ્મોદ્ભવમ્, વિદ્ધિ, બ્રહ્મ, અક્ષરસમુદ્ભવમ્,
તસ્માત્, સર્વગતમ્, બ્રહ્મ, નિત્યમ્, યજ્ઞે, પ્રતિષ્ઠિતમ્ ॥ ૧૫॥

| | |
|---|---|
| **ભૂતાનિ** | = સઘળાં પ્રાણીઓ |
| **અન્નાત્** | = અન્નથી |
| **ભવન્તિ** | = ઉત્પન્ન થાય છે, |
| **અન્નસમ્ભવઃ** | = અન્નની ઉત્પત્તિ |
| **પર્જન્યાત્** | = વરસાદથી (થાય છે), |
| **પર્જન્યઃ** | = વરસાદ |
| **યજ્ઞાત્** | = યજ્ઞથી |
| **ભવતિ** | = થાય છે (અને) |
| **યજ્ઞઃ** | = યજ્ઞ |
| **કર્મસમુદ્ભવઃ** | = વિહિત કર્મોથી ઉત્પન્ન થનારો છે, |
| **કર્મ** | = કર્મસમુદાયને (તું) |
| **બ્રહ્મોદ્ભવમ્** | = વેદથી ઉદ્ભવેલો (અને) |
| **બ્રહ્મ** | = વેદને |
| **અક્ષરસમુદ્ભવમ્** | = અવિનાશી પરમાત્માથી ઉદ્ભવેલો |
| **વિદ્ધિ** | = જાણ; |
| **તસ્માત્** | = આથી (સિદ્ધ થાય છે કે) |
| **સર્વગતમ્** | = સર્વવ્યાપી |
| **બ્રહ્મ** | = પરમ અક્ષર પરમાત્મા |
| **નિત્યમ્** | = સદાય |
| **યજ્ઞે** | = યજ્ઞમાં |
| **પ્રતિષ્ઠિતમ્** | = પ્રતિષ્ઠિત છે. |

એવમ્, પ્રવર્તિતમ્, ચક્રમ્, ન, અનુવર્તયતિ, ઇહ, યઃ,
અઘાયુઃ, ઇન્દ્રિયારામઃ, મોઘમ્, પાર્થ, સઃ, જીવતિ ॥૧૬॥

| | |
|---|---|
| **પાર્થ** | = હે પાર્થ! |
| **યઃ** | = જે મનુષ્ય |
| **ઇહ** | = આ લોકમાં |
| **એવમ્** | = આ પ્રમાણે |
| **પ્રવર્તિતમ્** | = પરંપરાથી પ્રચલિત |
| **ચક્રમ્** | = સૃષ્ટિચક્રને |
| **ન, અનુવર્તયતિ** | = નથી અનુસરતો અર્થાત્ પોતાના કર્તવ્યનું પાલન નથી કરતો, |
| **સઃ** | = તે |
| **ઇન્દ્રિયારામઃ** | = ઇન્દ્રિયો વડે ભોગોમાં રમનારો |
| **અઘાયુઃ** | = પાપાયુ મનુષ્ય |
| **મોઘમ્** | = ફોગટ (જ) |
| **જીવતિ** | = જીવે છે. |

તસ્માત્, અસક્તઃ, સતતમ્, કાર્યમ્, કર્મ, સમાચર,
અસક્તઃ, હિ, આચરન્, કર્મ, પરમ્, આપ્નોતિ, પૂરુષઃ ॥૧૯॥

**તસ્માત્** = એટલા માટે
**સતતમ્** = નિરંતર
**અસક્તઃ** = આસક્તિ વિનાનો (થઈ હંમેશાં)
**કાર્યમ્ કર્મ** = કર્તવ્યકર્મોને
**સમાચર** = સારી રીતે કરતો રહે,
**હિ** = કેમકે
**અસક્તઃ** = આસક્તિ વિનાનો (થઈને)
**કર્મ** = કર્મ
**આચરન્** = કરતો રહીને
**પૂરુષઃ** = માણસ
**પરમ્** = પરમાત્માને
**આપ્નોતિ** = પ્રાપ્ત થઈ જાય છે.

યદિ, હિ, અહમ્, ન, વર્તેયમ્, જાતુ, કર્મણિ, અતન્દ્રિતઃ,
મમ, વર્ત્મ, અનુવર્તન્તે, મનુષ્યાઃ, પાર્થ, સર્વશઃ ॥૨૩॥

**હિ** = કેમકે
**પાર્થ** = હે પાર્થ!
**યદિ** = જો
**જાતુ** = કદાચ
**અહમ્** = હું
**અતન્દ્રિતઃ** = સાવધાન થઈને
**કર્મણિ** = કર્મોમાં
**ન** = ન
**વર્તેયમ્** = વર્તું, (તો ભારે હાનિ થઈ જાય, કારણકે)
**મનુષ્યાઃ** = માણસો
**સર્વશઃ** = બધી રીતે
**મમ** = મારા (જ)
**વર્ત્મ** = માર્ગનું
**અનુવર્તન્તે** = અનુસરણ કરે છે.

ન, બુદ્ધિભેદમ્, જનયેત્, અજ્ઞાનામ્, કર્મસઙ્ગિનામ્,
જોષયેત્, સર્વકર્માણિ, વિદ્વાન્, યુક્તઃ, સમાચરન્ ॥૨૬॥

તથા -

**યુક્તઃ** = પરમાત્માના સ્વરૂપમાં અચળ ભાવે સ્થિત થયેલો
**વિદ્વાન્** = જ્ઞાની પુરુષ
**કર્મ-સઙ્ગિનામ્** = શાસ્ત્રવિહિત કર્મોમાં આસક્તિ રાખનારા
**અજ્ઞાનામ્** = અજ્ઞાનીઓની
**બુદ્ધિભેદમ્** = બુદ્ધિમાં ભ્રમ અર્થાત્ એ કર્મો પ્રત્યે અશ્રદ્ધા
**ન જનયેત્** = ન ઉપજાવે; (પરંતુ પોતે)
**સર્વકર્માણિ** = શાસ્ત્રવિહિત સઘળાં કર્મો
**સમાચરન્** = સારી પેઠે કરતો રહી (એમની પાસે પણ તે જ પ્રમાણે કર્મો)
**જોષયેત્** = કરાવે.

યે, મે, મતમ્, ઇદમ્, નિત્યમ્, અનુતિષ્ઠન્તિ, માનવાઃ,
શ્રદ્ધાવન્તઃ, અનસૂયન્તઃ, મુચ્યન્તે, તે, અપિ, કર્મભિઃ ॥ ૩૧॥

અને હે અર્જુન -

**યે** = જે
**માનવાઃ** = માણસો
**અનસૂયન્તઃ** = દોષદૃષ્ટિ વિનાના (અને)
**શ્રદ્ધાવન્તઃ** = શ્રદ્ધાળુ (બનીને)
**મતમ્** = મતને
**નિત્યમ્** = સદા
**અનુતિષ્ઠન્તિ** = અનુસરે છે,
**મે** = મારા
**ઇદમ્** = આ
**તે** = તેઓ
**અપિ** = પણ
**કર્મભિઃ** = સર્વ કર્મોથી
**મુચ્યન્તે** = છૂટી જાય છે.

શ્રેયાન્, સ્વધર્મઃ, વિગુણઃ, પરધર્માત્, સ્વનુષ્ઠિતાત્
સ્વધર્મે, નિધનમ્, શ્રેયઃ, પરધર્મઃ ભયાવહઃ ॥ ૩૫॥

**સ્વનુષ્ઠિતાત્** = સારી રીતે આચરવામાં આવેલા
**પરધર્માત્** = અન્યના ધર્મ કરતાં
**વિગુણઃ** = ગુણ વિનાનો (હોવા છતાં પણ)
**સ્વધર્મઃ** = પોતાનો ધર્મ
**શ્રેયાન્** = ઘણો ચઢિયાતો છે;
**સ્વધર્મે** = પોતાના ધર્મમાં (તો)
**નિધનમ્** = મરવું (પણ)
**શ્રેયઃ** = કલ્યાણકારી છે, (અને)
**પરધર્મઃ** = અન્યનો ધર્મ (તો)
**ભયાવહઃ** = ભયપ્રદ છે.

ઇન્દ્રિયાણિ, પરાણિ, આહુઃ, ઇન્દ્રિયેભ્યઃ, પરમ્, મનઃ,
મનસઃ, તુ, પરા, બુદ્ધિઃ, યઃ, બુદ્ધે, પરતઃ, તુ, સઃ ॥ ૪૨॥

**ઇન્દ્રિયાણિ** = ઇન્દ્રિયોને (સ્થૂળ શરીર કરતાં)
**પરાણિ** = પર અર્થાત્ શ્રેષ્ઠ, બળવાન તેમજ સૂક્ષ્મ
**આહુઃ** = કહે છે;
**ઇન્દ્રિયેભ્યઃ** = આ ઇન્દ્રિયો કરતાં
**મનઃ** = મન
**પરમ્** = પર છે,
**મનસઃ, તુ** = મન કરતાં
**બુદ્ધિઃ** = બુદ્ધિ
**પરા** = પર છે
**તુ** = અને
**યઃ** = જે
**બુદ્ધેઃ** = બુદ્ધિ કરતાં (પણ)
**પરતઃ** = સાવ પર છે,
**સઃ** = તે (આત્મા) છે.

એવમ્, બુદ્ધેઃ, પરમ્, બુદ્ધ્વા, સંસ્તભ્ય, આત્માનમ્, આત્મના,
જહિ, શત્રુમ્, મહાબાહો, કામરૂપમ્, દુરાસદમ્ ॥ ૪૩॥

| | | | |
|---|---|---|---|
| **એવમ્** | = આ પ્રમાણે | **સંસ્તભ્ય** | = વશ કરીને |
| **બુદ્ધેઃ** | = બુદ્ધિ કરતાં | **મહાબાહો** | = હે મહાબાહો! (તું આ) |
| **પરમ્** | = પર એટલે કે સૂક્ષ્મ, બળવાન અને ઘણા શ્રેષ્ઠ આત્માને | **કામરૂપમ્** | = કામરૂપી |
| | | **દુરાસદમ્** | = દુર્જય |
| **બુદ્ધ્વા** | = ઓળખીને (અને) | **શત્રુમ્** | = શત્રુને |
| **આત્મના** | = બુદ્ધિ વડે | **જહિ** | = મારી નાખ |
| **આત્માનમ્** | = મનને | | |

**શ્રીમદ ભગવત ગીતા અધ્યાય-૪ના કેટલાક શ્લોકોની ફોટોકોપીઃ-**

# ચોથો અધ્યાય

ઈમમ્, વિવસ્વતે, યોગમ્, પ્રોક્તવાન્, અહમ્, અવ્યયમ્,
વિવસ્વાન્, મનવે, પ્રાહ, મનુઃ, ઈક્ષ્વાકવે, અબ્રવીત્ ॥ ૧॥

**આ પછી શ્રી ભગવાન બોલ્યા, હે અર્જુન! -**

| | | | |
|---|---|---|---|
| **અહમ્** | = મેં | **વિવસ્વાન્** | = સૂર્યે (પોતાના પુત્ર વૈવસ્વતને) |
| **ઈમમ્** | = આ | **મનવે** | = મનુને |
| **અવ્યયમ્** | = અવિનાશી | **પ્રાહ** | = કહ્યો (અને) |
| **યોગમ્** | = યોગ | **મનુઃ** | = મનુએ (પોતાના પુત્ર) |
| **વિવસ્વતે** | = સૂર્યને | **ઈક્ષ્વાકવે** | = રાજા ઈક્ષ્વાકુને |
| **પ્રોક્તવાન્** | = કહ્યો હતો, | **અબ્રવીત્** | = કહ્યો. |

એવમ્, પરમ્પરાપ્રાપ્તમ્, ઈમમ્, રાજર્ષયઃ, વિદુઃ,
સઃ, કાલેન, ઈહ, મહતા, યોગઃ, નષ્ટઃ, પરન્તપ ॥ ૨॥

| | | | |
|---|---|---|---|
| **પરન્તપ** | = હે પરંતપ! | **સઃ** | = તે |
| **એવમ્** | = આમ | **યોગઃ** | = યોગ |
| **પરમ્પરાપ્રાપ્તમ્** | = પરંપરાથી પ્રાપ્ત | **મહતા** | = ઘણા |
| **ઈમમ્** | = આ યોગને | **કાલેન** | = સમયથી |
| **રાજર્ષયઃ** | = રાજર્ષિઓએ | **ઈહ** | = આ પૃથ્વીલોકમાં (લગભગ) |
| **વિદુઃ** | = જાણ્યો; (પણ ત્યારબાદ) | **નષ્ટઃ** | = લુપ્તપ્રાય થઈ ગયો. |

સઃ, એવ, અયમ્, મયા, તે અદ્ય, યોગઃ, પ્રોક્તઃ, પુરાતનઃ,
ભક્તઃ, અસિ, મે, સખા, ચ, ઈતિ, રહસ્યમ્, હિ, એતત્, ઉત્તમમ્ ॥ ૩॥

| | | | |
|---|---|---|---|
| **(ત્વમ્)** | = તું | **સઃ એવ** | = એ જ |
| **મે** | = મારો | **અયમ્** | = આ |
| **ભક્તઃ** | = ભક્ત | **પુરાતનઃ** | = પુરાતન |
| **ચ** | = અને | **યોગઃ** | = યોગ |
| **સખા** | = પ્રિય સખા | **અદ્ય** | = આજે |
| **અસિ** | = છે, | **મયા** | = મેં |
| **ઈતિ** | = માટે | **તે** | = તને |

| | | | |
|---|---|---|---|
| **પ્રોક્તઃ** | = કહ્યો છે; | **ઉત્તમમ્** | = મોટું જ |
| **હિ** | = કેમકે | **રહસ્યમ્** | = રહસ્ય છે એટલે કે ગુપ્ત રાખવા-યોગ્ય વિષય છે. |
| **એતત્** | = આ | | |

અપરમ્, ભવતઃ, જન્મ, પરમ્, જન્મ, વિવસ્વતઃ,
કથમ્, એતત્, વિજાનીયામ્, ત્વમ્, આદૌ, પ્રોક્તવાન્ ઇતિ ॥ ૪॥

**આ પ્રકારનાં ભગવાનનાં વચન સાંભળી અર્જુન બોલ્યા, હે ભગવન્!**

| | | | |
|---|---|---|---|
| **ભવતઃ** | = આપનો | **ઇતિ** | = એ વાતને |
| **જન્મ** | = જન્મ (તો) | **કથમ્** | = કેમ |
| **અપરમ્** | = અર્વાચીન–હાલનો છે, (જ્યારે) | **વિજાનીયામ્** | = સમજું (કે) |
| **વિવસ્વતઃ** | = સૂર્યનો | **ત્વમ્** | = તમે (જ) |
| **જન્મ** | = જન્મ (તો) | **આદૌ** | = કલ્પના આરંભે (સૂર્યને) |
| **પરમ્** | = ઘણો પહેલાંનો છે એટલે કે કલ્પના આરંભે થયેલો છે; (તો હું) | **એતત્** | = આ યોગ |
| | | **પ્રોક્તવાન્** | = કહ્યો હતો? |

બહૂનિ, મે, વ્યતીતાનિ, જન્માનિ, તવ, ચ, અર્જુન,
તાનિ, અહમ્, વેદ, સર્વાણિ, ન, ત્વમ્, વેત્થ, પરન્તપ ॥ ૫॥

**ત્યારપછી શ્રીભગવાન બોલ્યા :**

| | | | |
|---|---|---|---|
| **પરન્તપ** | = હે પરંતપ! | **તાનિ** | = એ |
| **અર્જુન** | = અર્જુન! | **સર્વાણિ** | = બધાને |
| **મે** | = મારા | **ત્વમ્** | = તું |
| **ચ** | = અને | **ન** | = નથી |
| **તવ** | = તારા | **વેત્થ** | = જાણતો, (પણ) |
| **બહૂનિ** | = ઘણા બધા | **અહમ્** | = હું |
| **જન્માનિ** | = જન્મો | **વેદ** | = જાણું છું. |
| **વ્યતીતાનિ** | = થઈ ચુક્યા છે; | | |

અજઃ, અપિ, સન્, અવ્યયાત્મા, ભૂતાનામ્, ઈશ્વરઃ, અપિ, સન્,
પ્રકૃતિમ્, સ્વામ્, અધિષ્ઠાય, સમ્ભવામિ, આત્મમાયયા ॥ ૬॥

અને મારો જન્મ પ્રાકૃત મનુષ્યોના જન્મ જેવો નથી -

| | | | |
|---|---|---|---|
| **(અહમ્)** | = હું | **સન્** | = હોવા છતાં |
| **અજઃ** | = અજન્મા (અને) | **અપિ** | = પણ |
| **અવ્યયાત્મા** | = અવિનાશીસ્વરૂપ | **સ્વામ્** | = પોતાની |
| **સન્** | = હોવા છતાં | **પ્રકૃતિમ્** | = પ્રકૃતિને |
| **અપિ** | = પણ, (તેમજ) | **અધિષ્ઠાય** | = આધીન કરીને |
| **ભૂતાનામ્** | = બધાંય પ્રાણીઓનો | **આત્મમાયયા** | = પોતાની યોગમાયાથી |
| **ઈશ્વરઃ** | = ઈશ્વર | **સમ્ભવામિ** | = પ્રગટ થાઉં છું. |

યદા, યદા, હિ, ધર્મસ્ય, ગ્લાનિઃ, ભવતિ, ભારત,
અભ્યુત્થાનમ્, અધર્મસ્ય, તદા, આત્માનમ્, સૃજામિ, અહમ્ ॥ ૭॥

| | | | |
|---|---|---|---|
| **ભારત** | = હે ભારત! | **તદા** | = ત્યારે ત્યારે |
| **યદા યદા** | = જ્યારે જ્યારે | **હિ** | = જ |
| **ધર્મસ્ય** | = ધર્મની | **અહમ્** | = હું |
| **ગ્લાનિઃ** | = હાનિ (અને) | **આત્માનમ્** | = પોતાના રૂપને |
| **અધર્મસ્ય** | = અધર્મની | **સૃજામિ** | = સર્જું છું એટલે કે સાકાર રૂપે લોકો સમક્ષ પ્રગટ થાઉં છું. |
| **અભ્યુત્થાનમ્** | = વૃદ્ધિ | | |
| **ભવતિ** | = થાય છે, | | |

પરિત્રાણાય, સાધૂનામ્, વિનાશાય, ચ, દુષ્કૃતામ્,
ધર્મસંસ્થાપનાર્થાય, સમ્ભવામિ, યુગે, યુગે ॥ ૮॥

| | | | |
|---|---|---|---|
| **સાધૂનામ્** | = સાધુ પુરુષોનો | **ધર્મસંસ્થાપ-નાર્થાય** | = ધર્મની સારી રીતે સ્થાપના કરવા માટે (હું) |
| **પરિત્રાણાય** | = ઉદ્ધાર કરવા માટે, | **યુગે યુગે** | = યુગે યુગે |
| **દુષ્કૃતામ્** | = પાપ કર્મ કરનારાઓનો | **સમ્ભવામિ** | = પ્રકટ થાઉં છું. |
| **વિનાશાય** | = વિનાશ કરવા માટે | | |
| **ચ** | = અને | | |

જન્મ, કર્મ, ચ, મે, દિવ્યમ્, એવમ્, યઃ, વેત્તિ, તત્ત્વતઃ,
ત્યક્ત્વા, દેહમ્, પુનઃ, જન્મ, ન, એતિ, મામ્, એતિ, સઃ, અર્જુન ॥ ૯॥

માટે -

| | | | |
|---|---|---|---|
| **અર્જુન** | = હે અર્જુન! | **તત્ત્વતઃ** | = તત્ત્વથી |
| **મે** | = મારા | **વેત્તિ** | = જાણી લે છે, |
| **જન્મ** | = જન્મ | **સઃ** | = તે |
| **ચ** | = અને | **દેહમ્** | = દેહ |
| **કર્મ** | = કર્મ | **ત્યક્ત્વા** | = છોડીને |
| **દિવ્યમ્** | = દિવ્ય અર્થાત્ નિર્મળ અને અલૌકિક છે – | **પુનઃજન્મ** | = પુનર્જન્મ |
| | | **ન, એતિ** | = નથી પામતો, (પણ) |
| **એવમ્** | = એમ | **મામ્** | = મને (જ) |
| **યઃ** | = જે માણસ | **એતિ** | = પામે છે. |

વીતરાગભયક્રોધાઃ, મન્મયાઃ, મામ્, ઉપાશ્રિતાઃ,
બહવઃ, જ્ઞાનતપસા, પૂતાઃ, મદ્ભાવમ્, આગતાઃ ॥ ૧૦॥

અને હે અર્જુન! પહેલાં પણ

| | | | |
|---|---|---|---|
| **વીતરાગ-ભયક્રોધાઃ** | = જેમના રાગ, ભય તથા ક્રોધ સંપૂર્ણપણે નાશ પામી ચુક્યા હતા (તેમજ) | **ઉપાશ્રિતાઃ** | = આશ્રયે રહેનારા |
| | | **બહવઃ** | = ઘણાય ભક્તો (આ પહેલાં પણ ઉપર કહેલા) |
| **મન્મયાઃ** | = જેઓ મારામાં અનન્ય પ્રેમભાવે સ્થિત રહેતા હતા, (એવા) | **જ્ઞાનતપસા** | = જ્ઞાનરૂપી તપ વડે |
| | | **પૂતાઃ** | = પવિત્ર થઈને |
| | | **મદ્ભાવમ્** | = મારા સ્વરૂપને |
| **મામ્** | = મારે | **આગતાઃ** | = પામી ચુક્યા છે. |

યે, યથા, મામ્, પ્રપદ્યન્તે, તાન્, તથા, એવ, ભજામિ, અહમ્
મમ, વર્ત્મ, અનુવર્તન્તે, મનુષ્યાઃ, પાર્થ, સર્વશઃ ॥૧૧॥

કારણ કે -

| | | | |
|---|---|---|---|
| **પાર્થ** | = હે પાર્થ! | **તથા એવ** | = એવા જ ભાવથી |
| **યે** | = જે ભક્તો | **ભજામિ** | = ભજું છું; (કેમકે) |
| **મામ્** | = મને | **મનુષ્યાઃ** | = સૌ મનુષ્યો |
| **યથા** | = જેવા ભાવથી | **સર્વશઃ** | = સર્વ રીતે |
| **પ્રપદ્યન્તે** | = ભજે છે, | **મમ** | = મારા (જ) |
| **અહમ્** | = હું (પણ) | **વર્ત્મ** | = માર્ગને |
| **તાન્** | = તેમને | **અનુવર્તન્તે** | = અનુસરે છે. |

કાઙ્ક્ષન્તઃ, કર્મણામ્, સિદ્ધિમ્, યજન્તે, ઇહ, દેવતાઃ,
ક્ષિપ્રમ્, હિ, માનુષે, લોકે, સિદ્ધિઃ, ભવતિ, કર્મજા ॥૧૨॥

જે મને તત્ત્વથી નથી જાણતા તે

| | | | |
|---|---|---|---|
| **ઇહ** | = આ | **યજન્તે** | = પૂજન કરતા રહે છે; |
| **માનુષે, લોકે** | = મનુષ્યલોકમાં | **હિ** | = કેમકે (એમને) |
| **કર્મણામ્** | = કર્મોના | **કર્મજા** | = કર્મોથી ઉત્પન્ન થનારી |
| **સિદ્ધિમ્** | = ફળને | **સિદ્ધિઃ** | = સિદ્ધિ |
| **કાઙ્ક્ષન્તઃ** | = ઇચ્છનારા (માણસો) | **ક્ષિપ્રમ્** | = સત્વરે |
| **દેવતાઃ** | = દેવતાઓનું | **ભવતિ** | = મળી જાય છે. |

ચાતુર્વર્ણ્યમ્, મયા, સૃષ્ટમ્, ગુણકર્મવિભાગશઃ,
તસ્ય, કર્તારમ્, અપિ, મામ્, વિદ્ધિ, અકર્તારમ્, અવ્યયમ્ ॥૧૩॥

| | | | |
|---|---|---|---|
| **ચાતુર્વર્ણ્યમ્** | = બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર – આ ચાર વર્ણોનો સમૂહ | **કર્તારમ્** | = કર્તા હોવા છતાં |
| **ગુણકર્મ-વિભાગશઃ** | = ગુણ અને કર્મોના વિભાગ પ્રમાણે | **અપિ** | = પણ |
| **મયા** | = મારા દ્વારા | **મામ્** | = મુજ |
| **સૃષ્ટમ્** | = સર્જાયેલો છે; (આ પ્રમાણે) | **અવ્યયમ્** | = અવિનાશી પરમેશ્વરને (તું વાસ્તવમાં) |
| **તસ્ય** | = એ (સૃષ્ટિરચના વગેરે કર્મ)નો | **અકર્તારમ્** | = અકર્તા (જ) |
| | | **વિદ્ધિ** | = જાણ. |

ન, મામ્, કર્માણિ, લિમ્પન્તિ, ન, મે, કર્મફલે, સ્પૃહા,
ઇતિ, મામ્, યઃ, અભિજાનાતિ, કર્મભિઃ, ન, સઃ, બધ્યતે ॥ ૧૪॥

કારણ કે -

| | | | |
|---|---|---|---|
| **કર્મફલે** | = કર્મોનાં ફળમાં | **ઇતિ** | = આ પ્રમાણે |
| **મે** | = મારી | **યઃ** | = જે |
| **સ્પૃહા** | = સ્પૃહા | **મામ્** | = મને |
| **ન** | = નથી, (માટે) | **અભિજાનાતિ** | = તત્ત્વથી જાણી લે છે, |
| **મામ્** | = મને | **સઃ** | = તે (પણ) |
| **કર્માણિ** | = કર્મો | **કર્મભિઃ** | = કર્મોથી |
| **ન, લિમ્પન્તિ** | = લિપ્ત નથી | **ન** | = નથી |
| | કરતાં – | **બધ્યતે** | = બંધાતો. |

એવમ્, જ્ઞાત્વા, કૃતમ્, કર્મ, પૂર્વૈઃ, અપિ, મુમુક્ષુભિઃ,
કુરુ, કર્મ, એવ, તસ્માત્, ત્વમ્, પૂર્વૈઃ, પૂર્વતરમ્, કૃતમ્ ॥ ૧૫॥

અને -

| | | | |
|---|---|---|---|
| **પૂર્વૈઃ** | = પૂર્વકાળના | **ત્વમ્** | = તું (પણ) |
| **મુમુક્ષુભિઃ** | = મુમુક્ષુઓએ | **પૂર્વૈઃ** | = પૂર્વજો વડે |
| **અપિ** | = પણ | **પૂર્વતરમ્, કૃતમ્** | =સદાકાળથી આચરવામાં આવેલાં |
| **એવમ્** | = આ પ્રમાણે | | |
| **જ્ઞાત્વા** | = જાણીને (જ) | | |
| **કર્મ** | = કર્મો | **કર્મ** | = કર્મોને |
| **કૃતમ્** | = કર્યાં છે, | **એવ** | = જ |
| **તસ્માત્** | = માટે | **કુરુ** | = કર |

કિમ્, કર્મ, કિમ્, અકર્મ, ઇતિ, કવયઃ, અપિ, અત્ર, મોહિતાઃ
તત્, તે, કર્મ, પ્રવક્ષ્યામિ, યત્, જ્ઞાત્વા, મોક્ષ્યસે, અશુભાત્ ॥ ૧૬॥

પણ

| | | | |
|---|---|---|---|
| **કર્મ** | = કર્મ | **તત્** | = તે |
| **કિમ્** | = શું છે? (અને) | **કર્મ** | = કર્મતત્ત્વ (હું) |
| **અકર્મ** | = અકર્મ | **તે** | = તને |
| **કિમ્** | = શું છે? – | **પ્રવક્ષ્યામિ** | = સારી રીતે સમજાવીને કહું છું, |
| **ઇતિ** | = એ પ્રમાણે | | |
| **અત્ર** | = એનો નિર્ણય કરવામાં | **યત્** | = જેને |
| **કવયઃ** | = બુદ્ધિશાળી પુરુષો | **જ્ઞાત્વા** | = જાણીને (તું) |
| **અપિ** | = પણ | **અશુભાત્** | = અશુભથી એટલે કે કર્મબંધનમાંથી |
| **મોહિતાઃ** | = મોહિત થઈ જાય છે; (માટે) | **મોક્ષ્યસે** | = મુક્ત થઈ જઈશ. |

કર્મણઃ, હિ, અપિ, બોદ્ધવ્યમ્, બોદ્ધવ્યમ્, ચ, વિકર્મણઃ,
અકર્મણઃ, ચ, બોદ્ધવ્યમ્, ગહના, કર્મણઃ, ગતિઃ ॥ ૧૭॥

**કર્મણઃ** = કર્મનું (સ્વરૂપ)
**અપિ** = પણ
**બોદ્ધવ્યમ્** = જાણવું જોઈએ
**ચ** = અને
**અકર્મણઃ** = અકર્મનું (સ્વરૂપ પણ)
**બોદ્ધવ્યમ્** = જાણવું જોઈએ;
**ચ** = તેમજ
**વિકર્મણઃ** = વિકર્મનું (સ્વરૂપ પણ)
**બોદ્ધવ્યમ્** = જાણવું જોઈએ;
**હિ** = કેમકે
**કર્મણઃ** = કર્મની
**ગતિઃ** = ગતિ
**ગહના** = અતિ ગહન છે.

કર્મણિ, અકર્મ, યઃ, પશ્યેત્, અકર્મણિ, ચ, કર્મ, યઃ,
સઃ, બુદ્ધિમાન્, મનુષ્યેષુ, સઃ, યુક્તઃ, કૃત્સ્નકર્મકૃત્ ॥ ૧૮॥

**યઃ** = જે માણસ
**કર્મણિ** = કર્મમાં
**અકર્મ** = અકર્મ
**પશ્યેત્** = જુએ છે
**ચ** = અને
**યઃ** = જે
**અકર્મણિ** = અકર્મમાં
**કર્મ** = કર્મ (જુએ છે)
**સઃ** = એ માણસ
**મનુષ્યેષુ** = સઘળાં માણસોમાં
**બુદ્ધિમાન્** = બુદ્ધિશાળી છે (તેમજ)
**સઃ** = એ
**યુક્તઃ** = યોગી
**કૃત્સ્નકર્મકૃત્** = સમસ્ત કર્મો કરનારો છે.

યસ્ય, સર્વે, સમારમ્ભાઃ, કામસઙ્કલ્પવર્જિતાઃ,
જ્ઞાનાગ્નિદગ્ધકર્માણમ્, તમ્, આહુઃ, પણ્ડિતમ્, બુધાઃ ॥ ૧૯॥

અને હે અર્જુન !

**યસ્ય** = જેનાં
**સર્વે** = સર્વ
**સમારમ્ભાઃ** = (શાસ્ત્રસંમત) કર્મો
**કામસઙ્કલ્પ-** = કામના કે સંકલ્પ
**વર્જિતાઃ** વગરના થાય છે (તથા)
**જ્ઞાનાગ્નિદગ્ધ-** = જેનાં બધાંય કર્મો
**કર્માણમ્** જ્ઞાનરૂપી અગ્નિ વડે બળી ગયાં છે,
**તમ્** = એ મહાપુરુષને
**બુધાઃ** = જ્ઞાનીજનો (પણ)
**પણ્ડિતમ્** = પંડિત
**આહુઃ** = કહે છે.

ત્યક્ત્વા, કર્મફલાસઙ્ગમ્, નિત્યતૃપ્તઃ, નિરાશ્રયઃ,
કર્મણિ, અભિપ્રવૃત્તઃ, અપિ, ન, એવ, કિંચિત્, કરોતિ, સઃ ॥ ૨૦॥

| | | | |
|---|---|---|---|
| **કર્મફલા-સઙ્ગમ્** | = સર્વ કર્મો પ્રત્યેની તેમજ એમનાં ફળ પ્રત્યેની આસક્તિને | **સઃ** | = તે |
| **ત્યક્ત્વા** | = (બધી રીતે) ત્યાગીને | **કર્મણિ** | = કર્મોમાં |
| **નિરાશ્રયઃ** | = સંસારના આશ્રયથી રહિત થઈ ગયો છે(તથા) | **અભિપ્રવૃત્તઃ** | = સારી રીતે વર્તતો હોવા છતાં |
| **નિત્યતૃપ્તઃ** | = પરમાત્મામાં સદાય તૃપ્ત છે, | **અપિ** | = પણ (વાસ્તવમાં) |
| | | **કિંચિત્** | = કંઈ |
| | | **એવ** | = જ |
| | | **ન** | = નથી |
| | | **કરોતિ** | = કરતો. |

નિરાશીઃ, યતચિત્તાત્મા, ત્યક્તસર્વપરિગ્રહઃ,
શારીરમ્, કેવલમ્, કર્મ, કુર્વન્, ન, આપ્નોતિ, કિલ્બિષમ્ ॥ ૨૧॥

અને -

| | | | |
|---|---|---|---|
| **યતચિત્તાત્મા** | = અંતઃકરણ અને ઇન્દ્રિયો સહિત જેણે શરીર જીત્યું છે (તેમજ) | **નિરાશીઃ** | = જેને કશાયની ખેવના નથી, એવો પુરુષ |
| **ત્યક્ત-સર્વપરિગ્રહઃ** | = સઘળી ભોગોની સામગ્રીનો જેણે પરિત્યાગ કરી દીધો છે (એવો સાંખ્યયોગી) | **કેવલમ્** | = કેવળ |
| | | **શારીરમ્** | = શરીરસંબંધી |
| | | **કર્મ** | = કર્મ |
| | | **કુર્વન્** | = કરતો (હોવા છતાં પણ) |
| | | **કિલ્બિષમ્** | = પાપને |
| | | **ન** | = નથી |
| | | **આપ્નોતિ** | = પામતો. |

યદૃચ્છાલાભસન્તુષ્ટઃ, દ્વન્દ્વાતીતઃ, વિમત્સરઃ,
સમઃ, સિદ્ધૌ, અસિદ્ધૌ, ચ, કૃત્વા, અપિ, ન, નિબધ્યતે ॥ ૨૨॥

અને -

| | | | |
|---|---|---|---|
| **યદૃચ્છા-** | = ઈચ્છા વિના આપમેળે | **સિદ્ધૌ** | = સિદ્ધિ |
| **લાભ-** | મળેલા પદાર્થમાં જે | **ચ** | = તથા |
| **સન્તુષ્ટઃ** | સદાય સંતુષ્ટ રહે છે, | **અસિદ્ધૌ** | = અસિદ્ધિમાં |
| **વિમત્સરઃ** | = ઈર્ષાનો જેનામાં સર્વ રીતે અભાવ થઈ ગયો છે, | **સમઃ** | = સમ રહેનાર કર્મયોગી |
| | | **કૃત્વા** | = (કર્મ) કરતો હોવા છતાં |
| **દ્વન્દ્વાતીતઃ** | = હરખ-શોક વગેરે દ્વંદ્વોથી જે સંપૂર્ણપણે અતીત થઈ ગયો છે – (એવો) | **અપિ** | = પણ |
| | | **ન** | = (કર્મોથી) નથી |
| | | **નિબધ્યતે** | = બંધાતો. |

ગતસઙ્ગસ્ય, મુક્તસ્ય, જ્ઞાનાવસ્થિતચેતસઃ,
યજ્ઞાય, આચરતઃ, કર્મ, સમગ્રમ્, પ્રવિલીયતે ॥ ૨૩॥

| | | | |
|---|---|---|---|
| **ગતસઙ્ગસ્ય** | = જેની આસક્તિ સર્વથા નાશ પામી ચુકી છે, | **ચેતસઃ** | પરમાત્માના જ્ઞાનમાં સ્થિત રહે છે – (એવા કેવળ) |
| **મુક્તસ્ય** | = જે દેહાભિમાન તથા મમત્વ વિનાનો થઈ ચુકયો છે, | **યજ્ઞાય** | = યજ્ઞસંપાદનને અર્થે |
| | | **આચરતઃ** | = (કર્મ) કરનાર મનુષ્યનાં |
| **જ્ઞાનાવસ્થિત-** | = જેનું ચિત્ત નિરંતર | **સમગ્રમ્** | = સમસ્ત |
| | | **કર્મ** | = કર્મો |
| | | **પ્રવિલીયતે** | = પૂર્ણ રીતે વિલીન થઈ જાય છે. |

બ્રહ્મ, અર્પણમ્, બ્રહ્મ, હવિઃ, બ્રહ્માગ્નૌ, બ્રહ્મણા, હુતમ્,
બ્રહ્મ, એવ, તેન, ગન્તવ્યમ્, બ્રહ્મકર્મસમાધિના ॥ ૨૪॥

| | | | |
|---|---|---|---|
| **અર્પણમ્** | = (જે યજ્ઞમાં) અર્પણ એટલે કે સ્રુવા વગેરે (પણ) | **હુતમ્** | = હોમવારૂપી ક્રિયા પણ બ્રહ્મ છે |
| | | **તેન** | = તે |
| **બ્રહ્મ** | = બ્રહ્મ છે (અને) | **બ્રહ્મકર્મ-** | બ્રહ્મ કર્મમાં સ્થિત |
| **હવિઃ** | = હવન કરવા માટેનું દ્રવ્ય (પણ) | **સમાધિના** | = રહેવાવાળા યોગી દ્વારા |
| **બ્રહ્મ** | = બ્રહ્મ છે (તથા) | **ગન્તવ્યમ્** | = મળનારું (ફળ પણ) |
| **બ્રહ્મણા** | = બ્રહ્મરૂપી કર્તા દ્વારા | **બ્રહ્મ** | = બ્રહ્મ |
| **બ્રહ્માગ્નૌ** | = બ્રહ્મરૂપી અગ્નિમાં | **એવ** | = જ છે. |

દૈવમ્, એવ, અપરે, યજ્ઞમ્, યોગિનઃ, પર્યુપાસતે,
બ્રહ્માગ્નૌ, અપરે, યજ્ઞમ્, યજ્ઞેન, એવ, ઉપજુહ્વતિ ॥ ૨૫॥

અને -

| | | | |
|---|---|---|---|
| **અપરે** | = બીજા કેટલાક | **બ્રહ્માગ્નૌ** | = પરબ્રહ્મ પરમાત્મારૂપી અગ્નિમાં |
| **યોગિનઃ** | = યોગીજનો | **યજ્ઞેન** | = (અભેદદર્શનરૂપી) યજ્ઞ દ્વારા |
| **દૈવમ્** | = દેવતાઓની પૂજારૂપી | **એવ** | = જ |
| **યજ્ઞમ્** | = યજ્ઞનું | **યજ્ઞમ્** | = આત્મારૂપી યજ્ઞનો |
| **એવ** | = જ | **ઉપજુહ્વતિ** | = હોમ કર્યા કરે છે |
| **પર્યુપાસતે** | = સારી રીતે અનુષ્ઠાન કર્યા કરે છે (અને) | | |
| **અપરે** | = અન્ય (યોગીજનો) | | |

શ્રોત્રાદીનિ, ઇન્દ્રિયાણિ, અન્યે, સંયમાગ્નિષુ, જુહ્વતિ,
શબ્દાદીન્, વિષયાન્, અન્યે, ઇન્દ્રિયાગ્નિષુ, જુહ્વતિ ॥ ૨૬॥

| | | | |
|---|---|---|---|
| **અન્યે** | = અન્ય કેટલાક (યોગીઓ) | **અન્યે** | = બીજા કેટલાક (યોગીજનો) |
| **શ્રોત્રાદીનિ** | = શ્રોત્ર વગેરે | **શબ્દાદીન્** | = શબ્દ વગેરે |
| **ઇન્દ્રિયાણિ** | = સઘળી ઇન્દ્રિયોને | **વિષયાન્** | = સર્વ વિષયોને |
| **સંયમાગ્નિષુ** | = સંયમરૂપી અગ્નિઓમાં | **ઇન્દ્રિયાગ્નિષુ** | = ઇન્દ્રિયોરૂપી અગ્નિઓમાં |
| **જુહ્વતિ** | = હોમે છે, (તો વળી) | **જુહ્વતિ** | = હોમતા રહે છે. |

સર્વાણિ, ઇન્દ્રિયકર્માણિ, પ્રાણકર્માણિ, ચ, અપરે,
આત્મસંયમયોગાગ્નૌ, જુહ્વતિ, જ્ઞાનદીપિતે ॥ ૨૭॥

| | | | |
|---|---|---|---|
| **અપરે** | = અન્ય (યોગીજનો) | **પ્રાણકર્માણિ** | = પ્રાણોની સમસ્ત ક્રિયાઓને |
| **સર્વાણિ, ઇન્દ્રય-કર્માણિ** | = ઇન્દ્રિયોની સર્વ ક્રિયાઓને | **જ્ઞાનદીપિતે** | = જ્ઞાન વડે પ્રજ્વલિત |
| **ચ** | = તથા | **આત્મસંયમ-યોગાગ્નૌ** | = આત્મસંયમયોગરૂપી અગ્નિમાં |
| | | **જુહ્વતિ** | = હોમી દે છે. |

દ્રવ્યયજ્ઞાઃ, તપોયજ્ઞાઃ, યોગયજ્ઞાઃ, તથા, અપરે,
સ્વાધ્યાયજ્ઞાનયજ્ઞાઃ, ચ, યતયઃ, સંશિતવ્રતાઃ ॥ ૨૮॥

| | |
|---|---|
| **અપરે** | = અન્ય કેટલાક માણસો |
| **દ્રવ્યયજ્ઞાઃ** | = દ્રવ્યસંબંધી યજ્ઞ કરનારા છે, |
| **તપોયજ્ઞાઃ** | = (કેટલાક) તપરૂપી યજ્ઞ કરનારા છે, |
| **તથા** | = તથા (બીજા કેટલાયે) |
| **તપોયજ્ઞાઃ** | = (કેટલાક) તપરૂપી યજ્ઞ કરનારા છે, |
| **ચ** | = અને વળી |
| **સંશિતવ્રતાઃ** | = કેટલાક અહિંસા આદિ તીક્ષ્ણ વ્રતોથી યુક્ત |
| **યતયઃ** | = પ્રયત્નશીલ માણસો |
| | પાળનારા |
| **યતયઃ** | = પ્રયત્નશીલ માણસો |

અપાને, જુહ્વતિ, પ્રાણમ્, પ્રાણે, અપાનમ્, તથા, અપરે,
પ્રાણાપાનગતી, રુદ્ધ્વા, પ્રાણાયામપરાયણાઃ ॥ ૨૯॥
અપરે, નિયતાહારાઃ, પ્રાણાન્, પ્રાણેષુ, જુહ્વતિ,
સર્વે, અપિ, એતે, યજ્ઞવિદઃ, યજ્ઞક્ષપિતકલ્મષાઃ ॥ ૩૦॥

અને -

| | |
|---|---|
| **અપરે** | = બીજા (કેટલાય યોગીજનો) |
| **અપાને** | = અપાનવાયુમાં |
| **પ્રાણમ્** | = પ્રાણવાયુને |
| **જુહ્વતિ** | = હોમે છે, |
| **તથા** | = તેમજ (અન્ય યોગીજનો) |
| **પ્રાણે** | = પ્રાણવાયુમાં |
| **અપાનમ્** | = અપાનવાયુને (હોમે છે, તો) |
| **અપરે** | = અન્ય (કેટલાય) |
| **નિયતાહારાઃ** | = નિયમ પ્રમાણે આહાર કરનારા |
| **પ્રાણાયામ-** | = પ્રાણાયામપરાયણ |
| **પરાયણાઃ** | માણસો |
| **પ્રાણાપાન-** | = પ્રાણ અને |
| **ગતી** | અપાનની ગતિને |
| **રુદ્ધ્વા** | = રોકીને |
| **પ્રાણાન્** | = પ્રાણોને |
| **પ્રાણેષુ** | = પ્રાણોમાં (જ) |
| **જુહ્વતિ** | = હોમે છે; |
| **એતે** | = આ |
| **સર્વે, અપિ** | = સઘળા (સાધકો) |
| **યજ્ઞક્ષપિત-** | = યજ્ઞો દ્વારા પાપોનો |
| **કલ્મષાઃ** | નાશ કરનારા (તેમજ) |
| **યજ્ઞવિદઃ** | = યજ્ઞોને જાણનારા છે. |

યજ્ઞશિષ્ટામૃતભુજઃ, યાન્તિ, બ્રહ્મ, સનાતનમ્,
ન, અયમ્, લોકઃ, અસ્તિ, અયજ્ઞસ્ય, કુતઃ, અન્યઃ, કુરુસત્તમ ॥ ૩૧॥

અને -

**કુરુસત્તમ** = હે કુરુશ્રેષ્ઠ!
**યજ્ઞશિષ્ટા-** = યજ્ઞમાંથી બચેલા
**મૃતભુજઃ** અમૃતનો અનુભવ કરનારા (યોગીજનો)
**સનાતનમ્** = સનાતન
**બ્રહ્મ** = પરબ્રહ્મ પરમાત્માને
**યાન્તિ** = પામે છે, (જ્યારે)
**અયજ્ઞસ્ય** = યજ્ઞ ન કરનાર માણસ માટે (તો)
**અયમ્** = આ
**લોકઃ** = મનુષ્ય-લોક પણ (સુખદાયક)
**ન અસ્તિ** = નથી, (તો)
**અન્યઃ** = પરલોક
**કુતઃ** = ક્યાંથી(સુખદાયક હોય)?

એવમ્, બહુવિધાઃ, યજ્ઞાઃ, વિતતાઃ, બ્રહ્મણઃ, મુખે,
કર્મજાન્, વિદ્ધિ, તાન્, સર્વાન્, એવમ્, જ્ઞાત્વા, વિમોક્ષ્યસે ॥ ૩૨॥

**એવમ્** = આવા (બીજા પણ)
**બહુવિધાઃ** = અનેક જાતના
**યજ્ઞાઃ** = યજ્ઞો
**બ્રહ્મણઃ** = વેદની
**મુખે** = વાણીમાં
**વિતતાઃ** = વિસ્તારથી કહેવાયેલા છે,
**તાન્** = એ
**સર્વાન્** = સર્વેને (તું)
**કર્મજાન્** = મન, ઇન્દ્રિયો અને શરીરની ક્રિયા દ્વારા સંપન્ન થનારા
**વિદ્ધિ** = જાણ;
**એવમ્** = આ પ્રમાણે
**જ્ઞાત્વા** = (તત્ત્વથી) જાણીને (એમના અનુષ્ઠાન દ્વારા તું)
**વિમોક્ષ્યસે** = કર્મબંધનથી પૂર્ણ રીતે છૂટી જઈશ.

શ્રેયાન્, દ્રવ્યમયાત્, યજ્ઞાત્, જ્ઞાનયજ્ઞઃ, પરન્તપ,
સર્વમ્, કર્મ, અખિલમ્, પાર્થ, જ્ઞાને, પરિસમાપ્યતે ॥ ૩૩॥
અને -

**પરન્તપ, પાર્થ** = હે પરંતપ ! અર્જુન
**દ્રવ્યમયાત્** = દ્રવ્યમય
**યજ્ઞાત્** = યજ્ઞની અપેક્ષાએ
**જ્ઞાનયજ્ઞઃ** = જ્ઞાનયજ્ઞ
**શ્રેયાન્** = ઘણો ચઢિયાતો છે (તથા)
**અખિલમ્** = યાવન્માત્ર
**સર્વમ્** = સઘળાં
**કર્મ** = કર્મો
**જ્ઞાને** = જ્ઞાનમાં
**પરિસમાપ્યતે** = સમાપ્તિને પામે છે.

તત્, વિદ્ધિ, પ્રણિપાતેન, પરિપ્રશ્નેન, સેવયા,
ઉપદેક્ષ્યન્તિ, તે, જ્ઞાનમ્, જ્ઞાનિનઃ, તત્ત્વદર્શિનઃ ॥ ૩૪॥

| | | | |
|---|---|---|---|
| **તત્** | = એ જ્ઞાનને (તું તત્ત્વદર્શી જ્ઞાનીજનો પાસે જઈને) | **પરિપ્રશ્નેન** | = કપટ છોડીને સરળ ભાવે પ્રશ્ન પૂછવાથી |
| **વિદ્ધિ** | = જાણી લે; (એમને) | **તે** | = એ |
| **પ્રણિપાતેન** | = યોગ્ય રીતે દંડવત્ પ્રણામ કરવાથી, | **તત્ત્વદર્શિનઃ** | = પરમાત્મતત્ત્વને બરાબર ઓળખનાર |
| **સેવયા** | = (એમની) સેવા કરવાથી (તેમજ) | **જ્ઞાનિનઃ** | = જ્ઞાની મહાત્માજનો (તને એ) |
| | | **જ્ઞાનમ્** | = તત્ત્વજ્ઞાનનો |
| | | **ઉપદેક્ષ્યન્તિ** | = ઉપદેશ આપશે – |

યત્, જ્ઞાત્વા, ન, પુનઃ, મોહમ્, એવમ્, યાસ્યસિ, પાણ્ડવ,
યેન, ભૂતાનિ, અશેષેણ, દ્રક્ષ્યસિ, આત્મનિ, અથો, મયિ ॥ ૩૫॥

કે

| | | | |
|---|---|---|---|
| **યત્** | = જેને | **યેન** | = જે જ્ઞાનથી (તું) |
| **જ્ઞાત્વા** | = જાણ્યા પછી | **ભૂતાનિ** | = સમગ્ર ભૂતોને |
| **પુનઃ** | = ફરીથી (તું) | **અશેષેણ** | = નિઃશેષભાવે (પહેલાં) |
| **એવમ્** | = આ રીતે | **આત્મનિ** | = પોતાનામાં (અને) |
| **મોહમ્** | = મોહને | **અથો** | = પછી |
| **ન** | = નહીં | **મયિ** | = મુજ સચ્ચિદાનંદઘન પરમાત્મામાં |
| **યાસ્યસિ** | = પામે, (તેમજ) | | |
| **પાણ્ડવ** | = હે પાંડુપુત્ર! | **દ્રક્ષ્યસિ** | = જોઈશ. |

અપિ, ચેત્, અસિ, પાપેભ્યઃ, સર્વેભ્યઃ, પાપકૃત્તમઃ,
સર્વમ્, જ્ઞાનપ્લવેન, એવ, વૃજિનમ્, સન્તરિષ્યસિ ॥ ૩૬॥

| | | | |
|---|---|---|---|
| **ચેત્** | = જો (તું બીજા) | **જ્ઞાનપ્લવેન** | = જ્ઞાનરૂપી નાવડા દ્વારા |
| **સર્વેભ્યઃ** | = સમસ્ત | **એવ** | = નિઃસંદેહ |
| **પાપેભ્યઃ** | = પાપીઓ કરતાં | **સર્વમ્** | = આખા |
| **અપિ** | = પણ | **વૃજિનમ્** | = પાપ-સાગરને |
| **પાપકૃત્તમઃ** | = વધારે પાપ કરનાર | **સન્તરિષ્યસિ** | = સારી રીતે પાર કરી જઈશ. |
| **અસિ** | = હોય, (તો પણ તું) | | |

યથા, એધાંસિ, સમિદ્ધઃ, અગ્નિઃ, ભસ્મસાત્, કુરુતે, અર્જુન,
જ્ઞાનાગ્નિઃ, સર્વકર્માણિ, ભસ્મસાત્, કુરુતે, તથા ॥ ૩૭॥

કારણ કે -

| | | | |
|---|---|---|---|
| **અર્જુન** | = હે અર્જુન! | **કુરુતે** | = કરી નાખે છે, |
| **યથા** | = જે રીતે | **તથા** | = તે જ રીતે |
| **સમિદ્ધઃ** | = ભડભડતો | **જ્ઞાનાગ્નિઃ** | = જ્ઞાનરૂપી અગ્નિ |
| **અગ્નિઃ** | = અગ્નિ | **સર્વકર્માણિ** | = સમગ્ર કર્મોને |
| **એધાંસિ** | = ઘણાંબધાં ઇંધણોને | **ભસ્મસાત્** | = ભસ્મીભૂત |
| **ભસ્મસાત્** | = ભસ્મીભૂત | **કુરુતે** | = કરી નાખે છે. |

ન, હિ, જ્ઞાનેન, સદૃશમ્, પવિત્રમ્, ઇહ, વિદ્યતે,
તત્, સ્વયમ્, યોગસંસિદ્ધઃ, કાલેન, આત્મનિ, વિન્દતિ ॥ ૩૮॥

માટે

| | | | |
|---|---|---|---|
| **ઇહ** | = આ સંસારમાં | **કાલેન** | = ઘણા સમયથી |
| **જ્ઞાનેન** | = જ્ઞાનના | **યોગસંસિદ્ધઃ** | = કર્મયોગના આચરણ દ્વારા શુદ્ધાન્તઃકરણ થયેલો માણસ |
| **સદૃશમ્** | = જેવું | | |
| **પવિત્રમ્** | = પવિત્ર કરનારું | | |
| **હિ** | = નિઃસંદેહ (બીજું કશું જ) | **સ્વયમ્** | = આપમેળે (જ) |
| **ન વિદ્યતે** | = નથી; | **આત્મનિ** | = આત્મામાં |
| **તત્** | = એ જ્ઞાનને | **વિન્દતિ** | = પામે છે. |

શ્રદ્ધાવાન્, લભતે, જ્ઞાનમ્, તત્પરઃ, સંયતેન્દ્રિયઃ,
જ્ઞાનમ્, લબ્ધ્વા, પરામ્, શાન્તિમ્, અચિરેણ, અધિગચ્છતિ ॥ ૩૯॥

અને હે અર્જુન! -

| | | | |
|---|---|---|---|
| **સંયતેન્દ્રિયઃ** | = જિતેન્દ્રિય, | **અચિરેણ** | = વિના વિલંબે – તત્કાળ જ (ભગવત્પ્રાપ્તિરૂપી) |
| **તત્પરઃ** | = સાધનપરાયણ (અને) | | |
| **શ્રદ્ધાવાન્** | = શ્રદ્ધાવાન માણસ | | |
| **જ્ઞાનમ્** | = જ્ઞાનને | **પરામ્** | = પરમ |
| **લભતે** | = પામી જાય છે (અને) | **શાન્તિમ્** | = શાન્તિને |
| **જ્ઞાનમ્** | = જ્ઞાનને | **અધિગચ્છતિ** | = પ્રાપ્ત થઈ જાય છે. |
| **લબ્ધ્વા** | = પામીને (એ) | | |

અજ્ઞઃ, ચ, અશ્રદ્દધાનઃ, ચ, સંશયાત્મા, વિનશ્યતિ,
ન, અયમ્, લોકઃ, અસ્તિ, ન, પરઃ, ન, સુખમ્, સંશયાત્મનઃ ॥ ૪૦॥

અને હે અર્જુન!

| | | | |
|---|---|---|---|
| **અજ્ઞઃ** | = વિવેકહીન, | **ન** | = ન |
| **ચ** | = તેમજ | **અયમ્** | = આ |
| **અશ્રદ્દધાનઃ** | = અશ્રદ્ધાળુ | **લોકઃ** | = લોક |
| **સંશયાત્મા** | = સંશયગ્રસ્ત માણસ | **અસ્તિ** | = છે, |
| **વિનશ્યતિ** | = પરમાર્થથી નિશ્ચિતપણે ભ્રષ્ટ થઈ જાય છે; (આવા) | **ન** | = ન (તો) |
| | | **પરઃ** | = પરલોક (છે) |
| | | **ચ** | = અને |
| **સંશયાત્મનઃ** | = સંશયગ્રસ્ત મનુષ્ય માટે | **ન** | = ન |
| | | **સુખમ્** | = સુખ (પણ છે) |

યોગસન્ન્યસ્તકર્માણમ્, જ્ઞાનસઞ્છિન્નસંશયમ્,
આત્મવન્તમ્, ન, કર્માણિ, નિબધ્નન્તિ, ધનઞ્જય ॥ ૪૧॥

અને -

| | | | |
|---|---|---|---|
| **ધનઞ્જય** | = હે ધનંજય! | **આત્મવન્તમ્** | = વશ કરેલ અન્તઃ-કરણવાળા પુરુષને |
| **યોગ-સન્ન્યસ્ત-કર્માણમ્** | = જેણે કર્મયોગના આચરણ દ્વારા સમગ્ર કર્મો પરમાત્માને અર્પી દીધાં છે (તથા) | **કર્માણિ** | = કર્મો |
| | | **ન** | = નથી |
| **જ્ઞાનસઞ્છિન્ન-સંશયમ્** | = જેણે વિવેક વડે સકળ સંશયોનો નાશ કરી દીધો છે, (એવા) | **નિબધ્નન્તિ** | = બાંધતાં. |

તસ્માત્, અજ્ઞાનસમ્ભૂતમ્, હૃત્સ્થમ્, જ્ઞાનાસિના, આત્મનઃ,
છિત્ત્વા, એનમ્, સંશયમ્, યોગમ્, આતિષ્ઠ, ઉત્તિષ્ઠ, ભારત ॥ ૪૨॥

| | | | |
|---|---|---|---|
| **તસ્માત્** | = માટે | **જ્ઞાનાસિના** | = વિવેકજ્ઞાનરૂપી તલવાર વડે |
| **ભારત** | = હે ભરતવંશી! (તું) | | |
| **હૃત્સ્થમ્** | = હૃદયમાં રહેલા | **છિત્ત્વા** | = છેદીને |
| **એનમ્** | = આ | **યોગમ્** | = સમત્વરૂપ કર્મયોગમાં |
| **અજ્ઞાન-સમ્ભૂતમ્** | = અજ્ઞાનજનિત | | |
| | | **આતિષ્ઠ** | = સ્થિત થઈ જા (અને યુદ્ધ માટે) |
| **આત્મનઃ** | = પોતાના | | |
| **સંશયમ્** | = સંશયને | **ઉત્તિષ્ઠ** | = ઊભો થઈ જા. |

**શ્રીમદ ભગવત ગીતા અધ્યાય-૫ના કેટલાક શ્લોકોની ફોટોકોપીઃ-**

# પાંચમો અધ્યાય

સન્ન્યાસમ્, કર્મણામ્, કૃષ્ણ, પુનઃ, યોગમ્, ચ, શંસસિ,
યત્, શ્રેયઃ, એતયોઃ, એકમ્, તત્, મે, બ્રૂહિ, સુનિશ્ચિતમ્ ॥ ૧॥

**પછી અર્જુન બોલ્યા :**

| | | | |
|---|---|---|---|
| **કૃષ્ણ** | = હે કૃષ્ણ! (તમે એક બાજુ) | **યત્** | = જે |
| **કર્મણામ્** | = કર્મોના | **એકમ્** | = એક |
| **સંન્યાસમ્** | = સંન્યાસની | **મે** | = મારા માટે |
| **ચ** | = અને | **સુનિશ્ચિતમ્** | = ચોક્કસપણે |
| **પુનઃ** | = વળી (બીજી બાજુ) | **શ્રેયઃ** | = કલ્યાણકારી સાધન (હોય), |
| **યોગમ્** | = કર્મયોગની | **તત્** | = તે |
| **શંસસિ** | = પ્રશંસા કરો છો; (તો) | **બ્રૂહિ** | = કહો. |
| **એતયોઃ** | = આ બન્નેમાંથી | | |

સન્ન્યાસઃ, કર્મયોગઃ, ચ, નિઃશ્રેયસકરૌ, ઉભૌ,
તયોઃ, તુ, કર્મસન્ન્યાસાત્, કર્મયોગઃ, વિશિષ્યતે ॥ ૨॥

આ રીતે અર્જુને પૂછવાથી શ્રીભગવાન બોલ્યા, હે અર્જુન!

| | | | |
|---|---|---|---|
| **સન્ન્યાસઃ** | = કર્મસંન્યાસ | **તુ** | = પરંતુ |
| **ચ** | = અને | **તયોઃ** | = એ બંનેમાં (પણ) |
| **કર્મયોગઃ** | = કર્મયોગ – (આ) | **કર્મસન્ન્યાસાત્** | = કર્મસંન્યાસ કરતાં |
| **ઉભૌ** | = બેય | **કર્મયોગઃ** | = કર્મયોગ (સાધનમાં સુગમ હોવાથી) |
| **નિઃશ્રેયસકરૌ** | = પરમ કલ્યાણ કરનારા છે; | **વિશિષ્યતે** | = શ્રેષ્ઠ છે. |

જ્ઞેયઃ, સઃ, નિત્યસન્ન્યાસી, યઃ, ન, દ્વેષ્ટિ, ન, કાઙ્ક્ષતિ,
નિર્દ્વન્દ્વઃ, હિ, મહાબાહો, સુખમ્, બન્ધાત્, પ્રમુચ્યતે ॥ ૩॥

માટે -

| | | | |
|---|---|---|---|
| **મહાબાહો** | = હે મહાબાહો! | **દ્વેષ્ટિ** | = દ્વેષ કરે છે (અને) |
| **યઃ** | = જે માણસ | **ન** | = ન (તો કોઈનીય) |
| **ન** | = ન કોઈનોય | **કાઙ્ક્ષતિ** | = આકાંક્ષા કરે છે, |

| | | | |
|---|---|---|---|
| **સઃ** | = તે કર્મયોગી | **નિર્દ્વન્દ્વઃ** | = રાગ-દ્વેષ વગેરે દ્વંદ્વો વિનાનો (માણસ) |
| **નિત્યસન્ન્યાસી** | = સદા સંન્યાસી (જ) | **સુખમ્** | = સુખપૂર્વક |
| **જ્ઞેયઃ** | = સમજવા યોગ્ય છે; | **બન્ધાત્** | = સંસારના બંધનમાંથી |
| **હિ** | = કેમકે | **પ્રમુચ્યતે** | = મુક્ત થઈ જાય છે. |

સાઙ્ખ્યયોગૌ, પૃથક્, બાલાઃ, પ્રવદન્તિ, ન, પણ્ડિતાઃ,
એકમ્, અપિ, આસ્થિતઃ, સમ્યક્, ઉભયોઃ, વિન્દતે, ફલમ્ ॥ ૪॥

અને હે અર્જુન!

| | | | |
|---|---|---|---|
| **સાઙ્ખ્યયોગૌ** | = સંન્યાસ અને કર્મયોગને | (હિ) | = કેમકે (બન્નેમાંથી) ઉપર કહેલ - |
| **બાલાઃ** | = બાળકબુદ્ધિનાં માણસો | **એકમ્** | = એકમાં |
| **પૃથક્** | = અલગ-અલગ (ફળ આપનાર) | **અપિ** | = પણ |
| **પ્રવદન્તિ** | = કહે છે, | **સમ્યક્-આસ્થિતઃ** | = સમ્યક્ રીતે સ્થિત (માણસ) |
| **ન પણ્ડિતાઃ** | = ડાહ્યાં માણસો નહીં, | **ઉભયોઃ** | = બેયના |
| | | **ફલમ્** | = ફળ (રૂપ પરમાત્મા)ને |
| | | **વિન્દતે** | = પામે છે. |

યત્, સાઙ્ખ્યૈઃ, પ્રાપ્યતે, સ્થાનમ્, તત્, યોગૈઃ, અપિ, ગમ્યતે,
એકમ્, સાઙ્ખ્યમ્, ચ, યોગમ્, ચ, યઃ, પશ્યતિ, સઃ, પશ્યતિ ॥ ૫॥

અને

| | | | |
|---|---|---|---|
| **સાઙ્ખ્યૈઃ** | = જ્ઞાનયોગીઓ વડે | **યઃ** | = જે માણસ |
| **યત્** | = જે | **સાઙ્ખ્યમ્** | = જ્ઞાનયોગ |
| **સ્થાનમ્** | = પરમ ધામ | **ચ** | = અને |
| **પ્રાપ્યતે** | = પ્રાપ્ત કરાય છે, | **યોગમ્** | = કર્મયોગને (ફળરૂપે) |
| **યોગૈઃ** | = કર્મયોગીઓ વડે | **એકમ્** | = એક |
| **અપિ** | = પણ | **પશ્યતિ** | = જુએ છે |
| **તત્** | = એ (જ) | **સઃ, ચ** | = તે જ (યથાર્થ) |
| **ગમ્યતે** | = પ્રાપ્ત કરવામાં આવે છે; (આથી) | **પશ્યતિ** | = જુએ છે. |

સન્ન્યાસઃ, તુ, મહાબાહો, દુઃખમ્, આપ્તુમ્, અયોગતઃ,
યોગયુક્તઃ, મુનિઃ, બ્રહ્મ, નચિરેણ, અધિગચ્છતિ ॥ ૬॥

| | | | |
|---|---|---|---|
| **તુ** | = તેમ છતાં પણ | **આપ્તુમ્** | = પ્રાપ્ત થવો |
| **મહાબાહો** | = હે મહાબાહો! | **દુઃખમ્** | = મુશ્કેલ છે; (જ્યારે) |
| **અયોગતઃ** | = કર્મયોગ વિના | **મુનિઃ** | = ભગવત્સ્વરૂપનું મનન કરનાર |
| **સન્ન્યાસઃ** | = સંન્યાસ (મન, ઇન્દ્રિય અને શરીર દ્વારા થતાં સમસ્ત કર્મોમાં કર્તાપણાના ભાવનો ત્યાગ) | **યોગયુક્તઃ** | = કર્મયોગી |
| | | **બ્રહ્મ** | = પરબ્રહ્મ પરમાત્માને |
| | | **નચિરેણ** | = વિના વિલંબે |
| | | **અધિગચ્છતિ** | = પામી જાય છે. |

યોગયુક્તઃ, વિશુદ્ધાત્મા, વિજિતાત્મા, જિતેન્દ્રિયઃ,
સર્વભૂતાત્મભૂતાત્મા, કુર્વન્, અપિ, ન, લિપ્યતે ॥ ૭॥

અને -

| | | | |
|---|---|---|---|
| **વિજિતાત્મા** | = જેનું મન પોતાને વશ છે, | **યોગયુક્તઃ** | = કર્મયોગી |
| **જિતેન્દ્રિયઃ** | = જે જિતેન્દ્રિય છે, | **કુર્વન્** | = (કર્મ) કરતો હોવા છતાં |
| **વિશુદ્ધાત્મા** | = જેનું અંતઃકરણ વિશુદ્ધ છે (તથા) | **અપિ** | = પણ (તેનાથી) |
| **સર્વભૂતાત્મ-ભૂતાત્મા** | = સઘળાં પ્રાણીઓના આત્માસ્વરૂપ પરમાત્મા જ જેનો આત્મા છે, (એવો) | **ન લિપ્યતે** | = લેપાતો નથી. |

ન, એવ, કિઞ્ચિત્, કરોમિ, ઇતિ, યુક્તઃ, મન્યેત, તત્ત્વવિત્,
પશ્યન્, શૃણ્વન્, સ્પૃશન્, જિઘ્રન્, અશ્નન્, ગચ્છન્, સ્વપન્,
શ્વસન્, પ્રલપન્, વિસૃજન્, ગૃહ્ણન્, ઉન્મિષન્, નિમિષન્, અપિ,
ઇન્દ્રિયાણિ, ઇન્દ્રિયાર્થેષુ, વર્તન્તે, ઇતિ, ધારયન્ ॥ ૮-૯॥

અને હે અર્જુન :-

| | | | |
|---|---|---|---|
| **તત્ત્વવિત્** | = તત્ત્વને જાણનારો | **નિમિષન્** | = મીંચતો હોવા છતાં |
| **યુક્તઃ** | = સાંખ્યયોગી (તો) | **અપિ** | = પણ, |
| **પશ્યન્** | = જોતો, | **ઈન્દ્રિયાણિ** | = 'સર્વ ઇન્દ્રિયો |
| **શૃણ્વન્** | = સાંભળતો, | **ઈન્દ્રિયાર્થેષુ** | = પોતપોતાના અર્થોમાં એટલે કે વિષયોમાં |
| **સ્પૃશન્** | = સ્પર્શ કરતો, | **વર્તન્તે** | = વર્તી રહી છે' |
| **જિઘ્રન્** | = સૂંઘતો, | **ઈતિ** | = એમ |
| **અશ્નન્** | = જમતો, | **ધારયન્** | = સમજીને |
| **ગચ્છન્** | = ચાલતો, | **એવ** | = નિઃશંકપણે |
| **સ્વપન્** | = ઊંઘતો, | **ઈતિ** | = એમ |
| **શ્વસન્** | = શ્વાસ લેતો, | **મન્યેત** | = માને (કે હું) |
| **પ્રલપન્** | = બોલતો, | **કિઞ્ચિત્** | = કશું જ |
| **વિસૃજન્** | = ત્યાગતો, | **ન** | = નથી |
| **ગૃહ્ણન્** | = ગ્રહણ કરતો, (તેમજ) | **કરોમિ** | = કરી રહ્યો. |
| **ઉન્મિષન્** | = આંખો ઉઘાડતો (કે) | | |

બ્રહ્મણિ, આધાય, કર્માણિ, સઙ્ગમ્, ત્યક્ત્વા, કરોતિ, યઃ,
લિપ્યતે, ન, સઃ, પાપેન, પદ્મપત્રમ્, ઈવ, અમ્ભસા ॥ ૧૦॥

| | | | |
|---|---|---|---|
| **યઃ** | = જે માણસ | **સઃ** | = એ માણસ |
| **કર્માણિ** | = બધાં કર્મોને | **અમ્ભસા** | = જળથી |
| **બ્રહ્મણિ** | = પરમાત્મામાં | **પદ્મપત્રમ્** | = કમળના પાંદડાની |
| **આધાય** | = અર્પીને (તેમજ) | **ઈવ** | = પેઠે |
| **સઙ્ગમ્** | = આસક્તિને | **પાપેન** | = પાપથી |
| **ત્યક્ત્વા** | = છોડીને | **ન, લિપ્યતે** | = લેપાતો નથી. |
| **કરોતિ** | = (કર્મ) કરે છે, | | |

કાયેન, મનસા, બુદ્ધ્યા, કેવલૈઃ, ઈન્દ્રિયૈઃ, અપિ,
યોગિનઃ, કર્મ, કુર્વન્તિ, સઙ્ગમ્, ત્યક્ત્વા, આત્મશુદ્ધયે ॥ ૧૧॥

આથી -

| | | | |
|---|---|---|---|
| **યોગિનઃ** | = કર્મયોગીઓ | **અપિ** | = પણ |
| **કેવલૈઃ** | = (મમત્વભાવ રાખ્યા વિનાનાં) કેવળ | **સઙ્ગમ્** | = આસક્તિ |
| | | **ત્યક્ત્વા** | = ત્યજીને |
| **ઈન્દ્રિયૈઃ** | = ઈન્દ્રિય, | **આત્મશુદ્ધયે** | = અન્તઃકરણની શુદ્ધિ માટે |
| **મનસા** | = મન, | | |
| **બુદ્ધ્યા** | = બુદ્ધિ (તેમજ) | **કર્મ** | = કર્મ |
| **કાયેન** | = શરીર દ્વારા (થનારી સઘળી ક્રિયાઓમાં) | **કુર્વન્તિ** | = કરે છે. |

યુક્તઃ, કર્મફલમ્, ત્યક્ત્વા, શાન્તિમ્, આપ્નોતિ, નૈષ્ઠિકીમ્,
અયુક્તઃ, કામકારેણ, ફલે, સક્તઃ, નિબધ્યતે ॥ ૧૨॥

આથી જ -

| | | | |
|---|---|---|---|
| **યુક્તઃ** | = કર્મયોગી | **અયુક્તઃ** | = સકામ માણસ |
| **કર્મફલમ્** | = કર્મોના ફળને | **કામકારેણ** | = કામનાની પ્રેરણાથી |
| **ત્યક્ત્વા** | = ત્યજીને | **ફલે** | = ફળમાં |
| **નૈષ્ઠિકીમ્** | = ભગવત્પ્રાપ્તિસ્વરૂપ | **સક્તઃ** | = આસક્ત થઈને |
| **શાન્તિમ્** | = શાંતિ | **નિબધ્યતે** | = બંધાય છે. |
| **આપ્નોતિ** | = પ્રાપ્ત કરે છે, (જ્યારે) | | |

સર્વકર્માણિ, મનસા, સન્ન્યસ્ય, આસ્તે, સુખમ્, વશી,
નવદ્વારે, પુરે, દેહી, ન, એવ, કુર્વન્, ન, કારયન્ ॥ ૧૩॥

અને હે અર્જુન!

| | | | |
|---|---|---|---|
| **વશી** | = અન્તઃકરણ જેના વશમાં છે, એવો સાંખ્યયોગનું આચરણ કરનાર | **નવદ્વારે** | = નવ દ્વારોના |
| | | **પુરે** | = શરીરરૂપી ઘરમાં |
| | | **સર્વકર્માણિ** | = સઘળાંય કર્મોને |
| **દેહી** | = મનુષ્ય (કશું) | **મનસા** | = મનથી |
| **ન** | = ન | **સન્ન્યસ્ય** | = ત્યજીને |
| **કુર્વન્** | = કરતો (કે) | **સુખમ્** | = આનંદપૂર્વક (સચ્ચિદાનંદઘન પરમાત્માના સ્વરૂપમાં) |
| **ન** | = ન | | |
| **કારયન્** | = કરાવતો રહીને | | |
| **એવ** | = જ | **આસ્તે** | = સ્થિત રહે છે. |

ન, કર્તૃત્વમ્, ન, કર્માણિ, લોકસ્ય, સૃજતિ, પ્રભુઃ,
ન, કર્મફલસંયોગમ્, સ્વભાવઃ, તુ, પ્રવર્તતે ॥ ૧૪॥

અને

| | | | |
|---|---|---|---|
| **પ્રભુઃ** | = પરમેશ્વર | **સંયોગમ્** | સંયોગને |
| **લોકસ્ય** | = માણસોના | **સૃજતિ** | = સર્જે છે; |
| **ન** | = ન (તો) | **તુ** | = પણ |
| **કર્તૃત્વમ્** | = કર્તાપણાને, | **સ્વભાવઃ** | = સ્વભાવ અર્થાત્ ત્રિગુણમયી પ્રકૃતિ (જ) |
| **ન** | = ન | | |
| **કર્માણિ** | = કર્મોને (કે) | | |
| **ન** | = ન (તો) | **પ્રવર્તતે** | = પ્રવર્તે છે. |
| **કર્મફલ-** | = કર્મફળના | | |

ન, આદત્તે, કસ્યચિત્, પાપમ્, ન, ચ, એવ, સુકૃતમ્, વિભુઃ,
અજ્ઞાનેન, આવૃતમ્, જ્ઞાનમ્, તેન, મુહ્યન્તિ, જન્તવઃ ॥૧૫॥

| | | | |
|---|---|---|---|
| **વિભુઃ** | = સર્વવ્યાપી પરમેશ્વર | **આદત્તે** | = ગ્રહણ કરે છે |
| **ન** | = ન (તો) | **અજ્ઞાનેન** | = અજ્ઞાન વડે |
| **કસ્યચિત્** | = કોઈના | **જ્ઞાનમ્** | = જ્ઞાન |
| **પાપમ્** | = પાપકર્મને | **આવૃતમ્** | = ઢંકાયેલું છે, |
| **ચ** | = અને | **તેન** | = એનાથી (જ) |
| **ન** | = ન (કોઈના) | **જન્તવઃ** | = બધાં અજ્ઞાની માણસો |
| **સુકૃતમ્, એવ** | = શુભકર્મને પણ; | **મુહ્યન્તિ** | = મોહ પામે છે. |

જ્ઞાનેન, તુ, તત્, અજ્ઞાનમ્, યેષામ્, નાશિતમ્, આત્મનઃ,
તેષામ્, આદિત્યવત્, જ્ઞાનમ્, પ્રકાશયતિ, તત્પરમ્ ॥૧૬॥

| | | | |
|---|---|---|---|
| **તુ** | = પણ | **તેષામ્** | = એમનું |
| **યેષામ્** | = જેમનું | **જ્ઞાનમ્** | = (એ) જ્ઞાન |
| **તત્** | = એ | **આદિત્યવત્** | = સૂર્યની જેમ |
| **અજ્ઞાનમ્** | = અજ્ઞાન | **તત્પરમ્** | = એ સચ્ચિદાનંદઘન પરમાત્માને |
| **આત્મનઃ** | = પરમાત્માના | **પ્રકાશયતિ** | = પ્રકાશિત કરી દે છે. |
| **જ્ઞાનેન** | = તત્ત્વજ્ઞાન વડે | | |
| **નાશિતમ્** | = નષ્ટ કરી નાખવામાં આવ્યું છે, | | |

તદ્બુદ્ધયઃ, તદાત્માનઃ, તન્નિષ્ઠાઃ, તત્પરાયણાઃ,
ગચ્છન્તિ, અપુનરાવૃત્તિમ્, જ્ઞાનનિર્ધૂતકલ્મષાઃ ॥૧૭॥

અને હે અર્જુન!

| | | | |
|---|---|---|---|
| **તદાત્માનઃ** | = (પરમાત્મામાં) જેમનું મન તદ્રૂપ થઈ રહ્યું છે, | **તત્પરાયણાઃ** | = તત્પરાયણ મનુષ્યો |
| **તદ્બુદ્ધયઃ** | = (પરમાત્મામાં) જેમની બુદ્ધિ તદ્રૂપ થઈ રહી છે (અને) | **જ્ઞાનનિર્ધૂત-કલ્મષાઃ** | = જ્ઞાન દ્વારા પાપરહિત થઈને |
| **તન્નિષ્ઠાઃ** | = સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જ જેમની નિરંતર એકાત્મભાવે સ્થિતિ છે, (એવા) | **અપુનરા-વૃત્તિમ્** | = અપુનરાવૃત્તિને એટલે કે પરમગતિને |
| | | **ગચ્છન્તિ** | = પામે છે |

વિદ્યાવિનયસમ્પન્ને, બ્રાહ્મણે, ગવિ, હસ્તિનિ,
શૂનિ, ચ, એવ, શ્વપાકે, ચ, પણ્ડિતાઃ, સમદર્શિનઃ ॥ ૧૮॥

| | | | |
|---|---|---|---|
| **પણ્ડિતાઃ** | = જ્ઞાનીજનો | **હસ્તિનિ** | = હાથી, |
| **વિદ્યાવિનય-સમ્પન્ને** | = વિદ્યા અને વિનયશીલ | **શુનિ** | = કૂતરા |
| **બ્રાહ્મણે** | = બ્રાહ્મણમાં | **ચ** | = અને |
| **ચ** | = તથા | **શ્વપાકે** | = ચાંડાળમાંયે |
| **ગવિ** | = ગાય, | **સમદર્શિનઃ** | = સમાન દૃષ્ટિવાળા |
| | | **એવ** | = જ (હોય છે). |

ઈહ, એવ, તૈઃ, જિતઃ, સર્ગઃ, યેષામ્, સામ્યે, સ્થિતમ્, મનઃ,
નિર્દોષમ્, હિ, સમમ્, બ્રહ્મ, તસ્માત્, બ્રહ્મણિ, તે, સ્થિતાઃ ॥ ૧૯॥

આથી

| | | | |
|---|---|---|---|
| **યેષામ્** | = જેમનું | **બ્રહ્મ** | = સચ્ચિદાનંદઘન પરમાત્મા |
| **મનઃ** | = મન | **નિર્દોષમ્** | = નિર્દોષ (અને) |
| **સામ્યે** | = સમભાવમાં | **સમમ્** | = સમ છે, |
| **સ્થિતમ્** | = સ્થિત છે, | **તસ્માત્** | = માટે |
| **તૈઃ** | = તેમના દ્વારા | **તે** | = તેઓ |
| **ઈહ** | = આ જીવંત અવસ્થામાં | **બ્રહ્મણિ** | = સચ્ચિદાનંદઘન પરમાત્મામાં (જ) |
| **એવ** | = જ | **સ્થિતાઃ** | = સ્થિત છે. |
| **સર્ગઃ** | = સકળ સંસાર | | |
| **જિતઃ** | = જીતી લીધો છે; | | |
| **હિ** | = કેમકે | | |

ન, પ્રહૃષ્યેત્, , પ્રિયમ્, પ્રાપ્ય, ન, ઉદ્વિજેત્, પ્રાપ્ય, ચ, અપ્રિયમ્,
સ્થિરબુદ્ધિઃ, અસમ્મૂઢઃ, બ્રહ્મવિત્, બ્રહ્મણિ, સ્થિતઃ ॥ ૨૦॥

અને જે પુરુષ

| | | | |
|---|---|---|---|
| **પ્રિયમ્** | = પ્રિયને | **સ્થિરબુદ્ધિઃ** | = સ્થિરબુદ્ધિનો (અને) |
| **પ્રાપ્ય** | = પામીને | **અસમ્મૂઢઃ** | = સંશય વિનાનો |
| **ન પ્રહૃષ્યેત્** | = હરખાય નહીં | **બ્રહ્મવિત્** | = બ્રહ્મવેત્તા મનુષ્ય |
| **ચ** | = તેમજ | **બ્રહ્મણિ** | = સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્મામાં |
| **અપ્રિયમ્** | = અપ્રિયને | **સ્થિતઃ** | = એકાત્મભાવે કાયમ સ્થિત છે. |
| **પ્રાપ્ય** | = પામીને | | |
| **ન ઉદ્વિજેત્** | = અકળાય નહીં, (એ) | | |

બાહ્યસ્પર્શેષુ, અસક્તાત્મા, વિન્દતિ, આત્મનિ, યત્, સુખમ્,
સઃ, બ્રહ્મયોગયુક્તાત્મા, સુખમ્, અક્ષયમ્, અશ્નુતે ॥ ૨૧॥

અને

| | | | |
|---|---|---|---|
| **બાહ્યસ્પર્શેષુ** | = બહારના વિષયોમાં | **સઃ** | = એ |
| **અસક્તાત્મા** | = આસક્તિ વિનાના અંતઃકરણનો (સાધક) | **બ્રહ્મયોગ-યુક્તાત્મા** | = સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્માના ધ્યાનસ્વરૂપ યોગમાં અભિન્નભાવે સ્થિત માણસ |
| **આત્મનિ** | = આત્મામાં | | |
| **યત્** | = જે (ધ્યાનજનિત સાત્ત્વિક) | | |
| **સુખમ્** | = આનંદ છે, | **અક્ષયમ્** | = અક્ષય |
| **(તત્)** | = એને | **સુખમ્** | = આનંદને |
| **વિન્દતિ** | = પામે છે; (એ પછી) | **અશ્નુતે** | = અનુભવે છે. |

યે, હિ, સંસ્પર્શજાઃ, ભોગાઃ, દુઃખયોનયઃ, એવ, તે,
આદ્યન્તવન્તઃ, કૌન્તેય, ન, તેષુ, રમતે, બુધઃ ॥ ૨૨॥

અને

| | | | |
|---|---|---|---|
| **યે** | = જે (આ) | **દુઃખયોનયઃ** | = દુઃખના જ હેતુ છે, |
| **સંસ્પર્શજાઃ** | = ઇન્દ્રિય અને વિષયોના સંયોગથી ઉત્પન્ન થતા | **એવ** | (વળી) |
| | | **આદ્યન્તવન્તઃ** | = આદિ-અન્તવાળા એટલે કે અનિત્ય છે; (માટે) |
| **ભોગાઃ** | = સર્વ ભોગો છે, | | |
| **તે** | = તે બધા (– જોકે વિષયી માણસોને સુખરૂપ ભાસે છે, તો પણ –) | **કૌન્તેય** | = હે કૌન્તેય! |
| | | **બુધઃ** | = બુદ્ધિમાન અને વિવેકી માણસ |
| | | **તેષુ** | = એમનામાં |
| **હિ** | = નિઃશંકપણે | **ન રમતે** | = રમતો નથી. |

શક્નોતિ, ઇહ, એવ, યઃ, સોઢુમ્, પ્રાક્, શરીરવિમોક્ષણાત્,
કામક્રોધોદ્ભવમ્, વેગમ્, સઃ, યુક્તઃ, સઃ, સુખી, નરઃ ॥ ૨૩॥

| | | | |
|---|---|---|---|
| **યઃ** | = જે સાધક | **વેગમ્** | = વેગને |
| **ઈહ** | = આ મનુષ્યશરીરમાં, | **સોઢુમ્** | = સહેવા |
| **શરીર-વિમોક્ષણાત્** | = દેહનો નાશ થયા | **શક્નોતિ** | = સમર્થ બની જાય છે, |
| **પ્રાક્** | = પહેલાં-પહેલાં | **સઃ** | = એ (જ) |
| **એવ** | = જ | **નરઃ** | = માણસ |
| **કામ-ક્રોધોદ્ભવમ્** | = કામ-ક્રોધમાંથી ઉદ્ભવતા | **યુક્તઃ** | = યોગી છે (અને) |
| | | **સઃ** | = એ (જ) |
| | | **સુખી** | = સુખી છે. |

યઃ, અન્તઃસુખઃ, અન્તરારામઃ, તથા, અન્તર્જ્યોતિ, એવ, યઃ,
સઃ, યોગી, બ્રહ્મનિર્વાણમ્, બ્રહ્મભૂતઃ, અધિગચ્છતિ ॥ ૨૪॥

| | | | |
|---|---|---|---|
| **યઃ** | = જે માણસ | **સઃ** | = એ |
| **અન્તઃસુખઃ-એવ** | = અંતરાત્મામાં જ આનંદ અનુભવનારો છે, | **બ્રહ્મભૂતઃ** | = સચ્ચિદાનંદઘન પર-બ્રહ્મ પરમાત્માની સાથે એકીભાવને પ્રાપ્ત |
| **અન્તરારામઃ (એવ)** | = આત્મામાં જ રમનારો છે | **યોગી** | = સાંખ્યયોગી |
| **તથા** | = અને | **બ્રહ્મનિર્વાણમ્** | =શાન્ત બ્રહ્મને |
| **યઃ** | = જે | **અધિગચ્છતિ** | =પામે છે. |
| **અન્ત-જ્યોતિઃ** | = આત્મામાં જ જ્ઞાનવાળો છે, | | |

લભન્ત, બ્રહ્માનવાણમ્, ઋષયઃ, ક્ષીણકલ્મષાઃ,
છિન્નદ્વૈધાઃ, યતાત્માનઃ, સર્વભૂતહિતે, રતાઃ ॥ ૨૫॥

| | | | |
|---|---|---|---|
| **ક્ષીણકલ્મષાઃ** | = જેમનાં સઘળાં પાપ નષ્ટ થઈ ચુક્યાં છે, | **યતાત્માનઃ** | = જેમનું જિતાયેલું મન નિશ્ચળભાવે પરમાત્મામાં સ્થિત છે, (એવા) |
| **છિન્નદ્વૈધાઃ** | = જેમના સઘળા સંશયો જ્ઞાન દ્વારા નિવૃત્ત થઈ ચુક્યા છે, | **ઋષયઃ** | = બ્રહ્મવેત્તા માણસો |
| **સર્વભૂતહિતે, રતાઃ** | = જેઓ સર્વ પ્રાણીઓ-ના હિતમાં રત છે (તેમજ) | **બ્રહ્મનિર્વાણમ્** | = શાન્ત બ્રહ્મને |
| | | **લભન્તે** | = પામે છે. |

કામક્રોધવિયુક્તાનામ્, યતીનામ્, યતચેતસામ્,
અભિતઃ, બ્રહ્મનિર્વાણમ્, વર્તતે, વિદિતાત્મનામ્ ॥ ૨૬॥

**કામક્રોધ-વિયુક્તાનામ્** = કામ-ક્રોધ વિનાના,
**યતચેતસામ્** = ચિત્તને જીતેલા,
**વિદિતાત્મનામ્** = પરબ્રહ્મ પરમાત્માનો સાક્ષાત્કાર કરી ચુકેલા
**યતીનામ્** = જ્ઞાનીજનો માટે
**અભિતઃ** = ચારે કોર
**બ્રહ્મનિર્વાણમ્** = શાન્ત પરબ્રહ્મ પરમાત્મા (જ)
**વર્તતે** = પરિપૂર્ણ છે.

સ્પર્શાન્, કૃત્વા, બહિઃ, બાહ્યાન્, ચક્ષુઃ, ચ, એવ, અન્તરે, ભ્રુવોઃ,
પ્રાણાપાનૌ, સમૌ, કૃત્વા, નાસાભ્યન્તરચારિણૌ ॥ ૨૭॥
યતેન્દ્રિયમનોબુદ્ધિઃ, મુનિઃ, મોક્ષપરાયણઃ,
વિગતેચ્છાભયક્રોધઃ, યઃ, સદા, મુક્તઃ, એવ, સઃ ॥ ૨૮॥

અને હે અર્જુન!

**બાહ્યાન્** = બહારના
**સ્પર્શાન્** = વિષયભોગોને (ચિંતન કર્યા વિના)
**બહિઃ** = બહાર
**એવ** = જ
**કૃત્વા** = ત્યજીને
**ચ** = અને
**ચક્ષુઃ** = આંખોની દૃષ્ટિને
**ભ્રુવોઃ** = ભ્રમરોની
**અન્તરે** = મધ્યમાં (સ્થાપીને તથા)
**નાસાભ્યન્તર-ચારિણૌ** = નાસિકામાં વિચરતા
**પ્રાણાપાનૌ** = પ્રાણ અને અપાન વાયુને
**સમૌ** = સમ
**કૃત્વા** = કરીને
**યતેન્દ્રિય-મનોબુદ્ધિઃ** = જેણે ઇન્દ્રિયો, મન અને બુદ્ધિને જીત્યાં છે, (એવો)
**યઃ** = જે
**મોક્ષપરાયણઃ** = મોક્ષપરાયણ
**મુનિઃ** = મુનિ
**વિગતેચ્છા-ભયક્રોધઃ** = ઇચ્છા, ભય અને ક્રોધ વિનાનો થઈ ગયો છે,
**સઃ** = તે
**સદા** = સદા
**મુક્તઃ** = મુક્ત
**એવ** = જ છે.

ભોક્તારં યજ્ઞતપસાં સર્વલોકમહેશ્વરમ્
સુહૃદમ્, સર્વભૂતાનામ્, જ્ઞાત્વા, મામ્, શાન્તિમ્, ઋચ્છતિ ॥ ૨૯॥

અને હે અર્જુન મારો ભક્ત -

| | | | |
|---|---|---|---|
| **મામ્** | = મને | **સર્વભૂતાનામ્** | = સઘળાં પ્રાણીઓનો |
| **યજ્ઞતપસામ્** | = સર્વ યજ્ઞો અને તપોનો | **સુહૃદમ્** | = સુહૃદ્ એટલે કે સ્વાર્થ વિનાનો દયાળુ અને પ્રેમ કરનાર (એવો) |
| **ભોક્તારમ્** | = ભોગવનાર, | | |
| **સર્વલોક-મહેશ્વરમ્** | = સકળ લોકોના ઈશ્વરોનોય ઈશ્વર (તેમજ) | **જ્ઞાત્વા** | = તત્ત્વથી જાણીને |
| | | **શાન્તિમ્** | = શાન્તિને |
| | | **ઋચ્છતિ** | = પામે છે. |

**શ્રીમદ ભગવત ગીતા અધ્યાય-૬ના કેટલાક શ્લોકોની ફોટોકોપીઃ-**

# છઠ્ઠો અધ્યાય

અનાશ્રિતઃ, કર્મફલમ્, કાર્યમ્, કર્મ, કરોતિ, યઃ,
સઃ, સન્ન્યાસી, ચ, યોગી, ચ, ન, નિરગ્નિઃ, ન, ચ, અક્રિયઃ ॥ ૧॥

**તે પછી શ્રીભગવાન બોલ્યા; હે અર્જુન!**

| | | | |
|---|---|---|---|
| **યઃ** | = જે માણસ | **યોગી** | = યોગી છે; |
| **કર્મફલમ્** | = કમફળનો | **ચ** | = અને (કેવળ) |
| **અનાશ્રિતઃ** | = આશ્રય લીધા વિના | **નિરગ્નિઃ** | = અગ્નિનો ત્યાગ કરનારો |
| **કાર્યમ્** | = કરવા યોગ્ય | | |
| **કર્મ** | = કર્મ (કર્તવ્ય-કર્મ) | **ન** | = (સંન્યાસી) નથી |
| **કરોતિ** | = આચરે છે, | **ચ** | = અને |
| **સઃ** | = તે | **અક્રિયઃ** | = (માત્ર) ક્રિયાઓનો ત્યાગ કરનારો |
| **સન્ન્યાસી** | = સંન્યાસી | | |
| **ચ** | = તેમજ | **ન** | = (યોગી) નથી. |

યમ્, સન્ન્યાસમ્, ઇતિ, પ્રાહુઃ, યોગમ્, તમ્, વિદ્ધિ, પાણ્ડવ,
ન, હિ, અસન્ન્યસ્તસઙ્કલ્પઃ, યોગી, ભવતિ, કશ્ચન ॥ ૨॥

આથી

| | | | |
|---|---|---|---|
| **પાણ્ડવ** | = હે પાંડવ! | **વિદ્ધિ** | = જાણ; |
| **યમ્** | = જેને | **હિ** | = કેમકે |
| **સન્ન્યાસમ્ ઇતિ** | = 'સંન્યાસ' | **અસન્ન્યસ્ત-** | = સંકલ્પોનો ત્યાગ |
| ઇત | = એવું | **સઙ્કલ્પઃ** | ન કરનાર |
| **પ્રાહુઃ** | = કહે છે, | **કશ્ચન** | = કોઈ પણ માણસ |
| **તમ્** | = એને (જ તું) | **યોગી** | = યોગી |
| **યોગમ્** | = યોગ | **ન** | = નથી |
| **વિદ્ધિ** | = જાણ; | **ભવતિ** | = હોતો. |

આરુરુક્ષોઃ, મુનેઃ, યોગમ્, કર્મ, કારણમ્, ઉચ્યતે,
યોગારૂઢસ્ય, તસ્ય, એવ, શમઃ, કારણમ્, ઉચ્યતે ॥ ૩॥

અને

| | | | |
|---|---|---|---|
| **યોગમ્** | = યોગમાં | **તસ્ય** | = એ |
| **આરુરુક્ષોઃ** | = આરૂઢ થવા ઇચ્છુક | **યોગારૂઢસ્ય** | = યોગારૂઢ માણસનો |
| **મુનેઃ** | = મનનશીલ માણસ માટે | **શમઃ** | = જે સમસ્ત સંકલ્પોનો અભાવ છે, |
| **કર્મ** | = નિષ્કામભાવે કર્મ કરવું એ જ | **(સઃ), એવ** | = એ જ |
| **કારણમ્** | = (યોગની પ્રાપ્તિમાં) હેતુ | **કારણમ્** | = (કલ્યાણમાં) હેતુ |
| **ઉચ્યતે** | = કહેવાય છે (અને યોગારૂઢ થયા બાદ) | **ઉચ્યતે** | = કહેવાય છે. |

યદા, હિ, ન ઇન્દ્રિયાર્થેષુ, ન, કર્મસુ, અનુષજ્જતે,
સર્વસઙ્કલ્પસન્ન્યાસી, યોગારૂઢઃ, તદા, ઉચ્યતે ॥ ૪॥

| | | | |
|---|---|---|---|
| **યદા** | = જે વખતે | **(અનુષજ્જતે)** | = આસક્ત થતો, |
| **ન** | = નથી (તો) | **તદા** | = તે વખતે |
| **ઇન્દ્રિયાર્થેષુ** | = ઇન્દ્રિયોના ભોગોમાં | **સર્વસઙ્કલ્પ-સન્ન્યાસી** | = સઘળા સંકલ્પોનો ત્યાગી માણસ |
| **અનુષજ્જતે** | = આસક્ત થતો (કે) | | |
| **ન** | = નથી | **યોગારૂઢઃ** | = યોગારૂઢ |
| **કર્મસુ** | = કર્મોમાં | **ઉચ્યતે** | = કહેવાય છે. |
| **હિ** | = પણ | | |

ઉદ્ધરેત્, આત્મના, આત્માનમ્, ન, આત્માનમ્, અવસાદયેત્,
આત્મા, એવ, હિ, આત્મનઃ, બન્ધુઃ, આત્મા, એવ, રિપુઃ, આત્મનઃ ॥ ૫॥

અને આ યોગારૂઢતા કલ્યાણમાં હેતુ કહેવાઈ છે, માટે મનુષ્યને માટે જરૂરી છે કે-

| | | | |
|---|---|---|---|
| **આત્મના** | = પોતાના વડે | **આત્મા** | = પોતે |
| **આત્માનમ્** | = પોતાનો (સંસાર-સાગરથી) | **એવ** | = જ |
| | | **આત્મનઃ** | = પોતાનો |
| **ઉદ્ધરેત્** | = ઉદ્ધાર કરે (અને) | **બન્ધુઃ** | = મિત્ર છે (અને) |
| **આત્માનમ્** | = પોતાને | **આત્મા** | = પોતે |
| **ન અવ-સાદયેત્** | = અધોગતિમાં ન નાખે; | **એવ** | = જ |
| | | **આત્મનઃ** | = પોતાનો |
| **હિ** | = કારણકે (માણસ) | **રિપુઃ** | = શત્રુ છે. |

બન્ધુઃ, આત્મા, આત્મનઃ, તસ્ય, યેન, આત્મા, એવ, આત્મના, જિતઃ,
અનાત્મનઃ, તુ, શત્રુત્વે, વર્તેત, આત્મા, એવ, શત્રુવત્ ॥ ૬॥

| | | | |
|---|---|---|---|
| **યેન** | = જે | **તુ** | = અને |
| **આત્મના** | = જીવાત્મા દ્વારા | **અનાત્મનઃ** | = જેના વડે મન તથા ઇન્દ્રિયો સહિત શરીર જીતવામાં આવ્યું નથી, એના માટે (એ) |
| **આત્મા** | = મન અને ઇન્દ્રિયો સહિત શરીર | **આત્મા** | = પોતે |
| **જિતઃ** | = જીતવામાં આવ્યું છે, | **એવ** | = જ |
| **તસ્ય** | = એ | **શત્રુવત્** | = શત્રુની જેમ |
| **આત્મનઃ** | = જીવાત્માનો (એ) | **શત્રુત્વે** | = શત્રુતામાં |
| **આત્મા** | = પોતે | **વર્તેત** | = વર્તે છે. |
| **એવ** | = જ | | |
| **બન્ધુઃ** | = મિત્ર છે | | |

જિતાત્મનઃ, પ્રશાન્તસ્ય, પરમાત્મા, સમાહિતઃ,
શીતોષ્ણસુખદુઃખેષુ, તથા, માનપમાનયોઃ ॥ ૭॥

અને હે અર્જુન!

| | | | |
|---|---|---|---|
| **શીતોષ્ણ-** | = ઠંડી-ગરમીમાં, | **જિતાત્મનઃ** | = સ્વાધીન આત્માવાળા મનુષ્યના (જ્ઞાનમાં) |
| **સુખદુઃખેષુ** | સુખ-દુઃખાદિમાં | **પરમાત્મા** | = સચ્ચિદાનંદઘન પરમાત્મા |
| **તથા** | = તથા | **સમાહિતઃ** | = સમ્યક્ પ્રકારે સ્થિત છે (એટલે કે એના જ્ઞાનમાં પરમાત્મા સિવાય બીજું કશું છે જ નહીં). |
| **માના-** | = માન તેમજ | | |
| **પમાનયોઃ** | અપમાનમાં | | |
| **પ્રશાન્તસ્ય** | = જેના અન્તઃકરણની વૃત્તિઓ સમ્યક્ રીતે શાંત છે, (એવા) | | |

જ્ઞાનવિજ્ઞાનતૃપ્તાત્મા, કૂટસ્થઃ, વિજિતેન્દ્રિયઃ
યુક્તઃ, ઇતિ, ઉચ્યતે, યોગી, સમલોષ્ટાશ્મકાઞ્ચનઃ ॥ ૮॥

| | | | |
|---|---|---|---|
| **જ્ઞાનવિજ્ઞાન-તૃપ્તાત્મા** | = જેનું અંતઃકરણ જ્ઞાન અને વિજ્ઞાનથી તૃપ્ત છે, | **સમલોષ્ટાશ્મ-કાઞ્ચનઃ** | = જેના માટે માટી, પથ્થર અને સુવર્ણ સમાન છે, (એ) |
| **કૂટસ્થઃ** | = જેની સ્થિતિ વિકારરહિત છે, | **યોગી** | = યોગી |
| **વિજિતેન્દ્રિયઃ** | = જેની ઇન્દ્રિયો સારી પેઠે જિતાયેલી છે (તેમજ) | **યુક્તઃ** | = યુક્ત અર્થાત્ ભગવત્પ્રાપ્ત છે, |
| | | **ઇતિ** | = એમ |
| | | **ઉચ્યતે** | = કહેવાય છે |

સુહૃન્મિત્રાર્યુદાસીનમધ્યસ્થદ્વેષ્યબન્ધુષુ,
સાધુષુ, અપિ, ચ, પાપેષુ, સમબુદ્ધિઃ, વિશિષ્યતે ॥ ૯॥

| | | | |
|---|---|---|---|
| **સુહૃન્મિત્રા-ર્યુદાસીન-મધ્યસ્થ-દ્વેષ્યબન્ધુષુ** | = સુહૃદ્ મિત્ર, શત્રુ, ઉદાસીન, મધ્યસ્થ, દ્વેષ્ય અને બંધુગણોમાં, | **ચ** | = અને |
| | | **પાપેષુ** | = પાપીઓમાં |
| | | **અપિ** | = પણ |
| | | **સમબુદ્ધિઃ** | = સમાન ભાવ રાખનાર |
| **સાધુષુ** | = ધર્માત્માઓમાં | **વિશિષ્યતે** | = ઘણો શ્રેષ્ઠ છે. |

યોગી, યુઞ્જીત, સતતમ્, આત્માનમ્, રહસિ, સ્થિતઃ,
એકાકી, યતચિત્તાત્મા, નિરાશીઃ, અપરિગ્રહઃ ॥ ૧૦॥

માટે ઉચિત એ છે કે -

| | | | |
|---|---|---|---|
| **યતચિત્તાત્મા** | = મન અને ઇન્દ્રિયો સહિત શરીરને વશમાં રાખનાર, | **એકાકી** | = એકલો જ |
| | | **રહસિ** | = એકાન્ત સ્થળે |
| | | **સ્થિતઃ** | = સ્થિત થઈને |
| **નિરાશીઃ** | = કશાયની ખેવના ન રાખનાર (અને) | **આત્માનમ્** | = આત્માને |
| | | **સતતમ્** | = નિરંતર |
| **અપરિગ્રહઃ** | = સંગ્રહરહિત | **યુઞ્જીત** | = (પરમાત્મામાં) જોડે. |
| **યોગી** | = યોગી | | |

શુચૌ, દેશે, પ્રતિષ્ઠાપ્ય, સ્થિરમ્, આસનમ્, આત્મનઃ,
ન, અત્યુચ્છ્રિતમ્, ન, અતિનીચમ્, ચૈલાજિનકુશોત્તરમ્ ॥૧૧॥

જેવું કે -

| | | | |
|---|---|---|---|
| **શુચૌ** | = શુદ્ધ | **અત્યુચ્છ્રિતમ્** | = ઘણું ઊંચું |
| **દેશે** | = ભૂમિ પર (કે જેના (ઉપર ક્રમ પ્રમાણે) | **ન** | = ન |
| | | **અતિનીચમ્** | = ઘણું નીચું |
| **ચૈલાજિન-કુશોત્તરમ્** | = દર્ભ, મૃગચર્મ અને વસ્ત્ર પાથરેલાં છે, (જે) | **આત્મનઃ** | = પોતાના |
| | | **આસનમ્** | = આસનને |
| | | **સ્થિરમ્** | = સ્થિર રૂપે |
| **ન** | = ન | **પ્રતિષ્ઠાપ્ય** | = સ્થાપીને – |

તત્ર, એકાગ્રમ્, મનઃ, કૃત્વા, યતચિત્તેન્દ્રિયક્રિયઃ,
ઉપવિશ્ય, આસને, યુઞ્જ્યાત્, યોગમ્, આત્મવિશુદ્ધયે ॥૧૨॥

અને

| | | | |
|---|---|---|---|
| **તત્ર** | = એ | **એકાગ્રમ્** | = એકાગ્ર |
| **આસને** | = આસન પર | **કૃત્વા** | = કરીને |
| **ઉપવિશ્ય** | = બેસીને | **આત્મવિશુદ્ધયે** | = અન્તઃકરણની શુદ્ધિ માટે |
| **યતચિત્તેન્દ્રિય-ક્રિયઃ** | = ચિત્ત અને ઇન્દ્રિયો-ની ક્રિયાઓને વશમાં રાખી, | **યોગમ્** | = યોગનો |
| | | **યુઞ્જ્યાત્** | = અભ્યાસ કરે. |
| **મનઃ** | = મનને | | |

સમમ્, કાયશિરોગ્રીવમ્, ધારયન્, અચલમ્, સ્થિરઃ,
સમ્પ્રેક્ષ્ય, નાસિકાગ્રમ્, સ્વમ્, દિશઃ, ચ, અનવલોકયન્ ॥ ૧૩॥

તેની વિધિ આ રીતે છે કે -

| | | | |
|---|---|---|---|
| **કાયશિરો-ગ્રીવમ્** | = કાયા, મસ્તક અને ડોકને | **સ્થિરઃ** | = સ્થિર થઈ |
| **સમમ્** | = સીધાં (તેમજ) | **સ્વમ્** | = પોતાની |
| **અચલમ્** | = ટટ્ટાર | **નાસિકાગ્રમ્** | = નાસિકાના અગ્રભાગે |
| **ધારયન્** | = ધારણ કરીને | **સમ્પ્રેક્ષ્ય** | = દૃષ્ટિ ટેકવીને |
| **ચ** | = અને | **દિશઃ** | = (અન્ય) દિશાઓને |
| | | **અનવલોકયન્** | = ન જોતો રહીને |

પ્રશાન્તાત્મા, વિગતભીઃ, બ્રહ્મચારિવ્રતે, સ્થિતઃ,
મનઃ, સંયમ્ય, મચ્ચિત્તઃ, યુક્તઃ, આસીત, મત્પરઃ ॥ ૧૪॥

| | | | |
|---|---|---|---|
| **બ્રહ્મચારિવ્રતે** | = બ્રહ્મચારીના વ્રતમાં | **મનઃ** | = મનને |
| **સ્થિતઃ** | = સ્થિત, | **સંયમ્ય** | = રોકીને |
| **વિગતભીઃ** | = ભય રહિત (તથા) | **મચ્ચિત્તઃ** | = મારામાં ચિત્ત જોડી (અને) |
| **પ્રશાન્તાત્મા** | = સારી રીતે શાંત અંતઃકરણવાળો | **મત્પરઃ** | = મારા પરાયણ થઈને |
| **યુક્તઃ** | = સાવધાન યોગી | **આસીત** | = (ધ્યાનમાં) બેસે |

યુઞ્જન્, એવમ્, સદા, આત્માનમ્, યોગી, નિયતમાનસઃ,
શાન્તિમ્, નિર્વાણપરમામ્, મત્સંસ્થામ્, અધિગચ્છતિ ॥ ૧૫॥

| | | | |
|---|---|---|---|
| **નિયતમાનસઃ** | = વશ કરેલા મનવાળો | **યુઞ્જન્** | = જોડતો રહી |
| **યોગી** | = યોગી | **મત્સંસ્થામ્** | = મારામાં રહેલી |
| **એવમ્** | = આ રીતે | **નિર્વાણપરમામ્** | = પરમ આનંદની પરાકાષ્ઠારૂપ |
| **આત્માનમ્** | = આત્માને | **શાન્તિમ્** | = શાન્તિને |
| **સદા** | = નિરંતર (મુજ પરમેશ્વરના સ્વરૂપમાં) | **અધિગચ્છતિ** | = પામે છે. |

ન, અતિ, અશ્નતઃ, તુ, યોગઃ, અસ્તિ, ન, ચ, એકાન્તમ્, અનશ્નતઃ,
ન, ચ, અતિ, સ્વપ્નશીલસ્ય, જાગ્રતઃ, ન, એવ, ચ, અર્જુન ॥ ૧૬॥

| | | | |
|---|---|---|---|
| **અર્જુન** | = હે અર્જુન! | **ચ** | = તથા |
| **યોગઃ** | = (આ) યોગ | **અતિ** | = ઘણું |
| **ન** | = ન | **સ્વપ્નશીલસ્ય** | = ઊંઘનારનો |
| **તુ** | = તો | **ચ** | = અને |
| **અતિ** | = ખૂબ | **જાગ્રતઃ** | = (હંમેશાં) જાગનારનો |
| **અશ્નતઃ** | = ખાનારનો | **એવ** | = પણ |
| **ન અસ્તિ** | = સિદ્ધ થતો નથી | **ન** | = ન |
| **ચ** | = અને | **જાગ્રતઃ** | = (હંમેશાં) જાગનારનો |
| **ન** | = ન | **એવ** | = પણ |
| **એકાન્તમ્** | = બિલકુલ | **ન અસ્તિ** | = સિદ્ધ થતો નથી. |
| **અનશ્નતઃ** | = ન ખાનારનો (પણ) | | |

યુક્તાહારવિહારસ્ય, યુક્તચેષ્ટસ્ય, કર્મસુ,
યુક્તસ્વપ્નાવબોધસ્ય, યોગઃ, ભવતિ, દુઃખહા ॥ ૧૭॥

આ

| | | | |
|---|---|---|---|
| **દુઃખહા** | = દુઃખનો નાશ કરનાર | **યુક્તચેષ્ટસ્ય** | = યથાયોગ્ય ચેષ્ટા કરનારનો (તથા) |
| **યોગઃ** | = યોગ (તો) | **યુક્તસ્વપ્નાવ-બોધસ્ય** | = યથાયોગ્ય ઊંઘનાર તથા જાગનારનો (જ) |
| **યુક્તાહાર-વિહારસ્ય** | = યથાયોગ્ય આહાર-વિહાર કરનારનો, | **ભવતિ** | = સિદ્ધ થાય છે. |
| **કર્મસુ** | = કર્મોમાં | | |

તમ્, વિદ્યાત્, દુઃખસંયોગવિયોગમ્, યોગસઞ્જ્ઞિતમ્,
સઃ, નિશ્ચયેન, યોક્તવ્યઃ, યોગઃ, અનિર્વિણ્ણચેતસા ॥ ૨૩॥

અને જે

| | | | |
|---|---|---|---|
| **દુઃખસંયોગ-વિયોગમ્** | = (જન્મ-મરણના) દુઃખરૂપ સંસાર સાથેના સંયોગથી જે રહિત છે (તથા) | **સઃ** | = એ |
| | | **યોગઃ** | = યોગ |
| | | **અનિર્વિણ્ણ-ચેતસા** | = નહીં કંટાળેલા અર્થાત્ ધૈર્યશીલ અને ઉત્સાહી ચિત્તથી |
| **યોગસઞ્જ્ઞિતમ્** | = જેનું નામ યોગ છે, | | |
| **તમ્** | = એને | **નિશ્ચયેન** | = નિશ્ચયપૂર્વક |
| **વિદ્યાત્** | = જાણવો જોઈએ; | **યોક્તવ્યઃ** | = કરવો કર્તવ્ય છે. |

સર્વભૂતસ્થિતમ્, યઃ, મામ્, ભજતિ, એકત્વમ્, આસ્થિતઃ,
સર્વથા, વર્તમાનઃ, અપિ, સઃ, યોગી, મયિ, વર્તતે ॥ ૩૧॥

આ રીતે

| | | | |
|---|---|---|---|
| **યઃ** | = જે માણસ | **સઃ** | = એ |
| **એકત્વમ્** | = એકાત્મભાવમાં | **યોગી** | = યોગી |
| **આસ્થિતઃ** | = સ્થિત થઈને | **સર્વથા** | = સર્વ રીતે |
| **સર્વભૂત-સ્થિતમ્** | = સર્વ ભૂતોમાં આત્મા-રૂપે રહેલા | **વર્તમાનઃ** | = વર્તવા |
| **મામ્** | = મુજ સચ્ચિદાનંદઘન વાસુદેવને | **અપિ** | = છતાં |
| **ભજતિ** | = ભજે છે, | **મયિ** | = મારામાં (જ) |
| | | **વર્તતે** | = વર્તે છે. |

આત્મૌપમ્યેન, સર્વત્ર, સમમ્, પશ્યતિ, યઃ, અર્જુન,
સુખમ્, વા, યદિ, વા, દુઃખમ્, સઃ, યોગી, પરમઃ, મતઃ ॥ ૩૨॥

અને

| | | | |
|---|---|---|---|
| **અર્જુન** | = હે અર્જુન! | **સુખમ્** | = સુખ |
| **યઃ** | = જે યોગી | **યદિ, વા** | = અથવા |
| **આત્મૌપમ્યેન** | = પોતાની રીતે | **દુઃખમ્** | = દુઃખનેય (બ સમ જુએ છે |
| **સર્વત્ર** | = સઘળાં ભૂતોમાં | **સઃ** | = એ |
| **સમમ્** | = સમ | **યોગી** | = યોગી |
| **પશ્યતિ** | = જુએ છે, | **પરમઃ** | = પરમ શ્રેષ્ઠ |
| **સુખમ્** | = સુખ | **મતઃ** | = મનાયો છે. |
| **યદિ, વા** | = અથવા | | |

અસંશયમ્, મહાબાહો, મનઃ, દુર્નિગ્રહમ્, ચલમ્,
અભ્યાસેન, તુ, કૌન્તેય, વૈરાગ્યેણ, ચ, ગૃહ્યતે ॥ ૩૫॥

**આ રીતે અર્જુને પૂછવાથી શ્રીભગવાન બોલ્યા :**

| | | | |
|---|---|---|---|
| **મહાબાહો** | = હે મહાબાહો! | **ચલમ્** | = ચંચળ (અને) |
| **અસંશયમ્** | = નિઃસંદેહ | **દુર્નિગ્રહમ્** | = મુશ્કેલીથી વશમાં થનારું છે, |
| **મનઃ** | = મન | | |

**તુ** = છતાં પણ
**કૌન્તેય** = હે કુન્તીપુત્ર! (એ)
**અભ્યાસેન** = અભ્યાસ
**ચ** = અને
**વૈરાગ્યેણ** = વૈરાગ્ય વડે
**ગૃહ્યતે** = વશમાં થાય છે.

અસંયતાત્મના, યોગઃ, દુષ્પ્રાપઃ, ઈતિ, મે, મતિઃ,
વશ્યાત્મના, તુ, યતતા, શક્યઃ, અવાપ્તુમ્, ઉપાયતઃ ॥ ૩૬॥

કેમકે

**અસંયતા-ત્મના** = જેનું મન વશમાં કરાયેલું નથી એવા માણસ દ્વારા
**યોગઃ** = યોગ
**દુષ્પ્રાપઃ** = દુષ્પ્રાપ્ય (એટલે કે પ્રાપ્ત થવો મુશ્કેલ) છે
**તુ** = અને
**વશ્યાત્મના** = જેણે મનને વશ કર્યું છે એવા
**યતતા** = પ્રયત્નશીલ માણસ દ્વારા
**ઉપાયતઃ** = સાધન વડે (એ)
**અવાપ્તુમ્** = પ્રાપ્ત થવો
**શક્યઃ** = સહજ છે –
**ઈતિ** = આ
**મે** = મારો
**મતિઃ** = મત છે.

અયતિઃ, શ્રદ્ધયા, ઉપેતઃ, યોગાત્, ચલિમાનસઃ,
અપ્રાપ્ય, યોગસંસિદ્ધિમ્, કામ્, ગતિમ્, કૃષ્ણ, ગચ્છતિ ॥ ૩૭॥

**કૃષ્ણ** = હે શ્રીકૃષ્ણ!
**શ્રદ્ધયા, ઉપેતઃ** = જે યોગમાં શ્રદ્ધા તો ધરાવે છે, પરંતુ
**અયતિઃ** = સંયમી નથી; (એ કારણે અન્તકાળે)
**યોગાત્** = જેનું મન યોગથી
**ચલિતમાનસઃ** = વિચલિત થઈ ગયું છે એવો (સાધકયોગી)
**યોગસંસિદ્ધિમ્** = યોગની સિદ્ધિને એટલે કે ભગવત્સા-ક્ષાત્કારને
**અપ્રાપ્ય** = ન પામતાં
**કામ્** = કઈ
**ગતિમ્** = ગતિને
**ગચ્છતિ** = પામે છે?

કચ્ચિત્, ન, ઉભયવિભ્રષ્ટઃ, છિન્નાભ્રમ્, ઈવ, નશ્યતિ,
અપ્રતિષ્ઠઃ, મહાબાહો, વિમૂઢઃ, બ્રહ્મણઃ, પથિ ॥ ૩૮॥

**મહાબાહો** = હે મહાબાહો!
**કચ્ચિત્** = શું (એ)
**બ્રહ્મણઃ** = ભગવત્પ્રાપ્તિના
**પથિ** = માર્ગમાં
**વિમૂઢઃ** = મોહ પામેલો (અને)
**અપ્રતિષ્ઠઃ** = આશ્રય વિનાનો માણસ
**છિન્નાભ્રમ્** = છિન્નભિન્ન થયેલા વાદળની
**ઈવ** = પેઠે
**ઉભય-વિભ્રષ્ટઃ** = બેય બાજુથી ભ્રષ્ટ થઈને
**ન, નશ્યતિ** = નાશ તો નથી પામતો ને?

એતત્, મે, સંશયમ્, કૃષ્ણ, છેત્તુમ્, અર્હસિ, અશેષતઃ,
ત્વદન્યઃ, સંશયસ્ય, અસ્ય, છેત્તા, ન, હિ, ઉપપદ્યતે ॥ ૩૯॥

**કૃષ્ણ** = હે શ્રીકૃષ્ણ!
**મે** = મારા
**એતત્** = આ
**સંશયમ્** = સંશયને
**અશેષતઃ** = સંપૂર્ણ રીતે
**છેત્તુમ** = છેદવા માટે
**અર્હસિ** = (આપ જ) લાયક છો;
**હિ** = કેમકે
**ત્વદન્યઃ** = આપના વિના બીજો
**અસ્ય** = આ
**સંશયસ્ય** = સંશયનું
**છેત્તા** = છેદન કરનાર
**ન, ઉપપદ્યતે** = મળવો સંભવિત નથી.

પાર્થ, ન, એવ, ઈહ, ન અમુત્ર, વિનાશઃ, તસ્ય, વિદ્યતે,
ન, હિ, કલ્યાણકૃત્, કશ્ચિત્, દુર્ગતિમ્, તાત, ગચ્છતિ ॥ ૪૦॥

**આ રીતે અર્જુને પૂછવાથી શ્રીભગવાન બોલ્યા :**

**પાર્થ** = હે પાર્થ!
**તસ્ય** = એ માણસનો
**ન** = ન
**ઈહ** = આ લોકમાં
**વિનાશઃ** = વિનાશ
**વિદ્યતે** = થાય છે (અને)
**ન** = ન
**અમુત્ર** = પરલોકમાં
**એવ** = પણ;
**હિ** = કેમકે
**તાત** = હે વહાલા !

| | | | |
|---|---|---|---|
| **કલ્યાણકૃત્** | = આત્મોદ્ધાર માટે અર્થાત્ ભગવત્પ્રાપ્તિ અર્થે કર્મ કરનાર | **કશ્ચિત્** | = કોઈ પણ મનુષ્ય |
| | | **દુર્ગતિમ્** | = દુર્ગતિને |
| | | **ન, ગચ્છતિ** | = પામતો નથી. |

પ્રાપ્ય, પુણ્યકૃતામ્, લોકાન્, ઉષિત્વા, શાશ્વતીઃ, સમાઃ,
શુચીનામ્, શ્રીમતામ્, ગેહે, યોગભ્રષ્ટઃ, અભિજાયતે ॥ ૪૧॥

પણ તે

| | | | |
|---|---|---|---|
| **યોગભ્રષ્ટઃ** | = યોગભ્રષ્ટ માણસ | **સમાઃ** | = વર્ષો સુધી |
| **પુણ્યકૃતામ્** | = પુણ્યશાળીઓના | **ઉષિત્વા** | = નિવાસ કરીને (પછી) |
| **લોકાન્** | = લોકોને એટલે કે સ્વર્ગ વગેરે ઉત્તમ લોકોને | **શુચીનામ્** | = શુદ્ધ આચરણશીલ |
| | | **શ્રીમતામ્** | = ધનવાનોના |
| **પ્રાપ્ય** | = પામીને (ત્યાં) | **ગેહે** | = ઘરે |
| **શાશ્વતીઃ** | = ઘણાં | **અભિજાયતે** | = જન્મ લે છે. |

અથવા, યોગિનામ્, એવ, કુલે, ભવતિ, ધીમતામ્,
એતત્, હિ, દુર્લભતરમ્, લોકે, જન્મ, યત્, ઈદૃશમ્ ॥ ૪૨॥

| | | | |
|---|---|---|---|
| **અથવા** | = અથવા (આ સિવાય વૈરાગ્યવાન યોગભ્રષ્ટ હોય છે, એવા માણસો એ લોકોમાં ન જતાં) | **ભવતિ** | = જન્મે છે, (પરંતુ) |
| | | **ઈદૃશમ્** | = આ પ્રકારનો |
| | | **યત્** | = જે |
| | | **એતત્** | = આ |
| | | **જન્મ** | = જન્મ (છે, એ) |
| **ધીમતામ્** | = જ્ઞાનવાન | **લોકે** | = સંસારમાં |
| **યોગિનામ્** | = યોગીઓના | **હિ** | = ખરેખર |
| **એવ** | = જ | **દુર્લભતરમ્** | = ઘણો દુર્લભ છે. |
| **કુલે** | = કુળમાં | | |

તત્ર, તમ્, બુદ્ધિસંયોગમ્, લભતે, પૌર્વદેહિકમ્,
યતતે, ચ, તતઃ, ભૂયઃ, સંસિદ્ધૌ, કુરુનન્દન ॥ ૪૩॥

| | | | |
|---|---|---|---|
| **તત્ર** | = ત્યાં | **ચ** | = અને |
| **તમ્** | = તે | **કુરુનન્દન** | = હે કુરુનંદન! |
| **પૌર્વદેહિકમ્,** | = પૂર્વજન્મના શરીરમાં | **તતઃ** | = એ પ્રભાવને લીધે (એ) |
| **બુદ્ધિ-સંયોગમ્** | સંઘરેલા બુદ્ધિ સંયોગ-ને એટલે કે સમબુદ્ધિ-સ્વરૂપ યોગના સંસ્કારોને | **ભૂયઃ** | = ફરી |
| | | **સંસિદ્ધૌ** | = પરમાત્માની પ્રાપ્તિ-રૂપી સિદ્ધિ માટે (પહેલાં કરતાં પણ વધુ) |
| **લભતે** | = (અનાયાસે જ)પામે છે | **યતતે** | = પ્રયત્ન કરે છે. |

પૂર્વાભ્યાસેન, તેન, એવ, હ્રિયતે, હિ, અવશઃ, અપિ, સઃ,
જિજ્ઞાસુઃ, અપિ, યોગસ્ય, શબ્દબ્રહ્મ, અતિવર્તતે ॥ ૪૪॥

| | | | |
|---|---|---|---|
| **સઃ** | = તે (જે શ્રીમંતોના ઘરે જન્મ લેનાર યોગભ્રષ્ટ) | **હ્રિયતે** | = (ભગવાન પ્રત્યે) આકર્ષાય છે (અને) |
| **અવશઃ** | = પરાધીન હોવા | **યોગસ્ય** | = સમબુદ્ધિસ્વરૂપ યોગનો |
| **અપિ** | = છતાં | | |
| **તેન** | = એ | **જિજ્ઞાસુઃ** | = જિજ્ઞાસુ |
| **પૂર્વાભ્યા-સેન** | = પૂર્વજન્મના અભ્યાસ-ના બળે | **અપિ** | = પણ |
| | | **શબ્દબ્રહ્મ** | = વેદમાં કહેલાં સકામ કર્મોના ફળને |
| **એવ** | = જ | | |
| **હિ** | = નિઃશંકપણે | **અતિવર્તતે** | = ઓળંગી જાય છે. |

પ્રયત્નાત્, યતમાનઃ, તુ, યોગી, સંશુદ્ધકિલ્બિષઃ,
અનેકજન્મસંસિદ્ધઃ, તતઃ, યાતિ, પરામ્, ગતિમ્ ॥ ૪૫॥

| | | | |
|---|---|---|---|
| **તુ** | = પરંતુ | **સંશુદ્ધ-કિલ્બિષઃ** | = સમગ્ર પાપોથી રહિત થઈને |
| **પ્રયત્નાત્** | = પ્રયત્નપૂર્વક | | |
| **યતમાનઃ** | = અભ્યાસ કરનાર | **તતઃ** | = પછી તત્કાળ જ |
| **યોગી** | = યોગી તો | **પરામ્** | = પરમ |
| **અનેકજન્મ-સંસિદ્ધઃ** | = પાછલા અનેક જન્મો-ના સંસ્કારબળે આ જ જન્મે સંસિદ્ધ થઈ | **ગતિમ્** | = ગતિને |
| | | **યાતિ** | = પામે છે. |

તપસ્વિભ્યઃ, અધિકઃ, યોગી, જ્ઞાનિભ્યઃ, અપિ, મતઃ, અધિકઃ,
કર્મિભ્યઃ, ચ, અધિકઃ, યોગી, તસ્માત્, યોગી, ભવ, અર્જુન ॥ ૪૬॥

| | |
|---|---|
| **યોગી** | = યોગી |
| **તપસ્વિભ્યઃ** | = તપસ્વીઓ કરતાં |
| **અધિકઃ** | = શ્રેષ્ઠ છે, |
| **જ્ઞાનિભ્યઃ** | = શાસ્ત્રજ્ઞોથી |
| **અપિ** | = પણ |
| **અધિકઃ** | = શ્રેષ્ઠ |
| **મતઃ** | = મનાયો છે |
| **ચ** | = અને |
| **કર્મિભ્યઃ** | = સકામ કર્મ કરનારાઓથીય |
| **યોગી** | = યોગી |
| **અધિકઃ** | = શ્રેષ્ઠ છે; |
| **તસ્માત્** | = માટે |
| **અર્જુન** | = હે અર્જુન! (તું) |
| **યોગી** | = યોગી |
| **ભવ** | = થા. |

યોગિનામ્, અપિ, સર્વેષામ્, મદ્ગતેન, અન્તરાત્મના,
શ્રદ્ધાવાન્, ભજતે, યઃ, મામ્, સઃ, મે, યુક્તતમઃ, મતઃ ॥ ૪૭॥

અને હે વહાલા

| | |
|---|---|
| **સર્વેષામ્** | = સઘળા |
| **યોગિનામ્** | = યોગીઓમાં |
| **અપિ** | = પણ |
| **યઃ** | = જે |
| **શ્રદ્ધાવાન્** | = શ્રદ્ધાવાન યોગી |
| **મદ્ગતેન** | = મારામાં જોડાયેલા |
| **અન્તરાત્મના** | = અન્તરાત્માથી |
| **મામ્** | = મને |
| **ભજતે** | = (નિરંતર) ભજે છે, |
| **સઃ** | = એ યોગી |
| **મે** | = મને |
| **યુક્તતમઃ** | = સૌથી શ્રેષ્ઠ |
| **મતઃ** | = માન્ય છે. |

**શ્રીમદ ભગવત ગીતા અધ્યાય-7 કેટલાક શ્લોકોની ફોટોકોપીઃ-**

## સાતમો અધ્યાય

મયિ, આસક્તમનાઃ, પાર્થ, યોગમ્, યુઞ્જન્, મદાશ્રયઃ,
અસંશયમ્, સમગ્રમ્, મામ્, યથા, જ્ઞાસ્યસિ, તત્, શૃણુ ॥ ૧॥

| | | | |
|---|---|---|---|
| **પાર્થ** | = હે પાર્થ! | **સમગ્રમ્** | = સંપૂર્ણ વિભૂતિ, બળ, ઐશ્વર્ય આદિ ગુણો સહિત સૌના આત્મારૂપ |
| **મયિ** | | **મામ્** | = મને |
| **આસક્તમનાઃ** | = અનન્ય પ્રેમથી મારામાં ચિત્તને પરોવનાર (તથા) | **અસંશયમ્** | = વિના સંશયે |
| **મદાશ્રયઃ** | = (અનન્ય ભાવથી) મારે પરાયણ થઈને | **જ્ઞાસ્યસિ** | = જાણીશ, |
| **યોગમ્** | = યોગમાં | **તત્** | = એને |
| **યુઞ્જન્** | = જોડાયેલો (તું) | **શૃણુ** | = સાંભળ. |
| **યથા** | = જે રીતે | | |

જ્ઞાનમ્, તે, અહમ્, સવિજ્ઞાનમ્, ઇદમ્, વક્ષ્યામિ, અશેષતઃ,
યત્, જ્ઞાત્વા, ન, ઇહ, ભૂયઃ, અન્યત્, જ્ઞાતવ્યમ્, અવશિષ્યતે ॥ ૨॥

| | | | |
|---|---|---|---|
| **અહમ્** | = હું | **યત્** | = જેને |
| **તે** | = તારે માટે | **જ્ઞાત્વા** | = જાણીને |
| **ઇદમ્** | = આ | **ઇહ** | = સંસારમાં |
| **સવિજ્ઞાનમ્** | = વિજ્ઞાનસહિત | **ભૂયઃ** | = ફરી |
| **જ્ઞાનમ્** | = તત્ત્વજ્ઞાનને | **અન્યત્** | = બીજું કશું પણ |
| **અશેષતઃ** | = સંપૂર્ણપણે | **જ્ઞાતવ્યમ્** | = જાણવાલાયક |
| **વક્ષ્યામિ** | = કહીશ, | **ન, અવશિષ્યતે** | = શેષ નથી રહેતું. |

મનુષ્યાણામ્, સહસ્રેષુ, કશ્ચિત્, યતતિ, સિદ્ધયે,
યતતામ્, અપિ, સિદ્ધાનામ્, કશ્ચિત્, મામ્, વેત્તિ, તત્ત્વતઃ ॥ ૩॥

| | | | |
|---|---|---|---|
| **સહસ્રેષુ** | = હજારો | **કશ્ચિત્** | = કોઈ એક |
| **મનુષ્યાણામ્** | = માણસોમાંથી | **સિદ્ધયે** | = મને પામવા માટે |

**યતતિ** = પ્રયત્ન કરે છે (અને એ)
**યતતામ્** = પ્રયત્ન કરનાર
**સિદ્ધાનામ્** = યોગીઓમાંથી
**અપિ** = પણ
**કશ્ચિત્** = કોઈ એક (મારે પરાયણ થઈને)
**મામ્** = મને
**તત્વતઃ** = તત્ત્વથી એટલે કે યથાર્થરૂપે
**વેત્તિ** = ઓળખી શકે છે.

ભૂમિઃ, આપઃ, અનલઃ, વાયુ, ખમ્, મનઃ, બુદ્ધિઃ, એવ, ચ,
અહઙ્કારઃ, ઈતિ, ઈયમ્, મે, ભિન્ના, પ્રકૃતિઃ, અષ્ટધા ॥૪॥
અપરા, ઈયમ્, ઈતઃ, તુ, અન્યામ્, પ્રકૃતિમ્, વિદ્ધિ, મે, પરામ્
જીવભૂતામ્, મહાબાહો, યયા, ઈદમ્, ધાર્યતે, જગત્ ॥૫॥

**ભૂમિઃ** = પૃથ્વી
**આપઃ** = જળ,
**અનલઃ** = અગ્નિ,
**વાયુઃ** = વાયુ,
**ખમ્** = આકાશ,
**મનઃ** = મન,
**બુદ્ધિ** = બુદ્ધિ
**ચ** = અને
**અહઙ્કારઃ** = અહંકાર
**એવ** = પણ –
**ઈતિ** = આ પ્રમાણે
**ઈયમ્** = આ
**અષ્ટધા** = આઠ પ્રકારે
**ભિન્ના** = વિભાગ પામેલી
**મે** = મારી
**પ્રકૃતિઃ** = પ્રકૃતિ છે.
**ઈયમ્** = આ (આઠ પ્રકારના ભેદની)
**તુ** = તો
**અપરા** = અપરા એટલે કે મારી જડ પ્રકૃતિ છે (અને)
**મહાબાહો** = હે મહાબાહો!
**ઈતઃ** = આના સિવાયની
**અન્યામ્** = બીજીને,
**યયા** = જેનાથી
**ઈદમ્** = આ (આખું)
**જગત્** = જગત
**ધાર્યતે** = ધારણ કરાય છે – (એને)
**મે** = મારી
**જીવભૂતામ્** = જીવરૂપા
**પરામ્** = પરા એટલે કે ચેતન
**પ્રકૃતિમ્** = પ્રકૃતિ
**વિદ્ધિ** = જાણ.

એતદ્યોનીનિ, ભૂતાનિ, સર્વાણિ, ઈતિ, ઉપધારય,
અહમ્, કૃત્સ્નસ્ય, જગતઃ, પ્રભવઃ, પ્રલયઃ, તથા ॥ ૬॥

| | | | |
|---|---|---|---|
| **ઈતિ** | = (હે અર્જુન! તું) એમ | **અહમ્** | = હું |
| **ઉપધારય** | = સમજ (કે) | **કૃત્સ્નસ્ય** | = આખાય |
| **સર્વાણિ** | = સઘળા | **જગતઃ** | = જગતનો |
| **ભૂતાનિ** | = જીવો | **પ્રભવઃ** | = પ્રભવ |
| **એતદ્યોનીનિ** | = આ બન્ને પ્રકૃતિઓથી જ ઉત્પન્ન થવાવાળા છે (અને) | **તથા** | = તેમજ |
| | | **પ્રલયઃ** | = પ્રલય છું (એટલે કે સકળ જગતનું મૂળ કારણ છું). |

મત્તઃ, પરતરમ્, ન, અન્યત્, કિઞ્ચિત્, અસ્તિ, ધનઞ્જય,
મયિ, સર્વમ્, ઈદમ્, પ્રોતમ્, સૂત્રે, મણિગણાઃ, ઈવ ॥ ૭॥

| | | | |
|---|---|---|---|
| **ધનઞ્જય** | = હે ધનંજય! | **સર્વમ્** | = આખું (જગત) |
| **મત્તઃ** | = મારા સિવાય | **સૂત્રે** | = સૂતરમાં (પરોવાયેલા) |
| **અન્યત્** | = બીજું | **મણિગણાઃ** | = મણિઓની |
| **કિઞ્ચિત્** | = કોઈ પણ | **ઈવ** | = પેઠે |
| **પરતરમ્** | = પરમ (કારણ) | **મયિ** | = મારામાં |
| **ન અસ્તિ** | = નથી; | **પ્રોતમ્** | = ગૂંથાયેલું છે. |
| **ઈદમ્** | = આ | | |

રસઃ, અહમ્, અપ્સુ, કૌન્તેય, પ્રભા, અસ્મિ, શશિસૂર્યયોઃ,
પ્રણવઃ, સર્વવેદેષુ, શબ્દઃ, ખે, પૌરુષમ્, નૃષુ ॥ ૮॥

| | | | |
|---|---|---|---|
| **કૌન્તેય** | = હે કૌન્તેય! | **અસ્મિ** | = છું, |
| **અહમ્** | = હું | **સર્વવેદેષુ** | = બધા વેદોમાં |
| **અપ્સુ** | = જળમાં | **પ્રણવઃ** | = ઓંકાર (છું), |
| **રસઃ** | = રસ (છું), | **ખે** | = આકાશમાં |
| **શશિસૂર્યયોઃ** | = ચન્દ્ર તેમજ સૂર્યમાં | **શબ્દઃ** | = શબ્દ (અને) |
| **પ્રભા** | = પ્રકાશ | **નૃષુ** | = પુરુષોમાં |
| | | **પૌરુષમ્** | = પુરુષત્વ (છું) |

પુણ્યઃ, ગન્ધઃ, પૃથિવ્યામ્, ચ, તેજઃ, ચ, અસ્મિ, વિભાવસૌ,
જીવનમ્, સર્વભૂતેષુ, તપઃ, ચ, અસ્મિ, તપસ્વિષુ ॥૯॥

| | | | |
|---|---|---|---|
| **પૃથિવ્યામ્** | = (હું) પૃથ્વીમાં | **સર્વભૂતેષુ** | = બધાં પ્રાણીઓમાં (તેમનું) |
| **પુણ્યઃ** | = પવિત્ર | **જીવનમ્** | = જીવન (છું) |
| **ગન્ધઃ** | = ગન્ધ | **ચ** | = અને |
| **ચ** | = અને | **તપસ્વિષુ** | = તપસ્વીઓમાં |
| **વિભાવસૌ** | = અગ્નિમાં | **તપઃ** | = તપ |
| **તેજ :** | = તેજ | **અસ્મિ** | = છું. |
| **અસ્મિ** | = છું | | |
| **ચ** | = તથા | | |

બીજમ્, મામ્, સર્વભૂતાનામ્, વિદ્ધિ, પાર્થ, સનાતનમ્,
બુદ્ધિઃ, બુદ્ધિમતામ્, અસ્મિ, તેજઃ, તેજસ્વિનામ્, અહમ્ ॥૧૦॥

| | | | |
|---|---|---|---|
| **પાર્થ** | = હે પાર્થ! (તું) | **અહમ્** | = હું |
| **સર્વભૂતાનામ્** | = સર્વ જીવોનું | **બુદ્ધિમતામ્** | = બુદ્ધિમાનોની |
| **સનાતનમ્** | = સનાતન | **બુદ્ધિઃ** | = બુદ્ધિ (તથા) |
| **બીજમ્** | = બીજ | **તેજસ્વિનામ્** | = તેજસ્વીઓનું |
| **મામ્** | = મને (જ) | **તેજઃ** | = તેજ |
| **વિદ્ધિ** | = જાણ; | **અસ્મિ** | = છું. |

બલમ્, બલવતામ્, ચ, અહમ્, કામરાગવિવર્જિતમ્,
ધર્માવિરુદ્ધઃ, ભૂતેષુ, કામઃ, અસ્મિ, ભરતર્ષભ ॥૧૧॥

| | | | |
|---|---|---|---|
| **ભરતર્ષભ** | = હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ! | **બલમ્** | = બળ એટલે કે સામર્થ્ય છું |
| **અહમ્** | = હું | **ચ** | = અને |
| **બલવતામ્** | = બળવાનોનું | **ભૂતેષુ** | = સહુ જીવોમાં |
| **કામરાગ-વિવર્જિતમ્** | = આસક્તિ તથા કામનાઓ વિનાનું | **ધર્માવિરુદ્ધઃ** | = ધર્મને અનુકૂળ એટલે કે શાસ્ત્રને અનુકૂળ |
| | | **કામઃ** | = કામ |
| | | **અસ્મિ** | = છું. |

યે, ચ, એવ, સાત્ત્વિકાઃ, ભાવાઃ, રાજસાઃ, તામસાઃ, ચ, યે,
મત્તઃ, એવ, ઈતિ, તાન્, વિદ્ધિ, ન, તુ, અહમ્, તેષુ, તે, મયિ ॥ ૧૨॥

**ચ** = અને
**એવ** = વળી
**યે** = જે
**સાત્ત્વિકાઃ** = સત્ત્વગુણમાંથી ઉદ્ભવતા
**ભાવાઃ** = ભાવો છે (તેમજ)
**યે** = જે
**રાજસાઃ** = રજોગુણથી
**ચ** = અને
**તામસાઃ** = તમોગુણથી થતા ભાવો છે,
**તાન્** = એ બધાને (તું)
**મત્તઃ એવ** = મારાથી જ (થનારા છે)
**ઈતિ** = એમ
**વિદ્ધિ** = સમજ;
**તુ** = એમ હોવા છતાં પણ (વાસ્તવમાં)
**તેષુ** = તેમનામાં
**અહમ્** = હું (કે)
**તે** = તેઓ
**મયિ** = મારામાં
**ન** = નથી.

ત્રિભિઃ, ગુણમયૈઃ, ભાવૈઃ, એભિઃ, સર્વમ્, ઈદમ્, જગત્,
મોહિતમ્, ન, અભિજાનાતિ, મામ્, એભ્યઃ, પરમ્, અવ્યયમ્ ॥ ૧૩॥

**ગુણમયૈઃ** = ગુણોનાં કાર્યરૂપ સાત્ત્વિક, રાજસ અને તામસ એવા
**એભિઃ** = આ
**ત્રિભિઃ** = ત્રણેય પ્રકારના
**ભાવૈઃ** = ભાવોથી
**ઈદમ્** = આ
**સર્વમ્** = આખો
**જગત્** = સંસાર-પ્રાણી સમુદાય
**મોહિતમ્** = મોહ પામી રહ્યો છે, (માટે જ)
**એભ્યઃ** = આ ત્રણેય ગુણોથી
**પરમ્** = પર (એવા)
**મામ્** = મુજ
**અવ્યયમ્** = અવિનાશીને
**ન** = નથી
**અભિજાનાતિ** = ઓળખતો.

દૈવી, હિ, એષા, ગુણમયી, મમ, માયા, દુરત્યયા,
મામ્, એવ, યે, પ્રપદ્યન્તે, માયામ્, એતામ્, તરન્તિ, તે ॥ ૧૪॥

**હિ** = કેમકે
**એષા** = આ
**દૈવી** = અલૌકિક અર્થાત્ ઘણી અદ્ભુત
**ગુણમયી** = ત્રિગુણમયી
**મમ** = મારી
**માયા** = માયા
**દુરત્યયા** = પાર કરવી ઘણી કઠિન છે, (પરંતુ)
**યે** = જે માણસો
**મામ્** = (માત્ર) મને
**એવ** = જ
**પ્રપદ્યન્તે** = (નિરંતર) ભજે છે,
**તે** = તેઓ
**એતામ્** = આ
**માયામ્** = માયાને
**તરન્તિ** = પાર કરી જાય છે એટલે કે સંસાર-સાગરને તરી જાય છે.

ન, મામ્, દુષ્કૃતિનઃ, મૂઢાઃ, પ્રપદ્યન્તે, નરાધમાઃ,
માયયા, અપહૃતજ્ઞાનાઃ, આસુરમ્, ભાવમ્, આશ્રિતાઃ ॥ ૧૫॥

| | | | |
|---|---|---|---|
| **માયયા** | = માયા વડે | **નરાધમાઃ** | = મનુષ્યોમાં અધમ, |
| **અપહૃતજ્ઞાનાઃ** | = જેમનું જ્ઞાન હરાયેલું છે, એવાં | **દુષ્કૃતિનઃ** | = દૂષિત કર્મ કરનાર |
| | | **મૂઢાઃ** | = મૂઢ જનો |
| **આસુરમ્** | = આસુરી સ્વભાવને | **મામ્** | = મને |
| **ભાવમ્** | | **ન** | = નથી |
| **આશ્રિતાઃ** | = ધારણ કરેલા | **પ્રપદ્યન્તે** | = ભજતા. |

ચતુર્વિધાઃ, ભજન્તે, મામ્, જનાઃ, સુકૃતિનઃ, અર્જુન,
આર્તઃ, જિજ્ઞાસુઃ, અર્થાર્થી, જ્ઞાની, ચ, ભરતર્ષભ ॥ ૧૬॥

| | | | |
|---|---|---|---|
| **ભરતર્ષભ** | = હે ભરતશ્રેષ્ઠ | **ચ** | = અને |
| **અર્જુન** | અર્જુન! | **જ્ઞાની** | = જ્ઞાની – (એવા) |
| **સુકૃતિનઃ** | = ઉત્તમ કર્મ કરનાર | **ચતુર્વિધાઃ** | = ચાર પ્રકારના |
| **અર્થાર્થી** | = અર્થાર્થી, | **જનાઃ** | = ભક્તજનો |
| **આર્તઃ** | = આર્ત | **મામ્** | = મને |
| **જિજ્ઞાસુઃ** | = જિજ્ઞાસુ | **ભજન્તે** | = ભજે છે. |

તેષામ્, જ્ઞાની, નિત્યયુક્તઃ, એકભક્તિઃ, વિશિષ્યતે,
પ્રિયઃ, હિ, જ્ઞાનિનઃ, અત્યર્થમ્, અહમ્, સઃ, ચ, મમ, પ્રિયઃ ॥ ૧૭॥

| | | | |
|---|---|---|---|
| **તેષામ્** | = એમનામાંથી | **જ્ઞાનિનઃ** | = (મને તત્ત્વથી ઓળખનાર) જ્ઞાનીને |
| **નિત્યયુક્તઃ** | = હંમેશાં મારામાં એકાત્મભાવે સ્થિત, | **અહમ્** | = હું |
| **એકભક્તિઃ** | = અનન્ય પ્રેમભક્તિ રાખનાર | **અત્યર્થમ્** | = અત્યંત |
| | | **પ્રિયઃ** | = પ્રિય છું |
| **જ્ઞાની** | = જ્ઞાની ભક્ત | **ચ** | = અને |
| **વિશિષ્યતે** | = ઘણો શ્રેષ્ઠ છે; | **સઃ** | = એ જ્ઞાની |
| **હિ** | = કેમકે | **મમ** | = મને |
| | | **પ્રિયઃ** | = (અત્યંત) પ્રિય છે. |

ઉદારાઃ, સર્વે, એવ, એતે, જ્ઞાની, તુ, આત્મા, એવ, મે, મતમ્,
આસ્થિતઃ, સઃ, હિ, યુક્તાત્મા, મામ્, એવ, અનુત્તમામ્, ગતિમ્ ॥ ૧૮॥

| | | | |
|---|---|---|---|
| **એતે** | = આ | **સઃ** | = એ |
| **સર્વે, એવ** | = બધાય (ભક્તો) | **યુક્તાત્મા** | = મારામાં જ મન તથા બુદ્ધિ રાખનાર (જ્ઞાની ભક્ત) |
| **ઉદારાઃ** | = ઉદાર છે, | **અનુત્તમામ્** | = અતિ ઉત્તમ |
| **તુ** | = છતાં (એ સર્વેમાં) | **ગતિમ્** | = ગતિસ્વરૂપ (એવો) |
| **જ્ઞાની** | = જ્ઞાની (તો સાક્ષાત્) | **મામ્** | = મારામાં |
| **આત્મા** | = મારું સ્વરૂપ | **એવ** | = જ |
| **એવ** | = જ છે, (એવો) | **આસ્થિતઃ** | = સમ્યક્ રીતે સ્થિત છે. |
| **મે** | = મારો | | |
| **મતમ્** | = મત છે; | | |
| **હિ** | = કેમકે | | |

બહૂનામ્, જન્મનામ્, અન્તે, જ્ઞાનવાન્, મામ્, પ્રપદ્યતે,
વાસુદેવઃ, સર્વમ્, ઈતિ, સઃ, મહાત્મા, સુદુર્લભઃ ॥ ૧૯॥

| | | | |
|---|---|---|---|
| **બહૂનામ્** | = ઘણા | **ઈતિ** | = એવા ભાવે |
| **જન્મનામ્** | = જન્મો પછીના | **મામ્** | = મને |
| **અન્તે** | = અંતિમ જન્મમાં | **પ્રપદ્યતે** | = ભજે છે; |
| **જ્ઞાનવાન્** | = તત્ત્વજ્ઞાન પામેલો માણસ | **સઃ** | = એ |
| **સર્વમ્** | = 'સર્વ કાંઈ | **મહાત્મા** | = મહાત્મા |
| **વાસુદેવઃ** | = વાસુદેવ જ છે' | **સુદુર્લભઃ** | = ઘણો દુર્લભ છે. |

કામૈઃ, તૈઃ, તૈઃ, હૃતજ્ઞાનાઃ, પ્રપદ્યન્તે, અન્યદેવતાઃ,
તમ્, તમ્, નિયમમ્, આસ્થાય, પ્રકૃત્યા, નિયતાઃ, સ્વયા ॥ ૨૦॥

| | | | |
|---|---|---|---|
| **તૈઃ, તૈઃ** | = એ - એ | **નિયતાઃ** | = પ્રેરાઈને |
| **કામૈઃ** | = ભોગોની કામના વડે | **તમ્, તમ્** | = તે - તે |
| **હૃતજ્ઞાનાઃ** | = જેમનું જ્ઞાન હરાઈ ચુક્યું છે, એવાં માણસો | **નિયમમ્** | = નિયમને |
| **સ્વયા** | = પોતાના | **આસ્થાય** | = ધારણ કરીને |
| **પ્રકૃત્યા** | = સ્વભાવથી | **અન્યદેવતાઃ** | = અન્ય દેવતાઓને |
| | | **પ્રપદ્યન્તે** | = ભજે છે એટલે કે ઉપાસે છે. |

યઃ, યઃ, યામ્, યામ્, તનુમ્, ભક્તઃ, શ્રદ્ધયા, અર્ચિતુમ્, ઈચ્છતિ,
તસ્ય, તસ્ય, અચલામ્, શ્રદ્ધામ્, તામ્, એવ, વિદધામિ, અહમ્ ॥ ૨૧॥

| | | | |
|---|---|---|---|
| **યઃ, યઃ** | = જે-જે | **તસ્ય, તસ્ય** | = તે-તે ભક્તની |
| **ભક્તઃ** | = સકામ ભક્ત | **શ્રદ્ધામ્** | = શ્રદ્ધાને |
| **યામ્, યામ્** | = જે-જે | **અહમ્** | = હું |
| **તનુમ્** | = દેવતાના સ્વરૂપને | **તામ્, એવ** | = એ જ દેવતા પ્રત્યે |
| **શ્રદ્ધયા** | = શ્રદ્ધાથી | **અચલામ્** | = દૃઢ |
| **અર્ચિતુમ્** | = પૂજવા | **વિદધામિ** | = કરું છું. |
| **ઈચ્છતિ** | = ઈચ્છે છે, | | |

સઃ, તયા, શ્રદ્ધયા, યુક્તઃ, તસ્ય, આરાધનમ્, ઈહતે,
લભતે, ચ, તતઃ, કામાન્, મયા, એવ, વિહિતાન્, હિ, તાન્ ॥ ૨૨॥

| | | | |
|---|---|---|---|
| **સઃ** | = એ માણસ | **તતઃ** | = એ દેવતા પાસેથી |
| **તયા** | = એ | **મયા** | = મારા વડે |
| **શ્રદ્ધયા** | = શ્રદ્ધાથી | **એવ** | = જ |
| **યુક્તઃ** | = યુક્ત થઈને | **વિહિતાન્** | = વિધાન કરેલા |
| **તસ્ય** | = એ દેવતાનું | **તાન્** | = એ |
| **આરાધનમ્** | = પૂજન | **કામાન્** | = ઈચ્છેલા ભોગો |
| **ઈહતે** | = કરે છે | **હિ** | = નિઃસંદેહ |
| **ચ** | = અને | **લભતે** | = પામે છે. |

અન્તવત્, તુ, ફલમ્, તેષામ્, તત્, ભવતિ, અલ્પમેધસામ્,
દેવાન્, દેવયજઃ, યાન્તિ, મદ્ભક્તાઃ, યાન્તિ, મામ્, અપિ ॥ ૨૩॥

| | | | |
|---|---|---|---|
| **તુ** | = પરંતુ | **દેવાન્** | = દેવતાઓને |
| **તેષામ્** | = એ | **યાન્તિ** | = પામે છે; (જ્યારે) |
| **અલ્પમેધસામ્** | = અલ્પબુદ્ધિજનોનું | **મદ્ભક્તાઃ** | = મારા ભક્તો (ભલે ગમે તેમ ભજે, છેવટે તેઓ) |
| **તત્** | = એ | | |
| **ફલમ્** | = ફળ | | |
| **અન્તવત્** | = નાશવંત | **મામ્** | = મને |
| **ભવતિ** | = હોય છે, (તેમજ એ) | **અપિ** | = જ |
| **દેવયજઃ** | = દેવતાઓને પૂજવાવાળા | **યાન્તિ** | = પામે છે. |

અવ્યક્તમ્, વ્યક્તિમ્, આપન્નમ્, મન્યન્તે, મામ્, અબુદ્ધયઃ,
પરમ્, ભાવમ્, અજાનન્તઃ, મમ, અવ્યયમ્, અનુત્તમમ્ ॥ ૨૪॥

| | |
|---|---|
| **અબુદ્ધયઃ** | = અજ્ઞાનીઓ |
| **મમ** | = મારા |
| **અનુત્તમમ્** | = સર્વશ્રેષ્ઠ |
| **અવ્યયમ્** | = અવિનાશી |
| **પરમ્** | = પરમ |
| **ભાવમ્** | = ભાવને |
| **અજાનન્તઃ** | = નહિ ઓળખીને |
| **અવ્યક્તમ્** | = અવ્યક્ત અર્થાત્ મન-ઇન્દ્રિયોથી પર (એવા) |
| **મામ્** | = મુજ સચ્ચિદાનંદઘન પરમાત્માને (માણસની પેઠે જન્મ લઈને) |
| **વ્યક્તિમ્** | = વ્યક્તિભાવને |
| **આપન્નમ્** | = પામનાર |
| **મન્યન્તે** | = માને છે. |

ન, અહમ્, પ્રકાશઃ, સર્વસ્ય, યોગમાયાસમાવૃતઃ,
મૂઢઃ, અયમ્, ન, અભિજાનાતિ, લોકઃ, મામ્, અજમ્, અવ્યયમ્ ॥ ૨૫॥

| | |
|---|---|
| **યોગમાયા-** | = પોતાની યોગમાયા |
| **સમાવૃતઃ** | = સંતાયેલો |
| **અહમ્** | = હું |
| **સર્વસ્ય** | = સૌને |
| **પ્રકાશઃ** | = પ્રત્યક્ષ |
| **ન** | = નથી થતો, (માટે) |
| **અયમ્** | = આ |
| **મૂઢઃ** | = અજ્ઞાની |
| **લોકઃ** | = જનસમુદાય |
| **મામ્** | = મુજ |
| **અજમ્** | = અજન્મા |
| **અવ્યયમ્** | = અવિનાશી પરમેશ્વરને |
| **ન** | = નથી |
| **અભિજાનાતિ** | = ઓળખી શકતો એટલે કે મને જન્મ-મરણશીલ સમજે છે. |

વેદ, અહમ્, સમતીતાનિ, વર્તમાનાનિ, ચ, અર્જુન,
ભવિષ્યાણિ, ચ, ભૂતાનિ, મામ્, તુ, વેદ, ન, કશ્ચન ॥ ૨૬॥

| | |
|---|---|
| **અર્જુન** | = હે અર્જુન! |
| **સમતીતાનિ, ચ** | = પૂર્વે થઈ ગયેલા અને |
| **વર્તમાનાનિ** | = વર્તમાનમાં હયાત |
| **ચ** | = તથા |
| **ભવિષ્યાણિ** | = ભવિષ્યમાં થનાર |
| **ભૂતાનિ** | = સર્વ ભૂતોને |
| **અહમ્** | = હું |
| **વેદ** | = જાણું છું, |
| **તુ** | = પરંતુ |
| **મામ્** | = મને |
| **કશ્ચન** | = કોઈ પણ (શ્રદ્ધાભક્તિ વિનાનો માણસ) |
| **ન** | = નથી |
| **વેદ** | = જાણી શકતો. |

ઇચ્છાદ્વેષસમુત્થેન, દ્વન્દ્વમોહેન, ભારત,
સર્વભૂતાનિ, સમ્મોહમ્, સર્ગે, યાન્તિ, પરન્તપ ॥ ૨૭॥

**ભારત** = હે ભરતવંશી
**પરન્તપ** = અર્જુન!
**સર્ગે** = સંસારમાં
**ઈચ્છાદ્વેષ-** = ઈચ્છા અને દ્વેષથી
**સમુત્થેન** ઉદ્ભવેલા
**દ્વન્દ્વમોહેન** = સુખ-દુઃખ આદિ દ્વંદ્વ- સ્વરૂપ મોહને લીધે
**સર્વભૂતાનિ** = સઘળાં પ્રાણીઓ
**સમ્મોહમ્** = અત્યંત અજ્ઞતાને
**યાન્તિ** = પામી રહ્યાં છે.

યેષામ્, તુ, અન્તગતમ્, પાપમ્, જનાનામ્, પુણ્યકર્મણામ્,
તે, દ્વન્દ્વમોહનિર્મુક્તાઃ, ભજન્તે, મામ્, દૃઢવ્રતાઃ ॥ ૨૮॥

**તુ** = પરંતુ
**પુણ્યકર્મણામ્** = (નિષ્કામભાવે) ઉત્તમ કર્મોનું આચરણ કરનારા
**યેષામ્** = જે
**જનાનામ્** = માણસોનું
**પાપમ્** = પાપ
**અન્તગતમ્** = નષ્ટ થઈ ચુક્યું છે,
**તે** = એ
**દ્વન્દ્વમોહ-નિર્મુક્તાઃ** = રાગદ્વેષજનિત દ્વંદ્વસ્વરૂપ મોહથી મુક્ત થયેલા
**દૃઢવ્રતાઃ** = દૃઢનિશ્ચયી ભક્તો
**મામ્** = મને
**ભજન્તે** = (સર્વ રીતે) ભજે છે.

જરામરણમોક્ષાય, મામ્, આશ્રિત્ય, યતન્તિ, યે,
તે, બ્રહ્મ, તત્, વિદુઃ, કૃત્સ્નમ્, અધ્યાત્મમ્, કર્મ, ચ, અખિલમ્ ॥ ૨૯॥

**યે** = જેઓ
**મામ્** = મારે
**આશ્રિત્ય** = શરણે થઈને
**જરામરણ-મોક્ષાય** = જરા અને મરણમાંથી છૂટવા માટે
**યતન્તિ** = પ્રયત્ન કરે છે,
**તે** = એ (માણસો)
**તત્** = એ
**બ્રહ્મ** = બ્રહ્મને,
**કૃત્સ્નમ્** = સમગ્ર
**અધ્યાત્મમ્** = અધ્યાત્મને
**ચ** = તેમજ
**અખિલમ્** = સંપૂર્ણ
**કર્મ** = કર્મને
**વિદુઃ** = ઓળખી લે છે.

સાધિભૂતાધિદૈવમ્, મામ્, સાધિયજ્ઞમ્, ચ, યે, વિદુઃ,
પ્રયાણકાલે, અપિ, ચ, મામ્, તે, વિદુઃ, યુક્તચેતસઃ ॥ ૩૦॥

**યે** = જે માણસો
**સાધિભૂતાધિ-દૈવમ્** = અધિભૂત અને અધિદૈવસહિત
**ચ** = તેમજ
**સાધિયજ્ઞમ્** = અધિયજ્ઞસહિત
**મામ્** = (સૌના આત્મા-સ્વરૂપ) મને
**પ્રયાણકાલે** = અંતકાળે
**અપિ** = પણ
**વિદુઃ** = ઓળખી લે છે
**તે** = એ
**યુક્તચેતસઃ** = મારામાં ચિત્ત પરોવેલા માણસો
**મામ્** = મને
**ચ** = જ
**વિદુઃ** = ઓળખી લે છે એટલે કે પામી જાય છે.

**શ્રીમદ ભગવત ગીતા અધ્યાય-8ના કેટલાક શ્લોકોની ફોટોકોપીઃ-**

# અધ્યાય આઠ

કિમ્, તત્, બ્રહ્મ, કિમ્, અધ્યાત્મમ્, કિમ્, કર્મ, પુરુષોત્તમ,
અધિભૂતમ્, ચ, કિમ્, પ્રોક્તમ્, અધિદૈવમ્, કિમ્, ઉચ્યતે ॥૧॥

**અર્જુન બોલ્યા :**

| | | | |
|---|---|---|---|
| **પુરુષોત્તમ** | = હે પુરુષોત્તમ! | **અધિભૂતમ્** | = અધિભૂત (નામથી) |
| **તત્** | = એ | **કિમ્** | = શું |
| **બ્રહ્મ** | = બ્રહ્મ | **પ્રોક્તમ્** | = કહેવાયું છે |
| **કિમ્** | = શું છે? | **ચ** | = અને |
| **અધ્યાત્મમ્** | = અધ્યાત્મ | **અધિદૈવમ્** | = અધિદૈવ |
| **કિમ્** | = શું છે? | **કિમ્** | = કોને |
| **કર્મ** | = કર્મ | **ઉચ્યતે** | = કહે છે? |
| **કિમ્** | = શું છે? | | |

અધિયજ્ઞઃ, કથમ્, કઃ, અત્ર, દેહે, અસ્મિન્, મધુસૂદન્,
પ્રયાણકાલે, ચ, કથમ્, જ્ઞેયઃ, અસિ, નિયતાત્મભિઃ ॥૨॥

| | | | |
|---|---|---|---|
| **મધુસૂદન** | = હે મધુસૂદન! | **ચ** | = તથા |
| **અત્ર** | = આ પ્રસંગે | **નિયતાત્મભિઃ** | = તમારામાં ચિત્ત પરોવેલા માણસો વડે |
| **અધિયજ્ઞઃ** | = અધિયજ્ઞ | | |
| **કઃ** | = કોણ છે? (અને તે) | **પ્રયાણકાલે** | = અન્તકાળે (તમે) |
| **અસ્મિન્** | = આ | **કથમ્** | = કયા પ્રકારે |
| **દેહે** | = શરીરમાં | **જ્ઞેયઃ** | = ઓળખી શકાઓ |
| **કથમ્** | = કેવી રીતે છે? | **અસિ** | = છો? |

અક્ષરમ્, બ્રહ્મ, પરમમ્, સ્વભાવઃ, અધ્યાત્મમ્, ઉચ્યતે,
ભૂતભાવોદ્ભવકરઃ, વિસર્ગઃ, કર્મસઞ્જ્ઞિતઃ ॥૩॥

**શ્રીભગવાન બોલ્યા :**

| | | | |
|---|---|---|---|
| **પરમમ્** | = પરમ | **ભૂતભાવોદ્ભવકરઃ** | = ભૂતોના ભાવને ઉત્પન્ન કરવાવાળો (જે) |
| **અક્ષરમ્** | = અક્ષર | | |
| **બ્રહ્મ** | = 'બ્રહ્મ' છે, | | |
| **સ્વભાવઃ** | = પોતાનું સ્વરૂપ અર્થાત્ જીવાત્મા | **વિસર્ગઃ** | = ત્યાગ છે (તે) |
| **અધ્યાત્મમ્** | = 'અધ્યાત્મ' (નામે) | | |
| **ઉચ્યતે** | = કહેવાય છે (તથા) | **કર્મસઞ્જ્ઞિતઃ** | = 'કર્મ' નામે ઓળખાયો છે. |

અધિભૂતમ્, ક્ષરઃ, ભાવઃ, પુરુષઃ, ચ, અધિદૈવતમ્,
અધિયજ્ઞઃ, અહમ્, એવ, અત્ર, દેહે, દેહભૃતામ્, વર ॥ ૪॥

| | | | |
|---|---|---|---|
| **ક્ષરઃ ભાવઃ** | = ઉત્પત્તિ-વિનાશશીલ પ્રત્યેક પદાર્થ | **અત્ર** | = આ |
| **અધિભૂતમ્** | = 'અધિભૂત' છે, | **દેહે** | = શરીરમાં |
| **પુરુષઃ** | = હિરણ્યમય પુરુષ* | **અહમ્** | = હું વાસુદેવ |
| **અધિદૈવતમ્** | = 'અધિદૈવ' છે | **એવ** | = જ |
| **ચ** | = અને | **અધિયજ્ઞઃ** | = (અંતર્યામી સ્વરૂપે) 'અધિયજ્ઞ' છું. |
| **દેહભૃતામ્ વર** | = હે દેહધારીઓમાં શ્રેષ્ઠ અર્જુન! | | |

અન્તકાલે, ચ, મામ્, એવ, સ્મરન્, મુક્ત્વા, કલેવરમ્,
યઃ, પ્રયાતિ, સઃ, મદ્ભાવમ્, યાતિ, ન, અસ્તિ, અત્ર, સંશયઃ ॥ ૫॥

| | | | |
|---|---|---|---|
| **યઃ** | = જે માણસ | **પ્રયાતિ** | = જાય છે, |
| **અન્તકાલે, ચ** | = અંતકાળેય | **સઃ** | = એ |
| **મામ્** | = મને | **મદ્ભાવમ્** | = મારા સાક્ષાત્ સ્વરૂપને |
| **એવ** | = જ | **યાતિ** | = પામે છે, |
| **સ્મરન્** | = સ્મરતો-સ્મરતો | **અત્ર** | = એમાં (સહેજ પણ) |
| **કલેવરમ્** | = શરીર | **સંશયઃ** | = સંશય |
| **મુક્ત્વા** | = છોડીને | **ન અસ્તિ** | = નથી. |

યમ્, યમ્, વા, અપિ, સ્મરન્, ભાવમ્, ત્યજતિ, અન્તે, કલેવરમ્,
તમ્, તમ્, એવ, એતિ, કૌન્તેય, સદા, તદ્ભાવભાવિતઃ ॥ ૬॥

| | | | |
|---|---|---|---|
| **કૌન્તેય** | = હે કુન્તીપુત્ર અર્જુન! (આ માણસ) | **ત્યજતિ** | = છોડે છે, |
| **અન્તે** | = અન્તકાળે | **તમ્, તમ્** | = તેને તેને |
| **યમ્, યમ્** | = જે-જે | **એવ** | = જ |
| **વા, અપિ** | = પણ | **એતિ** | = પામે છે; (કેમકે એ) |
| **ભાવમ્** | = ભાવને | **સદા** | = સદા |
| **સ્મરન્** | = સ્મરણ કરતો | **તદ્ભાવભાવિતઃ** | = તે જ ભાવથી ભાવિત રહ્યો છે. |
| **કલેવરમ્** | = શરીરને | | |

તસ્માત્, સર્વેષુ, કાલેષુ, મામ્, અનુસ્મર, યુધ્ય, ચ,
મયિ, અર્પિતમનોબુદ્ધિઃ, મામ્, એવ, એષ્યસિ, અસંશયમ્ ॥ ૭॥

| | | | |
|---|---|---|---|
| **તસ્માત્** | = માટે (હે અર્જુન!) તું | **મયિ** | = મારામાં |
| **સર્વેષુ** | = સર્વ | **અર્પિત-** | = અર્પેલાં મન-બુદ્ધિથી |
| **કાલેષુ** | = કાળે (નિરંતર) | **મનોબુદ્ધિઃ** | યુક્ત થઈ (તું) |
| **મામ્** | = મારું | **અસંશયમ્** | = ચોક્કસ |
| **અનુસ્મર** | = સ્મરણ કર | **મામ્** | = મને |
| **ચ** | = અને | **એવ** | = જ |
| **યુધ્ય** | = યુદ્ધ પણ કર; (આ પ્રમાણે) | **એષ્યસિ** | = પામીશ. |

અભ્યાસયોગયુક્તેન, ચેતસા, નાન્યગામિના,
પરમમ્, પુરુષમ્, દિવ્યમ્, યાતિ, પાર્થ, અનુચિન્તયન્ ॥ ૮॥

| | | | |
|---|---|---|---|
| **પાર્થ** | = હે પાર્થ! (એ નિયમ છે કે) | **અનુચિન્તયન્** | = નિરંતર ચિંતન કરતો માણસ |
| **અભ્યાસ-** | = પરમેશ્વરના ધ્યાનના | **પરમમ્** | = પરમ (પ્રકાશસ્વરૂપ) |
| **યોગયુક્તેન** | અભ્યાસસ્વરૂપ યોગથી યુક્ત, | **દિવ્યમ્** | = દિવ્ય |
| | | **પુરુષમ્** | = પુરુષને એટલે કે પરમેશ્વરને (જ) |
| **નાન્યગામિના** | = બીજી તરફ ન જનારા | | |
| **ચેતસા** | = ચિત્તથી | **યાતિ** | = પામે છે. |

કવિમ્, પુરાણમ્, અનુશાસિતારમ્, અણોઃ, અણીયાંસમ્,
અનુસ્મરેત્, યઃ, સર્વસ્ય, ધાતારમ્, અચિન્ત્યરૂપમ્, આદિત્યવર્ણમ્, તમસઃ, પરસ્તાત્ ॥ ૯॥

| | | | |
|---|---|---|---|
| **યઃ** | = જે માણસ | **આદિત્ય-** | = સૂર્ય સમાન નિત્ય |
| **કવિમ્** | = સર્વજ્ઞ, | **વર્ણમ્** | ચેતન પ્રકાશસ્વરૂપ (અને) |
| **પુરાણમ્** | = અનાદિ, | | |
| **અનુશાસિતારમ્** | = સૌના નિયન્તા,* | **તમસઃ** | = અવિદ્યાથી |
| **અણોઃ** | | **પરસ્તાત્** | = સાવ પર એવા શુદ્ધ સચ્ચિદાનંદઘન પરમેશ્વરને |
| **અણીયાંસમ્** | = સૂક્ષ્મથી અતિ સૂક્ષ્મ, | | |
| **સર્વસ્ય** | = સૌનું | | |
| **ધાતારમ્** | = ધારણ-પોષણ કરનાર, | **અનુસ્મરેત્** | = સ્મરે છે – |
| **અચિન્ત્યરૂપમ્** | = અચિન્ત્ય સ્વરૂપ | | |

પ્રયાણકાલે, મનસા, અચલેન, ભક્ત્યા, યુક્તઃ, યોગબલેન, ચ, એવ, ભ્રુવોઃ, મધ્યે, પ્રાણમ્, આવેશ્ય, સમ્યક્, સઃ, તમ્, પરમ્, પુરુષમ્, ઉપૈતિ, દિવ્યમ્ ॥૧૦॥

| | | | |
|---|---|---|---|
| **સઃ** | = એ | **અચલેન** | = નિશ્ચળ |
| **ભક્ત્યા, યુક્તઃ** | = ભક્તિયુક્ત માણસ | **મનસા** | = મનથી |
| **પ્રયાણકાલે** | = અંતકાળેય | **(સ્મરન્)** | = સ્મરતો-સ્મરતો |
| **યોગબલેન** | = યોગબળથી | **તમ્** | = એ |
| **ભ્રુવોઃ** | = બે ભ્રમરોની | **દિવ્યમ્** | = દિવ્યરૂપ |
| **મધ્યે** | = મધ્યમાં | **પરમ્** | = પરમ |
| **પ્રાણમ્** | = પ્રાણને | **પુરુષમ્** | = પુરુષ પરમાત્માને |
| **સમ્યક્** | = સારી રીતે | **એવ** | = જ |
| **આવેશ્ય** | = સ્થાપ્યા | **ઉપૈતિ** | = પામે છે. |
| **ચ** | = પછી | | |

યત્, અક્ષરમ્, વેદવિદઃ, વદન્તિ, વિશન્તિ, યત્, યતયઃ, વીતરાગાઃ, યત્, ઇચ્છન્તઃ, બ્રહ્મચર્યમ્, ચરન્તિ, તત્, તે, પદમ્, સઙ્ગ્રહેણ, પ્રવક્ષ્યે ॥૧૧॥

| | | | |
|---|---|---|---|
| **વેદવિદઃ** | = વેદને જાણનાર વિદ્વાનો | **યત્** | = જે પરમપદના |
| **યત્** | = જે સચ્ચિદાનંદઘનસ્વરૂપ પરમપદને | **ઇચ્છન્તઃ** | = ઇચ્છુક (બ્રહ્મચારીઓ) |
| **અક્ષરમ્** | = અવિનાશી | **બ્રહ્મચર્યમ્** | = બ્રહ્મચર્યનું |
| **વદન્તિ** | = કહે છે, | **ચરન્તિ** | = આચરણ કરે છે, |
| **વીતરાગાઃ** | = આસક્તિ વિનાના | **તત્** | = એ |
| **યતયઃ** | = યત્નશીલ સંન્યાસી મહાત્માઓ | **પદમ્** | = પરમપદને (હું) |
| **યત્** | = જેનામાં | **તે** | = તારા માટે |
| **વિશન્તિ** | = પ્રવેશ કરે છે (તથા) | **સઙ્ગ્રહેણ** | = ટૂંકમાં |
| | | **પ્રવક્ષ્યે** | = કહીશ. |

સર્વદ્વારાણિ, સંયમ્ય, મનઃ, હૃદિ, નિરુધ્ય, ચ, ।
મૂર્ધ્નિ, આધાય, આત્મનઃ, પ્રાણમ્, આસ્થિતઃ, યોગધારણામ્ ॥ ૧૨॥
ઓમ્, ઈતિ, એકાક્ષરમ્, બ્રહ્મ, વ્યાહરન્, મામ્, અનુસ્મરન્, ।
યઃ પ્રયાતિ, ત્યજન્, દેહમ્, સઃ, યાતિ, પરમામ્, ગતિમ્ ॥ ૧૩॥

**સર્વદ્વારાણિ** = બધી ઈન્દ્રિયોનાં દ્વારોને
**સંયમ્ય** = રોકીને
**ચ** = તથા
**મનઃ** = મનને
**હૃદિ** = હૃદય-પ્રદેશમાં
**નિરુધ્ય** = સ્થિર કરીને, (પછી એ જિતાયેલ મન વડે)
**પ્રાણમ્** = પ્રાણને
**મૂર્ધ્નિ** = મસ્તકમાં
**આધાય** = સ્થાપીને,
**આત્મનઃ** = પરમાત્મસંબંધી
**યોગધારણામ્** = યોગધારણામાં
**આસ્થિતઃ** = સ્થિત થઈને
**યઃ** = જે માણસ
**ઓમ્** = 'ૐ'
**ઈતિ** = એ
**એકાક્ષરમ્** = એક-અક્ષરસ્વરૂપ
**બ્રહ્મ** = બ્રહ્મને
**વ્યાહરન્** = ઉચ્ચારતો (અને એના અર્થસ્વરૂપ)
**મામ્** = મુજ નિર્ગુણ બ્રહ્મનું
**અનુસ્મરન્** = ચિંતન કરતો
**દેહમ્** = શરીરને
**ત્યજન્** = છોડીને
**પ્રયાતિ** = જાય છે,
**સઃ** = એ માણસ
**પરમામ્, ગતિમ્** = પરમગતિને
**યાતિ** = પામે છે.

અનન્યચેતાઃ, સતતમ્, યઃ, મામ્, સ્મરતિ, નિત્યશઃ,
તસ્ય, અહમ્, સુલભઃ, પાર્થ, નિત્યયુક્તસ્ય યોગિનઃ ॥ ૧૪॥

**પાર્થ** = હે પૃથાપુત્ર!
**યઃ** = જે માણસ
**(મયિ)** = મારામાં
**અનન્યચેતાઃ** = અનન્ય-ચિત્ત થઈને
**નિત્યશઃ** = સદાય
**સતતમ્** = નિરંતર
**મામ્** = મુજ પુરુષોત્તમને
**સ્મરતિ** = સ્મરે છે,
**તસ્ય** = એ
**નિત્યયુક્તસ્ય** = નિત્ય-નિરંતર મારામાં જોડાયેલા
**યોગિનઃ** = યોગીને માટે
**અહમ્** = હું
**સુલભઃ** = સુલભ છું એટલે કે એને સહજ રીતે મળી જાઉં છું.

માम्, ઉપેત્ય, પુનર્જન્મ, દુઃખાલયમ્, અશાશ્વતમ્
ન, આપ્નુવન્તિ, મહાત્માનઃ, સંસિદ્ધિમ્, પરમામ્, ગતાઃ ॥૧૫॥

| | | | |
|---|---|---|---|
| **પરમામ્** | = પરમ | **દુઃખાલયમ્** | = દુઃખોના રહેઠાણ (તેમજ) |
| **સંસિદ્ધિમ્** | = સિદ્ધિને | **અશાશ્વતમ્** | = ક્ષણભંગુર (એવા) |
| **ગતાઃ** | = પામેલા | **પુનર્જન્મ** | = પુનર્જન્મને |
| **મહાત્માનઃ** | = મહાત્માઓ | **ન** | = નથી |
| **મામ્** | = મને | **આપ્નુવન્તિ** | = પામતા. |
| **ઉપેત્ય** | = પામીને | | |

આબ્રહ્મભુવનાત્, લોકાઃ, પુનરાવર્તિનઃ, અર્જુન,
મામ્, ઉપેત્ય, તુ, કૌન્તેય, પુનર્જન્મ, ન, વિદ્યતે ॥૧૬॥

| | | | |
|---|---|---|---|
| **અર્જુન** | = હે અર્જુન! | **કૌન્તેય** | = હે કુન્તીપુત્ર! |
| **આબ્રહ્મ-ભુવનાત્** | બ્રહ્મલોક = સુધીના | **મામ્** | = મને |
| **લોકાઃ** | = સમસ્ત લોકો | **ઉપેત્ય** | = પામીને |
| **પુનરાવર્તિનઃ** | = પુનરાવર્તી છે, | **પુનર્જન્મ** | = પુનર્જન્મ |
| **તુ** | = પરંતુ | **ન** | = નથી |
| | | **વિદ્યતે** | = થતો |

સહસ્રયુગપર્યન્તમ્, અહઃ, યત્, બ્રહ્મણઃ, વિદુઃ,
રાત્રિમ્, યુગસહસ્રાન્તામ્, તે, અહોરાત્રવિદઃ, જનાઃ ॥૧૭॥

| | | | |
|---|---|---|---|
| **બ્રહ્મણઃ** | = બ્રહ્માનો | **યુગ-સહસ્રાન્તામ્** | = એક હજાર ચતુર યુગની અવધિવાળી |
| **યત્** | = જે | **(યે)** | = જેઓ |
| **અહઃ** | = એક દિવસ (છે એને) | **વિદુઃ** | = તત્ત્વથી જાણે છે, |
| **સહસ્ર-યુગપર્યન્તમ્** | = એક હજાર ચતુર યુગી સુધીની અવધિવાળી (અને) | **તે** | = એ |
| **રાત્રિમ્** | = રાત્રિને (પણ) | **જનાઃ** | = યોગીઓ |
| | | **અહોરાત્ર-વિદઃ** | = કાળના તત્ત્વને જાણનારા છે. |

અવ્યક્તાત્, વ્યક્તયઃ, સર્વાઃ, પ્રભવન્તિ, અહરાગમે,
રાત્ર્યાગમે, પ્રલીયન્તે, તત્ર, એવ, અવ્યક્તસઞ્જ્ઞકે ॥ ૧૮॥

**સર્વાઃ** = બધાય
**વ્યક્તયઃ** = ચરાચર જીવો
**અહરાગમે** = બ્રહ્માનો દિવસ શરૂ થતાં
**અવ્યક્તાત્** = અવ્યક્તથી અર્થાત્ બ્રહ્માના સૂક્ષ્મ શરીરથી
**પ્રભવન્તિ** = ઉત્પન્ન થાય છે (અને)
**રાત્ર્યાગમે** = બ્રહ્માની રાત્રિ શરૂ થતાં
**તત્ર** = એ
**અવ્યક્ત-સંજ્ઞકે** = અવ્યક્ત નામના બ્રહ્માના સૂક્ષ્મ શરીરમાં
**એવ** = જ
**પ્રલીયન્તે** = લીન થઈ જાય છે.

ભૂતગ્રામઃ, સઃ, એવ, અયમ્, ભૂત્વા, ભૂત્વા, પ્રલીયતે,
રાત્ર્યાગમે, અવશઃ, પાર્થ, પ્રભવતિ, અહરાગમે ॥ ૧૯॥

**પાર્થ** = હે પાર્થ!
**સઃ, એવ** = એ જ
**અયમ્** = આ
**ભૂતગ્રામઃ** = ભૂતસમુદાય
**ભૂત્વા, ભૂત્વા** = વારંવાર ઉત્પન્ન થઈને
**અવશઃ** = પ્રકૃતિને વશ થયેલો
**રાત્ર્યાગમે** = બ્રહ્માની રાત્રિ થતાં
**પ્રલીયતે** = લય પામે છે (અને)
**અહરાગમે** = દિવસ શરૂ થતાં (ફરી)
**પ્રભવતિ** = ઉત્પન્ન થાય છે.

પરઃ, તસ્માત્, તુ, ભાવઃ, અન્યઃ, અવ્યક્તઃ, અવ્યક્તાત્, સનાતનઃ,
યઃ, સઃ, સર્વેષુ, ભૂતેષુ, નશ્યત્સુ, ન, વિનશ્યતિ ॥ ૨૦॥

**તુ** = પરંતુ
**તસ્માત્** = એ
**અવ્યક્તાત્** = અવ્યક્ત કરતાંય
**પરઃ** = સાવ પર એવો
**અન્યઃ** = અન્ય એટલે કે વિલક્ષણ
**યઃ** = જે
**સનાતનઃ** = સનાતન
**અવ્યક્તઃ** = અવ્યક્ત
**ભાવઃ** = ભાવ છે,
**સઃ** = એ પરમ દિવ્ય પુરુષ
**સર્વેષુ** = સઘળા
**ભૂતેષુ** = જીવોના
**નશ્યત્સુ** = નષ્ટ થવા છતાંય
**ન, વિનશ્યતિ** = નાશ નથી પામતો.

અવ્યક્તઃ, અક્ષરઃ, ઈતિ, ઉક્તઃ, તમ્, આહુઃ, પરમામ્, ગતિમ્,
યમ્, પ્રાપ્ય, ન, નિવર્તન્તે, તત્, ધામ, પરમમ્, મમ ॥ ૨૧॥

| | | | |
|---|---|---|---|
| **અવ્યક્તઃ** | = (જે) અવ્યક્ત | **યમ્** | = જે સનાતન અવ્યક્ત ભાવને |
| **અક્ષરઃ** | = 'અક્ષર' | **પ્રાપ્ય** | = પામીને (માણસો) |
| **ઈતિ** | = એવા (નામે) | **ન, નિવર્તન્તે** | = પાછાં આવતાં નથી, |
| **ઉક્તઃ** | = કહેવાયો છે, | **તત્** | = એ |
| **તમ્** | = એ જ અક્ષર નામના અવ્યક્ત ભાવને | **મમ** | = મારું |
| **પરમામ્, ગતિમ્** | = પરમ ગતિ | **પરમમ્** | = પરમ |
| **આહુઃ** | = કહે છે (તથા) | **ધામ** | = ધામ છે. |

પુરુષઃ, સઃ, પરઃ, પાર્થ, ભક્ત્યા, લભ્યઃ, તુ, અનન્યયા,
યસ્ય, અન્તઃસ્થાનિ, ભૂતાનિ, યેન, સર્વમ્, ઈદમ્, તતમ્ ॥ ૨૨॥

| | | | |
|---|---|---|---|
| **પાર્થ** | = હે પૃથાપુત્ર! | **તતમ્** | = પરિપૂર્ણ છે, |
| **યસ્ય** | = જે પરમાત્માની | **સઃ** | = એ સનાતન અવ્યક્ત |
| **અન્તઃસ્થાનિ** | = અન્તર્ગત | **પરઃ** | = પરમ |
| **ભૂતાનિ** | = સર્વ ભૂતો છે (તથા) | **પુરુષઃ** | = પુરુષ |
| **યેન** | = જે સચ્ચિદાનંદઘન પરમાત્માથી | **તુ** | = તો |
| **ઈદમ્** | = આ | **અનન્યયા** | = અનન્ય |
| **સર્વમ્** | = આખું જગત | **ભક્ત્યા** | = ભક્તિથી (જ) |
| | | **લભ્યઃ** | = પામી શકાય છે. |

વેદેષુ, યજ્ઞેષુ, તપઃસુ, ચ, એવ, દાનેષુ, યત્, પુણ્યફલમ્,
પ્રદિષ્ટમ્, અત્યેતિ, તત્, સર્વમ્, ઈદમ્, વિદિત્વા, યોગી,
પરમ્, સ્થાનમ્, ઉપૈતિ, ચ, આદ્યમ્ ॥ ૨૮॥

| | | | |
|---|---|---|---|
| **યોગી** | = યોગી મનુષ્ય | **પ્રદિષ્ટમ્** | = કહ્યું છે, |
| **ઈદમ્** | = આ રહસ્યને | **તત્** | = એ |
| **વિદિત્વા** | = તત્ત્વથી જાણીને | **સર્વમ્** | = સર્વને |
| **વેદેષુ, ચ** | = વેદોના વાંચનમાં, | **એવ** | = નિઃશંકપણે |
| **ચ** | = તથા | **અત્યેતિ** | = ઓળંગી જાય છે |
| **યજ્ઞેષુ** | = યજ્ઞ, | **ચ** | = અને |
| **તપઃસુ** | = તપ (તેમજ) | **આદ્યમ્** | = શાશ્વત |
| **દાનેષુ** | = દાન આદિ કરવામાં | **પરમ સ્થાનમ્** | = પરમ પદને |
| **યત્** | = જે | **ઉપૈતિ** | = પામે છે. |
| **પુણ્યફલમ્** | = પુણ્યફળ | | |

**શ્રીમદ ભગવત ગીતા અધ્યાય-9ના કેટલાક શ્લોકોની ફોટોકોપીઃ-**

# નવમો અધ્યાય

ઇદમ્, તુ, તે, ગુહ્યતમમ્, પ્રવક્ષ્યામિ, અનસૂયવે,
જ્ઞાનમ્, વિજ્ઞાનસહિતમ્, યત્, જ્ઞાત્વા, મોક્ષ્યસે, અશુભાત્ ॥ ૧॥

**શ્રીભગવાન બોલ્યા :**

| | | | |
|---|---|---|---|
| **તે** | = તારા જેવા | **જ્ઞાનમ્** | = જ્ઞાનને (ફરીથી) |
| **અનસૂયવે** | = દોષ-દ્રષ્ટિ વગરના | **પ્રવક્ષ્યામિ** | = સારી રીતે કહું છું |
| | | **તુ** | = કે |
| **ઇદમ્** | = આ | **યત્** | = જેને |
| **ગુહ્યતમમ્** | = પરમ ગોપનીય | **જ્ઞાત્વા** | = જાણીને (તું) |
| **વિજ્ઞાન-સહિતમ્** | = વિજ્ઞાનસહિત | **અશુભાત્** | = દુઃખરૂપ સંસારથી |
| | | **મોક્ષ્યસે** | = છૂટી જઈશ. |

રાજવિદ્યા, રાજગુહ્યમ્, પવિત્રમ્, ઇદમ્, ઉત્તમમ્,
પ્રત્યક્ષાવગમમ્, ધર્મ્યમ્, સુસુખમ્, કર્તુમ્, અવ્યયમ્ ॥ ૨॥

| | | | |
|---|---|---|---|
| **ઇદમ્** | = આ વિજ્ઞાનસહિત જ્ઞાન | **ઉત્તમમ્** | = ઘણું ઉત્તમ, |
| **રાજવિદ્યા** | = સઘળી વિદ્યાઓનો રાજા, | **પ્રત્યક્ષાવ-ગમમ્** | = પ્રત્યક્ષ ફળ અનુભવી શકાય એવું, |
| | | **ધર્મ્યમ્** | = ધર્મયુક્ત, |
| **રાજગુહ્યમ્** | = સઘળાં ગોપનીયોનો રાજા, | **કર્તુમ્** | = સાધન કરવામાં |
| | | **સુસુખમ્** | = સાવ સહેલું (અને) |
| **પવિત્રમ્** | = અતિ પવિત્ર, | **અવ્યયમ્** | = અવિનાશી છે. |

અશ્રદ્દધાનાઃ, પુરુષાઃ, ધર્મસ્ય, અસ્ય, પરન્તપ,
અપ્રાપ્ય, મામ્, નિવર્તન્તે, મૃત્યુસંસારવર્ત્મનિ ॥ ૩॥

| | | | |
|---|---|---|---|
| **પરન્તપ** | = હે પરંતપ! (ઉપર જણાવેલા) | **મામ્** | = મને |
| | | **અપ્રાપ્ય** | = ન પામતાં |
| **અસ્ય** | = આ | **મૃત્યુસંસાર-વર્ત્મનિ** | = મૃત્યુરૂપી સંસારચક્રમાં |
| **ધર્મસ્ય** | = ધર્મમાં | | |
| **અશ્રદ્દધાનાઃ** | = શ્રદ્ધા વિનાના | **નિવર્તન્તે** | = ભટકતા રહે છે. |
| **પુરુષાઃ** | = માણસો | | |

મયા, તતમ્, ઇદમ્, સર્વમ્, જગત્, અવ્યક્તમૂર્તિના,
મત્સ્થાનિ, સર્વભૂતાનિ, ન, ચ, અહમ્, તેષુ, અવસ્થિતઃ ॥ ૪॥

| | | | |
|---|---|---|---|
| **મયા** | = મુજ | **ચ** | = અને |
| **અવ્યક્ત-મૂર્તિના** | = નિરાકાર પરમાત્માથી | **સર્વભૂતાનિ** | = સઘળાં ભૂતો |
| **ઈદમ્** | = આ | **મત્સ્થાનિ** | = મારામાં સંકલ્પને આધારે સ્થિત છે, (પણ વાસ્તવમાં) |
| **સર્વમ્** | = આખું | | |
| **જગત્** | = જગત (જળથી બરફની પેઠે) | **અહમ્** | = હું |
| | | **તેષુ** | = એમનામાં |
| **તતમ્** | = પરિપૂર્ણ છે | **ન, અવસ્થિતઃ** | = સ્થિત નથી. |

ન, ચ, મત્સ્થાનિ, ભૂતાનિ, પશ્ય, મે, યોગમ્, ઐશ્વરમ્,
ભૂતભૃત્, ન, ચ, ભૂતસ્થઃ, મમ, આત્મા, ભૂતભાવનઃ ॥ ૫॥

| | | | |
|---|---|---|---|
| **ભૂતાનિ** | = એ સમસ્ત ભૂતો | **ચ** | = અને |
| **મત્સ્થાનિ** | = મારામાં સ્થિત | **ભૂતભાવનઃ** | = ભૂતોને ઉત્પન્ન કરનાર |
| **ન** | = નથી; (પણ) | | |
| **મે** | = મારી | **ચ** | = છતાંયે |
| **ઐશ્વરમ્** | = ઈશ્વરીય | | |
| **યોગમ્** | = યોગશક્તિને | **મમ** | = મારો |
| **પશ્ય** | = જો, (કે) | **આત્મા** | = આત્મા (વાસ્તવમાં) |
| **ભૂતભૃત્** | = ભૂતોનું ધારણ-પોષણ કરનાર | **ભૂતસ્થઃ** | = ભૂતોમાં સ્થિત |
| | | **ન** | = નથી. |

યથા, આકાશસ્થિતઃ, નિત્યમ્, વાયુઃ, સર્વત્રગઃ, મહાન્,
તથા, સર્વાણિ, ભૂતાનિ, મત્સ્થાનિ, ઈતિ, ઉપધારય ॥ ૬॥

| | | | |
|---|---|---|---|
| **યથા** | = જેમ (આકાશમાંથી ઉદ્ભવેલો) | **તથા** | = એ જ રીતે (મારા સંકલ્પ દ્વારા ઉત્પન્ન હોવાને લીધે) |
| **સર્વત્રગઃ** | = સર્વ બાજુએ વિચરનાર | | |
| **મહાન્** | = અતિ વિસ્તૃત | **સર્વાણિ** | = સઘળાં |
| **વાયુઃ** | = વાયુ | **ભૂતાનિ** | = ભૂતો |
| **નિત્યમ્** | = સદા | **મત્સ્થાનિ** | = મારામાં સ્થિત છે, |
| **આકાશ-સ્થિતઃ** | = આકાશમાં જ સ્થિત છે, | **ઈતિ** | = એમ |
| | | **ઉપધારય** | = સમજ. |

સર્વભૂતાનિ, કૌન્તેય, પ્રકૃતિમ્, યાન્તિ, મામિકામ્,
કલ્પક્ષયે, પુનઃ, તાનિ, કલ્પાદૌ, વિસૃજામિ, અહમ્ ॥ ૭॥

**કૌન્તેય** = હે કૌન્તેય!
**કલ્પક્ષયે** = કલ્પોના અંતે
**સર્વભૂતાનિ** = બધાં ભૂતો
**મામિકામ્** = મારી
**પ્રકૃતિમ્** = મૂળ પ્રકૃતિને
**યાન્તિ** = પામે છે એટલે કે પ્રકૃતિમાં લય પામે છે (અને)
**કલ્પાદૌ** = કલ્પોના આરંભે
**તાનિ** = એમને
**અહમ્** = હું
**પુનઃ** = ફરી
**વિસૃજામિ** = સર્જું છું.

પ્રકૃતિમ્, સ્વામ્, અવષ્ટભ્ય, વિસૃજામિ, પુનઃ, પુનઃ,
ભૂતગ્રામમ્, ઈમમ્, કૃત્સ્નમ્, અવશમ્, પ્રકૃતેઃ, વશાત્ ॥ ૮॥

**સ્વામ્** = પોતાની
**પ્રકૃતિમ્** = પ્રકૃતિને
**અવષ્ટભ્ય** = સ્વીકારીને
**પ્રકૃતેઃ** = સ્વભાવના
**વશાત્** = બળને લીધે
**અવશમ્** = વશ થયેલા
**ઈમમ્** = આ
**કૃત્સ્નમ્** = આખાય
**ભૂતગ્રામમ્** = ભૂતસમુદાયને
**પુનઃ, પુનઃ** = વારંવાર (એમનાં કર્મો અનુસાર)
**વિસૃજામિ** = સર્જું છું.

અવજાનન્તિ, મામ્, મૂઢાઃ, માનુષીમ્, તનુમ્, આશ્રિતમ્,
પરમ્, ભાવમ્, અજાનન્તઃ, મમ, ભૂતમહેશ્વરમ્ ॥ ૧૧॥

**મમ** = મારા
**પરમ્** = પરમ
**ભાવમ્** = ભાવને
**અજાનન્તઃ** = નહિ જાણનારા
**મૂઢાઃ** = મૂઢ માણસો,
**માનુષીમ્** = મનુષ્યનું
**તનુમ્** = શરીર
**આશ્રિતમ્** = ધારણ કરનાર
**મામ્** = મુજ
**ભૂત-** = સઘળાં ભૂતોના
**મહેશ્વરમ્** મહાન ઈશ્વરને
**અવજાનન્તિ** = અવગણે છે એટલે કે પોતાની યોગમાયાથી સંસારના ઉદ્ધારને અર્થે મનુષ્યસ્વરૂપે વિચરતા મુજ પરમેશ્વરને સામાન્ય માણસ ગણે છે.

સતતમ્, કીર્તયન્તઃ, મામ્, યતન્તઃ, ચ, દૃઢવ્રતાઃ,
નમસ્યન્તઃ, ચ, મામ્, ભક્ત્યા, નિત્યયુક્તાઃ, ઉપાસતે ॥ ૧૪॥

| | | | |
|---|---|---|---|
| **દૃઢવ્રતાઃ** | = એ દૃઢનિશ્ચયી ભક્તો | **મામ્** | = મને |
| **સતતમ્** | = નિરંતર | **નમસ્યન્તઃ** | = (વારંવાર) પ્રણામ કરતાં |
| **કીર્તયન્તઃ, ચ** | = મારાં નામ અને ગુણોનું કીર્તન કરતાં અને (મારી પ્રાપ્તિ અર્થે) | **નિત્યયુક્તાઃ** | = સદા મારા ધ્યાનમાં જોડાઈને |
| | | **ભક્ત્યા** | = અનન્ય પ્રેમથી |
| **યતન્તઃ** | = પ્રયત્ન કરતાં | **મામ્** | = મને |
| **ચ** | = અને | **ઉપાસતે** | = ઉપાસે છે. |

જ્ઞાનયજ્ઞેન, ચ, અપિ, અન્યે, યજન્તઃ, મામ્, ઉપાસતે,
એકત્વેન, પૃથક્ત્વેન, બહુધા, વિશ્વતોમુખમ્ ॥ ૧૫॥

| | | | |
|---|---|---|---|
| **અન્યે** | = બીજા જે જ્ઞાન-યોગીઓ છે, એ | **ચ** | = અને (બીજા ભક્તો) |
| **મામ્** | = મુજ નિર્ગુણ-નિરાકાર બ્રહ્મનું | **બહુધા** | = આખા બ્રહ્માંડમાં જેટલાં પણ ચરાચર પ્રાણીઓ છે, એમને મારું જ સ્વરૂપ માનીને |
| **જ્ઞાનયજ્ઞેન** | = જ્ઞાનયજ્ઞ દ્વારા | | |
| **એકત્વેન** | = અભિન્નભાવે | **વિશ્વતો-મુખમ્** | = મુજ વિરાટસ્વરૂપ પરમેશ્વરની |
| **યજન્તઃ** | = પૂજન કરતાં કરતાં | | |
| **અપિ** | = પણ (મારી ઉપાસના કરે છે) | **પૃથક્ત્વેન** | = પૃથક્-ભાવે |
| | | **ઉપાસતે** | = ઉપાસના કરે છે. |

ગતિઃ, ભર્તા, પ્રભુઃ, સાક્ષી, નિવાસઃ, શરણમ્, સુહૃત્,
પ્રભવઃ, પ્રલયઃ, સ્થાનમ્, નિધાનમ્, બીજમ્, અવ્યયમ્ ॥ ૧૮॥

| | | | |
|---|---|---|---|
| **ગતિઃ** | = પરમપદસ્વરૂપ પરમ ગતિ, | **પ્રભવઃ, પ્રલયઃ** | = સૌની ઉત્પત્તિ-પ્રલયનો હેતુ, |
| **ભર્તા** | = ભરણ-પોષણ કરનાર, | **સ્થાનમ્** | = સ્થિતિનો આધાર, |
| **પ્રભુઃ** | = સૌનો સ્વામી, | **નિધાનમ્** | = નિધાન (તેમજ) |
| **સાક્ષી** | = શુભ-અશુભને જોનાર, | **અવ્યયમ્** | = અવિનાશી |
| **નિવાસઃ** | = સૌનું રહેઠાણ, | **બીજમ્** | = કારણ (પણ) |
| **શરણમ્** | = શરણ લેવા યોગ્ય, | **(અહમ્)** | = હું |
| **સુહૃત્** | = પ્રત્યુપકાર ઈચ્છ્યા વિના હિત કરનાર, | **(એવ)** | = જ છું. |

તપામિ, અહમ્, અહમ્, વર્ષમ્, નિગૃહ્ણામિ ઉત્સૃજામિ, ચ,
અમૃતમ્, ચ, એવ, મૃત્યુઃ, ચ, સત્, અસત્, ચ, અહમ્, અર્જુન ॥ ૧૯॥

**અહમ્** = હું (જ)
**તપામિ** = સૂર્યરૂપે તપું છું,
**વર્ષમ્** = વર્ષાને (સમુદ્ર વગેરે સ્થાનોમાંથી)
**નિગૃહ્ણામિ** = ખેંચું છું
**ચ** = અને (એને)
**ઉત્સૃજામિ** = વરસાવું છું;
**અર્જુન** = હે અર્જુન!
**અહમ્** = હું
**એવ** = જ
**અમૃતમ્** = અમૃત
**ચ** = અને
**મૃત્યુઃ** = મૃત્યુ છું
**ચ** = તથા
**સત્, અસત્** = સત્-અસત્
**ચ** = પણ
**અહમ્** = હું જ છું.

ત્રૈવિદ્યાઃ, મામ્, સોમપાઃ, પૂતપાપાઃ, યજ્ઞૈઃ, ઇષ્ટ્વા, સ્વર્ગતિમ્,
પ્રાર્થયન્તે, તે, પુણ્યમ્, આસાદ્ય, સુરેન્દ્રલોકમ્, અશ્નન્તિ, દિવ્યાન્,
દિવિ, દેવભોગાન્ ॥ ૨૦॥

**ત્રૈવિદ્યાઃ** = ત્રણેય વેદોમાં વિધાન કરાયેલાં સકામ કર્મોને કરનારા,
**સોમપાઃ** = સોમરસ પીનારા,
**પૂતપાપાઃ** = પાપ વિનાનાં માણસો
**મામ્** = મને
**યજ્ઞૈઃ** = યજ્ઞો દ્વારા
**ઇષ્ટ્વા** = પૂજીને
**સ્વર્ગતિમ્** = સ્વર્ગની પ્રાપ્તિ
**પ્રાર્થયન્તે** = ઇચ્છે છે,
**તે** = એ માણસો
**પુણ્યમ્** = પોતાનાં પુણ્યોનાં ફળસ્વરૂપે
**સુરેન્દ્રલોકમ્** = સ્વર્ગલોકને
**આસાદ્ય** = પામીને
**દિવિ** = સ્વર્ગમાં
**દિવ્યાન્** = દિવ્ય એવા
**દેવભોગાન્** = દેવતાઓના ભોગોને
**અશ્નન્તિ** = ભોગવે છે.

તે, તમ્, ભુક્ત્વા, સ્વર્ગલોકમ્, વિશાલમ્, ક્ષીણે, પુણ્યે,
મર્ત્યલોકમ્, વિશન્તિ, એવમ્, ત્રયીધર્મમ્, અનુપ્રપન્નાઃ, ગતાગતમ્,
કામકામાઃ, લભન્તે ॥ ૨૧॥

**તે** = તેઓ
**તમ્** = એ
**વિશાલમ્** = વિશાળ
**સ્વર્ગલોકમ્** = સ્વર્ગલોકને
**ભુક્ત્વા** = ભોગવીને
**પુણ્યે** = પુણ્ય
**ક્ષીણે** = ક્ષીણ થતાં
**મર્ત્યલોકમ્** = મૃત્યુલોકમાં
**વિશન્તિ** = (પાછા) આવે છે,
**એવમ્** = આ રીતે (સ્વર્ગના સાધનરૂપ)
**ત્રયીધર્મમ્** = ત્રણેય વેદોમાં કહેલાં સકામ કર્મોનો
**અનુપ્રપન્નાઃ** = આશ્રય લેનારા, (તેમજ)

| | | | |
|---|---|---|---|
| **કામકામાઃ** | = ભોગોને ઇચ્છતા માણસો | **લભન્તે** | = પામે છે એટલે કે પુણ્ય-ના પ્રભાવે સ્વર્ગમાં જાય છે અને પુણ્ય ક્ષીણ થતાં મૃત્યુલોકમાં આવે છે. |
| **ગતાગતમ્** | = વારંવાર ગમન-આગમનને | | |

અનન્યાઃ, ચિન્તયન્તઃ, મામ્, યે, જનાઃ, પર્યુપાસતે,
તેષામ્, નિત્યાભિયુક્તાનામ્, યોગક્ષેમમ્, વહામિ, અહમ્ ॥ ૨૨॥

| | | | |
|---|---|---|---|
| **યે** | = જે | **નિત્યાભિ-યુક્તાનામ્** | = નિત્ય-નિરંતર મારું ચિંતન કરનારા ભક્તોના |
| **અનન્યાઃ** | = અનન્ય પ્રેમી | | |
| **જનાઃ** | = ભક્તજનો | | |
| **મામ્** | = મુજ પરમેશ્વરને | **યોગક્ષેમમ્** | = યોગક્ષેમનું |
| **ચિન્તયન્તઃ** | = નિરંતર ચિંતન કરતાં | **અહમ્** | = હું પોતે |
| **પર્યુપાસતે** | = નિષ્કામભાવે ભજે છે, | **વહામિ** | = વહન કરું છું. |
| **તેષામ્** | = એ | | |

યે, અપિ, અન્યદેવતાઃ, ભક્તાઃ, યજન્તે, શ્રદ્ધયા, અન્વિતાઃ,
તે, અપિ, મામ્, એવ, કૌન્તેય, યજન્તિ, અવિધિપૂર્વકમ્ ॥ ૨૩॥

| | | | |
|---|---|---|---|
| **કૌન્તેય** | = હે કુન્તીપુત્ર! | **તે** | = તેઓ |
| **અપિ** | = જોકે | **અપિ** | = પણ |
| **શ્રદ્ધયા** | = શ્રદ્ધાથી | **મામ્** | = મને |
| **અન્વિતાઃ** | = યુક્ત | **એવ** | = જ |
| **યે** | = જે | **યજન્તિ** | = પૂજે છે; (પરંતુ એમનું તે પૂજન) |
| **ભક્તાઃ** | = સકામ ભક્તો | | |
| **અન્યદેવતાઃ** | = અન્ય દેવતાઓને | **અવિધિ-પૂર્વકમ્** | = અવિધિપૂર્વકનું એટલે કે અજ્ઞાનપૂર્વકનું છે. |
| **યજન્તે** | = પૂજે છે, | | |

અહમ્, હિ, સર્વયજ્ઞાનામ્, ભોક્તા, ચ, પ્રભુઃ, એવ, ચ,
ન, તુ, મામ્, અભિજાનન્તિ, તત્ત્વેન, અતઃ, ચ્યવન્તિ, તે ॥ ૨૪॥

| | | | |
|---|---|---|---|
| **હિ** | = કેમકે | **પ્રભુઃ** | = સ્વામી |
| **સર્વયજ્ઞાનામ્** | = સમસ્ત યજ્ઞોનો | **ચ** | = પણ |
| **ભોક્તા** | = ભોક્તા | **અહમ્** | = હું |
| **ચ** | = અને | **એવ** | = જ છું; |

| | | | |
|---|---|---|---|
| **તુ** | = આમ હોવા છતાં પણ | **અભિજાનન્તિ** | = જાણતા, |
| **તે** | = એ સકામ ભક્તો | **અતઃ** | = માટે જ |
| **મામ્** | = મુજ પરમેશ્વરને | **ચ્યવન્તિ** | = પતન પામે છે એટલે કે પુનર્જન્મને પામે છે. |
| **તત્ત્વેન** | = તત્ત્વથી | | |
| **ન** | = નથી | | |

યાન્તિ, દેવવ્રતાઃ, દેવાન્, પિતૄન્, યાન્તિ, પિતૃવ્રતાઃ,
ભૂતાનિ, યાન્તિ, ભૂતેજ્યાઃ, યાન્તિ, મદ્યાજિનઃ, અપિ, મામ્ ॥ ૨૫॥

| | | | |
|---|---|---|---|
| **દેવવ્રતાઃ** | = દેવતાઓને પૂજનારા | **યાન્તિ** | = પામે છે (અને) |
| **દેવાન્** | = દેવતાઓને | **મદ્યાજિનઃ** | = મારું પૂજન કરનારા ભક્તો |
| **યાન્તિ** | = પામે છે, | **મામ્** | = મને |
| **પિતૃવ્રતાઃ** | = પિતૃઓને પૂજનારા | **અપિ** | = જ |
| **પિતૄન્** | = પિતૃઓને | **યાન્તિ** | = પામે છે; (માટે જ મારા ભક્તોનો પુનર્જન્મ નથી થતો.) |
| **યાન્તિ** | = પામે છે, | | |
| **ભૂતેજ્યાઃ** | = ભૂતોને પૂજનારા | | |
| **ભૂતાનિ** | = ભૂતોને | | |

અપિ, ચેત્, સુદુરાચારઃ, ભજતે, મામ્, અનન્યભાક્,
સાધુઃ, એવ, સઃ, મન્તવ્યઃ, સમ્યક્, વ્યવસિતઃ, હિ, સઃ ॥ ૩૦॥

| | | | |
|---|---|---|---|
| **ચેત્** | = જો (કોઈ) | **મન્તવ્યઃ** | = માનવાયોગ્ય છે; |
| **સુદુરાચારઃ** | = ઘણો દુરાચારી | **હિ** | = કેમકે |
| **અપિ** | = પણ | **સઃ** | = એ |
| **અનન્યભાક્** | = અનન્યભાવે મારો ભક્ત બનીને | **સમ્યક્** | = ખરો |
| **મામ્** | = મને | **વ્યવસિતઃ** | = નિશ્ચય કરનારો છે એટલે કે એણે દૃઢતાથી નિશ્ચય કરી લીધો છે કે પરમેશ્વરના ભજન જેવું બીજું કશુંય નથી. |
| **ભજતે** | = ભજે છે, (તો) | | |
| **સઃ** | = એ | | |
| **સાધુઃ** | = સાધુ | | |
| **એવ** | = જ | | |

ક્ષિપ્રમ્, ભવતિ, ધર્માત્મા, શશ્વત્, શાન્તિમ્, નિગચ્છતિ,
કૌન્તેય, પ્રતિ, જાનીહિ, ન, મે, ભક્તઃ, પ્રણશ્યતિ ॥ ૩૧॥

| | | | |
|---|---|---|---|
| **ક્ષિપ્રમ્** | = (એ) સત્વરે | **કૌન્તેય** | = હે કૌન્તેય! (તું) |
| **ધર્માત્મા** | = ધર્માત્મા | **પ્રતિ** | = નિશ્ચયપૂર્વક સત્ય |
| **ભવતિ** | = થઈ જાય છે (અને) | **જાનીહિ** | = જાણ (કે) |
| **શશ્વત્** | = સદા રહેનારી | **મે** | = મારો |
| **શાન્તિમ્** | = પરમ શાંતિને | **ભક્તઃ** | = ભક્ત |
| **નિગચ્છતિ** | = પામે છે; | **ન પ્રણશ્યતિ** | = નાશ નથી પામતો. |

મામ્, હિ, પાર્થ, વ્યપાશ્રિત્ય, યે, અપિ, સ્યુઃ, પાપયોનયઃ,
સ્ત્રિયઃ, વૈશ્યાઃ, તથા, શૂદ્રાઃ, તે, અપિ, યાન્તિ, પરામ્, ગતિમ્ ॥ ૩૨॥

| | | | |
|---|---|---|---|
| **હિ** | = કેમકે | **અપિ** | = પણ |
| **પાર્થ** | = હે પાર્થ! | **સ્યુઃ** | = હોય, |
| **સ્ત્રિયઃ** | = સ્ત્રીઓ, | **તે** | = તેઓ |
| **વૈશ્યાઃ** | = વૈશ્યો, | **અપિ** | = પણ |
| **શૂદ્રાઃ** | = શૂદ્રો | **મામ્** | = મારે |
| **તથા** | = તથા | **વ્યપાશ્રિત્ય** | = શરણે થઈને |
| **પાપયોનયઃ** | = પાપયોનિ-ચાંડાલ આદિ | **પરામ્** | = પરમ |
| | | **ગતિમ્** | = ગતિને (જ) |
| **યે** | = જે (કોઈ) | **યાન્તિ** | = પામે છે. |

કિમ્, પુનઃ, બ્રાહ્મણાઃ, પુણ્યાઃ, ભક્તાઃ, રાજર્ષયઃ, તથા,
અનિત્યમ્, અસુખમ્, લોકમ્, ઈમમ્, પ્રાપ્ય, ભજસ્વ, મામ્ ॥ ૩૩॥

| | | | |
|---|---|---|---|
| **પુનઃ** | = જો આ લોકો પરમ ગતિને પામી જતા હોય, તો | **ભક્તાઃ** | = ભક્તો (મારે શરણે થઈને પરમગતિને પામે, એમાં તો કહેવું જ) |
| **પુણ્યાઃ** | = પુણ્યશાળી | **કિમ્** | = શું! (માટે તું) |
| **બ્રાહ્મણાઃ** | = બ્રાહ્મણો | **અસુખમ્** | = સુખ વિનાનું (અને) |
| **તથા** | = તથા | **અનિત્યમ્** | = ક્ષણભંગુર |
| **રાજર્ષયઃ** | = રાજર્ષિ | **ઈમમ્** | = આ |

| | | | |
|---|---|---|---|
| **લોકમ્** | = મનુષ્ય-શરીર | **મામ્** | = મને (જ) |
| **પ્રાપ્ય** | = પામીને (નિરંતર) | **ભજસ્વ** | = ભજ. |

મન્મનાઃ, ભવ, મદ્ભક્તઃ, મદ્યાજી, મામ્, નમસ્કુરુ,
મામ્, એવ, એષ્યસિ, યુક્ત્વા, એવમ્, આત્માનમ્, મત્પરાયણઃ ॥ ૩૪॥

| | | | |
|---|---|---|---|
| **મન્મનાઃ** | = મારામાં મનને | **એવમ્** | = આ રીતે |
| **ભવ** | = પરોવ, | **આત્માનમ્** | = આત્માને |
| **મદ્ભક્તઃ** | = મારો ભક્ત | **યુક્ત્વા** | = (મારામાં) પરોવીને |
| **(ભવ)** | = બન, | **મત્પરાયણઃ** | = મારે પરાયણ થયેલો (તું) |
| **મદ્યાજી** | = મારું પૂજન કરનારો | **મામ્** | = મને |
| **(ભવ)** | = થા, | **એવ** | = જ |
| **મામ્** | = મને | **એષ્યસિ** | = પામીશ. |
| **નમસ્કુરુ** | = પ્રણામ કર; | | |

**શ્રીમદ ભગવત ગીતા અધ્યાય-10ના કેટલાક શ્લોકોની ફોટોકોપીઃ-**

# દશમો અધ્યાય

ભૂયઃ, એવ, મહાબાહો, શૃણુ, મે, પરમમ્, વચઃ,
યત્, તે, અહમ્, પ્રીયમાણાય, વક્ષ્યામિ, હિતકામ્યયા ॥ ૧॥

**શ્રીભગવાન બોલ્યા :**

| | | | |
|---|---|---|---|
| **મહાબાહો** | = હે મહાબાહો! | **યત્** | = જેને |
| **ભૂયઃ** | = હજી ફરીથી | **અહમ્** | = હું |
| **એવ** | = પણ | **પ્રીયમાણાય** | = મારામાં અતિશય પ્રેમભાવ રાખનાર |
| **મે** | = મારા | **તે** | = તને, |
| **પરમમ્** | = પરમ (રહસ્ય અને પ્રભાવ યુક્ત) | **હિતકામ્યયા** | = (તારા) હિતની ઇચ્છાથી |
| **વચઃ** | = વચનને | **વક્ષ્યામિ** | = કહું છું. |
| **શૃણુ** | = સાંભળ, | | |

ન, મે, વિદુઃ, સુરગણાઃ, પ્રભવમ્, ન, મહર્ષયઃ,
અહમ્, આદિઃ, હિ, દેવાનામ્, મહર્ષીણામ્, ચ, સર્વશઃ ॥ ૨॥

| | | | |
|---|---|---|---|
| **મે** | = મારી | **મહર્ષયઃ** | = મહર્ષિઓ (પણ) |
| **પ્રભવમ્** | = ઉત્પત્તિને એટલે કે લીલાથી પ્રગટ થવાને | **(વિદુઃ)** | = જાણતા; |
| | | **હિ** | = કેમકે |
| | | **અહમ્** | = હું |
| | | **સર્વશઃ** | = સર્વ રીતે |
| **ન** | = નથી | **દેવાનામ્** | = દેવતાઓનું |
| **સુરગણાઃ** | = દેવતાઓ | **ચ** | = અને |
| **વિદુઃ** | = જાણતા (કે) | **મહર્ષીણામ્** | = મહર્ષિઓનું (પણ) |
| **ન** | = નથી (તો) | **આદિઃ** | = આદિ કારણ છું. |

**શ્રીમદ ભગવત ગીતા અધ્યાય-11ના કેટલાક શ્લોકોની ફોટોકોપીઃ-**

દ્યાવાપૃથિવ્યોઃ, ઇદમ્, અન્તરમ્, હિ, વ્યાપ્તમ્, ત્વયા, એકેન,
દિશઃ, ચ, સર્વાઃ, દૃષ્ટ્વા, અદ્ભુતમ્, રૂપમ્, ઉગ્રમ્, તવ, ઇદમ્,
લોકત્રયમ્, પ્રવ્યથિતમ્, મહાત્મન્ ॥ ૨૦॥

| | |
|---|---|
| **મહાત્મન્** | = હે મહાત્મા! |
| **દ્યાવા-પૃથિવ્યોઃ** | = સ્વર્ગ અને પૃથ્વીની વચ્ચેનું |
| **ઇદમ્** | = આ |
| **અન્તરમ્** | = સંપૂર્ણ આકાશ |
| **ચ** | = તથા |
| **સર્વાઃ** | = સઘળી |
| **દિશઃ** | = દિશાઓ, |
| **એકેન** | = એકમાત્ર |
| **ત્વયા** | = આપનાથી |
| **હિ** | = જ |
| **વ્યાપ્તમ્** | = વ્યાપેલાં છે; (તેમજ) |
| **તવ** | = આપના |
| **ઇદમ્** | = આ |
| **અદ્ભુતમ્** | = અદ્‌ભુત (અને) |
| **ઉગ્રમ્** | = ભયાવહ |
| **રૂપમ્** | = રૂપને |
| **દૃષ્ટ્વા** | = જોઈને |
| **લોકત્રયમ્** | = ત્રણેય લોક |
| **પ્રવ્યથિતમ્** | = ભયના માર્યા અતિ વ્યથિત થઈ રહ્યા છે. |

અમી, હિ, ત્વામ્, સુરસઙ્ઘાઃ, વિશન્તિ, કેચિત્, ભીતાઃ,
પ્રાઞ્જલયઃ, ગૃણન્તિ, સ્વસ્તિ, ઇતિ, ઉક્ત્વા, મહર્ષિસિદ્ધસઙ્ઘાઃ,
સ્તુવન્તિ, ત્વામ્, સ્તુતિભિઃ, પુષ્કલાભિઃ ॥ ૨૧॥

| | |
|---|---|
| **અમી** | = પેલા |
| **સુરસઙ્ઘાઃ, હિ** | = દેવતાઓના સમૂહો |
| **ત્વામ્** | = આપનામાં |
| **વિશન્તિ** | = પ્રવેશી રહ્યા છે (તથા) |
| **કેચિત્** | = કેટલાક |
| **ભીતાઃ** | = ભયના માર્યા |
| **પ્રાઞ્જલયઃ** | = હાથ જોડીને (આપનાં નામ અને ગુણોનું) |
| **ગૃણન્તિ** | = ગાન કરી રહ્યા છે (અને) |
| **મહર્ષિ-સિદ્ધસઙ્ઘાઃ** | = મહર્ષિ તેમજ સિદ્ધોના સમુદાયો |
| **સ્વસ્તિ** | = 'કલ્યાણ થાઓ' |
| **ઇતિ** | = એમ |
| **ઉક્ત્વા** | = કહીને |
| **પુષ્કલાભિઃ** | = કેટલાંયે ઉત્તમ |
| **સ્તુતિભિઃ** | = સ્તોત્રો દ્વારા |
| **ત્વામ્** | = આપની |
| **સ્તુવન્તિ** | = સ્તુતિ કરી રહ્યા છે. |

લેલિહ્યસે, ગ્રસમાનઃ, સમન્તાત્, લોકાન્, સમગ્રાન્, વદનૈઃ, જ્વલદ્ભિઃ, તેજોભિઃ, આપૂર્ય, જગત્ સમગ્રમ્, ભાસઃ, તવ, ઉગ્રાઃ, પ્રતપન્તિ, વિષ્ણો ॥ ૩૦॥

| | | | |
|---|---|---|---|
| **સમગ્રાન્** | = સમસ્ત | **ઉગ્રાઃ** | = ઉગ્ર |
| **લોકાન્** | = લોકોને | **ભાસઃ** | = પ્રકાશ |
| **જ્વલદ્ભિઃ** | = પ્રજ્વળતાં | **સમગ્રમ્** | = સકળ |
| **વદનૈઃ** | = મુખો દ્વારા | **જગત્** | = જગતને |
| **ગ્રસમાનઃ** | = કોળિયો કરતા, | **તેજોભિઃ** | = તેજથી |
| **સમન્તાત્** | = ચારે કોરથી | **આપૂર્ય** | = ભરી દઈને |
| **લેલિહ્યસે** | = વારંવાર ચાટી રહ્યા છો; | **પ્રતપન્તિ** | = તપાવી રહ્યો છે. |
| **વિષ્ણો** | = હે વિષ્ણો! | | |
| **તવ** | = આપનો | | |

આખ્યાહિ, મે, કઃ, ભવાન્, ઉગ્રરૂપઃ, નમઃ, અસ્તુ, તે, દેવવર, પ્રસીદ, વિજ્ઞાતુમ્, ઈચ્છામિ, ભવન્તમ્, આદ્યમ્, ન, હિ, પ્રજાનામિ, તવ, પ્રવૃત્તિમ્ ॥ ૩૧॥

| | | | |
|---|---|---|---|
| **મે** | = મને | **આદ્યમ્** | = આદિ પુરુષ |
| **આખ્યાહિ** | = જણાવો | **ભવન્તમ્** | = આપને (હું) |
| **ઉગ્રરૂપઃ** | = ઉગ્ર રૂપધારી | **વિજ્ઞાતુમ્** | = વિશેષ રૂપે ઓળખવા |
| **ભવાન્** | = આપ | **ઈચ્છામિ** | = માગું છું, |
| **કઃ** | = કોણ છો? | **હિ** | = કેમકે (હું) |
| **દેવવર** | = હે દેવાધિદેવ! | **તવ** | = આપની |
| **તે** | = આપને | **પ્રવૃત્તિમ્** | = પ્રવૃત્તિને |
| **નમઃ** | = નમસ્કાર | **ન** | = નથી |
| **અસ્તુ** | = કરું છું, (આપ) | **પ્રજાનામિ** | = સમજી શકતો. |
| **પ્રસીદ** | = પ્રસન્ન થાઓ; | | |

કાલઃ, અસ્મિ, લોકક્ષયકૃત્, પ્રવૃદ્ધઃ, લોકાન્, સમાહર્તુમ્, ઈહ, પ્રવૃત્તઃ, ઋતે, અપિ, ત્વામ્, ન, ભવિષ્યન્તિ, સર્વે, યે, અવસ્થિતાઃ, પ્રત્યનીકેષુ, યોધાઃ ॥ ૩૨॥

### શ્રીભગવાન બોલ્યા

| | | | |
|---|---|---|---|
| **લોકક્ષયકૃત્** | = (હું) લોકોનો સંહાર કરવા વાળો | **અવસ્થિતાઃ** | = રહેલા |
| **પ્રવૃદ્ધઃ** | = અહીં આવેલો | **યોધાઃ** | = યોદ્ધાઓ છે, |
| **કાલઃ** | = મહાકાળ | **(તે)** | = એ |
| **અસ્મિ** | = છું, | **સર્વે** | = બધા |
| **ઈહ** | = અત્યારે (આ) | **ત્વામ્** | = તારા |
| **લોકાન્** | = લોકોનો | **ઋતે** | = વિના |
| **સમાહર્તુમ્** | = સંહાર કરવા માટે | **અપિ** | = પણ |
| **પ્રવૃત્તઃ** | = પ્રવૃત્ત થયો છું; (માટે) | **ન** | = નથી |
| **યે** | = જે | **ભવિષ્યન્તિ** | = રહેવાના એટલે કે તું યુદ્ધ નહીં કરે તો પણ આ સર્વેનો નાશ તો થવાનો જ છે. |
| **પ્રત્યનીકેષુ** | = પ્રતિપક્ષીઓનીસેનામાં | | |

તસ્માત્, ત્વમ્, ઉત્તિષ્ઠ, યશઃ, લભસ્વ, જિત્વા, શત્રૂન્, ભુઙ્ક્ષ્વ,
રાજ્યમ્, સમૃદ્ધમ્, મયા, એવ, એતે, નિહતાઃ, પૂર્વમ્, એવ,
નિમિત્તમાત્રમ્, ભવ, સવ્યસાચિન્ ॥ ૩૩॥

| | | | |
|---|---|---|---|
| **તસ્માત્** | = માટે | **ભુઙ્ક્ષ્વ** | = ભોગવ; |
| **ત્વમ્** | = તું | **એતે** | = આ સર્વે (શૂરવીરો) |
| **ઉત્તિષ્ઠ** | = ઊભો થા! | **પૂર્વમ્, એવ** | = પહેલેથી જ |
| **યશઃ** | = યશ | **મયા** | = મારા વડે |
| **લભસ્વ** | = મેળવ (અને) | **નિહતાઃ** | = હણાયેલા છે; |
| **શત્રૂન્** | = શત્રુઓને | **સવ્યસાચિન્** | = હે સવ્યસાચી! |
| **જિત્વા** | = જીતીને | **નિમિત્ત-** | = તું તો કેવળ |
| **સમૃદ્ધમ્** | = ધન-ધાન્યથી સમૃદ્ધ | **માત્રમ્, એવ** | નિમિત્તમાત્ર |
| **રાજ્યમ્** | = રાજ્યને | **ભવ** | = થા. |

કસ્માત્, ચ, તે, ન, નમેરન્, મહાત્મન્, ગરીયસે, બ્રહ્મણઃ,
અપિ, આદિકર્ત્રે, અનન્ત, દેવેશ, જગન્નિવાસ, ત્વમ્, અક્ષરમ્, સત્,
અસત્, તત્પરમ્, યત્ ॥ ૩૭॥

**મહાત્મન્** = હે મહાત્મન્!
**બ્રહ્મણઃ** = બ્રહ્માના
**અપિ** = પણ
**આદિકર્ત્રે** = આદિકર્તા
**ચ** = અને
**ગરીયસે** = સૌથી મોટા
**તે** = આપને (તેઓ)
**કસ્માત્** = કેમ
**ન, નમેરન્** = ન નમે! (કેમકે)
**અનન્ત** = હે અનન્ત!
**દેવેશ** = હે દેવતાઓના ઈશ!
**જગન્નિવાસ** = હે જગન્નિવાસ
**યત્** = જે
**સત્** = સત્,
**અસત્** = અસત્ (અને)
**તત્પરમ્** = એ બેયથી પર
**અક્ષરમ્** = અક્ષર એટલે કે સચ્ચિ-દાનંદઘન બ્રહ્મ છે,
**(તત્)** = એ
**ત્વમ્** = આપ (છો.)

કિરીટિનમ્, ગદિનમ્, ચક્રહસ્તમ્, ઇચ્છામિ, ત્વામ્, દ્રષ્ટુમ્, અહમ્,
તથા, એવ, તેન, એવ, રૂપેણ, ચતુર્ભુજેન, સહસ્રબાહો, ભવ,
વિશ્વમૂર્તે ॥ ૪૬॥

**અહમ્** = હું
**તથા** = એવા
**એવ** = જ
**ત્વામ્** = આપને
**કિરીટિનમ્** = મુગટધારી,
**ગદિનમ્, ચક્રહસ્તમ્** = ગદા અને ચક્ર હાથમાં ધારણ કરેલા
**દ્રષ્ટુમ્** = જોવા
**ઇચ્છામિ** = ઇચ્છું છું,
**(અતઃ)** = માટે
**વિશ્વમૂર્તે** = હે વિશ્વસ્વરૂપ!
**સહસ્રબાહો** = હે હજાર હાથવાળા! (આપ)
**તેન, એવ** = એ જ
**ચતુર્ભુજેન, રૂપેણ** = ચતુર્ભુજરૂપે
**ભવ** = પ્રગટ થાઓ.

મયા, પ્રસન્નેન, તવ, અર્જુન, ઇદમ્, રૂપમ્, પરમ્, દર્શિતમ્,
આત્મયોગાત્, તેજોમયમ્, વિશ્વમ્, અનન્તમ્, આદ્યમ્, યત્, મે,
ત્વદન્યેન, ન, દૃષ્ટપૂર્વમ્ ॥ ૪૭॥

**શ્રીભગવાન બોલ્યા :**

| | | | |
|---|---|---|---|
| **અર્જુન** | = હે અર્જુન! (તારા પર) | **અનન્તમ્** | = અસીમ |
| **પ્રસન્નેન** | = અનુગ્રહ કરીને | **વિશ્વમ્** | = વિરાટ |
| **મયા** | = મેં | **રૂપમ્** | = રૂપ |
| **આત્મ-યોગાત્** | = પોતાની યોગશક્તિના પ્રભાવે, | **તવ** | = તને |
| **ઈદમ્** | = આ | **દર્શિતમ્** | = દર્શાવ્યું છે, |
| **મે** | = મારું | **યત્** | = જેને |
| **પરમ્** | = ઉત્કૃષ્ટ | **ત્વદન્યેન** | = તારા સિવાય બીજા કોઈએ |
| **તેજોમયમ્** | = તેજોમય, | **ન, દૃષ્ટપૂર્વમ્** | = પહેલાં નહોતું જોયું. |
| **આદ્યમ્** | = સર્વનું આદિ (અને) | | |

ન, વેદયજ્ઞાધ્યયનૈઃ, ન, દાનૈઃ, ન, ચ, ક્રિયાભિઃ, ન, તપોભિઃ, ઉગ્રૈઃ, એવંરૂપઃ, શક્યઃ, અહમ્, નૃલોકે, દ્રષ્ટુમ્, ત્વદન્યેન, કુરુપ્રવીર ॥ ૪૮॥

| | | | |
|---|---|---|---|
| **કુરુપ્રવીર** | = હે કુરુવંશીઓમાં શ્રેષ્ઠ વીર! | **ન** | = ન |
| **નૃલોકે** | = મનુષ્યલોકમાં | **દાનૈઃ** | = દાનથી |
| **એવંરૂપઃ** | = આવો વિશ્વરૂપધારી | **દ્રષ્ટું, શક્યઃ** | = જોઈ શકાઉં છું, |
| **અહમ્** | = હું | **ન** | = ન |
| **ત્વદન્યેન** | = તારા સિવાય બીજા કોઈનાથી | **ક્રિયાભિઃ** | = શાસ્ત્રવિહિત કર્મોથી |
| **ન** | = ન (તો) | **(દ્રષ્ટું, શક્યઃ)** | = જોઈ શકાઉં છું |
| **વેદયજ્ઞા-ધ્યયનૈઃ** | = વેદ અને યજ્ઞોના અધ્યયનથી | **ચ** | = કે |
| | | **ન** | = ન |
| | | **ઉગ્રૈઃ** | = આકરાં |
| | | **તપોભિઃ** | = તપોથીય |
| | | **(દ્રષ્ટું, શક્યઃ)** | = જોઈ શકાઉં છું. |

મા, તે, વ્યથા, મા, ચ, વિમૂઢભાવઃ, દૃષ્ટ્વા, રૂપમ્, ઘોરમ્, ઈદૃક્, મમ, ઈદમ્, વ્યપેતભીઃ, પ્રીતમનાઃ, પુનઃ, ત્વમ્, તત્, એવ, મે, રૂપમ્, ઈદમ્, પ્રપશ્ય ॥ ૪૯॥

| | |
|---|---|
| **મમ** | = મારા |
| **ઈદક્** | = આવા |
| **ઈદમ્** | = આ |
| **ઘોરમ્** | = વિકરાળ |
| **રૂપમ્** | = રૂપને |
| **દૃષ્ટ્વા** | = જોઈને |
| **તે** | = તને |
| **વ્યથા** | = વ્યાકુળતા |
| **મા** | = મા થાઓ |
| **ચ** | = અને |
| **વિમૂઢભાવઃ** | = મૂઢ ભાવ (પણ) |
| **મા** | = મા થાઓ; |
| **ત્વમ્** | = તું |
| **વ્યપેતભીઃ** | = નિર્ભય (અને) |
| **પ્રીતમનાઃ** | = પ્રીતિયુક્ત મનવાળો થઈને |
| **તત્, એવ** | = એ જ |
| **મે** | = મારા |
| **ઈદમ્** | = આ (શંખ-ચક્ર-ગદા-પદ્મધારી ચતુર્ભુજ) |
| **રૂપમ્** | = રૂપને |
| **પુનઃ** | = ફરીથી |
| **પ્રપશ્ય** | = જો. |

ઇતિ, અર્જુનમ્, વાસુદેવઃ, તથા, ઉક્ત્વા, સ્વકમ્, રૂપમ્, દર્શયામાસ,
ભૂયઃ, આશ્વાસયામાસ, ચ, ભીતમ્, એનમ્, ભૂત્વા, પુનઃ, સૌમ્યવપુઃ,
મહાત્મા ॥ ૫૦॥

**સંજય બોલ્યા :**

| | |
|---|---|
| **વાસુદેવઃ** | = વાસુદેવ હરિએ |
| **અર્જુનમ્** | = અર્જુનને |
| **ઈતિ** | = આ પ્રમાણે |
| **ઉક્ત્વા** | = કહીને |
| **ભૂયઃ** | = પાછું |
| **તથા** | = એવું જ |
| **સ્વકમ્** | = પોતાનું |
| **રૂપમ્** | = ચતુર્ભુજ રૂપ |
| **દર્શયામાસ** | = દર્શાવ્યું |
| **ચ** | = અને |
| **પુનઃ** | = પછી |
| **મહાત્મા** | = મહાત્મા શ્રીકૃષ્ણે |
| **સૌમ્યવપુઃ** | = સૌમ્યમૂર્તિ |
| **ભૂત્વા** | = થઈને |
| **એનમ્** | = આ |
| **ભીતમ્** | = ભય પામેલા અર્જુનને |
| **આશ્વાસયામાસ** | = ધીરજ બંધાવી. |

દૃષ્ટ્વા, ઇદમ્, માનુષમ્, રૂપમ્, તવ, સૌમ્યમ્, જનાર્દન,
ઇદાનીમ્, અસ્મિ, સંવૃત્તઃ, સચેતાઃ, પ્રકૃતિમ્, ગતઃ ॥ ૫૧॥

**અર્જુન બોલ્યા :**

| | | | |
|---|---|---|---|
| **જનાર્દન** | = હે જનાર્દન | **ઇદાનીમ્** | = હવે (હું) |
| **તવ** | = આપના | **સચેતાઃ** | = સ્થિરચિત્ત |
| **ઇદમ્** | = આ | **સંવૃત્તઃ** | = થઈ ગયો |
| **સૌમ્યમ્** | = પરમશાન્ત | **અસ્મિ** | = છું (અને) |
| **માનષુમ્, રૂપમ્** | = મનુષ્યરૂપને | **પ્રકૃતિમ્** | = પોતાની સ્વાભાવિક સ્થિતિને |
| **દૃષ્ટ્વા** | = જોઈને | **ગતઃ** | = પામી ચુક્યો છું. |

સુદુર્દર્શમ્, ઇદમ્, રૂપમ્, દૃષ્ટવાન્, અસિ, યત્, મમ,
દેવાઃ, અપિ, અસ્ય, રૂપસ્ય, નિત્યમ્, દર્શનકાઙ્ક્ષિણઃ ॥ ૫૨॥

**શ્રીભગવાન બોલ્યા :**

| | | | |
|---|---|---|---|
| **મમ** | = મારું | **દેવાઃ** | = દેવતાઓ |
| **યત્** | = જે | **અપિ** | = પણ |
| **રૂપમ્** | = ચતુર્ભુજરૂપ (તેં) | **નિત્યમ્** | = સદા |
| **દૃષ્ટવાન્** | = જોયું | **અસ્ય** | = આ |
| **અસિ** | = છે, | **રૂપસ્ય** | = રૂપનાં |
| **ઇદમ્** | = એ | **દર્શન-કાઙ્ક્ષિણઃ** | = દર્શનની ખેવના રાખ્યા કરે છે. |
| **સુદુર્દર્શમ્** | = સુદુર્દર્શ છે એટલે કે એનાં દર્શન થવાં ઘણાં દુર્લભ છે; | | |

ન, અહમ્, વેદૈઃ, ન, તપસા, ન, દાનેન, ન, ચ, ઇજ્યયા,
શક્યઃ, એવંવિધઃ, દ્રષ્ટુમ્, દૃષ્ટવાન્, અસિ, મામ્, યથા ॥ ૫૩॥

| | | | |
|---|---|---|---|
| **યથા** | = જેવો (તેં) | **તપસા** | = તપથી |
| **મામ્** | = મને | **(દ્રષ્ટું, શક્યઃ)** | = જોઈ શકાઉં છું, |
| **દૃષ્ટવાન્** | = જોયો | **ન** | = ન |
| **અસિ** | = છે | **દાનેન** | = દાનથી |
| **એવંવિધઃ** | = એવો ચતુર્ભુજરૂપધારી | **(દ્રષ્ટું, શક્યઃ)** | = જોઈ શકાઉં છું |
| **અહમ્** | = હું | **ચ** | = અને |
| **ન** | = ન (તો) | **ન** | = ન |
| **વેદૈઃ** | = વેદોથી | **ઇજ્યયા** | = યજ્ઞથીયે |
| **દ્રષ્ટું, શક્યઃ** | = જોઈ શકાઉં છું, | **(દ્રષ્ટું, શક્યઃ)** | = જોઈ શકાઉં છું. |
| **ન** | = ન | | |

ભક્ત્યા, તુ, અનન્યયા, શક્યઃ, અહમ્, એવંવિધઃ, અર્જુન,
જ્ઞાતુમ્, દ્રષ્ટુમ્, ચ, તત્ત્વેન, પ્રવેષ્ટુમ્, ચ, પરન્તપ ॥ ૫૪॥

**તુ** = પરંતુ
**પરન્તપ** = હે પરન્તપ
**અર્જુન** = અર્જુન!
**અનન્યયા, ભક્ત્યા** = અનન્ય ભક્તિ દ્વારા
**એવંવિધઃ** = આવો ચતુર્ભુજરૂપધારી
**અહમ્** = હું
**દ્રષ્ટુમ્** = પ્રત્યક્ષ દેખાવા માટે,
**તત્ત્વેન** = તત્ત્વથી
**જ્ઞાતુમ્** = જાણવા માટે
**ચ** = તથા
**પ્રવેષ્ટુમ્** = પ્રવેશ કરવા એટલે કે એકાત્મભાવે પ્રાપ્ત થવા માટે
**ચ** = પણ
**શક્યઃ** = શક્ય છું.

મત્કર્મકૃત્, મત્પરમઃ, મદ્ભક્તઃ, સઙ્ગવર્જિતઃ, ।
નિર્વૈરઃ, સર્વભૂતેષુ, યઃ, સઃ, મામ્, એતિ, પાણ્ડવ ॥ ૫૫॥

**પાણ્ડવ** = હે પાંડુપુત્ર!
**યઃ** = જે
**મત્કર્મકૃત્** = કેવળ મારે જ ખાતર સઘળાં કર્તવ્ય-કર્મોને કરનારો છે,
**મત્પરમઃ** = મારે પરાયણ છે,
**મદ્ભક્તઃ** = મારો ભક્ત છે,
**સઙ્ગવર્જિતઃ** = આસક્તિ વિનાનો છે (અને)
**સર્વભૂતેષુ** = સર્વ પ્રાણીઓ પ્રત્યે
**નિર્વૈરઃ** = વેરભાવથી રહિત છે,
**સઃ** = એ (અનન્યભક્તિયુક્ત માણસ)
**મામ્** = મને (જ)
**એતિ** = પામે છે.

**શ્રીમદ ભગવત ગીતા અધ્યાય-12ના કેટલાક શ્લોકોની ફોટોકોપીઃ-**

## બારમો અધ્યાય

એવમ્, સતતયુક્તાઃ, યે, ભક્તાઃ, ત્વામ્, પર્યુપાસતે,
યે, ચ, અપિ, અક્ષરમ્, અવ્યક્તમ્, તેષામ્, કે, યોગવિત્તમાઃ ॥ ૧॥

### અર્જુન બોલ્યા :

**યે** = જે
**ભક્તાઃ** = અનન્ય પ્રેમી ભક્તજનો,
**એવમ્** = હમણાં આપે જણાવ્યું એ પ્રકારે
**સતતયુક્તાઃ** = નિરંતર આપનાં ભજન-ધ્યાનમાં રચ્યાપચ્યા રહીને
**ત્વામ્** = આપ સગુણસ્વરૂપ પરમેશ્વરને
**પર્યુપાસતે** = ભજે છે
**ચ** = અને (બીજા ભક્તો),
**યે** = જે કેવળ
**અક્ષરમ્** = અવિનાશી સચ્ચિદાનંદઘન
**અવ્યક્તમ્,** = નિરાકાર બ્રહ્મને જ
**અપિ**
**(પર્યુપાસતે)**= ઘણા ઉત્તમ ભાવે ભજે છે –
**તેષામ્** = એ બન્ને પ્રકારના ઉપાસકોમાં
**યોગ-વિત્તમાઃ** = વધુ ચઢિયાતા યોગવેત્તા
**કે** = કોણ
**(સન્તિ)** = છે?

### શ્રીભગવાન્ ઉવાચ

મયિ, આવેશ્ય, મનઃ, યે, મામ્, નિત્યયુક્તાઃ, ઉપાસતે,
શ્રદ્ધયા, પરયા, ઉપેતાઃ, તે, મે, યુક્તતમાઃ, મતાઃ ॥ ૨॥

### શ્રીભગવાન બોલ્યા :

**મયિ** = મારામાં
**મનઃ** = મનને
**આવેશ્ય** = પરોવીને
**નિત્યયુક્તાઃ** = નિરંતર મારાં ભજન-ધ્યાનમાં રચ્યાપચ્યા રહેનારા
**યે** = જે ભક્તજનો,
**પરયા** = અત્યંત અડગ
**શ્રદ્ધયા** = શ્રદ્ધાભાવથી
**ઉપેતાઃ** = યુક્ત થઈને,
**મામ્** = મુજ સગુણસ્વરૂપ પરમેશ્વરને
**ઉપાસતે** = ભજે છે,
**તે** = તેઓ
**મે** = મને
**યુક્તતમાઃ** = યોગીઓમાં વધુ ચઢિયાતા યોગીરૂપે
**મતાઃ** = માન્ય છે.

યે, તુ, અક્ષરમ્, અનિર્દેશ્યમ્, અવ્યક્તમ્, પર્યુપાસતે,
સર્વત્રગમ્, અચિન્ત્યમ્, ચ, કૂટસ્થમ્, અચલમ્, ધ્રુવમ્ ॥ ૩॥
સન્નિયમ્ય, ઇન્દ્રિયગ્રામમ્, સર્વત્ર, સમબુદ્ધયઃ,
તે, પ્રાપ્નુવન્તિ, મામ્, એવ, સર્વભૂતહિતે, રતાઃ ॥ ૪॥

**તુ** = પરંતુ
**યે** = જે ભક્તો,
**ઇન્દ્રિયગ્રામમ્** = ઇન્દ્રિયોના સમુદાયને
**સન્નિયમ્ય** = સારી પેઠે વશમાં કરીને
**અચિન્ત્યમ્** = મન-બુદ્ધિથી પર,
**સર્વત્રગમ્** = સર્વવ્યાપક,
**અનિર્દેશ્યમ્** = કોઈ પણ રીતે નિર્દેશ ન થઈ શકે એવા,
**ચ** = અને
**કૂટસ્થમ્** = સદા એકરસ રહેનાર,
**ધ્રુવમ્** = નિત્ય,
**અચલમ્** = અચળ,
**અવ્યક્તમ્** = નિરાકાર
**અક્ષરમ્** = અવિનાશી સચ્ચિદાનંદઘન બ્રહ્મને
**પર્યુપાસતે** = નિરંતર એકાત્મભાવે ધ્યાન કરતાં ભજે છે,
**તે** = એ
**સર્વભૂતહિતે** = સઘળાં ભૂતોના હિતમાં
**રતાઃ** = રત રહેનારા (અને)
**સર્વત્ર** = સૌમાં
**સમબુદ્ધયઃ** = સમાન ભાવ રાખનારા યોગીઓ
**મામ્** = મને
**એવ** = જ
**પ્રાપ્નુવન્તિ** = પામે છે.

ક્લેશઃ, અધિકતરઃ, તેષામ્, અવ્યક્તાસક્તચેતસામ્,
અવ્યક્તા, હિ, ગતિઃ, દુઃખમ્, દેહવદ્ભિઃ, અવાપ્યતે ॥ ૫॥

**અવ્યક્તા-સક્ત-ચેતસામ્** = (પણ) સચ્ચિદાનંદઘન નિરાકાર બ્રહ્મમાં મન પરોવનાર
**તેષામ્** = એ માણસોના (સાધનમાં)
**ક્લેશઃ** = પરિશ્રમ
**અધિકતરઃ** = વધુ છે;
**હિ** = કારણકે
**દેહવદ્ભિઃ** = દેહાભિમાનીઓ વડે
**અવ્યક્તા** = અવ્યક્તવિષયક
**ગતિઃ** = ગતિ
**દુઃખમ્** = ઘણું દુઃખ વેઠીને
**અવાપ્યતે** = પ્રાપ્ત કરવામાં આવે છે.

યે, તુ, સર્વાણિ, કર્માણિ, મયિ, સન્ન્યસ્ય, મત્પરાઃ,
અનન્યેન, એવ, યોગેન, મામ્, ધ્યાયન્તઃ, ઉપાસતે ॥ ૬॥

| | | | |
|---|---|---|---|
| **તુ** | = પરંતુ | **મામ્** | = મુજ સગુણસ્વરૂપ પરમેશ્વરને |
| **મત્પરાઃ** | = મારે પરાયણ રહેનાર | **એવ** | = જ |
| **યે** | = જે ભક્તજનો, | **અનન્યેન** | = અનન્ય |
| **સર્વાણિ** | = સર્વ | **યોગેન** | = ભક્તિયોગથી |
| **કર્માણિ** | = કર્મોને | **ધ્યાયન્તઃ** | = નિરંતર ચિંતન કરતાં |
| **મયિ** | = મારામાં | **ઉપાસતે** | = ભજે છે, |
| **સન્ન્યસ્ય** | = અર્પણ કરીને, | | |

તેષામ્, અહમ્, સમુદ્ધર્ત્તા, મૃત્યુસંસારસાગરાત્,
ભવામિ, નચિરાત્, પાર્થ, મયિ, આવેશિતચેતસામ્ ॥ ૭॥

| | | | |
|---|---|---|---|
| **પાર્થ** | = હે પાર્થ! | **નચિરાત્** | = સત્વરે |
| **તેષામ્** | = એવા | **મૃત્યુસંસાર-સાગરાત્** | = મૃત્યુરૂપી સંસાર-સાગરમાંથી |
| **મયિ** | = મારામાં | **સમુદ્ધર્તા** | = ઉદ્ધાર કરનારો |
| **આવેશિત-ચેતસામ્** | = ચિત્ત પરોવનારા પ્રેમી ભક્તોનો | **ભવામિ** | = બનું છું. |
| **અહમ્** | = હું | | |

મયિ, એવ, મનઃ, આધત્સ્વ, મયિ, બુદ્ધિમ્, નિવેશય,
નિવસિષ્યસિ, મયિ, એવ, અતઃ, ઊર્ધ્વમ્, ન, સંશયઃ ॥ ૮॥

| | | | |
|---|---|---|---|
| **મયિ** | = મારામાં | **અતઃ** | = એ |
| **મનઃ** | = મનને | **ઊર્ધ્વમ્** | = પછી (તું) |
| **આધત્સ્વ** | = પરોવ (અને) | **મયિ, એવ** | = મારામાં જ |
| **મયિ** | = મારામાં | **નિવસિષ્યસિ** | = નિવાસ કરીશ, (એમાં લેશમાત્ર) |
| **એવ** | = જ | **સંશયઃ** | = સંશય |
| **બુદ્ધિમ્** | = બુદ્ધિને | **ન** | = નથી. |
| **નિવેશય** | = જોડ; | | |

અથ, ચિત્તમ્, સમાધાતુમ્, ન, શક્નોષિ, મયિ, સ્થિરમ્,
અભ્યાસયોગેન, તતઃ, મામ્, ઇચ્છ, આપ્તુમ્, ધનઞ્જય ॥ ૯॥

| | | | |
|---|---|---|---|
| **અથ** | = જો (તું) | **ધનઞ્જય** | = હે ધનંજય! |
| **ચિત્તમ્** | = મનને | **અભ્યાસ-** | = અભ્યાસરૂપ |
| **મયિ** | = મારામાં | **યોગેન** | યોગ દ્વારા |
| **સ્થિરમ્** | = અચળ ભાવે | **મામ્** | = મને |
| **સમાધાતુમ્** | = સ્થાપવા | **આપ્તુમ્** | = પામવાની |
| **ન, શક્નોષિ** | = સમર્થ ન હોય, | **ઈચ્છ** | = ઇચ્છા કર. |
| **તતઃ** | = તો | | |

અભ્યાસે, અપિ, અસમર્થઃ, અસિ, મત્કર્મપરમઃ, ભવ,
મદર્થમ્, અપિ, કર્માણિ, કુર્વન્, સિદ્ધિમ્, અવાપ્સ્યસિ ॥ ૧૦॥

| | | | |
|---|---|---|---|
| **અભ્યાસે** | = અભ્યાસમાં | **મદર્થમ્** | = મારે અર્થે |
| **અપિ** | = પણ | **કર્માણિ** | = કર્મોને |
| **અસમર્થઃ** | = અસમર્થ | **કુર્વન્** | = કરતો રહીને |
| **અસિ** | = હોય, | **અપિ** | = પણ (તું) |
| **મત્કર્મ-** | = (તો કેવળ) મારે અર્થે | **સિદ્ધિમ્** | = મારી પ્રાપ્તિરૂપી |
| **પરમઃ** | કર્મ કરવાને જ પરાયણ | | સિદ્ધિને (જ) |
| **ભવ** | = થા; (આ રીતે) | **અવાપ્સ્યસિ** | = પામીશ. |

અથ, એતત્, અપિ, અશક્તઃ, અસિ, કર્તુમ્, મદ્યોગમ્, આશ્રિતઃ,
સર્વકર્મફલત્યાગમ્, તતઃ, કુરુ, યતાત્મવાન્ ॥ ૧૧॥

| | | | |
|---|---|---|---|
| **અથ** | = જો | **અસિ** | = હોય, |
| **મદ્યોગમ્** | = મારી પ્રાપ્તિરૂપી | **તતઃ** | = તો |
| | યોગનો | **યતાત્મવાન્** | = મન-બુદ્ધિ આદિ ઉપર |
| **આશ્રિતઃ** | = આશરો લઈને | | જય મેળવનારો થઈને |
| **એતત્** | = ઉપર જણાવેલ સાધન | **સર્વકર્મફલ-** | = સર્વ કર્મોના ફળનો |
| **કર્તુમ્** | = કરવામાં | **ત્યાગમ્** | ત્યાગ |
| **અપિ** | = પણ (તું) | **કુરુ** | = કર. |
| **અશક્તઃ** | = અસમર્થ | | |

શ્રેયઃ, હિ, જ્ઞાનમ્, અભ્યાસાત્, જ્ઞાનાત્, ધ્યાનમ્, વિશિષ્યતે,
ધ્યાનાત્, કર્મફલત્યાગઃ, ત્યાગાત્, શાન્તિઃ, અનન્તરમ્ ॥ ૧૨॥

**અભ્યાસાત્** = મર્મને જાણ્યા વિના કરેલા અભ્યાસ કરતાં
**જ્ઞાનમ્** = જ્ઞાન
**શ્રેય:** = ચઢિયાતું છે,
**જ્ઞાનાત્** = જ્ઞાન કરતાં
**ધ્યાનમ્** = મુજ પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન
**વિશિષ્યતે** = ચઢિયાતું છે (અને)
**ધ્યાનાત્** = ધ્યાન કરતાં (પણ)
**કર્મફલત્યાગ:** = સર્વ કર્મોના ફળનો ત્યાગ (ચઢિયાતો છે);
**હિ** = કેમકે
**ત્યાગાત્** = ત્યાગથી
**અનન્તરમ્** = તરત જ
**શાન્તિ:** = પરમ શાન્તિ મળે છે.

અદ્વેષ્ટા, સર્વભૂતાનામ્, મૈત્ર:, કરુણ:, એવ, ચ, ।
નિર્મમ:, નિરહઙ્કાર:, સમદુ:ખસુખ:, ક્ષમી ॥ ૧૩॥
સન્તુષ્ટ:, સતતમ્, યોગી, યતાત્મા, દૃઢનિશ્ચય:, ।
મયિ, અર્પિતમનોબુદ્ધિ:, ય:, મદ્ભક્ત:, સ:, મે, પ્રિય: ॥ ૧૪॥

**ય:** = જે
**સર્વભૂતાનામ્** = સર્વ ભૂતોમાં
**અદ્વેષ્ટા** = દ્વેષભાવ વિનાનો,
**મૈત્ર:** = વિના સ્વાર્થે સૌનો પ્રેમી
**ચ** = અને
**કરુણ:** = કોઈ પણ હેતુ વિના દયાભાવ રાખનારો છે
**એવ**+ = તથા
**નિર્મમ:** = મમત્વ વિનાનો,
**નિરહઙ્કાર:** = અહંકાર વિનાનો,
**સમદુ:ખ-સુખ:** = સુખ-દુ:ખોની પ્રાપ્તિમાં સમ (અને)
**ક્ષમી** = ક્ષમાશીલ છે એટલે કે અપરાધ કરનારને પણ અભય આપનારો છે,
**યોગી** = (તથા જે) યોગી
**સતતમ્** = નિરંતર
**સન્તુષ્ટ:** = સંતુષ્ટ છે,
**યતાત્મા** = મન-ઇન્દ્રિયોસહિત શરીરને વશમાં કરી રાખેલ છે (અને)
**દૃઢનિશ્ચય:** = મારામાં દૃઢ નિશ્ચયવાળો છે –
**સ:** = એ
**મયિ** = મારામાં
**અર્પિતમનો-બુદ્ધિ:** = અર્પેલ મન-બુદ્ધિનો
**મદ્ભક્ત:** = મારો ભક્ત
**મે** = મને
**પ્રિય:** = પ્રિય છે.

યસ્માત્, ન, ઉદ્વિજતે, લોકઃ, લોકાત્, ન, ઉદ્વિજતે, ચ, યઃ
હર્ષામર્ષભયોદ્વેગૈઃ, મુક્તઃ, યઃ, સઃ, ચ, મે, પ્રિયઃ ॥ ૧૫॥

**યસ્માત્** = જેનાથી
**લોકઃ** = કોઈ પણ જીવ
**ન, ઉદ્વિજતે** = ઉદ્વેગ નથી પામતો
**ચ** = અને
**યઃ** = જે (પોતે પણ)
**લોકાત્** = કોઈ જીવથી
**ન, ઉદ્વિજતે** = ઉદ્વેગ નથી પામતો,
**ચ** = તથા
**યઃ** = જે
**હર્ષામર્ષ-ભયોદ્વેગૈઃ** = હર્ષ, અમર્ષ, ભય અને ઉદ્વેગ આદિથી
**મુક્તઃ** = રહિત છે –
**સઃ** = એ ભક્ત
**મે** = મને
**પ્રિયઃ** = પ્રિય છે.

અનપેક્ષઃ, શુચિઃ, દક્ષઃ, ઉદાસીનઃ, ગતવ્યથઃ,
સર્વારમ્ભપરિત્યાગી, યઃ, મદ્ભક્તઃ, સઃ, મે, પ્રિયઃ ॥ ૧૬॥

**યઃ** = જે
**અનપેક્ષઃ** = ખેવના વિનાનો,
**શુચિઃ** = બાહ્ય તેમજ આંતરિક રીતે શુદ્ધ,
**દક્ષઃ** = નિપુણ,
**ઉદાસીનઃ** = પક્ષપાત વિનાનો (અને)
**ગતવ્યથઃ** = દુ:ખોમાંથી છૂટેલો છે –
**સઃ** = એ
**સર્વારમ્ભ-પરિત્યાગી** = સર્વ આરંભોનો ત્યાગી
**મદ્ભક્તઃ** = મારો ભક્ત
**મે** = મને
**પ્રિયઃ** = પ્રિય છે.

યઃ, ન, હૃષ્યતિ, ન, દ્વેષ્ટિ, ન, શોચતિ, ન, કાઙ્ક્ષતિ,
શુભાશુભપરિત્યાગી, ભક્તિમાન્, યઃ, સઃ, મે, પ્રિયઃ ॥ ૧૭॥

**યઃ** = જે
**ન** = ન (તો કદી)
**હૃષ્યતિ** = હર્ષ પામે છે,
**ન** = ન
**દ્વેષ્ટિ** = દ્વેષ કરે છે,
**ન** = ન
**શોચતિ** = શોક કરે છે
**ન** = ન
**કાઙ્ક્ષતિ** = કશાયની કામના કરે છે (તથા)
**યઃ** = જે
**શુભાશુભ-પરિત્યાગી** = શુભ અને અશુભ સઘળાં કર્મોનો ત્યાગી છે –
**સઃ** = એ
**ભક્તિમાન્** = ભક્તિયુક્ત માણસ
**મે** = મને
**પ્રિયઃ** = પ્રિય છે.

સમઃ, શત્રૌ, ચ, મિત્રે, ચ, તથા, માનાપમાનયોઃ,
શીતોષ્ણસુખદુઃખેષુ, સમઃ, સઙ્ગવિવર્જિતઃ ॥ ૧૮॥

| | | | |
|---|---|---|---|
| **શત્રૌ, મિત્રે** | = (જે) શત્રુ કે મિત્રમાં | **શીતોષ્ણસુખ-** | = ઠંડી-ગરમી અને સુખ- |
| **ચ** | = અને | **દુઃખેષુ** | દુઃખ આદિ દ્વંદ્વોમાં |
| **માનાપમાનયોઃ** | = માન કે અપમાનમાં | **સમઃ** | = સમ છે |
| **સમઃ** | = સમ છે | **ચ** | = અને |
| **તથા** | = તથા | **સઙ્ગવિવર્જિતઃ** | = આસક્તિ વિનાનો છે, |

તુલ્યનિન્દાસ્તુતિઃ, મૌની, સન્તુષ્ટઃ, યેન, કેનચિત્
અનિકેતઃ, સ્થિરમતિઃ, ભક્તિમાન્, મે, પ્રિયઃ, નરઃ ॥ ૧૯॥

| | | | |
|---|---|---|---|
| **તુલ્યનિન્દાસ્તુતિઃ** | = (જે) નિંદા-સ્તુતિને સમાન સમજનાર, | **અનિકેતઃ** | = રહેવાના સ્થાનમાં મમતા અને આસક્તિ વિનાનો છે – (એ) |
| **મૌની** | = મનનશીલ (અને) | **સ્થિરમતિઃ** | = સ્થિર બુદ્ધિનો |
| **યેન, કેનચિત્** | = ગમે તે પ્રકારે પણ શરીરનો નિર્વાહ થતાં | **ભક્તિમાન્** | = ભક્તિમાન |
| **સન્તુષ્ટઃ** | = સદા સંતુષ્ટ છે, (તથા) | **નરઃ** | = માણસ |
| | | **મે** | = મને |
| | | **પ્રિયઃ** | = પ્રિય છે. |

યે, તુ, ધર્મ્યામૃતમ્, ઇદમ્, યથા, ઉક્તમ્, પર્યુપાસતે,
શ્રદ્દધાનાઃ, મત્પરમાઃ, ભક્તાઃ, તે, અતીવ, મે, પ્રિયાઃ ॥ ૨૦॥

| | | | |
|---|---|---|---|
| **તુ** | = પરંતુ | **પર્યુપાસતે** | = નિષ્કામ પ્રેમભાવે સેવે છે, |
| **યે** | = જે | **તે** | = તે |
| **શ્રદ્દધાનાઃ** | = શ્રદ્ધાળુ માણસો | **ભક્તાઃ** | = ભક્તો |
| **મત્પરમાઃ** | = મારે પરાયણ થઈને | **મે** | = મને |
| **ઇદમ્** | = આ | **અતીવ** | = સૌથી |
| **યથા, ઉક્તમ્** | = ઉપર કહેલા | **પ્રિયાઃ** | = પ્રિય છે. |
| **ધર્મ્યામૃતમ્** | = ધર્મમય અમૃતને | | |

**શ્રીમદ ભગવત ગીતા અધ્યાય-13ના કેટલાક શ્લોકોની ફોટોકોપીઃ-**

# તેરમો અધ્યાય

ઇદમ્, શરીરમ્, કૌન્તેય, ક્ષેત્રમ્, ઇતિ, અભિધીયતે,
એતત્, યઃ, વેત્તિ, તમ્, પ્રાહુઃ, ક્ષેત્રજ્ઞઃ, ઇતિ, તદ્વિદઃ ॥ ૧॥

| | | | |
|---|---|---|---|
| **કૌન્તેય** | = હે કૌન્તેય! | **તમ્** | = એને |
| **ઇદમ્** | = આ | **ક્ષેત્રજ્ઞઃ** | = 'ક્ષેત્રજ્ઞ' |
| **શરીરમ્** | = શરીર | ઇતિ | = આ (નામથી) |
| **ક્ષેત્રમ્ ઇતિ** | = 'ક્ષેત્ર' | **તદ્વિદઃ** | = આ બન્નેના તત્ત્વને જાણનારા જ્ઞાનીજનોએ |
| **અભિધીયતે** | = કહેવાય છે (અને) | **પ્રાહુઃ** | = કહે છે |
| **એતત્** | = એને | | |
| **યઃ** | = જે | | |
| **વેત્તિ** | = જાણે છે | | |

ક્ષેત્રજ્ઞમ્, ચ, અપિ, મામ્, વિદ્ધિ, સર્વક્ષેત્રેષુ, ભારત,
ક્ષેત્રક્ષેત્રજ્ઞયોઃ, જ્ઞાનમ્, યત્, તત્, જ્ઞાનમ્, મતમ્, મમ ॥ ૨॥

| | | | |
|---|---|---|---|
| **ભારત** | = હે ભારત! | **યત્** | = જે |
| **સર્વક્ષેત્રેષુ** | = બધાં ક્ષેત્રોમાં | **જ્ઞાનમ્** | = તત્ત્વસહિત જ્ઞાન છે, |
| **ક્ષેત્રજ્ઞમ્** | = ક્ષેત્રજ્ઞ એટલે કે જીવાત્મા | **તત્** | = એ (જ) |
| **અપિ** | = પણ (તું) | **જ્ઞાનમ્** | = (ખરું) જ્ઞાન છે – |
| **મામ્** | = મને (જ) | **(ઇતિ)** | = એવો |
| **વિદ્ધિ** | = જાણ | **મમ** | = મારો |
| **ચ** | = અને | **મતમ્** | = મત છે. |
| **ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞયોઃ** | = ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનું એટલે કે વિકાર સહિત પ્રકૃતિનું અને પુરૂષનું | | |

તત્, ક્ષેત્રમ્, યત્, ચ, યાદૃક્, ચ, યદ્વિકારિ, યતઃ, ચ, યત્,
સઃ, ચ, યઃ, યત્પ્રભાવઃ, ચ, તત્, સમાસેન, મે, શૃણુ ॥ ૩॥

| | | | |
|---|---|---|---|
| **તત્** | = એ | **સઃ** | = એ (ક્ષેત્રજ્ઞ પણ) |
| **ક્ષેત્રમ્** | = ક્ષેત્ર | **યઃ** | = જે સ્વરૂપનો |
| **યત્, ચ** | = જે (સ્વરૂપનું,) | **ચ** | = અને |
| **યાદૃક્** | = જે સ્વભાવ ધરાવનારું | **યત્પ્રભાવઃ** | = જે પ્રભાવ ધરાવનારો છે – |
| **ચ** | = તથા | **તત્** | = એ સઘળું (તું) |
| **યદ્વિકારિ** | = જે જે વિકારોથી યુક્ત છે | **સમાસેન** | = ટૂંકમાં |
| **ચ** | = અને | **મે** | = મારી પાસેથી |
| **યતઃ** | = જે કારણથી | **શૃણુ** | = સાંભળ. |
| **યત્** | = એ (ઉદ્ભવ્યું) છે | | |
| **ચ** | = તથા | | |

ઋષિભિઃ, બહુધા, ગીતમ્, છન્દોભિઃ, વિવિધૈઃ, પૃથક્,
બ્રહ્મસૂત્રપદૈઃ, ચ, એવ, હેતુમદ્ભિઃ, વિનિશ્ચિતૈઃ ॥ ૪॥

| | | | |
|---|---|---|---|
| **ઋષિભિઃ** | = (ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું આ તત્ત્વ) ઋષિઓ દ્વારા | **ચ** | = તેમજ |
| **બહુધા** | = અનેક પ્રકારે | **વિનિશ્ચિતૈઃ** | = સારી રીતે નિશ્ચિત કરેલાં |
| **ગીતમ્** | = કહેવાયું છે (અને) | **હેતુમદ્ભિઃ** | = યુક્તિપૂર્વકનાં |
| **વિવિધૈઃ** | = વિવિધ | **બ્રહ્મસૂત્રપદૈઃ** | = બ્રહ્મસૂત્રનાં પદો દ્વારા |
| **છન્દોભિઃ** | = વેદમંત્રો દ્વારા (પણ) | **એવ** | = પણ |
| **પૃથક્** | = વિભાગપૂર્વક | **(ગીતમ્)** | = કહેવાયું છે. |
| **(ગીતમ્)** | = કહેવામાં આવ્યું છે | | |

મહાભૂતાનિ, અહઙ્કારઃ, બુદ્ધિઃ, અવ્યક્તમ્, એવ, ચ,
ઇન્દ્રિયાણિ, દશ, એકમ્, ચ, પઞ્ચ, ચ, ઇન્દ્રિયગોચરાઃ ॥ ૫॥

| | | | |
|---|---|---|---|
| **મહાભૂતાનિ** | = પાંચ મહાભૂત, | **ઇન્દ્રિયાણિ** | = ઇન્દ્રિયો, |
| **અહઙ્કારઃ** | = અહંકાર | **એકમ્** | = એક મન |
| **બુદ્ધિઃ** | = બુદ્ધિ | **ચ** | = અને |
| **ચ** | = અને | **પઞ્ચ** | = પાંચ |
| **અવ્યક્તમ્** | = મૂળ પ્રકૃતિ | **ઇન્દ્રિય-ગોચરાઃ** | = ઇન્દ્રિયોના વિષયો – શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ – |
| **એવ** | = પણ; | | |
| **ચ** | = તેમજ | | |
| **દશ** | = દસ | | |

ઈચ્છા, દ્વેષઃ, સુખમ્, દુઃખમ્, સઙ્ઘાતઃ, ચેતના, ધૃતિઃ,
એતત્, ક્ષેત્રમ્, સમાસેન, સવિકારમ્, ઉદાહૃતમ્ ॥ ૬॥

| | | | |
|---|---|---|---|
| **ઈચ્છા** | = ઈચ્છા, | **ધૃતિઃ** | = ધૃતિ – (આટલા) |
| **દ્વેષઃ** | = દ્વેષ, | **સવિકારમ્** | = વિકારો સહિતનું |
| **સુખમ્** | = સુખ, | **એતત્** | = આ |
| **દુઃખમ્** | = દુઃખ, | **ક્ષેત્રમ્** | = ક્ષેત્ર |
| **સઙ્ઘાતઃ** | = સ્થૂળ શરીર, | **સમાસેન** | = ટૂંકમાં |
| **ચેતના** | = ચેતના (અને) | **ઉદાહૃતમ્** | = કહેવાયું છે. |

અમાનિત્વમ્, અદમ્ભિત્વમ્, અહિંસા, ક્ષાન્તિઃ, આર્જવમ્,
આચાર્યોપાસનમ્, શૌચમ્, સ્થૈર્યમ્, આત્મવિનિગ્રહઃ ॥ ૭॥

| | | | |
|---|---|---|---|
| **અમાનિત્વમ્** | = પોતાને શ્રેષ્ઠ માનવા-રૂપી અભિમાનનો અભાવ | **આર્જવમ્** | = મન-વાણી આદિમાં ઋજુભાવ હોવો, |
| **અદમ્ભિત્વમ્** | = દંભાચરણનો અભાવ હોવો, | **આચાર્યોપાસનમ્** | = શ્રદ્ધાભક્તિ સાથે ગુરુજનોની સેવા, |
| **અહિંસા** | = કોઈ પણ પ્રાણીને કોઈ પણ પ્રકારે કષ્ટ ન આપવું, | **શૌચમ્** | = બાહ્ય તેમજ આંતરિક શુદ્ધિ હોવી, |
| **ક્ષાન્તિઃ** | = ક્ષમાભાવ, | **સ્થૈર્યમ્** | = અન્તઃકરણની સ્થિરતા હોવી, |
| | | **આત્મવિનિગ્રહઃ** | = મન-ઈન્દ્રિયો સહિત શરીરનો નિગ્રહ – |

ઈન્દ્રિયાર્થેષુ, વૈરાગ્યમ્, અનહઙ્કારઃ, એવ, ચ,
જન્મમૃત્યુજરાવ્યાધિદુઃખદોષાનુદર્શનમ્ ॥ ૮॥

| | | | |
|---|---|---|---|
| **ઈન્દ્રિયાર્થેષુ** | = આ લોક અને પરલોકના સર્વ ભોગોમાં | **અનહઙ્કારઃ, એવ** | = અહંકારનો પણ અભાવ હોવો; |
| **વૈરાગ્યમ્** | = આસક્તિ ન હોવી | **જન્મમૃત્યુજરાવ્યાધિદુઃખદોષાનુદર્શનમ્** | = જન્મ, મૃત્યુ, જરા અને રોગ આદિમાં દુઃખો અને દોષોને વારંવાર જોવાં – |
| **ચ** | = અને | | |

અસક્તિઃ, અનભિષ્વઙ્ગઃ, પુત્રદારગૃહાદિષુ,
નિત્યમ્, ચ, સમચિત્તત્વમ્, ઇષ્ટાનિષ્ટોપપત્તિષુ ॥૯॥

| | | | |
|---|---|---|---|
| **પુત્રદાર-ગૃહાદિષુ** | = પુત્ર, સ્ત્રી, ઘર અને ધન વગેરેમાં | **ચ** | = તથા |
| **અસક્તિઃ** | = આસક્તિનો અભાવ (અને) | **ઈષ્ટાનિષ્ટો-પપત્તિષુ** | = પ્રિય અને અપ્રિયની પ્રાપ્તિ થતાં |
| | | **નિત્યમ્** | = સદાય |
| **અનભિષ્વઙ્ગઃ** | = મમતા ન હોવી, | **સમચિત્તત્વમ્** | = ચિત્તનું સમ રહેવું – |

મયિ, ચ, અનન્યયોગેન, ભક્તિઃ, અવ્યભિચારિણી,
વિવિક્તદેશસેવિત્વમ્, અરતિઃ, જનસંસદિ ॥૧૦॥

| | | | |
|---|---|---|---|
| **મયિ** | = મુજ પરમેશ્વરમાં | **વિવિક્તદેશ-સેવિત્વમ્** | = એકાન્ત અને શુદ્ધ સ્થાનમાં રહેવાનો સ્વભાવ હોવો (અને) |
| **અનન્ય-યોગેન** | = અનન્ય યોગનો આશરો લઈને | | |
| **અવ્યભિ-ચારિણી** | = અવ્યભિચારિણી | **જનસંસદિ** | = વિષયાસક્ત માણસોના સમુદાયમાં |
| **ભક્તિઃ** | = ભક્તિ હોવી | | |
| **ચ** | = તથા | **અરતિઃ** | = પ્રીતિ ન હોવી – |

અધ્યાત્મજ્ઞાનનિત્યત્વમ્, તત્ત્વજ્ઞાનાર્થદર્શનમ્
એતત્, જ્ઞાનમ્, ઈતિ, પ્રોક્તમ્, અજ્ઞાનમ્, યત્, અતઃ, અન્યથા ॥ ૧૧॥

| | | | |
|---|---|---|---|
| **અધ્યાત્મજ્ઞાન-નિત્યત્વમ્** | = અધ્યાત્મજ્ઞાનમાં નિત્ય સ્થિત રહેવું | **એતત્** | = આ બધું |
| | | **જ્ઞાનમ્** | = જ્ઞાન છે; (અને) |
| **તત્ત્વજ્ઞાનાર્થ-દર્શનમ્** | = (અને) તત્ત્વજ્ઞાન વડે જેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, એ પરમાત્માને જ જોતા રહેવું – | **યત્** | = જે |
| | | **અતઃ** | = આ બધાથી |
| | | **અન્યથા** | = અવળું છે, |
| | | **અજ્ઞાનમ્** | = એ અજ્ઞાન છે |
| | | **ઈતિ** | = આવું |
| | | **પ્રોક્તમ્** | = કહ્યું છે. |

જ્ઞેયમ્, યત્, તત્, પ્રવક્ષ્યામિ, યત્, જ્ઞાત્વા, અમૃતમ્, અશ્નુતે,
અનાદિમત્, પરમ્, બ્રહ્મ, ન, સત્, તત્, ન, અસત્, ઉચ્યતે ॥ ૧૨॥

| | |
|---|---|
| **યત્** | = જે |
| **જ્ઞેયમ્** | = જાણવાયોગ્ય છે (તથા) |
| **યત્** | = જેને |
| **જ્ઞાત્વા** | = જાણીને (માણસ) |
| **અમૃતમ્** | = પરમાનંદને |
| **અશ્નુતે** | = પ્રાપ્ત થાય છે, |
| **તત્** | = એ |
| **પ્રવક્ષ્યામિ** | = સમ્યક્ રીતે કહીશ |
| **તત્** | = એ |
| **અનાદિમત્** | = અનાદિવાળા |
| **પરમ્** | = પરમ |
| **બ્રહ્મ** | = બ્રહ્મ |
| **ન** | = ન |
| **સત્** | = સત્ |
| **ઉચ્યતે** | = કહેવામાં આવે છે, |
| **ન** | = ન |
| **અસત્** | = અસત જ |

સર્વતઃપાણિપાદમ્, તત્, સર્વતોઽક્ષિશિરોમુખમ્,
સર્વતઃશ્રુતિમત્, લોકે, સર્વમ્, આવૃત્ય, તિષ્ઠતિ ॥ ૧૩॥

| | |
|---|---|
| **તત્** | = એ |
| **સર્વતઃપાણિ-પાદમ્** | = સર્વ તરફ હાથ-પગ ધરાવનાર, |
| **સર્વતોઽક્ષિ-શિરોમુખમ્** | = સર્વ તરફ આંખ, મસ્તક અને મુખ ધરાવનાર (અને) |
| **સર્વતઃ-શ્રુતિમત્** | = સર્વ તરફ કાન ધરાવનાર છે |
| **(યતઃ)** | = કેમકે |
| **લોકે** | = સંસારમાં (એ) |
| **સર્વમ્** | = સૌને |
| **આવૃત્ય** | = વ્યાપીને |
| **તિષ્ઠતિ** | = સ્થિત છે. |

સર્વેન્દ્રિયગુણાભાસમ્, સર્વેન્દ્રિયવિવર્જિતમ્,
અસક્તમ્, સર્વભૃત્, ચ, એવ, નિર્ગુણમ્, ગુણભોક્તૃ, ચ ॥ ૧૪॥

| | |
|---|---|
| **સર્વેન્દ્રિય-ગુણાભાસમ્** | = (એ) સઘળી ઇન્દ્રિયોના વિષયોને જાણનારો છે, (છતાં વાસ્તવમાં) |
| **સર્વેન્દ્રિય-વિવર્જિતમ્** | = સઘળી ઇન્દ્રિયો વિનાનો છે |
| **ચ** | = તથા |
| **અસક્તમ્** | = આસક્તિ વિનાનો |
| **એવ** | = (હોવા છતાં) પણ |
| **સર્વભૃત્** | = સર્વનું ધારણ-પોષણ કરનારો |
| **ચ** | = અને |
| **નિર્ગુણમ્** | = નિર્ગુણ હોવા છતાં (પણ) |
| **ગુણભોક્તૃ** | = ગુણોને ભોગવનારો છે. |

બહિઃ, અન્તઃ, ચ, ભૂતાનામ્, અચરમ્, ચરમ્, એવ, ચ,
સૂક્ષ્મત્વાત્, તત્, અવિજ્ઞેયમ્, દૂરસ્થમ્, ચ, અન્તિકે, ચ, તત્ ॥ ૧૫॥

| | | | |
|---|---|---|---|
| **ભૂતાનામ્** | = (એ) ચરાચર સર્વ ભૂતોની | **તત્** | = એ |
| **બહિઃ, અન્તઃ** | = અંદર-બહાર (પૂર્ણરૂપે વ્યાપેલો છે) | **સૂક્ષ્મત્વાત્** | = સૂક્ષ્મ હોવાને લીધે |
| **ચ** | = તેમજ | **અવિજ્ઞેયમ્** | = જાણી શકાતો નથી |
| **ચરમ્, અચરમ્** | = ચર-અચરરૂપે | **ચ** | = તથા |
| **એવ** | = પણ (એ જ છે) | **અન્તિકે** | = એકદમ પાસે |
| **ચ** | = અને | **ચ** | = તેમજ |
| | | **દૂરસ્થમ્** | = ઘણો દૂર પણ રહેલો |
| | | **તત્** | = એ જ છે. |

અવિભક્તમ્, ચ, ભૂતેષુ, વિભક્તમ્, ઈવ, ચ, સ્થિતમ્,
ભૂતભર્તૃ, ચ, તત્, જ્ઞેયમ્, ગ્રસિષ્ણુ, પ્રભવિષ્ણુ, ચ ॥ ૧૬॥

| | | | |
|---|---|---|---|
| **અવિભક્તમ્** | = (એ પરમાત્મા,) અવિભાજિત એકરૂપે રહેલા આકાશની જેમ, પરિપૂર્ણ હોવા છતાં | **તત્** | = એ |
| **ચ** | = પણ | **જ્ઞેયમ્** | = જાણવાયોગ્ય પરમાત્મા |
| **ભૂતેષુ** | = ચરાચર બધાં ભૂતોમાં | **ભૂતભર્તૃ** | = વિષ્ણુરૂપે ભૂતોનું ધારણ-પોષણ કરનારો |
| **વિભક્તમ્, ઈવ** | = જાણે વિભાજિત હોય એમ | **ચ** | = અને |
| **સ્થિતમ્** | = સ્થિત (જણાય છે) | **ગ્રસિષ્ણુ** | = રુદ્રરૂપે સંહાર કરનારો |
| **ચ** | = તથા | **ચ** | = તેમજ |
| | | **પ્રભવિષ્ણુ** | = બ્રહ્મારૂપે સર્વને ઉત્પન્ન કરનારો છે. |

જ્યોતિષામ્, અપિ, તત્, જ્યોતિઃ, તમસઃ, પરમ્, ઉચ્યતે,
જ્ઞાનમ્, જ્ઞેયમ્, જ્ઞાનગમ્યમ્, હૃદિ, સર્વસ્ય, વિષ્ઠિતમ્ ॥ ૧૭॥

| | | | |
|---|---|---|---|
| **તત્** | = એ પરબ્રહ્મ | **જ્ઞાનમ્** | = બોધસ્વરૂપ, |
| **જ્યોતિષામ્** | = જ્યોતિઓનો | **જ્ઞેયમ્** | = જાણવા યોગ્ય (તેમજ) |
| **અપિ** | = પણ | **જ્ઞાનગમ્યમ્** | = તત્ત્વજ્ઞાનથી પામવા યોગ્ય છે (અને) |
| **જ્યોતિઃ** | = જ્યોતિ (તેમજ) | **સર્વસ્ય** | = સૌના |
| **તમસઃ** | = માયાથી | **હૃદિ** | = હૃદયમાં |
| **પરમ્** | = સાવ પર | **વિષ્ઠિતમ્** | = વિશેષરૂપે રહેલો છે. |
| **ઉચ્યતે** | = કહેવાય છે; (એ પરમાત્મા) | | |

ઇતિ, ક્ષેત્રમ્, તથા, જ્ઞાનમ્, જ્ઞેયમ્, ચ, ઉક્તમ્, સમાસતઃ,
મદ્ભક્તઃ, એતત્, વિજ્ઞાય, મદ્ભાવાય, ઉપપદ્યતે ॥ ૧૮॥

| | | | |
|---|---|---|---|
| **ઇતિ** | = આ પ્રમાણે | **ઉક્તમ્** | = કહ્યું; |
| **ક્ષેત્રમ્, તથા** | = ક્ષેત્ર અને | **મદ્ભક્તઃ** | = મારો ભક્ત |
| **જ્ઞાનમ્** | = જ્ઞાન | **એતત્** | = એને |
| **ચ** | = તેમજ | **વિજ્ઞાય** | = તત્ત્વથી જાણીને |
| **જ્ઞેયમ્** | = જાણવા યોગ્ય પરમાત્માનું સ્વરૂપ | **મદ્ભાવાય** | = મારા સ્વરૂપને |
| **સમાસતઃ** | = ટૂંકમાં | **ઉપપદ્યતે** | = પામે છે. |

પ્રકૃતિમ્, પુરુષમ્, ચ, એવ, વિદ્ધિ, અનાદી, ઉભૌ, અપિ,
વિકારાન્, ચ, ગુણાન્, ચ, એવ, વિદ્ધિ, પ્રકૃતિસમ્ભવાન્ ॥ ૧૯॥

| | | | |
|---|---|---|---|
| **પ્રકૃતિમ્** | = મૂળ પ્રકૃતિ | **ચ** | = તથા |
| **ચ** | = અને | **ગુણાન્** | = ત્રિગુણાત્મક બધાય પદાર્થોને |
| **પુરુષમ્** | = પુરુષ – | | |
| **ઉભૌ, એવ** | = આ બેયને (તું) | **અપિ** | = પણ |
| **અનાદી** | = અનાદિ | **પ્રકૃતિ-સમ્ભવાન્** | = પ્રકૃતિથી ઉદ્ભવેલા |
| **વિદ્ધિ** | = જાણ | | |
| **ચ** | = અને | **એવ** | = જ |
| **વિકારાન્** | = રાગ-દ્વેષ આદિ વિકારોને | **વિદ્ધિ** | = જાણ. |

કાર્યકરણકર્તૃત્વે, હેતુઃ, પ્રકૃતિઃ, ઉચ્યતે,
પુરુષઃ, સુખદુઃખાનામ્, ભોક્તૃત્વે, હેતુઃ, ઉચ્યતે ॥ ૨૦॥

| | | | |
|---|---|---|---|
| **કાર્યકરણકર્તૃત્વે** | = કાર્યો અને કરણોને ઉત્પન્ન કરવામાં | **સુખદુઃખાનામ્** | = સુખ-દુઃખોનો |
| **પ્રકૃતિઃ** | = પ્રકૃતિ | **ભોક્તૃત્વે** | = અનુભવ થવામાં |
| **હેતુઃ** | = કારણ | **પુરુષઃ** | = જીવાત્મા |
| **ઉચ્યતે** | = કહેવાય છે (અને) | **હેતુઃ** | = કારણ |
| | | **ઉચ્યતે** | = કહેવાય છે. |

પુરુષઃ, પ્રકૃતિસ્થઃ, હિ, ભુઙ્ક્તે, પ્રકૃતિજાન્, ગુણાન્,
કારણમ્, ગુણસઙ્ગઃ, અસ્ય, સદસદ્યોનિજન્મસુ ॥ ૨૧॥

| | | | |
|---|---|---|---|
| **પ્રકૃતિસ્થઃ** | = પ્રકૃતિમાં રહીને | **ગુણસઙ્ગઃ** | = ગુણોનો સંગ (જ) |
| **હિ** | = જ | **અસ્ય** | = આ જીવાત્માના |
| **પુરુષઃ** | = પુરુષ | **સદસદ્યોનિજન્મસુ** | = સારી-નરસી યોનિઓમાં જન્મ થવામાં |
| **પ્રકૃતિજાન્** | = પ્રકૃતિમાંથી જન્મેલા | **કારણમ્** | = કારણ બને છે. |
| **ગુણાન્** | = ત્રિગુણાત્મક પદાર્થોને | | |
| **ભુઙ્ક્તે** | = ભોગવે છે (અને આ) | | |

ઉપદ્રષ્ટા, અનુમન્તા, ચ, ભર્તા, ભોક્તા, મહેશ્વરઃ,
પરમાત્મા, ઇતિ, ચ, અપિ, ઉક્તઃ, દેહે, અસ્મિન્, પુરુષઃ, પરઃ ॥ ૨૨॥

| | | | |
|---|---|---|---|
| **અસ્મિન્** | = આ | **ભર્તા** | = સૌનું ધારણ-પોષણ કરનારો હોવાને લીધે ભર્તા, |
| **દેહે (સ્થિતઃ)** | = દેહમાં રહેલો | **ભોક્તા** | = જીવરૂપે ભોક્તા, |
| **અપિ** | હોવા છતાં, | **મહેશ્વરઃ** | = બ્રહ્મા આદિનો પણ સ્વામી હોવાને લીધે મહેશ્વર |
| **પુરુષઃ** | = આ આત્મા (વાસ્તવમાં) | **ચ** | = અને |
| **પરઃ (એવ)** | = પરમાત્મા જ છે; (એ જ) | **પરમાત્મા** | = શુદ્ધ સચ્ચિદાનંદઘન હોવાથી પરમાત્મા – |
| **ઉપદ્રષ્ટા** | = સાક્ષી હોવાને લીધે ઉપદ્રષ્ટા | **ઇતિ** | = એમ |
| **ચ** | = અને | **ઉક્તઃ** | = કહેવાયો છે. |
| **અનુમન્તા** | = ખરી સંમતિ આપનારો હોવાને લીધે અનુમંતા, | | |

યઃ, એવમ્, વેત્તિ, પુરુષમ્, પ્રકૃતિમ્, ચ, ગુણૈઃ, સહ,
સર્વથા, વર્તમાનઃ, અપિ, ન, સઃ, ભૂયઃ, અભિજાયતે ॥ ૨૩॥

| | | | |
|---|---|---|---|
| **એવમ્** | = આ રીતે | **સઃ** | = એ |
| **પુરુષમ્** | = પુરુષને | **સર્વથા** | = સર્વ રીતે |
| **ચ** | = અને | **વર્તમાનઃ** | = કર્તવ્ય કર્મ કરતો (હોવા છતાં) |
| **ગુણૈઃ** | = ગુણોની | **અપિ** | = પણ |
| **સહ** | = સાથે | **ભૂયઃ** | = ફરી |
| **પ્રકૃતિમ્** | = પ્રકૃતિને, | **ન** | = નથી |
| **યઃ** | = જે માણસ | **અભિજાયતે** | = જન્મ પામતો. |
| **વેત્તિ** | = તત્ત્વથી જાણે છે, | | |

ધ્યાનેન, આત્મનિ, પશ્યન્તિ, કેચિત્, આત્માનમ્, આત્મના,
અન્યે, સાઙ્ખ્યેન, યોગેન, કર્મયોગેન, ચ, અપરે ॥ ૨૪॥

| | | | |
|---|---|---|---|
| **આત્માનમ્** | = પરમાત્માને, | **અન્યે** | = બીજા કેટલાક |
| **કેચિત્** | = કેટલાક માણસો | **સાઙ્ખ્યેન યોગેન** | = જ્ઞાનયોગ, દ્વારા |
| **આત્મના** | = શુદ્ધ થયેલી સૂક્ષ્મ બુદ્ધિ વડે | **ચ** | = અને વળી |
| **ધ્યાનેન** | = ધ્યાન દ્વારા | **અપરે** | = બીજા કેટલાક |
| **આત્મનિ** | = હૃદયમાં | **કર્મયોગેન** | = કર્મયોગ દ્વારા |
| **પશ્યન્તિ** | = જુએ છે, (તો) | **(પશ્યન્તિ)** | = જુએ છે એટલે કે પામે છે. |

અન્યે, તુ, એવમ્, અજાનન્તઃ, શ્રુત્વા, અન્યેભ્યઃ, ઉપાસતે,
તે, અપિ, ચ, અતિતરન્તિ, એવ, મૃત્યુમ્, શ્રુતિપરાયણાઃ ॥ ૨૫॥

| | | | |
|---|---|---|---|
| **તુ** | = પરંતુ | **શ્રુત્વા** | = સાંભળીને જ (એ મુજબ) |
| **અન્યે** | = આ બધા કરતાં અન્ય પ્રકારના અર્થાત્ જે મંદબુદ્ધિવાના માણસો છે, તે | **ઉપાસતે** | = ઉપાસના કરે છે, |
| | | **ચ** | = અને |
| **એવમ્** | = આ પ્રમાણે | **તે** | = એ |
| **અજાનન્તઃ** | = ન જાણતા (હોવાને લીધે) | **શ્રુતિ-પરાયણાઃ** | = શ્રવણપરાયણ પુરુષો |
| **અન્યેભ્યઃ** | = બીજા માણસો પાસેથી એટલે કે તત્ત્વજ્ઞાનીઓ પાસેથી | **અપિ** | = પણ |
| | | **મૃત્યુમ્** | = મૃત્યુરૂપી સંસારસાગરને |
| | | **અતિત-રન્તિ, એવ** | = નિઃસંદેહ તરી જાય છે. |

યાવત્, સઞ્જાયતે, કિઞ્ચિત્, સત્ત્વમ્, સ્થાવરજઙ્ગમમ્
ક્ષેત્રક્ષેત્રજ્ઞસંયોગાત્, તત્, વિદ્ધિ, ભરતર્ષભ ॥ ૨૬॥

| | |
|---|---|
| **ભરતર્ષભ** | = હે ભરતશ્રેષ્ઠ! |
| **યાવત્** | = યાવન્માત્ર |
| **કિઞ્ચિત્** | = જેટલાં પણ |
| **સ્થાવરજઙ્ગમમ્** | = સ્થાવરજંગમ |
| **સત્ત્વમ્** | = પ્રાણીઓ |
| **સઞ્જાયતે** | = જન્મે છે, |
| **તત્** | = એ બધાંયને (તું) |
| **ક્ષેત્રક્ષેત્રજ્ઞ-સંયોગાત્** | = ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સંયોગથી જ (ઉદ્ભવેલાં) |
| **વિદ્ધિ** | = જાણ. |

સમમ્, સર્વેષુ, ભૂતેષુ, તિષ્ઠન્તમ્, પરમેશ્વરમ્,
વિનશ્યત્સુ, અવિનશ્યન્તમ્, યઃ, પશ્યતિ, સઃ, પશ્યતિ ॥ ૨૭॥

| | |
|---|---|
| **યઃ** | = જે માણસ |
| **વિનશ્યત્સુ** | = નષ્ટ થઈ રહેલાં |
| **સર્વેષુ** | = સઘળાં |
| **ભૂતેષુ** | = ચરાચર ભૂતોમાં |
| **પરમેશ્વરમ્** | = પરમેશ્વરને |
| **અવિનશ્યન્તમ્** | = નષ્ટ ન થતા, (તેમજ) |
| **સમમ્** | = સમભાવે |
| **તિષ્ઠન્તમ્** | = રહેલા |
| **પશ્યતિ** | = જુએ છે, |
| **સઃ** | = એ જ (ખરું) |
| **પશ્યતિ** | = જુએ છે. |

સમમ્, પશ્યન્, હિ, સર્વત્ર સમવસ્થિતમ્, ઈશ્વરમ્,
ન, હિનસ્તિ, આત્મના, આત્માનમ્, તતઃ, યાતિ, પરામ્, ગતિમ્ ॥ ૨૮॥

| | |
|---|---|
| **હિ** | = કેમકે |
| **સર્વત્ર** | = સર્વમાં |
| **સમવસ્થિતમ્** | = સમભાવે રહેલા |
| **ઈશ્વરમ્** | = પરમેશ્વરને |
| **સમમ્** | = સમસ્વરૂપે |
| **પશ્યન્** | = જોતો (માણસ) |
| **આત્મના** | = પોતાના વડે |
| **આત્માનમ્** | = પોતાને |
| **ન, હિનસ્તિ** | = નષ્ટ નથી કરતો; |
| **તતઃ** | = માટે (એ) |
| **પરામ્** | = પરમ |
| **ગતિમ્** | = ગતિને |
| **યાતિ** | = પામે છે. |

પ્રકૃત્યા, એવ, ચ, કર્માણિ, ક્રિયમાણાનિ, સર્વશઃ,
યઃ, પશ્યતિ, તથા, આત્માનમ્, અકર્તારમ્, સઃ, પશ્યતિ ॥ ૨૯॥

| | | | |
|---|---|---|---|
| **ચ** | = અને | **પશ્યતિ** | = જુએ છે |
| **યઃ** | = જે માણસ | **તથા** | = તથા |
| **કર્માણિ** | = બધાંય કર્મોને | **આત્માનમ્** | = આત્માને |
| **સર્વશઃ** | = સર્વ રીતે | **અકર્તારમ્** | = અકર્તા |
| **પ્રકૃત્યા** | = પ્રકૃતિ વડે | **(પશ્યતિ)** | = જુએ છે, |
| **એવ** | = જ | **સઃ** | = એ જ (ખરું) |
| **ક્રિયમાણાનિ** | = થનારાં | **પશ્યતિ** | = જુએ છે. |

યદા, ભૂતપૃથગ્ભાવમ્, એકસ્થમ્, અનુપશ્યતિ,
તતઃ, એવ, ચ, વિસ્તારમ્, બ્રહ્મ, સમ્પદ્યતે, તદા ॥ ૩૦॥

| | | | |
|---|---|---|---|
| **યદા** | = જે ક્ષણે, (આ માણસ) | **એવ** | = જ |
| **ભૂત-પૃથગ્ભાવમ્** | = પ્રાણીઓનાં જાત-જાતનાં ભાવોને | **વિસ્તારમ્** | = સઘળાં પ્રાણીઓનો વિસ્તાર |
| **એકસ્થમ્** | = એક પરમાત્મામાં જ રહેલાં | **અનુપશ્યતિ** | = જુએ છે, |
| | | **તદા** | = એ જ ક્ષણે (એ) |
| **ચ** | = તથા | **બ્રહ્મ** | = સચ્ચિદાનંદઘન બ્રહ્મને |
| **તતઃ** | = એ પરમાત્માથી | **સમ્પદ્યતે** | = પામી જાય છે. |

અનાદિત્વાત્, નિર્ગુણત્વાત્, પરમાત્મા, અયમ્, અવ્યયઃ,
શરીરસ્થઃ, અપિ, કૌન્તેય, ન, કરોતિ, ન લિપ્યતે ॥ ૩૧॥

| | | | |
|---|---|---|---|
| **કૌન્તેય** | = હે કૌન્તેય! | **શરીરસ્થઃ** | = શરીરમાં રહેલો (હોવા છતાં) |
| **અનાદિત્વાત્** | = અનાદિ હોવાને લીધે (તથા) | **અપિ** | = પણ, |
| **નિર્ગુણત્વાત્** | = નિર્ગુણ હોવાથી | **ન** | = (ખરી રીતે)ન (તો કશું) |
| **અયમ્** | = આ | | |
| **અવ્યયઃ** | = અવિનાશી | **કરોતિ** | = કરે છે (કે) |
| **પરમાત્મા** | = પરમાત્મા, | **ન** | = ન (તો) |
| | | **લિપ્યન્તે** | = લેપાય છે. |

યથા, સર્વગતમ્, સૌક્ષ્મ્યાત્, આકાશમ્, ન, ઉપલિપ્યતે,
સર્વત્ર, અવસ્થિતઃ, દેહે, તથા, આત્મા, ન, ઉપલિપ્યતે ॥ ૩૨॥

| | | | |
|---|---|---|---|
| **યથા** | = જેમ | **દેહે** | = દેહમાં |
| **સર્વગતમ્** | = સર્વ સ્થળે વ્યાપેલું | **સર્વત્ર** | = સર્વત્ર |
| **આકાશમ્** | = આકાશ | **અવસ્થિતઃ** | = રહેલો |
| **સૌક્ષ્યાત્** | = સૂક્ષ્મ હોવાને લીધે | **આત્મા** | = આત્મા |
| **ન, ઉપલિપ્યતે** | = (સ્થાનોના ગુણ-દોષોથી) લેપાતું નથી, | **ન, ઉપલિપ્યતે** | = (નિર્ગુણ હોવાને લીધે દેહના ગુણોથી) લેપાતો નથી. |
| **તથા** | = એ જ રીતે | | |

યથા, પ્રકાશયતિ, એકઃ, કૃત્સ્નમ્, લોકમ્, ઈમમ્, રવિઃ,
ક્ષેત્રમ્, ક્ષેત્રી, તથા, કૃત્સ્નમ્, પ્રકાશયતિ, ભારત ॥ ૩૩॥

| | | | |
|---|---|---|---|
| **ભારત** | = હે ભારત! | **પ્રકાશયતિ** | = ઉજાળે છે, |
| **યથા** | = જેવી રીતે | **તથા** | = એ જ રીતે |
| **એકઃ** | = એક જ | **ક્ષેત્રી** | = એક જ આત્મા |
| **રવિઃ** | = સૂર્ય | **કૃત્સ્નમ્** | = આખાય |
| **ઈમમ્** | = આ | **ક્ષેત્રમ્** | = ક્ષેત્રને |
| **કૃત્સ્નમ્** | = આખાય | **પ્રકાશયતિ** | = ઉજાળે છે. |
| **લોકમ્** | = બ્રહ્માંડને | | |

ક્ષેત્રક્ષેત્રજ્ઞયોઃ, એવમ્, અન્તરમ્, જ્ઞાનચક્ષુષા,
ભૂતપ્રકૃતિમોક્ષમ્, ચ, યે, વિદુઃ, યાન્તિ, તે, પરમ્ ॥ ૩૪॥

| | | | |
|---|---|---|---|
| **એવમ્** | = આ પ્રમાણે | **યે** | = જે માણસો |
| **ક્ષેત્રક્ષેત્રજ્ઞયોઃ** | = ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના | **જ્ઞાનચક્ષુષા** | = જ્ઞાનચક્ષુ દ્વારા |
| **અન્તરમ્** | = ભેદને | **વિદુઃ** | = તત્ત્વથી જાણી લે છે, |
| **ચ** | = તથા | **તે** | = એ મહાત્માજનો |
| **ભૂતપ્રકૃતિ-મોક્ષમ્** | = કાર્યસહિત પ્રકૃતિથી મુક્ત થવાને, | **પરમ્** | = પરમ બ્રહ્મ પરમાત્માને |
| | | **યાન્તિ** | = પ્રાપ્ત થઈ જાય છે. |

**શ્રીમદ ભગવત ગીતા અધ્યાય-14ના કેટલાક શ્લોકોની ફોટોકોપીઃ-**

## ચૌદમો અધ્યાય

પરમ્, ભૂયઃ, પ્રવક્ષ્યામિ, જ્ઞાનાનામ્, જ્ઞાનમ્, ઉત્તમમ્,
યત્, જ્ઞાત્વા, મુનયઃ, સર્વે, પરામ્, સિદ્ધિમ્, ઈતઃ, ગતાઃ ॥ ૧॥

**જ્ઞાનાનામ્** = સર્વ જ્ઞાનોમાં પણ
**ઉત્તમમ્** = ચઢિયાતા
**પરમ્** = વધારે ઉત્તમ તે પરમ
**(તત્)** = એવા
**જ્ઞાનમ્** = જ્ઞાનને (હું)
**ભૂયઃ** = હજી
**પ્રવક્ષ્યામિ** = કહીશ,
**યત્** = જેને
**જ્ઞાત્વા** = જાણીને
**સર્વે** = સઘળા
**મુનયઃ** = મુનિજનો
**ઈતઃ** = આ સંસારથી (છૂટીને)
**પરામ્** = પરમ
**સિદ્ધિમ્** = સિદ્ધિને
**ગતાઃ** = પામી ચુક્યા છે.

ઈદમ્, જ્ઞાનમ્, ઉપાશ્રિત્ય, મમ, સાધર્મ્યમ્, આગતાઃ,
સર્ગે, અપિ, ન, ઉપજાયન્તે, પ્રલયે, ન, વ્યથન્તિ, ચ ॥ ૨॥

**ઈદમ્** = આ
**જ્ઞાનમ્** = જ્ઞાનને
**ઉપાશ્રિત્ય** = આશ્રય કરીને એટલે કે ધારણ કરીને
**મમ** = મારા
**સાધર્મ્યમ્** = સ્વરૂપને
**આગતાઃ** = પામી ચૂકેલા માણસો,
**સર્ગે** = સૃષ્ટિના આરંભે (ફરીથી)
**ન, ઉપજાયન્તે** = નથી જન્મતા
**ચ** = અને
**પ્રલયે** = પ્રલયકાળે
**અપિ** = પણ
**ન, વ્યથન્તિ** = નથી વ્યાકુળ થતા.

મમ, યોનિઃ, મહત્, બ્રહ્મ, તસ્મિન્, ગર્ભમ્, દધામિ, અહમ્,
સમ્ભવઃ, સર્વભૂતાનામ્, તતઃ, ભવતિ, ભારત ॥ ૩॥

**ભારત** = હે ભારત!
**મમ** = મારી
**મહત્, બ્રહ્મ** = મહદ્-બ્રહ્મસ્વરૂપ મૂળ પ્રકૃતિ
**યોનિઃ** = (સર્વભૂતોની) યોનિ છે અર્થાત્ ગર્ભાધાનનો આધાર છે (અને)
**અહમ્** = હું
**તસ્મિન્** = એ યોનિમાં
**ગર્ભમ્** = ચેતન (જીવ) સમુદાયરૂપી ગર્ભને
**દધામિ** = સ્થાપું છું;
**તતઃ** = એ જડ-ચેતનના સંયોગમાંથી
**સર્વભૂતાનામ્** = સકળ ભૂતોનો
**સમ્ભવઃ** = ઉદ્ભવ
**ભવતિ** = થાય છે.

સર્વયોનિષુ, કૌન્તેય, મૂર્તયઃ, સમ્ભવન્તિ, યાઃ,
તાસામ્, બ્રહ્મ, મહત્, યોનિઃ, અહમ્, બીજપ્રદઃ, પિતા ॥ ૪॥

| | | | |
|---|---|---|---|
| **કૌન્તેય** | = હે કુન્તીપુત્ર! | **મહત્, બ્રહ્મ** | = પ્રકૃતિ (તો) |
| **સર્વયોનિષુ** | = વિવિધ જાતની સઘળી યોનિઓમાં | **તાસામ્** | = એ સર્વની |
| **યાઃ** | = જે | **યોનિઃ** | = ગર્ભ ધારણ કરનારી માતા છે (અને) |
| **મૂર્તયઃ** | = મૂર્તિઓ-શરીરધારી પ્રાણીઓ | **અહમ્** | = હું |
| | | **બીજપ્રદઃ** | = બીજને સ્થાપનાર |
| **સમ્ભવન્તિ** | = ઉદ્‌ભવે છે, | **પિતા** | = પિતા છું. |

સત્ત્વમ્, રજઃ, તમઃ, ઇતિ, ગુણાઃ, પ્રકૃતિસમ્ભવાઃ,
નિબધ્નન્તિ, મહાબાહો, દેહે, દેહિનમ્, અવ્યયમ્ ॥ ૫॥

| | | | |
|---|---|---|---|
| **મહાબાહો** | = હે મહાબાહો! | **ગુણાઃ** | = ત્રણેય ગુણો |
| **સત્ત્વમ્** | = સત્ત્વગુણ, | **અવ્યયમ્** | = અવિનાશી |
| **રજઃ** | = રજોગુણ (તેમજ) | **દેહિનમ્** | = જીવાત્માને |
| **તમઃ** | = તમોગુણ – | **દેહે** | = શરીરમાં |
| **ઇતિ** | = એમ | **નિબધ્નન્તિ** | = બાંધે છે. |
| **પ્રકૃતિસમ્ભવાઃ** | = પ્રકૃતિમાંથી ઉદ્‌ભવેલા | | |

ન, અન્યમ્, ગુણેભ્યઃ, કર્તારમ્, યદા, દ્રષ્ટા, અનુપશ્યતિ,
ગુણેભ્યઃ, ચ, પરમ્, વેત્તિ, મદ્ભાવમ્, સઃ, અધિગચ્છતિ ॥ ૧૯॥

| | | | |
|---|---|---|---|
| **યદા** | = જે કાળે | **પરમ્** | = સાવ પર એવા સચ્ચિદાનંદઘન-સ્વરૂપ મુજ પરમાત્માને |
| **દ્રષ્ટા** | = સાક્ષીરૂપ રહેલો દ્રષ્ટા | | |
| **ગુણેભ્યઃ** | = ત્રણ ગુણો સિવાય | | |
| **અન્યમ્** | = બીજા કોઈને | **વેત્તિ** | = તત્ત્વથી જાણે છે, (એ વખતે) |
| **કર્તારમ્** | = કર્તારૂપે | | |
| **ન** | = નથી | **સઃ** | = એ |
| **અનુપશ્યતિ** | = જોતો | **મદ્ભાવમ્** | = મારા સ્વરૂપને |
| **ચ** | = અને | **અધિગચ્છતિ** | = પામે છે. |
| **ગુણેભ્યઃ** | = ત્રણેય ગુણોથી | | |

ગુણાન્, એતાન્, અતીત્ય, ત્રીન્, દેહી, દેહસમુદ્ભવાન્,
જન્મમૃત્યુજરાદુઃખૈ, વિમુક્તઃ, અમૃતમ્, અશ્નુતે ॥ ૨૦॥

| | | | |
|---|---|---|---|
| **દેહી** | = આ પુરુષ | **જન્મમૃત્યુ** | = જન્મ, મૃત્યુ, |
| **દેહ-** | = શરીરની ઉત્પત્તિનાં | **જરાદુઃખૈઃ** | વૃદ્ધાવસ્થા અને સર્વ |
| **સમુદ્ભવાન્** | કારણ (એવા) | | પ્રકારનાં દુઃખોથી |
| **એતાન્** | = આ | **વિમુક્તઃ** | = છૂટેલો |
| **ત્રીન્** | = ત્રણેય | | |
| **ગુણાન્** | = ગુણોને | **અમૃતમ્** | = પરમાનંદને |
| **અતીત્ય** | = પાર કરીને | **અશ્નુતે** | = પામે છે. |

સમદુઃખસુખઃ, સ્વસ્થઃ, સમલોષ્ટાશ્મકાઞ્ચનઃ,
તુલ્યપ્રિયાપ્રિયઃ, ધીરઃ, તુલ્યનિન્દાત્મસંસ્તુતિઃ ॥ ૨૪॥

| | | | |
|---|---|---|---|
| **સ્વસ્થઃ** | = જે નિરંતર આત્મ- | **ધીરઃ** | = જ્ઞાની, |
| | ભાવમાં સ્થિત છે, | **તુલ્ય-** | = પ્રિય અને |
| **સમદુઃખસુખઃ** | = સુખ-દુઃખને | **પ્રિયાપ્રિયઃ** | અપ્રિયને એક જેવાં |
| | સમાન સમજે છે, | | માને છે (તથા) |
| **સમલોષ્ટા-** | = માટી, પથરા તેમ- | **તુલ્ય-** | = પોતાની નિંદા કે |
| **શ્મકાઞ્ચનઃ** | જ સોનામાં સમાન | **નિન્દાત્મ-** | સ્તુતિમાં પણ સમાન |
| | ભાવ રાખવાવાળો | **સંસ્તુતિઃ** | ભાવ રાખે છે – |

મામ્, ચ, યઃ, અવ્યભિચારેણ, ભક્તિયોગેન, સેવતે,
સઃ, ગુણાન્, સમતીત્ય, એતાન્, બ્રહ્મભૂયાય, કલ્પતે ॥ ૨૬॥

| | | | |
|---|---|---|---|
| **ચ** | = અને | **એતાન્** | = આ |
| **યઃ** | = જે પુરુષ | **ગુણાન્** | = ત્રણેય ગુણોને |
| **અવ્યભિચારેણ** | = અવ્યભિચારી | **સમતીત્ય** | = સારી રીતે પાર કરીને |
| **ભક્તિયોગેન** | = ભક્તિયોગથી | **બ્રહ્મભૂયાય** | = સચ્ચિદાનંદઘન બ્રહ્મને |
| **મામ્** | = મને | | પામવા |
| **સેવતે** | = (નિરંતર) ભજે છે, | **કલ્પતે** | = યોગ્ય બની |
| **સઃ** | = એ (પણ) | | જાય છે. |

બ્રહ્મણઃ, હિ, પ્રતિષ્ઠા, અહમ્, અમૃતસ્ય, અવ્યયસ્ય, ચ,
શાશ્વતસ્ય, ચ, ધર્મસ્ય, સુખસ્ય, ઐકાન્તિકસ્ય, ચ ॥ ૨૭॥

| | | | |
|---|---|---|---|
| **હિ** | = કેમકે, (એ) | **ચ** | = તેમજ |
| **અવ્યયસ્ય** | = અવિનાશી | **ઐકાન્તિકસ્ય** | = અખંડ એકરસ |
| **બ્રહ્મણઃ, ચ** | = પરબ્રહ્મનું અને | **સુખસ્ય** | = આનંદનું |
| **અમૃતસ્ય, ચ** | = અમૃતનું અને | **પ્રતિષ્ઠા** | = રહેઠાણ |
| **શાશ્વતસ્ય, ધર્મસ્ય** | = શાશ્વત ધર્મનું | **અહમ્** | = હું (છું). |

**શ્રીમદ ભગવત ગીતા અધ્યાય-15ના કેટલાક શ્લોકોની ફોટોકોપીઃ-**

# પંદરમો અધ્યાય

ઊર્ધ્વમૂલમ્, અધઃશાખમ્, અશ્વત્થમ્, પ્રાહુઃ, અવ્યયમ્,
છન્દાંસિ, યસ્ય, પર્ણાનિ, યઃ, તમ્, વેદ, સઃ, વેદવિત્ ॥ ૧॥

| | | | |
|---|---|---|---|
| **ઊર્ધ્વમૂલમ્** | = જેનું આદિપુરુષ પરમેશ્વરરૂપી ઊર્ધ્વ-મૂળ છે, | **છન્દાંસિ,** | = વેદો જેનાં પાંદડાંઓ |
| **અધઃશાખમ્** | = જેની નીચે રહેલી બ્રહ્મારૂપી મુખ્ય શાખા વાળું (જે) | **યસ્ય,** | છે, એવા (આ) |
| **અશ્વત્થમ્** | સંસારરૂપી પીપળાના વૃક્ષને | **પર્ણાનિ** | સંસારરૂપી અશ્વત્થ |
| **અવ્યયમ્** | = અવિનાશી | **યઃ** | = જે માણસ |
| **પ્રાહુઃ** | = કહે છે; (તથા) | **તમ્** | = એ સંસારરૂપી વૃક્ષને (મૂળસહિત) |
| | | **વેદ** | = તત્ત્વથી જાણે છે, |
| | | **સઃ** | = એ |
| | | **વેદવિત્** | = વેદના તાત્પર્યને જાણનાર છે. |

અધઃ, ચ, ઊર્ધ્વમ્, પ્રસૃતાઃ, તસ્ય, શાખાઃ, ગુણપ્રવૃદ્ધાઃ,
વિષયપ્રવાલાઃ, અધઃ, ચ, મૂલાનિ, અનુસન્તતાનિ, કર્માનુબન્ધીનિ,
મનુષ્યલોકે ॥ ૨॥

| | | | |
|---|---|---|---|
| **તસ્ય** | = એ સંસારવૃક્ષની | **પ્રસૃતાઃ** | = આમ-તેમ ફેલાયેલી છે (તેમજ એ (તથા) |
| **ગુણપ્રવૃદ્ધાઃ** | = ત્રણેય ગુણોરૂપી જળ વડે વૃદ્ધિ પામેલી (અને) | **મનુષ્યલોકે** | = મનુષ્યલોકમાં |
| **વિષયપ્રવાલાઃ** | = વિષયોરૂપી કૂંપળો ધરાવતી | **કર્માનુબન્ધીનિ** | = કર્માનુસાર બાંધનારાં |
| **શાખાઃ** | = દેવ, મનુષ્ય, તિર્યક્ આદિ યોનિઓરૂપી શાખાઓ | **મૂલાનિ** | = અહંતા, મમતા તથા વાસનારૂપી મૂળિયાં |
| **અધઃ** | = નીચે | **અધઃ** | = નીચે |
| **ચ** | = અને | **ચ** | = અને |
| **ઊર્ધ્વમ્** | = ઉપર | **(ઊર્ધ્વમ્)** | = ઉપર |
| | | **અનુસન્તતાનિ** | = બધા લોકોમાં ફેલાયેલાં છે. |

ન, રૂપમ્, અસ્ય, ઇહ, તથા, ઉપલભ્યતે, ન, અન્તઃ, ન, ચ, આદિઃ, ન, ચ, સમ્પ્રતિષ્ઠા, અશ્વત્થમ્, એનમ્, સુવિરૂઢમૂલમ્, અસઙ્ગશસ્ત્રેણ, દૃઢેન, છિત્ત્વા ॥ ૩॥

**અસ્ય** = આ સંસારવૃક્ષનું
**રૂપમ્** = સ્વરૂપ (જેવું કહ્યું છે),
**તથા** = એવું
**ઇહ** = અહીં(વિચારકાળમાં)
**ન, ઉપલભ્યતે** = મળી આવતું નથી,
**(યતઃ)** = કેમકે (આનો)
**ન** = નથી (તો)
**આદિઃ** = આદિ
**ચ** = અને
**ન** = નથી
**અન્તઃ** = અન્ત,
**ચ** = તેમજ
**ન** = નથી (આની)
**સમ્પ્રતિષ્ઠા** = નિશ્ચિત પ્રકારની સ્થિતિ છે
**(અતઃ)** = માટે
**એનમ્** = આ
**સુવિરૂઢમૂલમ્** = અહંતા, મમતા અને વાસનારૂપી અત્યંત દૃઢ થયેલાં મૂળ ધરાવતા
**અશ્વત્થમ્** = સંસારરૂપી પીપળના વૃક્ષને
**દૃઢેન** = દૃઢ
**અસઙ્ગશસ્ત્રેણ** = વૈરાગ્યરૂપી શસ્ત્ર વડે
**છિત્ત્વા** = કાપી નાખીને –

તતઃ, પદમ્, તત્, પરિમાર્ગિતવ્યમ્, યસ્મિન્, ગતાઃ, ન, નિવર્તન્તિ, ભૂયઃ, તમ્, એવ, ચ, આદ્યમ્, પુરુષમ્, પ્રપદ્યે, યતઃ, પ્રવૃત્તિઃ, પ્રસૃતા, પુરાણી ॥ ૪॥

**તતઃ** = એ પછી
**તત્** = એ
**પદમ્** = પરમપદસ્વરૂપ પરમેશ્વરને
**પરિમાર્ગિત-વ્યમ્** = સારી પેઠે શોધવા જોઈએ (કે)
**યસ્મિન્** = જેને
**ગતાઃ** = પામી ચુકેલા માણસો
**ભૂયઃ** = ફરી
**ન, નિવર્તન્તિ** = પાછા વળીને સંસાર-માં નથી આવતા,
**ચ** = અને
**યતઃ** = જે પરમેશ્વરથી (આ)
**પુરાણી** = પુરાતન
**પ્રવૃત્તિઃ** = સંસાર-વૃક્ષની પ્રવૃત્તિ અર્થાત્ પરંપરા
**પ્રસૃતા** = વિસ્તાર પામી છે;
**તમ્, એવ** = એ જ
**આદ્યમ્, પુરુષમ્** = આદિપુરુષ નારાયણને
**પ્રપદ્યે** = હું શરણે છું (– આ પ્રમાણે દૃઢ નિશ્ચય કરીને એ પરમેશ્વરનું મનન અને નિદિ-ધ્યાસન કરવું).

નિર્માનમોહાઃ, જિતસઙ્ગદોષાઃ, અધ્યાત્મનિત્યાઃ, વિનિવૃત્તકામાઃ, દ્વન્દ્વૈઃ, વિમુક્તાઃ, સુખદુઃખસઞ્જ્ઞૈઃ, ગચ્છન્તિ, અમૂઢાઃ, પદમ્, અવ્યયમ્, તત્ ॥ ૫॥

| | | | |
|---|---|---|---|
| **નિર્માનમોહાઃ** | = જેમનાં માન અને મોહ નષ્ટ થઈ ચુક્યાં છે, | **વિનિવૃત્તકામાઃ** | = જેમની કામનાઓ પૂર્ણરૂપે નાશ પામી ચુકી છે – (એવા) |
| **જિતસઙ્ગદોષાઃ** | = જેમણે આસક્તિરૂપ દોષને જીતી લીધો છે, | **સુખદુઃખસઞ્જ્ઞૈઃ** | = સુખ-દુઃખરૂપી |
| | | **દ્વન્દ્વૈઃ** | = દ્વંદ્વોથી |
| | | **વિમુક્તાઃ** | = છૂટેલા |
| **અધ્યાત્મનિત્યાઃ** | = જેમની પરમાત્મા-ના સ્વરૂપમાં નિત્ય સ્થિતિ છે (અને) | **અમૂઢાઃ** | = જ્ઞાનીજનો |
| | | **તત્** | = એ |
| | | **અવ્યયમ્** | = અવિનાશી |
| | | **પદમ્** | = પરમપદને |
| | | **ગચ્છન્તિ** | = પામે છે. |

ન, તત્, ભાસયતે, સૂર્યઃ, ન, સશાઙ્કઃ, ન, પાવકઃ, યત્, ગત્વા, ન, નિવર્તન્તે, તત્, ધામ, પરમમ્, મમ ॥ ૬॥

| | | | |
|---|---|---|---|
| **યત્** | = જે પરમપદને | **ભાસયતે** | = ઉજાળી શકે છે, |
| **ગત્વા** | = પામીને (મનુષ્યો) | **ન** | = ન |
| **ન, નિવર્તન્તે** | = પાછા ફરીને સંસારમાં આવતા નથી, | **શશાઙ્કઃ** | = ચન્દ્રમા કે |
| | | **ન** | = ન |
| **તત્** | = એ સ્વયંપ્રકાશિત પરમપદને | **પાવકઃ** | = અગ્નિ; |
| | | **તત્** | = એ (જ) |
| **ન** | = ન (તો) | **મમ** | = મારું |
| **સૂર્યઃ** | = સૂર્ય | **પરમમ્ ધામ** | = પરમધામ છે. |

સર્વસ્ય, ચ, અહમ્, હૃદિ, સન્નિવિષ્ટઃ, મત્તઃ, સ્મૃતિઃ, જ્ઞાનમ્, અપોહનમ્, ચ, વેદૈઃ, ચ, સર્વૈઃ, અહમ્, એવ, વેદ્યઃ, વેદાન્તકૃત્, વેદવિત્, એવ, ચ, અહમ્ ॥ ૧૫॥

**અહમ્** = હું (જ)
**સર્વસ્ય** = સૌ પ્રાણીઓનાં
**હૃદિ** = હૃદયમાં
**સન્નિવિષ્ટઃ** = અન્તર્યામી રૂપે રહેલો છું
**ચ** = અને
**મત્તઃ** = મારાથી (જ)
**સ્મૃતિઃ** = સ્મૃતિ,
**જ્ઞાનમ્** = જ્ઞાન
**ચ** = તેમજ
**અપોહનમ્** = અપોહન
**(ભવતિ)** = થાય છે

**ચ** = તથા
**સર્વૈઃ, વેદૈઃ** = બધા વેદો વડે
**અહમ્** = હું
**એવ** = જ
**વેદ્યઃ** = જાણવાયોગ્ય છું (તેમજ)
**વેદાન્તકૃત્** = વેદાન્તનો કર્તા
**ચ** = અને
**વેદવિત્** = વેદોને જાણનાર (પણ)
**અહમ્** = હું
**એવ** = જ છું.

દ્વૌ, ઈમૌ, પુરુષૌ, લોકે, ક્ષરઃ, ચ, અક્ષરઃ, એવ, ચ,
ક્ષરઃ, સર્વાણિ, ભૂતાનિ, કૂટસ્થઃ, અક્ષરઃ, ઉચ્યતે ॥ ૧૬॥

**લોકે** = આ સંસારમાં
**ક્ષરઃ** = નાશવંત
**ચ** = અને
**અક્ષરઃ** = અવિનાશી
**એવ** = પણ –
**ઈમૌ** = એ
**દ્વૌ** = બે પ્રકારના
**પુરુષૌ** = પુરુષો છે; (એમાંથી)

**સર્વાણિ** = સઘળાં
**ભૂતાનિ** = ભૂતપ્રાણીઓનાં શરીરો
**ક્ષરઃ** = નાશવંત
**ચ** = અને
**કૂટસ્થઃ** = જીવાત્મા
**અક્ષરઃ** = અવિનાશી
**ઉચ્યતે** = કહેવાય છે.

ઉત્તમઃ, પુરુષઃ, તુ, અન્યઃ, પરમાત્મા, ઈતિ, ઉદાહૃતઃ,
યઃ, લોકત્રયમ્, આવિશ્ય, બિભર્તિ, અવ્યયઃ, ઈશ્વરઃ ॥ ૧૭॥

**ઉત્તમઃ** = આ બેયથી ઉત્તમ
**પુરુષઃ** = પુરુષ
**તુ** = તો
**અન્યઃ** = જુદો જ છે,
**યઃ** = જે
**લોકત્રયમ્** = ત્રણેય લોકોમાં
**આવિશ્ય** = પ્રવેશીને

**બિભર્તિ** = સૌનું ધારણ-પોષણ કરે છે (અને જેને)
**અવ્યયઃ** = અવિનાશી,
**ઈશ્વરઃ** = પરમેશ્વર (તેમજ)
**પરમાત્મા** = પરમાત્મા
**ઈતિ** = આ પ્રમાણે
**ઉદાહૃતઃ** = ઓળખાવ્યો છે. કહેવામાં આવ્યો છે

યસ્માત્, ક્ષરમ્, અતીતઃ, અહમ્, અક્ષરાત્, અપિ, ચ, ઉત્તમઃ,
અતઃ, અસ્મિ, લોકે, વેદે, ચ, પ્રથિતઃ, પુરુષોત્તમઃ ॥ ૧૮॥

| | | | |
|---|---|---|---|
| **યસ્માત્** | = કેમકે | **ઉત્તમઃ** | = ઉત્તમ છું, |
| **અહમ્** | = હું | **અતઃ** | = એટલા માટે |
| **ક્ષરમ્** | = નાશવંત જડસમુદાય ક્ષેત્રથી (સર્વ રીતે) | **લોકે** | = લોકમાં |
| | | **ચ** | = તેમજ |
| **અતીતઃ** | = અતીત છું | **વેદે** | = વેદોમાં (પણ) |
| **ચ** | = અને | **પુરુષોત્તમઃ** | = પુરુષોત્તમ નામે |
| **અક્ષરાત્** | = અવિનાશી જીવાત્માથી | **પ્રથિતઃ** | = પ્રસિદ્ધ |
| **અપિ** | = પણ | **અસ્મિ** | = છું. |

યઃ, મામ્, એવમ્, અસમ્મૂઢઃ, જાનાતિ, પુરુષોત્તમમ્,
સઃ, સર્વવિત્, ભજતિ, મામ્, સર્વભાવેન, ભારત ॥ ૧૯॥

| | | | |
|---|---|---|---|
| **ભારત** | = હે ભરતવંશી! | **સર્વવિત્** | = સર્વજ્ઞ માણસ |
| **યઃ** | = જે | **સર્વભાવેન** | = સર્વ રીતે નિરંતર |
| **અસમ્મૂઢઃ** | = જ્ઞાની માણસ | **મામ્** | = મુજ વાસુદેવ પરમેશ્વરને (જ) |
| **મામ્** | = મને | **ભજતિ** | = ભજે છે. |
| **એવમ્** | = આ રીતે (તત્ત્વથી) | | |
| **પુરુષોત્તમમ્** | = પુરુષોત્તમસ્વરૂપે | | |
| **જાનાતિ** | = જાણે છે, | | |
| **સઃ** | = એ | | |

ઈતિ, ગુહ્યતમમ્, શાસ્ત્રમ્, ઈદમ્, ઉક્તમ્, મયા, અનઘ,
એતત્, બુદ્ધ્વા, બુદ્ધિમાન્, સ્યાત્, કૃતકૃત્યઃ, ચ, ભારત ॥ ૨૦॥

| | | | |
|---|---|---|---|
| **અનઘ** | = હે નિષ્પાપ | **ઉક્તમ્** | = કહ્યું, |
| **ભારત** | = અર્જુન! | **એતત્** | = આને |
| **ઈતિ** | = આમ | **બુદ્ધ્વા** | = તત્ત્વથી જાણીને (માણસ) |
| **ઈદમ્** | = આ | **બુદ્ધિમાન્** | = જ્ઞાની |
| **ગુહ્યતમમ્** | = ઘણું રહસ્યમય ગોપનીય | **ચ** | = અને |
| **શાસ્ત્રમ્** | = શાસ્ત્ર | **કૃતકૃત્યઃ** | = કૃતકાર્ય |
| **મયા** | = મેં | **સ્યાત્** | = થઈ જાય છે. |

**શ્રીમદ ભગવત ગીતા અધ્યાય-16ના કેટલાક શ્લોકોની ફોટોકોપીઃ-**

# સોળમો અધ્યાય

અભયમ્, સત્ત્વસંશુદ્ધિઃ, જ્ઞાનયોગવ્યવસ્થિતિઃ,
દાનમ્, દમઃ, ચ, યજ્ઞઃ, ચ, સ્વાધ્યાયઃ, તપઃ, આર્જવમ્ ॥ ૧॥

**અભયમ્** = ભયનો સંપૂર્ણપણે અભાવ હોવો,
**સત્ત્વસંશુદ્ધિઃ** = અન્તઃકરણ પૂર્ણરૂપે નિર્મળ હોવું,
**જ્ઞાનયોગ-વ્યવસ્થિતિઃ** = તત્ત્વજ્ઞાનને અર્થે ધ્યાનયોગમાં નિરંતર દૃઢ સ્થિતિ હોવી,
**દાનમ્, ચ** = સાત્ત્વિકદાન કરવું અને
**દમઃ** = ઈન્દ્રિયોને પોતાના વશમાં રાખવી,
**યજ્ઞઃ** = ભગવાન, દેવતા અને વડીલોની પૂજા કરવી તેમજ અગ્નિહોત્ર આદિ ઉત્તમ કર્મોનું આચરણ કરવું,
**સ્વાધ્યાયઃ** = વેદ-શાસ્ત્રોનું પઠન-પાઠન અને ભગવાનનાં નામ તેમજ ગુણોનું કીર્તન કરવું, (અને)
**તપઃ** = સ્વધર્મપાલન અર્થે કષ્ટ સહેવું
**ચ** = તથા
**આર્જવમ્** = શરીર અને ઈન્દ્રિયો સહિત અન્તઃકરણની સરળતા –

અહિંસા, સત્યમ્, અક્રોધઃ, ત્યાગઃ, શાન્તિઃ, અપૈશુનમ્,
દયા, ભૂતેષુ, અલોલુપ્ત્વમ્, માર્દવમ્, હ્રીઃ, અચાપલમ્ ॥ ૨॥

**અહિંસા** = મન, વાણી અને શરીરથી કોઈપણ પ્રકારનું કોઈનેય કષ્ટ ન આપવું,
**સત્યમ્** = યથાર્થ અને પ્રિય બોલવું,
**અક્રોધઃ** = પોતાના પર અપકાર કરનાર ઉપર પણ ક્રોધ ન હોવો,
**ત્યાગઃ** = કર્મોમાં કર્તાપણાના અભિમાનનો ત્યાગ,
**શાન્તિઃ** = અન્તઃકરણની ઉપરતિ એટલે કે ચિત્તની ચંચળતા ન હોવી,
**અપૈશુનમ્** = કોઈનાંય નિંદા આદિ ન કરવાં,
**ભૂતેષુ** = સર્વ ભૂત-પ્રાણીઓ પર

| | | | |
|---|---|---|---|
| **દયા** | = કશાય હેતુ વિના દયાભાવ રાખવો, | **માર્દવમ્** | = મૃદુ સ્વભાવ હોવો, |
| **અલોલુપ્ત્વમ્** | = ઇન્દ્રિયોનો વિષયો સાથે સંયોગ થવા છતાં પણ વિષયો પ્રત્યે આસક્તિ ન હોવી, | **હ્રીઃ** | = લોક અને શાસ્ત્રથી વિરુદ્ધ આચરણમાં લજ્જા થવી (તથા) |
| | | **અચાપલમ્** | = વ્યર્થ ચેષ્ટાઓ ન થવી – |

તેજઃ, ક્ષમા, ધૃતિઃ, શૌચમ્, અદ્રોહઃ, નાતિમાનિતા,
ભવન્તિ, સમ્પદમ્, દૈવીમ્, અભિજાતસ્ય, ભારત ॥ ૩॥

| | | | |
|---|---|---|---|
| **તેજઃ** | = તેજ, | **ભારત** | = હે ભારત! |
| **ક્ષમા** | = ક્ષમા, | **દૈવીમ્, સમ્પદમ્** | = દૈવી સંપદાને |
| **ધૃતિઃ** | = ધૈર્ય, | **અભિજાતસ્ય** | = લઈને જન્મેલા માણસનાં (લક્ષણો) |
| **શૌચમ્** | = બાહ્યશુદ્ધિ, | **ભવન્તિ** | = છે. |
| **અદ્રોહઃ** | = કોઈના પ્રત્યે શત્રુભાવ ન હોવો, | | |
| **નાતિમાનિતા** | = પોતાનામાં પૂજ્ય-તાનું અભિમાન ન હોવું – | | |

દમ્ભઃ, દર્પઃ, અભિમાનઃ, ચ, ક્રોધઃ, પારુષ્યમ્, એવ, ચ,
અજ્ઞાનમ્, ચ, અભિજાતસ્ય, પાર્થ, સમ્પદમ્, આસુરીમ્ ॥ ૪॥

| | | | |
|---|---|---|---|
| **પાર્થ** | = હે પાર્થ | **અજ્ઞાનમ્** | = અજ્ઞાન – (આ સઘળાં) |
| **દમ્ભઃ** | = દંભ, | **આસુરીમ્** | = આસુરી |
| **દર્પઃ, ચ** | = ઘમંડ અને | **સમ્પદમ્** | = સંપદાને |
| **અભિમાનઃ, ચ** | = અભિમાન અને | **અભિજાતસ્ય** | = લઈને જન્મેલા માણસનાં (લક્ષણો છે). |
| **ક્રોધઃ** | = ક્રોધ, | | |
| **પારુષ્યમ્** | = કઠોરતા | | |
| **ચ, એવ** | = અને વળી | | |

દૈવી, સમ્પત્, વિમોક્ષાય, નિબન્ધાય, આસુરી, મતા,
મા, શુચઃ, સમ્પદમ્, દૈવીમ્, અભિજાતઃ, અસિ, પાણ્ડવ ॥ ૫॥

| | | | |
|---|---|---|---|
| **દૈવી** | = દૈવી | **(અતઃ)** | = માટે |
| **સમ્પત્** | = સંપદા | **પાણ્ડવ** | = હે પાંડવ! |
| **વિમોક્ષાય** | = મુક્તિ માટે (અને) | **મા, શુચઃ** | = તું શોક કર મા. |
| **આસુરી** | = આસુરી સંપદા | **(યતઃ)** | = કારણ કે (તું) |
| **નિબન્ધાય** | = બાંધવા માટે | **દૈવીમ્, સમ્પદમ્** | = દૈવી સંપદાને |
| **મતા** | = મનાઈ છે; | **અભિજાતઃ** | લઈને જન્મ્યો |
| | | **અસિ** | છે |

દ્વૌ, ભૂતસર્ગૌ, લોકે, અસ્મિન્, દૈવઃ, આસુરઃ, એવ, ચ,
દૈવઃ, વિસ્તરશઃ, પ્રોક્તઃ, આસુરમ્, પાર્થ, મે, શૃણુ ॥ ૬॥

| | | | |
|---|---|---|---|
| **પાર્થ** | = હે પાર્થ! | **દૈવઃ** | = દૈવી પ્રકૃતિના સમુદાય વિષે (તો) |
| **અસ્મિન્** | = આ | **વિસ્તરશઃ** | = વિસ્તારથી |
| **લોકે** | = લોકમાં | **પ્રોક્તઃ** | = કહ્યું, (હવે તું) |
| **ભૂતસર્ગૌ** | = ભૂતોની સૃષ્ટિ એટલે કે મનુષ્યસમુદાય | **આસુરમ્** | = આસુરી પ્રકૃતિના મનુષ્યસમુદાય વિષે પણ વિસ્તારપૂર્વક |
| **દ્વૌ, એવ** | = બે જ પ્રકારનો છે : | **મે** | = મારી પાસેથી |
| **દૈવઃ** | = (એક) દૈવી પ્રકૃતિનો | **શૃણુ** | = સાંભળ. |
| **ચ** | = અને | | |
| **આસુરઃ** | = (બીજો) આસુરી પ્રકૃતિનો; (એમાંથી) | | |

પ્રવૃત્તિમ્, ચ, નિવૃત્તિમ્, ચ, જનાઃ, ન, વિદુઃ, આસુરાઃ,
ન, શૌચમ્, ન, અપિ, ચ, આચારઃ, ન, સત્યમ્, તેષુ, વિદ્યતે ॥ ૭॥

| | | | |
|---|---|---|---|
| **આસુરાઃ** | = આસુરી સ્વભાવના | **શૌચમ્** | = બાહ્ય-આંતરિક શુદ્ધિ હોતી, |
| **જનાઃ** | = માણસો | **ન** | = નથી |
| **પ્રવૃત્તિમ્** | = પ્રવૃત્તિ | **આચારઃ** | = શ્રેષ્ઠ આચરણ હોતું |
| **ચ** | = અને | **ચ** | = કે |
| **નિવૃત્તિમ્, ચ** | = નિવૃત્તિ – (આ બેયને) | **ન** | = નથી (તો) |
| **ન** | = નથી | **સત્યમ્** | = સત્યભાષણ |
| **વિદુઃ** | = જાણતા; (માટે) | **અપિ** | = પણ |
| **તેષુ** | = એમનામાં | **વિદ્યતે** | = હોતું. |
| **ન** | = નથી (તો) | | |

અસત્યમ્, અપ્રતિષ્ઠમ્, તે, જગત્, આહુઃ, અનીશ્વરમ્
અપરસ્પરસમ્ભૂતમ્, કિમ્, અન્યત્, કામહૈતુકમ્ ॥ ૮॥

| | | | |
|---|---|---|---|
| **તે** | = આસુરી પ્રકૃતિના એ માણસો | **અપરસ્પર-સમ્ભૂતમ્** | = આપમેળે માત્ર સ્ત્રી-પુરુષના સંયોગથી ઉદ્ભવ્યું છે, (માટે) |
| **આહુઃ** | = કહ્યા કરે છે કે | **કામહૈતુકમ્ (એવ)** | = કેવળ કામ જ એનું કારણ છે; (એ સિવાય) |
| **જગત્** | = જગત | **અન્યત્** | = બીજું |
| **અપ્રતિષ્ઠમ્** | = આશ્રય વિનાનું, | **કિમ્** | = શું છે? |
| **અસત્યમ્** | = સાવ અસત્ય (અને) | | |
| **અનીશ્વરમ્** | = ઈશ્વર વિના | | |

એતામ્, દૃષ્ટિમ્, અવષ્ટભ્ય, નષ્ટાત્માનઃ, અલ્પબુદ્ધયઃ,
પ્રભવન્તિ, ઉગ્રકર્માણઃ, ક્ષયાય, જગતઃ, અહિતાઃ ॥ ૯॥

| | | | |
|---|---|---|---|
| **એતામ્** | = આ | **અહિતાઃ** | = સૌનો અપકાર કરનારા, |
| **દૃષ્ટિમ્** | = મિથ્યા દૃષ્ટિને | **ઉગ્રકર્માણઃ** | = ક્રૂરકર્મી માણસો (માત્ર) |
| **અવષ્ટભ્ય** | = આધારે | **જગતઃ** | = જગતનો |
| **નષ્ટાત્માનઃ** | = નાશ પામેલા સ્વભાવના, | **ક્ષયાય** | = નાશ કરવા માટે (જ) |
| **અલ્પબુદ્ધયઃ** | = મંદબુદ્ધિના, | **પ્રભવન્તિ** | = સમર્થ હોય છે. |

કામમ્, આશ્રિત્ય, દુષ્પૂરમ્, દમ્ભમાનમદાન્વિતાઃ,
મોહાત્, ગૃહીત્વા, અસદ્ગ્રાહાન્, પ્રવર્તન્તે, અશુચિવ્રતાઃ ॥ ૧૦॥

| | | | |
|---|---|---|---|
| **દમ્ભમાન-મદાન્વિતાઃ** | = દંભ, માન અને મદથી ભરેલા એ માણસો | **મોહાત્** | = અજ્ઞાનને લીધે |
| **દુષ્પૂરમ્** | = કોઈ પણ રીતે પૂરી ન થનારી | **અસદ્ગ્રાહાન્** | = મિથ્યા સિદ્ધાંતોને |
| **કામમ્** | = કામનાઓનો | **ગૃહીત્વા** | = પકડીને (તેમજ) |
| **આશ્રિત્ય** | = આશરો લઈને, | **અશુચિવ્રતાઃ** | = ભ્રષ્ટ આચરણો ધારણ કરીને (સંસારમાં) |
| | | **પ્રવર્તન્તે** | = વિચરે છે. |

ચિન્તામ્, અપરિમેયામ્, ચ, પ્રલયાન્તામ્, ઉપાશ્રિતાઃ,
કામોપભોગપરમાઃ, એતાવત્, ઈતિ, નિશ્ચિતાઃ ॥ ૧૧॥

| | | | |
|---|---|---|---|
| **પ્રલયાન્તામ્** | = મૃત્યુપર્યન્ત રહેનારી | **કામોપભોગ-પરમાઃ** | = વિષયોને ભોગવવામાં તત્પર રહેનારા |
| **અપરિમેયામ્** | = અસંખ્ય | **ચ** | = અને |
| **ચિન્તામ્** | = ચિંતાઓનો | **એતાવત્** | = 'આટલું જ સુખ છે' |
| **ઉપાશ્રિતાઃ** | = આશરો લેનારા, | **ઈતિ** | = એમ |
| | | **નિશ્ચિતાઃ** | = માનનારા હોય છે. |

આશાપાશશતૈઃ, બદ્ધાઃ, કામક્રોધપરાયણાઃ,
ઈહન્તે, કામભોગાર્થમ્, અન્યાયેન, અર્થસઞ્ચયાન્ ॥ ૧૨॥

| | | | |
|---|---|---|---|
| **આશાપાશશતૈઃ** | = આશાના સેંકડો ફંદાઓથી | **કામભોગાર્થમ્** | = વિષયભોગોને અર્થે |
| **બદ્ધાઃ** | = બંધાયેલા એ માણસો | **અન્યાયેન** | = અન્યાયથી |
| **કામક્રોધ-પરાયણાઃ** | = કામ-ક્રોધને પરાયણ થઈને | **અર્થસઞ્ચયાન્** | = ધન આદિ પદાર્થોને ભેગા કરવાના |
| | | **ઈહન્તે** | = પ્રયત્નો કર્યા કરે છે. |

ઈદમ્, અદ્ય, મયા, લબ્ધમ્, ઇમમ્, પ્રાપ્સ્યે, મનોરથમ્,
ઈદમ્, અસ્તિ, ઇદમ્, અપિ, મે, ભવિષ્યતિ, પુનઃ, ધનમ્ ॥ ૧૩॥

| | | | |
|---|---|---|---|
| **મયા** | = (અને તેઓ વિચાર્યા કરે છે કે) મેં | **મે** | = મારી પાસે |
| **અદ્ય** | = આજે | **ઈદમ્** | = આટલું |
| **ઈદમ્** | = આ | **ધનમ્** | = ધન |
| **લબ્ધમ્** | = મેળવી લીધું (અને હવે) | **અસ્તિ** | = છે (અને) |
| **ઈમમ્** | = આ | **પુનઃ** | = હજી |
| **મનોરથમ્** | = મનોરથને | **અપિ** | = પણ |
| **પ્રાપ્સ્યે** | = પાર પાડીશ, | **ઈદમ્** | = આ |
| | | **ભવિષ્યતિ** | = થઈ જશે. |

અસૌ, મયા, હતઃ, શત્રુઃ, હનિષ્યે, ચ, અપરાન્, અપિ,
ઈશ્વરઃ, અહમ્, અહમ્ ભોગી, સિદ્ધઃ, અહમ્, બલવાન્, સુખી ॥ ૧૪॥

**અસૌ** = પેલો
**શત્રુઃ** = શત્રુ (તો)
**મયા** = મારા વડે
**હતઃ** = હણાયો
**ચ** = અને (પેલા)
**અપરાન્** = બીજા શત્રુઓને
**અપિ** = પણ
**અહમ્** = હું
**હનિષ્યે** = હણી નાખીશ;
**અહમ્** = હું
**ઈશ્વરઃ** = ઈશ્વર છું,
**ભોગી** = ઐશ્વર્યને ભોગવનારો છું,
**અહમ્** = હું
**સિદ્ધઃ** = સઘળી સિદ્ધિઓથી યુક્ત છું (તથા)
**બલવાન્** = બળવાન (અને)
**સુખી** = સુખી છું.

આઢ્યઃ, અભિજનવાન્, અસ્મિ, કઃ, અન્યઃ, અસ્તિ, સદૃશઃ, મયા,
યક્ષ્યે, દાસ્યામિ, મોદિષ્યે, ઇતિ, અજ્ઞાનવિમોહિતાઃ ॥ ૧૫॥
અનેકચિત્તવિભ્રાન્તાઃ, મોહજાલસમાવૃતાઃ,
પ્રસક્તાઃ, કામભોગેષુ, પતન્તિ, નરકે, અશુચૌ ॥ ૧૬॥

**આઢ્યઃ** = હું ઘણો ધનવાન (અને)
**અભિજન-વાન્** = મોટું કુટુંબ તથા કુળ ધરાવનારો
**અસ્મિ** = છું,
**મયા** = મારા
**સદૃશઃ** = જેવો
**અન્યઃ** = બીજો
**કઃ** = કોણ
**અસ્તિ** = છે?
**યક્ષ્યે** = હું યજ્ઞ કરીશ –
**દાસ્યામિ** = દાન દઈશ (અને)
**મોદિષ્યે** = મોજ-મજા કરીશ –
**ઇતિ** = આમ
**અજ્ઞાન-વિમોહિતાઃ** = અજ્ઞાનને કારણે મોહિત રહેનારા,
**અનેકચિત્ત-વિભ્રાન્તાઃ** = અનેક રીતે ભ્રમિત ચિત્તવાળા (તથા)
**મોહજાલ-સમાવૃતાઃ** = મોહરૂપી જાળથી વીંટળાયેલા (તેમજ)
**કામભોગેષુ** = વિષયભોગોમાં
**પ્રસક્તાઃ** = રચ્યાપચ્યા રહેનારા (આસુરી જનો)
**અશુચૌ** = મહાન અપવિત્ર
**નરકે** = નરકમાં
**પતન્તિ** = પડે છે.

આત્મસમ્ભાવિતાઃ, સ્તબ્ધાઃ, ધનમાનમદાન્વિતાઃ,
યજન્તે, નામયજ્ઞૈઃ, તે, દમ્ભેન, અવિધિપૂર્વકમ્ ॥ ૧૭॥

| | | | |
|---|---|---|---|
| **તે** | = એવા | **નામયજ્ઞૈઃ** | = કેવળ નામમાત્રના યજ્ઞો વડે |
| **આત્મ-** | = પોતે પોતાને જ શ્રેષ્ઠ | **દમ્ભેન** | = પાખંડથી |
| **સમ્ભાવિતાઃ** | માનનારા | **અવિધિ-** | = શાસ્ત્રવિધિ |
| **સ્તબ્ધાઃ** | = ઘમંડી માણસો | **પૂર્વકમ્** | વગર |
| **ધનમાન-** | = ધન અને માનના | **યજન્તે** | = યજન કરે છે. |
| **મદાન્વિતાઃ** | મદથી ચૂર થઈને | | |

અહઙ્કારમ્, બલમ્, દર્પમ્, કામમ્, ક્રોધમ્, ચ, સંશ્રિતાઃ
મામ્, આત્મપરદેહેષુ, પ્રદ્વિષન્તઃ, અભ્યસૂયકાઃ ॥ ૧૮॥

| | | | |
|---|---|---|---|
| **અહઙ્કારમ્** | = અહંકાર, | **અભ્યસૂયકાઃ** | = બીજાની નિંદા કરનારા એ માણસો |
| **બલમ્** | = બળ, | **આત્મ-** | = પોતાના તેમજ |
| **દર્પમ્** | = ઘમંડ, | **પરદેહેષુ** | બીજાના શરીરમાં (રહેલા) |
| **કામમ્** | = કામના (અને) | **મામ્** | = મુજ અંતર્યામીનો (જ) |
| **ક્રોધમ્** | = ક્રોધ આદિને | **પ્રદ્વિષન્તઃ** | = દ્વેષ કરે છે. |
| **સંશ્રિતાઃ** | = પરાયણ રહેનારા, | | |
| **ચ** | = (એ સિવાય બીજા અનાચારોમાં રચ્યાપચ્યા) તથા | | |

તાન્, અહમ્, દ્વિષતઃ, ક્રૂરાન્, સંસારેષુ, નરાધમાન્,
ક્ષિપામિ, અજસ્રમ્, અશુભાન્, આસુરીષુ, એવ, યોનિષુ ॥ ૧૯॥

| | | | |
|---|---|---|---|
| **તાન્** | = એ | **સંસારેષુ** | = સંસારમાં |
| **દ્વિષતઃ** | = દ્વેષ કરનારા, | **અજસ્રમ્** | = વારંવાર |
| **અશુભાન્** | = પાપાચારીઓ (અને) | **આસુરીષુ** | = આસુરી |
| **ક્રૂરાન્** | = ક્રૂરકર્મી | **યોનિષુ** | = યોનિઓમાં |
| **નરાધમાન્** | = નરાધમોને | **એવ** | = જ |
| **અહમ્** | = હું | **ક્ષિપામિ** | = નાખું છું. |

આસુરીમ્, યોનિમ્, આપન્ના:, મૂઢા:, જન્મનિ, જન્મનિ,
મામ્, અપ્રાપ્ય, એવ, કૌન્તેય, તત:, યાન્તિ, અધમામ્, ગતિમ્ ॥ ૨૦॥

| | | | |
|---|---|---|---|
| **કૌન્તેય** | = હે કૌન્તેય! | **યોનિમ્** | = યોનિને |
| **મૂઢા:** | = એ મૂર્ખાઓ | **આપન્ના:** | = પામે છે, (પછી) |
| **મામ્** | = મને | **તત:** | = એનાથીય |
| **અપ્રાપ્ય** | = પામ્યા વિના | **અધમામ્** | = ઘણી નીચ |
| **એવ** | = જ | **ગતિમ્** | = ગતિને |
| **જન્મનિ, જન્મનિ** | = જનમોજનમ | **યાન્તિ** | = પામે છે એટલે કે ઘોર નરકોમાં પડે છે. |
| **આસુરીમ્** | = આસુરી | | |

ત્રિવિધમ્, નરકસ્ય, ઈદમ્, દ્વારમ્, નાશનમ્, આત્મન:,
કામ:, ક્રોધ:, તથા, લોભ:, તસ્માત્, એતત્, ત્રયમ્, ત્યજેત્ ॥ ૨૧॥

| | | | |
|---|---|---|---|
| **કામ:** | = કામ, | **આત્મન:** | = આત્માનો |
| **ક્રોધ:** | = ક્રોધ | **નાશનમ્** | = નાશ કરનારાં એટલે કે એને અધોગતિએ લઈ જનારાં છે, |
| **તથા** | = તથા | | |
| **લોભ:** | = લોભ – | | |
| **ઈદમ્** | = આ | **તસ્માત્** | = માટે |
| **ત્રિવિધિમ્** | = ત્રણ જાતનાં | **એતત્** | = આ |
| **નરકસ્ય** | = નરકનાં | **ત્રયમ્** | = ત્રણેયને |
| **દ્વારમ્** | = દ્વાર | **ત્યજેત્** | = ત્યજી દેવાં જોઈએ. |

એતૈ:, વિમુક્ત:, કૌન્તેય, તમોદ્વારૈ:, ત્રિભિ:, નર:,
આચરતિ, આત્મન:, શ્રેય:, તત:, યાતિ, પરામ્, ગતિમ્ ॥ ૨૨॥

| | | | |
|---|---|---|---|
| **કૌન્તેય** | = હે કુન્તીપુત્ર! | **શ્રેય:** | = કલ્યાણ |
| **એતૈ:** | = આ | **આચરતિ** | = આચરે છે, |
| **ત્રિભિ:** | = ત્રણેય | **તત:** | = માટે (એ) |
| **તમોદ્વારૈ:** | = નરકનાં દ્વારોથી | **પરામ્** | = પરમ |
| **વિમુક્ત:** | = છૂટેલો | **ગતિમ્** | = ગતિને એટલે કે મને |
| **નર:** | = માણસ | **યાતિ** | = પામી જાય છે. |
| **આત્મન:** | = પોતાનું | | |

યઃ, શાસ્ત્રવિધિમ્, ઉત્સૃજ્ય, વર્તતે, કામકારતઃ,
ન, સઃ, સિદ્ધિમ્, અવાપ્નોતિ, ન, સુખમ્, ન, પરામ્, ગતિમ્ ॥ ૨૩॥

| | | | |
|---|---|---|---|
| **યઃ** | = જે માણસ | **સિદ્ધિમ્** | = સિદ્ધિને |
| **શાસ્ત્રવિધિમ્** | = શાસ્ત્રવિધિને | **અવાપ્નોતિ** | = પામે છે, |
| **ઉત્સૃજ્ય** | = છોડીને | **ન** | = ન |
| **કામકારતઃ** | = પોતાની ઇચ્છા પ્રમાણે મનમાન્યું | **પરામ્** | = પરમ |
| | | **ગતિમ્** | = ગતિને (અને) |
| **વર્તતે** | = આચરણ કરે છે, | **ન** | = ન |
| **સઃ** | = એ | **સુખમ્** | = સુખને |
| **ન** | = ન (તો) | | |

તસ્માત્, શાસ્ત્રમ્, પ્રમાણમ્, તે, કાર્યાકાર્યવ્યવસ્થિતૌ,
જ્ઞાત્વા, શાસ્ત્રવિધાનોક્તમ્, કર્મ, કર્તુમ્, ઇહ, અર્હસિ ॥ ૨૪॥

| | | | |
|---|---|---|---|
| **તસ્માત્** | = આથી | **(એવમ્)** | = એમ |
| **તે** | = તારા માટે | **જ્ઞાત્વા** | = જાણીને (તું) |
| **ઇહ** | = આ | **શાસ્ત્ર-** | = શાસ્ત્રવિધિ પ્રમાણે |
| **કાર્યાકાર્ય-** | = કર્તવ્ય અને અકર્તવ્ય- | **વિધાનોક્તમ્** | નિયત થયેલું |
| **વ્યવસ્થિતૌ** | ની વ્યવસ્થામાં | **કર્મ** | = કર્મ (જ) |
| **શાસ્ત્રમ્** | = શાસ્ત્ર (જ) | **કર્તુમ્** | = કરવા |
| **પ્રમાણમ્** | = પ્રમાણ છે, | **અર્હસિ** | = યોગ્ય છે. |

**શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય-17ના કેટલાક શ્લોકોની ફોટોકોપીઃ-**

# સત્તરમો અધ્યાય

યે, શાસ્ત્રવિધિમ્, ઉત્સૃજ્ય, યજન્તે, શ્રદ્ધયા, અન્વિતાઃ,
તેષામ્, નિષ્ઠા, તુ, કા, કૃષ્ણ, સત્ત્વમ્, આહો, રજઃ, તમઃ ॥ ૧॥

**અર્જુન બોલ્યા :**

| | | | |
|---|---|---|---|
| **કૃષ્ણ** | = હે કૃષ્ણ! | **નિષ્ઠા** | = સ્થિતિ |
| **યે** | = જે માણસો | **તુ** | = તો પછી |
| **શાસ્ત્રવિધિમ્** | = શાસ્ત્રવિધિને | **કા** | = કઈ ગણાય? |
| **ઉત્સૃજ્ય** | = છોડીને | **સત્ત્વમ્** | = સાત્ત્વિકી, |
| **શ્રદ્ધયા** | = શ્રદ્ધાભાવે | **રજઃ** | = રાજસી |
| **અન્વિતાઃ** | = જોડાયેલા, | **આહો** | = કે |
| **યજન્તે** | = દેવ આદિને પૂજે છે | **તમઃ** | = તામસી? |
| **તેષામ્** | = એમની | | |

ત્રિવિધા, ભવતિ, શ્રદ્ધા, દેહિનામ્, સા, સ્વભાવજા,
સાત્ત્વિકી, રાજસી, ચ, એવ, તામસી, ચ, ઇતિ, તામ્, શૃણુ ॥ ૨॥

**શ્રીભગવાન બોલ્યા :**

| | | | |
|---|---|---|---|
| **દેહિનામ્** | = માણસોની | **તામસી** | = તામસી – |
| **સા** | = એ (શાસ્ત્રીય સંસ્કારો વિનાની કેવળ) | **ઇતિ** | = એમ |
| | | **ત્રિવિધા** | = ત્રણ પ્રકારની |
| **સ્વભાવજા** | = સ્વભાવમાંથી જન્મેલી | **એવ** | = જ |
| **શ્રદ્ધા** | = શ્રદ્ધા | **ભવતિ** | = હોય છે; |
| **સાત્ત્વિકી, ચ** | = સાત્ત્વિકી અને | **તામ્** | = એને (તું) |
| **રાજસી** | = રાજસી | **(મત્તઃ)** | = મારી પાસેથી |
| **ચ** | = અને | **શૃણુ** | = સાંભળ. |

સત્ત્વાનુરૂપા, સર્વસ્ય, શ્રદ્ધા, ભવતિ, ભારત,
શ્રદ્ધામયઃ, અયમ્, પુરુષઃ, યઃ, યચ્છ્રદ્ધઃ, સઃ, એવ, સઃ ॥ ૩॥

| | | | |
|---|---|---|---|
| **ભારત** | = હે ભરતવંશી! | **શ્રદ્ધામય:** | = શ્રદ્ધામય છે, |
| **સર્વસ્ય** | = સૌ માણસોની | **(અત:)** | = માટે |
| **શ્રદ્ધા** | = શ્રદ્ધા | **ય:** | = જે માણસ |
| **સત્ત્વાનુરૂપા** | = એમના અન્ત:કરણને અનુરૂપ | **યચ્છ્રદ્ધ:** | = જેવી શ્રદ્ધા રાખનારો છે |
| **ભવતિ** | = હોય છે; | **સ:** | = એ પોતે |
| **અયમ્** | = આ | **એવ** | = પણ |
| **પુરુષ:** | = પુરુષ | **સ:** | = એવા જ સ્વભાવનો છે. |

યજન્તે, સાત્ત્વિકા:, દેવાન્, યક્ષરક્ષાંસિ, રાજસા:,
પ્રેતાન્, ભૂતગણાન્, ચ, અન્યે, યજન્તે, તામસા:, જના: ॥ ૪॥

| | | | |
|---|---|---|---|
| **સાત્ત્વિકા:** | = સાત્ત્વિક માણસો | **તામસા:** | = તામસી |
| **દેવાન્** | = દેવોને | **જના:** | = માણસો (છે, તેઓ) |
| **યજન્તે** | = પૂજે છે, | **પ્રેતાન્** | = પ્રેતો |
| **રાજસા:** | = રાજસી માણસો | **ચ** | = અને |
| **યક્ષરક્ષાંસિ** | = યક્ષ અને રાક્ષસોને (તથા) | **ભૂતગણાન્** | = ભૂતોને |
| **અન્યે** | = બીજા (જે) | **યજન્તે** | = પૂજે છે. |

અશાસ્ત્રવિહિતમ્, ઘોરમ્, તપ્યન્તે, યે, તપ:, જના:,
દમ્ભાહઙ્કારસંયુક્તા:, કામરાગબલાન્વિતા: ॥ ૫॥

| | | | |
|---|---|---|---|
| **યે** | = બીજા જે | **દમ્ભાહઙ્કાર-સંયુક્તા:** | = દંભ અને અહંકારથી ભરેલા (તેમજ) |
| **જના:** | = માણસો | **કામરાગ-બલાવિન્તા:** | = કામના, આસક્તિ અને બળના અભિમાનથી પણ ભરેલા છે – |
| **અશાસ્ત્ર-વિહિતમ્** | = શાસ્ત્રવિધિ વિનાનું, (માત્ર મનમાન્યું) | | |
| **ઘોરમ્** | = ઘોર | | |
| **તપ:** | = તપ | | |
| **તપ્યન્તે** | = આચરે છે (તથા) | | |

કર્શયન્ત:, શરીરસ્થમ્, ભૂતગ્રામમ્, અચેતસ:, મામ્,
ચ, એવ, અન્ત:શરીરસ્થમ્, તાન્, વિદ્ધિ, આસુરનિશ્ચયાન્ ॥ ૬॥

| | | | |
|---|---|---|---|
| **શરીરસ્થમ્** | = (તથા જેઓ) શરીરરૂપે રહેલા | **એવ** | = પણ |
| **ભૂતગ્રામમ્** | = ભૂતસમુદાયને | **કર્શયન્તઃ** | = કૃશ કરનારા છે, |
| **ચ** | = અને | **તાન્** | = એ |
| **અન્તઃ-** | = અન્તઃકરણમાં | **અચેતસઃ** | = અજ્ઞાનીઓને (તું) |
| **શરીરસ્થમ્** | રહેલા | **આસુર-** | = આસુરી |
| **મામ્** | = મુજ પરમાત્માને | **નિશ્ચયાન્** | સ્વભાવના |
| | | **વિદ્ધિ** | = જાણ. |

આહારઃ, તુ, અપિ, સર્વસ્ય, ત્રિવિધઃ, ભવતિ, પ્રિયઃ,
યજ્ઞઃ, તપઃ, તથા, દાનમ્, તેષામ્, ભેદમ્, ઈમમ્, શૃણુ ॥ ૭॥

| | | | |
|---|---|---|---|
| **આહારઃ** | = ભોજન | **યજ્ઞઃ** | = યજ્ઞ, |
| **અપિ** | = પણ | **તપઃ** | = તપ (અને) |
| **સર્વસ્ય** | = સૌને (પોત-પોતાના સ્વભાવ અનુસાર) | **દાનમ્** | = દાન (પણ ત્રણ-ત્રણ પ્રકારનાં હોય છે); |
| **ત્રિવિધઃ** | = ત્રણ પ્રકારનું | **તેષામ્** | = એમના |
| **પ્રિયઃ** | = ગમતું | **ઈમમ્** | = આ (જુદા-જુદા) |
| **ભવતિ** | = હોય છે; | **ભેદમ્** | = ભેદને (તું મારી પાસેથી) |
| **તુ** | = અને | | |
| **તથા** | = એ જ રીતે | **શૃણુ** | = સાંભળ. |

આયુઃસત્ત્વબલારોગ્યસુખપ્રીતિવિવર્ધનાઃ,
રસ્યાઃ, સ્નિગ્ધાઃ, સ્થિરાઃ, હૃદ્યાઃ, આહારાઃ, સાત્ત્વિકપ્રિયાઃ ॥ ૮॥

| | | | |
|---|---|---|---|
| **આયુઃસત્ત્વ-બલ-આરોગ્ય-સુખપ્રીતિ-વિવર્ધનાઃ** | = આયુષ્ય, બુદ્ધિ, બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિને વધારનારા, | **હૃદ્યાઃ** | = સ્વાભાવિક રીતે જ મનને ગમે એવા |
| | | **આહારાઃ** | = આહાર એટલે કે ભોજન કરવાના પદાર્થો |
| **રસ્યાઃ** | = રસયુક્ત | **સાત્ત્વિકપ્રિયાઃ** | = સાત્ત્વિક માણસોને ગમતા હોય છે. |
| **સ્નિગ્ધાઃ** | = સ્નિગ્ધ, | | |
| **સ્થિરાઃ** | = સ્થિર રહેનારા (અને) | | |

કટ્વમ્લલવણાત્યુષ્ણતીક્ષ્ણરૂક્ષવિદાહિનઃ,
આહારાઃ, રાજસસ્ય, ઈષ્ટાઃ, દુઃખશોકામયપ્રદાઃ ॥ ૯॥

| | | | |
|---|---|---|---|
| **કટુ-અમ્લ-** | = કડવા, ખાટા, ખારા, | **દુઃખશોક-** | = દુઃખ, ચિંતા તથા |
| **લવણ-** | ઘણા ગરમ, તીખા, | **આમયપ્રદાઃ** | રોગોને જન્માવનારા |
| **અત્યુષ્ણ-** | ભૂંજેલા, દાહ | **આહારાઃ** | = આહારો |
| **તીક્ષ્ણ-રૂક્ષ-** | જન્માવનારા (અને) | **રાજસસ્ય** | = રાજસી માણસને |
| **વિદાહિનઃ** | | **ઈષ્ટાઃ** | = ગમતા હોય છે. |

યાતયામમ્, ગતરસમ્, પૂતિ, પર્યુષિતમ્, ચ, યત્,
ઉચ્છિષ્ટમ્, અપિ, ચ, અમેધ્યમ્, ભોજનમ્, તામસપ્રિયમ્ ॥ ૧૦॥

| | | | |
|---|---|---|---|
| **યત્** | = જે | **ઉચ્છિષ્ટમ્** | = એઠું છે, |
| **ભોજનમ્** | = ભોજન | **ચ** | = તથા (જે) |
| **યાતયામમ્** | = અડધું પાકેલું અને | **અમેધ્યમ્** | = અપવિત્ર |
| | અડધું કાચું, | **અપિ** | = પણ છે, |
| **ગતરસમ્** | = રસ વગરનું, | **(તત્)** | = એ ભોજન |
| **પૂતિ** | = દુર્ગંધવાળું | **તામસ-** | = તામસી માણસને |
| **પર્યુષિતમ્** | = વાસી | **પ્રિયમ્** | ગમતું હોય છે. |
| **ચ** | = અને | | |

અફલાકાઙ્ક્ષિભિઃ, યજ્ઞઃ, વિધિદૃષ્ટઃ, યઃ, ઇજ્યતે,
યષ્ટવ્યમ્, એવ, ઇતિ, મનઃ, સમાધાય, સઃ, સાત્ત્વિકઃ ॥ ૧૧॥

| | | | |
|---|---|---|---|
| **યઃ** | = જે | **મનઃ** | = મનમાં |
| **વિધિદૃષ્ટઃ** | = શાસ્ત્રવિધિ દ્વારા | **સમાધાય** | = નિશ્ચય કરીને |
| | નિયત થયેલો | **અફલા-** | = ફળની ઇચ્છા વિનાના |
| **યજ્ઞઃ** | = યજ્ઞ, | **કાઙ્ક્ષિભિઃ** | માણસો વડે |
| **યષ્ટવ્યમ્,** | = 'કરવો એ જ | **ઇજ્યતે** | = કરવામાં આવે છે, |
| **એવ** | કર્તવ્ય છે' | **સઃ** | = એ |
| **ઇતિ** | = એમ | **સાત્ત્વિકઃ** | = સાત્ત્વિક છે. |

અભિસન્ધાય, તુ, ફલમ્, દમ્ભાર્થમ્, અપિ, ચ, એવ, યત્,
ઇજ્યતે, ભરતશ્રેષ્ઠ, તમ્, યજ્ઞમ્, વિદ્ધિ, રાજસમ્ ॥ ૧૨॥

| | | | |
|---|---|---|---|
| **તુ** | = પણ | **અભિસન્ધાય** | = લક્ષમાં રાખીને |
| **ભરતશ્રેષ્ઠ** | = હે ભરતશ્રેષ્ઠ! | **યત્** | = જે |
| **દમ્ભાર્થમ્,** | = કેવળ દંભ આચરવા | **ઈજ્યતે** | = યજ્ઞ કરાય છે, |
| **એવ** | ખાતર જ | **તમ્** | = એ |
| **ચ** | = અથવા | **યજ્ઞમ્** | = યજ્ઞને (તું) |
| **ફલમ્** | = ફળને | **રાજસમ્** | = રાજસ |
| **અપિ** | = પણ | **વિદ્ધિ** | = જાણ. |

વિધિહીનમ્, અસૃષ્ટાન્નમ્, મન્ત્રહીનમ્, અદક્ષિણમ્,
શ્રદ્ધાવિરહિતમ્, યજ્ઞમ્, તામસમ્, પરિચક્ષતે ॥ ૧૩॥

| | | | |
|---|---|---|---|
| **વિધિહીનમ્** | = શાસ્ત્રવિધિ વિના, | **શ્રદ્ધા-** | = શ્રદ્ધાભાવ વિના |
| **અસૃષ્ટાન્નમ્** | = અન્નદાન વિના, | **વિરહિતમ્** | (કરવામાં આવેલા) |
| **મન્ત્રહીનમ્** | = મંત્રરહિત, | **યજ્ઞમ્** | = યજ્ઞને |
| **અદક્ષિણમ્** | = વિના દક્ષિણાએ (અને) | **તામસમ્** | = તામસ યજ્ઞ |
| | | **પરિચક્ષતે** | = કહેવાય છે. |

દેવદ્વિજગુરુપ્રાજ્ઞપૂજનમ્, શૌચમ્, આર્જવમ્,
બ્રહ્મચર્યમ્, અહિંસા, ચ, શારીરમ્, તપ:, ઉચ્યતે ॥ ૧૪॥

| | | | |
|---|---|---|---|
| **દેવદ્વિજ** | = દેવો, બ્રાહ્મણ, | **ચ** | = અને |
| **ગુરુપ્રાજ્ઞ-** | ગુરુજનો અને | **અહિંસા** | = અહિંસા – (આ) |
| **પૂજનમ્** | જ્ઞાનીજનોનું પૂજન, | **શારીરમ્** | = શરીરનું |
| **શૌચમ્** | = પવિત્રતા, | **તપ:** | = તપ |
| **આર્જવમ્** | = સરળપણું, | **ઉચ્યતે** | = કહેવાય છે. |
| **બ્રહ્મચર્યમ્** | = બ્રહ્મચર્ય | | |

અનુદ્વેગકરમ્, વાક્યમ્, સત્યમ્, પ્રિયહિતમ્, ચ, યત્,
સ્વાધ્યાયાભ્યસનમ્, ચ, એવ, વાઙ્મયમ્, તપ:, ઉચ્યતે ॥ ૧૫॥

| | | | |
|---|---|---|---|
| **યત્** | = જે | **સ્વાધ્યાય-** | = વેદશાસ્ત્રોના વાંચનનો |
| **અનુદ્વેગકરમ્** | = ઉદ્વેગ ન જન્માવનારું, | **અભ્યસનમ્** | અને પરમેશ્વરના નામ-જપનો અભ્યાસ છે – |
| **પ્રિયહિતમ્** | = પ્રિય અને હિતકારક | | |
| **ચ** | = તેમજ | **(તત્) એવ** | = એ જ |
| **સત્યમ્** | = યથાર્થ | **વાઙ્મયમ્** | = વાણીનું |
| **વાક્યમ્** | = વચન છે | **તપ:** | = તપ |
| **ચ** | = તથા (જે) | **ઉચ્યતે** | = કહેવાય છે. |

મનઃપ્રસાદઃ, સૌમ્યત્વમ્, મૌનમ્, આત્મવિનિગ્રહઃ,
ભાવસંશુદ્ધિઃ, ઈતિ, એતત્, તપઃ, માનસમ્, ઉચ્યતે ॥ ૧૬॥

**મનઃપ્રસાદઃ** = મનની પ્રસન્નતા,
**સૌમ્યત્વમ્** = શાન્તભાવ,
**મૌનમ્** = ભગવચ્ચિંતન કરવાનો સ્વભાવ,
**આત્મ-વિનિગ્રહઃ** = મનનો નિગ્રહ (અને)
**ભાવસંશુદ્ધિઃ** = અન્તઃકરણના ભાવોની સારી પેઠે પવિત્રતા –
**ઈતિ** = આ પ્રમાણેનું
**એતત્** = આ
**માનસમ્** = મનનું
**તપઃ** = તપ
**ઉચ્યતે** = કહેવાય છે.

શ્રદ્ધયા, પરયા, તપ્તમ્, તપઃ, તત્, ત્રિવિધમ્, નરૈઃ,
અફલાકાઙ્ક્ષિભિઃ, યુક્તૈઃ, સાત્ત્વિકમ્, પરિચક્ષતે ॥ ૧૭॥

**અફલા-કાઙ્ક્ષિભિઃ** = ફળની ઇચ્છા વિનાના
**યુક્તૈઃ** = યોગી
**નરૈઃ** = જનો દ્વારા
**પરયા** = પરમ
**શ્રદ્ધયા** = શ્રદ્ધાથી
**તપ્તમ્** = આચરવામાં આવેલા
**તત્** = એ
**ત્રિવિધમ્** = ત્રણ પ્રકારના (કાયિક, વાચિક અને માનસિક)
**તપઃ** = તપને
**સાત્ત્વિકમ્** = સાત્ત્વિક
**પરિચક્ષતે** = કહે છે.

સત્કારમાનપૂજાર્થમ્, તપઃ, દમ્ભેન, ચ, એવ, યત્,
ક્રિયતે, તત્, ઇહ, પ્રોક્તમ્, રાજસમ્, ચલમ્, અધ્રુવમ્ ॥ ૧૮॥

**યત્** = જે
**તપઃ** = તપ
**સત્કારમાન-પૂજાર્થમ્** = સત્કાર, માન અને પૂજા ખાતર (તથા)
**ચ, એવ** = બીજા કોઈ સ્વાર્થ ખાતર
**(વા)** = કે
**દમ્ભેન** = પાખંડથી
**ક્રિયતે** = આચરવામાં આવે છે,
**તત્** = એ
**અધ્રુવમ્** = અનિશ્ચિત (તેમજ)
**ચલમ્** = ક્ષણિક ફળ આપનારું તપ
**ઇહ** = અહીં
**રાજસમ્** = રાજસ
**પ્રોક્તમ્** = કહેવાયું છે.

મૂઢગ્રાહેણ, આત્મનઃ, યત્, પીડયા, ક્રિયતે, તપઃ,
પરસ્ય, ઉત્સાદનાર્થમ્, વા, તત્, તામસમ્, ઉદાહૃતમ્ ॥ ૧૯॥

**યત્** = જે
**તપઃ** = તપ
**મૂઢગ્રાહેણ** = મૂર્ખતાપૂર્વક હઠથી,
**આત્મનઃ** = મન, વાણી અને શરીરની
**પીડયા** = પીડાસહિત
**વા** = અથવા
**પરસ્ય** = બીજાનું
**ઉત્સાદનાર્થમ્** = અનિષ્ટ કરવા માટે
**ક્રિયતે** = આચરવામાં આવે છે,
**તત્** = એ તપ
**તામસમ્** = તામસ
**ઉદાહૃતમ્** = કહેવાયું છે.

દાતવ્યમ્, ઈતિ, યત્, દાનમ્, દીયતે, અનુપકારિણે,
દેશે, કાલે, ચ, પાત્રે, ચ, તત્, દાનમ્, સાત્ત્વિકમ્, સ્મૃતમ્ ॥ ૨૦॥

**દાતવ્યમ્** = 'દાન આપવું એ જ કર્તવ્ય છે'
**ઈતિ** = એવા ભાવથી
**યત્** = જે
**દાનમ્** = દાન
**દેશે, ચ** = યોગ્ય દેશ અને
**કાલે** = યોગ્ય કાળ
**ચ** = અને
**પાત્રે** = યોગ્ય પાત્ર પ્રાપ્ત થતાં,
**અનુપકારિણે** = પોતાના પર જેણે ઉપકાર નથી કર્યો, એવા માણસને
**દીયતે** = (પ્રત્યુપકારની અપેક્ષા ન રાખતાં, નિઃસ્વાર્થ-ભાવે જે) આપવામાં આવે છે,
**તત્** = એ
**દાનમ્** = દાન
**સાત્ત્વિકમ્** = સાત્ત્વિક
**સ્મૃતમ્** = કહેવાયું છે.

યત્, તુ, પ્રત્યુપકારાર્થમ્, ફલમ્, ઉદ્દિશ્ય, વા, પુનઃ,
દીયતે, ચ, પરિક્લિષ્ટમ્, તત્, દાનમ્, રાજસમ્, સ્મૃતમ્ ॥ ૨૧॥

**તુ** = પરંતુ
**યત્** = જે દાન
**પરિક્લિષ્ટમ્** = ક્લેશપૂર્વક
**ચ** = તથા
**પ્રત્યુપકારાર્થમ્** = પ્રત્યુપકારની અપેક્ષાથી
**વા** = કે
**ફલમ્** = ફળને
**ઉદ્દિશ્ય** = દૃષ્ટિમાં રાખ્યા
**પુનઃ** = પછી
**દીયતે** = આપવામાં આવે છે,
**તત્** = એ
**દાનમ્** = દાન
**રાજસમ્** = રાજસ
**સ્મૃતમ્** = કહેવાયું છે.

અદેશકાલે, યત્, દાનમ્, અપાત્રેભ્યઃ, ચ, દીયતે,
અસત્કૃતમ્, અવજ્ઞાતમ્, તત્, તામસમ્, ઉદાહૃતમ્ ॥ ૨૨॥

| | | | |
|---|---|---|---|
| **યત્** | = જે | **ચ** | = અને |
| **દાનમ્** | = દાન | **અપાત્રેભ્યઃ** | = કુપાત્રને |
| **અસત્કૃતમ્** | = સત્કાર વિના | **દીયતે** | = આપવામાં આવે છે, |
| **(વા)** | = કે | **તત્** | = એ દાન |
| **અવજ્ઞાતમ્** | = તિરસ્કારપૂર્વક | **તામસમ્** | = તામસ |
| **અદેશકાલે** | = અયોગ્ય દેશ-કાળમાં | **ઉદાહૃતમ્** | = કહેવાયું છે. |

ૐ તત્, સત્, ઇતિ, નિર્દેશઃ, બ્રહ્મણઃ, ત્રિવિધઃ, સ્મૃતઃ,
બ્રાહ્મણાઃ, તેન, વેદાઃ, ચ, યજ્ઞાઃ, ચ, વિહિતાઃ, પુરા ॥ ૨૩॥

| | | | |
|---|---|---|---|
| **ૐ** | = ૐ, | **તેન** | = તેનાથી |
| **તત્** | = તત્, | **પુરા** | = સૃષ્ટિના આરંભે |
| **સત્** | = સત્ – | **બ્રાહ્મણાઃ, ચ** | = બ્રાહ્મણો અને |
| **ઇતિ** | = એમ (આ) | **વેદાઃ** | = વેદો |
| **ત્રિવિધઃ** | = ત્રણ પ્રકારનું | **ચ** | = તથા |
| **બ્રહ્મણઃ** | = સચ્ચિદાનંદઘન બ્રહ્મનું | **યજ્ઞાઃ** | = યજ્ઞ આદિ |
| **નિર્દેશઃ** | = નામ | **વિહિતાઃ** | = રચાયા. |
| **સ્મૃતઃ** | = કહેવાયું છે; | | |

તસ્માત્, ઓમ્, ઇતિ, ઉદાહૃત્ય, યજ્ઞદાનતપઃક્રિયાઃ,
પ્રવર્તન્તે, વિધાનોક્તાઃ, સતતમ્, બ્રહ્મવાદિનામ્ ॥ ૨૪॥

| | | | |
|---|---|---|---|
| **તસ્માત્** | = માટે | **યજ્ઞદાન-** | = યજ્ઞ, દાન અને |
| **બ્રહ્મવાદિ** | = વેદમંત્રોનું ઉચ્ચારણ | **તપઃક્રિયાઃ** | તપરૂપી ક્રિયાઓ |
| **નામ્** | કરનારા શ્રેષ્ઠ | **સતતમ્** | = સદા |
| | માણસોની, | **ઓમ્** | = 'ૐ' |
| **વિધાનોક્તાઃ** | = શાસ્ત્રવિધિથી નિયત | **ઇતિ** | = એ (પરમાત્માના નામનું) |
| | થયેલી | **ઉદાહૃત્ય** | = ઉચ્ચાર કરીને (જ) |
| | | **પ્રવર્તન્તે** | = શરૂ થાય છે. |

તત્, ઇતિ, અનભિસન્ધાય, ફલમ્, યજ્ઞતપઃક્રિયાઃ,
દાનક્રિયાઃ, ચ, વિવિધાઃ, ક્રિયન્તે, મોક્ષકાઙ્ક્ષિભિઃ ॥ ૨૫॥

| | | | |
|---|---|---|---|
| **તત્** | = તત્ એટલે કે 'તત્' નામથી ઓળખાતા પરમાત્માનું જ આ સઘળું છે – | **યજ્ઞતપઃક્રિયાઃ** | = યજ્ઞ-તપરૂપી ક્રિયાઓ |
| **ઇતિ** | = એવા ભાવ સાથે | **ચ** | = તેમજ |
| **ફલમ્** | = ફળને | **દાનક્રિયાઃ** | = દાનરૂપી ક્રિયાઓ |
| **અનભિસન્ધાય** | = લક્ષમાં ન રાખતાં | **મોક્ષકાઙ્ક્ષિભિઃ** | = કલ્યાણની ઇચ્છા રાખનારા માણસો દ્વારા |
| **વિવિધાઃ** | = અનેક પ્રકારની | **ક્રિયન્તે** | = કરવામાં આવે છે. |

સદ્ભાવે, સાધુભાવે, ચ, સત્, ઇતિ, એતત્, પ્રયુજ્યતે,
પ્રશસ્તે, કર્મણિ, તથા, સત્, શબ્દઃ, પાર્થ, યુજ્યતે ॥ ૨૬॥

| | | | |
|---|---|---|---|
| **સત્** | = 'સત્' – | **તથા** | = તથા |
| **ઇતિ** | = એ પ્રમાણે | **પાર્થ** | = હે પાર્થ! |
| **એતત્** | = આ (પરમાત્માનું નામ) | **પ્રશસ્તે** | = ઉત્તમ |
| **સદ્ભાવે** | = સત્યભાવમાં | **કર્મણિ** | = કર્મોમાં (પણ) |
| **ચ** | = અને | **સત્** | = 'સત્' |
| **સાધુભાવે** | = શ્રેષ્ઠભાવમાં | **શબ્દઃ** | = શબ્દનો |
| **પ્રયુજ્યતે** | = પ્રયોગ કરવામાં આવે છે. | **યુજ્યતે** | = પ્રયોગ કરવામાં આવે છે. |

યજ્ઞે, તપસિ, દાને, ચ, સ્થિતિઃ, સત્, ઇતિ, ચ, ઉચ્યતે,
કર્મ, ચ, એવ, તદર્થીયમ્, સત્, ઇતિ, એવ, અભિધીયતે ॥ ૨૭॥

| | | | |
|---|---|---|---|
| **ચ** | = તથા | **ઇતિ** | = એમ |
| **યજ્ઞે** | = યજ્ઞ, | **ઉચ્યતે** | = કહેવાય છે |
| **તપસિ** | = તપ | **ચ** | = અને |
| **ચ** | = અને | **તદર્થીયમ્** | = એ પરમાત્માને કાજે કરેલું |
| **દાને** | = દાનમાં | **કર્મ** | = કર્મ (તો) |
| **(યા)** | = જે | **એવ** | = નિશ્ચિતપણે |
| **સ્થિતિઃ** | = શ્રદ્ધા અને સ્થિત છે, | **સત્** | = 'સત્' |
| **(સા)** | = એ | **ઇતિ** | = એમ |
| **એવ** | = પણ | **અભિધીયતે** | = કહેવાય છે. |
| **સત્** | = 'સત્' | | |

અશ્રદ્ધયા, હુતમ્, દત્તમ્, તપઃ, તપ્તમ્, કૃતમ્, ચ, યત્,
અસત્, ઇતિ, ઉચ્યતે, પાર્થ, ન, ચ, તત્, પ્રેત્ય, નો, ઇહ ॥ ૨૮॥

| | | | |
|---|---|---|---|
| **પાર્થ** | = હે પાર્થ! | **અસત્** | = 'અસત્' |
| **અશ્રદ્ધયા** | = વગર શ્રદ્ધાએ કરાયેલો | **ઇતિ** | = એમ |
| **હુતમ્** | હવન, | **ઉચ્યતે** | = કહેવાય છે; (માટે) |
| **દત્તમ્** | = દીધેલું દાન, | **તત્** | = એ |
| **તપ્તમ્** | = આચરેલું | **નો** | = ન (તો) |
| **તપઃ** | = તપ | **ઇહ** | = આ લોકમાં (લાભદાયક છે) |
| **ચ** | = અને | **ચ** | = કે |
| **યત્** | = જે (કંઈ પણ) | **ન** | = ન (તો) |
| **કૃતમ્** | = કરવામાં આવેલું શુભ કર્મ છે – | **પ્રેત્ય** | = મર્યા પછી. |
| **(તત્)** | = એ સઘળું | | |

**શ્રીમદ ભગવત ગીતાના અંતિમ અધ્યાય-18ના કેટલાક શ્લોકોની ફોટોકોપીઃ-**

# અઢારમો અધ્યાય

સન્ન્યાસસ્ય, મહાબાહો, તત્ત્વમ્, ઇચ્છામિ, વેદિતુમ્,
ત્યાગસ્ય, ચ, હૃષીકેશ, પૃથક્, કેશિનિષૂદન ॥ ૧॥

| | | | |
|---|---|---|---|
| **મહાબાહો** | = હે મહાબાહો! | **ત્યાગસ્ય** | = ત્યાગના |
| **હૃષીકેશ** | = હે અંતર્યામી! | **તત્ત્વમ્** | = તત્ત્વને |
| **કેશિનિષૂદન** | = હે વાસુદેવ! (હું) | **પૃથક્** | = જુદું-જુદું |
| **સન્ન્યાસસ્ય** | = સંન્યાસના | **વેદિતુમ્** | = જાણવા |
| **ચ** | = તેમજ | **ઇચ્છામિ** | = માગું છું. |

કામ્યાનામ્, કર્મણામ્, ન્યાસમ્, સન્ન્યાસમ્, કવયઃ, વિદુઃ,
સર્વકર્મફલત્યાગમ્, પ્રાહુઃ, ત્યાગમ્, વિચક્ષણાઃ ॥ ૨॥

**શ્રીભગવાન બોલ્યા :**

| | | | |
|---|---|---|---|
| **કવયઃ** | = કેટલાક પંડિતજનો | **વિચક્ષણાઃ** | = વિચારકુશળ માણસો |
| **કામ્યાનામ્** | = કામ્ય- | **સર્વકર્મફલ-** | = સઘળાંય કર્મોના |
| **કર્મણામ્** | = કર્મોના | **ત્યાગમ્** | ફળના ત્યાગને |
| **ન્યાસમ્** | = ત્યાગને | **ત્યાગમ્** | = ત્યાગ |
| **સન્ન્યાસમ્** | = સંન્યાસ | **પ્રાહુઃ** | = કહે છે. |
| **વિદુઃ** | = સમજે છે, (જ્યારે બીજા) | | |

ત્યાજ્યમ્, દોષવત્, ઇતિ, એકે, કર્મ, પ્રાહુઃ, મનીષિણઃ,
યજ્ઞદાનતપઃકર્મ, ન, ત્યાજ્યમ્, ઇતિ, ચ, અપરે ॥ ૩॥

| | | | |
|---|---|---|---|
| **એકે** | = કેટલાક | **ચ** | = અને |
| **મનીષિણઃ** | = વિદ્વાનો | **અપરે** | = અન્ય વિદ્વાનો |
| **ઇતિ** | = એમ | **ઇતિ** | = એમ |
| **પ્રાહુઃ** | = કહે છે કે | **(આહુઃ)** | = કહે છે કે |
| **કર્મ** | = કર્મમાત્ર | **યજ્ઞદાન-** | = યજ્ઞ, દાન અને |
| **દોષવત્** | = દોષયુક્ત છે, (માટે) | **તપઃકર્મ** | તપરૂપી કર્મ |
| **ત્યાજ્યમ્** | = ત્યાગ કરવાયોગ્ય છે | **ન, ત્યાજ્યમ્** | = ત્યાગ કરવાં યોગ્ય નથી. |

નિશ્ચયમ્, શૃણુ, મે, તત્ર, ત્યાગે, ભરતસત્તમ,
ત્યાગઃ, હિ, પુરુષવ્યાઘ્ર, ત્રિવિધઃ, સમ્પ્રકીર્તિતઃ ॥ ૪॥

| | | | |
|---|---|---|---|
| **પુરુષવ્યાઘ્ર** | = હે પુરુષશ્રેષ્ઠ! | **શૃણુ** | = સાંભળ, |
| **ભરતસત્તમ** | = હે ભરતવંશીઓમાં ઉત્તમ! | **હિ** | = કેમકે |
| **તત્ર** | = સંન્યાસ અને ત્યાગ – એ બેમાંથી પહેલાં | **ત્યાગઃ** | = ત્યાગ (સાત્ત્વિક, રાજસ અને તામસ એવા ભેદથી) |
| **ત્યાગે** | = ત્યાગ વિષે (તું) | **ત્રિવિધઃ** | = ત્રણ પ્રકારનો |
| **મે** | = મારો | **સમ્પ્રકીર્તિતઃ** | = કહેવાયો છે. |
| **નિશ્ચયમ્** | = નિશ્ચય | | |

યજ્ઞદાનતપઃકર્મ, ન, ત્યાજ્યમ્, કાર્યમ્, એવ, તત્,
યજ્ઞઃ, દાનમ્, તપઃ, ચ, એવ, પાવનનિ, મનીષિણામ્ ॥ ૫॥

| | | | |
|---|---|---|---|
| **યજ્ઞદાન-તપઃકર્મ** | = યજ્ઞ, દાન અને તપરૂપી કર્મ | **યજ્ઞઃ** | = યજ્ઞ, |
| **ન, ત્યાજ્યમ્** | = ત્યાગ કરવાયોગ્ય નથી, (પરંતુ) | **દાનમ્** | = દાન |
| **તત્** | = એ (તો) | **ચ** | = અને |
| **એવ** | = અવશ્ય | **તપઃ, એવ** | = તપ – (એ) ત્રણેય (કર્મો) |
| **કાર્યમ્** | = કરવાં જોઈએ; (કેમકે) | **મનીષિણામ્** | = બુદ્ધિશાળી માણસોને |
| | | **પાવનાનિ** | = પવિત્ર કરનારાં છે. |

એતાનિ, અપિ, તુ, કર્માણિ, સઙ્ગમ્, ત્યક્ત્વા, ફલાનિ, ચ,
કર્તવ્યાનિ, ઇતિ, મે, પાર્થ, નિશ્ચિતમ્, મતમ્, ઉત્તમમ્ ॥ ૬॥

| | | | |
|---|---|---|---|
| **પાર્થ** | = (માટે) હે પાર્થ! | **ફલાનિ** | = ફળનો |
| **એતાનિ** | = આ યજ્ઞ, દાન અને તપરૂપી કર્મોને, | **ત્યક્ત્વા** | = ત્યાગ કરીને (ચોક્કસ) |
| **તુ** | = તેમજ | **કર્તવ્યાનિ** | = કરવાં જોઈએ; |
| **(અન્યાનિ)** | = બીજાં | **ઇતિ** | = આ |
| **અપિ** | = પણ | **મે** | = મારો |
| **કર્માણિ** | = સઘળાંય કર્તવ્ય કર્મોને | **નિશ્ચિતમ્** | = નિશ્ચિત કરેલો |
| **સઙ્ગમ્** | = આસક્તિ | **ઉત્તમમ્** | = ઉત્તમ |
| **ચ** | = અને | **મતમ્** | = મત છે. |

નિયતસ્ય, તુ, સન્ન્યાસઃ, કર્મણઃ, ન, ઉપપદ્યતે,
મોહાત્, તસ્ય, પરિત્યાગઃ, તામસઃ, પરિકીર્તિતઃ ॥ ૭॥

| | | | |
|---|---|---|---|
| **તુ** | = પરંતુ | **મોહાત્** | = મોહને લીધે |
| **નિયતસ્ય** | = નિયત | **તસ્ય** | = એ નિયત કર્મનો |
| **કર્મણઃ** | = કર્મનો | **પરિત્યાગઃ** | = ત્યાગ કરી દેવો |
| **સન્ન્યાસઃ** | = સ્વરૂપથી ત્યાગ | **તામસઃ** | = તામસ ત્યાગ |
| **ન, ઉપપદ્યતે** | = ઉચિત નથી; (માટે) | **પરિકીર્તિતઃ** | = કહેવાયો છે. |

દુઃખમ્, ઇતિ, એવ, યત્, કર્મ, કાયક્લેશભયાત્, ત્યજેત્,
સઃ, કૃત્વા, રાજસમ્, ત્યાગમ્, ન, એવ, ત્યાગફલમ્, લભેત્ ॥ ૮॥

| | | | |
|---|---|---|---|
| **યત્** | = જે (કંઈ) | **ત્યજેત્** | = ત્યાગ કરી દે, (તો) |
| **કર્મ** | = કર્મ છે, | **સઃ** | = એ (આવો) |
| **(તત્)** | = એ સઘળું | **રાજસમ્** | = રાજસ |
| **દુઃખમ્, એવ** | = દુઃખરૂપ જ છે – | **ત્યાગમ્** | = ત્યાગ |
| **ઇતિ** | = એમ (માનીને જો કોઈ માણસ) | **કૃત્વા** | = કરીને |
| | | **ત્યાગફલમ્** | = ત્યાગના ફળને |
| **કાયક્લેશ-** | = શારીરિક ક્લેશના | **એવ** | = કોઈ રીતે પણ |
| **ભયાત્** | ભયથી (કર્તવ્ય કર્મોનો) | **ન, લભેત્** | = નથી પામતો. |

કાર્યમ્, ઇતિ, એવ, યત્, કર્મ, નિયતમ્, ક્રિયતે, અર્જુન,
સઙ્ગમ્, ત્યક્ત્વા, ફલમ્, ચ, એવ, સઃ, ત્યાગઃ, સાત્ત્વિકઃ, મતઃ ॥ ૯॥

| | | | |
|---|---|---|---|
| **અર્જુન** | = હે અર્જુન! | **ફલમ્** | = ફળનો |
| **યત્** | = જે | **ત્યક્ત્વા** | = ત્યાગ કરીને |
| **નિયતમ્** | = શાસ્ત્રવિહિત | **ક્રિયતે** | = કરવામાં આવે છે, |
| **કર્મ** | = કર્મ, | **સઃ, એવ** | = એ જ |
| **કાર્યમ્** | = 'કરવું કર્તવ્ય છે' | **સાત્ત્વિકઃ** | = સાત્ત્વિક |
| **ઇતિ, એવ** | = એવા ભાવથી | **ત્યાગઃ** | = ત્યાગ |
| **સઙ્ગમ્** | = આસક્તિ | **મતઃ** | = મનાયો છે. |
| **ચ** | = અને | | |

न, द्वेष्टि, अकुशलम्, कर्म, कुशले, न, अनुषज्जते,
त्यागी, सत्त्वसमाविष्टः, मेधावी, छिन्नसंशयः ॥ १०॥

| | | | |
|---|---|---|---|
| **अकुशलम्** | = (જે માણસ) અકુશળ | **सत्त्व-** | = શુદ્ધ સત્ત્વગુણથી |
| **कर्म** | = કર્મનો | **समाविष्टः** | યુક્ત માણસ |
| **न, द्वेष्टि** | = દ્વેષ નથી કરતો (કે) | **छिन्नसंशयः** | = સંશય વિનાનો, |
| **कुशले** | = કુશળ કર્મમાં | **मेधावी** | = બુદ્ધિશાળી (અને) |
| **न, अनुषज्जते** | = આસક્ત નથી થતો, (એ) | **त्यागी** | = ખરો ત્યાગી છે. |

न, हि, देहभृता, शक्यम्, त्यक्तुम्, कर्माणि, अशेषतः,
यः, तु, कर्मफलत्यागी, सः, त्यागी, इति, अभिधीयते ॥ ११॥

| | | | |
|---|---|---|---|
| **हि** | = કારણ કે | **यः** | = જે |
| **देहभृता** | = શરીરધારી કોઈ પણ માણસ દ્વારા | **कर्मफल-** | = કર્મફળનો ત્યાગ |
| | | **त्यागी** | કરનાર છે, |
| **अशेषतः** | = સંપૂર્ણપણે | **सः, तु** | = એ જ |
| **कर्माणि** | = બધાં જ કર્મોને | **त्यागी** | = ત્યાગી છે - |
| **त्यक्तुम्** | = ત્યજવાં | **इति** | = એમ |
| **न, शक्यम्** | = શક્ય નથી | **अभिधीयते** | = કહેવાય છે. |
| **(तस्मात्)** | = માટે | | |

अनिष्टम्, इष्टम्, मिश्रम्, च, त्रिविधम्, कर्मणः, फलम्,
भवति, अत्यागिनाम्, प्रेत्य, न, तु, सन्न्यासिनाम्, क्वचित् ॥ १२॥

| | | | |
|---|---|---|---|
| **अत्यागिनाम्** | = કર્મફળનો ત્યાગ ન કરનારાં માણસોનાં | **फलम्** | = ફળ |
| | | **प्रेत्य** | = મર્યા પછી (અવશ્ય) |
| **कर्मणः** | = કર્મોનું | **भवति** | = હોય છે; |
| **इष्टम्** | = સારું, | **तु** | = પરંતુ |
| **अनिष्टम्** | = નરસું | **सन्न्यासिनाम्** | = કર્મફળનો ત્યાગ કરી દેનારાં માણસોનાં (કર્મોનું ફળ) |
| **च** | = અને | | |
| **मिश्रम्** | = મિશ્ર | | |
| **(इति)** | = એમ | **क्वचित्** | = કોઈ કાળે પણ |
| **त्रिविधम्** | = ત્રણ પ્રકારનું | **न** | = નથી હોતું. |

સુખમ્, તુ, ઇદાનીમ્, ત્રિવિધમ્, શૃણુ, મે, ભરતર્ષભ,
અભ્યાસાત્, રમતે, યત્ર, દુઃખાન્તમ્, ચ, નિગચ્છતિ ॥ ૩૬॥
યત્, તત્, અગ્રે, વિષમ્, ઇવ, પરિણામે, અમૃતોપમમ્,
તત્, સુખમ્, સાત્ત્વિકમ્, પ્રોક્તમ્, આત્મબુદ્ધિપ્રસાદજમ્ ॥ ૩૭॥

**ભરતર્ષભ** = હે ભરતશ્રેષ્ઠ!
**ઇદાનીમ્** = હવે
**ત્રિવિધમ્** = ત્રણ પ્રકારનાં
**સુખમ્** = સુખને
**તુ** = પણ (તું)
**મે** = મારી પાસેથી
**શૃણુ** = સાંભળ;
**યત્ર** = જે સુખમાં (સાધક માણસ)
**અભ્યાસાત્** = ભજન, ધ્યાન અને સેવા આદિના અભ્યાસ વડે
**રમતે** = રમણ કરે છે
**ચ** = અને (જેથી)
**દુઃખાન્તમ્** = દુઃખોના અંતને
**નિગચ્છતિ** = પામી જાય છે –

**યત્** = જે (આ જાતનું) સુખ છે,
**તત્** = એ
**અગ્રે** = શરૂઆતમાં (જોકે)
**વિષમ્** = વિષ
**ઇવ** = જેવું જણાય છે, (પણ)
**પરિણામે** = પરિણામે
**અમૃતોપમમ્** = અમૃત જેવું છે;
**(અતઃ)** = માટે
**તત્** = એ
**આત્મબુદ્ધિ-પ્રસાદજમ્** = પરમાત્મવિષયક બુદ્ધિના પ્રસાદમાંથી ઊપજનારું
**સુખમ્** = સુખ
**સાત્ત્વિકમ્** = સાત્ત્વિક
**પ્રોક્તમ્** = કહેવાયું છે.

વિષયેન્દ્રિયસંયોગાત્, યત્, તત્, અગ્રે, અમૃતોપમમ્,
પરિણામે, વિષમ્, ઇવ, તત્, સુખમ્, રાજસમ્, સ્મૃતમ્ ॥ ૩૮॥

**યત્** = જે
**સુખમ્** = સુખ
**વિષયેન્દ્રિય-સંયોગાત્** = વિષય અને ઇન્દ્રિયોના સંયોગથી
**(ભવતિ)** = થાય છે,
**તત્** = એ
**અગ્રે** = શરૂઆતમાં – ભોગકાળમાં

**અમૃતોપમમ્** = અમૃત જેવું જણાતું હોવા છતાં
**પરિણામે** = પરિણામે
**વિષમ્** = વિષ
**ઇવ** = જેવું છે;
**(અતઃ)** = માટે
**તત્** = એ સુખ
**રાજસમ્** = રાજસ
**સ્મૃતમ્** = કહેવાયું છે.

બ્રાહ્મણક્ષત્રિયવિશામ્, શૂદ્રાણામ્, ચ, પરન્તપ,
કર્માણિ, પ્રવિભક્તાનિ, સ્વભાવપ્રભવૈઃ, ગુણૈઃ ॥ ૪૧॥

| | | | |
|---|---|---|---|
| **પરન્તપ** | = હે પરંતપ! | **કર્માણિ** | = કર્મો |
| **બ્રાહ્મણક્ષત્રિય-વિશામ્** | = બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો | **સ્વભાવપ્રભવૈઃ** | = સ્વભાવમાંથી ઊપજેલા |
| **ચ** | = તથા | **ગુણૈઃ** | = ગુણો દ્વારા |
| **શૂદ્રાણામ્** | = શૂદ્રોનાં | **પ્રવિભક્તાનિ** | = વિભક્ત કરવામાં આવ્યાં છે. |

શમઃ, દમઃ, તપઃ, શૌચમ્, ક્ષાન્તિઃ, આર્જવમ્, એવ, ચ,
જ્ઞાનમ્, વિજ્ઞાનમ્, આસ્તિક્યમ્, બ્રહ્મકર્મ, સ્વભાવજમ્ ॥ ૪૨॥

| | | | |
|---|---|---|---|
| **શમઃ** | = અન્તઃકરણનો નિગ્રહ કરવો, | **આસ્તિક્યમ્** | = વેદો, શાસ્ત્રો, ઈશ્વર અને પરલોક આદિમાં શ્રદ્ધા રાખવી, |
| **દમઃ** | = ઈન્દ્રિયોનું દમન કરવું, | **જ્ઞાનમ્** | = વેદ-શાસ્ત્રોનું અધ્યયન તથા અધ્યાપન કરવું |
| **તપઃ** | = ધર્મના પાલન કાજે કષ્ટ સહેવું, | **ચ** | = અને |
| **શૌચમ્** | = બાહ્ય-ભીતરથી શુદ્ધ રહેવું, | **વિજ્ઞાનમ્** | = પરમાત્માના તત્ત્વને અનુભવવું – (આ બધાં) |
| **ક્ષાન્તિઃ** | = બીજાના અપરાધોને ક્ષમા આપવી, | **એવ** | = જ |
| **આર્જવમ્** | = મન, ઈન્દ્રિય તેમજ શરીરને ઋજુ સ્વભાવનાં રાખવાં, | **બ્રહ્મકર્મ સ્વભાવજમ્** | = બ્રાહ્મણનાં સ્વાભાવિક કર્મો છે. |

શૌર્યમ્, તેજઃ, ધૃતિઃ, દાક્ષ્યમ્, યુદ્ધે, ચ, અપિ, અપલાયનમ્
દાનમ્, ઈશ્વરભાવઃ, ચ, ક્ષાત્રમ્, કર્મ, સ્વભાવજમ્ ॥ ૪૩॥

| | | | |
|---|---|---|---|
| **શૌર્યમ્** | = શૂરવીરપણું, | **દાનમ્** | = દાન આપવું |
| **તેજઃ** | = તેજ, | **ચ** | = અને |
| **ધૃતિઃ** | = ધૈર્ય, | **ઈશ્વરભાવઃ** | = સ્વામિભાવ – (આ બધાં) |
| **દાક્ષ્યમ્** | = નિપુણતા | **ક્ષાત્રમ્** | = ક્ષત્રિયનાં |
| **ચ** | = તથા | **સ્વભાવજમ્** | = સ્વાભાવિક |
| **યુદ્ધે** | = યુદ્ધમાં | **કર્મ** | = કર્મો છે. |
| **અપિ** | = પણ | | |
| **અપલાયનમ્** | = ન ભાગવું, | | |

કૃષિગૌરક્ષ્યવાણિજ્યમ્, વૈશ્યકર્મ, સ્વભાવજમ્,
પરિચર્યાત્મકમ્, કર્મ, શૂદ્રસ્ય, અપિ, સ્વભાવજમ્ ॥ ૪૪॥

| | | | |
|---|---|---|---|
| **કૃષિગૌરક્ષ્ય-વાણિજ્યમ્** | = ખેતી, ગોપાલન અને ખરીદવા-વેચવારૂપી સત્ય વ્યવહાર – (આ) | **પરિચર્યાત્મકમ્** | = સર્વ વર્ણોની સેવા કરવી |
| **વૈશ્યકર્મ, સ્વભાવજમ્** | = વૈશ્યનાં સ્વાભાવિક કર્મો છે (તથા) | **શૂદ્રસ્ય** | = શૂદ્રનું |
| | | **અપિ** | = પણ |
| | | **સ્વભાવજમ્** | = સ્વાભાવિક |
| | | **કર્મ** | = કર્મ છે. |

સ્વે, સ્વે, કર્મણિ, અભિરતઃ, સંસિદ્ધિમ્, લભતે, નરઃ,
સ્વકર્મનિરતઃ, સિદ્ધિમ્, યથા, વિન્દતિ, તત્, શૃણુ ॥ ૪૫॥

| | | | |
|---|---|---|---|
| **સ્વે, સ્વે** | = પોત-પોતાના (સ્વાભાવિક) | **લભતે** | = પામી જાય છે; |
| **કર્મણિ** | = કર્મમાં | **સ્વકર્મ-નિરતઃ** | = પોતાના સ્વાભાવિક કર્મમાં જોડાયેલો માણસ |
| **અભિરતઃ** | = તત્પરતાપૂર્વક જોડાયેલો | **યથા** | = જે રીતે કર્મ કરીને |
| **નરઃ** | = માણસ | **સિદ્ધિમ્** | = પરમ સિદ્ધિને |
| **સંસિદ્ધિમ્** | = ભગવત્પ્રાપ્તિરૂપી પરમ સિદ્ધિને | **વિન્દતિ** | = પામે છે, |
| | | **તત્** | = એ ઉપાયને (તું) |
| | | **શૃણુ** | = સાંભળ. |

યતઃ, પ્રવૃત્તિઃ, ભૂતાનામ્, યેન, સર્વમ્, ઇદમ્, તતમ્,
સ્વકર્મણા, તમ્, અભ્યર્ચ્ય, સિદ્ધિં, વિન્દતિ, માનવઃ ॥ ૪૬॥

| | | | |
|---|---|---|---|
| **યતઃ** | = જે પરમેશ્વરથી | **તમ્** | = એ પરમેશ્વરની |
| **ભૂતાનામ્** | = સઘળાં પ્રાણીઓની | **સ્વકર્મણા** | = પોતાનાં સ્વાભાવિક કર્મો વડે |
| **પ્રવૃત્તિઃ** | = ઉત્પત્તિ થઈ છે (અને) | | |
| **યેન** | = જેનાથી | **અભ્યર્ચ્ય** | = પૂજા કરીને |
| **ઇદમ્** | = આ | **માનવઃ** | = માણસ |
| **સર્વમ્** | = આખું જગત | **સિદ્ધિમ્** | = પરમ સિદ્ધિને |
| **તતમ્** | = વ્યાપેલું છે, | **વિન્દતિ** | = પામી જાય છે. |

શ્રેયાન્, સ્વધર્મઃ, વિગુણઃ, પરધર્માત્, સ્વનુષ્ઠિતાત્,
સ્વભાવનિયતમ્, કર્મ, કુર્વન્, ન, આપ્નોતિ, કિલ્બિષમ્ ॥ ૪૭॥

| | | | |
|---|---|---|---|
| **સ્વનુ-ષ્ઠિતાત્** | = સારી રીતે આચરવામાં આવેલા | **સ્વભાવ-નિયતમ્** | = સ્વભાવથી નિયત થયેલું |
| **પરધર્માત્** | = બીજાના ધર્મ કરતાં | **કર્મ** | = સ્વધર્મરૂપી કર્મ |
| **વિગુણઃ** | = ગુણ વિનાનો | **કુર્વન્** | = કરતો માણસ |
| **(અપિ)** | = પણ | **કિલ્બિષમ્** | = પાપને |
| **સ્વધર્મઃ** | = પોતાનો ધર્મ | **ન** | = નથી |
| **શ્રેયાન્** | = ચઢિયાતો છે; | **આપ્નોતિ** | = પામતો. |
| **(યસ્માત્)** | = કેમકે | | |

સહજમ્, કર્મ, કૌન્તેય, સદોષમ્, અપિ, ન, ત્યજેત્,
સર્વારમ્ભાઃ, હિ, દોષેણ, ધૂમેન, અગ્નિઃ, ઈવ, આવૃતાઃ ॥ ૪૮॥

| | | | |
|---|---|---|---|
| **કૌન્તેય** | = હે કૌન્તેય! | **ધૂમેન** | = ધુમાડાથી |
| **સદોષમ્** | = દોષયુક્ત હોવા છતાં | **અગ્નિઃ** | = અગ્નિની |
| **અપિ** | = પણ | **ઈવ** | = પેઠે |
| **સહજમ્** | = સહજ | **સર્વારમ્ભાઃ** | = સઘળાં કર્મો (કોઈને કોઈ) |
| **કર્મ** | = કર્મને | **દોષેણ** | = દોષથી |
| **ન** | = ન | **આવૃતાઃ** | = યુક્ત છે. |
| **ત્યજેત્** | = છોડવું જોઈએ; | | |
| **હિ** | = કેમકે | | |

અસક્તબુદ્ધિઃ, સર્વત્ર, જિતાત્મા, વિગતસ્પૃહઃ,
નૈષ્કર્મ્યસિદ્ધિમ્, પરમામ્, સન્ન્યાસેન, અધિગચ્છતિ ॥ ૪૯॥

| | | | |
|---|---|---|---|
| **સર્વત્ર** | = સર્વત્ર | **સન્ન્યાસેન** | = સાંખ્યયોગ દ્વારા |
| **અસક્તબુદ્ધિઃ** | = આસક્તિરહિત બુદ્ધિ ધરાવનાર, | **પરમામ્** | = એ પરમ |
| **વિગતસ્પૃહઃ** | = સ્પૃહા વિનાનો (તેમજ) | **નૈષ્કર્મ્યસિદ્ધિમ્** | = નૈષ્કર્મ્યસિદ્ધિને |
| **જિતાત્મા** | = જેણે અન્તઃકરણને જીત્યું છે એવો માણસ | **અધિગચ્છતિ** | = પામે છે. |

સિદ્ધિમ્, પ્રાપ્તઃ, યથા, બ્રહ્મ, તથા, આપ્નોતિ, નિબોધ, મે,
સમાસેન, એવ, કૌન્તેય, નિષ્ઠા, જ્ઞાનસ્ય, યા, પરા ॥૫૦॥

| | | | |
|---|---|---|---|
| **યા** | = જે | **આપ્નોતિ** | = પામે છે, |
| **જ્ઞાનસ્ય** | = જ્ઞાનયોગની | **તથા** | = એ પ્રકારને |
| **પરા** | = પરા | **કૌન્તેય** | = હે કુન્તીપુત્ર! (તું) |
| **નિષ્ઠા** | = નિષ્ઠા છે; | **સમાસેન** | = સંક્ષેપમાં |
| **સિદ્ધિમ્** | = એ નૈષ્કર્મ્યસિદ્ધિને | **એવ** | = જ |
| **યથા** | = જે પ્રકારે | **મે** | = મારી પાસેથી |
| **પ્રાપ્તઃ** | = પામીને માણસ | **નિબોધ** | = સમજ. |
| **બ્રહ્મ** | = બ્રહ્મને | | |

બુદ્ધ્યા, વિશુદ્ધયા, યુક્તઃ, ધૃત્યા, આત્માનમ્, નિયમ્ય, ચ,
શબ્દાદીન્, વિષયાન્, ત્યક્ત્વા, રાગદ્વેષૌ, વ્યુદસ્ય, ચ ॥૫૧॥
વિવિક્તસેવી, લઘ્વાશી, યતવાક્કાયમાનસઃ,
ધ્યાનયોગપરઃ, નિત્યમ્, વૈરાગ્યમ્, સમુપાશ્રિતઃ ॥૫૨॥
અહઙ્કારમ્, બલમ્, દર્પમ્, કામમ્, ક્રોધમ્, પરિગ્રહમ્,
વિમુચ્ય, નિર્મમઃ, શાન્તઃ, બ્રહ્મભૂયાય, કલ્પતે ॥૫૩॥

| | | | |
|---|---|---|---|
| **વિશુદ્ધયા** | = વિશુદ્ધ થયેલી | **ધૃત્યા** | = સાત્ત્વિક ધારણશક્તિ દ્વારા |
| **બુદ્ધ્યા** | = બુદ્ધિથી | **આત્માનમ્** | = અન્તઃકરણ અને ઇન્દ્રિયોને |
| **યુક્તઃ** | = યુક્ત, | **નિયમ્ય** | = સંયમિત કરીને |
| **લઘ્વાશી** | = પચવામાં હલકો, સાત્ત્વિક અને નિયમિતપણે ખોરાક ખાનાર, | **યતવાક્કાય-માનસઃ** | = મન, વાણી તથા શરીરને વશમાં રાખનાર, |
| **શબ્દાદીન્** | = શબ્દાદિ | **રાગદ્વેષૌ** | = રાગ-દ્વેષને |
| **વિષયાન્** | = વિષયોને | **વ્યુદસ્ય** | = સંપૂર્ણપણે નષ્ટ કરીને |
| **ત્યક્ત્વા** | = ત્યજીને | **વૈરાગ્યમ્** | = યોગ્ય રીતે દૃઢ વૈરાગ્યનો |
| **વિવિક્તસેવી** | = એકાન્ત તેમજ શુદ્ધ દેશનું સેવન કરનાર, | **સમુપાશ્રિતઃ** | = આશરો લેનાર |

| | | | |
|---|---|---|---|
| **ચ** | = તથા | **નિત્યમ્** | = નિરંતર |
| **અહઙ્કારમ્** | = અહંકાર, | **ધ્યાન-** | = ધ્યાનયોગને |
| **બલમ્** | = બળ, | **યોગપરઃ** | પરાયણ રહેનાર, |
| **દર્પમ્** | = ઘમંડ, | **નિર્મમઃ** | = મમત્વ વિનાનો (અને) |
| **કામમ્** | = કામ, | **શાન્તઃ** | = શાન્ત માણસ |
| **ક્રોધમ્** | = ક્રોધ | **બ્રહ્મભૂયાય** | = સચ્ચિદાનંદઘન બ્રહ્મમાં અભિન્નભાવે સ્થિત રહેવાને |
| **ચ** | = અને | | |
| **પરિગ્રહમ્** | = પરિગ્રહને | | |
| **વિમુચ્ય** | = છોડીને | **કલ્પતે** | = પાત્ર બને છે. |

બ્રહ્મભૂતઃ, પ્રસન્નાત્મા, ન, શોચતિ, ન, કાઙ્ક્ષતિ,
સમઃ, સર્વેષુ, ભૂતેષુ, મદ્ભક્તિમ્, લભતે, પરામ્ ॥ ૫૪॥

| | | | |
|---|---|---|---|
| **બ્રહ્મભૂતઃ** | = (પછી એ) સચ્ચિદાનંદ-ઘન બ્રહ્મમાં એકાત્મ-ભાવે સ્થિત, | **સર્વેષુ** | = બધાંય |
| | | **ભૂતેષુ** | = પ્રાણીઓમાં |
| | | **સમઃ** | = સમભાવ રાખનાર યોગી |
| **પ્રસન્નાત્મા** | = પ્રસન્નમન યોગી | | |
| **ન** | = ન (તો કોઈના માટે) | **પરામ્,** | = મારી પરાભક્તિને |
| **શોચતિ** | = શોક કરે છે (કે) | **મદ્ભક્તિમ્** | |
| **ન** | = ન (કશાયની) | **લભતે** | = પામી જાય છે. |
| **કાઙ્ક્ષતિ** | = આકાંક્ષા કરે છે; (એવો) | | |

ભક્ત્યા, મામ્, અભિજાનાતિ, યાવાન્, યઃ, ચ, અસ્મિ, તત્ત્વતઃ,
તતઃ, મામ્, તત્ત્વતઃ, જ્ઞાત્વા, વિશતે, તદનન્તરમ્ ॥ ૫૫॥

| | | | |
|---|---|---|---|
| **ભક્ત્યા** | = (એ) પરાભક્તિ દ્વારા (એ યોગી) | **અભિજાનાતિ** | = જાણી લે છે (તથા) |
| **મામ્** | = મુજ પરમાત્માને, | **તતઃ** | = એ ભક્તિના પ્રભાવે |
| **(અહમ્)** | = હું | | |
| **યઃ** | = જે છું | **મામ્** | = મને |
| **ચ** | = અને | **તત્ત્વતઃ** | = તત્ત્વથી |
| **યાવાન્** | = જેવા પ્રભાવનો | **જ્ઞાત્વા** | = જાણીને |
| **અસ્મિ** | = છું, | **તદનન્તરમ્** | = તત્કાળ |
| **તત્ત્વતઃ** | = બરાબર એવોને એવો તત્ત્વથી | **વિશતે** | = મારામાં પ્રવેશી જાય છે. |

સર્વકર્માણિ, અપિ, સદા, કુર્વાણઃ, મદ્વ્યપાશ્રયઃ
મત્પ્રસાદાત્, અવાપ્નોતિ, શાશ્વતમ્, પદમ્, અવ્યયમ્ ॥ ૫૬॥

| | | | |
|---|---|---|---|
| **મદ્વ્યપાશ્રયઃ** | = મારે પરાયણ થયેલો કર્મયોગી | **મત્પ્રસાદાત્** | = મારી કૃપાથી |
| **સર્વકર્માણિ** | = સઘળાં કર્મોને | **શાશ્વતમ્** | = શાશ્વત |
| **સદા** | = સદા | **અવ્યયમ્** | = અવિનાશી |
| **કુર્વાણઃ** | = કરતો હોવા છતાં | **પદમ્** | = પરમ પદને |
| **અપિ** | = પણ | **અવાપ્નોતિ** | = પામી જાય છે. |

ઈશ્વરઃ, સર્વભૂતાનામ્, હૃદ્દેશે, અર્જુન, તિષ્ઠતિ,
ભ્રામયન્, સર્વભૂતાનિ, યન્ત્રારૂઢાનિ, માયયા ॥ ૬૧॥

| | | | |
|---|---|---|---|
| **અર્જુન** | = હે અર્જુન! | **ભ્રામયન્** | = ભ્રમણ કરાવતો |
| **યન્ત્રારૂઢાનિ** | = શરીરરૂપી યંત્ર માં આરૂઢ થયેલાં | **ઈશ્વરઃ** | = અન્તર્યામી પરમેશ્વર |
| **સર્વભૂતાનિ** | = સઘળાંય પ્રાણીઓને, | **સર્વભૂતાનામ્** | = સર્વ પ્રાણીઓના |
| **માયયા** | = પોતાની માયાથી (એમનાં કર્મો પ્રમાણે) | **હૃદ્દેશે** | = હૃદયમાં |
| | | **તિષ્ઠતિ** | = રહેલો છે. |

તમ્, એવ, શરણમ્, ગચ્છ, સર્વભાવેન, ભારત,
તત્પ્રસાદાત્, પરામ્, શાન્તિમ્, સ્થાનમ્, પ્રાપ્સ્યસિ, શાશ્વતમ્ ॥ ૬૨॥

| | | | |
|---|---|---|---|
| **ભારત** | = હે ભારત! (તું) | **તત્પ્રસાદાત્** | = એ પરમાત્માની કૃપાથી (જ તું) |
| **સર્વભાવેન** | = સર્વ રીતે | **પરામ્** | = પરમ |
| **તમ્** | = એ પરમેશ્વરના | **શાન્તિમ્** | = શાંતિને (તથા) |
| **એવ** | = જ | **શાશ્વતમ્** | = શાશ્વત |
| **શરણમ્** | = શરણે | **સ્થાનમ્** | = પરમ ધામને |
| **ગચ્છ** | = જા; | **પ્રાપ્સ્યસિ** | = પામીશ. |

ઇતિ, તે, જ્ઞાનમ્, આખ્યાતમ્, ગુહ્યાત્, ગુહ્યતરમ્, મયા,
વિમૃશ્ય, એતત્, અશેષેણ, યથા, ઇચ્છસિ, તથા, કુરુ ॥ ૬૩॥

**ઈતિ** = આ પ્રમાણે (આ)
**ગુહ્યાત્** = ગોપનીયથીય
**ગુહ્યતરમ્** = અતિ ગોપનીય
**જ્ઞાનમ્** = જ્ઞાન
**મયા** = મેં
**તે** = તને
**આખ્યાતમ્** = કહી દીધું; (હવે તું)
**એતત્** = આ રહસ્યયુક્ત જ્ઞાનને
**અશેષેણ** = સંપૂર્ણપણે
**વિમૃશ્ય** = યોગ્ય રીતે વિચારીને
**યથા** = જેમ
**ઈચ્છસિ** = ઈચ્છે
**તથા** = એમ (જ)
**કુરુ** = કર.

સર્વગુહ્યતમમ્, ભૂયઃ, શૃણુ, મે, પરમમ્, વચઃ,
ઈષ્ટઃ, અસિ, મે, દૃઢમ્, ઈતિ, તતઃ, વક્ષ્યામિ, તે, હિતમ્ ॥ ૬૪॥

**સર્વ-ગુહ્યતમમ્** = સઘળાં ગોપનીય વચનોથીય અતિ ગોપનીય
**મે** = મારા
**પરમમ્** = પરમ રહસ્યયુક્ત
**વચઃ** = વચનને (તું)
**ભૂયઃ** = હજી (પણ)
**શૃણુ** = સાંભળ; (તું)
**મે** = મને
**દૃઢમ્** = ઘણો
**ઈષ્ટઃ** = પ્રિય
**અસિ** = છે,
**તતઃ** = માટે
**ઈતિ** = આ
**હિતમ્** = પરમ હિતકારી વચન (હું)
**તે** = તારા માટે (ફરીથી)
**વક્ષ્યામિ** = કહું છું.

મન્મનાઃ, ભવ, મદ્ભક્તઃ, મદ્યાજી, મામ્, નમસ્કુરુ,
મામ્, એવ, એષ્યસિ, સત્યમ્, તે, પ્રતિજાને, પ્રિયઃ, અસિ, મે ॥ ૬૫॥

**મન્મનાઃ** = (હે અર્જુન! તું) મારામાં મન પરોવનાર
**ભવ** = થા,
**મદ્ભક્તઃ** = મારો ભક્ત
**(ભવ)** = બની જા,
**મદ્યાજી** = મારું પૂજન કરનાર
**(ભવ)** = થા (અને)
**મામ્** = મને
**નમસ્કુરુ** = પ્રણામ કર;
**(એવમ્)** = આમ કરવાથી (તું)
**મામ્** = મને
**એવ** = જ
**એષ્યસિ** = પામીશ, (આ હું)
**તે** = તારી સામે
**સત્યમ્** = સત્ય
**પ્રતિજાને** = પ્રતિજ્ઞા કરું છું,
**(યતઃ)** = કેમકે (તું)
**મે** = મને
**પ્રિયઃ** = ઘણો પ્રિય
**અસિ** = છે.

સર્વધર્માન્, પરિત્યજ્ય, મામ્, એકમ્, શરણમ્, વ્રજ,
અહમ્, ત્વા, સર્વપાપેભ્યઃ, મોક્ષયિષ્યામિ, મા, શુચઃ ॥ ૬૬॥

| | | | |
|---|---|---|---|
| **સર્વધર્માન્** | = સઘળાય ધર્મોને એટલે કે સઘળાંય કર્તવ્ય-કર્મોને (મારામાં) | **શરણમ્** | = શરણે |
| | | **વ્રજ** | = આવી જા; |
| | | **અહમ્** | = હું |
| **પરિત્યજ્ય** | = ત્યજીને, (તું કેવળ) | **ત્વા** | = તને |
| **એકમ્** | = એકમાત્ર | **સર્વપાપેભ્યઃ** | = બધાંય પાપોથી |
| **મામ્** | = મુજ સર્વશક્તિમાન સર્વાધાર પરમેશ્વરના (જ) | **મોક્ષયિષ્યામિ** | = મુક્ત કરી દઈશ, (તું) |
| | | **મા, શુચઃ** | = શોક કર મા. |

અધ્યેષ્યતે, ચ, યઃ, ઈમમ્, ધર્મ્યમ્, સંવાદમ્, આવયોઃ,
જ્ઞાનયજ્ઞેન, તેન, અહમ્, ઈષ્ટઃ, સ્યામ્, ઈતિ, મે, મતિઃ ॥ ૭૦॥

| | | | |
|---|---|---|---|
| **યઃ** | = જે માણસ | **ચ** | = પણ |
| **ઈમમ્** | = આ | **અહમ્** | = હું |
| **ધર્મ્યમ્** | = ધર્મમય | **જ્ઞાનયજ્ઞેન** | = જ્ઞાનયજ્ઞથી |
| **આવયોઃ** | = આપણા બેના | **ઈષ્ટઃ** | = પૂજિત |
| **સંવાદમ્** | = સંવાદરૂપી ગીતાશાસ્ત્રનું | **સ્યામ્** | = થઈશ – |
| **અધ્યેષ્યતે** | = અધ્યયન કરશે, | **ઈતિ** | = એવો |
| **તેન** | = એના દ્વારા | **મે** | = મારો |
| | | **મતિઃ** | = મત છે. |

***વાંચકો જુઓ ! ગીતા અધ્યાય-18 શ્લોક 70માં ''ઇષ્ટ'' શબ્દ છે જેનો અર્થ 'પૂજિત'' એટલે કે ''પૂજ્ય'' કર્યો છે. શ્લોક-64 માં પણ ''ઇષ્ટ:'' શબ્દ છે. જો તેનો અર્થ ''પૂજ્ય દેવ'' એટલે કે ''ઇષ્ટ દેવ'' કરી દેવામાં આવે તો સ્પષ્ટ થઇ જાય છે કે ગીતા જ્ઞાનદાતાના ઇષ્ટદેવ પણ પરમ અક્ષર બ્રહ્મ છે.***

*